:: **અનુક્રમણિકા** ::

# યશોધર મુનિ ચરિત્ર


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૯ | ૨૧ | 'શ્રી સમરાઈચ્ચ કહા.' | ૧ |
| ૨. | ૯ | ૨૧ | ઔચિત્ય પાયામાં જરૂરી | ૯ |
| ૩. | ૯ | ૨૩ | મહાન ગુણ કૃતજ્ઞતા | ૧૬ |
| ૪. | ૯ | ૨૩ | સ્વાર્થત્યાગ પરાર્થસેવન | ૧૭ |
| ૫. | ૯ | ૨૩ | ગુણ કેળવવાના ઉપાય | ૧૮ |
| ૬. | ૯ | ૨૩ | સહિષ્ણુતા અને સહનવૃત્તિ | ૧૮ |
| ૭. | ૯ | ૨૩ | પ્રતિકૂળતા સહર્ષ સહવા ૪ મુદ્દા | ૧૯ |
| ૮. | ૯ | ૨૩ | યોગ્યતા ઘટાડવાનું મહત્ત્વ | ૨૩ |
| ૯. | ૯ | ૨૪ | ભગવાન પર પ્રેમ છે ? | ૨૯ |
| ૧૦. | ૯ | ૨૫ | દેખીતા નાના પાપનાં ભયંકર ફળ કેમ ? | ૩૪ |
| ૧૧. | ૯ | ૨૫ | તત્ત્વનો સામનો એ ભયંકર પાપ | ૩૫ |
| ૧૨. | ૯ | ૨૫ | માનવી એ પ્રાણીગણનો વડેરો | ૩૭ |
| ૧૩. | ૯ | ૨૫ | તત્ત્વપરિણતિના પાયામાં શું જોઈએ ? | ૩૮ |
| ૧૪. | ૯ | ૨૫ | માંસાહારના દોષ | ૪૧ |
| ૧૫. | ૯ | ૨૬ | દિલની દર્દભરી પ્રાર્થના | ૪૫ |
| ૧૬. | ૯ | ૨૬ | પ્રવૃત્તિ દેખાવમાં નાની છતાં ભાવ મોટા | ૪૬ |
| ૧૭. | ૯ | ૨૬ | ઊંધી દૃષ્ટિ ટાળો. | ૪૯ |
| ૧૮. | ૯ | ૨૬ | દાક્ષિણ્ય એ ગુણ કે દોષ ? | ૫૧ |
| ૧૯. | ૯ | ૨૭ | માનવ એ જીવોનો મોટો ભાઈ. | ૫૪ |
| ૨૦. | ૯ | ૨૭ | કુસંસ્કારોનો ઢેર મહા ખરાબ | ૫૪ |
| ૨૧. | ૯ | ૨૭ | 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.' | ૫૬ |
| ૨૨. | ૯ | ૨૮ | અંતિમ ભાવના | ૬૨ |
| ૨૩. | ૯ | ૨૮ | મનનો બિગાડો | ૬૨ |
| ૨૪. | ૯ | ૨૮ | જીવવું શા માટે ? | ૬૪ |
| ૨૫. | ૯ | ૨૯ | જીવનમાં કોઈ ઉદ્દેશ નક્કી છે ? | ૭૦ |
| ૨૬. | ૯ | ૨૯ | થાવર ચંડાલનો પ્રસંગ | ૭૫ |
| ૨૭. | ૯ | ૩૦ | હૃદયપલટો શાને કહેવાય ? | ૭૯ |
| ૨૮. | ૯ | ૩૦ | સમ્યગ્દર્શનનાં પાંચ લક્ષણ. | ૮૦ |
| ૨૯. | ૯ | ૩૦ | પચાવવાની આવડત. | ૮૪ |
| ૩૦. | ૯ | ૩૧ | આર્તધ્યાનનો ત્રીજો પ્રકાર વેદના અંગે. | ૯૨ |
| ૩૧. | ૯ | ૩૧ | પ્રેમચંદ-રાયચંદ ને મુંબઈ બેંક | ૯૫ |
| ૩૨. | ૯ | ૩૨ | આર્તધ્યાનનો ધર્મધ્યાનમાં પલટો | ૯૯ |
| ૩૩. | ૯ | ૩૩ | ખોટા સવાસલાની ભયાનકતા | ૧૦૯ |
| ૩૪. | ૯ | ૩૩ | પ્રાર્થના કેટલી ને કયાં સુધી જરૂરી ? | ૧૧૧ |
| ૩૫. | ૯ | ૩૩ | સંસારકળા અને ધર્મકળામાં પશુતા-માનવતા | ૧૧૩ |
| ૩૬. | ૯ | ૩૩ | સંસારકળામાં હજામને માર | ૧૧૪ |
| ૩૭. | ૯ | ૩૪ | યશોધરા માતાનું શું થયું ? | ૧૧૮ |
| ૩૮. | ૯ | ૩૪ | જાતિસ્મરણ થાય તો શું કરો ? | ૧૨૩ |
| ૩૯. | ૯ | ૩૫ | ધર્મ કરનારને બે સાવધાની જોઈએ. | ૧૩૧ |
| ૪૦. | ૯ | ૩૫ | કાળાં પાપ એટલે ? | ૧૩૨ |
| ૪૧. | ૯ | ૩૫ | મોર અને કૂતરાની ગતિ | ૧૩૩ |
| ૪૨. | ૯ | ૩૫ | વારસો મૂકનારની કરુણ દશા | ૧૩૪ |
| ૪૩. | ૯ | ૩૫ | માનવજીવનનાં મહાફળ | ૧૩૫ |
| ૪૪. | ૯ | ૩૫ | વિચાર અને પ્રવૃત્તિની પરસ્પર અસર | ૧૩૬ |
| ૪૫. | ૯ | ૩૫ | યશોધર મુનિનો ત્રીજો ભવ : જંગલી મૃગ | ૧૩૯ |
| ૪૬. | ૯ | ૩૫ | કારણની પાછળ કાર્ય લાગ્યું જ છે | ૧૪૧ |
| ૪૭. | ૯ | ૩૭ | બીજાની શી સ્થિતિ છે એ જોવાનું | ૧૪૪ |
| ૪૮. | ૯ | ૩૭ | યશોધરમુનિનો ૪ થો ભવ : મત્સ્ય | ૧૪૭ |
| ૪૯. | ૯ | ૩૭ | કર્તવ્યભાવના, પરાર્થવૃત્તિ, ને ધર્મને યોગ્ય વર્તાવ | ૧૪૭ |
| ૫૦. | ૯ | ૩૮/૩૯ | જૈન ધર્મનાં તત્ત્વો કેટલાં ઊંચાં | ૧૫૦ |
| ૫૧. | ૯ | ૩૮/૩૯ | પુરુષાર્થકાળના સાંસારિક દાખલા | ૧૫૨ |
| ૫૨. | ૯ | ૩૮/૩૯ | આરાધનામાં શું શું ? | ૧૫૪ |
| ૫૩. | ૯ | ૩૮/૩૯ | જાણવા છતાં પ્રમાદ કેમ ? | ૧૬૬ |
| ૫૪. | ૯ | ૪૦ | યશોધર મુનિનો ૫ મો-૬ઠ્ઠો ભવ | ૧૭૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૫. | ૯ | ૪૧ | પાપવાસનાઓ તોડવા શું કરવું ? | ૧૭૯ |
| ૫૬. | ૯ | ૪૧ | સુખી જીવનનો એક ઉપાય, 'ઓરતા છોડો.' | ૧૮૧ |
| ૫૭. | ૯ | ૪૧ | શરણ સ્વીકારની મહાસાધના | ૧૮૬ |
| ૫૮. | ૯ | ૪૨ | મોહનો કઢંગો કુછંદ | ૧૯૦ |
| ૫૯. | ૯ | ૪૨ | વહીવંચાનો ભયંકર કુછંદ | ૧૯૧ |
| ૬૦. | ૯ | ૪૩ | દયા આત્માની કે ચામડાના રૂપરંગની ? | ૧૯૬ |
| ૬૧. | ૯ | ૪૩ | 'તૃષ્ણાએ સમતારસ બિગડે' | ૨૦૧ |
| ૬૨. | ૯ | ૪૪/૪૫ | યશોધર મુનિનો ૭મો ભવ-કૂકડો | ૨૦૭ |
| ૬૩. | ૯ | ૪૪/૪૫ | કોરો પણ મુનિસમાગમ લાભકારી | ૨૧૨ |
| ૬૪. | ૯ | ૪૪/૪૫ | ધર્મનું એકમાત્ર સ્વરૂપ | ૨૧૬ |
| ૬૫. | ૯ | ૪૬ | જિન વચનની શ્રદ્ધાનો આકાર | ૨૨૬ |
| ૬૬. | ૯ | ૪૬ | સાધુ ધર્મની મુખ્યતા શા માટે ? | ૨૨૭ |
| ૬૭. | ૯ | ૪૬ | યશોધર મુનિનો ૮ મો-અભ્યરુચિ-ગુણધરપુત્ર | ૨૩૨ |
| ૬૮. | ૯ | ૪૭ | સંસારના વિચિત્ર સંબંધ | ૨૩૩ |
| ૬૯. | ૯ | ૪૭ | જિનવચનથી ભાવિત મતિ એટલે ? | ૨૩૯ |
| ૭૦. | ૧૦ | ૧ | સુદત્તનું પરાક્રમ | ૨૪૩ |
| ૭૧. | ૧૦ | ૨ | પાપ ધોવાની તક ગુમાવતાં ખતરો | ૨૪૮ |
| ૭૨. | ૧૦ | ૩ | ઇન્દ્રિયોના શુભ આલંબન | ૨૫૬ |
| ૭૩. | ૧૦ | ૩ | ક્રિયામાં ધ્યાનયોગ ? | ૨૫૮ |
| ૭૪. | ૧૦ | ૪ | સંત સમાગમનો ચમત્કાર | ૨૬૩ |
| ૭૫. | ૧૦ | ૪ | પાપનો પશ્ચાત્તાપ | ૨૬૮ |
| ૭૬. | ૧૦ | ૫ | ચિત્તરત્નનું શોધન | ૨૬૯ |
| ૭૭. | ૧૦ | ૫ | આરંભત્યાગ અને ચારિત્ર | ૨૭૨ |
| ૭૮. | ૧૦ | ૬ | શાસ્ત્રવાંચનના અનુપમ લાભ | ૨૭૫ |
| ૭૯. | ૧૦ | ૭ | ૯મો ભવ-મહાત્મા યશોધર | ૨૮૬ |
| ૮૦. | ૧૦ | ૮ | યશોધર કથા પર લોકને ભવવૈરાગ્ય | ૨૯૧ |
| ૮૧. | ૧૦ | ૯ | સ્ત્રી પરિગ્રહ એટલે ? | ૨૯૬ |
| ૮૨. | - | - | પૂજ્યશ્રીની પુનિતવાણી | ૩૦૬ |




## કરીએ નમન પ્રેમ સ્વીકારો, ઓ ગુરુવર વંદના

અતિપ્રિય અષ્ટાપદ પૂજાનાં, ભાવ કુણ સમજાવશે,
નિત નિત નવલી વાચનાનો, સાર કોણ બતાવશે,
એક એક ગણધર કેરા વાદનો, અર્થ કુણ પ્રકાશશે,
અમને કહો ગુરુવર દરિશન, આપના ક્યારે થશે. .....૫

યુવાજનોના હૃદયની શંકાને કુણ મિટાવશે,
યુવા શિબિરના એ પ્રણેતા, દર્શ તવ ક્યારે થશે,
એમ જીવન કેરી નાવનો હવે માર્ગ કોણ બતાવશે,
ઓ ધર્મદાતા યાદ આપની, નિત્ય અમને સતાવશે. .....૬

અરે ! કોઈ વસ્તુમાં કદી, આસક્તિ નહોતી આપને,
ઈચ્છા નહોતી માન કે સન્માન કેરી આપને,
પ્રતિપલ હતો ઉપયોગ-આપનો, તત્ત્વના ચિંતન મહીં,
જાગૃત કરતા શિષ્ય વર્ગને, નિત નવા ચિંતન ગ્રહી. .....૭

દૂર દૂર દેશમાં વિચરી, જિન ધર્મકીર્તિ વધારતા,
તપ ત્યાગ ને વૈરાગ્ય દ્વારા ધર્મ ભાવ જગાવતા,
ગુરુદેવ આશિષ આપજો વધે ધર્મ કેરી ભાવના,
કલ્પરત્ન ગુરુ વયણ સેવા, આપજો શુભ ભાવના. .....૮

# 'શ્રી સમરાઈચ્ચ કહા'

## • યશોધર મુનિ ચરિત્ર •

**આર્યરક્ષિતની માતા : અરણિકની માતા : આર્યરક્ષિત** પંડિતાઈ મેળવીને ઘરે આવ્યા, શ્રાવિકા માતાને ચિંતા થઈ કે આને અત્યારથી જ મોટાં રાજસામૈયાં મળ્યાં, હવે રાજમાન્ય પંડિત થશે, આના આત્માનું પરલોકમાં થશે શું ?' ગભરામણ થઈ કે 'રાજસભામાં પંડિતાઈથી કોઈકને ચૂપ કરશે !, હેઠા પાડશે !, કૂકા સારા લાવશે !, વૈભવ-વિલાસમાં મહાલશે ! **બધું લોકદૃષ્ટિએ રૂડુંરૂપાળું, પણ એ તો સંસારની વાટ ! સંસાર એથી લાંબોલચક થાય !'**

**જેને જેમાં હોશિયારી, એને એનો વિસ્તાર.**

વિદ્યાની હોશિયારીમાં વિદ્યાનો વિસ્તાર, એવી રીતે લક્ષ્મી કમાવાની હોશિયારીમાં કમાવા માટેની મજૂરીનો વિસ્તાર, એમ, સંસારની હોશિયારીમાં સંસારનો વિસ્તાર, ધર્મની હોશિયારીમાં ધર્મનો વિસ્તાર.

સંસારની હોશિયારીમાં ધર્મ ભૂલશે, ઊંચો માનવભવ એળે જશે !' એ ગભરામણથી માતા આર્યરક્ષિતના સામૈયામાં ન ગઈ, લોક ગયા, કુટુંબ ગયું, મા નહિ. ઠેઠ ઘરમાં આવ્યો ત્યાં સુધી સામે આવી આવકારતી નથી ! આર્યરક્ષિત માતૃભક્ત છે, મોટો પંડિત બન્યો છે, છતાં માતાના ચરણમાં પડી પ્રણામ કરે છે, ખિન્ન થઈ પૂછે છે,

'મા ! કેમ ખુશી નહિ ? આખું ગામ ખુશ, ને તું નહિ ?'

'હા, કારણ કે હું તારી મા છું.'

'એટલે ?'

'એટલે એ, કે **પેટની વિદ્યા ભણી સંસાર લાંબો કરે, એમાં મા શાની ખુશી થાય ? આત્માની વિદ્યા ભણે, તો આનંદ થાય,**

**મા એટલે મા !**

**અરણિક મુનિનું** પતન થઈ ગયું છે. સાધ્વી મા એને શોધવા નગરમાં ફરી. મા એટલે મા. સાધ્વી છે. 'તારે શું અમે લહેર કરીએ એમાં ?' ના, પણ માનું દિલ છે ને ? એ આનંદ માનનાર નહીં. સાથે નાનપણમાં દીક્ષા અપાવી છે. શું ? 'મારું દૂધ પીધું છે એને સંસારમાં ભટકવા ન દઉં. સાંભળ્યું કે એ મુનિ



અરણિક ગોચરી ગયો, પાછો ન આવ્યો માટે જરૂર ફસાયો ! દુર્ગતિ થાય ! માટે જ્યાં હોય ત્યાંથી પાછો વાળું.' જ્યાં અને ત્યાં પૂછે છે કે,

**'કોણે રે દીઠો રે મારો અરણિકો, પૂછે લોક હજારો.'**

મારો અરણિકો કોઈએ જોયો ? અરે, ભાઈ અરણિક ! અરણિક ! કરતી મા ફરે છે, ગલીએ ગલીએ ને બજારે ! મોટું શહેર, હજારો જણને પૂછે છે, 'મારા અરણિકને ભાળ્યો ?' દિલમાં દુઃખનો પાર નથી, આંખમાં પાણી ભરાઈ આવે છે, હૃદય ગદ્ગદ રડે છે, 'અરેરે ! ક્યાં પડ્યો એ મોહના કૂવામાં ? શું થાય એનું ભવાંતરે દુર્ગતિઓમાં ? મારો દીકરો ને આ ?' રડે છે ને લોકને રડાવે છે ! 'અરણિકનો પત્તો ક્યાંય મળે ? અરે ! આટલા ઊંચા માનવભવે આવ્યો, સંયમ માર્ગે ચઢાવ્યો, હવે એ નીચે પડે ? તો તો પછી દીર્ઘ દુર્ગતિમાં કેવા કરુણ હાલ એના ! ન પડવા દઉં નીચે.'

**અરણિકનો પશ્ચાત્તાપ :-**

નગરમાં ઘૂમ્યે રાખે છે, ત્યાં અરણિકભાઈ તો બેઠાં છે એક મહેલના ઝરૂખામાં, પતન કરાવનારી નવરંગિલી યુવતીની સાથે સોગઠાંબાજી રમતા ! ત્યાં માતાના કરુણ અવાજને સાંભળે છે, સાંભળીને ચોંકે છે ! માતાના રુદન પર હૈયું હચમચી ઊઠે છે ! 'અરે ! જે માતાએ મને જન્મ આપ્યો, પાળ્યો, પોષ્યો, ઊંચા ચારિત્રમાર્ગે ચઢાવ્યો, એને મેં ભ્રષ્ટ થઈ આટલી બધી દુઃખી કરી ! કેટલો કંગાળ હું ? કેવો પામર હું ! નિઃસત્ત્વ હું ! અરણિકનું માતૃવત્સલ હૈયું ફફડી ઊઠે છે,'

**'હું કાયર છું રે મોરી માવડી,**
**ચારિત્ર ખાંડાની ધારજી;**
**ધિગ્ ધિગ્ વિષયી રે મારા જીવને,**
**મેં કીધો અવિચારજી.'**

હવે અરણિકનું હૈયું ભારે શોક કરે છે, 'મારી મા ! ધન્ય તને ! ક્યાં તારા કલ્યાણ પરાક્રમ ને ક્યાં મારી મારક મૂઢતા ! હું તો કાયર છું, ચારિત્ર શું પાળું ? ચારિત્ર તો ખાંડાની ધાર જેવું છે, એના પર ચાલવું એ શૂરવીરનાં કામ છે. આવી તું મા અને માર્ગ મળવા છતાં હું આવો વિષયાંધ બન્યો ! ધિક્કાર છે મારા વિષયલંપટ જીવને ! કેટલું બધું મેં અવિચારી કૃત્ય કર્યું ? અહાહા ! મારું અને આ કામ ? કઈ માતાનું સંતાન હું ? કયા નાથનો સેવક હું ? કેવા જગત્પૂજ્ય હોદ્દે ચઢેલો ! ક્યાં એ શીલસંયમનાં સ્વાદિષ્ટ પક્વાન્ન ! અને ક્યાં આ વિષય વિષ્ઠાનાં ચૂંથણાં !'

**અંતર પરખ :-**

અરણિક ગોખેથી ઊતર્યો નીચે, માતાના કકળતા દિલને સાંખી શક્યો નહિ, જઈને પડ્યો માતાના પગમાં ! શરમનો પાર નથી ! મા જાણે ઝબકીને જાગે છે,

'અરે, અરણિલા ! તું આ ?

**વત્સ ! તુજ ન ઘટે ચારિત્રથી ચૂકવું,**

**જેહથી શિવસુખ સારોજી.'**

દીકરા ! મહા પવિત્ર, મહાકલ્યાણકર ચારિત્રથી ભ્રષ્ટ થવું તને ઘટે ? ચારિત્રથી તો શ્રેષ્ઠ મોક્ષનાં સુખ મળે છે ! એ છોડી આ બીભત્સ ક્ષણિક અને ઘોર સંસાર સર્જનારા વિષયસુખમાં ક્યાં પડ્યો !

**ઊઠ, ઊભો થા, વત્સ !**

**નિજનાં અને પરાયાં સુખનો ભેદ સમજ.**

**અજર-અમરપણું અને જનમ-જનમ મૃત્યુનાં અંતર પરખ.**

**અરિહંતના શરણ અને વિષયરાગાદિ અરિના શરણ વચ્ચેનો મોટો ફરક ધ્યાનમાં લે !**

**જીવના ઊંધા લોચા :-**

માતાએ સમજાવ્યું, પાછો વળવા કહ્યું, અરણિકને એમ ન થયું 'લાવ, કહી દઉં, મા ! તારે મન બધું સહેલું છે. તું સંસારનો સ્વાદ લઈ બેઠી, એટલે તારે ત્યાગ સહેલો. અમારે તો હજી ભોગની ઉંમર છે. લ્યો, કાચી વયમાં અપાવી દીધી દીક્ષા ! હવે યુવાની ખીલી ઊઠી ત્યારે ભોગના સ્વાદ સમજાય છે. ત્યાં તારે ચારિત્રની વાતો કરવી છે ! તું તારે તારું સંભાળ. અમને અમારું ફોડી લેવા દે...' આવું કાંઈ એણે મનમાંય ધર્યું નહિ.

ભગવાનની અનુપમ વાણી, ને ગુરુઓની ઉત્તમ પ્રેરણા પણ, મન જો લોચા વાળે છે, આપમતિમાં આગ્રહી રહે છે, અને જ્ઞાની અને નિઃસ્વાર્થી ઉપકારીઓની દીર્ઘદૃષ્ટિ તથા વાત્સલ્યભરી હિતચિંતાનાં મૂલ્યાંકન કરી શકતો નથી, તો એળે જાય છે; ઊલટું જીવ નઠોરપણું વધી ચીકણાં કર્મ બાંધે છે, અને મોહ દૃઢ કરે છે ! ખબર નથી કે ભોગની ભૂખ વિષયભોગથી મટે નહિ પણ વધે. અનંતા પૂર્વજન્મોમાં શું નથી ભોગવ્યું ? તો ભૂખ મટી ? ના, એમ મટે નહિ, ત્યાગથી જ મટે.

અરણિકને તો સચોટ ભાન થઈ ગયું, 'આહા ! કેવાંક માતાનાં તત્ત્વવચન ! ક્યાં હું મેરું શિખર પરથી છેક નીચે ખીણમાં ગબડ્યો ! ક્યાં ઇન્દ્રનાં સિંહાસન મૂકી ભંગીનાં ઘર પકડ્યાં ! પવિત્ર જ્ઞાનાગારમાંથી વિષયના નરકાગારમાં જઈ વસ્યો ! અરણિકે ફરી વૈરાગ્ય પામી સંસાર તજી પાપના ઘોર પશ્ચાત્તાપમાં સીધાં શિલા પર



અનશન ઝુકાવી દીધાં ! મા તે મા.

આર્યરક્ષિતની માતાએ આર્યરક્ષિતને દૃષ્ટિવાદ (જિનાગમમાં બારમું અંગ) ભણે તો ખુશ થવાનું કહ્યું. કેમ ભણાતાં હશે એ ? સાધુ થવું પડે ! પંડિતની મા થવાના, રૂપિયાની કોથળીઓની સ્વામિની બનવાના કોડ શ્રાવિકા માતાએ ન કર્યા ! કેમ ન કર્યા ? સમજતી હતી કે 'એવા શા કોડ કરવા'તા ? 'ચાર દિન કી ચાંદની, પીછે ઘોર અંધારી રાત.' કવિ કહે છે,

**'દિવસ ચારકા ચમત્કાર જ્યું, વિજલી આભલકી; પાપકી પોટલી સિરપર બાંધી, કિમ હોયે હલકી, ખબર નહિ આ જગમેં પલકી.**

આર્યરક્ષિત તૈયાર થઈ ગયો, સવારે ઊઠીને માતાનો આશીર્વાદ લઈ પહોંચ્યો મામા મહારાજ પાસે. એમણે ચારિત્ર લઈ ઠેઠ દૃષ્ટિવાદ સુધી જ્ઞાનોપાર્જન કર્યું, મહાન પ્રભાવક આચાર્ય બની જૈનશાસનનો ડંકો વગાડ્યો ! શ્રાવિકા માતાએ ક્યાં પહોંચાડ્યો દીકરાને ?

વાસી ખાય છે પણ દુઃખી થઈશ :-

એમ, પેલા છોકરાને મા ધર્મધુરંધર બનાવવા ઝંખે છે, લાગ લાગતો નથી, એટલે હવે એક રસ્તો લે છે જગાડવાનો. છોકરાને ભાણા પર રોજ ગરમાગરમ રસોઈ પીરસે છે, પણ સાથે કહે છે,

**'વત્સ ! વાસી ખાય છે, પણ દુઃખી થઈશ.'**

રોજ ને રોજ આ સાંભળીને છોકરો ચોંકે છે, 'આ પ્રત્યક્ષ તાજી ગરમાગરમ રસોઈ, અને વાસી ?'

પૂછે છે માતાને 'મા ! શું કહેવા માગે છે ?'

મા જબરી છે, કહે છે 'ભઈલા ! એનો અર્થ તો ગુરુ મહારાજ સમજાવશે.'

કર્યો ઊભો ! પહોંચાડ્યો ગુરુ પાસે. ગુરુ શું કહેવાના છે એ મા નહિ સમજતી હોય ? 'પૂર્વનું રાંધી મૂકેલું પુણ્ય આજે વાસી છે, એટલું એ ભોગવી લેવાનું કરીશ, નવું પુણ્ય નહિ ઊભું કરે, આગળ દુઃખી થવું પડશે અનેક કુજન્મોમાં ! માટે ઊઠ, ધર્મના માર્ગે લાગી જા.' આ જ કહેવાના ને ? છોકરાને ચોટ જો લાગી તો શું કરશે ?' પણ સમજીને જ મા કહે છે.

આ પણ માતા, અને સુરેન્દ્રદત્તને મળેલી યશોધરા પણ માતા ! કેટલો ફેર ?

એ માતા આરોગ્ય માટે જીવનો ઘાત કરવાનો આગ્રહ કરે છે ! જેના પતિએ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ જીવની હિંસા મનથી ય કરવી, કરાવવી કે અનુમોદવી ન પડે એવો મહાસંયમ-માર્ગ લીધો, અને જેનો છોકરો વૈરાગ્યમાં થનગની રહ્યો છે, એ મા કહે છે, 'જીવનો ભોગ આપી શાંતકર્મ કરવું પડે.' પાછી એના પર

કર્તવ્યનો સિક્કો મારે છે ! ખબર નથી કે 'જીવઘાત કર્યેથી ય શાંતિ થાય કે આરોગ્ય મળે, એવો કોઈ નિયમ નથી. પૂર્વપાપના ભારે ઉદય હોય તો એ ન ય મળે, ને ઉપરથી ઘોર પાપ માથે ચઢે ! દુર્ગતિનાં વિશેષ દુઃખો માટે તૈયાર થઈ રહેવું પડે !'

**સુખ-આરોગ્યનો સીધો સંબંધ કોની સાથે :-**

લ્યો હિસાબ માંડ્યો કે, જીવ મારો, અભક્ષ્ય ખાઓ, આરોગ્ય મળશે !' એમ મળતાં હશે ? તો તો પછી દુનિયામાં રોગ ક્યાંથી ઊભા રહી શકે ? આરોગ્ય કેમ મોંઘુ હોય ?

**આરોગ્ય ટકવાનો સીધો સંબંધ શરીર સાથે નથી, આત્મા સાથે છે. આત્માને ધર્મની સહાય હોય તો આરોગ્યની સુલભતા હોય.**

**કોઈપણ સુખનો સીધો સંબંધ આત્મા અને ધર્મ સાથે છે, એમ,**

**દુઃખનો સીધો સંબંધ આત્મા અને પાપ સાથે છે.**

શરીર વગેરે નિમિત્ત તો નિમિત્તમાત્ર છે. આ બરાબર ધ્યાનમાં રહે તો એમ થાય કે પાપ શા માટે કરું ? દુષ્ટતા શા માટે આદરું ? ધર્મ કેમ જ મુકાય ? બીજાને પણ પાપસલાહ કેમ દેવાય ? એમાંય જેના ઉપર અત્યન્ત વહાલ હોવાનો દાવો રાખીએ, જે આપણા નિકટના સગા હોય, એને પાપની સલાહ ? દુર્ગતિના માર્ગની પ્રેરણા ?

માતાને ઓ વિવેક નથી એટલે જીવ મારવાનું શીખવે છે, પણ પુત્ર સુરેન્દ્રદત્ત એમાં ફસાતો નથી. એની નજર સામે તરવરે છે કે,

**જે ફેંકી દેવાનું તે હું નહિ :-**

'દેહ પારકો છે, આત્મા નહિ, પોતાનો આત્મા તો સનાતન કાળથી ચાલ્યો આવ્યો છે, અનંત કાળ રહેવાનો છે; દેહ એવી શાશ્વતી ચીજ નથી, દેહ તો એક દિ' જીર્ણ વસ્ત્રની જેમ ફેંકી દેવાનો છે. એની ખાતર પાપ કરી મારા પ્રાણપ્યારા સનાતન જીવને કર્મથી કાં ભારે કરું ? એ ભાર પછી ઉતારવા કોણ આવવાનું હતું ? મારે જ ઉતારવો પડે ! પણ એમાં મારા ડૂચા નીકળી જાય ! ઘોર અશાતામાં શેકાવું પડે ! ત્યાં મા બચાવવા ન આવે. કાયા તો ફેંકી દેવાની ચીજ છે. કાયા એ હું પોતે નથી.

**એકેક ફેંકવાનું ઉત્તરોત્તર બીજા માટે : આત્માની સાબિતિ :-**

જે પોતે જ છે તે ફેંકી દેવાય નહીં. જે ચીજ પોતે જ છે, મારી છે, અને એ કહે કે 'હું મારી જાતને ફેંકી દઉં છું,' તો તે બને જ નહીં !

પલંગમાં સૂવાનું ગમે છે, પણ મનુષ્યને થાય છે કે પલંગને ફેંકી દે, નહિ



તો દુકાન રહી જશે.

દુકાનમાં કમાણી નથી ઊલટું નુકસાન છે તો તે દુકાન ફેંકી દે, એમ થાય છે. પૈસા મળતા હોય બીજે, તો આ દુકાન ફેંકી દેવાની !

અવસરે માણસ પૈસા પણ ફેંકી દે છે ! દીકરો માંદો પડતાં 'પૈસા પણ જહન્નમમાં ગયા !' એમ કહી પૈસા ય ખૂબ ખરચી નાખે. એમ,

અટવીનો પ્રસંગ આવ્યો, કે પાકિસ્તાનમાંથી ભાગી રહ્યો છે, અને દીકરો માંદો પડી ગયો, અગર ઘરમાં આગ લાગી, દીકરો ચોથે મજલે સૂતો છે, પોતે નીચે છે, વચમાં આગ છે, ને પોતે બચી શક્તો હોય તો દીકરાને પણ ફેંકી દેશે.

અરે ! છેવટે અવસરે શરીર પણ ફેંકી દેવાય છે. આ શરીરે ભારે બેઆબરૂ માણસ જોઈ શકવા અસમર્થ હોય તો શરીરને કૂવામાં ફેંકી દે છે; ટ્રેન નીચે કચરાવી દે છે; વગેરે. તેમ સાસુનો ત્રાસ, અપમાન સહન ન થવાથી કેટલીક પુત્રવધૂઓ શરીરને સળગાવી દે છે ને ! કેમ ? 'બસ, આ શરીર અહીં જીવતા હોઈએ તો આ બધું જોવું પડે ને ? માટે, ફેંકી દો, સળગાવી દો આ દેહને,' આવો આવેશ આવે છે. આ આવેશ કોને ? શરીરને ? તો શું પોતે પોતાને ફેંકી શકે ?? ના, એ તો બીજો કોઈ આવેશ કરે છે, હિસાબ માંડે છે, ને લાભ માટે અગર હાનિથી બચવા ઓછી કિંમતની વસ્તુનો ત્યાગ કરે છે. એ જ છે દેહથી જુદો આત્મા પુત્રવધૂનો આત્મા વિચારી લે છે કે 'એક આ શરીરને સળગાવી દેવાનો ત્રાસ વેઠી લઉં, તો પછી સાસુના બીજા અનેક ત્રાસ સહેવા નહિ પડે.' કોણ વિચારે છે આ ? શરીર નહિ, શરીરની ભીતર રહેલો આત્મા. દેવાળું કે હિસાબી ગોટાળા નીકળતા હોય તો આવેશવાળાને એમ થાય છે કે 'પડો કૂવામાં, એટલે છૂટ્યા આ લપમાંથી.' કોણ છૂટ્યું ? શરીર ? ના, આ તો પડ્યા પછી હજી કૂવામાં મોજૂદ છે. કહો, આત્મા છૂટ્યો. શરીર ફેંકી શકતું નથી, ફેંકી દેનારો બીજો કોઈ હોય છે. આ વસ્તુ જુદા તત્ત્વભૂત આત્માની સાબિતી છે.

પલંગમાં સૂતા રહેવાનું દુકાન ખાતર પડતું મૂકાયું; દુકાન પણ પૈસાની ખોટથી બચવા છોડી; બચાવેલા પૈસા બીમાર છોકરા ખાતર ખરચી નાખ્યા; છોકરાને ય જાત સમાલવા પડતો મુકાયો; અને જાતની કાયાને પોતાના આત્માના તોષ ખાતર ફેંકી દીધી. હવે આત્માને ફેંકી દેવાનું નાશ કરવાનું બનતું નથી. એમ, જે છેલ્લો ફેંકી દેનાર છે, જેને ફેંકનાર નષ્ટ કરનાર બીજો કોઈ નથી, જેના તોષ ખાતર દુનિયાની મહાકિંમતી ચીજો, યાવત્ કાયા સુદ્ધાં અવસરે ફેંકી દેવાય છે, તે જ આત્મા છે.

**આ આત્મા પળ પળ કેટલો યાદ રહે છે ? :-**

સુરેન્દ્રદત્તની નજર સામે પોતાનો આ આત્મા અને હિંસાથી થતી એની વિટંબણા તરવરે છે, એટલે કહે છે, 'મા ! તું હિંસાના ઘોર પાપથી દેહને પુષ્ટ કરવાનું કહે છે, પણ પછી એ પાપના ભાર મારા આત્માથી ઊંચકાય એમ નથી,- એની ભાવિ વિટંબણાઓ સહી જાય નહિ !' દીકરો નાદાનિયત કે ઉછાંછળાપણું કરતો દેખાય તો એમ થાય ને કે 'આમાં કોઈ મોટી નુકસાની આવે તો આપણાથી સહાય નહિ, માટે એને વેપાર કરતો અટકાવો !' પછી જરૂર દેખાય તો છાપામાં જાહેર નોટિસ પણ છપાવી દો ને ? એમ અહીં પાપો આચરવાનાં આવે ત્યાં થવું જોઈએ કે 'આના પરલોકનાં સીતમ દુઃખો મારાથી સહાશે નહિ, માટે અહીંથી જ મન-વચન-કાયામાં પાપો ઘાલતાં અટકું.'

**સુરેન્દ્રદત્ત આગળ કહે છે :-**

કાયા સડી જાય તો ભલે, એને ફેંકી દેવી પડે તો સહી, પરંતુ ઘોર પાપ કરવા સુરેન્દ્રદત્તની તૈયારી નથી. માતાને કહે છે,

**'देहारोग्गनिमित्तं पि एयवयपालणं चिय खमं मे ।**
**पावाहिवड्ढिएण य देहेण वि अम्ब ! किं कज्जं ? ॥**

મારા દેહનું આરોગ્ય ચાહતી હોય તો તે માટે પણ આ અહિંસાવ્રતનું પાલન જ મારે કરવું ઉચિત છે; એ જ સમર્થ છે. બાકી તો હે મા ! પાપથી પોષેલા-વધારેલા શરીરને શું કરવાનું ? એનાથી શો ભલીવાર આવવાનો હતો ?

બે વાત મહત્ત્વની કરી,

(૧) દેહના આરોગ્ય માટે અહિંસાવ્રતનું પાલન અર્થાત્ ધર્મરક્ષા જ ઉચિત છે, ધર્મભંગ નહિ,

(૨) દેહને પાપથી પોષીને શી નિરાંત ? કે કયો ખાસ લાભ ?

**કુદરતના ઈન્સાફ :-**

પહેલી વાત એ સૂચવે છે કે આરોગ્ય માટે અહિંસા ધર્મ ભૂલીને બીજાં ફાંફાં મારવાં નકામાં છે, મૂઢ અજ્ઞાન દશા છે, કેમ કે બીજા પર હિંસાથી જાત પર હિંસા જ મળે, દયા કે કુશળતા નહિ ! દરેક પાપમાં આ વિચારી શકાય.

બીજાનાં અપમાન-તિરસ્કાર કરવાથી જાતને એ જ મળે, સન્માન-સદ્ભાવ નહિ.

બીજાની હલકાઈ કરવાથી જાતની પણ હલકાઈ જ થાય, વાહવાહ નહિ.

બીજાની **શાખને ધક્કો** પહોંચાડવાથી પોતાની શાખ વધે નહિ, પણ **ટકરાય;** બેઆબરૂ થવાય.

બીજાનાં હૈયાં બાળીને પોતાનાં હૈયાં ઠરવાનું ન મળે.



સારાંશ, **ઠારો તો ઠરો, બાળો તો બળો.**

હલકાઈ આપો તો હલકાઈ લો, જશ આપો તો જશ લો.

બીજાને સુખ આપો તો સુખ લો, દુઃખ આપો તો દુઃખ લો.

બીજાનું ખમી ખાઓ તો બીજા તમારું ખમી ખાય, બીજાને દબડાવો, તો બીજા તમને દબડાવે.

કુદરતના કહો કે કર્મના કહો, આ અટલ સિદ્ધાંત છે. માત્ર ફળ આવવામાં કદાચ વિલંબ લાગે એટલું જ. કહે છે ને, **'ભગવાન તેરે રાજ્ય મેં, અંધેર નહિ, દેર હૈ.'** આપણે કહીએ **'કર્મ તેરે રાજ્ય મેં...**

સુરેન્દ્રદત્ત માતાને કહે છે આપણે દેહનું આરોગ્ય જોઈએ છે, તો તે બીજાને દુઃખ આપવાથી નહિ મળે. એમાંય વ્રત ભાંગવું એ તો વળી મહાભયંકર છે. એની અવગણના કરીને કદાચ પાપ કરી શરીર પોષ્યું-વધાર્યું તો એથી શો લાભ ? એવાં જીવનની શી જરૂર?

**પાપથી વધારેલું શરીર શું પરખાવવાનું હતું ?** અભક્ષ્યભક્ષણ, ઉદ્ભટ વિલાસ, વગેરેમાં રાચનારા પણ જ્યારે શરીર કોઈ તેવા ભયંકર રોગથી પીડાય છે ત્યારે એની દશા જુઓ. ટાટા હોસ્પિટલમાં કરુણ કેન્સરના દર્દીઓ આવે છે એની દીનતા અને રુદન જુઓ તો સમજાય કે શરીર જો ક્યારેક આવા કે બીજા રોગનો ભોગ બનતું હોય તો અથવા ઘડપણે હડધૂત થતું હોય કે મૃત્યુના મુખમાં તો અવશ્ય હડસેલાવાનું હોય તો એવા શરીરને પાપથી પોષીને શું કરવું છે ?

એમ, પાપ, પોલિસી, ઘમંડ વગેરે સેવીને સ્વાર્થ સાધ્યા, માન મેળવ્યાં લોકમાં સારા દેખાયા તેથી શું ? એ વાહવાહ આગળ જઈને શો ભલીવાર વાળવાની હતી ? કયું રક્ષણ આપવાની ?

લાંબી નજરવાળો તો એ જ જુએ કે **પરિણામે લૂંટાવાનું છે, ને પાપનાં પોટલાં માથે રહી જશે. એના દારુણ વિપાક દીર્ઘ દુર્ગતિઓમાં સહ્યાં નહિ જાય,** માટે પાપકૃત્યો અને દુર્ગુણો સેવીને જીવન જીવવાનો મોખ નથી.

સુરેન્દ્રદત્તે સાફ કહી દીધું કે પાપથી પોષેલા શરીરને શું કરવાનું ? બધું દલીલથી સમજાવ્યું એટલે માતા પાસે હવે દલીલ ખૂટી ગઈ. ત્યારે હવે સ્ત્રીનું શસ્ત્ર વાપરે છે. શું એ ? આંખમાં આંસુ લાવવાનું, પગે પડવાનું, વગેરેમાંનું.

માતા સુરેન્દ્રદત્તને કહે છે, 'બચ્ચા ! હમણાં ઋષિવચનની વિચારણા કરવી રહેવા દે.'

મહર્ષિના વચનનો વિચાર કરવા હાલ અવસર નથી. હમણાં તો તારું સ્વપ્ન મને વ્યાકુલ કરે છે. માટે તને હું પગે લાગીને કહું છું કે તારે શાસ્ત્રની વાત

ન કરવી, ને હું જે કહું તેમ જ કર !' એટલું કહીને ઊભી ન રહી, પણ એ તો પગમાં પડી. શું કહે છે, 'આજ તારે મારું કહ્યું કરવું પડશે' મા એટલે જુદું એનું હૃદય છે. હવે દલીલ મૂકીને અપીલ કરે છે, હૃદયના ઊંડાણમાંથી નીકળતી વિનંતી છે. આ પ્રસંગ માતાના ભક્ત પુત્ર માટે જોખમ ભરેલો પ્રસંગ બની ગયો.

યશોધર મુનિ કહે છે, 'આ પ્રસંગે મને વિચાર આવ્યો, અરે ! આ તો ભયંકર સ્થિતિ ઊભી થઈ ! માતા મારે પૂજ્ય, એનો પડ્યો બોલ મારે ઉપાડી લેવાનો ! તે માતા આ ચરણમાં પડીને કાકલુદી કરે છે. હવે જો વચન માતાનું ન માનું તો ગુરુવચનના ઉલ્લંઘનનું પાતક કરવું પડે છે; અને વચનનું ઉલ્લંઘન ન કરું તો હિંસા કરવી પડે તેથી વ્રતભંગ થાય છે.'

**ઔચિત્ય પાયામાં જરૂરી :-**

ચારિત્રજીવન લીધા પછી તો ગુરુના વચનને અખંડ પાળવાનું છે જ, પરંતુ ગૃહસ્થજીવનમાં પણ વર્ષોના વર્ષો સુધી સુરેન્દ્રદત્ત માતાની આજ્ઞાંકિતતા કેવી અખંડ જાળવી હશે કે એને અહીં વિચાર આવે છે કે એક બાજુ વ્રતભંગ છે, બીજી બાજુ માતાના વચનનું ઉલ્લંઘન થાય છે; કેમ કે હવે તો મા દલીલ પડતી મૂકીને એક જ વાત કરે છે કે તારે આટલું મારું કહ્યું જરૂર કરવું.'

શું કરવાનું ? જીવનો વધ ! બને ? ના, પણ તો પછી માતાનું વચન ઓળંઘાય તેનું શું ? જો જો માત્ર સ્નેહનો આ વસવસો નથી, ઔચિત્યનો વસવસો છે. ગૃહસ્થજીવનમાં માતાપિતાદિ ગુરુજનની આમન્યા પાળવી એ ઔચિત્ય છે, યોગની પૂર્વસેવા છે. એ ઔચિત્ય અને પૂર્વસેવાનાં પાલન વિના સાધુજીવનમાં ગુરુવચનની પ્રતિબદ્ધતાનું ઔચિત્ય અને યોગસેવા ક્યાંથી આવી શકે ? પૂર્વજીવનનો પડઘો પડે છે પછીના જીવન ઉપર. લલિતવિસ્તરામાં કહ્યું કે **આ લોકનાં કાર્યોમાં ઔચિત્ય નહિ જાળવનારો પરલોકહિતકારી કાર્યોમાં ઔચિત્ય જાળવી શકતો નથી, પારલૌકિક કાર્ય વિધિ ઉચિત રીતે આદરી શકતો નથી.** પૂછો,

**પ્ર.-** બંને ઔચિત્યના વિષય ભિન્ન ભિન્ન છે. એકમાં લૌકિક કાર્યો છે, બીજામાં પારલૌકિક ધાર્મિક કર્તવ્યો છે, તો એક સંબંધી ઔચિત્ય ન હોવા છતાં અન્ય સંબંધી ઔચિત્ય હોઈ શકે ને ?

**ઉ.-** ના, હરિભદ્રસૂરીજી મહારાજે લખ્યું કે વિષયભેદેન ઔચિત્યાભાવાત્' અર્થાત્ વિષય ભિન્ન છે માટે ઔચિત્ય હોય એવું નથી. ઔચિત્ય એ અખંડ ગુણ છે, તેમ સોદા વિનાનો ગુણ છે. અખંડ એટલે ટુકડા-ટુકડારૂપે નહિ. ભિન્નભિન્ન વિષયદીઠ ઔચિત્ય જુદું જુદું નહિ. એક જ ગુણ; હોય તો તો બધે લાગુ થતો હોય, થોડામાં ન હોય તો બીજે પણ હોવાનો નહિ.





**પ્ર.-** પણ એવું દેખાય છે ને કે માણસ અમુક બાબતમાં ઔચિત્ય જાળવતો હોય છે, અમુકમાં નહિ તેનું કેમ ?

**ઉ.-**અમુકમાં ઔચિત્ય સાચવતો હોય ત્યાં ઔચિત્યરૂપે નથી, સોદારૂપે છે. 'અહીં જો આ રીતે વર્તું તો મને આ લાભ થાય એવો છે,' એમ લાભની કિંમત ચૂકવવા પૂરતું એ રીતે વર્તે છે. માટે બીજે ઔચિત્યનું દેવાળું નીકળે છે. જો ગુણ-રૂપ હોત તો બીજે બધે પણ ઔચિત્ય પહેલું પાળત. ગુણરૂપ એટલે એ દૃઢ ખ્યાલ કે 'મારાથી અનુચિત વર્તાય જ નહિ; ક્યાંય ન વર્તાય.' હૈયું જ એવું ઘડાઈ ગયેલું કે શું સાંસારિક બાબતોમાં કે શું ધાર્મિક બાબતમાં, અનુચિત વર્તવાનું સંગત જ ન લાગે, હામ ન હોય, સહેજે ઉચિત રીતે વર્તાઈ જાય. આ સહજ વર્તન ન આવે ત્યાં સુધી મન મારીને પણ અનુચિતતા ટાળવી પડે, રોકવી પડે, ઉચિત વર્તાવ ને ઉચિત બોલ જાળવવા જ જોઈએ.

**ઔચિત્ય એ ધર્મનો પાયો છે.** શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે ઠામઠામ એના પર બહુ ભાર મૂક્યો છે. સમ્યક્ત્વ પહેલાની અપુનર્બન્ધક અવસ્થામાં પણ ત્રણ ખાસિયતોમાં એક આ મુકાય છે કે **સર્વત્ર ઉચિત આદરે.** માટે ધર્મી આત્માઓએ આ ખાસ ધ્યાનમાં લેવાનું છે કે ધર્મક્રિયાઓ કરું, વ્રતો પાળું, તપ કરું, દાન દઉં, પ્રભુભક્તિ કરું, એની સાથે સાંસારિક વ્યવહારમાં ક્યાંય અનુચિતતા ન સેવું, એ હશે તો જ ધર્મમાં પણ ઉચિત વર્તાવ નહિ ભુલાય.

સુરેન્દ્રદત્ત ઔચિત્ય જીવનારો છે એટલે મૂંઝાય છે કે 'જો વ્રત જાળવું તો માનું વચન ઓળંઘાય છે. ને વચન જાળવું તો વ્રત ભંગ થાય છે.'

શ્રાવક છે એટલે વ્રત છે, 'નિરપરાધી ત્રસ જીવને મારવાનો નહીં !' શું કરવું હવે ? મૂંઝવણ થઈ ગઈ. આ મૂંઝવણ શું સૂચવે છે ? યોગ્યતા સાથે ધર્મપ્રેમ !

કેટલીક વાર ધર્મપ્રેમ હોય છે, પણ તથાવિધ યોગ્યતા નથી હોતી. કેટલાકમાં યોગ્યતા હોય છે. તો ધર્મપ્રેમ નથી હોતો. અહીંયાં ઉભય છે. યોગ્યતા છે એટલે માતાનું વચન ઉલ્લંઘન કરતાં અચકાય છે; અને ધર્મપ્રેમ છે એટલે 'જો વચન માની લઉં તો વ્રતને મહાજોખમ છે,' એમ વિચારે છે. આજે આપણી ફરિયાદ છે કે સેંકડો વ્યાખ્યાન ધર્મનાં સાંભળ્યાં છે છતાં આત્મા ઊંચો કેમ નથી આવતો ? ધર્મ પ્રેમ છે પણ અહીં એક કલાક સાંભળ્યા પછી આત્મા લાખેશ્વરી બની ગયો એમ નથી લાગતું. રંગનું કુંડું ભરીને આપ્યું, ભારેમાં ભારે રંગનું, ને કહ્યું કે કપડું રંગી

નાખો, પણ કપડું છે તેલિયું. એ કપડાને અંધારામાં આ રંગમાં ઝબોળ-ઝબોળ કર્યું પણ પ્રકાશમાં જોયું તો રંગ નથી ચઢ્યો ! કપડું તેલિયું છે, ક્યાંથી રંગ ચઢે ? એમ યોગ્યતા વિનાનો આત્મા આ તેલિયાં કપડાં જેવો છે, એના પર ધર્મ-દેશનાના વરસાદ વરસવા છતાં ધર્મનો રંગ ચઢતો નથી દેખાતો. વીતરાગની વાણી મળ્યા પછી શું એવો રંગ ન ચઢે કે જાણે આપણે મહાસંપત્તિ પામ્યા ? પણ યોગ્યતા વિકસાવ્યા વિના આ નહિ દેખાય. આજ એવો કાળ આવી લાગ્યો છે કે યોગ્યતા માટે શિક્ષણ આપવું જરૂરી છે. જે કોઈ ધર્મ-સાધનામાં છે, કે જેને ગમે છે ધર્મસાધના, તેને માથે આ જવાબદારી છે કે આત્માને યોગ્ય બનાવવો. તે માટે ભારે ચીવટ રાખવી.

જેના માથે માતા-પિતાદિ વડીલ છે, તેને તેમની અદબ સાચવવાની યોગ્યતા; અને જે વડીલ છે તેને આશ્રિતના આ વ્રતો પળાવવા પ્રત્યેની યોગ્યતા. યોગ્યતા કેળવવા મથવું પડશે ! શું યોગ્યતા એટલે ? ઔચિત્ય અને માર્ગાનુસારીની ભૂમિકા ! પૂજા કરવા દહેરાસરમાં ગયા ત્યાં ઊભેલા માણસ ક્રોધથી અક્ષર બોલી કાઢે છે ત્યાં આપણી યોગ્યતા એટલે સૌમ્યતા એમ બે ભગવાનની પૂજા ઓછી થાય તેની ચિંતા નહિ પણ પહેલી સૌમ્યતા. નહીં ગુમાવાની ! પણ તમારાથી આ બનવાનું નથી, બે ભગવાનની પૂજાનું ફળ ઓછું થઈ જાય ને ? યોગ્યતાનો જે ધર્મ તે મોટો ધર્મ એના પાયા પર જે ધર્મ થશે તે સંગીન ધર્મ હશે, ને તેના લાભ અણમોલ હશે ! યોગ્યતાના પાયા વિનાનો ધર્મ, એનો એ ચારિત્ર, સામાયિક, ગમે તો કોઈ પણ ધર્મ, પણ એ હૃદયસ્પર્શી ધર્મ નહિ બની શકે. જીવ બિચારો ધર્મ કરશે-કરશે ન મજૂરીમાં ખપાવશે ! મહાલાભ હાંસલ કરવાને બદલે તુચ્છ ચીંથરિયા પુણ્ય કે માનપાનમાં એ ધર્મક્રિયાને કૃતાર્થ કરશે. એટલે કેવો ઘાટ ?

**રૂ. લાખનો લાભ થાય એવો હોય ત્યાં રૂ. પાંચમાં લિલામ !**

**અયોગ્યતાનો દાખલો :-**

**પ્રભુનાં દર્શન કે પૂજાર્થે મંદિરમાં ગયા, ગયા તો ધર્મપ્રેમથી, પરંતુ પેલી** સાંસારિક જીવનમાં જો યોગ્યતા નહોતી, તો એ અયોગ્યતા અહીં નડવાની. એટલે પ્રભુના દર્શનાદિ કરતાં જો કોઈ વચમાં આડું ઊભું રહ્યું તો એનું આવી બન્યું ! મન ઝટ લોચા વાળશે' આવા ને આવા બુદ્ધુ ક્યાંથી હાલી નીકળ્યા હશે કે વચમાં થાંભલાની જેમ આડા ઊભા ? મૂરખ ને અક્કલ જ નથી કે ક્યાં ઊભા રહી દર્શન કરવાં જોઈએ !'...આવા સાધર્મિકદ્વેષ અવાત્સલ્ય, અવગણનાદિ પાપો મનમાં ચાલુ થઈ જશે ? ને વાણીમાં ય એ પાપ લાવ્યા વિના કદાચ નહિ રહે. ત્યારે પોતે વળી વચમાં ઊભો દર્શન કરતો હશે ત્યાં પાછળવાળાનો વિચાર પોતે નહિ રાખે !



ને પેલાને દર્શન ને ભાવોલ્લાસમાં અંતરાયનું પાપ કરશે. કદાચ પેલો વળી જરા સમજ આપશે તો આ સામો 'તમે તમારું સંભાળો' એવો કાંક બોલ ફેંકશે ! અગર બોલવા જગા નહિ હોય તો મનમાં લોચા વાળશે, 'બહુ પાછા ડાહ્યા ! અક્કલ આપવા નીકળ્યા છે ! પાડાની જેમ પોતાને ખસવું નથી, ને બીજામાં ડહાપણ ડહોળવું છે !'

**શું આ બધું ?** વીતરાગની ભક્તિમાંથી વૈરાગ્ય અને ઉપશમ આવવાની આડે રાગ-દ્વેષની દીવાલો ઊભી કરવાની નાદાનિયત.

**શાથી ?** યોગ્યતા, ઔચિત્યની ખામીના લીધે.

**એનું પરિણામ ?** એ જ, કે વીતરાગના દર્શનાદિની ક્રિયાના લાભના ટકા ઘણા કપાઈ ગયા. લાખનો માલ પાંચમા લિલામ ! એ દર્શનાદિમાંથી જે લાખ રૂ.ની કિંમતના વૈરાગ્યને ઉપશમ લેવાના હતા તે રહી ગયા, ને પાંચની કિંમતનું તુચ્છ પુણ્ય લઈ આવ્યો.

**હવે જો યોગ્યતા હોય તો વિચારત** કે 'મારા દર્શનાદિ કરવામાં કોઈ વચમાં ઊભો ? ફિકર નહિ,

(૧) 'એને પણ દર્શનનો અધિકાર છે,' અથવા

(૨) 'એ ય બિચારો વિષયકષાયના દાવાનળમાંથી માંડ છૂટી અહીં પ્રભુદર્શનાર્થે આવ્યો છે, ભલે દર્શન કરે. એનું વચમાં ઊભવાનું દયાપાત્ર છે,' અથવા

(૩) 'દુનિયામાં આ દર્શનની વંચિત કરોડો માનવોમાંથી આ બચી અહીં પ્રભુદર્શનાર્થે આવવા ભાગ્યશાળી બન્યો છે, એનો એ ગુણ અનુમોદનીય છે, ભલે એ દર્શન કરે, દર્શન ક્યાં સસ્તુ પડ્યું છે ? અથવા,

(૪) 'મારે દર્શન કરવામાં પરીક્ષાનો સમય મળ્યો કે પ્રભુનાં પહેલાં દર્શન કર્યાં એથી હવે પ્રભુની મુદ્રા કેટલી યાદ રહી તે તપાસું. પ્રભુના માનસિક હૂબહૂ દર્શન કરું; અથવા પ્રભુદર્શનથી જાગેલા શુભ ભાવને કસોટી મળી કે એ કોઈ કલુષિત ભાવથી બગડી ન જાય.'

આવો કોઈ વિચાર જરૂર આવત. એથી દર્શનથી કમાયેલ શુભ ભાવમાં વળી બીજા શુભ ભાવ ઉમેરાત, અને એથી લાભ લાખોની કિંમતનો ઊભો થાત.

એવું યોગ્યતા હોત તો પોતે દર્શન કરવામાં વચમાં ન ઊભો રહેતાં શાસ્ત્રે કહેલી પુરુષે જમણી અને સ્ત્રીએ ડાબી બાજુએ રહી દર્શન કરવાની વિધિનું પાલન કરત; ને કદાચ ખ્યાલ ફેરથી એ વિધિનો ભંગ થયો, તો બીજાના સૂચન પર એનો ઉપકાર માની, 'મિચ્છા મિ દુક્કડં'થી અવિધિનું પાપ ધોઈ નાખી, બાજુએ ખસી જાત.

યોગ્યતા આ મહાન આત્મરક્ષા ને આત્મકમાઈ આપે છે. જોઈએ છે એ ?

તો બેસી શું રહ્યા છો ? યોગ્યતા વિનાનું ગાડું જન્મારાના જન્મારા ચલાવ્યું, અહીં વર્ષોના વર્ષો ચલાવ્યું, હવે ક્યાં સુધી ચલાવવું છે ? દઢ સંકલ્પ કરો કે અહીંથી જ હવે જીવનમાં યોગ્યતા પહેલી કેળવીશ, મન મારીને પણ કેળવીશ.

યોગ્યતાના અભાવે, કહેવાતો ધર્મપ્રેમ ખૂણે પડ્યો રહેશે, ને સાધર્મીમાં પરસ્પરનું વાત્સલ્ય, ઉપબૃંહણા, અને સ્થિરીકરણ, સર્વત્ર ગુણાનુરાગ, મૈત્રી અને કરુણાભાવ વગેરે ધર્મને તિલાંજલી આપી એથી વિરુદ્ધ પરસ્પર ઈર્ષ્યા, અવગણના, નિંદા, તિરસ્કાર, બુદ્ધિભેદ, વિરોધ, નિર્દયતા વગેરેમાંનો એક નહિ તો બીજો, બીજો નહિ તો ત્રીજો, એમ કોઈ ને કોઈ એક કે અનેક અધર્મ વિકસતા રહેશે ! આમાં પછી ક્યાં રહ્યો ધર્મપ્રેમ ?

**ધર્મક્રિયા** તો ગુલાબના ફૂલ જેવી છે, એ હૃદયને ધર્મપ્રેમની સુવાસથી ભરી શકે એમ છે; ધર્મક્રિયા કરતાં કરતાં ધર્મપ્રેમ વધે છે; જેમ, દુનિયામાં સ્નેહની ક્રિયા સત્કાર, જમણ, સારા બોલ, વગેરે કરતાં સ્નેહ વધે છે, પરંતુ અયોગ્યતા એ ડુંગળીના ઢગ જેવી વચમાં ચોંટીને અધર્મપ્રેમની દુર્ગંધ ફેલાવે છે, અધર્મનો ઉકરડો સર્જે છે.

આત્મામાં યોગ્યતા હોય તો વિચાર આવે કે આ વિશ્વમાં સાધર્મી શોધ્યા ક્યાં મળે ? અને આવા ઉત્તમોત્તમ જૈનશાસન સાથેનો ઉત્તમ માનવભાવ એ વાત્સલ્યાદિ કેળવવા માટે ક્યાં મળે ? હવે જો અહીં એ નહિ કેળવાય તો એથી વિપરીત ઈર્ષ્યા, વિરોધ વગેરે ભર્યું કે શુષ્ક હૃદય લઈને ભવાંતરે જવામાં કેટલું જોખમ ? કેવા બૂરા હાલ ?

જેમ પાપનો પ્રેમ પાપીના પ્રેમથી પોષાય છે, એમ ધર્મનો પ્રેમ ધર્મીના પ્રેમથી પોષાય છે. પાપીનો સંગ છોડો તો પાપનો સંગ છૂટે. એમ ધર્મીનો સંગ છોડો તો ધર્મનો સંગ છૂટે નંદ મણિયારને ધર્મીનો સંગ છૂટ્યો, ધર્મી મૂક્યા ને અધર્મી ગમ્યા, તો ધર્મ પણ ચાલતો થયો, અને અધર્મ ઘૂસ્યો, મરીને પોતે બંધાવેલી વાવ કે તળાવમાં જ દેડકો થયો ! ધર્મ તો ટકે જો ધર્મી ગમે, ધર્મી પ્રત્યે વાત્સલ્ય ઊભરાતું રહે.

એમ, સાધર્મિકની ઉપબૃંહણા અર્થાત પ્રશંસા કરાય, એના ગુણોનું સમર્થન કરાય તો ધર્મ ટકે; એ ભૂલીને નિંદામાં પડ્યા, તિરસ્કારમાં ચઢ્યા, અવગણના-અનાદર, ઉતારી પાડવાનું કર્યું, તો ધર્મ સલામાલેકૂમ કરશે, રજા લેશે, રવાના થશે. કોણ કહે છે કે ધર્મ સંબંધથી સંકળાયેલાના અનાદર કરો ને ધર્મ ઊભો રહે ? કોઈ શાસ્ત્ર એવું નહિ કહે. અરે એક વ્યવહારમાં પણ મિત્રોનો અનાદર કરો તો



મિત્રતા તૂટે છે, તો ધર્મીનો અનાદર કરતાં ધર્મ કેમ નહિ ભાગે ? અનાદર કરવાથી એના માનસિક પરિણામ ખંડિત થાય છે. કદાચ ધર્મમાં શિથિલ બને છે, અથવા દ્વેષ, અરુચિ, નિંદામાં પડે છે, એ બધાં પાપનું નિમિત્ત કોણ ? ઉપબૃંહણા ભૂલી અનાદર કરનારો. શાસ્ત્રમાં આવે છે, મોટા ગુરુ આચાર્ય પણ વાદી, તપસ્વી વગેરે શિષ્યોની ઉપબૃંહણા ભૂલ્યા, તો સંસારમાં ભમતા થઈ ગયા ! જેમની પાસે મહાન ચારિત્રનો ટેકો હતો, છતાં ઉપબૃંહણાના અભાવે આ પરિણામ, તો જ્યાં તમારી પાસે એ ટેકો નથી, ને સાધર્મિકની ઉપબૃંહણા ગુમાવો તો ક્યાં જઈને ઊભા રહો ?

ત્યારે ધર્મમાં ઢીલા પડતા, શ્રદ્ધામાં નબળા પડતા, તપ, ત્યાગ, દાનાદિ અનુષ્ઠાન, વ્રત-નિયમ કે ક્ષમા નમ્રતાદિ ગુણોમાં પાછા પડનારા સાધર્મિકોને સ્થિરીકરણ કરી એ નબળાઈ દૂર કરવાનું પણ તો જ બની શકશે, જો પોતાનામાં મૂળમાં યોગ્યતા હશે. એમ કહીએ તો ચાલે કે આ સ્થિરીકરણની વૃત્તિ, સ્થિરીકરણનો સ્વભાવ પણ યોગ્યતાનું રૂપક છે. યોગ્યને સહેજે એ થાય કે હું ધર્મમાં પીડાતાને પીડા ટાળી સશક્ત કરું.' આવી યોગ્યતા ન હોવાથી નાટક કેવું થાય છે ! કે પોતાને ધર્મપ્રેમ છે એટલે ધર્મમાં પ્રવર્તતો તો હશે, પણ અયોગ્યતાને લીધે સીદાતાની એવી નિંદા, હલકાઈ કે તિરસ્કાર-અવગણના કરશે કે પેલો ધર્મમાં ઊલટો વધારે ઢીલો પડશે, ને દોષ-દુર્ગુણમાં ઘસડાશે ! એટલે ? જે ધર્મ પર પ્રેમ હોવાનો દાવો છે, એના પર ઘા ! કોઈના ઘા પર કે વાગેલા પર વધુ પ્રહાર કરો તો શું થાય ? વધારે બગડવાનું જ થાય કે સુધરવાનું ? શરદીથી પીડાતાને વધુ પવન ખવરાવો તો શું થાય ? શરદી વધે જ કે બીજું કાંઈ ? બસ, એવું જ ભૂલતા સાધર્મીને કઠોર ઠપકા, તિસ્કારભર્યા વેણ વગેરે સંભળાવવામાં છે. ધર્મના ઘા ઓર વધે. પોતાની પ્રવૃત્તિના પરિણામનો વિચાર નથી, માટે એવા આવેશમાં ચડાય છે, ઉછાંછળા બનાય છે, યોગ્યતા હોય તો વિચાર રહે. મનને એમ થાય કે 'હું બીજાને નવો ધર્મ તો પમાડી શકતો નથી, પરંતુ કોઈના રહ્યા સહ્યા પણ ધર્મનો નાશ કરનારો તો ન થાઉં ! અયોગ્ય બોલ, અયોગ્ય મુખમુદ્રા, અયોગ્ય વર્તાવ તો સામામાં કષાયની વૃદ્ધિ કરીને અનેક પ્રકારના પાપ જન્માવી અધઃપતન કરાવનાર છે. એ હું શા માટે આચરું ?' આ લક્ષ હોય તો અયોગ્યતા શાની વિકસવા પામે ? બીજાનું અસ્થિરીકરણ કેમ જ થાય ?

ઉપબૃંહણા, સ્થિરીકરણ અને વાત્સલ્ય એ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાના, નિર્મળ કરવાના પુણ્ય બનાવવાના મહાન આચાર છે. યોગ્યતા ઉપર એ સરળતાથી આચરી શકાય છે. સાચો ધર્મપ્રેમ યોગ્યતા પર વિકસી શકે છે. અથવા કહો સાચો ધર્મપ્રેમ યોગ્યતાને વિકસાવી શકે છે. 'સાચો એટલે શુદ્ધ ધર્મના ઘરનો ધર્મપ્રેમ. શું પોતાનામાં

કે શું બીજામાં, ધર્મને ટક્કર લાગે એનો ભારે ભય હોય, એનાથી બચવાની ભારે ચીવટ હોય આ પાપભરી પૃથ્વી ઉપર ધર્મ ક્યાં સસ્તો છે ? ક્યાં સુલભ છે ? ક્યાં એ કાળના કાળ વીતવા છતાં ય ઝટ મળે એવો છે ? તો જો એ અહીં મળ્યો છે, મળવાના સંયોગ છે, તો હું શા માટે સારા કે બીજાના ધર્મને ટક્કર લાગે એવું કરું ? આ ખ્યાલ, આ સાવધાની યોગ્યતા આપે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૨૩,તા.૧૮-૨-૧૯૬૧

**આ યોગ્યતા શી રીતે આવે ?**

નિર્વિચાર દોડવાથી નહિ આવે. વિચારશીલતા જોઈશે એ માટે. વિચાર પણ દીર્ઘદૃષ્ટિનો અને વિવેકભર્યો જોઈશે. માર્ગાનુસારી ભૂમિકામાં એ માટે દીર્ઘદૃષ્ટિ અને વિશેષજ્ઞપણું કેળવવાનાં હોય છે. એમ સૌમ્યતા પણ કેળવવી પડે છે; કેમ કે એ પણ યોગ્યતા વિકસાવવા જરૂરી છે. ટૂંકો વિચાર, વિવેક વિનાનો વિચાર અને અસૌમ્યતા અયોગ્ય વિચારણા-વાણી-વર્તાવને ઝટ ખેંચી લાવે છે. આ એકેકનાં અનેક દૃષ્ટાંત જોવા મળશે. પોતાના જીવનમાં પણ તપાસીએ તો દેખાશે કે છેવટે ક્યારેક ક્યારેક પણ એમ બન્યું હશે. ત્યાં પસ્તાવો થાય છે કે આ મેં ઉતાવળિયું પગલું ભર્યું ને નુકસાન ઊભું થયું. મેં દીર્ઘદૃષ્ટિથી વિચાર્યું નહિ, અગર સારાસારનો વિચાર કર્યો નહિ, અથવા ખોટો આવેશ કર્યો ! બસ, મૂળમાં યોગ્યતા હોય તો એ મોટાભાગે આમ ન થવા દેવામાં સહાય કરે છે ત્યારે પ્રશ્ન થશે કે

**પ્ર.- પણ યોગ્યતા લાવવી શી રીતે ?**

**સતત ભાવનાનો પ્રભાવ :-**

ઉ.- એ માટે સતત ભાવનાથી આવા ગુણોનો અભ્યાસ કરવો જરૂરી છે.

(૧) પહેલું તો મનમાં ગોખો કે મારે દીર્ઘદૃષ્ટિવાળા બનવું છે, સારાસારનો વિચાર રાખવો છે, સૌમ્યમુદ્રા-સૌમ્યવાણી અને સૌમ્ય સ્વભાવ રોજિંદા બનાવવા છે. આ ભાવના સતત ભાવવાનો પ્રભાવ એ છે કે એનાથી મન એના પર કેન્દ્રિત બને છે, તેથી પ્રસંગ ઉપસ્થિત થતાં એ ગુણો તરફ મન પહેલું જાય છે. અર્થાત્ ઝટ મનમાં આવે છે કે 'અહીં લાંબી દૃષ્ટિથી વિચાર કર. કોના વધારે ટકા ? કોના ઓછા ? એ જો, અને બધું કામ હૃદય બહુ સૌમ્ય રાખીને લે.' એવું સ્ફુરે એટલે અને એ ગુણો માટેની મમત્વભરી ભાવના પહેલાં વારંવાર કહી તો છે જ એટલે સહેજે પ્રસંગ વખતે એનો કંઈ ને કંઈ ઉપયોગ થાય છે. બસ, આ રીતે અભ્યાસ કર્યે જઈએ એટલે પછી એ ગુણો સહજરૂપે એવા કેળવાઈ જાય કે એનો સ્વભાવ



જ કેળવાઈ જાય. આનું નામ યોગ્યતા ઘડાઈ ગણાય. એના પર પછી યોગ્ય આચરણ સહેજે બની આવે, ચાહ્ય ધાર્મિક બાબતમાં યા ગૃહસ્થપણાની સાંસારિક બધી બાબતમાં.

## • મહાન ગુણ કૃતજ્ઞતા •

**(૨) યોગ્યતા કેળવવા માટે બીજો એક ગુણ કૃતજ્ઞતા નામનો કેળવવાનો છે.** ક્યારેય પણ કોઈનો ય ઉપકાર ન ભૂલીએ, ઉપકારીનો દ્રોહ કે ઉપેક્ષા ન કરીએ, ઊલટું અવસર-અવસર પર એનો બદલો વાળવા તત્પર રહીએ. વિશેષ કરીને ગૃહસ્થજીવનમાં માતા, પિતા, વિદ્યાગુરુ, આજીવિકા આપનાર શેઠ તથા કટોકટીમાં કિંમતી સહાય કરનાર પ્રત્યે કૃતજ્ઞભાવ ખૂબ સારી રીતે જાળવવો જોઈએ, અદા કરવો જોઈએ. જો આ નથી તો યોગ્યતા મૂળમાં નથી, એટલું જ નહિ પણ યોગ્યતા લાવવા માટેનો અભ્યાસ પણ નથી. ત્યારે એ વિના કદાચ વૈરાગ્યથી ચારિત્ર પણ લઈ લીધું છતાં ચારિત્રજીવનમાં એને અનંત ઉપકાર કરનારા ગુરુ પ્રત્યે કૃતજ્ઞભાવ જાળવવો મોંઘો થઈ પડે છે. પછી એ કેટલીકવાર એક ગૃહસ્થને ન છાજે એટલા નીચે પાટલે બેસી જાય છે ! અવસર આવ્યે ગુરુની જાહેરમાં પણ હલકાઈ કરતાં એને સંકોચ નહિ થાય; કે ગુરુની સામે બળવો ઊભો કરતાં એને આંચકો નહિ આવે, યા દુનિયામાં બીજો કોઈના કરતાં ગુરુને વધારે પીડવામાં મસ્ત રહેશે ! પાછું આ બધી પોતાની નાલાયકી ઉપર બનાવટી શાસ્ત્ર-વફાદારી, જિનાજ્ઞામહત્ત્વ, સિદ્ધાંતરક્ષા, ઉચિત અને હિતકારી વર્તાવ વગેરેના વાઘા પહેરાવશે ! ભોળા જીવોના મગજમાં એ ઠસાવવા માટે પાછું મયણાસુંદરી, લક્ષ્મણજી, જમાલીના શિષ્ય વગેરેનાં દૃષ્ટાંતો સિફતથી ગોઠવશે ! આ બધું શેમાંથી ઊભું થયું ? કહો, ઠેઠ ગૃહસ્થ જીવનમાંની અયોગ્યતાથી, કૃતજ્ઞતા વગેરેના અભ્યાસના અભાવથી.

**જૈનશાસનમાં ગુરુના ઉપકારની અવધિ નથી આંકી,** તેમ એનો બદલો વાળવાનું અશક્યપ્રાય કહ્યું છે, કેમ કે ગુરુ પતિત થાય, ભ્રષ્ટ થાય, તો એમને ફરી માર્ગે ચઢાવવાથી એ બને. પરંતુ સદ્ગુરુમાં એ સંભવ કેટલો ? ત્યારે એક સામાન્ય ઉપકાર કરનાર પ્રત્યે પણ કૃતજ્ઞતા ન ચુકાય, તો ભયાનક ભવસાગરમાંથી ઉદ્ધરનાર, દુર્ગતિના માર્ગેથી સદ્ગતિના માર્ગે ચઢાવી દેનાર અને પાછા એમાં સદા સારણા-વારણાદિ કરીને દુર્ગતિપરંપરાના ઉત્થાનમાંથી બચાવી લેનાર ગુરુના અનંત ઉપકારની પ્રત્યે કેટકેટલી કૃતજ્ઞતા જોઈએ ? એ ઉપકાર યાદ હોય તો મનને શું એમ કદી ય થાય કે 'એ તો કચકચ કરે છે, ઠપકો દીધા કરે છે ?' ના, ઊલટું એમ થાય છે કે 'એ મને લાતો મારે, કે ચારની વચ્ચે હલકો ય પાડે, તો પણ શું થઈ ગયું ?

એમના મારા પરના અનંત ઉપકારની સામે આ કાંઈ વિસાતમાં નથી. આખી દુર્ગતિની પરંપરાના માર્ગમાંથી મને પાછો વાળી, મને અટકાવી, સદ્ગતિની ધારાને સર્જનારા માર્ગે ચઢાવવા-પાળવાનો એમનો મહાન ઉપકાર ક્યાં ? અને આ તુચ્છ, અતિ તુચ્છ તકલીફ કે અપજશ સહવાનું ક્યાં ? આ માર્ગે ન ચઢાવ્યો હોત, ન પાળ્યો હોત, તો પાપ માર્ગ સેવતાં કદાચ નરક કે તિર્યંચ ગતિમાં ભટકાઈ પડતાં કેટલાં કારમાં દુઃખ અને પછી પણ પાપના યોગે દુઃખની પરંપરામાં મુકાઈ જવું પડત ! એ બધું અટકાવનાર તરફથી કદાચ મારા મનને લાગતું મામૂલી પ્રતિકૂળ થયું, તો એમાં શું લૂંટાઈ ગયું ?' કૃતજ્ઞતા આ વિચાર લાવે છે.

તમારા માટે પણ આવી વિચારણા માતાપિતા માટે રાખવાની છે. પત્ની કે પુત્રના ખોટા મોહમાં તણાઈ માતા-પિતાની પ્રત્યે જરાય કૃતજ્ઞતા ભૂલવાની નથી. એમના ઠેઠ ગર્ભથી આટલા ઊંચે લાવવા સુધીના અગણિત ઉપકાર બરાબર યાદ રાખવાના છે. એની આગળ એમની કચકચ, સતેજ પ્રકૃતિ, વગેરેને મામૂલી ગણવાના છે. તેમ પત્ની તથા પુત્રોને એ ભણાવી દેવાનું છે. કૃતજ્ઞતા અદા કરવા પત્ની અને પુત્ર-પુત્રીઓ સહિત તમારે એમની દેવની જેમ સેવા કરવાની છે, તો જ યોગ્યતા ગણાશે, યોગ્યતા આવશે.

## • સ્વાર્થત્યાગ પરાર્થસેવન •

(૩) યોગ્યતા લાવવા માટે એક બીજો મહત્ત્વનો ગુણ છે, સ્વાર્થ ગૌણ, પરાર્થ મુખ્ય કરવો. એનો અભ્યાસ કરવાનો છે. અભ્યાસ એટલા માટે, કે મૂળમાં યોગ્યતા વિકસેલી હોત તો આ ગુણ સહેજે સહેજે બનત; પણ યોગ્યતાની ખામી છે, તેથી મન મારીને પણ આની ટેવ પાડવાની છે. આમાં જુઓ કે સ્વાર્થ તદ્દન મૂકી દેવાની વાત નથી, પરંતુ,

(૧) જ્યાં પરાર્થ એટલે કે પરનું ભલું, પરની સેવા કે પરદુઃખ-નિવારણનો પ્રસંગ આવીને ઊભો રહે તે વખતે સ્વાર્થ પછી અને આ પરાર્થ પહેલો, એ કરવાનું છે, આનું નામ પરાર્થ મુખ્ય અને સ્વાર્થ ગૌણ કહેવાય. એટલું જ નહિ, બલ્કે,

(૨) સ્વાર્થીની દરેક પ્રવૃત્તિને પરાર્થપ્રવૃત્તિથી અલંકૃત કરવાનું મુખ્ય લક્ષ રાખવાનું છે. એ ક્યારે બને ? ત્યારે, કે જો એ ભાવના મનમાં રમાડ્યા કરીએ કે

'જીવનમાં પરાર્થસાધના એ સાર છે, સ્વાર્થસાધના અસાર છે. સ્વાર્થની સાધના તો કૂતરા-ગધેડાં ય કરે છે. હું તો એનાથી કેટલોય ચઢિયાતો માનવ છું. તો મારા જીવનને ક્યાં ક્યાં પરાર્થસાધનાથી મઘમઘતું કરી દઉં ! પરોપકાર, પરસેવા, પરદુઃખહરણનું વ્યસન બનાવી દઉં ! સવાર પડે ને લગની લાગે એની,



દિવસની શુભ શરૂઆત એનાથી કરું ! એ શોધતો કરું ! એ મળે એટલે માલ મળ્યા માનું ! તન-મન-ધનને એમાં ખર્ચીને સાર્થક થયા માનું !' આવી આવી ભાવનાનો મનમાં સતત અભ્યાસ એને સુલભ કરે છે.

મનમાં રટણ ચાલુ હોય અગર દઢ નિર્ધાર બાંધ્યો હોય તો કરવાનું સૂઝે અને સ્ફુરે.

## • ગુણ કેળવવાના ઉપાય •

**કોઈ પણ ગુણ કેળવવાની અને દોષ ટાળવાની તમન્ના હોય તો,**

(૧) પહેલાં એ માટેની સતત ભાવના કરો. એ ભાવના પણ લાભાલાભ ને સારાસારની ભાવના સાથે કરો. અર્થાત્ ગુણના લાભ કેટલા, એમાં સાર કેટલો, તેમજ દોષનાં નુકસાન કેવાંક, એની અસારતા કેવીક, એ બધાની વિચારણા રાખો; ને તાત્ત્વિક સ્વરૂપનો વિચાર કરો. જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે, છેવટે રાત્રિના કે પરોઢમાં ઊઠીને એની ભાવના કરો.

(૨) એમાં પણ ટાઈમટેબલ, યાને સમયપત્રક ઘડો; એક અઠવાડિયું અમુક ગુણ કેળવવાનો કોર્સ, કાર્યક્રમ; બીજું અઠવાડિયું બીજો ગુણ. પાછું,

(૩) એ ભાવના પાછળ એના અમલમાં ખામી પડે એની નોંધ રાખો.

(૪) દિનપ્રતિદિન માપો કે ખામી કેટલી ઘટતી આવે છે.

(૫) તેમ, એ પણ સાથે જોઈએ કે ભૂલની કોઈ સજા, કોઈ દંડ પણ નક્કી કરીએ, ભરી આપીએ.

**જે ભૂલની પાછળ સજા નથી એ ભૂલ સુધરવી મુશ્કેલ બને છે,** માટે ગમે તેવી પણ સજા જોઈએ.

**જીવન ઉત્થાન, આત્મોત્થાન માટે આ ભાવના, અમલી કાર્યક્રમ અને નિરીક્ષણ સાથે દંડ વહેવાનો, એ સુંદર સાધના છે.** એનાથી યોગ્યતા પ્રગટી આવે છે.

તો બોલો, યોગ્યતા પ્રગટાવવા શું શું જોઈએ ? ઉપબૃંહણા. સ્થિરીકરણ, વાત્સલ્ય, કૃતજ્ઞતા, પરાર્થપ્રધાનતા, વગેરેનો અભ્યાસ જોઈએ.

## • સહિષ્ણુતા અને સહનવૃત્તિ •

(૪) **સહિષ્ણુતા અને સહનવૃત્તિનો પણ અભ્યાસ યોગ્યતા કેળવવા જરૂરી છે.** નહિતર એના વિના અયોગ્યતાનાં પ્રદર્શન થાય છે.

**સહિષ્ણુતા એટલે** આવી પડેલી પ્રતિકૂળતા શાંત મનથી અને ઉદાર દિલથી સહી લેવી તે.

**સહનવૃત્તિ એટલે** જીવનમાં સુખશીલતાને બદલે કંઈ ને કંઈ સહન કર્યે

જવાની રુચિ. પેલામાં સહવાનું લેવા નથી ગયા, ઊભું નથી કર્યું, આવી પડ્યું તો ઉકળાટ વિના ઉદારતાથી સહી લીધું. આમાં સહન કરવાનું ઊભું કરવાનું છે. કોઈએ કડવો શબ્દ કહ્યો તો એ ઉદાર દિલે સહી લીધો, 'હોય, એમાં શું ? કહે, અધિકારી છે'...વગેરે માની સામે કંઈ જ ઉકળાટ અરુચિ ન કરી એ સહિષ્ણુતા. ત્યારે વડીલને વિનંતી કરી કે મને જ્યાં કહેવા જેવું લાગે તે કડક શબ્દમાં જરૂર કહેજો તો જ મારું રક્ષણ થશે.' આ સહન કરવાનું ઊભું કર્યું.

જમવા બેઠાં એક ચીજ ઓછી આવી, સહી લીધું, **એ સહિષ્ણુતા.**

પણ માગીએ તો મળે એમ છે, છતાં બોલ્યા નહિ, ચલાવી લીધું **એ સહનવૃત્તિ.**

તો એક ભેદ આ નીકળ્યો કે સહિષ્ણુતામાં સહી લેવાનું આવે, સહનવૃત્તિમાં ચલાવી લેવાનું આવે.

## • પ્રતિકૂળતા સહર્ષ સહવા ૪ મુદ્દા •

**સહનવૃત્તિનો પ્રભાવ :-**

બંને ગુણ જરૂરી છે. એનાથી ખડતલ બનાય છે; દુઃખ-પ્રૂફ-દુઃખસ્પર્ધી બનાય છે. પછી દુઃખ આવે ફિકર નહિ, એની સાથે સ્પર્ધાથી આગળ વધી શકીએ. કોઈ મૂંઝવણ, શોક, દીનતા, ઓશિયાળાગીરી કરવાનું કામ નહિ, કેમ કે સહવાને, સહી લેવાને, ટેવાયેલા છીએ.

આ નથી તો દુઃખથી હારી જવાય છે; ત્રાહિ ત્રાહિ પોકારવું પડે છે, ક્યાં ભાગું, એમ થાય છે. આપત્તિ કે પ્રતિકૂલતા લેશ પણ ખમાતી નથી, ખપતી નથી, અને તેથી એની આગાહી દેખાય ત્યાં અયોગ્યતાનું આચરણ થવા માંડે છે.

**કેમ જાણે આપણે એટલો બધો પુણ્યનો ભંડાર લઈને આવ્યા છીએ અને એટલા બધા મહાન ઔદાર્ય-પરોપકારાદિ ગુણો ભર્યા છે કે બસ જાતને એકાંતે સર્વ અનુકૂળતાઓના જ અધિકારી હોવાનું માની લઈએ છીએ !** એટલે લેશ પણ પ્રતિકૂળતા ગેરવાજબી લાગે છે ! શાના ઉપર આ ભ્રમણા ? શાની વગર અધિકારે અધિકાર માની લેવાની ઘેલછા ? સો રૂપિયાની મૂડીવાળો અભણ માણસ પણ સમજી મૂકે છે કે 'હું કાંઈ મોટી અનુકૂળતાઓનો અધિકારી નથી, કેટલીય પ્રતિકૂળતા મારે વેઠી જ લેવી રહી,' તો અલ્પ પુણ્યની મુડીવાળા આપણે અને પાછા ભણેલા આટલું ન સમજી મૂકીએ કે 'આપણે કાંઈ બધી અનુકૂળતાઓના અધિકારી નથી. કેટલીય પ્રતિકૂળતાઓ સહર્ષ વેઠવી જ રહી !' આજે કોણ પુણ્યના મોટા ભંડારવાળું છે ? મોટા કરોડપતિ પણ નથી. એને ય એની પત્ની, પુત્ર કે મેનેજર યા સરકારી



અમલદાર એનો પડ્યો બોલ ઊઠાવે એટલું પુણ્ય નથી. એ સ્થિતિમાં 'મારું કેમ ન માને ? કેમ મારી સામે કે ખાનગી બોલ કાઢે કાંઈ એવો ઘમંડ શાના ઉપર ? અધિકારની ભ્રમણા શા સારું ?

**શું સામાનો અધિકાર નથી ? આપણો જ છે ?**

આપણા પર પ્રતિકૂળતા આવવામાં એક વખત સામાની ભૂલ પણ હોય તો ય આકુળવ્યાકુળ થઈ અધિકાર બજાવવાની ભ્રમણામાં દોડવા જેવું નથી; કેમ કે ભલે આપણે પુણ્યશાળી હોઈએ કે ગુણિયલ હોઈએ, છતાં જેમ આપણે અમુક રીતે માનવા-વર્તવા આપણી જાતને અધિકારી સમજીએ છીએ એમ સામા પોતાની જાત માટે માને અને તેથી પોતાને રુચતા વર્તાવ કરે ત્યાં ન્યાયની દૃષ્ટિએ વાંધો કેમ ઊઠાવી શકીએ ? દિલ ઉદાર રાખી બંને વસ્તુઓ માન્ય કરવી જોઈએ કે એક તો મારી જેમ બીજાઓ પણ પોતાને રુચતું બોલવા-ચાલવા અધિકારી છે; અને બીજું એ, કે જગતના જીવો કાંઈ વીતરાગ કે મહર્ષિ નથી કે જેથી એમની પાસેથી બધું શ્રેષ્ઠ જ બોલવા-ચાલવાની ગણત્રી રાખી શકું ! જીવો બિચારા કર્મ પીડિત છે, તો ખોટું બોલે-ચાલે, મને પ્રતિકૂળતા આપે, એ કુદરતી બનાવ છે, કારણસિદ્ધ ઘટના છે, માટે મારે પ્રતિકૂળતાથી ગભરાવાનું નહિ.

**પ્રતિકૂળતા સહર્ષ સહવા ૪ મુદ્દા.**

એમ (૧) આપણે એવા ઉત્કૃષ્ઠ પુણ્યવાળા નથી, (૨) એવા ગુણોના ભંડાર નથી, (૩) જીવો પણ આપણી સામે ફાવતું વર્તે એમાં એ અધિકારી છે, અને (૪) અધિકારી ન પણ માનું તોય એ બિચારા કર્મપીડિત છે માટે કર્મપ્રેર્યો અજુગતું આચરે, એ સહજ છે, આ ચાર મુદ્દા બરાબર ધ્યાનમાં રાખવાથી આપણા પર વરસતી પ્રતિકૂળતા, કષ્ટ, ત્રાસ, આપત્તિ સારી રીતે પ્રસન્નતાપૂર્વક સહન કરવાનું બળ મળે, મન થાય, અને અમલમાં મૂકવાનો અભ્યાસ કરાય. ત્યારે યોગ્યતા વિકસવા માંડે.

આ બે જીવનમંત્ર બનાવો :-

**સહન કરવાનું શીખો, સામનો કરવાનું મૂકો. સહન કરવાનું પસંદ કરો, સુખશીલિયા અને સગવડલાલચું બનવાનું નહિ.**

સહન કર્યે જવાની બલિહારી ઓર છે. જુઓ દુનિયાના મોટા માણસો સહન કરી કરીને આગળ વધ્યા છે, અને ઈજ્જત પામે છે. અરે ! ઘરમાં સ્ત્રી પણ શાંતિથી સહી લેવાવાળી, સહન કરવાવાળી હોય તો દેવીની જેમ પૂજાય છે. પૂજાવાનું તો ઠીક, પણ પોતે કોઈ પણ સંજોગમાં સુખશાંતિનો અનુભવ કરી શકે છે. અસહિષ્ણુ અને સગવડલાલચુને ડગલે ને પગલે દુઃખ અને અશાંતિનો અનુભવ

થાય છે. કરોડોનું ધન, વિશાળ પરિવાર, અને મોટી સત્તાઓ પણ એને શાંતિ આપી શકતી નથી.

**સહન કરવાના રસવાળો અનેકાનેક દુર્ધ્યાન, છળકપટ, અને બીજાં દુષ્કૃત્યોથી બચે છે;** રાગદ્વેષનો વિજય કરી શકે છે, ઈન્દ્રિયોની નિરંકુશતા અટકાવી એને સન્માર્ગે વાળી શકે છે. કહો, જીવનમાં સહન કરવાનો રસ ભાવશત્રુની સામે એક મહાન બખ્તર છે.

**અસહિષ્ણુતાના અનર્થ :-**

અસહિષ્ણુ અને માત્ર સગવડનો જ પૂજારી આ લાભો ક્યાંથી પામી શકે ? એને તો બિચારાને મન-વચન-કાયાના પાપ, પાપ ને પાપમાં જ રાચવું-ડૂબવું રહ્યું; કષાયોમાં ઊકળવું રહ્યું. પરિણામ, અહીં પણ અશાંતિ અને પરભવે મહાઅશાંતિ !

**અસહિષ્ણુ અને સગવડિયાનું** મન એટલું બધું કુવિકલ્પોની હારમાળાથી વ્યાપ્ત રહે છે કે ત્યાં તત્ત્વચિંતન અને વૈરાગ્ય ભાવનાઓ માટે અવકાશ જ નથી હોતો. એ લાભ તો સહિષ્ણુ અને સહનવૃત્તિવાળાને જ મળે છે. આ જીવનમાં સહન જ કરી છૂટવાનો મહાન સત્પુણ્યાર્થ-પરાક્રમ આદરવા છે એટલે કુવિકલ્પો એને શાના ઊઠે ? એ નહિ, એટલે તત્ત્વચિંતન અને વૈરાગ્ય ભાવનાઓને સારો અવકાશ મળે છે.

પોતાને સહન જ કરવું છે એટલે બીજાને સગવડ આપવા, બીજાની સેવા કરવા, અને બીજાનાં દુઃખ દૂર કરવાનું એને સરળ થઈ પડે છે; એનો રસ સહેલાઈથી રાખી શકે છે, અને અમલ હોંશથી કરી શકે છે !

અસહિષ્ણુ અને સગવડપંથીને આવા પરોપકાર કે પરાર્થવૃત્તિના વ્યસન શાના હોય ? એને તો બસ, સ્વાર્થની જ એક લગની રહે છે. ક્યાંક પરોપકારનું કાર્ય કરી આવે તો ય એમાં પોતાની સગવડની દૃષ્ટિ ઊભી જ હોય, પોતાનો સ્વાર્થ ન ભાંગે, સ્વાર્થ સરે એવી લેશ્યા વર્તતી જ હોય. એ પછી યોગ્યતા ક્યાંથી સાચવી શકે ? અયોગ્યતાથી શી રીતે બચી શકે ?

**અસહિષ્ણુતા, સુખશીલતા ને સગવડપ્રિયતા એ અયોગ્યતાનાં સગાં છે.** યોગ્યતા કેળવવી હોય તો એને હટાવો; એ માટે સહિષ્ણુ બનો, સહન કરવાનો રસ રાખો, એનો અભ્યાસ પાડો.

યોગ્યતા લાવવા માટે પૂર્વે કહ્યા તેના અને આના તથા બીજાના અભ્યાસ જરૂરી છે.

**મયણા અને સુરેન્દ્રદત્ત :-**

સમરાદિત્ય કેવળી ભગવાનનો જીવ રાજા ગુણસેનના પહેલા ભવથી યોગ્યતા વિકસાવતો આવ્યો છે, તેથી અહીં ચોથા ધનકુમારના ભવમાં સ્થળે સ્થળે યોગ્યતા



દાખવી શકે છે. યશોધર મુનિ પણ એની યોગ્યતા જોઈ પોતાનું ચરિત્ર કહે છે. એમાં પણ પોતાના પહેલા ભવમાં પોતે રાજા સુરેન્દ્રદત્ત એ જીવનભર માતાની આમન્યા પાળવાની યોગ્યતા અખંડ જાળવી રાખનારો બન્યો છે, તેથી હવે જ્યારે માતા દલીલ પડતી મૂકી સીધી આજ્ઞા કરે છે કે અપમંગળ દૂર કરવા દેવતાને જીવનો ભોગ આપવાનું મારું વચન માની લે !' ત્યારે સુરેન્દ્રદત્તને મૂંઝવણ થાય છે કે 'અરે ! માતાની આજ્ઞા કેમ લોપી શકું ? અને અહિંસાનું વ્રત પણ કેમ ભાંગી શકું ? એક બાજુ વાઘ બીજી બાજુ નદી જેવો ન્યાય થયો.'

અહિંસાનું વ્રત પાળવાની પૂરી તમન્ના છે, અને મા જીવનો ભોગ આપવાનો એને પૂરો આગ્રહ કરે છે, છતાં એનો તિરસ્કાર કરવા હૃદય તૈયાર નથી ત્યારે અહીં એક પ્રશ્ન થાય,

**પ્ર.**- તો પછી ઊંચા ગુણોવાળી મયણાસુંદરીએ બાપનો કેમ તિરસ્કાર કર્યો ? કે આની માફક મનોમંથન ન કર્યું ?

**ઉ.**- અહીં પહેલાં તો તિરસ્કાર કર્યાનો ભ્રમ કાઢી નાખવા જેવો છે. મયણાએ બાપનો તિરસ્કાર નથી કર્યો; મક્કમપણે નમ્રતાથી સાચી વસ્તુ કહી છે. બીજું એ છે કે બંને પ્રસંગમાં ફરક છે.

**મયણાનો બાપ તો તત્ત્વ માનવાની જ ના પાડે છે.**

**'કર્મ કરે તે થાય'** એમ નહિ, **'પુણ્ય પાપથી સુખ-દુઃખ મળે'** એવું નહિ પરંતુ 'રાજાની મહેરબાની નારાજીના આધારે સુખ-દુઃખ મળે,' એ માનવું છે, અને મયણા પાસે બોલાવવું છે. એટલે એમાં તત્ત્વ-માન્યતાનો ઈન્કાર છે.

**ત્યારે સુરેન્દ્રદત્તની મા તત્ત્વ સ્વીકારવા ના પાડતી નથી.**

પહેલાં દલીલ તો કરી પરંતુ પછી એ મૂકી દીધી; માત્ર મોહવશ આગ્રહ કર્યો કે જીવનો ભોગ આપ. બંને સ્થળે વાત તત્ત્વને લગતી મુકાય છે; કહો કે વડીલ મોંમાં આંગળાં ઘાલીને બોલાવરાવે છે; એટલે મયણા અને સુરેન્દ્રદત્તને તત્ત્વ કહેવું પડે છે. તે ઉદ્ધતાઈ વિના શાંતિથી બંને જણ કહે છે. તો ફેર ક્યાં પડ્યો ? ત્યાં, કે મયણાનો પિતા અભિમાનના આવેશમાં છે, એટલે સહજ પણ તત્ત્વ માનવાની તૈયારી નથી. અહીં માતાને એ આવેશ નથી એટલે પોતાની દલીલ પડતી મૂકે છે. આ સ્થિતિમાં સુરેન્દ્રદત્તને હવે જે વિચાર થાય કે 'માતાનું વચન પાળું કે વ્રતપાળું' એ સહજ છે. વડીલ પર બંનેને આંધળિયો પ્રેમ નથી કેમ કે યોગ્યતા છે.

યોગ્યતા ક્યાંથી મેળવવાની ? પહેલાં તો ઘરમાં સારા માતાપિતા અને ભાઈ-ભાંડુ પાસેથી, બીજું વિદ્યાદાતા પાસેથી, અને ત્રીજું ધર્મગુરુ પાસેથી. યોગ્યતાને

ઘડનારાં આ ત્રણ સ્થાનનું ઊંચું મહત્ત્વ છે; કહો કે એમણે એ કહીને ઐહિક-પારલૌકિક મહાન ઉન્નતિનો પાયો નાખી આપ્યો, દિશા ખોલી આપી.

## • યોગ્યતા ઘટાડવાનું મહત્ત્વ •

**યોગ્યતા ઘડનારે તો આત્માની ગાડીને ઉન્નતિ-આબાદીના પાટે પૂરપાડ દોડવા માટે એન્જિન જોડી આપ્યું.**

એ જેટલું વેગીલું અર્થાત્ **યોગ્યતા જેટલી ઊંચી એટલી ઉન્નતિ ઝડપી.**

યોગ્યતાની ડિગ્રી-કક્ષા વધારતા જાઓ તેમ તેમ ઉન્નતિ અને ગુણપ્રાપ્તિ વધતી આવે. સ્વાતિ નક્ષત્રમાં છીપની યોગ્યતાનો પ્રભાવ છે કે વરસાદના બુંદને મોતી બનાવી દે છે. જાતિવંત ઘોડાની યોગ્યતાનો મહિમા છે કે થોડી પણ શિક્ષા એને ભારે હોશિયાર કરી દે છે. પાષાણ જેવાની પણ યોગ્યતા ઉપર અદ્ભુત મૂર્તિ તૈયાર થાય છે. બસ, આત્મામાં યોગ્યતા વિકસાવો, એના પર અનુકૂળ સંયોગો મળતાં ભવ્ય નિર્માણ ઊભાં થશે.

માટે કહો કે જેણે યોગ્યતા ઘડી આપી એણે તો અજબ ઉપકાર કર્યો. પછી એના પર બીજા કોઈએ ઊંચાં સર્જન કરી આપ્યાં ત્યાં એના કરતાં પેલા યોગ્યતા ઘડનારા જરાય ઊતરતા નથી, એ ખાસ ધ્યાનમાં રાખજો. આવું બને છે કેટલીક વાર, કે કોઈએ વિદ્યા સારી ભણાવી તો એને ભારે ઉપકારક અને મહત્ત્વનો મનાય છે, પણ યોગ્યતાના ઘડનાર માતા-પિતા કે ગુરુને મામૂલી ગણી લેવાય છે ! આ ખોટું છે, કેમ કે જો એમણે યોગ્યતા કેળવી વિનયી, વિવેકી, પરિશ્રમી, સારી વસ્તુનો અર્થી વગેરે ન બનાવ્યો હોત તો ગમે તેટલા સારા પણ શિક્ષક પાસેથી શું લઈ શકત ? ઉદ્ધતાઈ, અવિવેક, એદીપણું, અસત્નો પ્રેમ વગેરેના લીધે તો ઊલટો શિક્ષકને સતાવત્ ! શિક્ષકને સારું આપવાનું મન જ ન રહેત. આજની સ્કૂલ-કોલેજોમાં આ સ્થિતિ જોવા મળે છે ને ? વિદ્યાર્થી એટલે વિદ્યાનો અર્થી એ વિદ્યા દેનારને સતાવે ? પણ આજે એમ બને છે; કારણ કે યોગ્યતા નથી. માતા-પિતાએ ખવરાવવા પિવરાવવાનું લક્ષ રાખ્યું, પણ યોગ્યતા ઘડવાનું લક્ષ ન રાખ્યું. છોકરાને તાવ દેખાયો તો ઝટ ઈલાજ કર્યો, પણ અયોગ્યતા દેખાઈ તો કાંઈ કર્યું ? અરે કરવાનું તો પછી, પણ પહેલાં ચિંતા, ચોંકામણ થઈ ? ઊઠીને તરત મા-બાપને પગે ન પડ્યો, તો કાંઈ શિક્ષણ આપ્યું ? છોકરે માની આજ્ઞા ન માની કે સામું બોલ્યો તો બાપે એની હાજરી લીધી ? સમજણ પાડી ? ના, કદાચ ઊલટું એમ કર્યું હશે કે 'એ તો મા એવી છે, છોકરો મારું તો બરાબર માને છે ?'



બહુ વિચારવા જેવું છે. યોગ્યતા ઘડવાના કાળમાં ન ઘડાઈ, તો પછી એનાં ખતરનાક પરિણામ આવે છે. પછીથી યોગ્યતા ઘડાવાનું બહુ મુશ્કેલ બને છે. માટે બીજું બધું પછી પહેલાં યોગ્યતા ઘડવા પર બહુ લક્ષ રાખો. નિશાળે ભણી આવ્યો એને શું ભણ્યો એ પૂછતાં પહેલાં એ પૂછો કે માસ્તરનો વિનય કર્યો હતો ! માસ્તરની સામે ઉદ્ધતાઈ કે તોફાન નહોતું કર્યું ને ?

**ગુરુનું મહત્ત્વ :-**

બહાર રખડપટ્ટી કરી આવ્યો એને પૂછો કે ગુરુ મહારાજ પાસે ગયો હતો ? ના, તો બતાવો એને ગુરુ મહારાજનું અને ધર્મનું મહત્ત્વ. જે કામ તમારાથી નહિ થાય એ ગુરુ મહારાજ કરી આપશે એ જાણો છો ? એમનું જીવન જ ધર્મમય છે એટલે એમની જે છાયા પડશે એવી તમારી નહિ પડે. એ ધર્મપ્રેમ જગાડી આપશે, માનવતા શિખવાડશે, શાંત-દાંત બનવાની પ્રેરણા આપશે, ધર્મક્રિયા અને ધર્મ આચારોનો ખપી બનાવશે. એનાથી એની યોગ્યતા વધશે. એ વધશે તો તમને ય મોટો થઈ ઠારશે ને જાતે આગળ ઉન્નતિ સાધશે; નહિતર તો આજે જુઓ છો ને કે છોકરા મા-બાપને કેવા બાળે છે, ને જાતે કેવા અવનતિમાં ઊતરે છે ? ધર્મ કરવાનો તો બાજુએ રહ્યો પણ મહાઉપકારી બની રહેવાનું પણ ઊડી ગયું ! અથવા થોડો કાંઈ ધર્મ પણ કરતા હોય છતાં જો આ નથી તો એ શું ખરેખર ધર્મ કરી રહ્યો છે ? ના, મૂળમાં યોગ્યતા જ ન રહી પછી ધર્મ શાનો ? ગુરુએ ધર્મ ભણાવવા સાથે આ ખાસ ભણાવવાનું છે; યોગ્યતાની કેળવણી આપવાની છે.

**માતા-પિતાની આમન્યા અને સેવા, અતિથિનો સત્કાર, સૌમ્ય ને પવિત્ર વ્યવહાર, પરાર્થવૃત્તિ વગેરેથી યોગ્યતા ઘડાય છે.**

આર્યસંસ્કૃતિ આ માગે છે, પણ આજે એ કેવી રીતે જીવંત રાખવી એ એક કોયડો બની ગયો છે. આપણી જાત માટે આ પહેલું વિચારવા જેવું છે કે ક્યાંય પણ અયોગ્યતા ન આચરું ! જ્યાં ઊભો હોય ત્યાં થાય કે હું આર્ય છું એટલે કે આત્મવાદી છું, શરીરવાદી નહીં ! **આત્માનું ગમનાગમન જે માને તે આર્ય !** દેહમાંથી ગમન અને દેહમાં આગમન. અર્થાત્ દેહને મુસાફરખાનું માને; ભાડાની કોટડી માને. 'હું આર્ય છું તો આ જીવન કરતાં ભવિષ્યના અનંતકાળને માનનારો બનું. અહીંની પછીથી અનંતાનંત કાળ લેવાનો છે ! માટે માત્ર વર્તમાન જીવનનો જ કાળ જોવાનો નહીં !' આવો ભવિષ્યનો અનંતકાળ આંખ આગળ રાખ્યો એટલે ભાવિ અનંતકાળ બગાડવાનું ન સૂઝે. 'હું એટલે આર્ય છું, **જૈન છું, મહાવીરનો સેવક થઈને ફરું છું, તો આ જવાબદારી વિચારવાની છે, એટલે ઝટ અયોગ્ય વર્તાવમાંથી અટકી જવાય.**

સુરેન્દ્રદત્ત એ સ્થિતિમાં મુકાયો છે એટલે વિચારે છે હવે મારે શું કરવું ? ક્ષણભર વિચારીને નિર્ણય કરે છે કે વડીલના વચનભંગ કરતાં વ્રતનો ભંગ, એનો વિપાક, ભયંકર હોય છે.

ઉતાવળ નહિ કરતા કે 'તો શું યોગ્યતા મૂકી દીધી ?' ના, યોગ્યતા રાખી જ છે એટલે યોગ્ય માર્ગ કાઢવાનું વિચારી લે છે.

**યોગ્યતાની આ ખૂબી છે કે ખોટું સાહસ ન કરતાં ધીરજથી યોગ્ય રસ્તો વિચારી અમલમાં મુકાય.**

સુરેન્દ્રદત્ત જુએ છે કે ગુરુજનના વચનભંગથી ભયંકર નુકસાન છે તેના કરતાં વ્રત-ભંગથી વધારે ભયંકર નુકસાન છે. એટલે વ્રત-ભંગ નહીં કરવો તેવો નિર્ધાર કરે છે. પણ વડીલનું વચન માન્ય થઈ શકે તેવો સંયોગ ઊભો થઈ શકતો હોય તો તે કરવા માટે તેવો વિચાર કરીને જવાબ આપે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૨૪,તા.૧૮-૨-૧૯૬૧

**બીજાની હિંસાને બદલે આત્મઘાત :-**

'મા ! જો, હું તને કહું છું કે જો હું તને વહાલો હોઉં તો મારા પરના વહાલની ખાતર, હું તને પગે પડું છું અને કહું છું કે, આ દુર્ગતિમાં ધકેલી દે તેવી હિંસાની વાત રહેવા દે, કુટુંબના હિત ખાતર કુળદેવીના આગળ હું માત્ર મારી જાતનો વધ કરવા તૈયાર છું ! બસ, હવે તું બીજું કંઈ પણ કહીશ નહીં.'

કેટલી વિવેકભરી પ્રાર્થના છે. માને પણ વિચાર કરવો પડે તેવી ! પણ એટલી તૈયારી રાખી કે વડીલને રાજી રાખવા જાત હોમવી પડે તો તેમ પણ કરી નાખવું.

**માણસમાં આ આત્મભોગ આપવાની તૈયારી આવી જાય તો ઘણી વસ્તુના ઉકેલ નીકળે.** ઘણાં ભયંકર કૃત્યો અટકી જાય. ઘણા ક્લેશો અટકી જાય ! આત્મભોગ આપવાની તૈયારી હોય, તો તો કેટલાંય સામાજિક ઉન્નતિનાં કાર્ય સરળ બની જાય. એવા એવા પણ ભાગ્યશાળી હોય છે કે મોટું સારું કામ થતું હોય તો પોતે તેનું નિમિત્ત બનવા આત્મભોગ આપે છે. ત્યારે જો આ નથી, તો સંઘોમાં, મંડળોમાં, સોસાયટીઓમાં સારું કરવું કાંઈ નહિ, ને સામસામી બાંયો ચઢાવવાની વાતો !

સુરેન્દ્રદત્તના કહેવાનો ભાવ આ છે, 'હું તારો દુશ્મન હોત ને તું કહેત કે આ જીવનો ભોગ આપી દે તો એ યુક્તિયુક્ત હતું. કેમ કે એ કરીને હું નરકમાં જાત. પણ હું તો તને વહાલો છું, તો તારા વહાલા સ્નેહીને આવું કામ કરાવીને મોટી દુર્ગતિમાં કાં ધકેલી દે ? એના કરતાં એ બહેતર છે કે મારા માંસ અને લોહીથી



દેવીની પૂજા થવા દે, ને તેમાં એક ખુશી તારું વચન માન્ય રહે છે એની ! બીજી ખુશી જીવહિંસાથી બચવાની ! ને તેથી દુર્ગતિ તજાઈ ગઈ એ મારી ખુશી !

સુરેન્દ્રદત્તને માત્ર બોલીને ઊભા નથી રહેવું ! નહિતર મા સમજે કે આ મશ્કરીમાં બોલે છે. પણ ધર્મ માટે, ને વ્રતની રક્ષા માટે આત્મઘાત કરવો પડે તે આત્માને મહાન લાભની વાત છે એમ માની એની તૈયારી છે. પૌદ્‌ગલિક વાત માટે આત્મઘાત કરવો તે તો પાપ; પણ વ્રતરક્ષા માટે ધર્મ છે. એટલે પોતે નિર્ધાર કરીને બોલે છે; એની સાથે પોતાના ગળા પર ફેરવવા માટે તરત મ્યાનમાંથી તલવાર કાઢીને ઊભો થઈ ગયો.'બસ, હવે કુળદેવતાને આપી દઉં મારો ભોગ ! તારા વચનનું પાલન થઈ જશે !' એમ કહે છે.

**માતાની સમયસૂચકતા અને વ્યંગ :-**

યશોધર મુનિ ધનકુમારને કહે છે કે જ્યાં મેં તલવાર ખેંચી કાઢી એની સાથે ત્યાં સભામંડપમાં બેઠેલા લોકો ધ્રૂજી ઊઠ્યા ! 'અરે ! સાહસ ન કરો, સાહસ ન કરો' એવી ચિચિયારી ઊઠી ! બધાએ જોયું કે આ તો હવે જુલ્મ થઈ જશે ! એટલે પોકારી જ ઊઠે ને ? ત્યાં માતાનું તો પૂછવું જ શું ? એ પણ ગભરાઈ ગઈ.

માતા આ જોઈ શકે ? પુત્રના પરાક્રમને એ જાણે, આ તો ગળે તલવારનો ઝાટકો લગાડી આત્મનાશ કરતાં વાર નહિ લગાડે ! ત્યારે પોતે અત્યાર સુધી જીવનો ભોગ આપવાની ખેંચપકડ કરી રહી હતી તે તો પુત્રના આરોગ્યની અભિલાષાથી; એ હવે શું પુત્રઘાત ઇચ્છે ? જરાય નહિ, એ તો ઝટ ઊભી થઈ ગઈ અને મારા તલવારવાળા જમણા હાથને પકડી લીધો. મને કહે છે,

'દીકરા ! અહો, શું તારો માતૃપ્રેમ ! તું તો તારી જાતનો ભોગ આપવા તૈયાર થયો, પણ તને ખબર છે કે તું મરે તો હું જીવતી રહી શકું ? મને રાજી કરવાનો આ શું અર્થ છે ? આ તો તેં ઠીક આડકતરી રીતે માતાનો વધ જ કરવાનું આદર્યું ! જરા ઊંડો ઊતરીને જો તો આ ખબર પડે !'

માતાએ વ્યંગ લગાવ્યો, પણ એ આ બોલે છે એટલામાં તો ત્યાં કૂકડાએ અવાજ કર્યો. બસ, માતાને પાછું નિમિત્ત મળી ગયું. એ કહે છે,

'જો ભાઈલા ! આ એક આચાર છે કે આવો કોઈ પ્રસ્તાવ ચાલતો હોય, તે જ વખતે જે પશુ-પંખીનો અવાજ સંભળાય, એનો અથવા એના સમાનનો ભોગ આપવો. તો ઈષ્ટની સિદ્ધિ થાય.'

માતાની કઈ સ્થિતિ ? કોઈ પણ જીવનો ભોગ આપવો એ આગ્રહ પકડાયેલો છે પછી સામે ગમે તે દલીલ આવે કે પ્રબળ વિરોધ આવે પણ પકડાયેલું છોડવું નથી. આટલી વિકટ પરિસ્થિતિ ઊભી થઈ છતાં આગ્રહ મૂકવો નથી. કેમ ?

મોહની પકડ. જોયું કે 'બહુ જીવોનો ભોગ આપવાની વાત પુત્ર મંજૂર નથી કરતો ને ? તો છેવટે એક જીવનો ભોગ તો કબૂલ કરશે. 'અને જીવના ભોગથી જ શાંતિ થાય.'

દુરાગ્રહ બૂરી ચીજ છે. એ કેટલાય સારા સંયોગો પણ બગાડી મૂકે છે; કેઈ ભયંકર પણ અનર્થ સર્જે છે !

જમાલીને પ્રભુ મહાવીરદેવ જેવા ગુરુ મળ્યા, કેટલો બધો શ્રેષ્ઠ સંયોગ ! પણ એણે દુરાગ્રહમાં એ બગાડી મૂક્યો ! જેનાથી પામરજનો પણ તરી ગયા, મહાપાપી અર્જુનમાલી ને ચંડકોશિયા જેવા પોતાના આત્માનો ઉદ્ધાર કરી ગયા, ત્યાં આ જમાલી ભૂલો પડી હૈયાના ભાવ બગાડી નાખે છે. 'ગુરુ છે તો શું થઈ ગયું ? મને આમ લાગે છે. આ તો સિદ્ધાન્તની વાત છે, એમાં ગુરુની શરમ શાની રખાય ? સિદ્ધાંત પ્રત્યક્ષ સાચો હું જોઈ રહ્યો છું. ગુરુ જુદું કહે છે; તો પત્યું ગુરુ ખોટા, હું સાચો' આવા કેઈ લોચા એણે મનમાં વાળ્યા હશે; દુરાગ્રહમાં તણાઈ ગયો !

એ ભાન ન રાખ્યું કે '**ગુરુ તો મહાજ્ઞાની છે, તારા કરતાં કેઈ ગણું જાણે છે, એમની આગળ તું તો અબૂઝ છે ! અભણ છે ! સિદ્ધાંતની તને શી ગમ ?**

**અનેકાંતદર્શનમાં તો સિદ્ધાંત તારવતાં અનેક બાજુઓનો વિચાર કરવો પડે.** એક જ દૃષ્ટિથી જોવાનું ન ચાલે.

**દુરાગ્રહમાં તારક સંયોગને મારક બનાવી મૂક્યો !** ઉત્તમ ગુરુને પામીને ગુરુની જ આશાતના, મિથ્યાત્વની દોસ્તી, અને ગુરુનો સામનો કર્યો ! ત્યારે અનર્થ કેવાં સર્જાણાં ? ભયંકર ! મહાભયંકર દુરાગ્રહ એ મહાભૂંડી ચીજ છે.

**શેતાનનું દિલ એટલે ?**

દુરાગ્રહમાં ચઢેલી માતા સુરેન્દ્રદત્તને શાસ્ત્ર સમજાવી રહી છે કે 'ખરું કામ તો ભાઈ ! અનેક જલચર-સ્થલચર પશુઓનો ભોગ આપવાનું હતું, પણ હવે ખેર ! હવે પ્રસંગ પર જેનો અવાજ સંભળાય તેનો કે તેના સમાન ભોગ આપી દેવો. તો જ દેવતા ખુશ થાય, ને ભાવિ અનર્થ મટે.' આ દેવતા કેવા ? દિવ્યશક્તિવાળા કે શેતાની શક્તિવાળા ? ભૂલશો નહિ.

**દિવ્યશક્તિવાળા તો તે, જેને નબળા પણ મહાન લાગે અને એના પર જે રહેમ નજર રાખે, દયાભાવ રાખે.**

**પણ જો દિલમાં શેતાન ભરાયો છે, તો પોતાની વિશાળ શક્તિઓ આગળ નબળા તણખણા તોલે લેખાશે, એના પર દ્વેષ, જોહુકમી અને એને કચડવાનું મન થશે !**



આપણું માપ કાઢી શકીએ, 'નબળા પર દ્વેષ થાય છે કે દયા ? એ જીવો તુચ્છ લાગે છે કે મહાન ? એ જોઈને દિલમાં શેતાન બેઠો છે કે દિવ્યઅંશ, એનું ધોરણ સમજી શકાય. આપણામાં સમકિત છે કે નહિ એ જોવા ફાંફાં મારો છો, પણ પહેલાં આ તપાસ કરો દિલમાં દેવતા છે કે શેતાન ? સમકિત લાવવા ઝંખો છો તો પહેલું આ કરો કે 'મારા દિલમાંથી શેતાન નીકળી જાય, દેવતા વસે. એ માટે હું મારાથી નાના નબળાને મહાન ગણતો ચાલું, એના પર દયા અને રહેમ સદા જાગ્રત રાખું.' સમકિત સહેલું નથી, એ લાવવા માટે કેટલાય શુભ ભાવ લાવવા જોઈએ છે. એની જો પરવા નથી તો સમકિત રસ્તામાં રેઢું નથી પડ્યું. દુષ્ટ ભાવોને હૃદયમાં થાબડી રાખ્યા ને સમકિતના ચાળા કરવા નીકળી પડ્યા, એવા ખેલ તો કેઈ કર્યા ને છતાં રખડતા રહ્યા ! આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે સમકિતની પૂર્વ અવસ્થામાં દુઃખિત પર અત્યંત દયા[૧], ગુણવાન પર દ્વેષનો ત્યાગ[૨], સર્વત્ર ઔચિત્ય[૩], સંસાર પ્રત્યે સહજ પાપમાં ભય[૪] વગેરે શુભ ભાવો જોઈએ. સમકિત આવ્યાનો પત્તો લાગવો તો મુશ્કેલ છે, પરંતુ આ શુભ ભાવો આવ્યાની ખબર પડવી સહેલી છે તો એ લાવવા કાં મહેનત ન કરવી ! વળી એની સાથે જિનેન્દ્રદેવ અને એમના શાસન પ્રત્યે દિલમાં અનન્ય પ્રીતિ-ભક્તિ અને શ્રદ્ધા ઊછળતી કરો, તો સમ્યક્ત્વ આવવું કઠિન નથી; તેમ ખોટા વિશ્વાસમાં તણાવાનું અટકી જાય. પહેલું શક્ય તો આ શુભ ભાવો છે, પછી સમ્યક્ત્વ ! સહેલું પહેલું અને શક્ય કરવું નથી, ને ઊંચાની વાતો કરવી છે, તે એમ મળી જશે ? બનાવટી નિશ્ચય મતવાળા એવી ઘણીય ઊંચી વાતો કરે છે, પણ પહેલા પગથિયાનાં ય એમને ફાંફાં છે ! માટે ઊંચા ભાવ માટેનાં આવશ્યક અંગોને લાવવા-કેળવવા પહેલી મહેનત કરો. વાત આપણી એ હતી કે શેતાન દિલમાં હોય, તો નબળાને કચડવાનું મન થાય.

માતાએ સુરેન્દ્રદત્તને કૂકડાનો ભોગ આપવાની વાત કરી, ત્યાં આ કહે છે 'મા ! હવે હું તને સીધું કહી દઉં છું કે હું મારી જાત સિવાય કોઈને પણ મારનાર નથી આ મારો છેલ્લો નિર્ધાર સાંભળી લે.' માતા પરથી **વાત્સલ્ય ચાલી નથી ગયું, પણ** સાવ અયોગ્ય માગણીને પરવશ ન થવાય ! જે હૈયામાં માતાને સ્થાન છે, તે જ હૈયામાં જીવોને, જીવદયાને પણ સ્થાન છે. એનું નામ અનેકાંત કહેવાય. જીવનમાં સ્યાદ્વાદ જીવવો એટલે શું ? સગરચક્રી દેવતા આગળ ઉપદેશ કરે છે, 'ભાઈ, ક્યાં નવાઈ છે, આજે છોકરાનું મોત, તો કાલે આપણું, તો તે શું કરવા શોક કરે છે એમાં ? આજે તારે ત્યાં તો કાલે મારે ત્યાં.' દેવતાએ લશ્કરને ઈશારો કર્યો 'પેસી જાઓ અંદર !' કાળાં કપડાંમાં આખું લશ્કર ! કેમ આમ સાંભળવા

મળે છે, સાઈઠ હજાર પુત્રો તમારા મરી ગયા છે !' વચનનો સ્યાદ્વાદ જીવનમાં ઉતારો. જેવું બીજાને એવું આપણને. બીજાને માટેના સિદ્ધાંત જુદા ને જાતને માટેના જુદા, એ તો એકાંતવાદ છે. દેવતા શોકમાં ડૂબતા ચક્રવર્તીને કહે છે, 'શું આ ? મને શું કહેતા હતા, આજે તારે ત્યાં તો કાલે મારે ત્યાં; એમ સમજી લ્યો. હું ય કહું છું આજે તમારે ત્યાં તો કાલે બીજાને ત્યાં !'

**સ્યાદ્વાદને જીવનમાં ઉતારી ભિન્ન ભિન્ન પ્રસંગોમાં ઉપસ્થિત થતી સ્થિતિ પ્રત્યે યોગ્ય ન્યાય આપતાં શીખો.** બીજાને ત્યાં મૃત્યુ છે, આપણે ત્યાં નથી ? બીજાને કહીએ કે 'સમતા રાખવી જોઈએ, કર્માધીન વસ્તુ છે,' આવી સ્થિતિ થયા પછી આપણે ત્યાં પ્રસંગ આવે તો તે વખતે શું થાય ? તો એ સ્થિતિને બેસાડવાનો આપણા જીવનમાં શોક ? શા માટે ? દુઃખ બીજાને ત્યાં હોય તો આપણે ત્યાં પણ હોય. સમતાની શિખામણ દેનાર આપણે; તો આપણે ત્યાં પ્રસંગ હોય ત્યારે પણ સમતા.

સુરેન્દ્રદત્તના દિલમાં માતા પ્રત્યે પ્રેમ છે, તેમ જીવોના પ્રત્યે પણ પ્રેમ છે. માટે કોઈ જીવનો વધ નહિ કરવાનો, ને સાથે માતાનો પ્રેમ છે માટે આત્મભોગ આપવાની પૂર્ણ તૈયારી રાખવાની, આ નિર્ધાર છે. એનું નામ તે પ્રેમ કહેવાય. 'મા તું બહુ ગમે છે.' કહે, ને મા કહે કે 'પાણી લાવ,' તો કહે, 'પગ દુઃખે છે !' આ પ્રેમ છે ?

## • ભગવાન પર પ્રેમ છે ? •

**જે પ્રેમ પાછળ કંઈ જ ભોગ નથી આપવો, તે પ્રેમ માત્ર બોલવાના ઘરનો, સાચા પ્રેમનાં ફાંફાં !** પત્ની પર પ્રેમ છે તો કેટલો બધો ભોગ આપો છો એની પાછળ ? જાતે સાદાં કપડાં પહેરી એને ઘરેણાંથી મઢી દો છો ને ? દીકરા દીકરી પર પ્રેમ છે તો એના લગ્નમાં હજારો ખર્ચી નાખો છો ને ? કુટુંબ પર પ્રેમ છે તો રોજની એની સરભરામાં કેટલીય જાતના ખર્ચ ઉપાડો છો ને ? તો કહો જોઉં, ભગવાન પાછળ રોજ કેટલો ભોગ આપો છો ?

**ભગવાન ગમે છે ને ?** ભગવાન પર તો બહુ પ્રેમ છે ને ? તો જાતે અગવડ વેઠીને, કઠિનાઈ વેઠીને પણ એમની પૂજાભક્તિ કરવામાં કેટલો ખર્ચ રાખ્યો છે ? કેટકેટલી ચીજ વસ્તુ લઈ જાઓ છો ? સાંજ પડે હિસાબ કાઢો તો શું નીકળે ? કે મારા પ્રભુ પર પ્રેમ હતો એ મેં આટલો ભોગ આપીને સાચો કર્યો. દુકાન, પત્ની, પુત્ર બધા વહાલા છે તો રોજિંદા ભોગ આપવાનું ચાલુ છે, તો વહાલા ભગવાન પાછળ કેટલું કરો છો ?



ખૂબી તો એ છે કે ભગવાનની ભક્તિમાં આપેલા ભોગના તો મહાલાભ મળવાના છે, ત્યારે દુન્યવી સગાં પાછળ કરેલું બધું ધૂળમાં મળવાનું છે; છતાં ભગવાન ખાતર ભોગ આપવાનું મન નથી થતું ! કહે છે 'ભાવના હોય એ પ્રમાણે કરીએ !' ને કુટુંબની વાત આવે ત્યાં 'શક્તિ પ્રમાણે કરવું જ જોઈએ.' વાહ ન્યાય ! અને છતાં ભગવાન પર પ્રેમ છે !

**બધા ખર્ચમાં ભગવાનનો ખર્ચ દાખલ :-**

બહુ અંધેર છે. હૃદયમાં ઘણી શુષ્કતા છે. અનંત ઉપકાર કરનારા ભગવાનના દર્શનથી પતાવવાનું મન થાય, કે પૂજા કરવા જાય તો અષ્ટપ્રકારી પૂજાનો માલ ઘરેથી લઈ નહિ જવાનો ? બધો બારોબારનો ? અથવા કદાચ પોતાની સામગ્રી લઈ જાય તોય તે રાંકડી ? એમાંય કોઈ વાર-તહેવાર પણ ઠીકઠીક લઈ જવાનું મન ન થાય ? મહિનાના ત્રીસેય દહાડા એનો એ જ રાબેતો ? બધા ખર્ચમાં ભગવાનનો ખર્ચ દાખલ કરો. જો ઘરમાં ચીજ વસ્તુ સારી લાવ્યા તો એમાંથી યોગ્ય પ્રભુને ધરું એવો વિચાર સરખો ન આવે, ઘરમાં કપડાં સિવડાવવા મોટો ચાલીસ હાથનો તાકો લઈ આવ્યા તો 'લાવ એક હાથ કપડું ય ભગવાનને અંગલૂછણા માટે લઈ જાઉં, મીઠાઈ લાવ્યા તો એક ટુકડો નિવેદમાં લઈ જાઉં, શાકભાજીનો ખર્ચ કરું તો થોડો ફૂલનો ખર્ચ ઉપાડું.' આવું કાંઈ મન જ ન થાય ત્યાં ભગવાન પર પ્રેમ કેવો ?

**ભગવાન પાછળ ભોગ શા માટે :-**

વિચારો ભગવાન ક્યાં યાદ આવે છે ? યાદ આવે છે તો શા માટે યાદ આવે છે ? વાત તો ભગવાન પર નિઃસ્વાર્થ-નિસ્પૃહ પ્રેમ કરવાની છે, પણ ભાવી કલ્યાણની દૃષ્ટિએ પણ પ્રેમ કરવાનું મોંઘું હોય ત્યાં નિઃસ્વાર્થ પ્રેમની શી વાત ? વિચાર નથી કે જે પરમાત્માના પૂજનથી પુણ્યના પડા મળે છે, ને એ પુણ્ય ભવાંતરે સદ્ગતિ અને મહાસમૃદ્ધિઓ સાથે ધર્મના સંયોગો આપે છે, એ પૂજન માટે સારો ભોગ ન આપવો જોઈએ ? ભવિષ્યમાં કલદાર લાખો રૂપિયા મળતા હોય ત્યાં થોડા, બહુ થોડા ય રૂપિયા ખર્ચવાનું મન ન થાય ? ન થાય તો ધિટ્ઠાઈ કેટલી ?

**સોદો નહિ, શુદ્ધ પ્રેમ કરો :-**

આ તો હજી સોદો, શુદ્ધ પ્રેમ નહિ. શુદ્ધ પ્રેમમાં તો ભોગ આપીને ય બદલામાં રૂપિયા ય નથી જોઈતા ને સગવડો ય નથી જોઈતી. માત્ર પ્રેમ છે માટે એની પાછળ ફના થઈ જવું પડે તોય ભલે, આ ધગશ છે.

**દેવોની ભક્તિ :-**

કરોડો સમકિતી દેવતાઓ પ્રભુના જન્માભિષેક ઊજવવા કેમ દોડ્યા જાય

છે ? ઈન્દ્રોને સ્વર્ગમાં શી કમીના હતી કે મેરુ પર દોડે ? પણ પ્રભુ પ્રત્યે હૈયામાં પ્રેમ ઉછાળા મારી રહ્યો છે; મનને થાય છે કે 'અહો ! મારા હૃદયનાથનો જન્મ થયો ! કેવાં ભાગ્ય ઊઘડ્યાં જગતનાં ! ધન્ય પ્રભુ ! પૃથ્વીતલે અવતર્યા ! ત્રિભુવનના તારણહાર ! જગતનો દીવો ! ધર્મનાવમાં બેસાડી ભવસમુદ્ર પાર કરાવનારા મહાસુકાની ! ભવાટવી પાર ઉતારનાર મુક્તિપુરીના સાર્થવાહ ! અનંત ઉપકાર, અનંત ગુણ અને અનંત જ્ઞાનના ભંડાર !...' હૈયામાં શુદ્ધ પ્રેમ ઊછળે છે તેથી ઈન્દ્રો અને દેવો પ્રભુની ભક્તિ કરવા દોડ્યા જાય છે ! કશું જોઈએ છે માટે નહિ, પણ પ્રભુ જ એવા અલૌકિક સ્વરૂપવાળા છે કે સુજ્ઞને એમના પર પ્રેમ ઊભરાઈ જ જાય ! એ પ્રેમથી પ્રભુ પર ઓવારી જ જવાય ! પ્રભુને માથે લઈ ફરવાનું મન શું ન રહે ? જાણે 'શી શી સેવા કરી લઉં એ નાથની ! અને જન્મ્યું ને જીવ્યું સફળ કરી દઉં !' એમ મનને થયા કરે.

**દુનિયા પાછળ કેટલો બધો ભોગ :-**

આવો શુદ્ધ પ્રેમ પ્રગટે પછી, જેમ સુશીલ પ્રેમાળ પત્ની પ્રેમની પાછળ પતિની સેવામાં કેટલાય ભોગ આપે છે, એ રીતે પરમાત્માની ભક્તિમાં તન, મન, ધન અને ઇન્દ્રિયોથી ભોગ આપવાનું સહેજે બને. હવે વિચારો ભોગ કેટલો આપો છો. એના પરથી પ્રેમનું માપ નીકળશે. જીવનમાં બીજે ભોગ નથી આપતા એમ નહિ, કુટુંબ, મિત્રમંડળ, નોકર-ગુમાસ્તા, યશ-આબરૂ વગેરે પાછળ તો લાંબા-પહોળા થાઓ છો, પૈસા ખર્ચો છો, અવસરે ઉમદા ચીજો ધરી દો છો, સમયનો ભોગ આપો છો, ચિંતા કરી કરી મનનો ભોગ આપો છો, કાયાને કષ્ટી આપી મહેનત કરો છો, જવાબદારી માથે લો છો, આવું આવું તો કેટલુંય !! ત્યારે ભગવાનની પાછળ ભોગ કેટલો ? ઉતાવળ નથી, શાંતિથી વિચારજો. પુણિયા શ્રાવકને રોજની માત્ર બે આનાની કમાઈમાં પ્રભુને રોજ ફૂલ પગરથી પૂજવાનું અને પ્રભુના ભક્ત શ્રાવક સાધર્મિકની રોજ ભક્તિ કરવાનું જોઈતું હતું ! કેમ કે પ્રભુ પર અથાગ પ્રેમ હતો. સમજતા હતા કે 'આ પ્રભુનો ? અને મને યોગ ? એમની સેવામાં સર્વસ્વ ન્યોછાવર કરી દઉં !

**મારું ખરું લેખે અર્હદ્‌ભક્તિમાં લાગવાનું છે, બાકી દુનિયાદારીમાં તો લૂટાવાનું છે !**

**પ્રભુ પ્રેમની પરીક્ષા :-**

**વિચારો, પ્રભુના પ્રેમ ખાતર સ્નેહીઓના સ્નેહ કેટલા પડતા મૂક્યા ?**

**ખિસ્સા પર દબાણ કેટલું કર્યું ?**

**વ્યાવહારિક કામ કેટલાં જતાં કર્યાં ?**

**શોધી શોધી પ્રભુભક્તિમાં ક્યાં ક્યાં ખરચતા ગયા ?**



**શોધી શોધીને ક્યાં ક્યાં જિનની સેવાનાં કાર્ય કર્યે ગયા ?**

વિચારવું પડશે આવું બધું; વિચારીને એ કરવા માંડવું પડશે, તન-મન-ધનના ભોગ આપી આપીને. ત્યારે પ્રભુ પ્રેમનો પ્રકાશ ઊઠશે !

સાચો પ્રેમ સસ્તો નથી ! સહેલો નથી ! ત્યારે એવા પ્રેમ વિના ઊંચા ય નહિ અવાય; નિસ્તાર નહિ થાય; મોહનાં ઝેર નહિ ઊતરે !

સુરેન્દ્રદત્તને માતા ઉપર પ્રેમ છે. તેથી આત્મભોગ આપવા તૈયાર થાય છે. બાકી કોઈ પણ જીવના ભોગ આપવા માતાનો આદેશ છતાં ઘસીને ના કહે છે. માતાની આજ્ઞાય ખરી, ને પાપનો ઈન્કાર પણ ખરો. આ સ્યાદ્‌વાદનો જીવનમાં અમલ. એકલા સ્યાદ્‌વાદના સિદ્ધાંતથી નહિ ચાલે, સ્વાદ્‌વાદનો અમલ પણ જોઈશે. એ લાવવા સામાની દૃષ્ટિએ પણ વિચારવું જોઈશે.

**લોટના કૂકડાનો ભોગ :-**

સુરેન્દ્રદત્તના આ છેલ્લા ઉદ્‌ગાર હતા છતાં મા ઢીલી ન પડી. મિથ્યાત્વની પકડ છોડવા તૈયાર નથી ! દુરાગ્રહી આત્માઓને તેનો વિચાર જ હોતો નથી ! કહે છે 'ભાઈ, જો એમ છે કે તારે કોઈ જીવને મારવો નથી, તો એમ ભલે, પણ આપણે લોટનો એક કૂકડો બનાવીએ ! અને તેનો દેવોને ભોગ આપી દઈએ ! તો આટલું કરવા મારું વચન માન,' કહીને હાથમાંથી તલવાર લઈ લીધી. દીકરાના ચરણમાં પડી ભીખ માગે છે !

**નબળી કડી :-**

દીકરાનો માતા પર પૂર્ણ સદ્‌ભાવ છે. પણ માતાને મન આ એક નબળી કડી છે ! નબળી એટલે એનો લાભ ઊઠાવે છે. નબળી કડી એટલે આપણું ધાર્યું કરાવી શકાય. લોભિયાને ધુતારા કેમ લૂંટી જાય છે ? લોભિયાના લોભની નબળી કડી પકડી લે છે માટે. કામાંધ પતિની વાસના એ નબળી કડી છે, તો એનો લાભ ઊઠાવી પત્ની એને ગુલામ બનાવે છે. રાજા, અમલદાર, માલિક અને શિક્ષક જો બહુ શીળી પ્રકૃતિના હોય તો એની એ પ્રકૃતિ એ સામાને ઉદ્ધતાઈ આદિ કરવા માટે નબળી કડીનું કામ કરે છે.

આ જગતમાં જીવન જીવવું એ કેટલું કપરું છે ? ક્યાંય આપણી શરમ, દાક્ષિણ્ય, લોભ, માન વગેરે કોઈ જો સામા માટે એક નબળી કડી રૂપ બન્યા, તો આપણું આવી બન્યું ! સામાએ ફસાવ્યા સમજો. અલબત્ત ગુણના ઉપર મસ્ત રહેનારને તો એના પરિણામે દુઃખ પણ આવે, તો તે વિસાતમાં નથી લાગતું એને દુઃખ ન ગણતાં શુદ્ધ બનવાની અગ્નિ કસોટી મળ્યાના અહો-ભાગ્ય સમજે છે ! પણ દોષની નબળી કડી તો હટાવ્યે જ છૂટકો છે; નહિતર પાપમાં ફસાયા સમજો.

સુરેન્દ્રદત્તનું દાક્ષિણ્ય અને માતૃપ્રેમ અહીં હવે દોષરૂપ બને છે, તેથી જુઓ કેવો એ પાપમાં ફસાય છે, અને ભવ ભારે કરે છે !

ધનકુમારને યશોધર મુનિ કહે છે, 'હવે હું અહીં માતાના સ્નેહથી મોહિત મતિવાળો બની ગયો અને મારું જ્ઞાનનું તેજ નષ્ટ થઈ ગયું. એટલે તો પાપકર્મી એવાં મેં માતાને કહ્યું, 'મા ! જેવી તારી આજ્ઞા.' અત્યાર સુધી માતાની આગળ ઘણું જ્ઞાન મેં દાખવ્યું હતું. પરંતુ કુદરતનો ન્યાય કેવો છે કે જેમ દૂર સુધી જોઈ શકનારી આંખ પોતાને જ જોઈ શકતી નથી, એમ ઘણું પણ જ્ઞાન, પોતાનું કાર્ય સંભાળવાનું આવ્યું ત્યારે, બહુ સમર્થ ન બન્યું.'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૯,અંક-૨૫,તા.૪-૩-૧૯૬૧

**ગુણ દોષરૂપ :-**

અહીં વસ્તુતત્ત્વ જુઓ કે કેટલાક ગુણનો અતિરેક થવાથી દોષરૂપ બની જાય છે. માતા પરનો પ્રેમ એ માતૃભક્ત તરીકેનો ગુણ હતો, પણ હવે એ મોહરૂપી દોષના ઘરનો બની ગયો. ત્યારે તો અયોગ્ય માગણી મંજૂર કરી ને ? આવો પ્રેમ આંધળો કહેવાય.

**ગુણરૂપ પ્રેમ અને મોહરૂપ પ્રેમમાં આ તફાવત છે કે મોહ તો તત્ત્વ ભુલાવી નાખે છે.**

અહીં સુરેન્દ્રદત્તે એ તત્ત્વ ન જોયું કે **જીવની આકૃતિ પણ સ્થાપના જીવ છે, એનો ય નાશ ન કરાય, કેમ કે એમાંય બુદ્ધિ તો એ જ થાય છે કે આ ડોકું કાપ્યું; હાથ કાપ્યા, પેટ કાપ્યું...'** આ તત્ત્વ ભુલાયું એ મોહના ઘરના પ્રેમનો પ્રતાપ.

તો પછી એટલા લોટના કૂકડાને મારવામાં શું બગડી ગયું ?' એમ એ મૂઢ બની ગયો. લોટનો પણ શું ? કૂકડો ! તરવારનો ઘા કેવી આકૃતિ પર ચલાવવાનો ? કૂકડાની આકૃતિ પર ! ઘણી મહેનતને અંતે આત્માને પવિત્ર બનાવ્યો છે, જ્ઞાનનો દીવો પ્રગટ કરી રાખ્યો છે, પણ ઢીલાશથી હવે પ્રેમનું મોહમાં પરાવર્તન થઈ જાય ! એટલે જ્ઞાનનો દીવો બુઝાઈ જાય ! મોહને પરવશ બની જવાય ત્યારે સમજવું કે હૃદયમાં મહા કઠોરતા ઊઠી ! દુર્ગતિનાં મંડાણ મંડાયાં ! આટલું સમજતો હતો કે, જીવ મરાય જ નહીં પણ હવે દિલ કહે છે લોટનો કૂકડો ક્યાં જીવતો છે ? જીવતો નહીં તો ભલે પણ મારવાનો કોને ? કૂકડા તરીકે સ્થપાયેલાને ને ? જીવનું નામ છે ને તેને મારવાનો શબ્દ જોડવો તે જ બેહૂદું છે ! જીવનું નામ હોય અને તેને મારવાનો શબ્દ જોડવો અમારે આર્ય દેશવાસીને તે ઘટે જ નહીં. હૃદયના



પરિણામ એવા ક્રૂર થઈ જાય છે. કેમ ? 'મારો' એ શબ્દ બઝાડ્યો !

ત્રણ વસ્તુઓને આત્માઘરમાં પેસવા દીધી (૧) માતા પર મોહ, (૨) જ્ઞાનનો નાશ, (૩) હૃદયની નિષ્ઠુરતા. આ પણ ક્યારે ? જ્યારે પોતે સર્વ મોહ, સર્વ હિંસા, સર્વ કઠોરતા મૂકી દઈ ચારિત્ર લેવા ઝંખે છે. એનો અર્થ એ, કે ચિત્તમાં કષાયનો સંક્લેશ ખૂબ વધી ગયો. આથી તેણે ભયંકર ભવો રચ્યા !

અહીંયાં એ પોતે જ એક સરલ વાત કહે છે ! કદાચ કોઈને પ્રશ્ન થાય કે તમે આટલા જ્ઞાની હતા ને કહેતા હતા કે હિંસા ન થાય છતાં કેમ ભાન ભૂલી ગયા ? તેનો ઉત્તર કહે છે ઘણું ય જ્ઞાન પાસે હોય પણ આ જગતની વિચિત્રતા એવી છે કે એ જ્ઞાન પોતાના કામમાં નથી આવતું.

**'પરોપદેશે પાંડિત્યમ્'** બીજાને માથામાં વાગ્યું હોય ને લોહી વહેતું હોય તો કહે 'શાંતિ રાખો ઊંચા-નીચા ન થાઓ,' પણ જો આપણને સહેજ માથું ટિચાયું, તો ત્યાં જ્ઞાનના ખજાના પર તાળું લાગી જાય છે ! પોતાનું જ ડહાપણભર્યું જ્ઞાન ક્યાં અલોપ થઈ ગયું તેનું ભાન નથી રહેતું ! આ આંખમાં જ્ઞાનશક્તિ કેટલી છે ? તે દૂર સુધી દુનિયા જુએ ! પણ એની એ આંખમાં તણખલું પડે તો તેને જોતાં પોતાને નહિ આવડે ! દુનિયા આખીને શિખામણ આપતાં આવડે પણ જાતનો પ્રસંગ ઊભો થતાં કંઈ નહિ !

## • દેખીતા નાના પાપનાં ભયંકર ફળ કેમ ? •

મિથ્યાત્વનો રંગ કેવો ? આકાર કેવો ? સ્વરૂપ કેવું ? નીતરતા પાપના કાર્યમાં મન બચાવ કરે છે કે આમાં વાંધો નહીં. મન આશ્વાસન લે છે કે આમાં કાંઈ પાપ નથી, ઊલટું ઉપકારી માતા વગેરેને પ્રસન્ન કરવાથી ઉપકારનો બદલો વળે છે.

**આ બધું લક્ષમાં લેવું પડશે. તો જ એ લોટનો** કૂકડો કાપવામાં અને એને ખાવામાં પછી જે દુઃખદ ભવો ઊભા થાય છે, એનું રહસ્ય સમજાશે. નહિતર તો એમ થાય કે આટલા જરાકમાં આવા ભયંકર ત્રાસભર્યા ભવો ? પણ હૃદયની નિષ્ઠુરતા ક્યાં અને કેટલે પહોંચી ગઈ તેનો વિચાર કરો તો આશ્ચર્ય નહિ લાગે કે પ્રશ્ન નહિ ઊઠે. અકાર્ય પર કર્તવ્યનો સિક્કો મારવો, દુષ્કૃત પર સુકૃતનો સિક્કો લગાડવો એમાં મહામિથ્યાત્વનો અને મહામોહનો ભારે ઉદય થાય છે અને એ પાછું સમજના ઠેકા પર થાય એટલે તો નિષ્ઠુરતા ઓર વધી ! ચિત્તનો સંક્લેશ ફાલ્યો ફૂલ્યો !

**દિલને પાપ ભારે ન લાગે એ દશા ખુદ પાપ કરતાં ભયંકર છે.**

'આટલામાં શું થઈ ગયું ?' 'આ ક્યાં પાપ છે ?' આમ જીવ ભૂલો પડે છે. પછી એમાં વર્ષોની શુભ ભાવની કમાઈ કે તત્કાલ જાગેલી મહાન સારી ભાવનાની કમાઈ ધૂળધાણી કરી નાખે છે. એક અકાર્યના પ્રસંગમાં ઊભી કરેલી નિષ્ઠુરતા, અવળીમતિ અને દુર્ભાવના પછીના જીવન પ્રસંગો પર છાયા પાડે છે. એનું પરિણામ દુર્ગતિઓની વિટંબણામાં આવીને ઊભું રહે છે.

યશોધર મુનિના ભવોમાં પહેલા સુરેન્દ્રદત્તના ભવમાં આ પાયા નાખ્યા હોવાથી પછીના ભવોમાં દુ:ખદ પરિણામ જોવા મળે છે. માટે આશ્ચર્ય કે શંકા નહિ કરતા કે હેં ! જરાક શા પાપના આટલા બધા ભયંકર પરિણામ ? પાપ જરાકશું નથી. અવસરે મોટી લડાઈઓ લડવામાં હૃદય કદાચ તીવ્ર સંક્લેશવાળું ન ય થયું હોય, પણ હૈયાને પાપ ભારે ન લાગે એમાં એ એટલા બધા સંકલેશવાળું બની જાય એવું બને છે; કારણ સમજો છો ?

**દેખીતા જરાક શા પાપમાં કેમ ઘોર સંક્લેશ ?**

કારણ એ જ કે જે આમાં હૈયાએ પાપ ભારે ન માન્યું એ તત્ત્વની સામે માથું ઊંચક્યું કહેવાય. 'લોટનો કૂકડો મારવામાં તો કાંઈ ખરેખર જીવ મરતો નથી. માતાનું આટલું કહ્યું તો માનવું જ જોઈએ; એ કર્તવ્ય છે.' આ બુદ્ધિ એ તત્ત્વની સામે થવાની વાત છે.

## • તત્ત્વનો સામનો એ ભયંકર પાપ •

**હિંસા, જૂઠ, ચોરી, છિનાળી વગેરે કરતાં તત્ત્વનો સામનો કરવામાં વધુ ઘોર સંક્લેશ ચિત્તમાં વર્તે છે. માટે મરીચિને કોટાકોટી સાગરોપમોનો સંસાર કાળ ઊભો થયો !**

**નિશ્ચય-વ્યવહાર બંનેને મહત્ત્વ એ તત્ત્વ :-**

બહુ સાવધાન રહેજો, ક્યાંય તત્ત્વનો સામનો કરવાના પાપમાં ન તણાઈ જવાય એ ખાસ ખ્યાલ રાખજો. શાસ્ત્રે કહેલા સિદ્ધાંતો, પદાર્થો અને આચાર એ બધુંય તત્ત્વ કહેવાય, એની સામે થઈને કંઈ પણ વિપરીત સ્થાપના કરતા નહિ. દાખલા તરીકે,

**સિદ્ધાંત તત્ત્વનો સામનો :-**

જુઓ કે શાસ્ત્રે અનેકાંતનો સિદ્ધાંત આપી કહ્યું કે **નિશ્ચય અને વ્યવહાર બંનેનું પોતપોતાના સ્થાનમાં મહત્ત્વ છે. મોક્ષ માર્ગે વ્યવહાર ચૂકીને નિશ્ચય નહિ; ને નિશ્ચય ચૂકીને વ્યવહાર નહિ.''** મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

**'નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર'**



વ્યવહારનું પાલન કરે, અને સાથે જ નિશ્ચયમાર્ગનું લક્ષ્ય રાખે એ જિનાજ્ઞાનો આરાધક બની શકે. હવે જો એકાંત નિશ્ચયને પકડે તો એણે સિદ્ધાંત રૂપી તત્ત્વનો સામનો કર્યો કહેવાય.

**પદાર્થ તત્ત્વનો સામનો :-**

એમ શાસ્ત્રે જીવ, અજીવ, આશ્રવ, સંવર વગેરે પદાર્થ તત્ત્વ બતાવ્યાં, ત્યાં આરંભ પરિગ્રહભર્યા ઘરવાસમાં આશ્રવ સેવવો પડે છે, ને એ હેય છે, તાજ્ય છે, અકર્તવ્ય છે; છતાં 'એમાં શાનું પાપ ? એ છોડી ચારિત્ર લેવાનું શું કામ ? ઘરમાં રહીને ધર્મ ક્યાં નથી થઈ શકતો ? વગેરે પ્રલાપ કરવા એ પદાર્થ તત્ત્વનો સામનો કર્યો કહેવાય.

**આચાર તત્ત્વનો સામનો :-**

એમ, માર્ગાનુસારી જીવનો આચાર બાંધ્યો કે ઉદ્‌ભટ વેશ ન પહેરવો, છાકટો પહેરવેશ ન કરવો, ત્યાં 'આજે જમાનો બદલાયો, ત્યાં ઉદ્‌ભટ શાનો ?' આવું માનવું-ચલાવવું એ આચાર તત્ત્વનો સામનો કર્યો ગણાય. એમ શાસ્ત્રે સાધુ-સાધ્વીનો આચાર બાંધ્યો કે સાધુના મુકામમાં સાધ્વીએ અકાલચારી ન બનવું. પ્રાયઃ પક્ખી ખામણાં કે સૂત્રની યોગવિધિ કરીને રવાના થવું; ત્યાં સાધ્વી સાધુના મુકામમાં શાસ્ત્રે કહેલા કાળ સિવાય ફરક્યા કરે ને સાધુ એ ચલાવ્યે રાખે, એમ શ્રાવિકાઓનું વારંવાર આગમન, ઊભા રહેવાનું વગેરે ધરાસર નભાવ્યે રાખે, એનો ઈન્કાર ન કરે, ઊલટું એમાં શું, એમ માની લે, એ આચારતત્ત્વનો સામનો કહેવાય.

તત્ત્વનો સામનો કરવામાં દિલ મહા સંકિલષ્ટ પરિણામવાળું બને છે, એમાંથી દીર્ઘ ને દુ:ખદ દુર્ગતિઓનો ભર્યો ઘોર સંસાર સર્જાય છે, યશોધર મુનિને સુરેન્દ્રદત્તના પહેલા ભવમાં નિર્મળ વૈરાગ્યભાવના વધી, નક્કી ચારિત્ર લેવું હતું, છતાં લોટનો કૂકડો મારવા તૈયાર થઈ જાય છે, દિલના તેવા ઉદ્વેગ ત્યાં રહેતા નથી, આગળ વધુ બગડતું આવે છે, એનું પરિણામ સતત દુ:ખદ પાપિષ્ટ ભવોનાં સર્જનમાં આવીને ઊભું રહે છે. તત્ત્વનો સામનો કર્યા વિના આ ન બને, પછી ભલે તે સિદ્ધાંત તત્ત્વનો સામનો હો, કે પદાર્થ તત્ત્વનો હો, યા આચાર તત્ત્વનો સામનો હો.''

ઠેઠ માનવજીવન, ધર્મ સામગ્રી અને ધર્મક્રિયા સુધી ચઢવા છતાં જીવ કેમ ભારે પછાડ ખાય છે ? કેમ પાછો ભવમાં ભમતો થઈ જાય છે ? કહો, આવા કોઈ તત્ત્વના સામનાથી એમ બને છે. સુરેન્દ્રદત્તને એ પરિસ્થિતિનાં મંડાણ મંડાય છે.

એણે માતાની લોટનો કૂકડો મારવાની વાતમાં મંજૂરી આપી એટલે હવે પૂતળાં બનાવનારને માતાનો આદેશ છૂટે છે. 'કાળનો વિલંબ કર્યા વિના લોટનો કૂકડો બનાવી લાવો.'

રાજવી ઘરમાં વાર કેટલી ? એમાં પાછો રાજાને પણ પૂજ્ય એવી રાજમાતાનો હુકમ, એટલે તો તરત અમલ ! માણસો બનાવી લાવ્યા લોટનો કૂકડો ને માતા આગળ એ ધરી દીધો.

ધનકુમારને યશોધર મુનિ કહે છે, "માતા તે કૂકડાને અને મને લઈને કુળદેવતાના પાસે ગઈ, કૂકડો આગળ મૂક્યો, અને મને કહ્યું, 'દીકરા ! તલવાર કાઢ.' એટલે મેં જરા હસતાં તલવાર કાઢી"

શાનું હસવાનું ? જે આરોગ્ય જીવની દયાથી મળે છે, એ આ માતા જીવના ઘાતથી મળવાનું માને છે, એનું અથવા લોટના કૂકડાને જીવ મનાવે છે એનું હસવાનું. પહેલા પ્રકારનું હસવું તો હજી માતાની અજ્ઞાનદશા ઉપર હોઈ દોષરૂપ ન થાય, પરંતુ બીજા પ્રકારના હસવામાં પોતાનો એ ભાવ છે કે લોટનો કૂકડો એ જીવ ન મનાય, એને હણવો એ જીવનો ભોગ આપ્યો ન ગણાય. આ ભાવ દુષ્ટ ભાવ છે, પાપી માન્યતા છે.

**માતાનું દેવીને કથન :-**

માતા હવે દેવતાને ઉદ્દેશીને કહે છે, 'હે ભગવતી કુળદેવતા ! આ સર્વ જીવોને મારવાનું અટકાવનારો કૂકડો છે, તે દીકરાના દુષ્ટ સ્વપ્નને નિરર્થક કરવા માટે તારી આગળ ધરવામાં આવ્યો છે, દીકરો એને મારે છે, માટે એના દેહનું કુશળ કરજે.'

જુઓ માતાનું દેવીને ઉદ્બોધન ! કૂકડોને સર્વ જીવોને મારવાનું અટકાવનારો કહે છે, એટલે ? 'આમ તો દેવી ! તારી આગળ અનેક જીવોનો ભોગ ધરવો જોઈએ, પણ પ્રસ્તાવ પર આ કૂકડો ગર્જ્યો માટે હવે એના ભોગથી પતાવવું પડે છે.' હલકું લોહી હવાલદારનું. જીવોને મારવાનું અટકાવનાર તો છોકરો છે. તેથી દેવીનો ગુનેગાર ગણવો હોય તો છોકરાને ગણવો જોઈએ, પણ અહીં કૂકડાને ગણ્યો છે !

## • માનવી એ પ્રાણીગણનો વડેરો •

**માનવીની શિરજોરી વિચિત્ર છે.**

જગતના પ્રાણીગણમાં એને ઊંચું સ્થાન મળ્યું છે, વિશિષ્ટ બુદ્ધિ, વિશિષ્ટ શક્તિ, વિશિષ્ટ આવડત, વિશિષ્ટ સામગ્રી, વિશિષ્ટ શરીરરચના, ! ઘણું ઘણું વિશિષ્ટ ! પશુ-પંખી વગેરે તો બિચારાં એ દૃષ્ટિએ એની આગળ ઘણાં ગરીબ, ઘણાં નીચાં છે. એમની વચમાં એક કુટુંબના વડેરા જેવું સ્થાન માનવને મળેલું છે. એ સ્થાનને યોગ્ય વર્તાવ તો ઘણો ઉદાર જોઈએ, જાતના ભોગે નીચાને-નાનાને



સગવડ આપવાનો જોઈએ, નબળાના ભેરુ બનવાનો, નાથ બની સંરક્ષણનો જોઈએ, એના બદલે પોતાની સુખસગવડ ખાતર બીજાને કચરવાનું, દુભવવાનું કે દબાવવાનું કરાય, નબળાને તણખલાને તોલે ગણવાનું થાય, ત્યાં માનવની માનવતા ક્યાં રહી ? કુટુંબને કેમ સાચવો છો ? એને સગવડ પહેલાં અને પછી જાતને, એમ જ ને ? જાતે જરૂર પડ્યે અગવડ, કષ્ટ, શ્રમ વેઠી લઈને પણ બને ત્યાં સુધી કુટુંબને, બાલબચ્ચા અને પત્નીને સુખસગવડ આપવા મથો છો ને ? તો જ, માનો છો કે, એક સારા વડીલ ગણાઈએ. તો અહીં સમાજ જીવનમાં સારા વડીલપણું અદા કરવા એવું બધું નહિ જોઈએ ? એના બદલે ઊલટી ગંગા વહેવડાવવાની ? તો પછી તો, કુદરતનો કાનૂન સમજો છો ને ? **'વારા પછી વારો, મારા પછી તારો.'** જીવનને ધન્ય સમજવું જોઈએ કે અહીં કેવી સુંદર વડીલગીરી, નમણી નેતાગીરી, અને ઉચ્ચ જીવનસરણી જીવવાનો મોકો મળ્યો છે ! આનું લક્ષ રાખવાથી મનમાં વિશુદ્ધ અને ઉદાત્ત કલ્યાણ ભાવનાઓ ઊઠે છે, સ્વપરને કલ્યાણકારી ઊંચા કોડ જાગે છે,' પવિત્રતાનો પ્રવાહ વહેતો થઈ જાય છે.

## • તત્ત્વપરિણતિના પાયામાં શું જોઈએ ? •

**માટે, પાયામાં આ કેળવો,**
**જીવો પર ઊભરાતી કરુણા,**
**વિશ્વ પ્રત્યે મૈત્રીભાવ-બંધુભાવ,**
**પરગજુ વૃત્તિ, પરોપકાર, અને**
**જાતે સહવામાં આનંદ.**

આ ઉત્તમ ભૂમિકા સર્જે છે, ભગવાન જિનેશ્વરદેવનાં તત્ત્વ રુચવાને યોગ્ય પરિણતિ તૈયાર કરે છે, સમ્યગ્દર્શનના સ્વાદ અનુભવવાની આડે આવતા અનંતાનુબંધી કષાયોને દાબે છે. એ કરુણા, એ બંધુભાવ, એ પરગજુપણું નહિ હોય તો સાધર્મિક પ્રત્યે સાચો બંધુભાવ, ને સીદાતા પ્રત્યે સક્રિય સહાનુભૂતિ, ધર્મીબંધુઓ ઉપર ઊભરાતું વાત્સલ્ય અને ગુણાનુરાગ વગેરે ક્યાંથી આવવાના હતા ? અને એ નહિ, તો જૈન અને જિનનાં તત્ત્વ વહાલાં ક્યાંથી લાગ્યાં ગણાશે ? ઉદાર, પવિત્ર અને ઉચ્ચ ભાવનાશીલ હૃદય વિના જૈનપણાના આચાર હૈયે ક્યાંથી સ્પર્શવાના ?

**'વ્યવહાર નકામો, નિશ્ચય કામનો' એ અજ્ઞાન છે :-**

માતાએ દેવતાને ઉદ્બોધન કર્યા પછી સુરેન્દ્રદત્તને સંકેત કર્યો, એટલે એણે તલવારથી કૂકડા પર ઘા કર્યો. કૂકડો ભલે લોટનો છે, પરંતુ વ્યવહાર જીવઘાતનો

ચાલી રહ્યો છે, માટે માતા અને પુત્ર બંને અશુભ કર્મના થોક ઉપાર્જી રહ્યા છે. વ્યવહાર શું નથી કરતો ? કહે છે 'વ્યવહાર નકામો છે, નિશ્ચય ઉપયોગી છે !' જૈનદર્શનનું કેવું કારમું અજ્ઞાન ! પ્રત્યક્ષ દુન્યવી ઘટનાઓનો કેવો અપલાપ ! ત્યારે પૂછો,

**પ્ર.**- પણ એ, તો અંતરમાં તેવી હિંસાની પરિણતિ ઊભી હોય તો જ પાપ બંધાય ને ?

**ઉ.**- પણ આ પૂછતાં એટલો વિચાર ન કર્યો કે એવી પરિણતિ બાહ્ય વ્યવહારના આધારે જન્મી રહી છે, પોષાઈ રહી છે ને વધી રહી છે. માતાની આગળ પુત્રનું સ્વપ્નકથન એ વ્યવહાર છે, એના પર માતાને જીવભોગ આપવાની પરિણતિ થઈ. એણે પુત્રને કરેલો આદેશ, એ વ્યવહાર છે, બતાવેલો આગ્રહ એય વ્યવહાર છે, એના પર પુત્રને કૂકડો મારવાની પરિણતિ જાગી. એમ લોટનો કૂકડો સામે ધરાયો, હાથમાં તલવાર લીધી, એ વ્યવહાર; એના પર 'આને મારું' 'હવે મારું છું' એ પરિણતિ થઈ, પરિણતિ જાગવામાં વ્યવહાર આટલો બધો નિમિત્તભૂત બનવા છતાં ત્યાં 'વ્યવહાર નકામો છે' એમ કહેવું એ સરાસર અજ્ઞાન છે, દુરાગ્રહ છે, જિનોક્ત તત્ત્વનો સામનો છે.

ધ્યાન રાખજો કૂકડો લોટનો છે અને તે કાપવા છતાં કર્મ ખરેખરો જીવતો જીવ મારવા પ્રમાણે બંધાય છે ! એટલે ઉપરથી એમ લાગશે કે 'તો પછી મુખ્ય તો અંદરના આત્મપરિણામ પર આધાર રહ્યો, બાહ્ય ક્રિયા પર કે વસ્તુ પર નહિ,' પરંતુ સાથે સમજી રાખો કે લોટનો કૂકડો સામે નહોતો આવ્યો ત્યારે કેમ એવા પરિણામ ન થયા ? વળી કોઈ કપડું કાપતાં એ પરિણામ નહિ, ને લોટનો કૂકડો કાપતી વખતે એ પરિણામ...કેમ જાગ્યો ? શું એ નથી સૂચવતું કે લોટનો કૂકડો કાપવાની ક્રિયાએ હિંસાના પરિણામ જગાવવા-પોષવામાં મોટો ભાગ ભજવ્યો ? સૂચવે જ છે. માટે બાહ્ય વ્યવહારને જરાય વજૂદ વિનાનો ગણતા નહિ. અંતરમાં સારી ભાવના હોવા છતાં બહારથી વિચિત્ર શબ્દ બોલાઈ જાય તો સામા પર તે બોલને અનુસારે અસર થાય છે, તેવા પરિણામ જાગે છે. આમાં શું શબ્દવ્યવહાર કારણ ન બન્યો ? અંતરમાં ભાવના સારી છે, છતાં શું વાણીનો વ્યવહાર મુખ્ય થયો કે આપણા અંતરની શુભેચ્છા ? તો પૂછો,

**પ્ર.**- પણ સામાને અસર વાંકી થઈ એમાં એનાં તેવાં કષાય પરિણામ ન હોત તો શું થાત ? માટે એનાં પરિણામ જ ખરું કારણ ગણાય ને ?

**ઉ.**- અહીં આ પૂછતાં એ જોવું ભૂલી જવાય છે કે કષાય પરિણામ તો પહેલાંય હતા, તો આ બોલ સાંભળ્યા પહેલાં એવી ખરાબ અસર કેમ ન થઈ ?



બોલ સારા બોલાયા હોત તો શું ખરાબ અસર થાત ? ના, કેમ કે દેખાય છે કે ખરાબ બોલની ખરાબ અસર દેખાયા પછી જો તરત માફી માગીને વાળી લેવાય છે, અને વધુ સારા બોલ કાઢવામાં આવે છે તો અસર સારી થાય પણ છે ત્યારે વ્યવહાર આમ કેટલું જોરદાર કામ કરી રહ્યો છે ?

લોટનો પણ કૂકડો મારવા-મરાવવાનો વ્યવહાર કરી સુરેન્દ્રદત્ત અને માતા સદ્ગતિ ભારે કરી રહ્યાં છે.

**ઉપલક દૃષ્ટિએ જોતાં** એમ લાગશે કે 'કૂકડો સાચો જીવતો તો હતો નહિ, પણ આંતર પરિણતિ કુલષિત હતી તેથી આત્મા ભારે થયો, માટે અંતરના પરિણામ જ નિયામક છે. તેથી નિશ્ચય ઉપયોગી થયો, વ્યવહાર નહિ.'

**પરંતુ આ અધૂરી દૃષ્ટિ છે,** એકાંગી દૃષ્ટિ છે. પૂર્ણ દૃષ્ટિ, સૂક્ષ્મ દૃષ્ટિ તો જ્યારે અંદર ઊતરી જોવામાં આવે ત્યારે બની ગણાય. એ જોતાં દેખાય છે કે લોટનો કૂકડો મારવા-મરાવવાના વ્યવહાર ઉપર જ પરિણામ કલૂષિત બને છે. પહેલાંય બુદ્ધિ લોટનો **પિંડો** કાપવાની નહિ, કિંતુ **કૂકડો** કાપવાની થઈ, કૂકડો બનાવરાવ્યો, એના પર તલવાર ઝીકવાનું થયું, આ બધા વ્યવહાર સાથે જ મલિન પરિણામ કામ કરી રહ્યા છે. આમાં વ્યવહારની નિરુપયોગિતા ક્યાં થઈ ? વ્યવહાર સચોટપણે કાર્ય કરી રહ્યો છે.

માટે જ, **વ્યવહારનું મહત્ત્વ જરાય ઓછું આંકતા નહિ.** ખા-ખા કરવાના બહુ વ્યવહારમાં આંતરપરિણામ પુદ્ગલાસક્તિનાં બન્યા રહે છે ઉગ્ર શબ્દોના વ્યવહારથી કષાય સતેજ રહે છે દુનિયાનું સારું સારું જોયા કરવાના વ્યવહારે બહિરાત્મભાવ પોષાયા કરે છે. સ્ત્રીઓ સાથે વાતો, એનાં દર્શન, વગેરે વ્યવહારમાં કામવાસના જાગ્રત રહે છે. માટે વાત આ છે કે અશુભ વ્યવહારથી જેટલા દૂર એટલા આપણે સારા. **વ્યવહાર જડસંગના અકબંધ રાખવા છે અને નિશ્ચયની વાતો કરવી છે એ અજ્ઞાન છે.**

માતાના દુરાગ્રહભર્યા બોલ વારંવાર સાંભળવાના વ્યવહાર પર છેવટે વાત આટલે આવી કે સુરેન્દ્રદત્તે લોટના કૂકડા પર તલવાર ચલાવી. જે હૃદયથી કૂકડા પર તલવાર ચાલી શકી તે હૃદયને કોમળ માની લેતા નહીં. ગમે તેવો લોટનો કૂકડો, પણ તલવાર ક્યાં પડી રહી છે ? ગળા પર ! કાન પર ! પેટ પર ! આકાર જીવનો છે ને ? બસ, એ મુજબ પ્રહારના હૈયામાં ફોટા પડે, 'ગળું કાપી રહ્યો છું' એમ હૃદય સમજે છે, એટલે ઘોર કર્મ ઉપાર્જે તેમાં નવાઈ નહીં. નાના છોકરાઓને આવા પાઠ ભણાવવા જોઈએ. માને દીકરા પર વહાલ આવે તો છાતી સરખો દાબે કે નહિ ? પણ પ્રેમથી; ને શોક્યના હાથમાં ગયો તો દાબે તો ખરી,

પણ કેવી રીતે ? પરિણામ જોવાના છે ! જીવને મારવો તે પાપ છે તેમ શા માટે કહેવાય છે કહો, પરિણામ ખરાબ થાય છે તેથી. તો અહીં તલવાર કૂકડા પર ચલાવી એમાં પરિણામ બગડ્યા. હૃદય કઠોર થઈ ગયું, માટે પાપ.

હવે કૂકડો કપાયો, એનાથી દેવતાનું પૂજન થયું ને સિદ્ધકર્મ નામના રસોઇયાને માતાએ કહ્યું કે 'આ માંસ લઈ જા અને જલદી એને રાંધી દે, જેથી દેવતાની પ્રસાદીની શેષ તરીકે હું અને મારો પુત્ર એનો આસ્વાદ લઈએ'

પણ હજુ સુરેન્દ્રદત્ત જાગ્રત છે એટલે કહે છે, 'હજી મા ! માંસ ખાવાનું બાકી છે ? રહેવા દે માંસ ખાવાની વાત. તને ખબર છે કે માંસ ભક્ષણના દોષ કેટલા ?

**માંસાહારના દોષ :-**

માંસાહારના સારી રીતે ગુણ તરીકે કહેવાતા તપ અને નિયમ, દાન અને ધ્યાનની પ્રવૃત્તિ, તથા મંત્ર સાધના અને ઔષધસેવન પણ નિષ્ફળ જાય છે.

ઝેર ખાવું સારું કે જે ક્ષણવારમાં પણ એક જ વાર મૃત્યુ આપે, કિન્તુ માંસ ભક્ષણ તો મહા ખરાબ કેમ કે એ સંસારમાં અનેક મરણોની પરંપરા આપે છે.

માંસાહાર કરવાથી માણસનું પરભવનું આયુષ્ય ટૂંકું થાય છે 'દૌર્ભાગ્ય વધે છે, અને નરકમાં દુઃસહ દુઃખો ભોગવવાં પડે છે.

માંસના જાતે ભોજનનું તો શું કહેવું પણ દવા રૂપેય માંસને જે આપે છે, અને એમાં જે સંમતિ પૂરે છે, એ પણ પેલા માંસભક્ષીના માર્ગે લાગીને નરકમાં જાય છે, એમાં સંદેહ નથી.

શું માંસ એટલે ? સારી ચીજ છે એ ! ના, એ દુર્ગન્ધભર્યું બીભત્સ, ઇન્દ્રિયના મલિન પદાર્થમાંથી ઉત્પન્ન થયેલું અને સ્વયં અપવિત્ર છે, એવું પણ પાછું ખાવા જતાં નરકમાં પડવું પડે છે.

માટે બહેતર છે કે માંસનો ત્યાગ જ કરી દેવો.

વળી હે માતા ! તું જો, કે માંસભક્ષણ ન કરીએ તો આટઆટલા દોષોથી બચી જવાય છે, એટલું જ નહિ, પણ કેટલા બધા લાભ પણ થાય છે !





"હે માતા ! એક બાજુ માંસાહારી સર્વ તીર્થજળોમાં સ્નાન કરી આવે, સર્વ પ્રકારનાં દાન કરે, સર્વ પ્રકારની દીક્ષાઓ લે, તો પણ તે બધું માંસાહારત્યાગના ધર્મની તોલે આવી શકતું નથી; એટલો બધો ગુણ માંસાહારત્યાગનો છે.

હે મા ! જગતમાં જે મોટા ઉપદ્રવો છે; ચોરનો, ખરાબ સ્વપ્નનો, અશુભ શુકનનો, એમ આગ, પિશાચ, ભૂત, કે ગ્રહના ઉપદ્રવ, એ માંસાહારત્યાગીપણાને લીધે એક તણખલાને તોલે બની જાય છે.

હે માડી ! જીવને જગતમાં માંસત્યાગના બે સમર્થ ગુણોનો લાભ મળે છે, એક વર્તમાન જીવન ઉપદ્રવ વિનાનું જીવી શકે છે, અને બીજો, મર્યા પછી સદ્‌ગતિ મળે છે.

માટે મા ! આટલું કર્યું ઘણું કર્યું, હવે માંસભક્ષણની વાત રહેવા દે."

સુરેન્દ્રદત્તે પૂર્વે પણ ઘણું કહ્યું હતું અને અહીં પણ માતાને માંસભક્ષણનાં ભયંકર પરિણામ તથા માંસત્યાગના અદ્‌ભુત લાભ વર્ણવી બતાવ્યા. તમે કહેશો,

**પ્ર.**- ત્યારે અમે તો માંસત્યાગી છીએ જ, તો અમને માંસત્યાગના એ મહાલાભ કેમ નથી દેખાતા ?

**ઉ.**- પણ સાથે એ જોજો કે કોઈ પણ કાર્ય થવામાં માત્ર એક જ કારણ કામ નથી લાગતું, સાથે અનેક સહકારી કારણો જોઈએ છે. માંસત્યાગ તો કર્યો, પરંતુ મહાહિંસામય મહાઆરંભ-સમારંભમય ધંધા ચાલુ રાખ્યા, જૂઠ-ડફાણની છૂટ રાખી, ચોરી, અનીતિ, અપ્રામાણિક્તા કર્યે જવી છે, વિષયોની ભૂખ જોરદાર છે, ધનની મૂર્ચ્છા ભારે છે, ગુસ્સો, અભિમાન, કપટ, લોભ છોડવા નથી, પછી એકલો માંસત્યાગ ઊંચા લાભ ક્યાંથી બતાવી શકે ?

ત્યારે શું માંસત્યાગની પણ પક્કી ટેક છે ? ગમે તેવી બીમારીમાં, ગમે તેવા રોગમાં પણ કોડલિવર ઓઇલ, લિવર એક્સટ્રેક્ટ, વગેરેનાં ઇંજેક્શન, ઇત્યાદિ કાંઈ પણ ન ખપે એવો દૃઢ નિર્ધાર-પ્રતિજ્ઞા છે ? માંસાહાર ભયંકર, તો પછી રાત્રિભોજનમાં રાતે ઊડવાના સ્વભાવવાળાં કેઈ જતું ભોજન ભેગાં આવીને ચવાઈ-ખવાઈ જવાનો સંભવ છે, માટે રાત્રિભોજન ન જ ખપે, 'લાખની કમાણી જતી કરીશ, પણ રાત્રિભોજન નહિ જ કરું,' આ ટેક છે ? અલબત્ત માંસત્યાગનો પુણ્યલાભ જરૂર મળશે, પણ સાથે રહેલાં બીજા પાપો પણ એનાં અપરંપાર અનિષ્ટ ફળ દેખાડ્યા વિના નહિ રહે.

માટે જ ધર્મી જીવે આ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે ધર્મસાધના લાભ જરૂર

આપશે, પણ એ લાભ બીજા અનર્થોથી કલુષિત ન થાય એટલા માટે મૂળમાં અનર્થસર્જક પાપો-દુષ્કૃત્યો, મલિન ભાવનાઓ, કષાયો, વગેરેથી દૂર રહેવું.

સુરેન્દ્રદત્તને માંસાહારના દોષ અને એના ત્યાગના ગુણ બતાવ્યા એટલે માતા એનો સ્વીકાર કરવાને બદલે ઝટ કહે છે,

'અરે ભાઈ ! આ બધી વિચારણામાં ક્યાં ચઢ્યો ? મૂક હવે એ વિચારવું. તેં તો મારું વચન પાળ્યું જ છે. તો હવે એ વિચારવાથી શું ? વળી આ કાંઈ સાચોસાચ માંસ નથી. આ તો લોટ છે. માત્ર એમાં માંસની કલ્પના છે. ત્યાં શું કામ આકળો ઉતાવળો થાય ?'

યશોધર મુનિ ધનકુમારને કહે છે, મેં ત્યારે એ પણ માનું વચન સ્વીકારી લીધું અને તે પ્રમાણે કર્યું. અર્થાત્ કલ્પિત માંસ ખાધું. એમાં એના પર મેં અશુભ સાનુબંધ કર્મ ઉપાર્જ્યું, પરંપરાવાળું પાપકર્મ ઉપાર્જ્યું ! પરંપરાવાળું એટલે ? એ, કે જેના ઉદયમાં પણ પાપ સૂઝે.

**પાપની ભવેભવે ધારા ચલાવે એનું નામ સાનુબંધ પાપ કહેવાય;**

તેવાં પાપકર્મ ક્યાંથી આવે છે ? ખરી રીતે પાપનાં કાર્યો હોય પણ તેમાં વાંધો નહિ, એમ કરવાથી આવે. ગુરુની કૃપાથી ઘણી મહેનતે જ્ઞાન મળ્યું હોય; પણ એનો ઉપયોગ નથી થતો ત્યારે સાનુબંધ કર્મમાં ફસાય છે. આત્મ સંરક્ષણ કેટલું બધું મોંઘું છે ? લોટનો પણ કૂકડો મારતાં મનમાં એ ન આવ્યું, કે 'ભલે લોટનો, પણ કૂકડો ને ? આવું કાપતાં મારા હાથ જ કેમ નથી કપાઈ જતા ! હાથને પક્ષઘાત કેમ ન થઈ ગયો ? હૃદય બંધ કેમ ન પડી ગયું ?'

સુરેન્દ્રદત્તને માતાનાં પાપવચનોની વર્ષા, દુરાગ્રહ, શરમાવી દેવું, વગેરે વાતાવરણે ઢીલો પાડી દીધો, દાક્ષિણ્યમાં તાણ્યો, પાપમાં આંખમિચામણું કરાવ્યું. પહેલાં દલીલ કરી હતી કે કૂકડાને મરાય નહીં તેમ માંસભક્ષણ પણ કરાય નહીં ! પણ માતાએ બચાવ કર્યો કે 'આ ક્યાં કૂકડો છે, કે માંસ છે ? આ બચાવ સ્વીકારી લીધો અને પછી હિંસા અને માંસભક્ષણ બંને સાક્ષાત્ કર્યા તેવું થયું. આ પ્રસંગ આપણને ઘણું ઘણું શીખવે છે.

**કેટલીક પ્રવૃત્તિઓનો સામાન્ય દેખાવ ભલે ગમે તેમ હો, પણ મન જો નિષ્ઠુર બની ગયું હોય, તો ત્યાં આ પ્રસંગને જોતાં દેખાય કે, તેમાં આત્મા ચીકણાં કર્મ બાંધે.**

'ભાઈ, વેપારમાં અનીતિ ન કરવી,' આવો ઉપદેશ ચાલતો હોય ત્યાં સટોડિયો કહેશે, 'અમારો સટ્ટાનો ધંધો બહુ જ સારો કે અનીતિ જ નહીં, અમારે તો સોદો થયો તે મુજબ જ ચૂકવવાનું ! આ બીજા બધા વેપાર કરતાં સારો કે



નહીં. દેખાવમાં આમ સારો લાગતો હોય, પણ મનની નિષ્ઠુરતા જોઈએ તો **સટ્ટાનો ધંધો ભયંકર પાપથી ભરેલો** લાગે. ત્યાં મન કેવું છે ? એક માણસ માલ જોખવામાં અનીતિ કરે છે, કે બીજો માલમાં ઘાલમેલ કરે છે, તો એને એટલું જ લૂંટવાની ઈચ્છા છે, પણ સટ્ટા બજારમાં ચઢેલાને શું છે ? 'લાખ ગાંસડીનો વેપાર છે. મારા હાથમાં બજાર આવી જાય તો બતાવી દઉં !' કેટલી કાળી લેશ્યા ! મન કેટલું ભયંકર બનાવે છે ? ત્યારે આ સીધો હિસાબ છે કે જે પ્રવૃત્તિમાં મન વધારે બગડે તેનાથી આત્માને વધુ ચીકણાં કર્મ બંધાય છે. તે ચીકણાં કર્મનો માર ભારે પડવાનો ! એક શકોરા પર રાજગૃહીનો ભિખારી સાતમી નરકે ગયો ! બધાને ઉજાણીઓ કરવી છે; ને મારું શકોરું કોઈ પૂરતું નથી ? શિલા પાડીને મારું !' એમાં એટલું મન બગાડ્યું કે સાતમી નરકે જવું પડ્યું ! ત્યારે આ બાજુ ભરત અને સગર ચક્રવર્તી જેવાને તો વાત વાતમાં ચારિત્ર, ને કેવળજ્ઞાન ! મહાસાહેબી ને મહાપરિગ્રહ ભયંકર નથી એમ નહીં, એ ભયંકર જ છે, મન તેથી વધારે બગડે છે, પણ આત્મા એવો સાવધાન બને ને એને લાગે, કે 'આ તો આજા ફસા'જા ! જેવું થયું છે. તો હવે સાવધાન થઈ જવા દે ! એમાંથી કેમ છૂટું એની પેરવી કરવા દે !' આમ મન સાચવે તો પછી એક અવસર એવો આવે કે જાણે હલકા ફૂલ જેવા સંપત્તિ-વૈભવ છૂટી જતાં વાર નહિ અને ઘાતીકર્મ બધાં જ સહેજ વારમાં ઊડી જાય ! આપણે તપસ્યા કરી શરીરનું તેલ કાઢીએ છતાં ઊંચે જતાં કેમ વાર ? અને તે ઝટ ઉપર ? દેખીતી જે પ્રવૃત્તિ ઓછા પાપ વાળી લાગે પણ મન વધુ બગાડનારી હોય તો તે બંધ કરવા જેવી. આ સુરેન્દ્રદત્તની પ્રવૃત્તિમાંથી સાર નીકળે છે.

**પ્રવૃત્તિ કેવાં પાપની અને પરિણામ કેવાં :-**

આ એક મોટું સાયન્સ છે, પ્રવૃત્તિ દેખાવમાં કોઈ મોટા પાપની હોય, એને પરિણામ તેવા કઠોર ન હોય, નિષ્ઠુર ન હોય, એમ બને ત્યારે એવું પણ બને કે કોઈ પ્રવૃત્તિ દેખાવમાં તેવા મહા પાપરૂપ ન હોય છતાં એ વખતે અંતરનાં પરિણામ ક્રૂર, કઠોર, નિષ્ઠુર બની ગયાં હોય. દાખલા તરીકે ભરત ચક્રવર્તી મહારંભ-મહાપરિગ્રહમાં બેઠા હતા, છતાં હૈયાના ભાવ નિષ્ઠુર નહોતા, માટે જ રોજ સાધર્મિક પાસે 'મા હન, મા હન' 'તમારા આત્માને હણો નહિ, હણો નહિ,' સાંભળતા હતા. 'મન હી મેં વૈરાગી ભરતજી' બોલો છો ને ? જો નિષ્ઠુરતા, કઠોરતા હોત, તો અરીસાભવનમાં વીંટી નીકળી જતાં ખાલી આંગળી જોઈ શું **વૈરાગ્યનો** વિચાર આવે ? પણ જોજો હોં, આવો અખતરો કરતા નહિ કે ત્યારે અમે પણ બહારથી મોટાં પાપ રાખીએ છતાં અંતરથી નિષ્ઠુરતા-કઠોરતા નહિ

રાખીએ એટલે વાંધો નહિ આવે ! આવો ઝેરી અખતરો કરતા નહિ. ત્યારે પૂછવાનું મન થશે.

**પ્ર.**- ભરતજીને વાંધો ન આવ્યો, તો અમારે શા માટે વાંધો આવે ?

**ઉ.**- અહીં સમજી રાખો કે ભરતજીને પૂર્વ જન્મમાં જોરદાર અહિંસા-સંયમ-તપની સાધના હતી એના જબ્બર સુસંસ્કારના બળ પર એ કોમળતા, વિરક્તતા રાખી શકતા હતા. એ ભવે શું કરે ? પૂર્વની ધર્મસાધનાએ ઉપાર્જેલું પુણ્ય એવું હતું કે ચક્રવર્તીપણું મળે જ; પરંતુ સાથે સુસંસ્કારનું જોર એવું હતું કે વિરક્તતા પણ એટલા મહાન વૈભવમાંય જાગતી રહે જ.

**નિષ્કામ ભાવની સાધનાનો આ પ્રતાપ છે કે જો એ વીતરાગ દશાએ પહોંચાડવા જેટલી જોરદાર ન હોય તો જે પુણ્ય આપે છે એ પુણ્ય અસંક્લિષ્ટ ભોગ આપે.**

**અસંક્લિષ્ટ ભોગ એટલે** એવા સુખાનુભવ અને એવી સામગ્રી કે જેમાં આત્મા રાગાદિના, સંકલેશવાળો ન બને, ચીકણા રાગાદિવાળો ન બને, એમાં આંધળો ન થાય, લુબ્ધ-લંપટ નહિ પણ સાકર પર બેઠેલી માખી જેવો જાણે અલિપ્ત હોય.

હવે તમે વિચારો તમને જે કાંઈ ભોગ મળ્યા છે, તે સંક્લિષ્ટ છે કે અસંક્લિષ્ટ ? એમાં તમારું હૃદય કેવું રહે છે ? ચક્રવર્તીના હિસાબે ભોગ સામગ્રી અને સશક્ત શરીર કેવાં મળ્યાં છે ? છતાં જો એમાં ભારે ચીટકવાપણું, ગાઢમૂર્ચ્છા, રાગ અને આકર્ષણ રહેતાં હોય, તો ત્યાં વિરક્તતા મુશ્કેલ છે. તો શું ચક્રવર્તીને એ સહેલી છે ? પરંતુ જેને પૂર્વ જીવનની નિષ્કામ જબરદસ્ત ધર્મસાધનાનું બળ છે ને પુણ્ય જ એવું મળ્યું છે કે જે અસંક્લિષ્ટ ભોગ આપે, ત્યાં વિરક્તતા રહેલી છે; સહજ છે, માટે એનો ચાળો કરવા જેવો નથી કે ચક્રવર્તી એટલું બધું રાખીનેય વિરક્ત રહી શકતા હતા તો અમે પણ રહી શકીએ.

ખરી રીતે તો **વિરક્ત દશા કેળવવા માટે** ત્યાગ કરતા આવવાનું છે. જીવનમાં શક્ય એવા કેટલાય વ્રત નિયમો ભર્યા રાખવાના છે.

સાધુજનોનો બહુ સમાગમ અને જિનવાણીનું શ્રવણ તથા તત્ત્વનું અધ્યયન-મનન એ મુખ્ય બનાવવાં જોઈશે.

## • દિલની દર્દભરી પ્રાર્થના •

પરમાત્માની આગળ ગદ્ગદ દિલે કરગરીને પ્રાર્થનાઓ સતત ચાલુ રાખવી પડશે, દિલનાં દર્દ કહ્યા કરવાં પડશે, દર્દભર્યાં ચૈત્યવંદન-સ્તવન કહેવાં જોઈશે,



કહો છો આ રીતે ?

એક નમુત્થુણં સૂત્રનાં પદે પદ દિલના દર્દભર્યા અવાજે બોલાય છે ? 'અહો પ્રભુ ! મારા જેવા પાપીને તું કેવો લોકોત્તમ પરમપુરુષ મળ્યો ! શી તારી બલિહારી ! કેવી અનેરી વિશેષતાઓ !' આવો કોઈ ભાવ દિલમાં લાવીને ગદ્ગદ બની એકેકપદ બોલતા હોઈએ 'આઈગરાણં,' 'તિત્થયરાણં' આવો અનુભવ થાય છે ને ?

પ્રાર્થના, દર્દભરી પ્રાર્થના વિના ઈષ્ટસિદ્ધિ નથી. ગણધર ભગવાન જેવા પ્રાર્થના કરે છે તો આપણા કયા ક્લાસ ? પ્રાર્થના વિના કેમ જ ચાલે ? પ્રાર્થના એટલે પૂર્વ પુરુષના સૂત્ર કે સ્તોત્ર-સ્તવન વગેરે ખાલી મોઢેથી ગગડાવી જવાનાં કે રાગથી લલકારી જવાનાં નહિ, પરંતુ હૃદયથી કરગરવાનું, ભીખ માગવાની, કાકલૂદી ભરી આજીજી કરવાની, ઓવારી જતા હૈયાથી ગંભીર સ્વરે ગુણગાન કરવાનાં, પણ આ ક્યારે બને ? પોતાનાં પાપો બદલ ભારે સંતાપ હોય, સ્વાર્થંધતા, મિજાજ, ઘમંડ, તૃષ્ણા, ઈત્યાદિ માટે ભારે બળતરા હોય, ગૃહબંધનની વ્યથા હોય, ઉજ્જવળ જીવન વેડફાઈ રહ્યાનો ભારે કચવાટ, પશ્ચાત્તાપ હોય. જનમજનમના કુસંસ્કાર તોડવા હશે, તો આ કેળવવું પડશે.

## • પ્રવૃત્તિ દેખાવમાં નાની છતાં ભાવ મોટા •

**જાતની પામર કંગાળ ને દોષગ્રસ્ત સ્થિતિનો આર્તનાદ રણઝણે, ત્યારે દિલથી પ્રાર્થના થાય.** એ પ્રાર્થના અને પૂર્વ કહેલા બીજા ઉપાયો આદર્યે જાઓ. ત્યારે સાચી વિરક્ત દશા આવે. પછી ત્યાં કદાચ કોઈ પ્રવૃત્તિ દેખાવમાં મોટા પાપની હોય, છતાં મન બહુ કોમળ, પાપના ભારે ભયવાળું અને નફરતભર્યું રહેશે.

એથી ઊલટું લાગણી વિનાનાને નાની પણ પાપ પ્રવૃત્તિમાં કઠોરતા આવી જશે !

દેખાવમાં દેખાય કે ધન્નો, શાલિભદ્ર, થાવચ્ચા પુત્ર જેવા ૩૨-૩૨ સ્ત્રીઓની વચમાં બેઠા હતા, તો હૈયું કેવુંક ભોગલુબ્ધ હશે ? રાગની કઠોરતા કેવીક હશે ? એક પત્ની કરતાં બત્રીસ પત્નીનું પાપ તો મોટું ને ? પરંતુ દિલ એના પ્રમાણમાં તો શું, કિન્તુ એક પત્ની હોવા જેટલુંય કઠોર નહોતું. અવસરે એક પત્નીવાળો પણ એટલો બધો ગૃદ્ધ હોય, આસક્ત હોય, વિષયંપટ અને સ્ત્રીનો ગુલામ હોય, કે એને કઠોર રાગ વર્તતો હોય, કઠોર પરિણામ હોય.

સારાંશ, પાપની પ્રવૃત્તિ નાની છે, નજીવા પાપનું કાર્ય છે એટલા માત્રથી એ નિયમ નહિ કે ત્યાં પરિણામ મૃદુ જ હોય, કોમલ હોય, પાપના ભારે ત્રાસવાળું હોય. આવો નિયમ નહિ, કઠોર, અત્યંત કઠોર પણ હોય; એવું પણ બને. એક

ફળ છોલો એ પ્રવૃત્તિ સામાન્ય પાપની, પરંતુ એમાં એમ થયું, કે 'આહા ! કેટલી સરસ છોલી, આમ છોલવી જોઈએ,' તો સમજી રાખો કે એ કઠોર પરિણામ થયાં. એ ઉગ્ર બનતાં કદાચ એવું પણ બને કે એના પાપે ભવાંતરે જીવતા જીવે ચામડી ઊતરવાનો નતીજો ભોગવવો પડે.

એમ કોઈની ભૂલ પર ગુસ્સે થઈ એને કહ્યું, 'ગધેડો છે, ભાન નથી'; પણ એ કહેવામાં અંતરનાં પરિણામ કઠોર બન્યાં, તો પાપ કઠોર બંધાવાનું, કદાચ ભારે નીચ ગોત્ર બંધાઈ જાય.

માટે આ ખૂબ ધ્યાનમાં રાખી લો કે નાની પણ પાપ પ્રવૃત્તિ કરતાં હૈયું કઠોર ન બને, એક બદામ ભાંગવી હશે, પણ દિલ કઠોર નહિ બનાવાય. 'સાલી ! ભાંગતી નથી ? લે જોરદાર લગાવું' આવું કાંક મનમાં આવ્યું તો સમજો કે કઠોર પરિણામ જાગ્યાં.

એટલા જ માટે સાવધાન રહેવાનું છે કે અંતરનાં પરિણામ કઠોર થાય એવી પ્રવૃત્તિમાં ન ઊતરવું. શ્રાવકને ખેતીનો ધંધો કર્મદાન કહી એનો ત્યાગ કરવાનું કેમ કહ્યું ? આમ જોઈએ તો બીજો કોઈ ખેતી કરે એના કરતાં શ્રાવક ખેતી કરે, તો પેલા કરતાં જીવની જતના વધારે કરી શકે; છતાં એનો ત્યાગ કરવાનું જે કહ્યું તે એટલા માટે કે એમાં ભારોભાર જીવહિંસા છે અને તે કરવા જતાં અંતરનાં પરિણામ કઠોર બને છે.

આ તો એક દાખલો છે, એવી બીજી જે પ્રવૃત્તિ હૃદયનાં પરિણામ કઠોર બનાવતી હોય એનાથી આઘા રહેવું જોઈએ. ત્યારે પૂછો કે,

**પ્ર.**- સંસારમાં રહેલો આ કેટલું જાળવી શકે ?

**ઉ.**- મોટાં પાપ તો બનતાં સુધી છોડવાં જ જોઈએ, હવે નાનાં પાપની પ્રવૃત્તિ કરવી પડે છે, પણ ત્યાં પરિણામ નિષ્ઠુર, કઠોર ન બને એ સાવધગીરી રાખવી જોઈએ. અપુનર્બંધક આત્માનું લક્ષણ **'पावं न तिव्व भावा कुणइ'**- **'પાપ નવિ તીવ્ર ભાવે કરે,'** એનું રહસ્ય આ જ છે. કે પાપ કરતી વખતે પરિણામ તીવ્ર ન બનવા દે; નિષ્ઠુર, કઠોર ન થવા દે. સમકિતદૃષ્ટિ જીવ માટે કહ્યું ને કે **'जेण न निद्धंधसं कुणइ'**- તે નિર્ધ્વંસપણે પાપ નથી કરતો. નિર્ધ્વંસપણે એટલે નિષ્ઠુર હૃદયથી-કઠોર દિલથી.

**ભૂલ કરનાર પર વિચારણા :-**

સાર આ છે કે હૃદય કઠોર ન થવા દો, નિષ્ઠુર ન બનાવો, કોમળ રાખો, મુલાયમ રાખો; પાપના ડરવાળું રાખો, જીવોની દયાવાળું રાખો. કદાચ બહારથી ગુસ્સો દેખાડવો પડે, તો પણ સામા ઉપર દિલમાં તિરસ્કાર નહિ, દ્વેષ નહિ, પણ



દયા આવે કે 'બિચારો જીવ કર્મવશ ભૂલ કરે છે ! કાં અજ્ઞાન છે, તો જ્ઞાનાવરણ કર્મ નડે છે; અથવા જાણી જોઈને ઊંધું કરે છે તો મોહનીય કર્મ નડે છે. મુડદાલગીરીથી ભૂલ કરે છે તો વીર્યાંતરાય નડે છે. અભિમાનથી કરે છે તો માનકષાયકર્મ નડે છે, અને કુતૂહલથી વાંકું કરે છે તો હાસ્યમોહનીય કર્મ નડે છે. કંઈ ને કંઈ કર્મને પરાધીન બન્યો ભૂલ કરે છે, માટે એ કર્મ પર-વશતાની દયા ખાવા જેવી છે. દિલમાં આવો દયા ભાવ રાખી બહાર કદાચ ગુસ્સો દેખાડવો પડ્યો તો એ ગુસ્સાનું પાપ નિષ્ઠુરપણે ન થયું. ત્યારે દયા ન હોય અને થોડો પણ ગુસ્સો કરવા જાઓ તો સંભવ છે કઠોર પરિણામ આવી જાય.

**કઠોરતા ટાળવા પાપનો ભય :-**

એમ વિષયાસક્તિ આદિ પોતાના અંગત પાપોમાં અંતરમાં પાપનો ભય ન હોય તો પણ પરિણામ કઠોર બની જાય. કોમળતા રાખવી હોય તો પાપનો ડર રહેવો જોઈએ. એમ,

**પુદ્‌ગલના અને જગતના વિચિત્ર સ્વભાવનું ધ્યાન રહે તો પણ કોમળતા રહી શકે.** ગમે તેવું ઈષ્ટ-અનિષ્ટ સામે આવ્યું પણ મનને થાય કે, 'ઓહ ! એમાં શું ? જગત વિચિત્ર સ્વભાવવાળું છે, એમાં બધું બને. ત્યાં હર્ષના ઉન્માદ કે ખેદની રોતડગીરી શી કરવી ? એમ કરવાથી મન સંકલેશવાળું બને છે, કાળું-કઠોર બને છે. કાળું-કઠોર બનેલું મન ખતરનાક નીવડે છે, જીવને પરવશ, ગળિયો અને અવિવેકી બનાવે છે, ચીકણાં કર્મ બંધાવે છે...

વાત આ છે, કઠોરતા લાવનારાં પાપથી બને ત્યાં સુધી આઘા રહો. ને કરવાં પડતાં પાપમાં દિલ સાચવો, કઠોર ન બનવા દો. કોમળ દિલ એક મોટી મૂડી છે, સુખ-સંપત્તિની ખાણ છે; ત્યારે કઠોર દિલ મહાવિપત્તિઓની ખાણ છે.

**નયનાવલિની છેલ્લી માગણી :-**

યશોધર મુનિ સમરાદિત્યના જીવ ધનકુમારને પોતાનો સુરેન્દ્રદત્તનો પ્રથમ ભવ કહી રહ્યા છે. એમાં કહે છે કે 'દેવીના ભોગની વિધિ પતાવી. પછી નક્કી કર્યા મુજબ બીજે દિવસે કુમાર ગુણધરનો રાજ્યાભિષેક કર્યો, અને વાત મુજબ હું સાધુવેષ પહેરી લેવા તૈયાર થયો કે ત્યાં તો તરત પત્ની નયનાવલિ આવી, અને કહે છે,

'આર્યપુત્ર ! ઊભા રહેજો.'

'કેમ ?'

'હું વધારે નથી માગતી,એક દિવસ માગું છું આજનો. પુત્ર ગુણધર રાજ્ય કેવું કરે છે, એનો આનંદ જરા માણી લઈએ. પછી આવતી કાલે ચારિત્ર લઈશું.'

**વાસના અને સંયમના પૂર્વ-પશ્ચિમના અંતર :-**

આમાં ના કહેવાનું મન થાય ? ક્યાં વરસ કે મહિનો કહે છે ? માત્ર એક જ દિવસ અને તેય આજનો જ. અલબત્ત મને વિચાર તો આવ્યો કે 'અરે ! આ શું ? પત્નીનું કેવું પરસ્પર વિરુદ્ધ વર્તન ! બે દિવસ પૂર્વનો એનો દુરાચાર, અને અત્યારે કહે છે આજ રોકાઓ, કાલે આપણે ચારિત્ર લઈશું;' પરંતુ મનને થયું કે કાંઈ નહિ, મારે વિચારવાની જરૂર નથી. કેમ કે જગતમાં એવું પણ બને છે કે કેટલીક સ્ત્રીઓ જીવતા ધણીનેય છોડીને ચાલી જાય છે, અગર મનથી છોડી દે છે; ત્યારે કોક વળી એવી પતિમગ્ન જ હોય છે કે ધણીના જીવતાં તો શું પણ મર્યા પછી પણ છોડવા તૈયાર નથી, એટલે પાછળ ચિતામાં બળી મરે છે. જીવોમાં, જીવોની વાસના અને સંયમમાં આ પૂર્વ પશ્ચિમનાં અંતર હોય છે. જીવની વાસના જ એવી છે કે એને જ્યાં ત્યાં ભટકાવે છે; ત્યારે વાસના પર સંયમ હોય છે તો તે ધણી ત્રાસ આપનારો હોવા છતાં માંદો પડ્યે પણ સતીને સેવા કરવા પ્રેરે છે. હવે આમાં વધુ શો વિચાર કરવો ? ને મારે હવે ક્યાં વધુ સંબંધ રાખવો છે ? આજે નહિ, તો કાલે એનો અને સમગ્ર સંસારનો ત્યાગ કરી દેવો છે. માટે બહુ વિચાર કરવાથી સર્યું, એ કહે છે તેમ થવા દે.'

આમ વિચાર કરીને એને મેં કહ્યું, 'સુંદરી ! તું તો મારા પ્રાણથી અધિક છે. કહે આજ સુધીમાં ક્યારેય તારા સ્નેહનો ભંગ, તારી પ્રાર્થનાનો ભંગ કર્યો છે ? તો આ તારી છેલ્લી પ્રાર્થનાનો ભંગ શા સારું કરું ?

## • ઊંધી દૃષ્ટિ ટાળો. •

સુરેન્દ્રદત્તે પત્નીને રાજી રાખવા એક દિવસ વિલંબ કરવાનું કબૂલ કરી લીધું. હવે એ નયનાવલિને ચિંતા થઈ કે 'હવે શું કરવું ? આ પતિ તો આજે નહિ ને કાલે ચારિત્ર તો લેશે જ અને મારે કાંઈ ચારિત્ર લેવું નથી.'

**વિષયરાગે ધર્મમાં કૂચે મરવાનું લાગે છે :-**

કેમ નથી લેવું ? એટલા માટે કે મન કહે છે કે 'મનમાન્યાં વિષયસુખો ભોગવવાનું મૂકી એ ચારિત્રમાં કૂચે કોણ મરે ?' ધર્મમાં, તપમાં, જપમાં કૂચે મરવાનું લાગે છે ! કોને ? જેને વિષયો પર આંધળો રાગ છે. ઇન્દ્રિયોની ખણજના સુખાભાસમાં પાગલ ખસ-ખરજવાના દરદીની જેમ સાચા સુખની બુદ્ધિ છે, ભ્રમ છે. એવાને ધર્મમાં કૂચે મરવાનું લાગે છે. ઉપવાસ-આંબેલ કરવાં એટલે જાણે શોષાઈ જવાનું ! અને ખાવું એટલે જાણે લાભના સોદા ! હવે એ નથી ને ક્યારેક કાંક ધર્મ કરે તો શું સમજે ? દાન દીધું એટલે જાણે કોથળી કાણી થઈ ! પૈસા



ગયા ! પત્ની પિયર ગઈ અને બ્રહ્મચર્ય પાળવાનું મળ્યું એટલે કૂચે મર્યા ! એકાદ ઉપવાસ કર્યો તો જાણે શેર લોહી ગુમાવ્યું ! બસ,

**વિષયલંપટ અને કાયાપિંડના પૂજારીને ધર્મ કરવાનો આવ્યો તો ખોટના સોદા દેખાય છે ! અને પાપ કરવા મળ્યા ત્યાં લાભના લહાવા મળ્યા લાગે છે !**

આ વિપરીત દૃષ્ટિમાં ક્યાંથી ઊંચા અવાય ?

**જો દૃષ્ટિ ઊંધી છે, તો માનવ જેવો ઉત્તમ અવતાર મળવા છતાં અનંતા કાળથી ચાલી આવેલી બરબાદીને પાછી વાળવાનું ક્યાંથી બને ?** ઊલટું, બરબાદી કાંક ઓછી કરી કાંક આબાદી ખીલવીને મનુષ્યપણું મળ્યું હોય, એમાં હવે પાછી બરબાદી થોક વધારે છે ! શાથી ? ઊંધી દૃષ્ટિને લીધે તરણતારણ ધર્મમાં લાભના સોદાને બદલે ખોટના સોદા જુએ છે માટે. દેખાતું નથી કે,

**દાન દીધું એટલે કોથળી કાણી ન થઈ, પણ કાણી કોથળીમાંથી આખીમાં નાખ્યું, ઓટમાંથી ભરતીમાં મળ્યું.**

**બ્રહ્મચર્ય પાળવા મળ્યું તો કૂચે ન મર્યા, પણ કસ વધ્યો, અસંખ્ય જીવોના સંહાર ટાળી એને અભયદાન દીધાં.**

**ઉપવાસ કર્યો તો લોહી સુકાણું નહિ, પણ અશુદ્ધ લોહી શુદ્ધ થયું, લોહી કરતાં કેઈ ગુણા કર્મ સુકાયા !**

**ધર્મ કરવામાં તો આત્માનાં પુણ્ય વધ્યાં, સુસંસ્કાર વધ્યાં, આત્માનાં ઓજસ અને સત્ત્વ ખીલ્યાં !**

રાણી નયનાવલિને ચારિત્રમાં કૂચે મરવાનું લાગે છે. એને તો રંગરાગ અને ભોગવિલાસમાં મહાલતા રહેવું છે, તેથી વિચાર કરે છે કે 'રાજા દીક્ષા લે, પછી મારે કેમ છટકવું ? જો દીક્ષા ન લઉં તો કલંક લાગે. લોક હલકી ગણે.'

કેમ કલંક ? એટલા જ માટે કે,

**પતિની હારોહાર રંગરાગમાં મહાલતાં આવડ્યું તો હવે શું હારોહાર ત્યાગ-તપમાં વિહરતાં ન આવડે ?** આવડવું જ જોઈએ, આ લોકમાન્યતા હતી. પતિના સુખે સુખી ને દુઃખે દુઃખી શેને કહેવાતી હશે ? આજના તાલ જુદા છે. વિધવા બન્યા પછી કદાચ શરીર સવાયું થયું હોય ! જુલ્મ છે ને ? પતિ હતા ત્યાં સુધી જાણે દુઃખ હતું, પતિ ગયા પછી સુખ થયું, નિરાંત થઈ !

**નયનાવલિનો ક્રૂર વિચાર :-**

નયનાવલિને ચારિત્ર લેવું નથી, એટલે રસ્તો કાઢે છે, વિચારે છે કે 'પતિ જો દીક્ષા લેતો તો મારે પણ લેવી પડે, માટે એમની દીક્ષા જ ન થાય એવું કરું, એમને કાલનો દિવસ જ ન દેખવા દઉં. આજે જ ખતમ કરી નાખું.'

રાણી ક્યાં સુધી પહોંચી ? વર્ષો સુધી હૃદય આપીને જેણે સુખમાં મહલાવી, એવા પતિના ઘાત કરવાના નિર્ણય પર, પણ આ જોતાં વિચાર કરીએ તો દેખાશે કે અહીં સુરેન્દ્રદત્તની ભૂલ થતી હતી, પોતે નજરે જોયું છે કે આ સ્ત્રીનું ચરિત્ર કલંકિત છે છતાં એના પર વિશ્વાસ મૂક્યો. વિચારવાનું તો એ હતું કે 'ભલે એને એની દુનિયાના લાહવા લેવા દો, આપણે આપણો માર્ગ લઈ લેવો.' એમ ન કરતાં એ તો કબૂલ થઈ ગયા ! આ ગંભીર ભૂલ કરી નાખી ! લોટનો કૂકડો માર્યો તે ભયંકર ભૂલ વળી એ લોટના કૂકડાને માંસ તરીકે ખાધો તે બીજી ભયંકર ભૂલ, ને પાછું આ સ્ત્રીનું કહેવું માની લીધું તે ત્રીજી ગંભીર ભૂલ કરી રહ્યો છે. માતા અને પત્ની તો ભૂલેલાં જ છે !

## • દાક્ષિણ્ય એ ગુણ કે દોષ ? •

ત્રણે ચીજની સમીક્ષા કરીએ અને સારાંશ કાઢીએ તો શાથી સ્ખલના થઈ ? શું જડે એમાંથી ? ક્યાં ભૂલ થઈ ? માતા પરનું દાક્ષિણ્ય અને પત્ની તરફનું પણ થોડું ઘણું દાક્ષિણ્ય છે !

**દાક્ષિણ્ય ગુણ છે, પણ જે દાક્ષિણ્ય આચાર કે તત્ત્વનું ખૂન કરાવે તે દાક્ષિણ્ય દોષ રૂપ છે.** એમાં પાપ આચરવું પડતું હોય તો તેનો બચાવ નહિ મળે.

સતી સ્ત્રી હોય ને કોઈ એને અડપલું કરે અથવા કરવા આવે તો ? અરે ! કોઈ કપડું જ ખેંચે ત્યાં સ્ત્રી શરમમાં રહે તો પરિણામ શું આવે ? સગો ભાઈ હોય તો પણ ભલે, પણ જ્યાં દેખાય કે આ મર્યાદાભંગ થાય છે ત્યાં તેને દાક્ષિણ્ય બાજુએ મૂકી ધુતકારી કાઢવો જોઈએ, રાડ પડવી જોઈએ, આ જગતમાં તેવું ઘણું બને છે કે શરમની પાછળ ન બોલી શકાયું તો તેના કારણે ભયંકર પાપમાં પડવું પડે છે.

**પાપથી બચવા માટે શરમ એ ગુણ છે.**

**પાપમાં પાડનાર શરમ એ દોષ છે.**

**લાજ, શરમ, દાક્ષિણ્ય-વિનય મર્યાદા વગેરે પાપથી બચાવનાર હોય તો જ એ ગુણ, નહિતર મહાન દોષ છે !**

ચોટ્ટી માનો પ્રેમ દીકરા પર હોય કે નહીં ? હોય; ને એથી દીકરો દાક્ષિણ્યમાં તણાઈ ચોરીઓ કરે તો ગુણ કે નહીં ? ના, દોષ !

માના પ્રેમની ખાતર નાને છોકરે પાડોશીના ઢગલામાંથી તલ ચોર્યા, તો તેને ચોરીનું વ્યસન લાગ્યું. ભીના શરીરે તલ લગાડેલો છોકરો ઘરમાં આવ્યો હોય, અને તે વખતે જો ધમકાવ્યો કે બે તમાચા માર્યા હોય તો તો કામ અટકી જાય. પણ



આ તો માએ દીકરાને દિલ સાથે બઝાડ્યો ! આ ચોરીનો દોષ વધતાં વધતાં વધી ગયો અને એક વખત ચોરી કરતાં પકડાયો. રાજાએ ભયંકર સજા કરવા હાથમાં લીધો, ત્યાં કહે છે 'મને જરા માનાં દર્શન કરી આવવા દો !' જવા દીધો. છોકરો આવ્યો, મા તો રોજની જેમ હરખાઈ ગઈ ! પણ આ કહે છે, 'તું મા છે એટલે મારાથી તારો ઘાત ન કરાય, પણ દુનિયાને જોવા મળે તે માટે એટલું તો કરું કે આ મા નહોતી પણ પિશાચણ હતી' એમ કહીને સીધું માનું નાક કરડી ખાધું ! કહે છે, 'આ ભયંકર સજાનો ભોગ તારા પાપે બનવું પડ્યું !'

પ્રેમ, વિનય, ભક્તિ બધું ગુણ પણ એ પાપથી બચાવનાર હોય તો ગુણ, પણ પાપમાં પાડનાર હોય તો દોષ ! સુરેન્દ્રદત્તને કેવા પાપમાં ધકેલ્યો ! જીવે ચોરાશીના ચકરાવા અનંતીવાર લીધા પછી આત્માનું સારું ઘડતર કરી શકાય એવો ઉત્તમ માનવભવ પ્રાપ્ત કર્યો. ઘડતર કરવા માટેની સંયોગ સામગ્રી પણ મળી. સમજ પણ મળી. પરંતુ મોહનાં કોક એવાં બંધન નડી જાય છે કે જીવથી અવળો રસ્તો લેવાઈ જાય છે, ત્યાં ભ્રમ થાય છે કે 'આ પાપ ફોરી કક્ષાનાં કહેવાય !' જીવને મારવો તે ઘોર પાપ છે એ ખબર નથી. જીવને ત્રાસ આપવો તે પણ પાપ છે. માનવ મન મળ્યા પછી કોઈના પર ખાર, ઝેર રાખવું તે મહાપાપ છે. કૂતરા-બિલાડાને ક્યાં ખ્યાલ જ છે કે આ ખાર, ઝેર રાખવું તે પાપ છે. આ તો માનવ જીવનની ઉચ્ચ કક્ષાએ વિશેષતા પ્રાપ્ત થઈ છે. એ કક્ષાએ એ ભેદને ઉડાડવો તે મોટું પાપ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૨૭,તા.૧૮-૩-૧૯૬૧

**ભયંકર પાપ શું ? એ જ કે માંડ માંડ જે વિવેકની કક્ષાએ આપણે આવ્યા છીએ તે વિવેકને તોડી નાખવો.**

કોઈ કહે 'મને ફલાણાએ હેરાન કરી નાખ્યો,' ત્યારે બીજો કહે 'અરે ! એને ઠોકી જ નાખવો'તો ને ?', હવે આપણે એમાં ટાપસી પૂરીએ કે 'બીજું શું થાય ?', તો માનવભવની રૂએ આપણને પ્રાપ્ત થયેલો વિવેક ગુમાવ્યો ગણાય. 'આપણી જાતને સંતાપવા જે આવે તેને ઉડાવ,' આ પશુ સુલભ અવિવેક છે. અનાદિ સંસારમાં આ જ ચાલ્યો આવ્યો છે. યુગોના યુગો વીત્યે માનવભવમાં આ તત્ત્વજ્ઞાન મળે છે કે સ્વાર્થના માર્યા, નિર્દોષને તો શું પણ અપરાધીનેય કચડી નાખવાનું વિચારાય નહિ; કેમ કે એમ કરતાં અનાદિકાળથી આત્માને કેડે લાગેલ કષાયના ભાવ મોળા પડવાને બદલે મજબૂત થાય છે. જે માનવજીવનમાં વિષય-

કષાયના ભાવ મંદ કરી નાખવાનો અને એમ કરીને દીર્ઘ દુર્ગતિ અને ભવભ્રમણ મિટાવવાનો સોનેરી અવસર મળ્યો છે તેમાં તેને ખરાબ ખસ્ત કરી નાખવાનું અને ભવ વેડફી નાખવાનું થાય છે. એમ કરવું એ મહાન અવિવેક છે. વિવેક એ છે કે કષાય કે જે ખરેખરા શત્રુ છે, એને કચરવા. એ માટે સામા પર દયા કરવી.

ઋષભદેવ ભગવાને અઠ્ઠાણું પુત્રોને શું બતાવ્યું ? આ જ, કે તમે તમારા ખરા શત્રુને ઓળખો, ભરતને શું દુશ્મન દેખો છો ? ભરત અંગેનો દ્વેષ-કષાય તમારા અંતરમાં જાગ્યો છે માટે તો ભરતને દુશ્મન દેખો છો, તમારી રાજ્યસંપત્તિ અને નકલી સ્વતંત્રતાના રાગ-કષાયે તમને દબાવ્યા છે, તેથી તો ભરતને શત્રુ માનો છો, પરંતુ જો એ આંતર કષાયશત્રુને હૈયામાં ઊભવા ન દો, તો ભરત દુશ્મન નહિ દેખાય. અગર તમે આંતર શત્રુને ઓળખી લો, એણે આજ સુધીમાં તમારી કેવી ઘોર વિટંબણા-દુર્દશા કરી છે, અને અહીં જો એને મહાલવા દીધા તો ઠેઠ એકેન્દ્રિયપણાથી માંડી અનેકાનેક યોનિઓ વટાવી યુગોના યુગો વીત્યે મુશ્કેલીએ પ્રાપ્ત થયેલ માનવભવમાંથી એ કષાય-ચોટ્ટાઓ તમને પાછા ઠેઠ એકેન્દ્રિયપણા સુધી કેવા ઘસડી જઈ શકે છે, એ ધ્યાન પર લો, અને એથી જ હવે એને કચડવા-નિર્મૂલ કરવા કમર કસો, તો જે ભરતના પ્રત્યે એ ઊઠે છે, એ ભરતના પ્રત્યે ભાવકરુણા વહેવડાવવી પડશે. દિલમાં ભરત માટે કરુણા ઊભી કરો એટલે ભરત પ્રત્યેનો દ્વેષ ઓસરી જશે. એમ સંપત્તિ-સ્વતંત્રતા વગેરે પરનો રાગ અને અહંત્વ વગેરે આંતર શત્રુને કચડવાનું કરશો તો ભરત શું, આખા વિશ્વમાં કોઈ દુશ્મન નહિ દેખાય.''

ત્રિલોકનાથ જગદ્ગુરુ વીતરાગ સર્વજ્ઞ ભગવાન ઋષભદેવસ્વામીએ આ વિવેક આપ્યો એના પર અઠ્ઠાણું પુત્રોના દિલમાં જબરદસ્ત પલટો આવ્યો, આંતરશત્રુને કસવા કમર કસી, ભાઈ ભરત પર ભાવદયાનાં પૂર ઊભરાવ્યાં, સંસાર ત્યજી અણગાર બન્યા ! શાના ઉપર ? વિવેક ઉપર. આ વિવેક આ બાહ્ય શત્રુને કચરવામાં શક્તિ વેડફાઈ જશે, આંતર શત્રુને દાબવામાં ખરચેલી તાકાત ઊગી નીકળશે.

જ્યાં જ્યાં કોઈના પ્રત્યે દિલમાં વૈર વિરોધ, દ્વેષ ઈતરાજી ઊભી થવા જાય ત્યાં ત્યાં ખ્યાલ કરો કે 'આમ કરીને હું મારા જ આંતર દુશ્મનને વધુ પગભર, વધુ જોરદાર, અને વધુ લાંબી અવધિના કરી રહ્યો છું, અને એ વીતરાગ-પરમાત્માનું શાસન પામ્યા છતાં બને એ મારી મહાકમનસીબી છે. મારે તો આ ભયંકર સંસારમાંથી વહેલા છૂટવા માટે આંતરશત્રુ કામ-ક્રોધ-લોભ, માયા-મદ-મત્સર વગેરેની અવધિ ટૂંકાવવાની છે, કેમ એ વહેલા નાશ પામે એ કરવાનું છે, ત્યાં હું ફરી એને



સેવીને હૈયે ચાહીને ઘાલીને એની અવધિ ક્યાં વધારી રહ્યો છું ! મોળાં પડતાં એ આંતરશત્રુને કાં મજબૂત બનાવું ?' બસ, મનમાં આ ચોંટ લાગી કે સામા પરથી વૈર-વિરોધ ઊઠાવી ભાવદયા અગર મૈત્રીભાવ વહેવડાવવાનું દિલ થશે. એનું એક કારણ એ કે જ્યાં ખાસ વૈર-વિરોધનું કારણ ઊભું થયું છે, ત્યાં દયા કે મૈત્રી વહેવડાવતાં એ દયા-મૈત્રીના સંસ્કાર ઊંડા પડશે; એ મહાન લાભ દેખાય છે.

આ સમજી રાખવા જેવું છે કે પ્રતિકૂલ સંયોગોમાં મન મનાવીને પણ જે ક્ષમા, દયા, સત્ય, ત્યાગવૃત્તિ કેળવી, એના સંસ્કાર સારા ગાઢ પડે છે, અને વિરોધી કુસંસ્કારને ભારે ધક્કો લાગે છે. તો આ બી વિવેક, કે કપરા સંયોગમાં ગુણ ખાસ કેળવીને એનો મહાન લાભ કેમ ન ઊઠાવું ? વિવેક પ્રાપ્ત થાય. એમાં હૃદય કેટલું બધું ફોરું ફૂલ ! કેવુંક ઉદાર અને પવિત્ર બને ! આ બનાવવું હાથવેંતમાં છે; એને છોડી શું હજીય બીજાનું બૂરું ઈચ્છવું ?

## • માનવ એ જીવોનો મોટો ભાઈ. •

આપણા માટે જોખમી હોય એને પણ મારવાની બુદ્ધિ ન ધરો ! કેમ કે આપણી કક્ષા ઊંચી છે. 'હું મોટો છું તો નાનાનું ખમી ખાવું જોઈએ. પ્રાણીઓમાં અમે મોટા ભાઈ છીએ, અને પ્રાણીઓ નાનાભાઈ છે, તો એને મરાય નહીં ! જ્યાં વિવેક જડે છે તે મનુષ્યપણામાં આવ્યા છીએ, હવે એ ઉચ્ચતાને નહીં સાચવીએ તો કુદરત ટ્રાન્સફર કરવા બેઠી જ છે ! કુદરત અપેક્ષા રાખી રહી છે, 'માનવ તરીકે ઊંચા સ્ટેજ પર તું છે, તો તારું હૃદય રહેમના સાગરથી ભરેલું જોઈએ,' તે હૃદય કોઈના પ્રેમ-દાક્ષિણ્યથી હિંસાના પાપમાં પડે કે ખલાસ !

કયા પાપની ભયંકરતા છે તે સમજવા જેવું છે. એ ખ્યાલ નથી માટે કાયાથી શાંત બેઠેલા આપણે અપરંપાર પાપ મનથી કરી નાખીએ છીએ ! મન તકલાદી બની ગયેલું, એટલે સારી વિચારણાના પરાક્રમ નહિ આવડે, અને ખરાબ વિચારણાના કૂદકા આવડશે ! 'બસ, ફલાણાનું હું ન ખમું ! રોકડું પરખાવું, બરાબર મેથીપાક ચખાડી દઉં !' દિવસભરમાં આવી વિચારણાઓ ચાલતી હશે કે નહિ ? તે ચાલે છે માટે આત્માનું સાચું બળ પ્રગટતું નથી. તકલાદી મનની વિચારણાઓ ભયાનક સમજાય તો તો મન મજબૂત કરી એને અટકાવવા મથાય.

## • કુસંસ્કારોનો ઢેર મહા ખરાબ •

મન તકલાદી કેમ બને છે ? કહો, જુગજૂના કુસંસ્કારો તો પડેલા જ છે, એના ઉપર નવનવા કુસંસ્કારોનો ઢેર કરાતો જાય છે. ક્યાંય ઈન્દ્રિયોથી અનુભવ

કરો, અગર મનમાં વિચાર લાવો કે તરત સંસ્કાર નવા પડ્યા જ સમજો, અગર જૂના મજબૂત થયા જ માનો. મતિજ્ઞાનના ચાર પ્રકાર અવગ્રહ, ઈહા, અપાય ને ધારણા. અવગ્રહમાં વિષયનું સામાન્ય દર્શન, ઈહામાં નિર્ણય કરવા માટે ઊહાપોહ, અપાયમાં નિર્ણય, પછી ધારણામાં એના સંસ્કાર. કેટલાક અનુભવ બહુ લક્ષવાળા ન હોવાથી એના સંસ્કાર પડતા નથી, અગર બહુ ટકતા નથી. ઈરાદાપૂર્વકના અનુભવ પાછળ સંસ્કાર ઊભા થાય છે. ખોટા સંસ્કારો ભેગા થઈને પછી તોફાન મચાવે છે; જાગી જાગીને મનને તકલાદી કરી મૂકે છે. લાગે કે કલાક બહાર ફરી આવ્યા, અગર ગપ્પાં માર્યાં એમાં શું બગડી ગયું ? પરંતુ એ સમજવા જેવું છે કે એવાં વિવિધ દર્શન-શ્રવણથી સંસ્કારોની જમાવટ થાય છે. રસપૂર્વક જોયું, સાંભળ્યું, ચાખ્યું, સૂંઘ્યું કે સ્પર્શ્યું, ત્યાં એના સંસ્કાર આત્મામાં દાખલ થઈ જ ગયા. એમાં સારું જોવા-સાંભળવાનું તો હોય જ કેટલું ? મોટાભાગે જડની રામાયણ, રાગદ્વેષ વર્ધક દર્શનાદિ એટલે કુસંસ્કારોનો જ ભાર વધવાનો હવે વિચારો કે એ કુસંસ્કારોનો ગંજાવર સ્ટોક જાગી જાગીને શું કરશે ? જડ પુદ્‌ગલની માયા અને કષાયોની જ લોથ કે બીજું કાંઈ ? પાછું એના પરિણામમાં કેવાં પાપોપાર્જન અને નવા કુસંસ્કારનો સંગ્રહ ? ચાલ્યું, પછી હલકા ભવોમાં તો એમાંથી પાછા વાળનાર મળે કોણ ? કે પાછા વળવાનું સમજાય જ ક્યાંથી ? અહીં જૈનશાસન સહિત રૂડા માનવભવમાં નથી સમજાતું કે ભાઈ ! બહુ થયું, હવે બહુ ઈન્દ્રિયોના બહારના અનુભવ લેવાનું રહેવા દે, જ્યાં ત્યાં માથું મારવાનું પડતું મૂક, નહિતર કુસંસ્કારોનો ભાર ગજબ વધી જશે. આ અહીં ન સમજાય, તો પછીના ભવોમાં સમજવાની વાતેય શી ?

માટે ખાસ કરીને ધર્મક્રિયા, જ્ઞાનધ્યાન, પ્રભુભક્તિ, ઉપદેશ શ્રવણ ઈત્યાદિ વખતે બીજે આંખ-કાન લઈ જ ન જા, નહિતર સાધના કૂચા જેવી થશે, કુસંસ્કારો ઓછા કરવાને બદલે વધારવાનું કરાશે ! અસ્તુ.

સુરેન્દ્રદત્તને થાય છે, ‘અત્યાર સુધી પત્નીની એકે માગણી નામંજૂર કરી નથી, હવે એક છેલ્લી માગણી છે, કે ‘કાલે ચારિત્ર લેજો !’ તો ‘ભલે મંજૂર કરો !’ એ ખબર ન હતી કે આ પત્ની પરના પ્રેમમાં તણાતાં હવે તો હું મારા જીવનને જોખમમાં મૂકી રહ્યો છું ! હજુ ગઈ રાત્રિ સુધી જેનું ચારિત્ર ખરાબ છે, એ દીક્ષા લેવાની વાત કરે, તે કેવી રીતે વિશ્વસનીય હોય ? એ વાત પાછળ પણ જરૂર કોઈ દાવપેચ પ્રપંચ હોય છે ! પણ આ કોમનસેન્સ-સામાન્ય સમજ પણ બુઠ્ઠી થઈ ગઈ ! પત્ની પરના જૂના દાક્ષિણ્યે ભાન ભુલાવી દીધું !

આ અનેકાંત છે, **ગુણ દુર્ગુણમાંય પરિણમે અને મહાગુણમાં પણ પરિણમે !** એવી સ્થિતિ અહીંયાં થઈ. સુરેન્દ્રદત્ત રાજા એક દિવસ માટે પણ પત્નીના દાક્ષિણ્યમાં



તણાયો ! તરત ચારિત્ર લેવાની વાત ઢીલી પાડી. ‘કાલે લઈશ’ એમ મનમનામણું કર્યું. તેના પ્રતાપે ઉચ્ચ વૈરાગ્યવાળો સુરેન્દ્રદત્ત અજાણ્યે મહાવિટંબણાને નોતરી રહ્યો છે ! દાક્ષિણ્ય ગુણનું પરિણામ દંભી પત્નીની જાળમાં ફસાઈ એક દિવસના પ્રમાદના દોષમાં આવ્યું. જુદી જુદી લાગણીનાં સંમિશ્રણ માણસની વિચિત્ર દશા કરી મૂકે છે. પવિત્ર ને સારી ગણાતી લાગણીમાં કોઈ સંયોગ વિશેષે એવી મેલી લાગણી મળે છે કે વિચિત્ર દશા ઊભી થાય છે ! (૧) લોટના કૂકડાને મારવાથી મા રાજી છે તો કરી લ્યો ! (૨) માંસના નામે લોટ ખાવાથી મા રાજી થાય છે તો ખાઈ લ્યો ! (૩) છેલ્લી માંગણી પત્નીની છે કે રહી જાઓ આજનો દિવસ, તો તે પણ કબૂલ કરી લ્યો ! એમાં એ ન જોયું કે મા ને પત્ની કેવી છે ! એમની લાગણીઓને મનથી વધાવી લીધી. એમણે એવી મેલી લાગણીઓના સંમિશ્રણ કરી આપ્યા કે રાજાને વિચિત્ર દશામાં ઉતાર્યો ! કોણે ? સગી માએ ! સગી પત્નીએ ! કોના પર ભરોસા રાખવા ? કોની શરમે ધર્મ ભૂલવો ? શરમ મનને નડે છે. કાયાની કરણી, વાણીના બોલ, એ અસર કરે છે, પણ મનની મોટામાં મોટી અસર છે. માટે જ કહ્યું કે.

## • ‘મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.’ •

મન કબજે કરી લીધું, મન એવું જાગ્રત બનાવી દીધું કે એક પણ ખોટી શેહ શરમ કે ખોટા વિચારમાં તે ન જાય, અને સીધું તત્ત્વોને અડીને ચાલે, એ મન સાધ્યું કહેવાય. તત્ત્વને અડીને ચાલવાને બદલે લોકને અડીને કે કષાયોને અડીને ચાલતું જાય તો મન ઉચ્છ્રંખલ બનાવ્યું, મનને ગમ્યું ત્યાં જવા દીધું, મનને ઠીક લાગ્યું તે કરવા દીધું ગણાય.

પ્રસન્નચંદ્રને શું થયું હતું ? કેટલો ફેર પડ્યો હતો ? હાથ માથા પર લાવતાં હતા ત્યાં સાતમી નરક, ને માથે હાથ અડાડતાં કેવળજ્ઞાન ! માત્ર મન ફેર ! બધું કરતાં-કારવતાં આપણા મન પર ચોકી મૂકતાં આવડે, સમાલતાં આવડે મનને, મનને ખોટા સવાસલા કરતું બચાવતાં આવડે, તો ઘણી રીતે આપણા આત્માનું સંરક્ષણ કરી શકીએ ! અને બગડતાં અટકાવી શકીએ. કોઈ દિવસ પણ પાપની વાતના બચાવ કરવા નહિ. ખરાબ વસ્તુને સારાનું નામ આપવું નહિ. શાસ્ત્રો કહે છે, ‘આ કઠોર વચન છે,’ તો તે ન બોલાય ! પ્રિય ને તથ્ય વચન બોલવું જોઈએ. સુરેન્દ્રદત્તની આટલી જ ઢીલાશ. મોટી ચારિત્ર તૈયારીની ભૂમિકાએ ચઢેલા તેને પણ એ પટકી દે છે ! તો તમારે ? ચઢેલાને પણ નીચે પટકે તો પછી જ્યાં ચારિત્રની તૈયારીની ભૂમિકા જ નથી, ત્યાં પાપના બચાવ કરી લીધા તો ? આપણી કુટેવ

એવી છે કે ઝટ દઈને બચાવ કરીએ ! 'કેમ કંઈ ધર્મ ધ્યાન કરતા નથી ?' તો કહીશું, 'ધર્મધ્યાન શક્તિ મુજબ કરું જ છું !' પહેલાં એ માપ કાઢ કે તારી શક્તિ કેટલી છે ? ને તેમાં કેટલું કરે છે, ને કેટલું બને તેમ છે ! આત્મા ! તું **પોતે જ** તારી જાતને ઠગે છે ! આ **આપણું જ** મન આપણને બનાવે છે ! પાપના સંતાપ કરવાને બદલે બચાવ કરી, પાપને 'કંઈ વાંધો નહિ'માં ખપાવીને જાતનું નિકંદન નીકળે છે.

સુરેન્દ્રદત્તે એક દિવસનો વિલંબ કબૂલ્યો, અને રાણી ઠેઠ એને મારી નાખવાના વિચાર સુધી પહોંચી. આપણને એમ થાય કે, 'આ જીવનસાથી આટલી દુષ્ટ વિચારની ?' હા, એમાં કોઈ નવાઈ નથી ! સ્વાર્થની મર્યાદા ઉલ્લંઘી જાય એટલે દુષ્ટ પરિણામ જ આવે. સ્વાર્થ તો બેઠો જ છે; પણ એની સીમા ઓળંગી, તે દુષ્ટ બને ! તો પછી આજ સુધી પતિને કેમ છોડ્યો ? એ માટે, કે પતિની હયાતીમાં પોતાનું દુશ્ચરિત્ર ખેલી શકાય, પણ હવે દીક્ષા લેશે તો કામ બગડશે માટે ઉડાવ એને ! પણ ઊભી રહી વિચાર કરે છે કે એમને મરી ગયા પછી તો મારે સતી થવું પડે ! પણ ના, પાછળ બળીને ન મરવું પડે તેનો તો ઉપાય છે, માટે તો ડોળ કરવાનો પતિની પાછળ બળી મરવાનો ! પણ મંત્રી ડાહ્યા છે એટલે કહેશે કે આ કુમારના માથે અને રાજ્યના માથે પીઢ કોણ છે ? મહારાજા તો અકાળે ઊપડી ગયા. હવે આ બધું સંભાળનારું તમારા વિના બીજું કોણ છે ?' એમ મને આગ્રહ કરશે તેથી ટૂંકે કામ પતી જશે.

**શિક્ષણ શાનાં દેવાં ?**

દંભ ખેલવો હોય તો રસ્તો જડે કે નહિ ? જડે. પણ પવિત્ર બનવું હોય તો ઝટ રસ્તો જડતો નથી ! પાપી બનવા અનેક રસ્તા છે, એ માટે કોઈ નિશાળ-કોલેજની જરૂર નથી. વગર પરીક્ષા અને ડિગ્રી મેળવ્યે મહાનિષ્ણાતા છે. તેથી એનાં પાછાં શિક્ષણની લપ ક્યાં વળગાડવી ? શિક્ષણ તો એનાં લેવાં કે જે વિના શીખ્યે નથી આવડતું.

શું છે એ ? કહો

સંસારના કૂડા હિસાબની ભયાનકતા, માનવભવનાં ઊંચાં કર્તવ્ય, કાયાના સ્થાને આત્માનું મમત્વ, પવિત્ર ઉદાર હૃદય, તત્ત્વવિસ્તાર.

આવાં બધાંનાં શિક્ષણ લેવાં ને દેવાં જરૂરી છે. અનાદિ અનંત કાળમાં એમાંનું કાંઈ નથી આવડ્યું. અહીંય એકદમ નથી આવડતું, તેથી ગુરુ પાસે અને શાસ્ત્ર પરિચય દ્વારા એનાં વારંવાર શિક્ષણ-અભ્યાસ જોઈએ.

યશોધર મુનિ સમરાદિત્યના જીવ ધનકુમારને કહી રહ્યા છે, કે 'હું પ્રથમ



ભવે સુરેન્દ્રદત્ત, પત્નીની એક દિવસના વિલંબની માગણી મંજૂર કરી. જમવાનો સમય થયો, એટલે જમવા બેઠો. આજે છેલ્લો દિવસ છે તેથી મહાન આડંબર છે. જમાડનાર રસોઈયા નોકર ભારે આદર-બહુમાનવાળા, તેથી બરાબર બરદાસ કરવા માટે નાક ને મોઢું ઢાંકે તેવી બુકાની બાંધી તૈયાર ઊભા છે, જેમ ઓપરેશન કરનાર દાક્તર.

**વિનય મર્યાદા :-**

તમે પૂજા કરવામાં શું કરો છો ? નાક, મોઢું બંને બાંધો કે એકલું મોઢું ? કદાચ નાકની આડે કપડું ન લાવતા હો તો ગૂંગળાઈ ન જવાય માટે કે ફેશન ? વિધિ આ છે, આઠપડા મુખકોશથી નાક-મોઢું બંને ઢાંકવાનાં. એક રાજા એટલે તો માત્ર એના રાજ્યમાં માન્ય, એની જો એવી ચાકરી, તો ત્રણ જગતના નાથ દેવાધિ-દેવની ચાકરી માટે વિધિનું કેટલું કડક પાલન જોઈએ ? તીર્થંકરદેવ પ્રત્યેના વિનયનો માથે ભાર કેટલો રાખવો જોઈએ ? રાજાના સેવકને ખ્યાલ હોય છે કે બધી સેવા કરું, પણ જો આ વિનય ચૂક્યો તો આખી આજીવિકા જાય, ને કદાચ દંડ થાય, ત્યારે અહીં શું એમ માની લેવાનું કે ભલે અવિનય કરીએ છતાં સેવાનો લાભ મળશે ?

**કર્મ અવિનયીની ખબર લઈ નાખે :-**

ચાહ્ય ભગવાનની ભક્તિ કરો કે ગુરુની ભક્તિ કરો, યા જ્ઞાનાદિની ઉપાસના કરો, પરંતુ અવિનય-બેઅદબી કરતાં પહેલાં આ ખ્યાલ જોઈએ, કે '**એથી** તો મારી બધી મહેનત એળે જશે ! એક ગાથા ગોખવી છે, કે પાનું વાંચવું છે, પરંતુ જ્ઞાનનો, પુસ્તકનો અવિનય કર્યો તો મહેનત માથે પડશે, એમ ગુરુની ઘણીય ચાકરી ઊઠાવું, પરંતુ જો ઉદ્ધતાઈ કરી, ગુરુનાં અપમાન કર્યાં, વિનય-મર્યાદા ગુમાવી, તો મારી પાકી ખબર લેવાશે ! આ તો કર્મનું શાસન છે ! ઉદાર ગુરુ તો કદાચ ચલાવી લેશે, પરંતુ કર્મ સજ્જડ ખબર લઈ નાખશે !

પૂર્વ ભવમાં મનમાંય ગુરુ માટે જરા હલકો ભાવ સેવ્યો હતો તો મેતારજને ધર્મ મળવો ભારે મોંઘો થઈ પડ્યો ! બ્રાહ્મી-સુંદરીને સ્ત્રીનો અવતાર મળ્યો !

ચારિત્ર ધર્મ તો ઊંચો પાળ્યો, પણ મનમાં એટલું જ વિચાર્યું કે 'આમાં જરા નહાવાનું નહિ એ ઠીક નહિ, તો એ ચારિત્રધર્મની આશાતનાએ મેતારજને ભંગીના કુળમાં ઘાલ્યા !'

**વાળાકૂંચીનો અવિનય :-**

એમ, જમીન પર પડેલું ફૂલ પ્રભુને ચડાવવાનો અવિનય કરતાં ભંગીના કુળે અવતાર મળે છે. ત્યારે કૂચડાથી વાસણ કે ઓટલો માંજવાની જેમ વાળાકૂંચીથી

પરમાત્માને ઊટકવા જેવો મહાન અવિનય કરાય તો એનાં કેવાં કૂંડાં ફળ ભોગવવાનાં આવે ? એનો કંઈ ખ્યાલ ખરો ? આ જાતે ન કરો, પણ પૂજારી પાસે કરાવો તો તમારો અવિનય ખરો કે નહિ ? ફરિયાદ કરીએ છીએ કે, 'સંઘનો ઉદય કેમ નથી થતો ?' પણ જ્યાં શાસનપતિની આ મહાવિટંબણા થતી હોય, અને એમાં આખાં અંગનાં અંગ પણ ઘસાઈ જતાં હોય ત્યાં ઉદય શી રીતે થાય ?

દુનિયાના એક શેઠિયાની કે અમલદારની સેવા કરતાં વિનય મર્યાદાનો ભાર માથે રહે છે તો તરણતારણ પરમાત્મા, ગુરુને ધર્મના વિનયનો માથે ભાર કેટલો જોઈએ.

**દિલ બનાવો :-**

ત્રિભુવનતારક પ્રત્યે મહાકૃપાપાત્ર એક રંક તરીકેનું દિલ બનાવો તો આ બને. માથે ભાર જોઈએ, મંદિરે પેઠા ત્યારથી મોટી જવાબદારી. ત્યાં ગમે તેમ બોલાય-ચલાય નહીં. આટલો ખ્યાલ હોય કે અહીં મૂર્તિ નહિ પણ સાક્ષાત્ ત્રિલોકનાથ બેઠા છે, ઇન્દ્રોના પણ ઇન્દ્ર ચક્રવર્તીનાય ચક્રવર્તી બેઠાં છે, જો આ દિલ હોય તો ત્યારથી કર્મક્ષય થવા માંડે ! પછી જવાબદારી સાચવીને બોલાય, પણ ખોટો ઘોંઘાટ નહીં ! સરકારી ઓફિસમાં ગયા હોય ને બહાર બેસવાનો અવસર હોય, કોઈ ગરબડ કરતો હોય તો તમને કહેવાનું મન થાય તો કેવી રીતે કહો ? આસ્તેથી નહિતર ? પટાવાળો બહાર કાઢે ! શું છે મગજ પર ? ભાર છે, કે 'આ તો ગવર્નમેન્ટ ઓફિસ !' કશો કોઈ સાથે બોલવાનો પ્રસંગ નહીં છતાં હૃદય પર ભાર. તેમ મંદિર-ઉપાશ્રયમાં વિનય-અદબથી વર્તવાનું, તો પાપનો અપૂર્વક્ષય ! ધર્મની મોટી કમાણી ! મોટો આધાર દિલ પર છે ! સાધર્મીને પક્વાન્ન જમાડો કે રોટલી જમાડો પણ તે માટે દિલ હોય તો અપૂર્વ પુણ્ય મળે, નહિતર વેઠિયું પુણ્ય મળે. બધોય ધર્મ કરો ને દિલ એવું ન બનાવો તો વેઠ જેટલું જ પુણ્ય છે; પછી એવું શા માટે કરવું ? સાધુને એક ખમાસમણું દો, વીતરાગનાં દર્શન માત્ર કરો પણ દિલ બનાવીને એ કરો.

સુરેન્દ્રદત્ત રાજા જમવા બેસે છે. પીરસનારા નાક-મોઢે બુકાની બાંધીને આવે છે. ત્યાં મહારાણીને બોલાવે છે. તે તૈયાર જ હતી. પહેલેથી આવે તો વહેમ પડે ! આણે રાત્રે ભયંકર નાટક જોયું છે, છતાં એક પ્રકારની ભૂલભૂલામણીમાં ફસાય છે, કે 'આ આવતી કાલે ચારિત્ર લેશે મારી સાથે.'

**પ્ર.**- ભૂલ શાની ? એકાંત થોડો છે કે બગડેલા સારા ન જ થાય ?

**ઉ.**- એકાંત નથી; અનેકાંત છે, બગડેલા સુધરે ય ખરા. પરંતુ આપણને ચોક્કસ ખબર નથી, માટે આવી વ્યક્તિઓના પ્રસંગમાં સાવધાન બનવું પડે.



આપણું આત્મહિત ન જોખમાય, તેથી આમ આપણે અનેકાંત વાણી છતાં આવા પ્રસંગે સમજી જ રાખવું જોઈએ કે 'અયોગ્યનો મને સંગ થયો છે, તો એના ગમે તેટલા સારા બોલ છતાં એના સુધરવાની આશા રાખવી નકામી છે, ઊલટું મારું ય ભેગું બગાડીશ. માટે પહેલાં મારું સુધારી લેવા દે, પછી એનું સુધારવા માટે જોઈશ.'

**નયનાવલિ ઝેર દે છે :-**

રાજા ભૂલો પડે છે તેથી રાણીની એક દિવસના વિલંબની પ્રાર્થના માન્ય કરી લે છે, અને હવે છેલ્લો દિવસ છે ને ? તેથી પૂરા વિશ્વાસે કામ લે છે ! જમવા બેસે છે ત્યાં રાણીને બોલાવે છે. પેલી બડી પક્કી છે, જે ઘાટ ઘડવો છે એમાં રાજાને પહેલેથી કાંઈ જ શંકા ન પડે એ માટે આતુરતા નથી દેખાડતી. બંને સાથે જમ્યા. હવે તંબોલ લેવાનો અવસર આવ્યો. લુચ્ચી રાણી તાલપુટ ઝેર નાખેલું પાનનું બીડું તૈયાર લઈને આવી હતી, એ એણે સિફતથી રાજાની આગળ પ્રેમનું ટાયલું કરતાં ધર્યું ! રાજા ભૂલભૂલામણીમાં છે, એને શાનો અવિશ્વાસ હોય ? બે દિવસ પહેલાં રાણીનું દુશ્ચરિત્ર નજરે નથી જોયું ? જોયું છે, પરંતુ રાણીએ કહ્યું છે ને કે આવતી કાલે આપણે સાથે ચારિત્ર લઈશું ? તેથી એના મહાદુરાચારને પણ ગળી જાય છે ! સાધુને ય શિષ્ય કરવાનો લોભ હોય તો આવું બને છે. ધરાર ખબર હોય કે આવેલી વ્યક્તિએ ભારે નાલાયકતા કરી છે, છતાં એને દીક્ષા દઈ દે છે ! પણ પછી ? પછી શું ? પેલો ઉઠાંતરી કરી ચાલવા માંડે એટલે આંખ ઊઘડે ! મોં વિકાસી જોઈ રહેવાનું !

રાજા ભૂલ્યો, બનાવટી પ્રેમથી અપાયેલું પાનનું બીડું ઝટ ખાઈ નાખ્યું ! માંહી તાલપુટ ઝેર છે, એટલે ખાઈને ક્યાં ઊભો રહે ? પાન ખાઈ હાથ મોં ધોઈ સૂવાના ઓરડામાં ગયો એટલીવારે તાલપુટ ઝેરની અસર એકદમ વ્યાપી ગઈ ! વાર શી ? એકાએક જ રાજાને ભારે ચક્કર ઉપર ચક્કર અને ધરરર ધ્રુજારી ! અંગોપાંગ ખેંચાવા લાગ્યાં ! જીભ જડતા પામવા લાગી ! બોલવાની શક્તિ ગુમ ! નખ કાળા પડવા લાગ્યા ! મોઢું ગ્લાન બની ગયું ! આંખનું તેજ અટકી ગયું ! સિંહાસન પર મોજથી બેસી હુકમો કાઢનારની આ સ્થિતિ થઈ ! સામાન્ય શબ્દોમાંય ન બોલી શકાય ! તત્ક્ષણ ઝેર વ્યાપી ગયું, મરવાની સ્થિતિ જોતજોતામાં થઈ ગઈ ! જમીન પર ગબડી ગયો.

યશોધરમુનિ પોતાના આ પ્રથમ ભવની સ્થિતિ કહી રહ્યા છે. દરવાજેથી નોકર દોડતો આવ્યો. મારા સામું જોઈ, 'આ શું મહારાજ !' એમ પૂછે છે. મારી જીભ જડ છે, એ એણે જોઈ લીધું. ઝેરનો પ્રયોગ થયો લાગે છે, સમજી બૂમ પાડી, કે 'ઝેર ઉતારનાર વૈદ્યને બોલાવી લાવો, હમણાં ને હમણાં લાવો, જેથી કદાચ ઝેર હોય તો ઊતરી જાય !' માણસો દોડતાં ગયા. નયનાવલીને ચિંતા થઈ, કે 'હવે ઝેરની દવા થશે. વળી કદાચ જીવી પણ જાય તો આપત્તિની તપાસ થશે, તેમ પૂર્વની ચિંતા ઊભી રહેશે. હવે હું શું કરું ? રાજાની આસપાસ માણસો વીંટળાઈ ગયા છે.' રાણી આ વલોપાતમાં છે, ત્યારે રાજા અકથ્ય મૂંઝવણ અનુભવી રહ્યો છે. શું થતું હશે સ્ત્રી માટે ? આ જ ને કે 'આ જોગમાયા ! ચારિત્રની વાત કરનાર ઝેર દે છે ? રાજાના મનની ધારણા ક્યાં રહી ગઈ ને પ્રસંગ શો બની ગયો ? આપણે ચમરબંધી ન હોઈએ, સામગ્રી ન હોય, તોય કલ્પના રહે છે કે 'વર્ષે પાંચસો રૂા. બચશે, આટલા વર્ષે આટલા ભેગા થશે, એટલે છોકરાનાં લગ્ન થઈ જશે.' મૂર્ખ છે, એથી દાન પણ નહિ દે ! ખોટી ધારણા ને આશામાં શક્ય સાધના પણ ગુમાવી રહ્યો છે. શાસ્ત્ર કહે છે, 'મારું મૃત્યુ બીજી મિનિટે છે એમ સમજી ચાલુ મિનિટે ભાવ ધર્મના રાખો, પાપના નહિ.'

**મદનરેખાનો ઉપદેશ :-**

મદનરેખાએ મરતાં પતિને શું સમજાવ્યું ? જો કષાયમાં વર્તો છો અને મરણ ડોકિયાં કરી રહ્યું છે, તો કઈ ગતિ થશે ? જૈન શાસ્ત્ર જાણો છો ને ? 'ભાઈ દગાખોર હતો, માટે મને થઈ જાય કષાય,' એવો બચાવ નહીં ચાલે. તેમ કષાય એ આપણો મહાન ગુનો છે, એની સજા ભોગવ્યા વિના નહિ ચાલે. તેમ પરલોક સામે આંખ મિચામણાં કર્યે પરલોક નહિ અટકે. ભાઈનો વિચાર કરવાને બદલે જાતનો વિચાર કરો. મૃત્યુ નજીકમાં નક્કી છે, હું બચાવી શકાવની નથી ને તમારા ઉપર મારું મોત નથી, એ ત્રણ વાત નક્કી છે. કોઈ તમારું રખેવાળ નથી, કોઈ ધન્વંતરી વૈદ્ય પણ નથી, તેમ ઘા પણ જીવલેણ વાગ્યો છે. એવી સ્થિતિમાં પડ્યા છો, છતાં કષાયમાં વર્તો છો તો તેમાં નરક સિવાય શું મળશે ?' રૌદ્ર ધ્યાન; અનંતાનુબંધી કષાય, કૃષ્ણ લેશ્યા, એ ત્રણે જીવને નરકમાં નાખી દે છે. કોઈ બચાવ નહીં !

**સંસારમાં જીવને દુઃખરૂપી સજા દેવા માટે જીવના પોતાના જ ગુના જોવાય છે, પારકાના નહિ.**



કષાય કર્યો, રૌદ્ર ધ્યાન કર્યું, લેશ્યા બગાડી, પછી ગમે તે કારણે, પણ આ બધા ગુના જ છે. શા સારું આવી ભૂલ તમારા જેવા કે જેને વીતરાગનો ધર્મ મળેલો છે, એના મનમાં એ આવે ? 'આ પછીની મિનિટે મરણ છે તો આ મિનિટ શા સારું બગાડું ? ભલે આખું જગત બગડો, પણ હું મારી મિનિટ નહીં બગાડું, કારણ કે પછીની જ મિનિટે મરવાનું છે.' તે તરત ઠેકાણે આવી ગયો. સમજી ગયો શું કરવાનું ! પડખે બેઠી પત્ની મદનરેખા આ કરાવે છે, મોટાભાઈની પ્રત્યે વૈર બાંધવાનો નાશ કરાવ્યો.

## • અંતિમ ભાવના •

'ખામેમિ સવ્વજીવે, વિસેઅસો તંપિ જિઠ્ઠબંધૂણં' સર્વ જીવોને ખમાવું છું; તે મોટા ભાઈને પણ વિશેષ કરીને ખમાવું છું. ભાઈ ! તમારી ક્ષમા માગું છું. મને માફ કરજો. તમારું ભલું થશો. મને એક મોત અસહ્ય લાગે છે, તો પછી નરકમાં તો અબજો પરાર્ધો નહિ, કિન્તુ અસંખ્ય વાર આથીય ભયંકર મૃત્યુ જેવી પીડા કેમ સહન થાય ? અસહ્ય દરદમાં એમ થાય છે કે દુશ્મનને પણ આવું દુઃખ ન થજો, ત્યારે નરકગતિનાં દુઃખ તો સાંભળતાં પણ કમકમી ઊપજે એવાં હોય છે, એ કેમ કાયાથી સહ્યાં જાય ? તો ઇચ્છું છું. ભાઈ ! તમને એવાં દુઃખ ન આવો. ભલું થાઓ તમારું. હવે મારે તો આમાં મારાં પૂર્વનાં પાપ ખતમ થાય છે, કોઈ ચિંતા નહિ. **'અરિહંતા સરણં, સિદ્ધા સરણં, સાહુસરણં. જિણધમ્મો સરણં,** મારે અરિહંતનું શરણ હો, સિદ્ધનું શરણ હો, સાધુનું શરણ હો. જિનધર્મનું શરણ હો, નમસ્કારમંત્રનું ધ્યાન હો, નમો અરિહંતાણં નમો સિદ્ધાણં.'

ચાલ્યું ધર્મરટણ. કેટલું બધું પરિવર્તન ! ઘોર વાદળાં હોય ને એકાએક જબરા વંટોળથી વીખરાઈ જઈ સૂર્યનો ઝગમગાટ પ્રકાશ પ્રસરે, એમ મદનરેખાના મરતા પતિના હૃદયમાં તત્ત્વજ્ઞાનનો, ક્ષમા-સમતાનો અને અરિહંતાદિ શરણ-સ્મરણનો ભવ્યાતિભવ્ય પ્રકાશપુંજ રેલાઈ રહ્યો !

## • મનનો બિગાડો •

શાથી ? એવું તો નથી ને કે બીજી મિનિટે ન મરવાનું હોય તો આ મિનિટ ન સુધારવી ? બસ, આ યાદ રાખી લો કે 'બીજી મિનિટે મરવાનું છે માટે આ મિનિટે મન ન બગાડું; અને કદાચ મરવાનું ન પણ હોય તોય આ મિનિટે મન ન બગાડવું કેમ કે,

**બગડેલા મનના દારુણ પરિણામ મારે જ ભોગવવા પડે.**

**જીવની થતી દુઃખની સજામાં જીવનો પોતાનો જ ગુનો જોવાય છે.**

**જીવના ગુનામાં દુઃખની સજા જ આવે છે, માટે મન બગાડવાનો ગુનો ન કરું.'**

કોઈના પર દ્વેષ, મારવાની બુદ્ધિ, અહંકાર, માયા, વિષયતૃષ્ણા, મમતા દુઃખનો ઉદ્વેગ, શોક, હાસ્ય આ બધા મનના બગાડા છે, ગુના છે. એથી ઊલટું દુશ્મન ઉપર પણ દયા, જીવમાત્રની રક્ષણ-બુદ્ધિ, નમ્રતા, નિખાલસતા, વૈરાગ્ય, નિઃસ્પૃહા, સુખ-દુઃખમાં ઉદાસીનભાવ, ધીરતા, ગંભીરતા, આ બધા મનના સુધારા છે.

કોઈ પણ સંયોગમાં, કોઈ પણ પરિસ્થિતિમાં આ સાવધાની રાખી શકીએ છીએ કે આપણું મન ન બગાડવું. એ માટે આ વિચાર છે કે 'કોને ખબર કેટલું જીવવાનું છે ? ટાઈમ ટૂંકો છે, કામ ઘણું કરવાનું છે. પૂર્વના અસંખ્ય જન્મોનાં પાપ અને અનંત જન્મોની વાસના-વિકારો નાશ કરવાના છે.' આ નાનું કામ કે મોટું ? પણ ત્યારે એવો વિચાર કરતા નહિ કે ક્યાં આ એક ભવમાં એ બધું થઈ શકવાનું છે. કેમ કે ભલે સર્વ પાપવિકાર નાશ ન થઈ શકવાના હોય, પરંતુ મન સુધારો, ઊજળું પવિત્ર મન રાખો તો એનો પાયો નખાય છે, પાપનાશ અને દોષનાશ થતો આવે છે, જે ભવાંતરે વિકસીને મહાનિર્મલ મન અને સર્વપાપ નાશ સુધી પહોંચાડશે. બાકી મન અહીં બગાડ્યું તો એ પાયો તો દૂર રહ્યો, ઊલટું પૂર્વના પાપ અને વાસના વિકારોમાં થોક વધારો થશે, અને ભવિષ્યમાં એનું નિરાકરણ આઘું જશે.

**માનવમનની આ વિશેષતા છે કે બગાડેલું મન પાપ અને દોષોના થોક વધારે, ત્યારે નિર્મળ મન જંગી પાપનાશ-દોષનાશ કરી થોક પુણ્ય વધારે.**

બસ, આ કરો, મૃત્યુ યાદ રાખો. સુરેન્દ્રદત્તને કોઈ ધારણા નહોતી, કે આવા મૃત્યુદાયી ઝેરના પ્રયોગ થશે, તરત મૃત્યુ આવશે. એટલે પત્નીનું એક દિવસના વિલંબનું માયા-વચન માની લીધું. ત્યાં એ પત્ની તરફથી જ ઝેરનો પ્રયોગ થયો. માણસનું ધાર્યું શું થઈ શકે ? રાજા જેવો રાજા જિંદગીભર વહાલી કરેલી પત્નીના દ્રોહનો ભોગ બની જાય, વિપુલ સામગ્રી સરંજામની વચ્ચે ઝેરનો શિકાર બની જાય, તો બીજાનાં શાં ગજાં ?

આવા પ્રસંગ જાણ્યા પછી ડાહ્યો માણસ વધારે સાવધાન બની જાય. તમે ડાહ્યા છો ને ? ડાહ્યા બનવું છે ને ? કે મૂર્ખ, અજ્ઞાન, પોતાનો જ નાશ પોતાના જ હાથે કરનારા મૂઢ બનવું છે ? મૃત્યુની ખબર નથી. આ બધું ક્યારે જપ્ત થઈ જાય એની તારીખ જાણતા નથી. પણ જપ્ત તો થવાનું જ છે. કે એમાં સંદેહ છે ? 'ના, ન ય જપ્ત થાય, શાશ્વત કાળ પણ રહે,' એવું માનો છો ? એવું માનવાથી મૂર્ખાઈ ન કરતાં. અને જો કહો કે નિશ્ચિત ખબર છે કે બધું જપ્ત થવાનું



છે, તો પાપમાં રચ્યાંપચ્યાં કોની ખાતર રહ્યા છો ? જે નક્કી જપ્ત થવાનું છે એની ખાતર જ ને ? શું વિચાર નથી આવતો કે જે જપ્ત થવાનું છે એની ખાતર આટલાં પાપ કરું ? મન બગાડી બગાડી મારા આત્માને જ કૂચા જેવો કરું ? અંતે તો મારે ઊપડી જવાનું, બીજું બધું અહીં સલામત, ધોળે દિવસે રૂપિયા બાર લાખ લોઈડ્ઝ જેવી બેંકમાંથી ઊપડી જાય, પોલિસ ચાંપતી છે, કાયદા સલામત છે, છતાં ? એમ કોઈ જાન પર ધાડ પડી. જાનનો એક પણ માણસ કે માલ નહીં ઘટેલો, બધું જ કાયમ, માત્ર વરરાજા જ ગુમ થયો છે. એમ આપણું મૃત્યુ એટલે બાપા, બા, દાદા, દાદી, મામા, મામી, વહુ, છોકરા, સાસુ-સસરા, વેવાઈ, વેવાણ, ભાઈ, બહેન બધા ખાટલાને વીંટળાઈને બેસે, પાસે તિજોરી પણ સલામત, પણ ત્યાં માત્ર આપણે જ ગુમ થવાનું. ઘરમાં બધું જ સલામત, માત્ર પોતે કોઈ અજ્ઞાત પ્રદેશમાં જાય ! જે જમેલા ખાતર અઢાર પાપસ્થાનક માથે લીધા છે, તે કાયમ; અને આપણે ગુમ ! આવું બીજી મિનિટે છે. ત્યારે આ બધા મારા રહેશે નહીં. નથી હું કાંઈ અમર રહેવાનો નથી આમાંથી કોઈ સાથે આવવાનું. તેના ખાતર પાપ સેવવાં ને પાપનાં પોટલાં લઈ જવાં ? ઓછું મળશે તો ઓછું ખાઈશ પણ નીતિ નથી ગુમાવવી, જૂઠ નથી બોલવું, મારું મન દબાવી દઈશ. મારે વેર-ઝેર નથી જોઈતા. હું માણસ છું, મારું જીવન પવિત્ર જોઈએ. તેમાં વેર-ઝેર, માયા, પ્રપંચ, હુંસાતુંસી અને જૂઠ-ડંફાસ ન છાજે ! ઇંદ્રિયોની ઉછ્રૃંખલતા-મનથી ભયંકર કોટિના વિચારો નહીં, જીવન કેવું જીવવું એ વિચારવા જેવું છે. વિચારો, શા માટે જીવી રહ્યા છો ?

## • જીવવું શા માટે ? •

માનવ તરીકે જીવવું શા માટે એ વિચારો. શું જીવીએ તો ખાઈએ, પીએ મોજ કરી શકીએ, રોફ મારી શકાય, એ માટે જીવવાનું ? પણ મર્યા પછી શું ? જીવવાનું ધર્મની આરાધના કરી શકીએ એ માટે. હૈયે આ જ વસેલું હોય. શ્વાસોચ્છ્વાસમાં ધર્મની આરાધના રમતી હોય.

**મરી જઈએ તો ધર્મની આરાધના થઈ શકે નહિ, માટે જીવવું છે; તેમાં વીતરાગના ધર્મની ઊંચામાં ઊંચી આરાધના કરી લેવી છે.** ધર્મની આરાધનાથી વંચિત રહેવાનું દેખાય ત્યાં જીવવું ન ગમે. સતીઓ જીવનમાં શીલનો ભંગ દેખાય તે પહેલાં જીવવાનો મોહ છોડી દે છે. ત્યારે જો ધર્મ માટે જીવવાનું છે, તો ધર્મનો ઉમળકો ક્યારે લાવવાનો ? ૬૦ મે વર્ષે ? કે ૮-૧૫-૨૫-૩૫ મે વર્ષે ? ઘડપણમાં ધર્મ થઈ શકે એ માટે જીવવાનું રાખ્યું હોય તો મૃત્યુ સાથે દોસ્તી કરી લાગે છે,

જેથી એ વહેલું નહિ જ આવે ? તેમજ જો ઘડપણમાં ધર્મ કરવાનો, તો અત્યારનું જીવવાનું તો પાપ માટે જ થયું ને ?

ભવિષ્યમાં ધર્મસાધના કરી શકીએ એ માટે જીવીએ છીએ એવું ન ચિંતવતા. લક્ષ તો એ રાખો કે અત્યારે ધર્મસાધના કરવા માટે જે જીવીએ છીએ, તે આવું દરેક વર્તમાન સમય માટે ધારી રાખવાનું છે. જીવતા હોઈએ ત્યારે બીજી પ્રવૃત્તિય ચાલુ હોય છે. એટલું જ નહિ પણ કેટલીય પ્રવૃત્તિઓ જીવવા માટે કરવીય પડે છે. જેમ કે આહાર, પાણી, શ્વાસોચ્છવાસ. પરંતુ આ કરીને જીવવું જ શા માટે ?

ત્યારે પૂછો કે તો પછી શું મરી જવું ?

ના, હું મરી જવાનું કહેતો નથી, પણ એટલું વિચારવા આપું છું કે **'જીવવું શા માટે ?'**

એમ ન કહેતા કે 'મરવાનું દુઃખ મોટું છે તેથી જીવવુ સારું;' કેમ કે તો તો પછી જીવવાનો ઉદ્દેશ મરણથી બચવાનો થયો, પરંતુ એ પાર પડે એમ નથી ! કેમ કે એક વાર તો મૃત્યુ આવીને ઊભું જ રહે છે, એટલે 'જીવવાનું ફળ મરણથી બચાવ,' એ ક્યાં સિદ્ધ થયો ? વળી એટલો જ ઉદ્દેશ હોય તો જીવવાના ફળમાં બીજી-ત્રીજી વસ્તુની ઝંખના પણ નહિ રખાય. 'જીવીએ છીએ માટે રંગરાગ ઉડાવો, જીવીએ છીએ, માટે પૈસા પાછળ મંડો, જીવીએ છીએ માટે રોફ, સત્તા, પ્રપંચ ખેલી લો,' આ બધું કેમ કરાય ?

એમ માનતા હો તો એમ કહો કે 'જીવવું શા માટે ? તો કે રંગરાગ, કૂકા, રોફ, સત્તા વગેરે માટે.' પણ ના, એમ તો કહેવું નથી કેમ કે ખબર છે કે એ રંગરાગાદિનાં પ્રયોજન, જીવવાનાં ફળ તરીકે, સરખી રીતે સિદ્ધ થતાં નથી, ઊલટું પારાવાર ચિંતાઓ, ઉપાધિઓ, વ્યાધિઓ વગેરે વેઠવાં પડે છે ! તો પછી એ શું સુખ માટે જીવવાનું થયું કે દુઃખ માટે ?'

**દુઃખ માટે જીવવાની ઈચ્છા નથી, પરંતુ જીવો છો તેથી જ દુઃખ કેડો મૂકતાં નથી,** આ હકીકત છે. સુખ તો વચમાં અમાસની રાતે આગિયાના સહેજ ઝગારા જેવું આવી જાય છે, બાકી તો કેઈ જાતનાં દુઃખ, કષ્ટ, તકલીફોનો હિસાબ નથી. તો આ માટે તો જીવવાનું પસંદ કરતા નથી, તેમ રંગરાગાદિ માટે જીવવું એમ માનતાં પહેલાં વિચાર થાય છે કે 'આ જગતમાં જીવો પૂર્વભવે એ માટે જીવવાની ધાંધલ કરીને વર્તમાન ભવમાં કેવા કીડા-મંકોડા ને પશુના અવતાર પામી દુઃખમાં રિબાઈ રહ્યા છે ! એ નજરે દેખાય છે; તેમ જ્ઞાની ભગવંતો પણ એ કૃત્રિમ, ક્ષણિક અને પરાધીન સુખોના કટુવિપાક આવવાનું કહે છે, તો પછી એના માટે જીવવાનું પસંદ કેમ કરાય ?'



**તો પ્રશ્ન ઊભો રહે છે કે જીવવું શા માટે ?**

**એનો જવાબ એ જ કે** આટઆટલાં કષ્ટ, ચિંતાઓ વગેરેની વચ્ચે પણ જીવવું છે એ ધર્મ માટે. જીવતા હોઈએ તો ધર્મ કરી શકીએ. મર્યા પછી કોને ખબર કેવો ભવ મળ્યો, ને ત્યાં ધર્મસાધના મળે કે કેમ ? માટે, વર્તમાનમાં જે જીવવાનું તે ધર્મ માટે જ, તેથી જીવતા છીએ તો ધર્મ સાધી લેવાનો. અહીં પૂછશો,

**માનસિક ધર્મ સાધના ચોવીસેય કલાક**

**પ્ર.-** જીવવાનું તો દરેક સમયે ચાલુ છે; તો પછી દરેક સમયે ધર્મસાધના કઈ થઈ શકે ? શું આખો દિવસ ધર્મ થઈ શકે ? તો પછી જીવનનિર્વાહનાં કાર્ય ક્યારે કરવાનાં ?

ઉ.- આ મૂંઝવણ કરવાની જરૂર નથી. કેમ કે આખો દિવસ થઈ શકે એવી ધર્મસાધના માનસિક ધર્મસાધના છે.

**માનસિક ધર્મસાધના માટે કોઈ પણ સંયોગમાં દરવાજો બંધ નથી;**

દરેક સ્થિતિમાં એ થઈ શકે; તે એટલે લગી કે કાયા કદાચ આરંભ-પરિગ્રહમાં જોડાયેલી હોય તો પણ ત્યાં,

(૧) મન એને આશ્રવ તત્ત્વરૂપે લેખી એનાથી થતી કિંમતી માનવ જીવનની બરબાદી ઉપર ગ્લાનિ અનુભવતું હોય,

(૨) એના ભાવી કટુવિપાક પર મન કંપ અનુભવતું હોય, અને

(૩) એની વચ્ચે ધર્મસાર કાઢી લેવા મન ઝંખતું હોય. આ માનસિક ધર્મસાધના છે.

(૧) મનને આરંભ-પરિગ્રહમાં મોજ ન હોય, ખેદ હોય, કેમ કે પાપરૂપ એ ભાસતા હોય.

(૨) મનને લાગતું હોય કે આ આરંભ-પરિગ્રહ એ માનવજીવનનું કર્તવ્ય નથી, કર્તવ્ય તો નિરારંભ-અકિંચન ચારિત્ર પ્રવૃત્તિ છે, પવિત્ર જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર એ કર્તવ્ય છે. એ કર્તવ્ય કરવાનું મૂકી અકર્તવ્ય કરી રહ્યો છું. તેથી મહામોંઘેરો માનવ સમય બરબાદ થઈ રહ્યો છે.

(૩) વળી એ આરંભાદિ પાપોના પરભવે કટુવિપાક ભોગવવા પડશે, તેથી મનને કંપ થતો હોય,

(૪) અમે જ એના સાથે સાથે થતા કષાય, કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મત્સર વગેરે પણ જીવને પાપના ભારથી ભારે કરે છે ! અહો ! પાપના ભાર ઓછા કરવાના આ ભવમાં ભાર વધારવાની કેટલી કમનસીબ દશા ! એમ મનને

ઉદ્વેગ હોય.

(૫) એટલું જ નહિ પણ એ કુસંસ્કારો ભૂલવા-ભૂંસવાના આ ઉચ્ચ ભવમાં વિષય-કષાયના સંગ કરી કરીને ફરી પાછા કુસંસ્કારોને દૃઢ કરવાનો આ કેટલો ખતરનાક ધંધો ! એનો મનને પારાવાર ખેદ હોય.

(૬) એમ, માનસિક ધર્મ માટે મન તત્ત્વનું ચિંતન કરે. ખાસ કરીને જ્યારે કોઈ અનિષ્ટ પ્રસંગ આપણી સામે બની આવે છે, કોઈ આપણને ન ગમતી પ્રવૃત્તિ કરતું દેખાય છે, અગર કોઈ ઇન્દ્રિયાકર્ષણના પદાર્થ નજર સામે અગર સ્મરણમાં ખડા થાય છે, અથવા કોઈના પર ગુસ્સો, અરુચિ, ઉદ્વેગ હૃદયમાં ઊછળી આવે છે, આવા અવસરે મનને કોઈ તત્ત્વની વિચારણામાં જોડી દેવાથી એ બીજા કામે લાગી ગયું, એટલે હવે સામેના પ્રસંગ, પદાર્થ, કે ક્રોધ-ઉદ્વેગાદિ લાગણીમાંથી મન છૂટું પડી જાય છે, અથવા કહો મનમાંથી એ નીકળી જાય છે. આ તો જ બને કે જીવનમાં જીવ-અજીવ-પુણ્ય-પાપ વગેરે તત્ત્વોનું ચિંતન, કર્મસિદ્ધાંતનું વિસ્તારથી ચિંતન અવરનવર ચાલુ હોય, એ કરી કરીને તત્ત્વના વિસ્તૃત વિચાર હસ્તગત કર્યા હોય. પછી એવો કોઈ અનિષ્ટ પ્રસંગ કે પદાર્થ ઊભો થયો, યા કોઈ કષાય, મોહ, હાસ્ય કે શોક જાગવાની તૈયારી દેખાઈ કે તરત પેલી તત્ત્વ વિચારણા શરૂ કરી દેવાય, એને બહુ ઘૂંટેલી હોય તેથી પ્રબળ કષાયના આવેગની સામે પણ એ સહેલાઈથી ચાલવાની. દા.ત. જીવોના ૫૬૩ ભેદ કયા કયા, એના અવાંતર ભેદ કયા કયા, આ વિશ્વમાં એ ક્યાં ક્યાં રહ્યા છે, અને કેવી કેવી યાતનાઓ ભોગવી રહ્યા છે, છતાં એમને ધર્મ કેવો દુર્લભ છે, પાપ અને પાપબુદ્ધિ કેવી સુલભ છે, એમનાં આ કેટલાં, કાયસ્થિતિ કેટલી...વગેરે વગેરે વિચારણામાં મન ચઢી ગયું. એવું પુણ્ય-પાપના વિચાર માટે મૂળ કર્મના કેટલા પ્રકાર, ઉત્તરભેદ કયા કયા, એમાં શુભ કેટલાં, અશુભ કેટલાં, એનાં ફળ કેવાં કેવાં ? જીવની એમાં પરાધીન ગુલામ દશા કેવી, એ કર્મ કેવી કેવી રીતે બંધાય, એનાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ વગેરેની વિચારણા ચાલી; એટલે મન એમાં લાગી જવાથી બહારના અશુભ પ્રસંગ, પદાર્થ કે કષાયાદિના આવેગમાંથી બચી જવાનું, અને માનસિક ધર્મની સાધના ચાલુ રહેવાની.

**(૬) એમ, માનસિક ધર્મની સાધનામાં** (i) **મૈત્રી** પ્રમોદ-કરુણા-માધ્યસ્થની ભાવના યા (ii) અનિત્ય, અશરણાદિ બાર ભાવનામાંની કોઈ ભાવના, અથવા (iii) ધર્મધ્યાનના ચાર પાયાના વિષય આજ્ઞા-અપાય-વિપાક-સંસ્થાનની ભાવના મનમાં ભાવ્યાં કરાય.

(૭) એમ, મહાપુરુષના ચરિત્ર વિસ્તારથી વિચારાય તે એટલે સુધી કે



એમણે પ્રસંગે પ્રસંગે સારી વિચારણા-ભાવના કેવા કેવા સ્વરૂપની કરી હશે તે ચિંતવાય.

(૮) અથવા, અનેક પ્રકારની આરાધનાઓનાં અંગો, સ્વરૂપ, વિધિ, વગેરેની વિચારણા થાય, દા.ત. સમક્તિના વ્યવહારના ૬૭ બોલ કયા કયા, માર્ગાનુસારીના ૩૫ ગુણ, યોગપૂર્વ સેવાના પ્રકાર, યોગદૃષ્ટિઓનો પરિવાર, બાર વ્રતો, અરિહંતપદ પ્રાપ્ત કરાવનાર ૨૦ સ્થાનક, નવપદ, વગેરેની વિચારણા થઈ શકે.

(૯) અથવા મન એ શોધવા લાગે કે જુદા જુદા મહાપુરુષોના સુકૃત કયા કયા, વિશિષ્ટ ગુણ કયા કયા, પરાક્રમ કયા કયા, ઉપકાર એમણે કેવાં કેવાં કર્યા, વગેરે વિચારાતું જાય અને એની અનુમોદના કરાતી જાય કે ‘ધન્ય સુકૃત ! ધન્ય જીવન ! કેવા ઉત્તમ ગુણ !’ વગેરે.

(૧૦) માનસિક ધર્મસાધનામાં બીજાં વિવિધ ચિંતન આવે. દા.ત. (i) આપણા જીવે કેવાં કેવાં અધિકરણો એટલે કે પાપસાધનોનો, હિંસા અને મોહકારી સાધનોનો પથારો પાથરી મૂક્યો છે, એ કેટલો પાપનો બોજ વધારે છે, ને એને કેવી કેવી રીતે ઓછો કરતો આવું ! (ii) કેટલો મહાપુણ્યે આ કેવો ઊંચો માનવભવ મળ્યો છે, એમાં કેટલો અનુપમ અવસર મળ્યો છે ! કેવા કેવા દોષત્યાગ, કેવા કેવા ગુણોપાર્જન, કેવા કેવા સહન કરવાના ધર્મ, કેવી કેવી ક્ષમા સમતાના અવસર, ને કેવા કેવા પરમાત્મસ્મરણ તત્ત્વરમણતા વગેરેના અમૂલ્ય અવસર મળ્યા છે ! એનું ચિંતન; (iii) આયુષ્યની અવિશ્વસનીયતાનું ચિંતન; (iv) વર્તમાનકાળે પણ ભવ્યાત્માઓની વિવિધ આરાધનાનું ચિંતન, (v) સમવસરણ કે કોઈ શત્રુંજયાદિતીર્થ, યા અનુમોદનીય ભવ્ય ધર્મ પ્રસંગનું ચિંતન, (vi) સ્વદોષોના બાધક ઉપાયનું ચિંતન...ઈત્યાદિ ઈત્યાદિ કરી શકાય.

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૯,અંક-૨૯,તા.૮-૪-૧૯૬૧

(૧૧) માનસિક ધર્મસાધનામાં સહેલું કાર્ય અરિહંતનો જાપ અને નવકારમંત્રના રટણનું છે. એમ,

(૧૨) સ્વદોષનિંદા યા સુકૃત અનુમોદના છે. નવકારમંત્રનું સ્મરણ બે રીતે થાય; (૧) અક્ષરના આલંબનથી, એટલે કે જાણે નજર સામે નવકાર પદો સ્પષ્ટ લખેલા દેખાય અને આપણે એને વાંચીએ છીએ એ રીતે; (૨) અર્થના આલંબનથી, અર્થાત્ જાણે દૃષ્ટિ સામે અનંતા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો છે, અને એમને નમસ્કાર કરતાં જઈએ છીએ ને નવકાર સ્મરતાં જઈએ

છીએ. બેમાંથી એક રીતે મનમાં રટણા ચાલે.

(૧૩) એમ, માનસિક ધર્મસાધના માટે પાંચ પરમેષ્ઠીનું વિવિધરૂપમાં માનસિક દર્શન કર્યે જવાનું. દા.ત. મન સામે દેખાય કે અરિહંત પ્રભુ સમવસરણ પર બિરાજ્યા છે, બાર પર્ષદા બેસી ગઈ છે, પ્રભુને ઈન્દ્ર ચામર વીંજે છે ! ભામંડલ છત્ર, અશોકવૃક્ષ અને સિંહાસન ચકચકી રહ્યાં છે ! ઝરમર ઝરમર પુષ્પવૃષ્ટિ થઈ રહી છે ! દિવ્ય ધ્વનિ (બંસરીના સૂર) રેલાઈ રહ્યા છે, ને દુંદુભિ બજી રહી છે ! અથવા સુવર્ણકમળ પર પગલાં માંડતાં પ્રભુ વિહાર કરી રહ્યા છે ! પાછળ ગણધરાદિ મુનિઓ, જઘન્યથી ક્રોડ દેવતાઓ વગેરેનો પરિવાર ચાલી રહ્યો છે ! અરિહંતનાં આવાં આવાં પણ રૂપક વિચારાય. એમ આચાર્ય, ઉપાધ્યાય, સાધુના અનેકાનેક રૂપક વિચારાય.

માનસિક ધર્મ સાધનામાં તો આવાં કેઈ ચિંતન, ભાવના, સ્મરણ, ધ્યાન, અરિહંતાદિના સુકૃતના અનુમોદના વગેરે કરી શકાય છે. તમે કહેશો આ બધું એક સાથે કેવી રીતે મનમાં લાવી શકાય ? પરંતુ બધું સાથે લાવવાની વાત નથી. આ બધું તો તમે ધ્યાનમાં રાખી લો એટલા માટે કહ્યું છે. પછી તો અવસરે અવસરે એમાંથી જે મુદ્દો સ્ફુરે તે મુદ્દા પર મન લગાડવાનું છે. એમ બધો જાગ્રત અવસ્થાનો સમય અશુભ વિચારો, વિકલ્પો, કષાયો કે ફાસફૂસિયા વિચારો ટાળી કોઈ ને કોઈ માનસિક ધર્મસાધના ચાલુ રાખવાની છે, અને તે રાખી શકાય છે.

**સારું જીવવા મનોરથો :-**

તો અહીં તે જીવીએ છીએ તે શા માટે જીવવાનું ? તો કે ધર્મસાધના માટે જીવવાનું છે. મનને એમ રહે કે "હું શા માટે જીવી રહ્યો છું ? એટલા જ માટે કે ધર્મ સાધતો રહું, નહિતર તો શ્વાસોચ્છવાસ લીધા શા કામના કે જે ધર્મસાધના વિના ખાલી ધમણના પવનની લે-મૂક જેવા પસાર થાય ? અરે ! ધમણ તો બિચારી સારી કે એ બીજાને ઉપકાર કરનારી બને; ત્યારે મારે તો બીજાનો તો શું પણ મારી જાતનોય ઉપકાર થાય નહિ. જો ધર્મસાધના વિનાના પ્રાણ ચાલ્યા કરે," અને ધર્મસાધના જો નહિ, તો કર્મસાધના વળગી જ છે, તેથી તો મારો જ કચ્ચરઘાણ વળે, ભયાનક ભવસાગરમાં જન્મ-મરણ, રોગ-શોક, ત્રાસ-વેદના અને અધમ યોનિઓમાં ચકરડી-ભમરડી વગેરેનો પાર નહિ ! માટે મારે તો એકેક શ્વાસોચ્છવાસ કિંમતી છે. એનો ઉપયોગ એ જ કરું કે કોઈ ને કોઈ ધર્મસાધના ચાલુ રાખું, એમાં સાથે સાથે કૃતઘ્નતા, અનુચિતતા, ઈર્ષ્યા, રોષ, અભિમાન, સ્વાર્થાંધતા, તૃષ્ણા, વક્રતા, વગેરે અનેકાનેક દોષ પૈકી કોઈ ને કોઈ એક-અનેક દોષને કચરતો ચાલુ, કચરવા માટે એના હૃદયવેધી પશ્ચાત્તાપ, સંતાપ અને હવે



એને દબાવવાના નિર્ણય ને યોજના કરું. એમ ઉદારતા, કૃતજ્ઞતા, પરોપકાર, ક્ષમા, નમ્રતા, ગુણાનુરાગ, ઔચિત્ય વગેરે ગુણોના મનોરથ, નિર્ધાર અને પ્રયત્ન કરતો રહું." જીવન જીવવાના આવા કોઈ એક માત્ર ઉદ્દેશ નક્કી કરાય, તો આત્માનાં અધઃપતન અટકાવી ઉદય સચોટ સધાય.

## • જીવનમાં કોઈ ઉદ્દેશ નક્કી છે ? •

**જીવન જીવવાનો ઉદ્દેશ નક્કી કર્યાની** તો બહુ બલિહારી છે. એથી જાગૃતિ આવી જાય છે, પાવર, જોસ આવી જાય છે; ઉદ્દેશ વિનાનું ગમે તેવું રામાટામામાં વેડફાઈ જતું જીવન બચાવી લેવાય છે.

દુકાન પર બેઠેલાને ઉદ્દેશ કમાવાનો સચોટ ખ્યાલમાં છે તે ત્યાં ગપ્પાં-સપ્પાં મારવા બેસતો નથી, પાનાબાજી ખેલતો નથી; તેમ દેખે કે ઘરાક ખાલી લમણાફોડી કરાવવા આવ્યો છે તો એને રવાના કરે છે.

મોટી સંશોધનશાળાઓમાં અભ્યાસ કરનારનો ઉદ્દેશ નક્કી છે તો ભારે ખંતથી સંશોધનમાં મચ્યો રહે છે.

કોરટમાં કેસ લડનારને ઉદ્દેશનો પાકો ખ્યાલ છે તો અહીંથી તહીંથી ચારે બાજુથી સાક્ષી પુરાવા ભેગા કરવા અને ન્યાયાધીશને ખાતરી થાય એ માટે શું શું કહેવું એ વિચારવા મથે છે.

રોગીને સાજા થવાનો ઉદ્દેશ નક્કી છે તો દવાઉપચાર, એના ખરા ચિકિત્સક, પથ્યાપથ્ય વગેરેની ચિંતા વિચારણામાં મશગૂલ રહે છે, ઔષધસેવન વગેરેમાં ખબરદાર રહે છે. અરે ! કોઈની સાથે વાતચીત કરશે એમાંય રોગ, ઉપચારની જ કથા વિશેષ માંડે છે.

દુનિયાના આવા આવા તો કંઈ દાખલા છે, કે જેમાં ઉદ્દેશ નક્કી હોય છે તો એની પાછળ માણસ ધૂન લગાડે છે. અરે ! એક પાળેલા કૂતરાનેય માલિકને ખુશ કરવાનો ઉદ્દેશ નક્કી છે તો એ માટે બરાબર ખબરદાર રહે છે; જ્યાં મોકો મળે કે ચાટુ કરે છે.

એમ જીવન જીવવાનો ઉદ્દેશ નક્કી કર્યાની બલિહારી છે. પછી એક મિનિટ બગાડવી પોષાતી નથી, પાલવતી નથી. ઉદ્દેશ નક્કી કર્યા પછી એને સિદ્ધ કરવાના ઉપાય પણ નિશ્ચિત કરવામાં આવે છે, અને તેથી જ્યાં જ્યાં મોકો મળ્યો કે ત્યાં ત્યાં એ ઉપાયમાં પ્રવૃત્તિ ચાલુ થઈ જ જાય છે. નકામા ગપ્પાંસપ્પાં, વિકથા, કૂથલી, નિંદા, રામાટામા વગેરે, જુઓ તો, દુન્યવી કોઈ ઉદ્દેશ નક્કી કરનારના પણ જીવનમાં નહિ દેખાય.

**કુદરતની રોજ ૨૪ કલાકની ભેટ :-**

એક પરદેશીએ 'Twenty four hours a day' ('દિવસ દીઠ ૨૪ કલાક') નામનું પુસ્તક લખ્યું છે. એમાં લેખકે એ બતાવ્યું છે કે કુદરત તમને દર નવી પ્રભાતે તાજાં ૨૪ કલાકની ભેટ કરે છે. એમાં એ પૂછતી પણ નથી કે 'અત્યાર સુધીના ભેટ કરેલા કલાકો તમે વેડફી નાખ્યા હતા કે ?' 'એમ હોય તો જાઓ તમને નવી ભેટ નહિ મળે.' એવું એ કહેતી નથી. એ તો એટલી બધી ઉદાર રહે છે કે હજી પણ એ તમને નવી ૨૪ કલાકની ભેટ કરવા તૈયાર રહે છે. પરંતુ અફસોસ એટલો છે કે માણસે પોતાના જીવનમાં કોઈ ખાસ ઉદ્દેશ નક્કી નથી કર્યો હોતો એટલે એ ૨૪ કલાકમાંના કેટલાય કલાક એમ જ વેડફી નાખે છે ! બરબાદ કરે છે ! દા.ત. શનિવારે અડધી રજા પડી ત્યારથી સોમવારે કામ પર ચડશે ત્યાં સુધીમાં એનું જીવન જુઓ તો રખડતારામ જેવું હશે. એમાં કોઈ નક્કર કાર્ય નહિ, કલાકોના કલાકો એમ ને એમ પસાર કરી નાખવાના ! એવી રીતે બજારમાંથી ઘરે આવ્યો. જમવાને કલાકની વાર છે, તો એ કલાક એમ જ જવાનો ! સંબંધીને ત્યાં મળવા ગયો, સંબંધી બહાર ગયા છે તે આવતાં કલાક વાર લાગી, તો એ કલાક એમ જ વેડફાઈ જવાનો ! નહાવા ઊઠ્યો, અડધો કલાક પાણી ગરમ થવાને વાર લાગી, તો એ સમય એમ જ ટહેલવામાં પસાર ! દિવસમાં આવા તો કેટલાય ૫-૧૦-૧૫ મિનિટોના ગાળા કંઈ જ કામ વિના એમને એમ જાણે બગાસા ખાવામાં પસાર થયે જાય છે !

**જીવનમાં સારો શોખ ઊભો કરો :-**

હવે અહીં જુઓ, એ પરદેશી લેખક લખે છે કે ધારો કે તમે પરામાં રહેતા હો, અને ધંધાર્થે શહેરમાં પરાની રેલવેમાં બેસી જતા હો, પરંતુ સ્ટેશને પહોંચતાં ધારો કે એક ગાડી ઊપડી ગઈ, હવે બીજી આવવાને અથવા ગાડી લેટ્ (મોડી) છે, એને આવવાને કલાકની વાર છે, તો શું કરવાના ? પ્લેટફોર્મ પર હર્યાં-ફર્યાં ને આશીર્વાદ જ ને ? અથવા માનો કે ગાડી સમયસર આવી પણ શહેરમાં પહોંચતાં એને પોણો કલાક લાગે છે, તો એટલો વખત ગાડીમાં બેઠાં બેઠાં શું કરવાના ? નક્કર કોઈ કાર્ય નથી, એટલે આડુંઅવળું જોવામાં કે વાતો-ગપ્પાં-સપ્પાંમાં સમય પસાર ! આમ કેટલોય વખત વેડફાઈ જાય છે. લેખક કહે છે કે 'એને લેખે લગાડવા આ કરો કે જીવનમાં એક હોબી (Hobby) યા સંગીત-ચિત્ર જેવી શોખની વસ્તુ શોધી કાઢો, કે જેમાં કંઈક પણ રસ હોય. પછી એના લાયબ્રેરીમાં પુસ્તક શોધી, એને વાંચવા માંડો અને ફકરે ફકરાની કે પાને પાનાની સારભૂત નોંધ ડાયરીમાં ટપકાવતાં જાઓ. જ્યાં નવરા પડ્યા કે એ પુસ્તક તૈયાર જ હોય,



છેવટે નોટ તૈયાર જ હોય, કામ ચાલુ રહે.' આપણે એમ કહીએ કે શોખની વસ્તુ, રસની વસ્તુ કોઈ પાપની ન જોઈએ, બાહ્ય ભાવમાં ખેંચી જનારી ન હોય, જડની માયા-મમતા વધારનારી નહિ જોઈએ, કિન્તુ આત્મ કલ્યાણની હોય, અધ્યાત્મ ભાવ વધારનારી હોવી જોઈએ. દા.ત. નવકારનો જાપ.

**નવકારજાપનો રસ ઊભો કર્યો.** મનમાં સંકલ્પ કર્યો કે મારે આ જિંદગીમાં સવાક્રોડ નવકાર ગણવા છે. બસ, લાગી ધૂન. પછી તો જ્યાં જ્યાં મોકો મળ્યો કે એ જ લઈ બેસવાનું જ થાય. જીવનનો ઉદ્દેશ નક્કી થઈ ગયો કે નવકારની રટણા માટે મારે જીવવાનું છે. પછી તો કેમ ? કે કોઈની રાહ જોતાં જરા બે મિનિટ પણ થોભવું પડ્યું કે ત્યાં નવકાર ચાલુ. એમ કોઈના પર ગુસ્સો આવી મનમાં એના વિકલ્પ શરૂ થવા માંડ્યા, ત્યાં તરત મનને નવકાર તરફ વાળી દેવાશે 'લાવને ત્યારે નવકારનો જ સ્ટોક વધારું;' એમ કરી નવકાર રટણા ચાલુ થશે.' એવું બીજા-ત્રીજા વિકલ્પો વખતે પણ એ જ. વળી નવકાર સાથે વધુ સંબંધ બાંધવા વધારવા એના પુસ્તક લઈ બેસાશે. એમાંથી વાંચી વાંચીને ટૂંકી નોંધ કરી લેવાશે. અવસરે અવસરે એ નોંધનું પુનઃ પુનઃ વાંચન-મનન-રટણ થશે.

એમ, **જીવનમાં તત્ત્વજ્ઞાનનો શોખ** નક્કી કર્યો. પછી કેમ ? તો કે એનાં પુસ્તક મેળવી-મેળવીને વાંચવાનું, નોંધવાનું, મનન કરવાનું, ને વારં વાર યાદ કરવાનું, આ ધંધો ચાલુ થઈ જશે. ક્યાંક ગયા અને કંઈક સારું વાંચવા-સાંભળવા મળ્યું, કે તરત મનમાં અંકિત કરી લેવાશે, મનને રહેશે કે ક્યારે એને મારી નોટમાં ટપકાવી લઉં. એટલે બરાબર ધારી રાખીને પછી ઘેર જઈને નોટમાં લખી લેવાશે.

એમ, **શોખ રાખ્યો અર્હદ્‌ની સ્તુતિ પ્રાર્થનાનો.** પછી મન એ ખોજમાં પડશે કે કેવી કેવી રીતે નવાં નવાં વિશેષણોથી અરિહંત ભગવાનની સ્તુતિ કરું. આત્માના શુદ્ધીકરણ માટે નવી નવી પ્રાર્થના કરું. સ્તુતિ માટે અરિહંતના કેટલાય નાના મોટા ગુણો, કેઈ કેઈ વિશેષતાઓ કેઈ પરોપકાર, અનેકાનેક શક્તિઓ, ઈત્યાદિ શોધી શોધીને ભગવાનને સંબોધીને આંતરિક રીતે બોલાતા જશે. એમ કેટલાય પ્રકારની ઉપમાઓથી સ્તુતિ કરાતી જશે. 'હે નાથ ! તું જગદુદ્ધારક, વીતરાગ, ભુવનગુરુ, ત્રિભુવનતિલક, જન્મસિદ્ધ ચાર અતિશયવાળો, અક્રોધી, અમાની...હે વિશ્વવત્સલ, જગત્પિતા, જગન્મિત્ર, હે નિરંજન, નિરાકાર, નિર્લેપ, નિર્વિકલ્પ, નિરામય, નિર્દોષ, નિરીહ, નિષ્કામ, નિર્ભેદ, નિર્વિકાર, નીરાગ...હે પરમ પુરુષ, પરમેસર, પુરુષોત્તમ, પરમયોગી, પરમતપા, પરમધ્યાની, પરમેન્દુ, પરપ્રાણ...'આવા આવા કેઈ સંબોધનોથી સ્તુતિ કરાતી રહેશે; એમ ઉપમાઓથી સ્તુતિ;-એમાં 'હે ત્રિભુવનનાથ ! તું કલ્પવૃક્ષની જેમ જીવોના ઈષ્ટને પૂરનારો છે, પવનની જેમ

ભક્તહૃદયમાં શુભ અધ્યવસાયોના તરંગો જગાડનારો છે, તું સાગર જેવો ગંભીર છે, મેરુ જેવો નિશ્ચલ છે...' વગેરે વગેરે સૂર્ય, ચન્દ્ર, રત્ન, સિંહ, ચિંતામણિ, કાળઘટ, રત્નખાણ, સુવર્ણ, દર્પણ ઇત્યાદિની ઉપમાઓથી સ્તુતિ કરાશે. અરે ! એમાં તો આગળ વધતાં પછી જે કાંઈ નજરમાં આવ્યું કે મગજમાં સ્ફુર્યું એની કડી અરિહંત સાથે જોડી સ્તુતિ કરાતી જશે. આ માટે સ્તવનો, ચૈત્યવંદનો, નમુત્થુણં, ભક્તામર વગેરે સ્તોત્રોનો ઉપયોગ કરાશે. નવું-નવું વાંચન કરી-કરી એમાંથી આ શોધી કઢાશે. બસ, ધૂન લાગી, હવે એક મિનિટ પણ વેડફી નાખવાની છે ક્યાં ?

મરી જઈએ તો ધર્મસાધના નહિ થાય માટે જીવવું છે. એ જીવવાનું ધર્મસાધના માટે જ હોય ને ? તો જીવવાની પ્રત્યેક ક્ષણ લેખે લાગે એ સારું પહેલાં કહ્યું તેમ માનસિક ધર્મસાધના ચોવીસે કલાકની બનાવી દો. એ કેવી કેવી, એ ફરીથી યાદ કરી લો.

૧. નવકારમંત્રનું સ્મરણ, પદોથી કે અર્થથી.
૨. પરમેષ્ઠીનું વિવિધ રૂપે ચિંતન.
૩. જીવાદિતત્ત્વ અને યોગ આદિ પદાર્થોનું ચિંતન.
૪. તત્ત્વદૃષ્ટિએ અવલોકન.
૫. અનિત્ય આદિ કે મૈત્રી આદિ ભાવનાઓ.
૬. મહાપુરુષોના પરાક્રમ, ગુણો, સુકૃતો.
૭. તીર્થંકર પ્રભુ આદિનું સળંગ જીવન.
૮. શત્રુંજયાદિ તીર્થયાત્રા
૯. સ્વદુર્ગુણ-દુષ્કૃત્યના પશ્ચાત્તાપ
૧૦. દર્દભરી પ્રાર્થના
૧૧. નવા નવા શુભ મનોરથ
૧૨. ભક્તિ કે વૈરાગ્યાદિની કાવ્યરચના
૧૩. વિષય-પરિગ્રહ-આરંભ-કષાયોના ખેદ.

ચોવીસેય કલાકના માનસિક ધર્મની સાધના શરૂ કરી દો, પછી તો ખોટા વિચારો, ચિત્તની ચંચળતા, કષાયોના જોર, વગેરે ક્યાંય દૂર ભાગી જશે, મન બળવાન બનશે અને તેથી કાયા, ઇન્દ્રિયો, વાણી અને બાહ્ય સામગ્રી દ્વારા કેઈ સત્કૃત્યો અને કેઈ સત્પરાક્રમો જીવનમાં મઘમઘતા થઈ જશે ! આત્મા ખરો તવંગર બની જશે !

**ધર્મ કરનારો જ સાચો ધનાઢ્ય છે; ધર્મ વિહોણો પૈસાદાર પણ રંક છે, રાંકડો છે.** રંક એટલા માટે કે પરલોકની દીર્ઘ યાત્રા માટે કોઈ પુણ્યની મૂડી ભેગી



નથી કરતો ! રાંકડો એટલા માટે કે અહીં મોહમદારીના હાથમાં રાંકડા સર્પની જેમ રમી રહ્યો છે ! અને પરભવે દુષ્ટોના હાથે રાંકડાપણે માર ખાય છે ! ધર્મહીન યુવાન શ્રીમંત મરી જાય તો દયા આવે છે, કઈ દયા ? 'બિચારો મહાલહેરમાંથી ગયો !' આ ? અરે ! જીવ્યા હોત તો જાતની વધુ કતલ સિવાય બીજું શું કરવાનો હતો ? દયા તો એ આવવી જોઈએ કે 'બિચારો ધર્મ કમાયા વિના ગયો ! મોટી સંસારયાત્રામાં એનું શું થશે ? વધુ જીવ્યો હોત અને કોક ગુરુને ભેટ્યો હોત તો ધર્મ પામી જાત ! હવે શું પામે ? માનવભવેથી ભ્રષ્ટ થયા પછી એ અવસર ગયા.' આ લોકોત્તર દૃષ્ટિની દયા છે.

આપણે કદાચ પૈસે ગરીબ હોઈએ છતાં ધર્મસાધનામાં ઓતપ્રોત હોઈએ તો મહા તવંગર છીએ. આની ખુશી મગજ પર રહેવી જોઈએ. પછી આવા કપરા કાળમાં પણ આપણે મસ્તી અનુભવી શકીએ. દુનિયા પોક મૂકે છે, પણ આપણે મસ્ત હોઈએ; કેમ કે વીતરાગના ધર્મની સાધનાનું મહાધન સંચિત કરી રહ્યા છીએ. આત્માને મહાશ્રીમંત બનાવવો હોય, પવિત્ર બનાવવો હોય તો આ કરો કે રોજિંદા જીવનમાં પણ ભરચક ધર્મસાધના અને ચોવીસે કલાકની માનસિક ધર્મસાધના ચાલુ હોય; તેમજ તૃષ્ણા, મદ, મત્સર, માયા, જૂઠ, અનીતિ, અન્યાય વગેરે દુર્ગુણોને ખાસ કરીને મોક મોકે કચરતા ચાલીએ, ઊભવા જ ન દઈએ.

રાજા સુરેન્દ્રદત્તનો પ્રસંગ સાવધાન કરે એવો છે. પત્નીએ ઝેર દીધું છે, માણસો વૈદને તેડવા ગયા છે, રાજા બેભાનપણે કારમી વેદના ભોગવી રહ્યો છે. ત્યાં રાણીને વસવસો થયો કે વૈદ આવીને કદાચ આને જિવાડી દેશે તો ? માટે મનમાં ઘાટ ગોઠવે છે કે 'વૈદના આવતાં પહેલાં આને ખતમ કરી દઉં.' દુષ્ટતાની હદ છે ?

**ધર્મમાં લિમિટ બંધાય ? :-**

આપણા જીવે પણ પૂર્વભવોમાં આવા કેઈ ખેલ ખેલ્યા હશે. ત્યાં જો દુષ્ટતાની હદ નથી રાખી, તો અહીં ધર્મીપણાની હદ શા માટે રાખીએ ? બીમાર પડો ને ઉપરાપર દાક્તરનાં બીલ ચઢતાં જાય તો શું હદ બાંધો છો ખરા કે બસ હવે દવા બંધ કરો ? 'ના, તેના વિના તો ન ચાલે,' એમ કહો છો. ત્યાં હદ નહિ બાંધવાની; તો પછી અહીં આત્મામાં તો હજારગુણી, લાખગુણી બીમારી છે, એની દવારૂપે ધર્મમાં હદ કેમ બંધાય ? શું મનને એમ થાય નહિ કે 'પહેલાં પાપ બેહદ કર્યાં હવે ધર્મ બેહદ કરું, પૂર્વે ગુસ્સા અમાપ કર્યા, તો હવે ક્ષમા અમાપ દાખવું; પહેલાં રાગ પારાવાર કર્યા, હવે વૈરાગ્ય અપરંપાર કેળવું; આજ સુધી ઈર્ષ્યા-અસૂયા બહુ કરી, હવે હેતભાવ, ઉદારભાવનો ધોધ વરસાવું...' પાપ અમાપ

કર્યા છે તો ધર્મ અમાપ કરવો પડશે. ચોમાસું પૂરું થાય છે ને સંતોષ થઈ જાય છે કે 'ધર્મ ઘણો કર્યો, હવે શાંતિ રાખો.' આ દેખીએ છીએ અમે એટલે અમને પણ કોડ કર્યા વિના રહેવાતું નથી કે આ ભાગ્યવાનોને પમાડાય એટલું પમાડી દો; ધર્મમાં લિમિટ બાંધવી રહેવા દ્યો એમ ઠસાવી દો.

**ધર્મનીય સીઝન કોક વાર આવે :-**

ઘણાંને બાકી હશે આંબેલ વર્ધમાન તપનો પાયો અને એના પર આગળ ચણતર. ઘણાને બાકી હશે જીવનમાં એક વાર પણ વિધિપૂર્વક લાખ નવકારનો જાપ. ભૂખ્યા રહીને લૂખું ખાઈને નહિ, રોજ ખીર ખાઈને હોં. સીઝન કોકવાર આવે છે. વિશાળ સંસારમાં ધર્મની ઊંચી સામગ્રી અહીં મળી છે, એનો ઊંચો વેપાર નહિ કરી લો, ઊંચાં પુણ્ય નહિ કમાઈ લો, તો પછી બીજે ક્યાં અને ક્યારે કરશો ? કવિ કહે છે,

**" નરભવ નયર સોહામણું, વણઝારા રે**
**પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયક રે**
**સત્તાવન સંવરતણી, વણઝારા રે**
**પોઠી ભરજે ઉદાર, અહો મોરા નાયક રે "**

## • થાવર ચંડાલનો પ્રસંગ •

પેલો શેઠનો છોકરો વિચારમાં પડે છે કે રોજ ને રોજ તાજી રસોઈ જમાડનારી મા આ શું કહ્યા કરે છે કે 'દીકરા વાસી ખાયે જાઓ છો, દુઃખી થશો ?' માને પૂછે છે, 'તું શું કહેવા માગે છે ?'

માતા કહે છે 'ભાઈ ! એનો અર્થ તો આચાર્ય મહારાજ કહેશે.' માને દીકરા પાસે ઊંચો ધર્મવેપાર કરાવવો છે અને તેથી આચાર્ય મહારાજની ભલામણ કરે છે.

છોકરો હવે તત્પર થયો તે ઊપડ્યો આચાર્ય મહારાજ પાસે, ને ત્યાં જઈ વંદના કરી અર્થ પૂછે છે ત્યારે આચાર્ય મહારાજ કહે છે. 'એનો અર્થ અમુક ગામમાં થાવર ચંડાલ રહે છે તે કહેશે.'

'જા બિલાડી મોભા મોભ' જેવું થયું. પણ હવે અર્થ જાણવાની લગની લાગી છે, તે માતાને પૂછી ઊપડ્યો તે ગામમાં, થાવર ચંડાલને પૂછવા ગામમાં પેઠો. નાકા પર એક વાણિયાની દુકાન છે, સારો માણસ ધારી એને પૂછે છે.

'શેઠ, થાવર ચંડાલનું ઘર ક્યાં ?'

**'પાપ' અને 'વાલેસરી' :-**



અહીં શેઠ ઘરાકોને પતાવવામાં પડ્યો છે, બે પૈસાનું જાયફળ, પૈસાની ચા, ને ત્રણ પૈસાનું તેલ. વકરો જામ્યો છે ત્યાં શેઠને જવાબ આપવાની ક્યાં ફુરસદ કે પરવા છે ? ઊલટું મનને એમ થાય છે કે 'અત્યારે આ પાપ ક્યાં આવ્યું ?' બિચારો પરદેશી માણસ અજાણ્યો, તે પૂછે છે, એ જાણે પાપ માથે પડ્યું લાગે છે ! જેની પાસેથી નાણાંપાણી ન મળે એમ હોય તે 'પાપ', કાંઈ સ્વાર્થ સધે એમ ન હોય તે 'પાપ' ! અને એક જમણની ટિકિટ આપે તોય વાલેસરી ! એમજને ? કેવું સામ્રાજ્ય છે મોહનું ! 'પાપ' તો એ લાગે કે જે આપણને પાપમાં જોડવા આવ્યો હોય. નિંદાકૂથલી કરવા આવ્યો હોય, જૂઠ બોલાવવા આવ્યો હોય. ત્યાં એમ થાય કે 'આ પાપ ક્યાં આવ્યું ?' જીવનમાં બ્રહ્મચર્યનાં મહાન મૂલ્ય સમજતો હોય એને વિષયાંધ પત્ની વહાલ કરતી આવે તો લાગે કે 'આ પાપ ક્યાં લાગ્યું ? કોઈ લડવા આવે, કષાય કરાવવા આવે તો એમ થાય કે 'આ પાપ ક્યાં આવ્યું ?' ત્યારે આ વેપારીને પરદેશી જરા પૂછી રહ્યો છે એ 'પાપ' લાગે છે !

જીવનાં, આવો રૂડો માનવભવ મળવા છતાં, ઉત્થાન કેમ નથી થતાં ? મૂળમાં લેખાં ને હિસાબ જ ઊંધા માંડી મૂક્યા છે, માટેસ્તો. એ સુધરે, સીધા થાય તો ઉત્થાનની દિશા લાગે. રમતિયાળ બાળક નિશાળે જવા લાગે છે અને એને સમજાય છે કે 'રમત એ જ સર્વસ્વનાં લેખાં ઊંધા હતાં, 'ભણતર એ જ સર્વસ્વ એ લેખું બરાબર છે, પછી વિદ્યાપ્રાપ્તિના ઉત્થાનને માર્ગે તન-મન જોડે છે. એમ અહીં અનાદિનાં ઊંધાં લેખાં સુધરે,

**'પાપ'ને 'વાલેસરી'નાં માપ રૂપિયા-આના-પાઈથી ન મપાય, પણ આપણા આત્માને પાપ-પુણ્ય કમાવામાં કેવા સહાયક થાય છે, એના પર મપાય.'**

એમ થાય ત્યારે કલ્યાણના ઉત્થાનના માર્ગ ખૂલે. મહાપુરુષોને ઉપસર્ગ કરનાર કાંઈ ઉપદેશ દેવા દ્વારા કે બીજી રીતે સહાયક થવા નહોતા આવ્યા, ત્રાસ વરસાવવા આવ્યા હતા, છતાં એને વાલેસરી કેમ માન્યા ? કહો એટલા જ માટે કે પુણ્ય કમાવામાં. પુણ્ય એટલે ? કર્મક્ષય, એની કમાણી કરવામાં સહાયક થતા લાગ્યા, તેથી વાલેસરી લાગ્યા. જૈનશાસન આપણને આ લેખું આપે છે.

વેપારી બિચારો રૂપિયાના કાટલે માપનારો, તે પરદેશી પાપરૂપ લાગે છે, એટલે મોઢું બગાડી કહે છે, 'અહીં શું પૂછો છો ? જાઓ, જાઓ, આમ આમ થઈને આમ આમ જજો ત્યાં મળશે થાવર ચંડાલ.'

પેલાને તો આટલુંય ઘણું લાગ્યું, બતાવેલ દિશાએ ચાલ્યો અને થાવરચંડાલના ઝૂંપડા આગળ આવી ઊભો. બૂમ મારે છે,

'થાવર ચંડાલ છે કે ?'

ચંડાલ બહાર આવી જુએ છે કે કોક અજાણ્યો માણસ છે, પણ કપાળમાં કેશરનો ચાંલ્લો છે, તેથી સાધર્મિક જાણી ખુશી ખુશી થઈ ગયો. થાવર ચંડાલ શ્રાવકધર્મ પામ્યો હતો, એટલે એને મન કાકા મામા કરતાં સાધર્મિક ખરો કિંમતી મહત્ત્વનો લાગે એમાં નવાઈ નથી. જુઓ, પેલો દુકાનદારેય શ્રાવક હતો, આ ચંડાળ પણ શ્રાવક છે. કેટલો બધો ફેર ! આને મન સાધર્મિક એટલે જાણે ગોળનું ગાડું !

તમારે પણ એમ જ છે ને ? જે ખુશી કાકા-મામા કે ફૂકા દેનાર ભેટતાં ન થાય એ સાધર્મિકને જોતાં થાય છે ને ? પેથડશાહ મહામંત્રી હાથીના હોદ્દે સવારી નીકળ્યા હોય ત્યાં રસ્તામાં નવો સાધર્મિક જોતાં નીચે ઊતરી જઈ એને વહાલથી ભેટી પડતા ! ત્યારે એ તો વાત છે કે-

**જો સાધર્મિક એવા હૃદયમાં નથી ચોંટી જતા તો ભગવાન ચોંટી જવા ક્યાં સસ્તા છે ? ભગવાનની રૂએ સાધર્મિક આપણાં સાચાં સગાં છે. ભગવાન બહુ ગમે છે, તો ભગવાનના સેવક, ભગવાનના પૂજક પણ બહુ ગમે જ.**

થાવર ચંડાલ હાથ જોડી પ્રણામ કરે છે, પૂછે છે, 'કહો ભાગ્યશાળી ! ફરમાવો શો હુકમ છે ? હું જ થાવર ચંડાલ છું.'

શેઠનો છોકરો માતાના વચનથી માંડીને બધી હકીકત કહી બતાવે છે, ને 'વાસી ખાયે જાય છે, દુઃખી થઈશ' એનો અર્થ પૂછે છે.

ચંડાલ ખુશી થઈને કહે છે, 'વાહ, અહો ભાગ્ય મારાં કે આપ મારા આંગણે આ માટે પણ પધાર્યા છો, પરંતુ જવાબ એમ નહિ દઉં.'

પાછી વિમાસણ થઈ, 'માએ આચાર્ય મહારાજ પાસે ધકેલ્યો, ને આચાર્ય મહારાજે થાવર ચંડાળ તરફ મોકલ્યો, ત્યારે અહીં હજી ચંડાળ કહે છે, 'જવાબ એમ નહિ દઉં તો એક ઉત્તર આપવામાં હજીય શું બાકી છે ?' ચંડાળ કેમ ના કહે છે તે હવે પછી.

------------------------ X ------------------------

સમરાદિત્ય કેવળી ભગવાનનો જીવ ચોથા ભવમાં ધનકુમાર મુનિ યશોધર મહાત્માનું રોમાંચક ચરિત્ર સાંભળી રહ્યો છે. મુનિ કહે છે, 'પત્નીએ ઝેર દીધા પછી હું અકથ્ય-અતુલ વેદના ભોગવી રહ્યો છું, માણસો વૈદને તેડવા ગયા છે, અને અહીં પત્ની વૈદ આવે તે પહેલાં જ મારા રહ્યાં-સહ્યાં પ્રાણ કાઢી નાખવા પેરવીમાં પડી છે. પણ એને વિલંબ ક્યાં પાલવે એમ હતો ? રાજભવનમાં વૈદને



લઈ આવતાં શી વાર લાગે ? એ તો જાણે ગભરાટમાં ઉપરના વસ્ત્રને ફેંકતી કેશ છૂટા મૂકીને છાતી ને માથું પીટતી પીટતી, ને 'હે આર્યપુત્ર ! હે આર્યપુત્ર ! હાય ! આ તમને શું થઈ ગયું ?...' એમ પોકારતી આવી.

કેવો ખેલ છે ! સંસારમાં આ નવું નથી. માટે જ ડાહ્યા માણસો એવા સંસારથી ઉભગે છે. રાણીના કલ્પાંતને જોતાં બીજાને એમ લાગે કે રાજા તો મરવા પડ્યા છે. પણ આ રાણીય કાંક શોકના આઘાતથી મરી ન જાય ! પણ આવા પ્રસંગે કોણ રોકે એને ? એ તો પહોંચી રાજા પાસે. સ્ત્રીજાત, માયાના બધા ખેલ આવડે છે. આક્રન્દ કરતી સીધી પડી રાજાના શરીર પર, ને વહાલ કરતી ગળે બાઝે છે. કલ્પાંત ચાલુ છે, 'નાથ ! આ તમને શું થઈ ગયું ? અરેરે ! તમે તો બધાને સંભાળનારા ને મારા પ્રાણથી અધિક પ્યારા ! તમને આ ઉપદ્રવ ? અને હું અભાગણી જીવતી ઊભી છું ? તમને દર્દ આવે એના કરતાં મને જ મોત કેમ નથી આવતું ?...' સાચું છે કે ઢોંગ ? પાકો ઢોંગ, કેમ કે આક્રંદ કરતી જાય છે ને ગળે લગાડેલા હાથનો અંગૂઠો જોરથી ગળચી પર દાબે છે.

યશોધર મુનિ ધનકુમારને કહી રહ્યા છે, કે 'હે દેવાનુપ્રિય ! આમ તો મારા પ્રાણ કંઠે આવી ગયા હતા, એમાં આ પ્રાણપ્યારી કરેલી પત્નીના અંગૂઠો-આંગળાંના દબાણથી ભયંકર ત્રાસ-રિબામણ સાથે પ્રાણ દેહમાંથી નીકળી ગયા. જીવનભર વહાલી કરેલી પત્નીની આ દગાખોરી અને ક્રૂરતા તથા ઝેરપ્રયોગ અને ગળું દાબવાના પ્રયોગથી ઊપજેલી અપરંપાર વેદનાએ જીવનના અંતિમ કાળે આર્તધ્યાનમાં પડ્યો. મરીને આર્તધ્યાનના યોગે, હે દેવાનુપ્રિય ! હું હિમવંત પર્વતના દક્ષિણ ભાગે આવેલા શિલિન્ધ નામના પર્વત પર એક મોરલીના પેટમાં ઉત્પન્ન થયો.'

બસ ખલાસ ? એક દુઃસ્વપ્ન પર ચેતી જઈ સંસાર આખો ત્યજી ચારિત્ર લેવાનો નિર્ધાર કર્યો, માતા ન સમજે તો સમજાવવા કીમિયો ગોઠવ્યો, કીમિયો પસાર થતો તો દેખાયો, પણ માતાના ખોટા દાક્ષિણ્યે લોટના કૂકડાનો વધ અને માંસ તરીકે એનું ભક્ષણ કરવાના પાપમાં પડવું પડ્યું. પછી પણ ચારિત્ર લઈ લેવું છે. રાજ્યગાદી પુત્રને સોંપી; પરંતુ રાણીએ એક દિવસ થોભી બંને સાથે ચારિત્ર લેવા કહ્યું અને થોભ્યા, તો રાણીના ઝેરના પ્રયોગના ભોગ બનવું પડ્યું.

**હૃદયપલટો શાને કહેવાય ? :-**

મહાત્મા યશોધર મુનિએ પહેલા ભવનો સુરેન્દ્રદત્તનો આ અધિકાર કહ્યો. એમાં છેવટનાં પરિણામ તરીકે થયેલ તિર્યંચગતિમાં અવતાર જોતાં દેખાય છે કે સુરેન્દ્રદત્તે રાણીનો ભયંકર દોષ નજરે જોવા છતાં એના પર વિશ્વાસ મૂક્યો તો પોતાની ઊંચી ચારિત્રભાવના ઠેકાણે રહી ગઈ અને દુર્ગતિદાયી આર્તધ્યાનમાં એ તણાયો.

શાથી ? રાણી પર ખોટો વિશ્વાસ મૂક્યો તેથી. શું રાણીનું એક વાર દુશ્ચરિત દેખ્યું પણ પછી ચારિત્ર લેવાની તૈયારી બતાવે છે તો વિશ્વાસ ન મુકાય ? ના, દેખ્યું એક વાર, પણ પેલા કૂબડાના વચનથી કલ્પવું જોઈતું હતું કે આવું તો ક્યારનુંય ચાલતું હશે. એનો હૃદયપલટો એકાએક એવો તે શી રીતે થયો મનાય કે દુરાચારના ચડસમાંથી એકદમ છૂટી એણે મહાસંયમ-બ્રહ્મચર્યમાં જવાનું હૃદયથી નક્કી કર્યું છે ? કેઈ રાત્રિ કાળું કરતી હશે ! રાજા જાગતો હોય ત્યાં સુધી પડી રહે, રાજા ઊંઘે એટલે જાય, પાછી આવીને ઊંઘતા રાજાને કાલાં કરે. રાજાને ગંધ નથી, નજરે જોયું ત્યારે જાણ્યું. હવે એટલામાં પલટો થયો હોય તેવું લક્ષણ નહોતું. એ ચારિત્ર લેવા માત્રના શબ્દથી મનાય નહિ. આપણે પણ ઘણી ઘણી ભૂલોમાં પડ્યા છીએ, છતાં આપણામાં ઉન્નતિને અનુકૂળ હૃદયપલટો થયો છે એ જોવા તપાસવું પડે. જ્ઞાનીઓ દયાળુ છે, તે કહે છે કે ભયંકરમાં ભયંકર ભૂલવાળાને પણ ઊંચે આવવાનો અવકાશ છે, પણ પહેલાં હૃદયપલટો જોઈએ. એ ન હોય તો ઉન્નતિની ટિકિટ નહિ મળે. આપણામાં હૃદયપલટો છે કે નહીં, તે શી રીતે ખબર પડે ? પડે; ખુલ્લો ઈકરાર કરાય, ખુલ્લા દિલે કહેવાય તો શું સંતાપ જોરદાર છે ? પૈસા કે તબિયત ખોવાથી જે હૈયું નથી બળતું તે હૈયું આપણી ભૂલો બદલ બળે છે ? ભવિષ્યમાં હવે આવી ભૂલો ન થાય તો સારું, એમ હૈયું પોકારે છે ? નસ પરની ફોલ્લી થઈ હોય ત્રાસ પોકરાવતી હોય અને પાછી મોટી થઈ ગઈ તો આંખમાંથી આંસુ પડે છે. પણ ડૉક્ટર મળતાં ફોલ્લી ફોડી નાખી તો દિલ શું કહે છે ? કે હવે જિંદગીમાં આવી ફોલ્લી ન થાય તો સારું ! બસ, તેવું દિલ કહે છે કે હવે આ ભૂલો ન થાય તો સારું ?

ભૂલનો સંતાપ અને ઈકરાર શીખો, સ્વ ગુણનાં ગીતડાં ગાવાં રહેવા દ્યો. મનને સમજાવી દો કે એ ગાવા કોઈ બીજો જન્મ રાખજે, આ જન્મ તો ભૂલનો ઈકરાર કરવાનો જ રાખ; સંતાપ કરવાનો જ રાખ, સંતાપ પણ કેવો ? દુનિયાની



બીજી ખોટમાં થાય એ કરતાં કેઈ ગુણો, અને ભવિષ્યમાં ભૂલ ન કરવાની તીવ્ર તાલાવેલીવાળો !

**એ ભૂલનો સંતાપ, ઈકરાર અને ભૂલ હવે ન કરવાના કોડ, આ ત્રણ વાનાં થાય તો હૃદયપલટો થયો માની શકાય.**

**અનાદિના પાપી હૃદયનો પલટો થયો એટલે તો ભવ સાગર મટી ખાબોચિયા જેવડો થઈ ગયો.**

કરવો છે ? તો પાપના હાર્દિક ઈકરાર, સળગતાં સંતાપ, અને પાપ ટાળવાની તીવ્ર તાલાવેલી કરો.

જ્યાં પાપને આજના યુગનું બહાનું કાઢી પાપ તરીકે જ નથી માનવાં, ત્યાં હાર્દિક ઈકરાર ક્યાંથી આવવાના ?

જ્યાં પાપથી દેખાતા અર્થકામના લાભ ઉપર લંપટતા છે, ત્યાં પાપના સળગતા સંતાપ શે આવે ?

જ્યાં પાપ રાખવામાં કોઈ વાંધો જ નથી દેખાતો, ઊલટું આબાદી દેખાય છે, ત્યાં પાપ ટાળવાની તીવ્ર તાલાવેલી જામે જ ક્યાંથી ? રોગ મટાડવાની ભારે તમન્ના હોય, પણ પાપ કાઢવાની કોઈ તમન્ના ?

હૃદયપલટાનાં આ લક્ષણ છે, એ રાણી નયનાવલીમાં ક્યાં હતાં ? જો, નહિ તો હૃદયપલટો શાનો, અને એના પર ભરોસો કેવો ?

ત્યારે આપણામાં એવાં લક્ષણ ન દેખાય એટલે મૂંઝવણ થાય કે તો પછી હૃદયપલટો ક્યાં થયો ? અને એ વિના ગુણસ્થાનકની પાયરીએ ચઢવાની વાતેય શી ? પણ મૂંઝવણ કરવાની જરૂર નથી; કેમ કે હજી પુરુષાર્થ આપણા હાથમાં છે. પુરુષાર્થ એ, કે એ લક્ષણ લાવવા માટે મથવાનું. લક્ષણ એ જ ઉપાય છે. શાસ્ત્રે સમ્યક્ત્વના શમ-સંવેગ વગેરે પાંચ લક્ષણ કહ્યાં; એ લક્ષણો જ સમ્યક્ત્વ લાવવાના ઉપાય બની શકે છે અને,

**ખરો પ્રયત્ન પણ એ છે કે સમ્યક્ત્વ જે લક્ષ્ય છે, તેના માટેની મહેનત તો ખરી, પણ સાથે એનાં લક્ષણ વિકસાવવા માટેની મહેનત વધુ થાય.**

**લક્ષણની ઉપેક્ષા કરીને કરેલી લક્ષ્યની મહેનત માથે પડે છે. માટે લક્ષણો પ્રાપ્ત કરવા મથો, લક્ષ્ય આપોઆપ સધાશે.**

## • સમ્યગ્દર્શનનાં પાંચ લક્ષણ. •

સમ્યગ્દર્શન એ દર્શનમોહનીય કર્મનાં ક્ષયોપશમાદિથી નીપજતો આત્મિક શુભ પરિણામ છે. એ આપણે જગાવવો છે, તો શાસ્ત્રે એનાં જે શમ-સંવેગ-

નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય, એ પાંચ લક્ષણ કહ્યાં છે, એને જગાવવા વિકસાવવામાં ભારે પુરુષાર્થ કરવાની જરૂર છે. શાસ્ત્ર કહે છે કે આ લક્ષણોનો ક્રમ વિશેષતાની અપેક્ષા એ છે, અર્થાત્ શમ-પ્રશમ એ સૌથી વિશિષ્ટ ગુણ છે, એનાથી ઊતરતો ગુણ સંવેગ છે, એનાથી ઊતરતો નિર્વેદગુણ છે,...એમ છેવટે આસ્તિક્ય છે, પરંતુ ઉત્પત્તિક્રમ પાછળથી છે, એટલે કે આસ્તિક્ય પહેલું ઉત્પન્ન થાય છે, એના ઉપર સાચી અનુકંપા પ્રગટે છે, એના પર નિર્વેદ આવે છે, એ આવે ત્યારે જ સાચો સંવેગ જાગે છે, અને તેના આધાર પર જ પ્રશમગુણ પ્રગટ થાય છે.

**(૧) આસ્તિક્ય લાવવા માટે 'જે જિને ભાખ્યું તે નવી અન્યથા' 'તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઇયં'** આ ભાવ ઊભો કરવાનો છે. ભગવાન જિનેશ્વર દેવોએ જે ભાખ્યું તે જ સાચું છે, શંકા વિનાનું છે. જિન પ્રવચન એ જ આ વિશ્વમાં યથાર્થ છે, જિનાગમ એ જ મારે ઈષ્ટ છે, પરમ ઈષ્ટ છે, એ જ હિતકારી છે, પરમ હિતકારી છે, બાકી બધું જ અનિષ્ટ છે, અનર્થરૂપ છે. આવી દૃઢ શ્રદ્ધા, સચોટ ધર્મરંગ, હાર્દિક પ્રબળ આસ્થા, એ આસ્તિક્ય છે.

**(૨) અનુકંપા :-**

એ લાવીએ એટલે જિનપ્રવચને ઓળખાવેલા જગતના બે પ્રકારના દુઃખી જીવો પ્રત્યે અનુકંપા યાને દયાભાવ જન્મે છે. બે પ્રકારના દુઃખીમાં, એક દુઃખી ભૂખ-તરસ-રોગ-પરાધીનતા-વિટંબણા-ત્રાસ વગેરેથી દુઃખી જીવો છે, ને બીજા દુઃખી જીવો પાપ-અધર્મ-દોષ-દુર્ગુણોથી પીડાતા છે. બંને જાતના જીવોમાંથી કોઈનીય પ્રત્યે દ્વેષ-ભાવ નહિ કિંતુ દયાભાવ, 'બિચારા કેવા પીડાઈ રહ્યા છે ! એમના એ દ્રવ્ય-ભાવ દુઃખ દૂર થાઓ. ક્યારે હું એમનાં દુઃખ ટાળું ! એવી લાગણી એ અનુકંપા છે. આ કેળવવા માટે પણ સદા તત્પર રહેવાનું.

**(૩) નિર્વેદ :-**

અનુકંપા આવે એટલે એમ થાય કે 'અહો ! આ સંસાર કેવો છે, એમાં દુઃખ ભરચક ભર્યા છતાં જીવો એના મૂળ કારણભૂત વિષય-કષાયનો સંગ મૂકતા નથી, ને ચારે ગતિ-ચોરાશી લાખ યોનિઓમાં નિરાધારપણે ભટક્યા કરે છે ! કેવો ખતરનાક સંસાર ! કેવા આત્મઘાતક વિષય-કષાયો !' એમ એના પર હૃદયનો ઉદ્વેગ ઊભો થાય, એ ભવકેદ અને વિષયકષાયના બંધનથી છૂટવા તાલાવેલી જાગે, એનું નામ નિર્વેદગુણ છે. નિર્વેદ એટલે સંસાર અને સંસારના કારણભૂત અઢાર પાપસ્થાનક પ્રત્યે સૂગ, અરુચિ, તિરસ્કાર, અકળામણ અને છૂટવાની આંતર ઝંખના.



**(૪) સંવેગ :-**

આ નિર્વેદ ખરેખર પ્રગટે તો પછી એના અંતરૂપ મોક્ષ અને મોક્ષના ઉપાયભૂત શ્રુતધર્મ-ચારિત્રધર્મ ઉપર સાચી પ્રીતિ થાય; એ પાળવાની હાર્દિક અભિલાષા પ્રગટે, પ્રબળ ભવનિર્વેદનો આતશ જાગ્યા વિના આપણે કહીએ કે મારે મોક્ષ જોઈએ છે, ધર્મ જોઈએ છે, એ કથનમાત્ર છે, હાર્દિક સંવેદન નહિ. સંસાર ન ગમે તો જ મોક્ષ ગમે. પાપસ્થાનક-વિષય-કષાયો ખટકે તો જ ધર્મ ખરખર રુચે. એટલે નિર્વેદ જગાડીને ઉભગેલા દિલને મોક્ષ અને ધર્મમાં ઠારવાનું છે, પછી ત્યાં ઠેઠ ઈન્દ્ર સુધીનાં કે અનુત્તર વિમાન સુધીનાં સુખ પણ સંસારનાં જ ને ? માટે એના પર આકર્ષણ નહિ, કિન્તુ અભાવ થશે, સરવાળે દુઃખરૂપ લાગશે, અને એક માત્ર નિર્ભેળ, સહજ અસાંયોગિક અનંત શિવસુખની તમન્ના જાગશે. આ છે સંવેગ.

**(૫) પ્રશમ :-**

સંવેગની પ્રાપ્તિ થઈ, એટલે ઉપશમ, પ્રશમ, શમગુણ પ્રગટવાને અવકાશ મળે છે, ત્યાં પછી હૃદયમાં એવા શાંત રસની છોળો ઊછળે છે, હૈયું એવું પ્રશાંત બની જાય છે કે મોટા અપરાધીના પણ અહિતની ભાવના થતી નથી. **'અપરાધી શું પણ નવિ ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકૂળ' કેમ કે**

(૧) અપરાધી, આપણાં જ કર્મના વાંકે છે,

(૨) આપણે સંસારમાં છીએ, મોક્ષ પામ્યા નથી માટે છે,

(૩) એ પણ પોતાના કર્મ અને મોહશત્રુથી પીડિત છે,

(૪) આપણા આત્મધર્મ અને આત્મસંપત્તિને બગાડી શકતો નથી,

(૫) આપણા માલિક અરિહંત પ્રભુએ એને ખરો દુશ્મન નહિ, પણ આપણાં કર્મ અને મોહને જ ખરા દુશ્મન તરીકે કહી અપરાધીનું અહિત ચિંતવવા ના પાડી છે, એવી તારક જિનાજ્ઞાના પાલનમાં જ શ્રેય છે...વગેરે

માટે અપરાધીનું બૂરું ઈચ્છાય નહિ. આમ હૃદય શાંત સ્વસ્થ બને, અશાંતિના મૂળભૂત પર પદાર્થમાત્ર પ્રત્યેની આસ્થા ઊઠી જઈ સ્વસ્થતા પ્રાપ્ત થાય એ પ્રશમ ગુણ છે.

આ પાંચ ગુણ એ સમ્યગ્દર્શનનાં પાંચ લક્ષણ છે. પરંતુ લક્ષણ એટલે ઉપાય પણ છે. બધીય જહેમત એને પ્રગટાવવા-વધારવામાં કરવી જોઈએ. મન ન માને તો પણ મન મારીનેય એની મહેનત સતત ચાલુ જોઈએ. તો અશક્ય કે દુઃશક્ય શું છે કે સમ્યકત્વ પ્રાપ્ત ન થાય ? લક્ષણોની મહેનત લક્ષ્યને તાણી લાવે છે. દેશવિરતિ-સર્વવિરતિના ભાવ પ્રગટાવવા પણ એનાં લક્ષણભૂત આચાર અને ગુણોની

મહેનત કરવાની છે. એવી જ આ હૃદયપલટાની વાત છે કે ભૂલોનો, પાપનો સાચો સંતાપ, ઈકરાર અને એમાંથી છૂટવાની જ્વલંત તમન્ના એ લક્ષણોને જગાવીએ એટલે લક્ષ્ય-હૃદયપલટો જાગ્યો જ સમજો.

રાણી નયનાવલિમાં હૃદયપલટો નહોતો, એની સંયમ લેવાની વાતે સુરેન્દ્રદત્ત ભૂલો પડી ગયો. ઝેરનો ભોગ તો બન્યો તો બન્યો, પણ વૈદથી ઝેર ઊતરી જીવી જવાનો સમય ન રહે માટે બળાત્કારે ગળચી ટૂંપાઈ તત્કાળ મૃત્યુ પામવાની દશામાં મુકાયો. કોણે આ કર્યું ? કહેવાતી સગી પત્નીએ ! સગી પત્ની જીવવામાં સહાય કરનારી ગણાય કે મારનારી ?

પરંતુ સંસારની આ વિચિત્રતા છે, કે કોઈના પર તમે લાખ ઉપકાર કરો, પણ એનો સ્વાર્થ આડે આવે, સ્વાર્થ ઘવાતો દેખાય ત્યાં એ તમારી અજોડ દુશ્મન બની બેસે.

**સ્વાર્થ સલામત છે ત્યાં સુધી સ્નેહી,-સ્વાર્થ ભંગાતો દેખાય ત્યાં એ જ વૈરી.**

બીજા વેરી કદાચ એટલું ભયંકર ન કરે જેટલું આ કરે. રાજાના મોટા દુશ્મન રાજા લડાઈ કરી એનું રાજ્ય પડાવી લેતા, એને નજરકેદમાં રાખતા, પણ ખાવા પીવા સારી સગવડ દેતા. આ સ્નેહીવૈરી તો ઝેર આપે છે, વધુમાં ગળચી દાબી પ્રાણ કાઢી નાખે છે ! એટલે માત્ર રાજ્યઋદ્ધિ નહિ, માત્ર પ્રાણ નહિ, પણ આખો મનુષ્યભવ અને ધર્મસાધનાની ઊંચી તક ખૂંચવી લઈ દીર્ઘ દુર્ગતિમાં જકડી દે છે.

આ પ્રગટ ક્રૂરતા છે; સીધું દેખાય કે ઝેર આપી ગળચી દાબી મારી નાખવાની ક્રૂરતા કરી;

**પણ છૂપી ક્રૂરતા જાણો છો ?** મહામોહમાં ફસાવી, રાગદ્વેષ-વાસના વિકારોની ભરપૂર સગવડ-પ્રેરણા આપી જીવની જે ભાવકતલ કરાય છે એ છૂપી ક્રૂરતા છે.

**ત્રાહિત જે નહિ કરે, એટલું સ્નેહી ગણાતા કરે છે ! માટે જ એવા સંસારમાં તત્ત્વજાગૃતિ અને સત્પુરુષાર્થ એ જ કર્તવ્ય છે;** અને સ્નેહીને પણ એ જ ભણાવવા જેવું છે, જેથી એ છૂપી ક્રૂરતા અજાણ્યે પણ ન કરે.

નયનાવલિએ રાજાને જીવનભર મોહિત તો કર્યો જ'તો, પણ અંતે ઝેર દઈ ગળું ટૂંપીને એવો આર્તધ્યાનમાં મૂક્યો કે સ્વર્ગદાયી સુંદર ચારિત્રભાવના વીસરી દુર્ગતિદાયી દુર્ધ્યાન સ્વીકાર્યું. પરિણામે મોરલીના પેટમાં પુરાવું પડ્યું.

અહીં એક તાત્ત્વિક વિચાર છે કે પત્ની પહેલેથી દુશ્મન હોત, સ્નેહવિનાની અને ક્લેશકારિણી હોત, તો રાજા દુર્ધ્યાનમાં પડત ખરો ? સંભવ છે, કદાચ ન પડત; કેમ કે હૃદય પહેલેથી એના તરફ ઉદ્વિગ્ન હોઈ ચારિત્ર-ભાવનાથી વિરક્ત બનેલું એ આવું કાંક થતાં એમ જ વિચારત કે 'આ ઝેરપ્રયોગ કરે એ સહજ છે,



એમાં કાંઈ નવાઈ નથી.' પરંતુ અહીં તો પહેલાં સ્નેહી અને પછી વૈરી થઈ દેખાઈ; તેથી એ પચાવવાની શક્તિ ન રહી.

## • પચાવવાની આવડત. •

**હલકું જોયેલું પચાવવું કઠિન છે :-**

સારું જોયા પછી હલકું જોવાનું બન્યું એ પચાવવું મુશ્કેલ બને છે. મનને આશ્ચર્ય થાય છે, સૂગ થાય છે, તિરસ્કાર જન્મે છે કે 'છટ્ ! આવું ?' ત્રણેય ભાવ ખોટા છે, ખરાબ છે.

**આશ્ચર્યમાં** પુદ્ગલ અને સંસારી જીવોની વિચિત્રતાનો ખ્યાલ ભૂલ્યા માટે ખરાબ,

**સૂગમાં જુગુપ્સા-મોહનીયના** ભોગ બનાય છે એ ખોટું;

**તિરસ્કારમાં** દ્વેષને વશ પડાવાનું થાય છે, ને અભિમાન પોષાય છે માટે એ અશુભ ભાવ છે.

**પૂછો, તિરસ્કારમાં અભિમાનને ક્યાં અવકાશ મળ્યો ?**

ઉત્તર એ છે કે જાત સારી લાગે છે, માટે સામા પર તિરસ્કાર છૂટે છે. જાત મહા-ખરાબ લાગતી હોત, 'હું લાખો દોષોથી ભરેલો છું. નીચ છું, અધમ છું,' એમ થતું હોત તો સામા પર તિરસ્કાર ન વરસાવત. પણ જાત માટે ઘમંડ છે. મદ છે, એટલે બીજાનું નરસું સહન થતું નથી.

**કેટલાક કહે છે ને કે 'આપણાથી ખોટું જરાય સહન ન થાય;'** આ જાતના સારાપણાનો-સાચાપણાનો ગર્વ છે, ઘમંડ છે. ખરી રીતે આ પણ સર્વાંશે નથી કે બધું જ ખોટું સહન નથી થતું. જાતમાં ઘણું ખોટું ભર્યું છે, છતાં એ સહન થાય છે, કોઈ દિ' એને બહાર ગાવાનું મન નથી થતું; મન થાય છે બીજાનું ખોટું ગાવાનું, એની સામે ધમધમાટ કરવાનું. આ દંભ છે, 'અરે ! ખોટું જરાય સહન ન થતું હોય તો જાતમાં ખોટું કેટલુંય બની રહ્યું છે, ખોટા વિચાર આવે છે, ખોટા ભાવો જાગે છે, કહી દેને બહાર !' ના, કહે શાનો ? એ તો બીજાના પર સવાર થવાની વાત છે, બીજાની નિંદાઓ કરવી છે, તિરસ્કાર કરવા છે, હલકા પાડવા છે. એમાં નીતરતો અંહકાર છે, નકરું અભિમાન છે, સામા પર કોઈ દયાભાવ નહિ, દ્વેષભાવ સળગી રહ્યો છે.

**દયાની લાગણી હોત,** તો એમ થાત કે 'બિચારો ! કેવો કર્મને પરવશ છે ! જીવ સ્વરૂપે સારો હોવા છતાં કર્મ એને ભુલાવી રહ્યા છે, પીડી રહ્યા છે, જીવની પાસે હલકટ કામ કરાવી રહ્યા છે !' લાવ, શક્ય હોય તો હું એને બચાવું,

ઠંડકથી સમજણ પાડું, પહેલાં પ્રોત્સાહન આપીને, એનું સારું તત્ત્વ પહેલાં ગાઈને એને પ્રફુલ્લિત કર્યા પછી કહું કે ભાઈ ! એક જરાક આટલું ન હોય તો ઘણું બચી જવાય, ઘણો જશ મળે, તમે તો બહુ સાત્ત્વિક છો, પરાક્રમી છો, વિવેકી છો, તમારે આટલું ખોટું કાઢી નાખવું શું કઠિન છે ?...' વગેરે વગેરે. આવું કંઈક કહેવાય ગયા અને સામાએ માન્યું તો નહિ, ઊલટું આપણને ઉતારી પાડ્યા, 'બેસો બીજામાં ડહાપણ ન કરો,' તોય દયા આવે કે અહો કર્મની કેટલી પ્રબળતા છે !'

**ન્યાય આપો :-**

આ તો સામાનું ખરેખર ખોટું હોય તો આ વાત છે પરંતુ એમેય સંભવ છે, કે આપણને લાગતું ખોટું એ ખોટું ન પણ હોય, ત્યાં દયાનો ભાવ નહિ, ન્યાયનો ભાવ આપવો જોઈએ. મનને એમ થાય, 'મારી દૃષ્ટિએ અત્યારે ગમે તેમ લાગે, પરંતુ એમની પરિસ્થિતિમાં એ યોગ્ય પણ હોય. મને કાંઈ એમની બધી પરિસ્થિતિની ખબર નથી માટે જજમેન્ટ બાંધું તો અન્યાય કહેવાય.'

**પચાવવાની શક્તિ કેમ આવે ?**

ગમે તેમ પણ તિરસ્કાર યોગ્ય નથી, દયાભાવ કે ન્યાયપ્રદાન કરવો યુક્તિ યુક્ત છે, પણ આ ક્યારે બને ? ત્યારે જ, કે સામાનું હલકું દેખ્યું તે પચાવવાની આપણામાં શક્તિ હોય.

**પૂછો એ લાવવા શું કરવું ?**

આજ કે (૧) પહેલાં એ જુઓ કે આનું ખોટું કોઈ સંયોગ વશ વાજબી હોવાનું સંભવે છે ? જો હા, તો એને ન્યાય આપો.

(૨) જો ના, સારું નથી ખોટું જ છે, તો એના પર દયા ઊભરાવો, 'બિચારો જીવ ! કર્મથી પીડાઈ રહ્યો છે, ખોટા માર્ગે લઈ જવાઈ રહ્યો છે, શું થશે બિચારાનું ?'

(૩) ત્રીજું જીવમાં નહિ પણ જડ વસ્તુમાં ખોટું થતું દેખાઈ રહ્યું છે, તો ત્યાં પુદ્ગલની શાશ્વત કાળથી ચાલી આવતી વિચિત્રતા વિચારવી, 'પુદ્ગલ નામ જ એવું કે જેમાં પૂરણ-ગલન થયા જ કરે 'મારામાં ય ક્યાં ભારોભાર ખરાબીઓ નથી ભરી કે મારું ખોટું જોવાને બદલે એના ખરાબ તરફ દૃષ્ટિ જાય છે ? હા, એટલું વિશેષ છે કે,

**જીવન સર્વથા શુદ્ધ બનાવી દેવાય તો પછી એ કદિ ખરાબ નહિ થાય. ત્યારે પુદ્ગલમાં આવી કોઈ કાયમી શુદ્ધિ લાવી શકાતી નથી કે આવી શકતી નથી.** શુદ્ધમાં શુદ્ધ બનેલા રત્નના અણુઓ કાળે કરીને પાછા ખરાબ બને જ છે. પુદ્ગલનો સ્વભાવ જ એવો છે. સ્વભાવનો સામનો શો કરવો ? સ્વભાવને પલટવા કે



વખોડવા શું નીકળવું ?'

આ શું કર્યું ? દયાભાવ, ન્યાયપ્રદાન, કે સ્વભાવનો વિચાર કર્યો, એટલે હવે સામે દેખાતું હલકું પચાવવાની શક્તિ ઊભી કરી.

**પચાવવાની શક્તિ** એટલે કે થયેલા હલકા દર્શનનું અજીર્ણ થઈ એ આપણામાં કોઈ વિકાર જન્માવે તે અટકાવીને એના દ્વારા સારા શુભ ભાવ પુષ્ટિ કરવાની શક્તિ. આહાર પચ્યો શેને કહેવાય છે ? એને જ કે આહાર કર્યા પાછળ અજીર્ણ થઈને ગેસ, અંગભંગ, ખોટા ડકાર, દુખાવો, ઝાડા, તાવ વગેરે ન થયું, પરંતુ શરીરની રસ, રુધિર, વીર્ય વગેરે ધાતુઓમાં પુષ્ટિ થઈ. બસ, એવું જ કાંઈ પણ દર્શન કર્યા પાછળ કરવાનું છે. અરે દર્શન જ શું, કાંઈ પણ બોલવા પાછળ સાંભળવા પાછળ, કે કરવા પૂંઠે પચાવવાની આવડત રાખવાની છે.

**કંઈ પણ જોયું, સાંભળ્યું, બોલ્યા કે વર્ત્યા, એને પચાવતાં શીખો; અર્થાત્ એની પાછળ મોહના વિકાર, કષાયના ડકાર, મલિન લેશ્યાના શિરો-રોગ, હલકટ વિચારના વાયુ વગેરે જાગવા જ ન દો; કોઈ જ અશુભ ભાવ કે દુષ્પ્રવૃત્તિને ઊભવા જ ન દો.**

**ખરાબી પહેલેથી કલ્પો :-**

પચાવવાની શક્તિ નહિ હોય, આવડત નહિ હોય તો સારો માનેલો હલકો દેખાયા પછી દિલ આકુળ-વ્યાકુળ થશે. પત્ની, પુત્ર, પતિ, મિત્ર, બંગલો, નોકર, સારા માન્યા પછી એમાં વાંધોવચકો દેખાતાં દિલ કકળી ઊઠે છે, 'અરે ! આ હલકાઈ ? આ ખરાબી ?' પણ ત્યાં જો પહેલેથી વિચારી મૂકીએ કે સારું એ એકાંતે સર્વથા સારું થોડું જ હોય છે ? સારામાંય કોઈ ખરાબી છૂપી પડી હોય છે. કોરા નવા કપડામાં ય રસ્તાની ઊડતી રજ ખેંચવાની ખરાબી પહેલી જ છે. રહેવાને સગવડવાળા બંગલામાં સ્નેહીઓને અભિમાન, ગૃદ્ધિ અને બીજાઓને ઈર્ષા કરાવવાની ખરાબી, તેમજ છૂપી રીતે ચોર ડાકુને આકર્ષણની ખરાબી પડેલી જ છે.

**ખરાબીનું ભાન પણ જો પહેલેથી રાખ્યું હોય તો પછી એ પ્રગટ દેખાતાં વિહ્વળ ન થવાય.** સુરેન્દ્રદત્ત રાજાએ જો પહેલેથી વિચાર્યું હોત કે 'રાણી ગમે તેવી સ્નેહાળ પણ એક જગતનું પ્રાણી છે, કોને ખબર કાલે ઊઠીને વિપરીત થાય તો ? બહારથી સારી છતાં અંદરથી માયા રમતી હોય તો ? માટે આપણે આંધળો રાગ નહિ કરવો. અત્યારે પૂરી અનુકૂળ હોવા છતાં છૂપા કર્મના ઉદય જાગી જાય તો એને પૂરી દુશ્મન બનાવી દે.' આવો કોઈ વિચાર હોય તો પાછળથી ખરાબી દેખાતાં આકુળતાવ્યાકુળતા ન થાય; સ્થિતપ્રજ્ઞતા રહે.

**સ્થિતપ્રજ્ઞતા :- સારી દેખાતી ઘણી ચીજોમાં નરસાપણું પડેલું જ છે એ**

બરાબર સમજી રાખીએ તો સ્થિતપ્રજ્ઞ બની રહીએ. સ્થિતપ્રજ્ઞ એટલે ? પ્રજ્ઞા જેની સ્થિત છે, અધિકૃત છે; ચંચળ નથી, અનવસ્થિત નથી, વિકાર પામનારી નથી, સારું દેખાયું ત્યારે જે શુભ ભાવ દિલમાં હતો, હવે નરસું દેખાતા એ ચલિત ન થાય, અશુભ ભાવમાં પલટાઈ ન જાય. પહેલાં સંપત્તિ હતી, અનુકૂળતાઓ હતી અને ધર્મભાવના હૃદયમાં ઝળહળતી હતી, સ્ફૂર્તિ તરવરતી હતી, ને મન સંતોષની મસ્તી અનુભવતું હતું; હવે આપત્તિ આવી, પ્રતિકૂળતા ઊભી થઈ, છતાં ધર્મભાવના, સ્ફૂર્તિ અને મસ્તી લોપાય નહિ, અદૃશ્ય ન થાય, અને એના બદલે પાપભાવના, સુસ્તી અને દીનતા ન ઊભી થાય, એનું નામ સ્થિતપ્રજ્ઞતા. પ્રજ્ઞા એટલે વિવેકભરી બુદ્ધિ. એ સંપદ્-વિપદ્માં સારા-નરસામાં, ને સગવડ-અગવડમાં એકસરખી રહે; પણ વિવેક મટીને અવિવેકભરી બુદ્ધિ ન થાય. પાપી વિચાર, દીનહીનતા, એ અવિવેક છે; ત્યાં પ્રજ્ઞા નથી રહેતી, કુમતિ આવે છે, શુભ વિચારમાં ચંચળતા આવે છે, ધૈર્ય ગુમાવાય છે.

**સ્થિતપ્રજ્ઞ કેમ બનાય ? :-**

**સારા વિચારમાં ટકી રહેવું, એ આત્માનો વિકાસ છે; એમાંથી ભ્રષ્ટ થવું એ વિકાર છે.** ચૂલા પર દૂધ મૂક્યું, ઊકળી-ઊકળી મલાઈ-માવો થવા માંડ્યો, તો વિકાસ થયો; પણ જો ફોદા થઈ ગયું તો વિકાર થયો કહેવાય, બગડી ગયું ગણાય. સ્થિતપ્રજ્ઞતાના અભાવે દિલ બગડી જાય છે. અરીસાની સામે ગમે તે આવો, કોઈ ગુસ્સાખોર આવો કે ફૂલહાર ચઢાવનાર આવો, પણ અરીસો એમ જ રહે છે.

**જગતના દુર્વાર ભાવો અને કર્મની અકાટ્ય વિચિત્રતાઓને સમજી લઈ સ્થિતપ્રજ્ઞ પુરુષ કાંઈ જ વિહ્વળતા મંદતા કર્યા વિના ધર્મસ્થાનકરૂપી દયા-ક્ષમાદિ ભાવોમાં નિશ્ચલ રહે છે, જરાય દિલ બગાડતો નથી.**

સંધ્યાના સોનેરી રંગ જુઓ અને પછી કાળી રાત જુઓ, એટલે શું દિલ બગાડો છો ? ના; કેમ ? સમજો છો કે કુદરતના નિશ્ચિત ભાવ છે, એમાં કોઈ ફેરફાર થાય નહિ, પછી ફોગટિયો દિલ બગાડો શા માટે કરવો ? સંધ્યાના રંગ જોયા પછી રાત્રિની કાળાશ જોઈ રોવા બેસે કે 'હાય ! રંગ બગડી ગયા,' તો એ નાદાન બચ્ચું ગણાય. એમ કોઈ જીવમાં પહેલાં સારાપણું દેખાય, પછી કર્મસંજોગે નરસાપણું થયું જોવામાં આવે તો દિલ બગાડવું ને રોવા કે ઊકળવાનું કરવું એ નાદાનગીરી છે. આ જગતમાં સારામાંથી નરસાપણું અને નરસામાંથી સારાપણું થવું કાંઈ નવાઈ નથી.

**જીવ, વેદના અને મૃત્યુ પર યોગ્ય વિચારણા :-**

રાજા સુરેન્દ્રદત્ત સ્થિતપ્રજ્ઞતા ન જાળવી-ટકાવી શક્યો, સારી જાણેલી રાણીને



નરસી થઈ નિહાળી, ઘાતક બનતી જોઈ, આર્તધ્યાનમાં પડ્યો...સારા શરીરે એકાએક ઘોર વિષવેદના અને મૃત્યુ જેવું નરસાપણું આવ્યું જોઈ આર્તધ્યાનમાં તણાયો. સ્થિતપ્રજ્ઞતા હોત તો પોતાના શુભ શુભ ભાવમાં સ્થિર રહી વિચારી શકત કે,

'હોય, રાણીના અશુભ કર્મ આ જ લાવે, એને હું કે મોટા કોઈ તીર્થંકર ભગવાન પણ અટકાવી ન શકે. ચાલવા દો, એમાં આપણું કાંઈ ઊપજે એવું નથી. પત્ની બિચારી દયાપાત્ર છે. એને સદ્બુદ્ધિ મળો, એ દુર્ગતિમાં ન તણાઓ, નહિતર બિચારીને મારા કરતાં ભયંકર વેદનામાં રિબાવું પડશે !'

એમ પોતાની વેદના માટે વિચારી શકત કે 'હોય, આપણાં જ પોતાનાં કર્મ ઉદય પામી આ વેદના આપે છે, નિર્ધારિત કર્મોદયમાં સ્થિતપ્રજ્ઞ રહી ઉદાસીન ભાવ જ રાખવો ઉચિત છે. વેદનાના સંતાપ કરવા કરતાં પૂર્વનાં આપણાં દુષ્કૃત્યના સંતાપ કરવા જેવા છે. વર્તમાન વેદના કરતાં આર્તધ્યાનથી ભાવી ભવ બગડી જે અતુલ વેદનાઓ ઊભી થાય એનાથી ગભરાવા જેવું છે. કાષ્ઠનો પ્રજ્વલિત અગ્નિ કાષ્ઠને સાફ કરે છે, એમ કર્મના વેદનાદાયી ઉદય કર્મનો નાશ કરે છે. કર્મ નષ્ટ થાય એ તો સારું જ છે. એમાં સહાયક થનારી આ પત્ની પર દ્વેષ શો કરવો ? અને જીવને શુભોદયે સુખ ગમે છે, તો પછી અશુભના ઉદયે આવેલ દુઃખ પણ વધાવી લેવું એ જ ન્યાયયુક્ત છે. સંસાર એટલે તો દુઃખની ખાણ, ત્યાં દુઃખ દેખાતાં નવાઈ કે અરુચિ શી ?'

એમ અકાળમૃત્યુ માટે વિચારી શકત કે 'મૃત્યુ તો એક વાર આવવાનું જ હતું, જરા વહેલું આવ્યું, પણ એ ય ભવિતવ્યતાનો નિયત ભાવ, ભવિતવ્યતાને કોણ રોકી શકે ? માટે એ ય આવ્યું તો આવવા દો.

'પણ વહેલું આવ્યું ને ? એમ મનને થાય; કિન્તુ મોડું આવે એટલે જે વધારે જીવવાનું થાય, એ જીવવાનું શા માટે ? કહેશો ધર્મસાધના માટે. પણ એ પછીય મૃત્યુ આવ્યા વિના રહેવાનું છે ? આવવાનું જ, તો ત્યારે શું ધર્મસાધના નહિ તૂટે ? ખરી વાત એ છે કે મૃત્યુ વખતે ધર્મધ્યાનની ધારા ચાલુ હોય એ મહાન ચીજ છે; કેમ કે એ પછીના ભવે ધર્મસાધનાનું નક્કી કરી આપે છે. ત્યારે જો વધારે જીવ્યાં તો ખરા, પણ મૃત્યુ વખતે એ ધર્મધારા ચાલુ ન હોય તો પછીનો ભવ બગડી જાય છે, ધર્મ મળવો મુશ્કેલ બની જાય છે. એટલે અત્યારે વહેલા પણ આવેલા મૃત્યુ વખતે ધર્મધ્યાનની ધારા ચાલુ રાખી, પછી કોઈ ડરવાની કે અફસોસી કરવાની જરૂર નથી.

'વીરતા પણ એ છે કે અકાળે પણ આવતી આપત્તિમાં ક્ષત્રિય બચ્ચાની જેમ જરાય મૂંઝવણ ન કરતાં એને વધાવી લઈ સારું તત્ત્વ કમાઈ લેવું, પણ કાયર

ગરીબડા બની હાય-વોય ને દુર્ધ્યાન ન કરવું. ત્યારે કાયર બનવા છતાં ય આપત્તિ સર્જનારાં કર્મ ક્યાં કોઈને છોડે છે ? ક્યાં વસ્તુસ્થિતિ સુધરી જાય છે ? આપત્તિ આવવાની તે આવે જ છે, આવીને પાછી હટતી જ નથી. માટે મૃત્યુ જેવી આપત્તિથી પણ હું ગભરાતો નથી. એ એનું કામ કરે, હું મારું ધર્મધ્યાનમાં ઝીલવાનું અને આ અખિલ વિશ્વમાં એકમાત્ર શરણભૂત અરિહંતાદિ ચારનું શરણ જ રાખું.'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૯,અંક-૩૧,તા.૨૨-૪-૧૯૬૧

**આર્તધ્યાન :-** આવું બધું વિચારવાનું રાજા સુરેન્દ્રદત્ત ભૂલી ગયો, મન આર્તધ્યાનમાં પડ્યું. શું આર્તધ્યાન એટલે ? આર્તધ્યાન એટલે પીડિતને થતું ધ્યાન.

**પીડિત ચાર પ્રકારે,-**

(૧) ઈષ્ટ સંયોગ થાય અથવા થયો હોય તો બન્યો રહે પણ ઈષ્ટ વિયોગ ન થાય એની વિહ્વળતાથી પીડિત.

(૨) અનિષ્ટસંયોગ ટળે અથવા ન આવે એની વ્યાકુળતાથી પીડિત.

(૩) રોગ, વ્યાધિ વગેરેની અસહ્યતાથી પીડિત; અને

(૪) પૌદ્‌ગલિક આશંસા યાને ભાવી દુન્યવી લાભની લાલસામય અપેક્ષાથી પીડિત.

આ ચારે પીડિતમાં ખૂબી જુઓ કે ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, રોગ કે ભાવી દુન્યવી લાભની અનિશ્ચિતતા એ ખુદ પીડારૂપ છે એવું નથી, પરંતુ એની જે મનમાં વિહ્વળતા-વ્યાકુળતા રહે છે એ પીડાસ્વરૂપ છે. એની પાછળ પછી ચિંતન ચાલે છે એ દુર્ધ્યાન-આર્તધ્યાનરૂપ બની જાય છે. આ દુર્ધ્યાનના વારંવારના અભ્યાસમાં પૌદ્‌ગલિક અનુકૂળતાની ત્રુટિ પર માનસિક વ્યાકુળતા પ્રબળ રહેવાથી આત્મહિતની ત્રુટિઓનું કોઈ સ્મરણ થતું નથી, કોઈ ખ્યાલ આવતો નથી; અને એ જો નહિ, તો તો એનું દિલમાં દર્દ ઊઠે જ શાનું ?

**પૌદ્‌ગલિક ત્રુટિઓનાં દર્દ આત્મિક ત્રુટિઓના દર્દને ઊઠવા દેતાં નથી.**

દિલને એમ વ્યાકુળતા રહ્યા કરતી હોય કે 'મને પૈસા ક્યારે મળે, ક્યારે મળે, કેવી રીતે મળે કેવી રીતે મળે, અથવા મળેલા પૈસા ઓછા કેમ ન થાય, કેમ ન થાય એ કેવી રીતે સચવાઈ રહે, સચવાઈ રહે; વગેરે તો ત્યાં 'મને ધર્મ કેમ મળે, ક્યારે મળે, કે મળેલો કેમ સચવાય ને વધે,' એ ઝંખના, એ રટણા ક્યાંથી આવે ? એની મથામણ મનમાં ક્યાંથી ચાલે ?

એવું જ સેવાકારી આજ્ઞાંકિત અને પ્રેમાળ પરિવાર અને મનગમતાં



વિષયસુખો, વગેરેનાં જ આર્તધ્યાન ચાલુ હોય ત્યાં આત્માનું હિત વિચારવા લક્ષ જ ક્યાં જાય ? ઈષ્ટ સંયોગની રતિ-અરતિ વારેવારે જ્યાં પીડતી હોય ત્યાં એ સંયોગ કેમ મળે, કેમ ટકે, કેમ ન જતાં રહે, એની જ ચિંતા રહ્યા કરવાની. એ તો હૃદય પર એવો કાબૂ મૂકાય કે 'આ રતિ-અરતિ, હર્ષ-ઉદ્વેગને મહાલ્યા ન કરવા દઉં, વારેવારે આ શું કે જરા જરામાં ખુશી ને જરા જરામાં નાખુશી ? કાંઈ નહિ, હવે તો સ્વસ્થ બનું, સ્થિર બનું, સ્થિતપ્રજ્ઞ બનું, મન-ગમતું મળી આવે એમાં આનંદ માનું નહિ, પણ પુણ્યના ખેલ સમજું, પુદ્‌ગલના નાચ ગણું અને આત્માની નિઃસત્ત્વતા તથા બરબાદી સમજી ગંભીર બનું, ઉદાસીન બનું, જ્ઞાતા દ્રષ્ટા બનું, એવું જ અણગમતું કાંઈક બની આવ્યું, એમાં પણ ઉદાસીનતા, મધ્યસ્થભાવ, ને કેવળ નિરીક્ષકપણું રાખું;' તો રતિ-અરતિ અટકાવી આર્તધ્યાનથી બચાય. જ્યાં મામૂલી-મામૂલી પણ અનુકૂળ પ્રતિકૂળ થઈ આવ્યું એમાં ખુશીખુશી ને ખિન્ન ખિન્ન બનવું છે ત્યાં આર્તધ્યાન પૂંઠે લાગી જાય છે. ત્યારે એ જુઓ કે,

**રતિ-અરતિ અર્થાત્ ખુશી અને નાખુશી કેમ ઊઠ્યા કરે છે ?**

કારણ એ છે કે ઈન્દ્રિયોના વિષયોમાં ઈષ્ટ-અનિષ્ટપણાની કલ્પના દૃઢ કરી છે. અનંતા કાળ વીતી ગયા, એમાં જીવે એક જ ધંધો રાખ્યો છે ઈન્દ્રિયોના વિષયોમાં 'આ ઈષ્ટ, આ અનિષ્ટ, આ ઈષ્ટ, આ અનિષ્ટ,...' એવી કલ્પના કર્યે જવાનો અને એની વાસના દૃઢ બનાવ્યે જવાનો.''

**ઈષ્ટાનિષ્ઠાની કલ્પના કેમ થાય છે ?**

એટલા માટે કે વિષયો શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ અને એ વાળી વસ્તુઓના સંપર્કથી અનુભવાતી શાતા યા અશાતામાં લહેવાઈ જવાનું, એટલે કે શાતામાં ગૃદ્ધ-આસક્ત બનવાનું અને અશાતામાં વ્યાકુળ થવાનું રાખ્યું છે. શાતા પર રાગ અને અશાતા પર દ્વેષ (અરુચિ) એ ઈષ્ટ-અનિષ્ટની કલ્પના દૃઢ રાખે છે, ઈષ્ટ-અનિષ્ટ ઉપર રાગ-દ્વેષ મજબૂત રાખે છે; 'આ ગમતું ને આ અણગમતું, આ અનુકૂળ, આ પ્રતિકૂળ,' એવા વિકલ્પ કરાવ્યા કરે છે. પછી એના સંયોગ-વિયોગમાં રતિ-અરતિ જાગ્યા કરે એમાં નવાઈ નથી. એની આગળ-પાછળ આર્તધ્યાન થયા કરે એ સહજ છે.

**શાતાના રસ અને અશાતાની અરુચિ પર ચિંતન :-**

ત્યારે આમાંથી સાર એ નીકળે છે કે ઈન્દ્રિયો અને કાયાની શાતા-અશાતાના રસ અને અણગમા ઓછાં કરવા જોઈએ, વિચારવું જોઈએ છે કે 'આ શાતા-અશાતા ક્ષણિક છે, પરને આધીન છે, ખણજ વધારનાર છે. એથી ગુલામી વધે છે. અસ્વસ્થતા વધે છે, આત્માના હિત-અહિતનો વિચાર મંદ પાડી દે છે અગર

આવવા જ દેતા નથી. આવા રૂડા મનુષ્યભાવમાં અને તેમાંય વીતરાગનું શાસન માથે ધર્યા પછી આ શાતાના એટલા બધા રસ શા ? અશાતાની ભડક શી ? એ રસ અને ભડક જો ચાલ્યા કરશે તો આત્માના હિત-અહિતનો વિચાર જિંદગીભર નહિ આવે. એ કેમ ભૂલું છું કે **શાતાનો રસ અને અશાતાની ભડક તો આત્મામાં રાગ-દ્વેષને મહલાવે છે, એથી કર્મબંધન વધીને ભવિષ્યમાં નવી અશાતાને નક્કી કરી આપે છે !** જેની ભડક છે, અણગમો છે, એવી અશાતા નક્કી થઈ એટલે કેટલી દુર્દશા ? તો આવા રસ અને ભડક હવે શા સારું રાખ્યા કરવા ? નહિ, હવે તો એ પડતા મૂકું, એને તુચ્છ લેખું, ખતરનાક ગણું, કાયરતાનાં લક્ષણ માનું, આત્માને એવો સત્ત્વશીલ બનાવું કે એમાં લહેવાઈ જવાનું ન થાય.'

આવા વિચાર સ્ફુર્યા કરે તો શાતા-અશાતાના રસ અને ભડકના વેગ ઓછા થતા આવે.

એ થાય એટલે ઇષ્ટ-અનિષ્ટની કલ્પનાઓ મોળી પડે.

પછી એના સંયોગ-વિયોગમાં બહુ રતિ-અરતિ કરવાની વાત નહિ, તેમ એના આર્તધ્યાનની ધોંસ નહિ.

એટલું ધ્યાન રાખજો કે શાતાનો રસ અને અશાતામાં અકળામણ જીવને કાયર બનાવે છે, કંગાળ બનાવે છે. એમાં સત્ત્વ હણાય છે. સત્ત્વ તો ત્યારે ખીલે કે શાતા-અશાતામાં અવિકારી રહેવાય; નહિ ઉન્માદ, નહિ ઉદ્વેગ. આની પરવા નથી એટલે ઇષ્ટ-અનિષ્ટ ઉપર તત્ત્વદૃષ્ટિ ભૂલી રતિ-અરતિ અને આર્તધ્યાન કરવા બેસી જવાય છે. પછી તો કષાયોનો શિકાર બનતાં વાર નહિ. હિંસાદી પાપોમાં દોડતાં કોઈ સંકોચ નહિ, ! ક્રોધાદિ કષાય અને હિંસા-જૂઠ વગેરે પાપાચરણ એ પરાક્રમ નથી, કાયરતા છે, કંગાલિયત છે. તો કાયર ન બનો,

**જડના અદના સેવક અને કર્મના કંગાલ કેદી ન બનો.**

**એ માટે ઇષ્ટ-અનિષ્ટની કલ્પના ફેરવો; ઇન્દ્રિયો અને કાયાની દૃષ્ટિએ નહિ, પણ આત્માની ઉન્નતિ-અવનતિની દૃષ્ટિએ જોવાનું રાખો.**

**ઈષ્ટાનિષ્ટ પ્રત્યે શું વિચારવું ?** એ જુઓ કે મનગમતું મળ્યું યા મળશે અથવા અણગમતું બન્યું કે ટળ્યું, એમાં આત્માને શું શું કમાવા-ખોવાનું થાય છે. ઈષ્ટપ્રાપ્તિમાં પહેલું તો પુણ્ય વટાવાય છે, સાથે આરંભાદિનાં તથા રાગાદિનાં પાપો વધે છે. આ તો સ્પષ્ટ ખોટનો જ ધંધો છે. એમાં જો નવું પુણ્ય કમાવાય, દેવ-ગુરુ-ધર્મની આરાધના વધે, વૈરાગ્યાદિભાવના વિકસે, શુભભાવોથી ભવિષ્ય માટેની સારી સંસ્કાર મૂડી જમા કરાયે જવાય, તો કમાણીનો માર્ગ લીધો ગણાય. એમ અનિષ્ટ પ્રાપ્તિમાં પૂર્વનું પાપ ઓછું થાય છે, એમ સમજી ખેદ ન કરતાં, એ વિચારાય કે



'પૂર્વે અરિહંતની ભક્તિ-ઉપાસના નથી કરી માટે આમ બને છે; તો હવે એ કરવા લાગું. વર્તમાન પ્રસંગને જ સારી ભાવનાઓ તથા સારી ધર્મસાધનાનો ઉત્તેજનારો બનાવું. કર્મ આમ દંડી જાય એના કરતાં વીતરાગની **આજ્ઞા પાળવાનાં કષ્ટ ઊઠાવું, તન-મન-ધન ઉપર ઘસારો પાડું,** ને નવકાર મહામંત્રનું વિશેષ આલંબન કરું.' આવું કાંઈક થાય તો આત્માની ઉન્નતિનો રસ્તો ખુલ્લો થાય.

એ નહિ આવડે તો સમજી રાખજો કે પાપ કર્મના ઉદય અને દુઃખદ ભાવીભાવને કોઈ મિથ્યા તો કરી શકે એમ નથી, ઊલટું આર્તધ્યાનની ભઠ્ઠી સળગતી રહેશે અને એમાં કેઈ પુણ્ય પણ બળી જશે ! તેમ જ અગણિત પાપની કાળાશ આત્મા ઉપર ચોંટશે !

## • આર્તધ્યાનનો ત્રીજો પ્રકાર વેદના અંગે. •

આ તો ઇષ્ટ-અનિષ્ટના સંયોગ-વિયોગ અંગેના આર્તધ્યાનની વાત થઈ. ત્રીજો પ્રકાર રોગની વિહ્વળતા અંગેનો છે. અહીં પ્રશ્ન થાય છે કે,

**પ્ર.-** રોગ પણ અનિષ્ટ લાગે છે, એટલે એ ન આવે કે આવ્યો હોય તો જાય, એ માટેની ચિંતા તો આર્તધ્યાનના બીજા પ્રકારમાં આવી જાય છે, પછી ત્રીજો પ્રકાર કેમ લીધો ? એમાં વિશેષ શું છે ?

ઉ.- વિશેષ એ છે કે રોગમાં હાયવોય થાય છે, 'અરેરેરે ! કેટલો બધો તાવ ! કેટલી બધી ખાંસી ! કેટલી બધી ઘા-ગૂમડાની પીડા ! હાય, મરી ગયો ! આ ક્યાં આવ્યું, ક્યારે મટશે...! ઇત્યાદિ એક સરખી વિહ્વળતા, આકુળ-વ્યાકુળ ચિંતા થાય છે. આ આકુળતા-વ્યાકુળતા, હાયવોય અને આંતરિક આર્તનાદ વગેરે, તેમજ એ અંગે અનેક વિકલ્પો એકાગ્રપણે ચિત્તમાં વર્તે છે, તેથી આર્તધ્યાનરૂપ બની જાય છે.

સુરેન્દ્રદત્ત રાજાએ અંતિમ કાળે ઝેરની વેદના અને પત્નીના અંગૂઠાથી ગળચી દબાયાની વેદનાથી આવું કોઈક આર્તધ્યાન કર્યું હશે, તેથી તિર્યંચગતિમાં ચાલ્યા જવાનું બને છે.

શ્રીપાર્શ્વનાથ ભગવાનના જીવ મરુભૂતિને વેરી બનેલા ભાઈ કમઠના શિલાપાતથી જે મૃત્યુ થાય છે, એ વખતે અસહ્ય વેદનાની હાયવોય, તથા આકુળતા-વ્યાકુળતા અને અનિષ્ટ સંયોગની વિહ્વળતામાં આર્તધ્યાન થયું હશે તેથી મરીને એ તિર્યંચગતિમાં હાથીના અવતારમાં ચાલ્યા જાય છે. સમ્યક્ત્વ પામેલા હતા, તીર્થંકરનો જીવ છે, છતાં કર્મને શરમ નથી. વધુ પડતા વિહ્વળતામાં પડો અને સમ્યક્ત્વ બાજુએ ખસી જાય, તો દુર્ગતિમાં ધકેલી દેવા કર્મને કોઈ સંકોચ નથી,

પીડા ચીજ એવી છે કે એની વ્યથામાં બહુ હાયવોય અને આકુળતા-વ્યાકુળતા થવાથી જાગૃતિ જતી રહે, આત્મભાન અને તત્ત્વદૃષ્ટિ લુપ્ત થઈ જાય, અને આર્તધ્યાનમાં પડી જવાનું બને. તે ય આમાં બીજાને મારવા વગેરેના રૌદ્ર પરિણામ ન જગાવાય તો આર્તધ્યાન; નહિતર તો રૌદ્ર ધ્યાનમાં પડવાનું થાય. માટે જ પ્રભુ પાસે આરોગ્ય માગવામાં આવે છે.

અરે ! બોધિલાભ જિનચરણસેવા અને મોક્ષ માગવાનો કે આરોગ્ય ?

પણ કહો, આરોગ્ય પણ એટલા માટે માગવાનું છે કે રોગની વેદનામાં કદાચ ધર્મસાધના ન ગુમાવાય, તિર્યંચગતિમાં લઈ જનારું આર્તધ્યાન ન થઈ જાય અને પરલોક ન બગડે. દુનિયાના આરંભસમારંભો, વિષયો અને કષાયોમાં કૂદાકૂદ કરવા માટે આરોગ્ય નથી માગવાનું. એ તો સાધના-સમાધિ માટે, આર્તધ્યાનથી બચવા માટે અને આત્મજાગૃતિ ન ગુમાવાઈ જાય એ સારુ આરોગ્ય માગવાનું છે.

**વેદનામાં વધુ સાવધાની કેમ જોઈએ ? :-**

રોગ વગેરેની વેદના ચીજ એવી છે કે એને મન પર ન લો તો પણ સીધી શરીરને-આત્માને પીડા આપે છે, આત્માને અશાતાનો અનુભવ કરાવે છે. ધન જાય, કુટુંબીનું મૃત્યુ થાય, અપમાન થાય, ઇત્યાદિ તો એવા છે કે એને મન પર ન જ લો તો પીડારૂપ નહિ બને. અશાતા નહિ કરે. નળદમયંતી, રાજા હરિશ્ચંદ્ર વગેરેએ મોટાં રાજ્યપાટ આદિ ગુમાવ્યાં, છતાં એટલું બધું મન પર ન લીધું તો એવા પીડા-વ્યાકુળ ન બન્યા, હાયવોય, કલ્પાંત, વિહ્વળતા વગેરેમાં ન પડ્યા, પણ અહીં રોગ, પ્રહાર, આદિમાં તો આત્માને સીધો અશાતાનો અનુભવ થાય છે, અને ત્યાં સ્વસ્થતા જાળવવી મુશ્કેલ બની જાય છે, જીવ ઝટ હાયવોય વગેરેમાં પડી આર્તધ્યાનનો ભોગ બને છે; અને મન પર કાબૂ ન રહે તો રૌદ્રધ્યાન પણ આવી લાગે છે. શાસ્ત્ર કહે છે,

**તિર્યંચગતિમાં આર્તધ્યાન લઈ જાય છે, અને નરકગતિમાં રૌદ્રધ્યાનનો વેગ ઘસડી જાય છે.**

જીવનમાં ધર્મસાધનાઓ કરી હોય, છતાં આર્તધ્યાન માનવ જીવનથી ભ્રષ્ટ કરીને તિર્યંચના અવતારમાં ન પટકી દે એ માટે ખાસ ચેતીને ચાલવાનું છે. વિચારો કે ધર્મસાધના કરી છે છતાં એક વાર તો દુર્ગતિમાં ભટકાઈ જવું પડે, એ કેટલી દયાપાત્ર સ્થિતિ ?

**દુર્ગતિમાં કોણ લઈ જાય છે ?**

**દુર્ધ્યાન લઈ જાય છે** આ પ્રબળ કારણ છે.

**દુર્ધ્યાનને પોષનારા છે ધન, માલ, વિષયો સુખશીલિયાપણું, અને હિંસાદિ**



**પાપો તથા મિથ્યાત્વ અને માનાકાંક્ષા, હું પદ વગેરે કષાયો.** એટલે આ બધા દુર્ગતિદાયી બને છે.

ત્યારે એમ નહિ કહેતા કે 'આ બધું કરીએ અને દુર્ધ્યાન ન કરીએ તો તો દુર્ગતિ ન થાય ને ?'

આવું માનતા નહિ, કેમ કે આપણું એ ગજું નથી કે ઘેરાવામાં પડ્યા રહીએ અને દુર્ધ્યાન ન થાય. વિચાર તો કરો કે ચક્રવર્તીનું સ્ત્રી રત્ન છઠ્ઠી નરકમાં કેમ જતું હશે ? વિષયાંધતા, સુખશીલિયાપણું અને મહાપરિગ્રહ એને એવા રૌદ્રધ્યાનમાં ચઢાવે છે કે નરક અને તે પણ છઠ્ઠી નરક દેખાડે છે.

**સત્ત્વ કેમ હણાય છે ?**

**સુખશીલિયાપણું એક એવો ખતરનાક દુર્ગુણ** છે કે એના લીધે પછી શારીરિક કોઈ અગવડ, પ્રતિકૂળતા અને પીડા સહર્ષ વધાવી લેવાનું, સમભાવે સહી લેવાનું સત્ત્વ નથી રહેતું, સત્ત્વ હણાઈ જાય છે. ત્યારે પુણ્ય લૂલાં મળ્યાં છે, પાપ પાવરધાં મળ્યાં છે, એટલે ડગલે ને પગલે પુણ્ય તૂટી અને પાપ ઉદયમાં આવી આવીને કોઈ ને કોઈ પીડા, પ્રતિકૂળતા દેખાડી જાય છે. હવે જીવને તો સુખશીલિયાપણું છોડવું નથી, સહન કરવાની ટેવ પાડવી નથી, ખડતલ બનવું નથી, તો દશા કઈ ! સત્ત્વહીનતા; જરા જરામાં 'હાય !' 'અરેરે !' 'ઓય ! સહન નથી થતું'...આવું જ કાંક ને ? શું છે આ બધું ? આર્તધ્યાન. જરા જરામાં આમ થાય, તો પછી વધુ પીડા અને આકરી વેદનામાં આર્તધ્યાનનો ઝપાટો કેવો ? ખરું સત્ત્વ જ આ હટાવવામાં છે.

એટલે જ, આ વિચારો કે,

**જનમ જનમનાં ઉપાર્જેલાં કેઈ પાપકર્મ આત્માના ખજાને પડ્યાં છે. એ કેવાં કેવાં છે, કેટલાં ઉગ્ર છે, ક્યારે ઉદયમાં આવશે,...વગેરે ખબર નથી. ઉદયમાં આવશે એ ચોક્કસ છે. એ ઉદયમાં આવ્યાં, હસું કે રોઉં, એ એનો ભાવ ભજવવાનાં છે; અને એ ભોગવ્યે જ છૂટકો છે. ત્યારે ધ્યાન આ રાખું કે એવા ગુપ્ત અશુભ કર્મના ઉદય વખતે હાયવોય ન કરું, વિહ્વળ ન બનું, કોઈ પ્રકારના આર્તધ્યાનમાં પડું નહિ.'**

**કમિશન ખાતે :-** આ વિહ્વળતા અને એનું આર્તધ્યાન મિટાવવા માટે ખડતલ બનવાની જરૂર છે. ખડતલ એટલે ટક્કર ઝીલનારા. કોની સામે ? દુઃખના તાપની સામે. પહેલાં થોડાં-થોડાં દુઃખ ખમતાં શીખવાનું. જાણે એ કોઈ દુઃખ જ નથી એવું મનને લગાડી દેવાનું. પૈસાની ધારા બહુ કમાઈ ચાલુ હોય તે વખતે ટાઢ તડકો, ભૂખ તરસ કે ઘરાકનાં ટોણાં વેપારીને કોઈ દુઃખરૂપ લાગતાં નથી. મન

વાળી લે છે કે પૈસા કમાવા હોય તો આટલું તો વધાવી લેવું જ જોઈએ. કમિશન વધાવી લો છો ને ? દલાલીનો ખર્ચ ઊઠાવી લો છો કે નહિ ? ભારે કમાણી છે તો દલાલને દલાલી-કમિશન આપો છો ને ? બસ, એ રીતે જ્યાં સામા પાસેથી બીજી રીતે લાભ થયો છે કે થાય છે તો થોડી અગવડ આવે એ કમિશન ખાતે રાખવામાં આવે તો કોઈ વ્યાકુળતા રાખવાની જરૂર નહિ. અહીં પ્રશ્ન થશે કે,

**પ્ર.**- પણ સામા તરફથી લાભ કોઈ નથી, સામાએ આપણું કાંઈ સારું નથી કર્યું પણ ઊલટું બગાડ્યું છે, આપણા કાર્યમાં અંતરાય નાખ્યો છે, અથવા કોઈનોય અપરાધ નથી થયો કિન્તુ આપણી કોઈ વસ્તુ જ બગડી છે, કે રોગ પીડા આવી ગઈ છે, ત્યાં શી રીતે મન સ્વસ્થ રાખવું ? શી રીતે આકુળવ્યાકુળ ન થવું ?

**ઉ.**-ત્યાં પણ આ વિચારી શકાય છે કે આપણને જે આ મનુષ્યભવ મળ્યો છે, એમાં વળી પરમાત્મા, સદ્ગુરુ અને ધર્મ મળ્યા છે, કે જે બીજા અનંતા જીવોને નથી મળ્યા એ એક જબરદસ્ત કમાણી થઈ છે, તો હવે ચાહ્ય કોઈ જીવનો અપરાધ હો, કે કોઈ વસ્તુ બગડી હો, કે શરીર બગડ્યું હોય, એ કમિશન ખાતે રાખવાનું. બીજી કમાણી મોટી હોય તો આટલું કમિશન દેવું પડે એ કોઈ મોટી વસ્તુ નથી, પછી શા માટે વિહ્વળ થવું ? વિવેકી વેપારી સારી કમાણીમાં થોડું કમિશન દેતાં ગભરાતો નથી. શેરબજાર કે બીજા બજારોમાં કમિશનની મોટી મોટી રકમો ચૂકવાય છે, છતાં સરવાળે લાખોનો કે હજારોનો લાભ દેખી એને નહિવત્ ગણે છે; એ દેતાં કોઈ સંકોચ કે હાય ! થતું નથી. સમજે છે કે 'દલાલી તો દેવી જ જોઈએ.'

## • પ્રેમચંદ રાયચંદ ને મુંબઈ બેંક •

આજે જેમ રિઝર્વ બેંક છે એમ બ્રિટિશ રાજ્ય વખતે મુંબઈ બેંક હતી. સાંભળ્યું છે કે એ વખતે પ્રેમચંદ રાયચંદ મુંબઈના રાજા ગણાતા; અને એમની હૂંફે બેંકને મોટા મોટા વેપારીઓ સાથે મોટો વેપાર થતો, અને પ્રેમચંદ રાયચંદની કંપનીને કમિશન અપાતું.

એવામાં એક વાર બેંકનો ગવર્નર બદલાઈ નવો યુરોપિયન ગવર્નર આવ્યો. એને એમ લાગ્યું કે 'આ પ્રેમચંદ રાયચંદની કંપની કમિશન નકામું લઈ જાય છે, વેપાર આપણે કરીએ છીએ તો ફોગટ કમિશન શા માટે દેવું ?, એમ વિચારી એણે કમિશન બંધ કરી કંપનીને નોટિસ આપી દીધી. જો કે બેંકના જૂના સેક્રેટરીએ સલાહ આપેલી કે આ બંધ કરવા જેવું નથી, બેંકને ધક્કો પહોંચશે, પણ આ તો ઊછળતું યુરોપિયન ભેજું, હિસાબી ગણત્રી, એટલે શાના માને ?



અહીં તો નોટિસ ગઈ એટલી જ વાર, પ્રેમચંદ શેઠની કરામતે વેપારીઓએ મૂકેલી ડિપોઝિટના મોટા મોટા ચેક ફાટ્યા ! પડ્યો બેંક પર દરોડો ! ગવર્નર ગભરાઈ ગયો, એટલી મોટી રોકડ કેશ ચૂકવવા માટે લાવે ક્યાંથી ? બેંકે તો કેટલાંય રોકાણ કર્યાં હોય.

સેક્રેટરીને પૂછે છે 'આ શું થયું ?'

સેક્રેટરી કહે છે, 'મેં તો આપને કહ્યું જ હતું કે પ્રેમચંદ રાયચંદનું કમિશન બંધ કરવા જેવું નથી. એની ઓથ પર બેંક જે મોટો વેપાર કરી કમાણી કરી રહી છે, એની પાછળ આટલું કમિશન તો દેવું પડે; કમિશન ખાતે થોડું ચૂકવવાનું રાખવું પડે, એ કામનું છે.'

'હવે શું થાય ?'

'પ્રેમચંદ શેઠની સહાય લો. કમિશન ચાલુ કરો.

'જરૂર પડે તો કમિશનમાં વધારો કરીને કરો, નહિતર બેંક ઊઠી જશે !'

'સારું, તો જાઓ પ્રેમચંદ શેઠને સમજાવો.'

'એ કામ આપનું છે, મારું માને નહિ, છતાં પ્રયત્ન કરું.'

સેક્રેટરી ગયો પ્રેમચંદ શેઠને ત્યાં પણ એક જ જવાબ મળ્યો, 'શેઠને મળવાનો ટાઈમ નથી,' પ્રેમચંદ શેઠ સધ્ધર છે, શું કામ ગભરાય ?

**ધર્માત્માઓ સાધનાથી સધ્ધર હોય છે, તો આપત્તિથી ગભરાતા નથી.**

સેક્રેટરી પાછો આવ્યો, ગર્વનરને વિનંતીપત્ર લખવો પડ્યો કે 'હમણાં ને હમણાં મહેરબાની કરીને મળી જાઓ તો સારું !' ગાડી તેડવા મોકલી.

પ્રેમચંદ શેઠ આવ્યા, ગવર્નર કહે છે, 'આજે આ આફત છે. તમારું કમિશન ચાલુ કરીએ છીએ, અને આમાં મદદ કરો !'

પ્રેમચંદ શેઠ કહે છે, 'ના, ના, કમિશન ચાલુ કરવાની જરૂર નથી. નકામો બેંકને એવો ખોટો ખર્ચ શા સારુ જોઈએ ? અને અમારે તો બીજા વેપારમાં રોકાવાનું હોય છે, એટલે બેંક તરફથી અમને રાહત મળવાથી તો અમારે સારી સરળતા થઈ.'

પ્રેમચંદ શેઠ ઠાવકે મોંઢે ધીરે ધીરે વાત કરી રહ્યા છે, પરંતુ અહીં તો ગવર્નરને દિલમાં ભારે ઉકળાટ છે. સાંજ પહેલાં તો ચેકના જવાબ દેવા જોઈએ એટલે અહીં મિનિટ-મિનિટ જાય એ મોંઘી છે. હૈયે કેટલો ઉકળાટ હશે ?

**આપણે પણ આ જીવનમાં ઘડપણનો સંધ્યાકાળ અને મૃત્યુની અંધારી રાત આવે છે તે પહેલાં પરલોક સધ્ધર કરવા માટે કામ પતાવી લેવાનું છે.** એમાં મિનિટ-મિનિટ મોંઘી છે. એ જરાય વાતોચીતોમાં, ગપ્પાં, કૂથલીમાં ન જાય, મન-

વચન-કાયાના રામાટામામાં વેડફાઈ જાય નહિ એ ખાસ જોવાનું છે.

પ્રેમચંદ શેઠ ઠંડે કલેજે વાત કરી રહ્યા છે પણ ગવર્નરને તો ભારે ઉચાટ છે; એ ઢીલો ઘેસ થઈ જાય છે, શેઠને કાલાવાલા કરે છે, શેઠના ગુણ ગાય છે, કહે 'તમારા જેવાની ઓથ છે તો બેંકને સારું કામકાજ થાય છે, માટે કમિશન નક્કી કરી દઉં છું. કૃપા કરી બેંકને મદદ કરો.',

હવે પ્રેમચંદ શેઠને તાણવાનું નહોતું, કહી દે છે, 'ફિકર ન કરશો, વેપારીઓને સંતોષ કરી દઉં છું, અને દરમિયાન બેંકને રોકડ ધીરવા તૈયાર છું !'

બસ, એ કહીને પ્રેમચંદ શેઠ ઊઠ્યા, વેપારીઓમાં ફરી વળ્યા, કહી દીધું, 'બેંક બહુ સધ્ધર છે, અણવિશ્વાસ કરવા જેવો નથી,' આટલી જ વાર, ટપોટપ ચેક પાછા મંગાવાયા, ઉપરથી નવી રકમો જમા કરાઈ. નાણાં લઈ ગયેલા પણ ભરી ગયા ?

શું આ ? થોડું કમિશન ખાતે રાખવું પડે. અહીં શરીરે રોગ આવ્યો, તો ગભરાવાનું કામ નહિ, મનને મનાવી લેવાનું કે 'એક બાજુ વ્યાધિ આવી છે, પરંતુ બીજી બાજુ ઉત્તમ માનવભવ છે, ધર્મ મળ્યો છે, માંદું છતાં મગજ પાગલ નથી થયું, સારી ભાવનાઓ તથા નવકારસ્મરણ વગેરે કરી શકું છું.'

વળી આ શરીરે ઘણું કામ પણ આપ્યું છે અને હજી પણ આપશે, તો આટલી પીડાને તો કમિશન ખાતે રાખવાની. બીજી બાજુના મોટા વેપાર, મોટી મૂડી જોતાં આટલી તકલીફ ઘસારો એ કમિશન ખાતે'

ખોલો આ કમિશન ખાતું ખોલો, પછી જુઓ કે મનને કેટલી બધી રાહત, સમાધિ ને સ્વસ્થતા રહે છે ! ઓ તો કાંક તકલીફ આવી, અગવડ પડી. અપમાન-અપજશ આવ્યા એટલે જાણે સમજી લો છો કે 'લૂંટાયા !' કમિશન દેવું પડે એને લૂંટાવાનું ક્યો સારો વેપારી કહે છે ? મૂરખ કહે એ જુદી વાત છે; બાકી કમાણીનાં સાધનોમાં એટલા ઘસારાને એક સાધન સમજે છે. એ જ રીતે અહીં પણ સમજી રાખવાનું કે આ જીવનમાં આવતી તકલીફ-અગવડ, એ ઘસારો લૂંટવા બરાબર નહિ, પણ સાધન છે, કમિશન ખાતે છે.

કર્મ બીજી કમાઈ કરાવી આપવામાં નિમિત્ત બને છે, તો હવે તકલીફ વેઠી થોડું એનું ચૂકવવું પડે એ તો કમિશન ખાતે ગણાય.





**પ્ર.-** મુશ્કેલી આ છે કે જ્યાં કાંઈ તકલીફ થઈ, રોગ આવ્યો કે ઝટ ગભરાઈ જવાય છે, આકુળવ્યાકુળ થવાય છે એનું શું થાય ?

ઉ.- એનું કારણ છે કે બીજું સારું ભૂલી જાઓ છો. રોગ આવ્યો, પીડા ઊપડી, શરીર માંદું પડ્યું, પરંતુ ગભરાતાં પહેલાં એ તો જુઓ કે એ શરીરે સાજા રહીને આજ સુધીમાં કેટલું કામ આવ્યું છે. હજી પણ માનસિક સારી ભાવના કરાવી શકે છે, અને જીવતું છે તો બીજો દાન, શીલ, તપ, પ્રભુભક્તિ, સાધુ સેવા એ કરાવી શકશે.

**માંદા માંદાય દાન કરી શકો કે નહિ ? શીલ પાળી શકો કે નહિ ?** ત્યાગ આદરી શકો કે નહિ ? દેવ-ગુરુની ભક્તિ જાતે નહિ, તો બીજા પાસે કરાવી શકો કે નહિ ? ના, આ તો કાંઈ સૂઝતું નથી, એકલી તકલીફ યાદ આવ્યા કરે છે !

**ઊલટું, તકલીફ કે મંદવાડમાં દાનાદિ ધર્મ વધારે કરવા જોઈએ જેથી પાપ નાશ પામે. પુણ્ય પાપને ઠેલે,** એ ખબર નથી ? ના, ખબર નથી, માટે તો એમ નથી થતું કે 'લાવ, મંદવાડ છે, તો અભયદાન દઉં. કતલખાનેથી જીવોને છોડાવું. દુઃખીનાં દુઃખ ટાળું, સાધર્મિક સીદાતાનો ઉદ્ધાર કરું. ખૂબ ખૂબ નવકાર ગણું, જિનભક્તિ કરું-કરાવું; આવું કાંઈ સૂઝતું નથી ઊલટું મંદવાડના બહાને પાપ વધારનારા અભક્ષ્ય ભક્ષણ, રાત્રિભોજન, હાયવોય, વગેરે કરવાનું સૂઝે છે ! કેવી ગમાર દશા છે ! પછી એ તો વિચારો કે ભવિષ્યમાં વધારે અશાતા, વધારે આપત્તિ વધુ તકલીફ આવવાની કે સુખશાંતિ ?

ભૂલા ન પડો, તત્ત્વ વિચારો, રોગ કે તકલીફ છતાં બીજું સારું કેટલું આજ સુધીમાં કમાયા છો, હજી પણ હાથ પર કેટલું સારું મોજૂદ છે, એ વિચારી એના પર ખુશી-સંતોષ અનુભવી રોગ-તકલીફને કમિશન ખાતે નોંધો, મન વાળો, કે હોય, બીજું ઘણું સારું સારું કમાયા છીએ, હજી સારું હાથ પર ઘણું ઘણું છે, તો આ રોગ તકલીફ કાંઈ વિસાતમાં નથી. ભલે આવી, એટલું કમિશન ખાતે સમજવાનું.

છોકરો વાંકો થયો છે, કોઈ ચિંતા નહિ, એને ઉછેરવામાં માતાપિતાને એક કર્તવ્યનું પાલન કરવાનો લાભ મળ્યો છે, તો હવે એના તરફની તકલીફ કમિશન ખાતે રાખો.

એના વાંકા થવામાં આપણે હૈયું બાળી આપણું સારું કર્યું-કરાવ્યું ધોઈ નથી નાખવું. જો બળતરા કરાય કે 'હાય ! ક્યાં આની પાછળ તૂટી મર્યા, તો કરેલું

ધોવાઈ જાય; ને પાછો એ તો વાંકો રહેવાનો હોય તો રહે જ. શા સારું એવી સુકૃત બાળી નાખવાની મૂર્ખાઈ કરવી ?

અથવા છોકરો વાંકો થયો છે, પરંતુ બીજા એનામાં ઘણા ગુણો છે, બીજાની સાથે હળીમળીને વર્તે છે, તો આટલું એનું વાંકું કમિશન ખાતે.

મનને આમ વાળી લેવાય તો કેટકેટલા આર્તધ્યાનમાંથી બચી જવાય ! જીવનની કેટલીય ઘટનાઓમાં મન વાળી લો તો ડગલે ને પગલે આર્તધ્યાનમાં જે પડો છો ને ઠમઠોક પાપ બાંધો છો, એનાથી બચી જવાય.

## • આર્તધ્યાનનો ધર્મધ્યાનમાં પલટો •

ઈષ્ટ સંયોગ, અનિષ્ટ વિયોગ કે રોગવેદનાની વ્યાકુળતામાં આર્તધ્યાન થાય છે, પરંતુ જો એને બદલે સીધી લાઈનની વિચારણા કરો.

**કર્મના વિપાક, રાગદ્વેષાદિના અનર્થ, જિનની આજ્ઞા, સંસારની વિચિત્રતા-વિષમતા વગેરેનો વિચાર કરો તો ધર્મધ્યાનનો લાભ મળે;**

**એમાં મન ચોખ્ખું રહે;**

**અધ્યવસાય અશુભ મટી શુભ થાય;**

**પાપના પ્રવાહને બદલે પુણ્યનો પ્રવાહ આત્મઘરે ચાલ્યો આવે.**

**પાપનો ક્ષય થતો આવે;**

**આત્માનું સત્ત્વ ખીલતું જાય;**

**કેટલા બધા લાભ !!**

સુરેન્દ્રદત્તને મરતાં થતું હશે કે "હાય આ બાયડીએ ઝેર આપ્યું, ઉપરથી ગળું ટૂંપે છે ! અરેરે કેટલી વેદના ! ઓય ઓય ! નથી સહન થતું ! આના કરતાં સારી પત્ની મળી હોત તો કેટલું સારું થાત ? આ ગળું ટૂંપે છે પણ નથી તો કોઈ આ સમજતું કે નથી હું ઝેરથી પરવશ બતાવી શકતો ! આમ મરવાનું ? અરેરેરે, હું મરી ગયો ! શું કરું ?" વિચિત્રતા કે સગી પત્ની જ ઝેર દે અને ગળુ ટૂંપે. ખરેખર ! સંસાર અસાર છે;' તો એ શુભ ભાવનામાં જાત.

મનને થાત કે.

'સંસાર અને તત્ત્વો તથા મોક્ષમાર્ગને ઓળખાવનારી જિનાજ્ઞા કેવી કલ્યાણ-આજ્ઞા ! જિનવચન એ જ સાર છે, એ જ આદેય છે, એ જ ભવ ભવના બંધનથી છોડાવનાર છે !' આ ધર્મધ્યાનનો 'આજ્ઞાવિચય' નામનો પહેલો પાયો, પહેલો પ્રકાર થાત.

અથવા એમ ચિંતવી શકત કે 'આમાં પત્નીનો શો દોષ ? મારા કર્મનો જ



વાંક છે. કર્મ જ એવાં છે કે એનો વિપાક થાય એટલે ફળ દેખાડે જ. વાહ ! કર્મવિપાકની કેવી બલિહારી છે કે મોટા તીર્થંકરદેવ જેવાના જીવને પણ ફળ આવ્યા વિના રહેતાં નથી.

એય અનંત બળના ધણી સહર્ષ ભોગવી લે છે, તો મારે તો અવશ્ય ભોગવવા...આ ધર્મધ્યાનના 'વિપાક વિચય' નામના પ્રકારમાં થાત.

અથવા એવું ચિંતન કરી શકત કે 'ગમે તે બન્યું, પણ મારે પત્ની પર કે પીડા પર દ્વેષ કરવાની જરૂર નથી. તેમ આ શરીર અને સુખાકારિતા પર રાગ કરવાની જરૂર નથી. રાગદ્વેષના અપાય અર્થાત અનર્થ ભયંકર આવે છે ! કેવા ભયંકર ? અહીં પ્રત્યક્ષ અનુભવ્યું કે પત્ની પરના રાગે તણાઈ માત્ર એક દિવસનો જ વિલંબ કરવા રહ્યો ત્યાં ચારિત્ર પાળવાનું ગુમાવ્યું ! અને આ દશા પામ્યો ! હવે પાછી મરતી વખતે રાગદ્વેષની લત ચાલુ રહે તો એની લાંબી પરંપરા ચાલવાનો મહાન અનર્થ ઊભો થાય. એ વળી ભવાંતરે કેવાંય ઘોર પાપો અને પીડાઓના અનર્થ-અપાય સર્જે !'

આવું કોઈ ધર્મધ્યાન એને સૂઝ્યું નહિ. સૂઝ્યું આર્તધ્યાન. વેદનાની વ્યાકુળતામાં સારું થયું કે વળી એવા વિચાર નહિ આવ્યા હોય કે 'આ દુષ્ટ પત્ની કેવી વાઘણ ! મને મારી ગઈ ? ભૂલ મારી જ કે એનું દુશ્ચરિત રાત્રે જોયું ત્યારે જ પીટવી જોઈતી'તી. તે જતી કરી. એ લુચ્ચીને તો ખતમ જ કરવા જેવી હતી. હજુ પણ લાગ મળે તો દુષ્ટાને બતાવી દઉં...'આવા વિચાર નહિ કર્યા હોય નહિતર તો એ રૌદ્રધ્યાનમાં જ જાય; ને સીધો નરકમાં જ પટકે છતાં આર્તધ્યાન થયું એ તિર્યંચગતિમાં તો તાણી જ જાય છે. એ વેદનાની વ્યાકુળતાના દુર્ધ્યાનઆર્તધ્યાનને આભારી છે. મન સુસ્ત બની ગયું, તત્ત્વજાગૃતિ અને ધર્મસ્ફૂર્તિ ગુમાવી.

**વિચારસરણીના ઝોક પર મોટો આધાર :-**

ત્યારે, વિચારવા જેવું છે કે જીવનમાં રોજ ને રોજ કેટલાય પ્રસંગો જોવા મળે છે, સાંભળવા મળે છે, યા યાદ આવી જાય છે. ત્યાં જો તત્ત્વજાગૃતિ નથી તો સહેજ સહેજમાં આર્તધ્યાન ઊભું થયું જ છે, વિચારસરણીનો ઝોક કોઈ સારા રૂપમાં ન ઊતર્યો, જિનવચન યા કર્મવિપાક અથવા રાગાદિના અપાય, યા લોકસંસ્થાનમાં ન લઈ ગયા અને 'હાં પેલું ઈષ્ટ ક્યારે મળે, કેમ ટકે, ન જાય તો કેવું સારું,' યા 'અણગમતું કેવી રીતે ટળે, કેમ ન આવે, રોગ ક્યારે મટશે ? હાય ! રોગ ક્યાં આવ્યો કેટલી બધી પીડા ! ભવાંતરે અમુક સુખ-સંપત્તિ જરૂર મળો...' આવા તન્મય તરંગમાં ચઢે તો આર્તધ્યાન લાગ્યું જ છે.

**સ્નેહીના મરણ પર શું વિચારવું ? :-**

વિચારવાનો ઝોક ફેરવવાની વાત છે. દા.ત. છોકરો કે બીજું કોઈ સ્નેહી મરી ગયું, એના પર શોકભરી વિચારણા ચાલુ છે, 'અરેરે ! છોકરો ગયો !, સ્નેહી ગયો ! કેવો સારો હતો-મારે કામનો હતો. હવે મારું શું થશે ?...' આવા કલ્પાંતભર્યા વિકલ્પો ચાલે છે. પરંતુ એમાં જુઓ તો સામાની દૃષ્ટિ કરતાં પોતાના સ્વાર્થની દૃષ્ટિએ વિચારાય છે, સ્વાર્થની વિચારણા છે. એના બદલે સામાની દૃષ્ટિથી જો વિચારવામાં આવે, તે પણ આત્મહિતની અપેક્ષાએ વિચારાય, તો આર્તધ્યાન અટકે, ધર્મધ્યાન આવે.

પૂછો એ વિચારણા કેવીક હોય ?

આવી કોઈક, કે 'સ્નેહી બિચારો ગયો, એણે માનવજીવનની ધર્મસાધનાની તક ગુમાવી ! મેં એને જીવતાં ધર્મ સધાવ્યો નહિ, મોહના વિષકટોરા પાયા, કેટલો હું અબૂઝ ! કેવો મોહાંધ ! એની બિચારાની કઈ ગતિ થશે ! ત્યાં ધર્મ મળશે કે નહિ ? ખરેખર ! જ્ઞાનીઓનું વચન સાચું જ છે કે આ ધર્મ વિનાનું જીવન અસાર છે. મોહની મહાપ્રબળતા છે ! માટે ધર્મ કરી લેવો' આમ વિચારણાનો ઝોક લીધો તો શુભ ધ્યાનમાં ચઢાય.

પેલું સ્વાર્થના ઘરનું કે પારકાનું પાપ-વિષયોના ઘરનું તો જેટલી જેટલી વાર યાદ કરો એટલી એટલીવાર આર્તધ્યાન. આ અશુભ વિકલ્પો બન્યા રહે એથી ઊલટું પરમાર્થના ઘરની, તત્ત્વના ઘરની, કે આત્મહિતના ઘરની જ્યારે જ્યારે વિચારણા કરો ત્યારે ત્યારે એ શુભ ધ્યાન, શુભ ભાવનાને અવકાશ આપે; શુભ અધ્યવસાય વારંવાર જાગતા રહે.

**આ શુભ અધ્યવસાય, શુભ ભાવના, શુભ ધ્યાન માટે શું કરવાનું ? વિચારસરણી શુદ્ધ બનાવવા શું કરવું ?**

(૧) આ જ કે આત્મહિતની દૃષ્ટિએ જોવું, પણ જડના સારા-નરસાની દૃષ્ટિથી નહિ.

તત્ત્વની દૃષ્ટિએ વિચારવું, મોહની દૃષ્ટિએ નહિ.

જડ-ચેતનનો, હિતાહિતનો, તારક-મારકનો, વિવેક કરવો.

વિનશ્વર કાયા-માયા, અને અવિનાશી આત્મા-પરમાત્માનાં મહાન અંતરને બરાબર ખ્યાલમાં લેવું.

આથી વિચારસરણી શુદ્ધ કરી શકાય. એમ,

(૨) મહાપુરુષોનાં જીવનચરિત્ર વારંવાર-વાંચવાં વિચારવાં.

(૩) તત્ત્વસ્વાધ્યાય ધીખતો રાખવો.



(૪) સદ્ગુરુઓના ખૂબ સમાગમ કરવા.

(૫) એમના કલ્યાણ-ઉપદેશ સાંભળવા, એ બધું પાછું ફરી ફરી મનમાં ઘૂંટ્યા કરવું.

(૬) વળી જીવનમાં અર્હદ્ભક્તિ, સાધુ સેવા, દયા, દાન, વ્રત-નિમય, ત્યાગ-તપસ્યા, સામાયિકાદિ અનુષ્ઠાન શક્ય એટલાં વધુ-આચરતાં રહેવું.

તો શુભ અધ્યવસાય ચાલે. નહિતર અશુભ વિકલ્પો તૈયાર છે. સુરેન્દ્રદત્ત એમાં પડ્યો છે એ વેદનાની વિહ્વળતાને આભારી છે, અહીં ત્રીજા પ્રકારનું આર્તધ્યાન લાધે છે.

**ચોથા પ્રકારનું આર્તધ્યાન :-**

ત્યારે જો પૌદ્ગલિક આશંસામાં ચિત્ત એકતાન લાગી જાય તો ચોથા પ્રકારનું આર્તધ્યાન લાગે છે, એ વળી મહાખતરનાક છે. ધર્મ ખૂબ સારો સાધ્યા પછી આત્મા જો ભૂલો પડી જાય છે તો આ આર્તધ્યાનમાં અટવાઈ જઈ નિયાણું કરે છે, ધર્મ વેચી પૌદ્ગલિક સુખ-સામગ્રી ખરીદી લે છે. એના એવા કુસંસ્કાર પડે છે કે પછી ભવાંતરે એ સુખસામગ્રી મળતાં ભાનભૂલો બને છે. ઘોર રાગ-દ્વેષ-મોહની આંધીએ ચઢે છે. કેઈ હિંસાદિ પાપો, ઇન્દ્રિયવિષયાસક્તિ ને કષાયો સેવનારો બની જાય છે ! પરિણામે નરકમાં પટકાય છે !

આ તો ઉગ્ર આશંસાની વાત થઈ. પરંતુ એથી નીચી કોટિની આશંસા તો મોહમૂઢ જીવને ડગલે ને પગલે ચાલ્યા કરે છે. દાઢમાં કાંઈ ભરાવું જોઈએ; પછી લોલુપતાને લીધે મનમાં એ જ આવ્યા કરે છે કે 'આ મળવું જોઈએ, બનવું જોઈએ.'

**પૌદ્ગલિક સુખ, માન-સન્માન, સત્તા-ઠકુરાઈની લાલસા કેમ ભૂંડી છે ?**

કહો, એ આશંસા કર્યા જ કરાવે છે; ત્યાં વારંવાર આર્તધ્યાનને મહાલવાની જગા મળી જાય છે. એથી વારંવાર કર્મ અને કુસંસ્કાર વધે છે.

વિચારો જીવનમાં આર્તધ્યાનથી બચવા માટે ક્યાં અવકાશ રાખ્યો છે ? હૈયે જડની જ માયા વસી હોય, કાયાની જ સુખશીલતા પર ચોંટ હોય, ઇન્દ્રિયોના વિષયો જ જોયા કરવા હોય, આપમતિ, ધમધમાટ, કપટ, તૃષ્ણાનાં જ ઘેન ચઢાવવાં હોય, ત્યાં આર્તધ્યાન ન આવે તો શું આવે ?

**પૌદ્ગલિક આશંસા ટાળવા વિચારણા :-**

**વિચાર નથી કે 'આ હું શું ઝંખી રહ્યો છું ?'**

જે મૂકીને જ મરવાનું એ ?

જેની પાછળ કાળાં દુર્ધ્યાન થઈ પુણ્યની ખાખ થાય અને પાપનાં ઝાડ ઊગે, એ ?

જે અનેકાનેક દોષ-દુર્ગુણ-દુષ્કૃત્યોને પોષી જન્મમરણની પરંપરા ચલાવે, એ ?

જો આની જ આશંસા-ઝંખના કર્યા કરીશ, તો પછી આત્મ-હિતની ઝંખના ક્યારે કરવાનો ? પૌદ્‌ગલિક આશા-આશંસા અને ઝંખના-જંજાળ કર્યા કરીશ તો એ હૃદયને એના કુસંસ્કારો અને મોહિનીથી એટલું બધું પકડશે કે પછી આત્મહિતની ઝંખના કરવાની લાયકાત પણ નહિ રહે. અને માનવજીવન એમ જ પૂરું થઈ થઈ જાય પછી કઈ દશા ?

આ વિશ્વમાં પુદ્‌ગલની ઘટમાળ તો અનંતાનંતકાળથી ચાલી આવે છે. વિરાટ જગતમાં કેઈ કેઈ સર્જન, સડન, અને વિધ્વંસન થયા જ કરે છે, કવિ કહે છે,-

**'કોઈ ગોરા, કોઈ કાલા પીલા, નયને નિરખનકી;**
**એ દેખી મત રાચો પ્રાણી, રચના પુદ્‌ગલકી,**
**ખબર નહિ આ જગમેં પલકી.'**

માત્ર ઇન્દ્રિયોથી જરાવાર અનુભવવાનું, પછી ખલાસ ! એનું એ એકને ઇષ્ટ લાગતું હોય એ જ બીજાને અનિષ્ટ લાગે છે.

એનું એ એક વાર ઇષ્ટ લાગેલું, એને ને એને જ કાલાન્તરે અનિષ્ટ લાગે છે.

આમાં ખરેખર ઇષ્ટ-અનિષ્ટપણું ક્યાં રહ્યું ? ખરેખરા સુખને કરનારું શી રીતે કહેવાય ?

આ પરિસ્થિતિમાં પૌદ્‌ગલિક આશંસાઓમાં મસ્ત બનવું, લાગ્યા રહેવું, એનાં નિયાણાં કરવાં, એ સરાસર મૂર્ખાઈ છે, માનવજીવનની બરબાદી છે.

આશંસા કરવી તો સદ્‌ગુરુઓની કરવી, સુકૃતોની કરવી, સત્પરાક્રમોની, દોષત્યાગની અને પાપથી છુટકારાની કરવી. વારંવાર પરમાત્માને એ બધા માટે પ્રાર્થના કર્યા કરી. રોજ 'જયવીયરાય' સૂત્રમાં શું માગીએ છીએ ? એ જે માગીએ છીએ એની આશંસા પછી કેટલી કર્યા કરીએ છીએ ? આવું કાંઈ જો નથી આવડતું તો આર્તધ્યાન ક્યાંથી આપણો કેડો મૂકે ?

**સત્ત્વહીનતાનાં લક્ષણ :-**

સમજી રાખો કે,

**પુદ્‌ગલના નચાવ્યાં નાચવું,**

**ઇષ્ટ-અનિષ્ટની જ ગડમથલમાં મચ્યા રહેવું, સુખશીલિયાપણાની વૃત્તિ જીવંત રાખવી, અસહિષ્ણુતાની કમજોરી ન છોડવી,**

એ સત્ત્વહીનતાનાં લક્ષણ છે. આત્મા એમાં નિઃસત્ત્વ બની જાય છે. સાત્ત્વિક બનવું હોય તો એ બધી લત પર પાકો અંકુશ મૂકવો જોઈશે. એ અંકુશ આત્મહિતકારી તત્ત્વોની લત લગાડવાથી આવશે; શુભ વિચારસરણી શુભ મનોરથો,



ને શુભધ્યાનના વારંવાર અભ્યાસથી બનશે, તો જ આર્તધ્યાનથી બચાશે.

**ખોટી વસ્તુ, ખોટી વિચારણા કાઢવા માટે માત્ર એનો સામનો બસ નથી, પણ સાથે સારી વસ્તુનો, સારી વિચારણાનો બહુ અભ્યાસ જરૂરી છે.**

સારી સારી ભાવના, સારાં ચિંતન, સારાં મનોરથ, સારાં કૃત્યો અને આચારો, આની રઢ લાગવી જોઈએ. એમાં ને એમાં આત્મા પરોવાયેલો રહે એટલે નરસાં વિચારો, દુર્ધ્યાન, કુવિકલ્પો, વગેરેને અવકાશ જ નહિ મળે. ફરિયાદ તો કરો છો કે 'બધું સમજીએ તો છીએ છતાં મન ખોટા વિચારે, ફાલતું વિચારે ચઢી જાય છે, જરા જરામાં આર્તધ્યાન થઈ જાય છે, શું થાય ?' પણ સમજતા નથી કે એ બધું ખોટું છે, એને રોકવું જોઈએ એટલા માત્રથી એ નહિ અટકે. મનને કોઈ સારું કામ આપી દો, સારો શોખ આપી દો, દા.ત. આ જીવનમાં સવાક્રોડ નવકાર ગણવા છે, અથવા તીર્થંકર ભગવાન અને અન્ય મહાપુરુષોના જીવનના એકેક પ્રસંગનો ઊંડાણથી અભ્યાસ કરવો છે, યા જીવનના બધા પ્રસંગોમાં તત્ત્વ શોધી કાઢી તત્ત્વદૃષ્ટિએ જ એને મોલવા છે...આવો કોઈ રસ, કોઈ હાર્દિક ઉદ્દેશ નક્કી કરો અને મનને કામે લગાડી દો; પછી જુઓ મનને રખડવાની અગર ખોટા વિચારો કરવાની કેટલી ફુરસદ મળે છે. દુર્ધ્યાન-આર્તધ્યાન કેમ વારે વારે ઊઠે છે ? તત્ત્વદૃષ્ટિની વિચારણા સતત ચાલુ નથી. માટે; અથવા બીજો સારો કોઈ માનસિક ધીખતો વ્યાપાર ચાલુ નથી માટે.

જીવન તો જીવો છો પણ જીવવામાં આ ઈલમ શીખવાનો છે જેથી મનને તોફાને ચઢવા બનતાં સુધી જગા જ ન મળે. કદાચ આર્તધ્યાનના તોફાને ચઢવા ગયું તો તરત એને તત્ત્વજ્ઞાનની, સુવિચારણાની કે નમસ્કારમંત્ર-સ્મરણ વગેરેની સડકે ચઢાવી દેવાનું. પણ આ તો જ બનશે કે માત્ર એવો પ્રસંગ આવે ત્યારે જ નહિ, કિન્તુ એમ ને એમ પણ એ સારો વ્યવસાય મનનો ચાલુ જ હોય; જીવનમાં એક ક્ષણ પણ ફુરસદ જ ન હોય એવો અને એટલો શુભ મનોવ્યાપાર માથે ધર્યો હોય. મન એથી ઘણું ફોરું, પવિત્ર, અને કોમળ બને છે. આર્તધ્યાનના ધસમસતા પ્રવાહ મોળા પડી જાય છે. એથી માનવ જીવનને સફળ કરી ભાવી સારી સધ્ધર સ્થિતિના મજબૂત પાયા પડે છે.

**આત્મભાન ગુમાવ્યાનું ફળ :-**

સમરાદિત્ય કેવળીમહર્ષિના જીવ ધનકુમારને મહાત્મા યશોધર મુનિ પોતાનું ચરિત્ર કહેતાં જણાવે છે કે પહેલા ભવમાં પોતે રાજા સુરેન્દ્રદત્ત તરીકે ચારિત્રની ભાવનાવાળા છતાં ભાવના ઠેકાણે પડી ગઈ અને પત્નીના હાથે જ પોતે એ ભવમાંથી ડિસમિસ થઈ ગયા ! આર્તધ્યાનમાં મર્યા, હવે કેમ ?

કર્મ જાણે કહે છે 'ચાલો મોરલીના પેટમાં-મોરના અવતારે. **આત્મભાન વિના મર્યા છો માટે આત્મભાવ વિનાના જીવનમાં !'** હિમવંત પર્વતના દક્ષિણ ભાગે લાગેલા શિલિન્ધ પર્વત પર ફેંકાઈ ગયા.

બહુ વિચારવા જેવું છે. હાયવોય થાય છે, દુર્ધ્યાન થાય છે ત્યાં આત્માનું ભાન ભુલાય છે. આત્મ-દ્રવ્યનો ખ્યાલ હોય, તો પોતાનાં જ બાંધેલાં કર્મ અને એના નિર્ધારિત ઉદય પર હવે આનાકાની શી ? ઓયવોય શી ? નવા કર્મબંધનો ડર કેમ નહિ ? પણ ના પુદ્ગલના ખોળિયા પર જ નજર છે એટલે 'મને આટલું બધું દુઃખ ? હાય ! સહન નથી થતું. આ ક્યાં આવ્યું ? કેમ જાય ?' વગેરે વલોપાત રહે છે. **આત્મભાન ભુલાય છે એટલે આત્મભાન વિનાના ભવમાં ધકેલાવાનું થાય છે.**

યશોધર મુનિ કહે છે, કાલક્રમે હું મોરલા તરીકે જન્મ પામ્યો. હજુ તો હું નાનું બચ્ચું જ છું, પાંખ પણ ખૂલી નથી, માતા મને વ્હાલથી ઉછેરી રહી છે. આ જગતમાં હલકા અવતારમાં પણ કાંક પુણ્ય જાગતું હોય તો પોતાના પર માતાનું વાત્સલ્ય ઊભરાઈ આવે છે, અને માતા જતના કરે છે. પણ પુણ્ય ખૂટે ત્યાં માતાય શું કરે ?

**મોરની માને મોત ભેટે છે :-**

વનમાં એક જુવાન શિકારી આવ્યો, દૂરથી એણે બાણ છોડ્યું. મોરલી ગફલતમાં હતી, નિશાન બરાબર તકાયું, તીર સોંસરું પેટમાં ઘૂસી ગયું ! મોરલી ઊથલી પડી, તરફડી રહી છે, તીર કોણ કાઢે ?; મલમપટ્ટો કોણ કરે ? જીવને અહીં માનવભવમાં તાનામાના સૂઝે છે, તેય બધી સાસર-વાસર મળે છે. છતાં ય ધર્મ કરવો નથી સૂઝતો ! કેવી કરુણ દશા !

મોરલી મરી. પારધીએ મને ઉપાડ્યું. લઈ ગયો નન્દાવાડા નામના ગામમાં, અને ગામના મુખીને એક પ્રસ્થક સાથવાના મૂલ્યે વેચ્યું. હલકા ભવમાં જીવનું મૂલ્ય કેટલું ? તેય હલકા માણસના હાથે ? પારધી એટલામાં રાજી થઈ ચાલતો ગયો.

અહીં મુખીએ મને ખરીદી તો લીધું, પરંતુ ક્યાં એને પોતાના છોકરા જેવી દરકાર હતી કે મારી ભૂખ-તરસનો વારેવારે ખ્યાલ કરે ? પણ એમાંય એનો શો વાંક ? વાંક તો મારો જ હતો. પૂર્વ જીવનનો છેલ્લા ભાગે બગાડેલા અધ્યવસાયે એવાં ચીકણાં પાપકર્મ ઉપાર્જ્યાં હતાં કે આ તો પાશેરામાં પહેલી પૂણી હતી !

**મોર કીડા ખાય છે :-**

ક્ષુધાવેદનીય ઘણી સતાવતી હતી, એટલે હું કીડા ખાવા માંડ્યો; અને એ રીતે પાપકર્મથી પોષાતું મારું શરીર વિસ્તાર પામતું ગયું. શરીર વધવા સાથે પાપ



વધવા માંડ્યાં ?

**પેટની કોઠી સાથે પાપની કોઠી ભરવાની ? :-**

આ ચરિત્ર સાંભળતાં વિવેકી ધનકુમારને શું થતું હશે ? મન પીગળી જ જાય ને ? એમ થાય કે 'અહો ! આ સંસાર ? અહીં પાકી સ્નેહી ગણાતી માતાએ અને પ્રાણપ્યારી કરેલી પત્નીએ આ કેવી દુર્દશા કરી ? આ તે સ્નેહી કે શત્રુ ? પણ જ્યાં ચામડા સાથે સગાઈ હોય, સંબંધ દેહના હોય, આત્માના નહિ, ત્યાં શી સારી આશા રખાય ? બિચારો મોરના અવતારે ! એક વખતનો માથાના ધોળા વાળને ધર્મદૂત સમજી વૈરાગ્ય પામી જનારો, 'મારે હવે રાજ્ય ને પાટ, વૈભવ ને વિલાસ કાંઈ ન જોઈએ, હવે તો સંસારનો ત્યાગ' એમ નક્કી કરનારો, એવા પરાક્રમીને પણ મોહે ગબડાવ્યો તે આટલી હદ સુધી **! મોર થઈને કીડા ખાઈ પેટ અને પાપ બંનેની કોઠી ભરે છે !'** પેટની કોઠી તો ભરવી પડે, પણ પાપની કોઠી ભરવાની ?

આ વિટંબણા સૂચવે છે કે ક્ષણમાત્ર ભરોસે રહેવા જેવું નથી કે 'મને હવે સારી ભાવના થઈ ગઈ, શી ચિંતા છે ?' હવે તો સારી ભાવના થઈ એટલે વધુ સાવધાન બનવાનું છે, જો આગળ વધવું હોય તો. ક્યાંય પણ ગફલત ન થઈ જાય, ભૂલભૂલામણીમાં ન પડી જવાય એની ભારે તકેદારી રાખવાની છે. માણસ કંઈક સારું કૃત્ય કરતાં ભૂલ કરી બેસે છે અને પછી તેનું કલંક ચઢે છે ધર્મ પર ! અજ્ઞાનીઓ કહે છે ને કે સંઘ કાઢે એને પછી દેવાળું નીકળે છે ? શું સંઘ કાઢવો એટલે પાપોદયને નોતરું ? ના, ખરી રીતે સંઘ કાઢ્યા પછી પુણ્યના અતિ વિશ્વાસમાં સટ્ટો કરે છે, ગજા ઉપરાંતના ધંધા કરે, આડુંઅવળું કરે, એટલે દેવાળું નીકળે, ત્યાં ધર્મનો શો દોષ ?

**પાપ ખપાવવાના નિર્ધાર છે ? :-**

સારું પુણ્ય કમાયા પછી તો એ નિર્ધાર જોઈએ કે અમારે એને અહીં વટાવવું નથી. એના તુચ્છ ફળ વૈભવ-વિલાસ નથી જોઈતા. પૂર્વનાં પાપ અહીં ખપી જાય તો સારું, કે જેથી પછી એકલી પુણ્યાનુબંધી પુણ્યની ગઠડી જ સાથે લઈને જઈએ, અને ભવાંતરે ઉત્તરોત્તર સદ્ગતિ, સુકૃત અને આત્મોન્નતિ કૂદકે ભૂસકે વધતાં જ ચાલે, તે અલ્પકાળમાં આ સંસાર કારાગારમાંથી છોડાવી અનંત અવ્યાબાધ સુખમય મોક્ષમહેલમાં સ્થિર કરાવે.' છે પાપ ખપાવવાના નિર્ધાર ? તો પછી દુઃખમાં સંતાપ શા ?

પુણ્યનાં ફળ ઝટ લઈ લેવાની ઉતાવળમાં માણસ ભૂલો પડી જાય છે.

એમ, શુભ ભાવનાના ભરોસે, દા.ત. 'હવે તો મારી ભાવના ચારિત્ર

લેવાની છે જ, તો આટલું સ્નેહીનું માની લેવામાં શું બગડવાનું હતું ? થોડા વિલંબમાં શું થઈ જવાનું ?' આવા ભરોસે થાપ ખાઈ જાય છે.

સારી ભાવના રક્ષક છે, પરંતુ કાળ, કર્મ અને જગતનો ભરોસો એ લૂંટારા છે; રક્ષકને ભુલાવવામાં નાખી ક્યાંય તાણી જાય. સુરેન્દ્રદત્ત જ્વલંત વૈરાગ્યની ભાવના છતાં આમ જ તણાયો. ત્યારે એ વિચારવા જેવું છે કે,

જ્યાં એવી કોઈ ભાવના નથી, બસ સંસારમાં રંગ-રાગમાં મહાલ્યા કરવું છે, ત્યાં કાળ, કર્મ અને જગતના ભરોસે રહ્યે શું પરિણામ આવે ?

રક્ષણરૂપે ધર્મ પાસે નથી, અને જાતના અભરખાથી કે બીજાની શરમાશરમીથી પાપમાં તણાવાનું છે, ત્યાં કઈ કારમી વિટંબણા સરજાવાની ?

રક્ષણ રૂપે પુણ્ય સધ્ધર નથી, અને પત્ની પુત્રાદિના સ્નેહમાં આંખ મીંચીને તણાવું છે તો પરિણામ કેવું આવવાનું ?

**ભવના પલટાની ભયાનકતા :-**

સુરેન્દ્રદત્તને હવે તિર્યંચ મોરનો અવતાર એટલે પુણ્ય કરવા માટે નાલાયક અને પાપ આચરવા તૈયાર એવું જીવન ! ધર્મ દુર્લભ અને પાપ સુલભ ! આ મોર સહેજે સહેજે જીવતાં જીવડાં ખાઈ જાય છે ! એક તો આવી તિર્યંચ-કાયા પૂર્વનાં પાપે આવી, પણ ઉપરથી હવે એ પાપકાયા દ્વારા પણ પાપનો સંચય કરવાનો ! મનુષ્ય હતો ત્યારે જીવડાં ખાવાં શું, ઉપર પગ ન મૂકવાની કાળજી, પણ બસ હવે પાપકાયા મળી. એ કહે છે 'હવે જીવડાં ખા.' એવા ભવમાત્રથી પાપ લલાટે લખાય છે !

**ધર્મકાયાનું મૂલ્યાંકન :-**

એક જીવનપલટો જીવને ક્યાં લઈ જઈ પટકે છે ? તિર્યંચની પાપકાયાના હિસાબે આ માનવભવની કાયા તો ધર્મકાયા છે. એનાં મૂલ્યાંકન કરો. જ્યાં સુધી એ હાથમાં છે ત્યાં સુધી, જે બીજે દુર્લભ છે, જે અહીં જ સુલભ છે, અને જે દુર્ગતિને તાળાં લગાવી સુગતિ નક્કી કરી આપે છે. એ શુભ ભાવનાઓ, સદ્‌ગુણો, પરમાત્મભક્તિ, સાધુસમાગમ અને દાનાદિ ધર્મ જીવનમાં ખૂબ ભરી દો. કોડ કરો કે વીતરાગનું શાસન મળ્યું છે તો એની કેવી એકતાન આરાધના કરી લઉં કે હલકો ભવ હવે મારે આવે જ શાનો ? આર્તધ્યાન નથી તો તિર્યંચના અવતાર શાના ?





**વીતરાગનું શાસન મહાનિધાન, સર્વ સંરક્ષણ, સર્વોદય :-**

એક માત્ર વીતરાગનું શાસન જ તારણહાર છે, એની જોરદાર માયા લગાડું; એમાં મહાનિધાન દેખું, એમાં જ સર્વ સંરક્ષણ અને સર્વ-ઉદય દેખું. મહાનિધાન એવું કે હીરા-માણેકની તિજોરી એની આગળ ડૂલ લાગે, તુચ્છ ભાસે, સર્વસંરક્ષણ એવું કે સંસારની સર્વ આપત્તિ સંરક્ષણ ત્યાં જ દેખાય ! સર્વ-ઉદય એવો કે બધીય વાતના શુભોદયનું એક માત્ર સાધન એ જ, એવો અટલ વિશ્વાસ બેસી ગયો હોય.

**પાપ-કાયા ને ધર્મકાયા :-**

માનવ દેહને જેવો મૂલવશો એવા કોડ અને પુરુષાર્થને અવકાશ મળશે. બીજી તિર્યંચ યા દેવની કાયાની જેમ એને વિષય સુખ ભોગવવાનું એક સાધન જો ગણ્યું, તો પછી કોડ અને પુરુષાર્થ એ જ તરફના રહેવાના. ના, જો એમ માન્યું કે આ માનવકાયા એ ધર્મકાયા છે, વીતરાગ પરમાત્માનો ભાખેલો ધર્મ સાધી લેવા માટે મહાયોગ્ય કાયા છે, તો કોડ-પુરુષાર્થ એ તરફ ચાલવાના, પણ મુલવણી અંતરથી થવી જોઈએ. હૃદયના ઊંડાણમાંથી અવાજ નીકળે કે આ મારી કાયા પાપકાયા નથી પણ ધર્મકાયા છે. મનને ચોંટ લાગી જાય કે આને ધર્મ કમાવા માટે જ વાપરું, ખાન પાન ઈત્યાદિ કરું તે તો એને ઊભી રાખવા પૂરતું, પણ એ બધું કરતાં અને કર્યા બાદ પણ ધર્મ-કમાઈનું લક્ષ જરાય ન ચૂકું.

**ધર્મકાયા અને સર્વોદય શાસન :-**

આ મહાદુર્લભ ધર્મકાયા અને આ મહાનિધાન, સર્વસંરક્ષણ, ને સર્વોદય સ્વરૂપ જિનશાસન, બેનો કેટલો બધો અદ્‌ભુત યોગ પ્રાપ્ત થયો છે ! આ દુનિયામાં જાઓ જુઓ બહુધા શું જોવા મળે છે ? પાપકાયા અને મોહનું શાસન, બેનો યોગ જોવાનો મળશે. પાપની પ્રવૃત્તિ અને મોહનાં દિલ, એ જ ચારેકોર જોવા મળશે, કેમ કે ભવ જ એવા કે પાપ એને મોહ સુલભ ! દોષ અને દુષ્કૃત્યો જ સુલભ ! હવે આ ધર્મકાયામાં પણ એ જ સસ્તું કરાય અને તે પણ સર્વસંરક્ષણ-સર્વોદય રૂપ ધર્મશાસન મળ્યા પછી, એ કેટલી સ્વઘાતક કારમી કરુણ દશા !

ધ્યાન રાખજો આજે ય સર્વોદયવાદ તો ચાલી પડ્યો છે, પરંતુ એ ભૌતિક છે. સાચો સર્વોદય અહીં સદ્‌ધર્મશાસનમાં છે. સર્વસંરક્ષણ પણ ત્યાં જ છે. ધર્મના નામે તો દુનિયામાં કોઈ પંથે, કેઈ મત ચાલે છે, પરંતુ બધે સર્વસંરક્ષણ, સર્વોદય નથી, માત્ર વીતરાગ સર્વજ્ઞ પ્રભુના ઉપદેશેલા ધર્મમાં જ તે મળે છે. એ મળ્યાની મહાકદર કરો, મહાગૌરવ લો, ન મળ્યાનું મળ્યું માની હરખ અને હોંશ હોંશ

અનુભવો, તો આ કાયાને સાચી ધર્મકાયા બનાવાય, મનને સાચું ધર્મમન બનાવવા મથાય, વાણી ધર્મવાણી જ વદવાનું લક્ષ રહે.

સુરેન્દ્રદત્તે ઠીક ઊભું કર્યું હતું, પરંતુ અંતે ગુમાવ્યું, તો અત્યારે મોર થઈને પાપકાયા, પાપમન બનાવી રહ્યો છે. જીવડાં ખાઈ શરીર વધારી રહ્યો છે.

**વિચારવાના બે મહાન મુદ્દા :-** અહીં એક વાત વિચારવા જેવી છે કે પૂર્વે (૧) જેણે માતાને ઊંચો ઉપદેશ આપ્યો હતો કે કોઈ પણ જીવને દુઃખ દેવાય નહિ, મરાય નહિ, વળી

(૨) જેને ચારિત્રની ભાવના હતી, તેમ

(૩) બીજાને મારવાં કરતાં પોતે આત્મઘાત કરવાની તૈયારીનું સત્ત્વ હતું,

આ ત્રણ વિશેષતાઓ એ અત્યારે જીવતાં જીવડાં ખાઈ જાય છે, ત્યાં આટલો બધો ફેર કેમ ?

એમ એ વિચારવા જેવું છે કે એવા એક વખતના સારા યોગ છતાં આ દશા, તો જેના જીવનમાં એ બળ નથી, તેને ભવાંતરે કઈ દશા ?

## ● ખોટા સવાસલાની ભયાનકતા ●

ત્યારે, ફરકનાં કારણ બે દેખાય છે, એક માતાના દાક્ષિણ્યથી લોટનો કૂકડો માર્યો અને એને ખાધો બીજું એ, કે અંત સમયે ઝેર અને ગળે ટૂંપાનો ભોગ બનતાં જે આર્તધ્યાન કર્યું, એમાં વિચારણા બગાડી. પરિણામે ભવ એવો મળે છે કે જ્યાં સરાસર અજ્ઞાન-અવિવેક દશા છે, હિંસક પરિણતિ છે.

ત્યારે જોવા જેવું છે કે લોટનો કૂકડો મારતાં કરેલો ખોટો સવાસલો અને આર્તધ્યાનમાં કરેલો મનનો બગાડો જીવને ક્યાં સુધી નીચે લઈ જાય છે !

**પાપની વાત પર લગાવેલ કર્તવ્યનો કે ધર્મનો સિક્કો ભયંકર નીવડે છે.**

**ધર્મના નામે ચલાવેલી પોલ કર્મના ચોપડે રજેરજ લખાય છે. કર્મ શરમ રાખતું નથી; દારુણ વિપાક દેખાડે છે !**

આ તો ગૃહસ્થ હતો, પણ સાધુ પણ હોય, તોય જિનાજ્ઞાએ નિષેધેલા ખોટા વ્યવહાર અને ખોટી વિચારણાઓ ચલાવવામાં જીવનની ભયંકર બરબાદી અને દુઃખદ પરલોક સર્જાય છે. આ તો દેખીતા બીજા ધર્મની ઓથ છે એને ! ત્યારે જેને એવી કોઈ ધર્મની ઓથ નથી, અને પાપમાં ખદબદતું જીવન છે, એવા જ્યારે

અકર્તવ્ય પર કર્તવ્યની મહોર છાપ મારવાની,

પાપને ધર્મ લેખવાની,

**અવધિને વિધિમાં ખપાવવાની, અને** ધર્મ દઢ કરવાના કાળને ધર્મ ઢીલો કરવાના કાળ તરીકે મનાવવાની

હોશિયારી દાખવે, એ પામર આત્માની પરિણામે કઈ કરુણ દશા થાય ? એકલી પોતાની જ નહિ, કિન્તુ પોતાની પાછળ ઘસડનાર બીજા બાળ જીવોની કેવી ભાવકતલ થાય !

**પ્રકાશની બેપરવાઈનું મહાપાપ :-**

બોલવા ને વિચારવામાં બહુ ખ્યાલ રાખવા જેવો છે. આપણાથી સારું ન બને એ એક વાત છે, પણ અ-સારાને સારામાં ખપાવવું એ બીજી ભયંકર વસ્તુ છે. શા માટે આવું કરવું પડે ? એક માનાકાંક્ષા માટે જ ને ? પોતે સારો છે, હોશિયાર છે, શાસ્ત્રનો જાણકાર છે, એવી તુચ્છ છાપ પાડવા માટે જ ને ? વિચારવું જોઈએ છે કે એ સારા ગણાયા, માન મળ્યું ને મનને જરાક શો સંતોષ પમાડ્યો, એ તો **ચાર દિનકી ચાંદની છે, પણ પીછે ઘોર અંધારી રાત છે !**

જ્યારે ભગવાન જિનેશ્વરદેવ આદર્શ મળ્યા છે, એમનું શાસન ઝીણાં-ઝીણાં પાપ, કે જેની લોકને તો શું, પણ ઇતર ધર્મવાળાનેય ગમ નથી, એવાં સૂક્ષ્મ પાપોનીય ઓળખાણ કરાવી રહ્યું છે, ત્યારે એવા મહા પ્રકાશનાં સાધન છતાં અંધારામાં શા માટે ટિચાવું ? આમાં વધારે દારુણતા તો એ સર્જાય છે કે છતે પ્રકાશે એની બેપરવાઈ કરવાનું ભયંકર પાપ થાય છે ત્યારે જેને આ પ્રકાશ નથી મળ્યો, એ પેલાં પાપ તો કરે છે, પરંતુ આ મહાન પાપ, પ્રકાશની સામે ધિઠ્ઠાઈ કરવાનું નથી કરતો, પ્રકાશનો અપલાપ કરવાનું નથી કરતો. ત્યારે આ પાપ એવું ભયાનક છે કે જન્મોના જન્મો સુધી જીવમાંથી માર્ગ પામવાની લાયકાતનો નાશ કરે છે, માર્ગ પ્રાપ્ત કરવા માટેના અનુકૂળ સંયોગોથી વંચિત રાખે છે !

સુરેન્દ્રદત્તને આવું કાંક બન્યું તેથી દેખાય છે કે મોરનો કરુણ અવતાર, જીવડાં ખાઈ પેટ ભરવાની સ્થિતિ અને પછી ભયાનક દુઃખભર્યા તિર્યંચના ભવોનું સર્જન થાય છે.

**બીજો મુદ્દો : મનનો બગાડ :-**

બીજું કારણ બન્યું આર્તધ્યાન, એનાથી બગાડેલું મન અને બગાડેલી વિચાર-સરણી. બનવાનું તો બને જ છે, પરંતુ મૂઢ જીવ ખોટા વિકલ્પોમાં ચઢી આર્તધ્યાન કરીને, મન બગાડીને, કેઈ પાપ બાંધે છે.

**'વિણ ખાધાં, વિણ ભોગવ્યાંજી, ફોગટ કર્મ બંધાય,**
**આર્તધ્યાન મિટે નહિજી, કીજે કવણ ઉપાય,**
**રે જિનજી ! મુજ પાપીને તાર.**

-કવિ કહે છે, 'હે જિનેન્દ્રનાથ ! આ જીવને કાંઈ ખાધાપીધા કે સારું

ભોગવ્યાનો લાભ નહિ છતાં આર્તધ્યાન મટતું નથી, ને ફોગટ પાપનાં પોટલાં બંધાય છે, તો હે દીનદયાળ ! કાંઈ એવો ઉપાય કર કે હું આવા દુર્ધ્યાનમાંથી છુટકારો પામું.'

## • પ્રાર્થના કેટલી ને ક્યાં સુધી જરૂરી ? •

**પૂછો, પ્રભુ તો મોક્ષમાં જઈ બેઠાં, એ શું ઉપાય કરશે ?**

એના ઉત્તર એ છે કે જે કાંઈ સારું થશે એ અરિહંત નાથના પ્રભાવે જ થશે, આ શ્રદ્ધા અને પ્રાર્થના એવું જોમ લાવે છે, અને એવું અરિહંત પ્રભુનું શરણ લેવરાવે છે કે એનાથી વિઘ્નભૂત પાપોનો વિધ્વંસ થઈ જવાના યોગે દુષ્કૃત-દુર્વિચારો અટકી જાય છે, એનાથી બચાય છે. પંચસૂત્રકાર મહર્ષિ આ આશ્વાસન આપે છે, આ સત્ય સમજાવે છે.

માટે જ, **લેશ પણ દુષ્કૃત્ય, દુર્વિચાર રહે ત્યાં સુધી અથાગ શ્રદ્ધાથી અરિહંત પ્રભુનું શરણ લો અને પ્રાર્થના કરો** કે જેથી આ પાપમાંથી મુક્તિ મળે. મોટા ગણધર મહારાજ જેવાએ પણ કર્યું છે, ત્યારે આપણા માટે તો પૂછવાનું જ શું ?

જુઓ 'નમોત્થુણં,' 'તિત્થયરા મે પસીયંતું, 'સમાહિવરમુત્તમં દિંતુ,' 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતું, 'ધમ્મો વઢ્ઢઉ, ધમ્મુત્તરં વઢ્ઢઉ' વગેરે વારંવાર બોલવાના છે. એ ગણધર મહર્ષિનાં વચન છે. તો પ્રાર્થના વારંવાર કરવાની કેટલી અગત્ય છે ? માટે

પ્રાર્થના તો પરમ ઉપાસના છે. અલબત્ત એનાથી વીતરાગને રીઝવવાની વાત નથી, કેમ કે એ રૂઠેલા છે જ નહિ. અપ્રસન્ન છે જ નહિ, પરંતુ, પ્રાર્થના દ્વારા આપણી શુભ આશંસા વ્યક્ત થાય છે. એ સુંદર પ્રણિધાન સર્જે છે; અને પ્રણિધાન એ સિદ્ધિનો પહેલો ઉપાય છે. માટે પ્રાર્થના દિલના દર્દ સાથે વારંવાર કરો.

## • પ્રાર્થના કેવી રીતે કરવી ? •

(૧) મૂર્તિને મૂર્તિ સમજીને નહિ પણ જીવંત ભગવાન બિરાજેલા સમજી પ્રાર્થના કરો.

(૨) મૂર્તિ સામે ન હોય ત્યારે પણ મનમાં સમવસરણસ્થ ભગવાન લાવો અને પ્રાર્થના કરો.

(૩) પ્રાર્થના દિલના ભારે દર્દ સાથે કરો.

(૪) પ્રાર્થના ગદ્ગદ સ્વરે અને નાભિમાંથી ઊઠતા અવાજે કરો.

(૫) દિલનું દર્દ અને ગદ્ગદ સ્વર લાવવા માટે એ વિચારો કે 'હું કેવો કર્મ અને મોહનો કંગાળ ગુલામ છું ! મારામાં નાના મોટા કેટલાય રાગ, દ્વેષ, તૃષ્ણા-



મમતા, મદ-માયા, સ્વાર્થાંધતા અને અસહિષ્ણુતા વગેરે દોષો ખદબદી રહ્યા છે ! હું કેવો અનંતા ભવ ભમ્યો છું ! હજી પણ કર્મ કોણ જાણે ક્યાં ક્યાં ભટકાવશે ! પંચ વિષયો અને મારી જ ઇન્દ્રિયો મને કેટલો નચાવે છે ! અસંખ્ય જનમનાં કર્મ કેવાં કેવાં સ્ટોકમાં પડ્યાં છે ! ને એ કેવાં વેર વાળશે ! સ્વરૂપે હું અનંતજ્ઞાન અને અનંતસુખનો ધણી છતાં કેટલું ભયાનક વિશાળ અજ્ઞાન અને અગણિત દુઃખોનો શિકાર બન્યો છું ! આહારાદિની કેટકેટલી વાસનાઓ મને સતાવી રહી છે ! રોગ, વૃદ્ધાવસ્થા, મૃત્યુ, ભવાંતર, ઇષ્ટવિયોગ, અનિષ્ટ સંયોગ વગેરેની સામે કશું ચાલતું નથી, એ મારી કેવી રાંકડી સ્થિતિ !' ઇત્યાદિ વિચારો તો દિલનું દર્દ ઊભું થાય, પ્રાર્થનામાં ગદ્ગદ સ્વર નીકળે

(૬) પ્રાર્થના માટે અરિહંત પ્રભુનું શરણ સ્વીકારો, ભૂખે મરતો જેમ દયાળુનું શરણ સ્વીકારે છે, મહારોગી માણસ કુશળ વૈદ-ડાક્ટરનું શરણ સ્વીકારે છે, ડાકુની સામે શસ્ત્રધારી પોલિસ વગેરેનું શરણ લેવાય છે, ઘડપણ,-પક્ષપાત વગેરેમાં સ્નેહીનું જેવી રીતે શરણું લેવાય છે, એ રીતે અહીં ત્રિભુવન તારક તીર્થંકર ભગવાનનું શરણું સ્વીકારવાનું છે. ભવભ્રમણ, કર્મ, મોહ, રાગાદિ આંતરશત્રુઓ, દુઃખ વગેરેના ત્રાસ અને ભયથી મનને એમ આવે કે 'પ્રભુ ! મારું કોઈ બેલી નથી, કોઈ આધાર નથી, કોઈ જ રક્ષક નથી, કોના ભરોસે રહું ? તું જ મારે શરણ છે, આધાર છે, તું જ ત્રાતા છે, નાથ ! તારે શરણે છું, તું જ તારણહાર છે, દીનદયાળ છે, જીવોનો આધાર છે...'

આ રીતે પ્રાર્થના કર્યે જવાની, અને પ્રાર્થ્ય વસ્તુ માટેનો પુરુષાર્થ આદર્યે જવાનો.

**પ્રાર્થના દ્વારા, નિર્મળ આશંસા દ્વારા એવાં કર્મનાં આવરણ તૂટે છે કે જેથી પુરુષાર્થને સારી સફળતા પ્રાપ્ત થાય છે.**

**સાધક માત્રને પ્રાર્થના વિના ચાલી શકે નહિ.**

પ્રભુનું શરણ લેવાય, પ્રભુને પ્રાર્થના કરતા રહેવાય, તો એવું બળ મળે કે પછી આર્તધ્યાન કરવાની જરૂર ન રહે. જ્યાં કોઈ લાભ નહિ, બનવાનું હોય તે તો બન્યે જ જતું હોય, ત્યાં ફોગટિયું આર્તધ્યાન કોણ કરે ? રાજા સુરેન્દ્રદત્ત ભૂલો પડી ગયો, આર્તધ્યાને ચઢી ગયો અને મોરના ભવમાં ફેંકાઈ ગયો. ત્યાં કીડા ખાઈ શરીર વધારી રહ્યો છે !

મોર હવે મોટો થયો, એને કલગી અને પીંછાં આવી ગયાં, એટલે માલિકે એને નાચવાની કળા શિખવાડી. મોર ચાલાક થઈ ગયો.

સરકસમાં અબૂઝ પશુઓને પણ કળા શિખવાડી હોશિયાર બનાવાય છે ને ?

## • સંસારકળા અને ધર્મકળામાં પશુતા-માનવતા •

એટલે શું સમજ્યા ?

**સંસારની કળા તો પશુતાની કક્ષા સુધીમાંય શીખી શકાય છે.** માણસ જેવા માણસ થઈને માત્ર સંસારની કળા શીખ્યા એમાં પશુતાથી આગળ શું વધ્યા ? **ધર્મકળા શીખો, તો એની ઉપરની માનવતાની કક્ષાએ ચઢ્યા ગણાય.**

**માનવતાના વિકાસ એટલે ધર્મકળાના વિકાસ.**

શું સંસારકળા અને શું ધર્મકળા એટલે ?

એ જ કે સંસાર પોષનારી કળા એ સંસારકળા, અને ધર્મ પોષનારી કળા એ ધર્મકળા. સંગીત એનું એ, પરંતુ માત્ર પ્રભુભક્તિ, વૈરાગ્ય વગેરે માટે જ એ શિખાય અને વપરાય, તો એ ધર્મકળા થઈ; અને જો એ પોતાનાં માનપાન વધારવાં, કૂકા ભેગા કરવા કે બીજાના મોહ વધારવામાં વપરાય, તો એ સંસારકળા થઈ.

ધર્મોપદેશની પણ કળા જો દુનિયાનું રંજન કરવા ને પ્રતિષ્ઠા મેળવવામાં વપરાઈ તો એ ય સંસારકળા ! એક માત્ર આત્મોપકાર માટે જ એ શિખાય-વપરાય તો એ ધર્મકળા કહેવાય. તાત્પર્ય આ છે કે માનાકાંક્ષા પ્રતિષ્ઠાનો મોહ, પૌદ્ગલિક લાલચ, વગેરે છોડો, તો જ ધર્મકળાને પણ સંસારકળા બની જતી અટકાવી શકાશે. ધર્મકળાથી પણ કંચન અને કીર્તિ ખરીદવાનું મન થાય તો એ સંસારકળા ગણાશે.

બાકી સંસારકળામાં તાલંબાજ થવા ક્યાં અને કેટલું બાકી રાખ્યું છે ? ભવે ભવે એ શક્ય એટલી કેળવી છે. હવે માનવતાના ઉચ્ચ થાળે અને જૈન શાસનના વાડામાં આવી ગયા પછી શા એના ને એના મોહ ? સ્ત્રીઓ હોશિયારી દેખાડે છે, ગૌરવ લે છે ‘જુઓ ત્રણ વેલણ મારતાં રોટલી તૈયાર ?’ પણ એમાં શું વળ્યું ? એ તો સંસારકળા છે. સંસારકળા એટલે તો માત્ર પશુતા સુધીનો વિકાસ; માનવતાના વિકાસ કરવા હોય તો ધર્મકળા કેળવો. મન એકાગ્ર અને હૈયું ભક્તિભીનું રાખી ધર્મ શાસ્ત્ર સારું શીખાય એ જુઓ. તપ પ્રસન્નતા-પ્રફુલ્લિતાથી થાય એવું કર. ખાવાની કળામાં પાવરધા થયે શી માણસાઈ ? આહારસંજ્ઞાના પોષણ એ તો સંસારની કળા; તપશક્તિના વિકાસ થાય એને ધર્મકળા કહેવાય.

કોઈને કોઈથી અદાવત થઈ, આપણે એને લડવાની પ્રેરણા કરી અને હરાવવાની તરકીબ બતાવી, એ શું ? સંસારકળા. પરંતુ બંનેનું અથવા એકનું મન શાંત કર્યું, ક્ષમાશીલ બનાવ્યું, તો ધર્મકળા વાપરી ગણાય.

આજે મૂંઝવણનો કાળ છે ને ? એમાં જો તમે બીજાને એવી જ વાતો કરી કે જેથી એને કષાય વધ્યા, અસમાધિ વધી, તો એ વાતોની હોશિયારી એ



સંસારકળા. ધર્મોપદેશમાં આ બહુ સાચવવાનું છે, નહિતર એ ય સંસારકળા બની જાય. શ્રોતાને કષાય વધે, દા.ત. સાધર્મિકભક્તિ માટેના ઉપદેશમાં શ્રીમંતોની ઝાટકણી કાઢી, ત્યાં મધ્યમ સ્થિતિના શ્રોતાઓને એ શ્રીમંતો ઉપર કષાય વધ્યો, તો એ ઉપદેશ સંસારકળા થઈ. ધર્મોપદેશના નામે બનાવટી નિશ્ચયનયની વાતો કરીને શ્રોતાના આચાર માટેના પરિણામ ઢીલા કર્યા. ક્રિયાશીલ સંઘ ઉપર એમને સૂગ જગાડી તો એ વાક્કળા સંસારકળા થઈ.

તમારી હોશિયારીના હિસાબે તમારો અને બીજાનો આત્મા શું પામે છે એ પર ધર્મકળા કે સંસારકળાની છાપ મળે. જો સંવેગ, વૈરાગ્ય, ક્રિયા-આચારની રુચિ, પૂજ્યો પ્રત્યે સદ્ભાવવૃદ્ધિ દાનાદિ ધર્મની પ્રેરણા, દેવ-ગુરુ-શાસ્ત્ર પરભક્તિ બહુમાન, વિષય-કષાયનિગ્રહ ઇત્યાદિ જાગે તો એ ધર્મકળામાં જાય; એથી ઊલટું નિપજાવનારી કળા ચોખ્ખી સંસારકળા બની જાય.

સાવધાન બનો, સંસારની કળામાં રચ્યા-પચ્યા રહી સંસાર બહુ વધાર્યા, હવે ધર્મકળા બને તેટલી વધારી-વિકસાવી સંસારને ઓછો કરવાનો સમય આવી લાગ્યો છે. એની કિંમત કરો, ઓળખાણ કરો. જીવન તો જોત જોતા પૂરું થઈ જશે; પૂરવેગે માનવકાળ વહી રહ્યો છે, ત્યારે એક ક્ષણનો પણ ઉધારો કરવા જેવો નથી. **સંસારકળાઓ પડતી મૂકી ધર્મકળાના વિકાસ કર્યે જાઓ તો આ એક ભવમાંથી ગયા અનંતા કાળનો ચીલો બદલાશે; ભાવિ અનંતકાળ ઉજ્જવળ બનશે ?**

બાકી સંસારકળાની હડફેટે ચડવામાં આજ સુધી કોઈએ સાર કાઢ્યા છે તે તમે કાઢવાના છો ? જેને માટે એ કળા અજમાવો છો તે બધું તો વિનશ્વર છે, અહીં મૂકીને જ મરવાનું-જવાનું છે, અને એ સંસારકળાના કુસંસ્કાર અને પાપ કર્મ ભવાંતરે જીવને કારમી વિટંબણા દેખાડવાના છે. ત્યારે અહીં પણ શું છે ? કળામાં ક્યાં બધાય સફળ જ થાય છે ? ઘણા સટોડિયા માર ખાઈ ગયા.

## • સંસારકળામાં હજામને માર •

**એક હજામ ભાઈ હતા** રોજ મોટા શેઠની રાતે પગચંપી કરવા જાય. શેઠ પાસે બીજા અનેક દલાલ ને વેપારી આવતા, તે અલકમલકની વાતો ચાલતી. પણ બધી જ સંસારકળાની હોં. ધર્મકળાની વાતોનાં સ્થાન આજે શોધવા નીકળવું પડે !

એકની આગળ વેપાર રોજગારની બડી બડી વાતો સાંભળી હજામનેય પાણી ચઢી જતું; એટલે એ અવરનવર શેઠને કહે,

‘શેઠ સાહેબ ! મને ય ભાઈસાબ ! થોડો વેપાર કરાવો ને.’

શેઠ કહે ‘ભાઈ ! તારું કામ નહિ. એ તો જેનું કામ જે કરે.’

'પણ તે શેઠ સાહેબ ! અમે શું હજામ એટલે વેપાર ન કરી શકીએ ?'

'ના ભાઈ ના, ન કરી શકે, હજામનું કામ હજામ જાણે, ને વેપારનું કામ વેપારી.'

શેઠ સમજાવે પણ પેલો માને નહિ, કેમ કે એને હું ય એક વેપારી છું' એવો ઠસ્સો જોઈએ છે, અને સામટા રૂપિયા ભેગા કરી લેવા છે. આ બેના મોહમાં માણસ મરી રહ્યો છે. જિંદગી કેટલીય વહી જવા છતાં એને વેપારીપણાનો ઠસ્સો અને છલબલ લક્ષ્મી, સાજા છીએ ત્યાં સુધી રૂપિયા ઘર ભેગા કર્યે રાખો,' આ બેનો મોહ ઊતરતો નથી પછી ત્યાં પરલોકનો ભય પાપનો ઉદ્વેગ, અને ધર્મનું જોમ ક્યાંથી ખીલે ?

હજામને તાન ચઢ્યું છે. શેઠ વારે વારે ના કહે છે એટલે એક દિ' એ શેઠને કહે છે, 'તો રહેવા દેજો શેઠ સાહેબ ! એમ તો મને વેપાર કરતાં આવડે છે, બતાવીશ અવસરે.'

શેઠે એક દિવસ તાકડો રચ્યો. દુકાને ચિઠ્ઠી લખી એક માણસને આપી અને શીખવ્યું રાતના આપવા આવજે. રાત્રે આવ્યો પેલો માણસ ગભરાતો ગભરાતો કહે છે !

'શેઠજી ! પરદેશથી ચિઠ્ઠી આવી છે.'

'હા, શા સમાચાર છે ?'

'લખે છે કે વાત ખાનગી રાખજો, પરદેશથી લશ્કર ચઢી આવવાની સંભાવના છે. જો કે જીતી નહિ શકે, પરંતુ થોડા દિવસ એનો ઉપદ્રવ રહેશે. એટલે બજાર ઊંચાં જશે. ખાસ કરીને તાંદળજાની ભાજી બહુ મોંઘી થશે.'

હજામ બેઠો બેઠો સાંભળે છે. પેલો માણસ ગયા પછી એ ય ઊઠ્યો.

બીજે દિવસે હજામ વહેલો વહેલો બજારમાં જઈ તાંદળિયાની ભાજીનો મોટો જથ્થો ખરીદી લે છે, અને ઘરમાં વખાર ભરે છે. પછી રાહ જુએ છે કે ક્યારે લશ્કર ચઢી આવે. એક દિ' થયો, બે દિ' થયા. ચાર દિ' થયા, કોઈ દેખાતું નથી.

શેઠને જઈને પૂછે છે 'પેલું લશ્કર ક્યારે આવવાનું છે ?'

શેઠ કહે 'કેમ ?'

'એ તો મેં તાંદળિયાની ખરીદ કરી છે.'

'લશ્કર તો નથી આવવાનું, ભાઈ !'

'હેં ?'

'હા.'

હાય કરતો ભાગ્યો હજામ, 'વેચી નાખું હમણાં હમણાં' એમ વિચારતો.



પણ શું વેચે ? ઘેર જઈ જુએ છે તો તાંદળિયો ઉકરડે નાખવા લાયક થઈ ગયો છે ! પોક મૂકીને રુએ છે.

જુઓ સંસારની કળાનો કરુણ અંજામ, પરંતુ તમે કહેવાના કે 'એ તો હજામ, તે સડી જાય એવા માલની ખરીદ કરી, આડી અવળી તપાસ ન કરી. અમે હજામ થોડા જ છીએ ?'

પરંતુ એટલું તો વિચારો **કે એણે ચાર દિ'માં સડી જાય એવા માલનો વેપાર કર્યો, તેમ છેવટે મૃત્યુ કાળે સડી જાય, ખોવાઈ જાય, એક પાઈ પણ પુણ્ય કમાઈ ન આપે, એવો વિનશ્વર કાયા-કંચન-કીર્તિ-કુટુંબની પાછળ સંસારકળા ખેલી રહ્યા છો કે નહિ ?** ભલે જાતને પેલા ભોઠ હજામ જેવી નથી માનતા, કેમ કે તમે તો મોટા વેપારી તરીકેની ખુમારી લઈને ફરો છો, પરંતુ એટલું વિચારવા કહું છું કે, **જેની પાછળ સંસારકળા અજમાવી-અજમાવી માનવજીવનની રાખ કરી રહ્યા છો એનો કરુણ અંજામ અંતે શો આવશે ?** એને અહીં ને અહીં પણ ક્યારેક એમાં બની જવાનો અને સંતાપમાં પડવાનો સંભવ છે કે નહિ ?

સંસારકળા ખતરનાક છે, ધર્મકળા તારણહાર છે, વિવેક કરો અને વિવેકભર્યું આચરો. છોકરા-છોકરીને સંસારકળામાં પાવરધા બનાવવા મથો છો, પણ એના આત્મહિતની કળાની કાળજી ક્યારે કરશો ? ધર્મકળામાં નિષ્ણાત ને ઉદ્યમી ક્યારે બનાવશો ? કૂતરા પણ પોતાનાં ભોટીલાને સંસારકળામાં તો હોશિયાર કરે છે; વાઘણ પણ તેમ કરે છે; અનાર્ય મનુષ્યો પણ તે તો કરે છે. તમે આર્ય છો, ધર્મકળા શીખો અને શિખાવો.

સંસારકળાની હોશિયારી પર ખુમારી કે સંતોષ અનુભવતાં પહેલાં આટલું વિચારજો કે સંસારથી છૂટી મોક્ષ પામવાની અભિલાષાવાળાને સંસારકળાથી સંસાર વધશે કે ઓછો થશે ? સંસારકળામાં પાવરધા રહેવાથી મોક્ષ નજીક થશે કે આઘો જશે ? ચોરીની કળાથી ચોરી સારી અને મોટી થાય કે ઢંગ વિનાની અને મામૂલી થાય ? સારી મોટી ચોરી પર શાહુકારી નજીક આવે કે દૂર જાય ? બસ, સંસારની કળામાં એ રીતે વિચારો, **સારી-મોટી સંસારકળા સંસાર સારો અને મોટો કરી આપે કે નબળો અને છોટો ?**

સંસારકળા સારી અજમાવવાથી સંસાર લાંબો અને મોક્ષ દૂર થાય કે સંસાર ટૂંકો અને મોક્ષ નજીક થાય ?

મોક્ષ તો આત્માની જાહોજલાલીની અવસ્થા છે, એ માટે આત્મકળા, આત્મહિતની ઉપાયભૂત ધર્મકળાની જાહોજલાલી જરૂરી છે. એ કળા એવી કેળવવાની છે કે આત્માના દુશ્મનભૂત રાગદ્વેષાદિ અને કર્મ દૂબળાં પડવા માંડે. ચતુર રાજાની

રાજ્યકળા દુશ્મન-દુર્જનોને ઢીલા પાડી દે છે. હોશિયાર વૈદની ચિકિત્સાકળા રોગને મંદ કરી દે છે. એમ આત્મકળા-ધર્મકળા કરીને રાગાદિ મોહને ઢીલો કરી નાખવાનો છે. એ કર્યા ઉપર શાબાશી છે, સંસારકળા બજાવ્યા ઉપર નહિ. ત્યાં તો નાલેશી મળવાની ! સંસારનું એટલે કે જડનું સુધરવાનું અને આત્માનું બગડવાનું ?

દાન દેવાનો મોકો આવ્યો, સંસારકળા અજમાવીને છટકી ગયા, અગર ટૂંકે પતાવ્યું; અથવા સાધર્મિક ભક્તિનો અવસર આવ્યો પણ કળા કરીને છૂટી ગયા તો પુણ્ય કમાયા કે ગમાયા ?

સંસારની કળાના જોર પર સ્વાર્થ સાધી લીધો અને પરાર્થ પડતો મૂક્યો તો ફાવી ગયા કે થાપ ખાધી ?

ઠગાનાર ઘરાકની જેમ ઉપલકિયા દૃષ્ટિએ ન જોતા. લુચ્ચો વેપારી ઘરાકને પહેલાં એક બે ચીજ બહુ સસ્તે આપી દે છે. ચીજ મામૂલી છે એટલે વેપારી સહેજ ખોટ ખાઈને પણ દઈ દે છે; ત્યાં પેલો ઘરાક ખુશ થાય છે કે 'સારો વેપારી; સસ્તામાં આપે છે.' ખબર નથી કે એમ કરીને તને આંજી દેવો છે, જેથી પછી ઊંચા માલમાં તારી પાસેથી સારું નિચોવી શકાય. એટલે સસ્તું સરવાળે ભારે મોંઘું પડી જાય છે. ઉપલકિયા દૃષ્ટિ ન હોય તો વિચાર કરશે કે 'આ દુકાન માંડીને બેઠો છે, ખર્ચો કાઢવા ઉપરાંત કમાવા બેઠો છે, તો આટલું બધું સસ્તુ કેમ આપે છે ? ખોટ ખાઈને કેમ દે છે ? માટે આમાં કાંક ભેદ છે.' એમ અહીં વિચારવાનું છે કે 'દાનમાંથી બચ્યા, પરોપકારમાંથી બચ્યા, તો ખરેખર કમાયા કે ગુમાવ્યું ? સંસારકળાએ ઠગાયા કે ન્યાલ થયા ?

ઘણી બધી સંસારકળા જાણીએ છીએ, અને વાપરીએ છીએ, સારું થોડું કરી ઘણું મનાવીએ છીએ, લુચ્ચાઈ રમીને વહાલેસરીમાં ખપીએ છીએ, હૈયામાં સ્વાર્થ અને ઈર્ષ્યા ભરી છે, પણ બહાર ભલાઈ અને ગુણાનુરાગ ધરનારા તરીકે જશ લેવાય છે, આ બધી સંસારકળાની અજમાયશ છે. એમાં આત્માનું વટાઈ રહ્યું છે, જડતા અને નિષ્ઠુરતા વધી રહી છે. ઉત્તમ ભવ હારી જવાય છે, અનંત કાળે મળેલ આત્મસંશોધન અને આત્મસ્વાતંત્ર્યની તક બરબાદ થઈ રહી છે ! જેની ખાતર કુટિલ સંસારકળાઓ અજમાવીએ છીએ એ નાશવંત વસ્તુઓ શું બહુ આપણને પરખાવી આપવાની છે ? એ તો સંસારપાટમાં રઝળતા કરી દેનાર છે. સંસારકળા પડતી મૂકો, ધર્મકળા ખૂબ ખૂબ ખીલવો; તો જાતનું અને બીજાનું ભલું થશે.





## યશોધરા માતાનું શું થયું ? :-

**રાજા મોર, માતા કૂતરો :-** યશોધર મુનિ પોતાનું ચરિત્ર કહેતાં કહી રહ્યા છે કે 'મોર તરીકે મને માલિકે નૃત્યકળાનું શિક્ષણ અપાવ્યું; પછી સુંદર જાણીને મને મારા જ પૂર્વના પુત્ર ગુણધર રાજા પાસે ભેટ તરીકે મોકલી આપ્યો, અહીં મારી પૂર્વની માતા યશોધરા મારા મૃત્યુના દિવસે જ આહટ્ટ-દોહટ્ટમાં પડી આઘાતવશ મૃત્યુ પામી. હાયવોયના આર્તધ્યાનમાં મરીને પાપકર્મના જોરે કટક દેશના ધાન્યપૂરક (સંનિવેશ-)ગામમાં કૂતરીના પેટે કૂતરા તરીકે ઉત્પન્ન થઈ. જન્મ પામ્યા પછી ગામના માલિકે મને પવનવેગી અને હોશિયાર જાણીને રાજા ગુણધરને ભેટરૂપે મોકલ્યો. ભવિતવ્યતા બળવાન, તે અમે બંને એક સાથે વિશાલા (ઉજ્જયિની) નગરીમાં આવ્યા અને રાજાની આગળ સભામંડપમાં રજૂ કરાયા.

રાજાએ અમને જોયા, અને પૂર્વના સંસ્કારવશ એને અમે ગમ્યા; અમારી એણે પ્રશંસા કરી. કૂતરાને એણે અકાંડમૃત્યુ નામના, મુખ્ય કસાઈને ભળાવ્યો અને મને રાજપક્ષીઓના પાલક નીલકંઠ નામના માણસને સોંપ્યો.

કસાઈને ભલામણ કરી કે 'જો જે ધ્યાન રાખજે, મને બે વાતનો શોખ છે, એક પ્રજાપાલન અને બીજો શિકારનો. કૂતરાઓ દ્વારા જીવહિંસા સારી થઈ શકે, માટે તું આ કૂતરાને બરાબર સાચવજે.'

પેલો પણ કહે છે, 'જેવી આપની આજ્ઞા.'

બસ, અમારા બંનેનાં રાજા વિધિસર લાલનપાલન કરે છે.'

જુઓ માતા હાયવોયમાં પડી, 'હાય ! મારા દીકરાને ઝેર ? એનું મોત ?' આઘાત સજ્જડ લાગવાથી એ જ દિવસે એ મરી ! કામરાગ અને સ્નેહરાગ કેવી ભયાનક્તા સર્જે છે ? કામની દશમી અવસ્થા મૃત્યુ કહી છે. સ્નેહના ભારે આઘાતમાં પણ મોતનો દંડ મળે છે !

**વધારે પડતા કામરાગ અને સ્નેહરાગ ઉત્તમ જીવનને ધૂળધાણી કરે છે.**

જે ઘરમાં પતિએ ચારિત્ર લીધું છે, એ જ ઘરના પત્ની કૂતરો થાય છે અને પુત્ર મોર થાય છે ! પાપની કઈ સજા ? કેવી સજા ?

**પાપ કરતાં પાછું વળીને જોવું નથી. તો સજાના આંકડા આ દુનિયાની કોરટની સજાના આંકડાને ક્યાંય ટપી જાય એવા ભયંકર આવીને ઊભા રહે છે !**

દુન્યવી સજા તો કેટલી ? બહુ બહુ તો મોત પમાડી અહીંની અનુકૂળતાઓનો વિયોગ કરાવે એટલી. ત્યારે પાપની સજામાં તો 'જાઓ હવે મોર થાઓ, કૂતરા

થાઓ; ને કેટલીય મહા વિટંબણા ભોગવો તો ભોગવો, પણ નવાં પાપાચરણ કરતા રહો.'

મોર અને કૂતરો ગુણધર પાસે ભેટ આવ્યા. મોર અને કૂતરો કોણ છે ? બાપ અને દાદી પણ અહીં હવે તમને કોણ ઓળખે છે ? અહીં તો તિર્યંચ તરીકે રહો. એમાં વળી કૂતરાને શિકાર માટે ખાસ રોકવાનો ! હવે કોઈ દયાદાન કે અભક્ષ્યત્યાગને અવકાશ ખરો ? ના, હવે તો કેમ, તો કે જે ખવરાવે તે ખાઓ, માંસ તો માંસ; જે કરાવે તે કરો, શિકાર તો શિકાર ! તે ય પાછું અજ્ઞાનતા-અવિવેક છે એટલે હોંશે હોંશે !

**ઉત્તમ ભવમાંથી ડિસમિસ થતાં પહેલાં ચેતી જાઓ. હલકા ભવથી કરાતાં પાપ અહીં ઉત્તમ ભવમાં કરવાનાં મૂકી દો.**

મોહ તો લલચાવશે, આંધળા બનાવશે, અને પાપમાં સહેજે સહેજે ઘસડી જશે ! પરંતુ અંતરની આંખ, જ્ઞાનીની દૃષ્ટિ ખુલ્લી રાખો, અંતરથી નિહાળો.

મન વેવલું, ઘેલું ને ગળિયું ન થવા દો. મનને સુજ્ઞ વિચારવંતુ અને મજબૂત બનાવો.

મોહની સામે પડકાર કરો, 'હવે તારો રાહ નહિ, હવે તો મારે મારા પ્રાણાધાર વીર પ્રભુનો રાહ.'

**તત્ત્વજ્ઞાને વીંધ્યું મન એ રસાયણ :-**

તો એય સમજી રાખો કે મન બનાવ્યા વિના એ એની મેળે બનવાનું નથી. તત્ત્વની સમજ એ મનને ઘડે છે. પારો સોનાને વીંધે છે. આમ તો સોનું ખાઈને પચાવવું ભારે; પરંતુ વીંધાયા પછી રસાયણ, ભસ્મરૂપે તૈયાર થયું એટલે એ ખાઈ શકાય છે, પચે છે, અને તાકાત આપે છે. પણ રસાયણ બને ક્યારે ? એના અણુ અણુમાં વેધ થાય ત્યારે. એમ મનના અણુ અણુમાં, ખૂણે ખૂણે તત્ત્વ સમજને ઓતપ્રોત કરો, તો એ મન રસાયણ બની જાય પછી તત્ત્વજ્ઞાને વીંધ્યા એ મનની વિચારસરણી એટલી બધી સુંદર ચાલ્યા કરવાની કે વાણી અને કાયા ઉપર એનો ભારે અંકુશ તથા દોરવણી રહેવાની. કદીય મનને સુસ્ત ન રહેવા દો કે આડા અવળા ફોગટિયા અથવા કષાયભર્યા વિચારોમાં ન પડવા દો.

તત્ત્વની સાચી સમજ ખરેખર થઈ હોય તો પારાની જેમ એનાથી આત્મારૂપી સુવર્ણનો રસવેધ થવો જોઈએ પછી એના અનાદિનાં મેલ અને કઠોરતા મોળા પડે જ. આપણે દાવો તો રાખીએ છીએ કે 'અમે તત્ત્વ સમજીએ છીએ, અમને ધર્મની સમજ છે.' પરંતુ ત્યાં આ વિચારવા જેવું છે કે રસવેધ થયો છે ? આત્માની અનાદિની દૃષ્ટિ બદલાઈ છે ? આરંભ-સમારંભાદિ પાપો, ક્રોધાદિ દોષો અને લક્ષ્મી



તથા ઈન્દ્રિય વિષયો પ્રત્યે ભયનો કંપારો અનુભવમાં આવે છે ? લોકનાથ અરિહંત પ્રભુનું શરણ વારેવારે મનમાં સ્ફુરે છે ? જો આવું કાંઈ નહિ, તો તત્ત્વ કે ધર્મની સમજ કેવી ?

**તત્ત્વ સમજથી વીંધ્યું મન તો પરમ રસાયણ બને છે; એનાથી આત્મા નિષ્પાપ વાણી-વિચાર-વર્તાવ કરી જબરદસ્ત તુષ્ટિ-પુષ્ટિ મેળવે છે.** તુષ્ટિ એટલે નિર્મળતા. પુષ્ટિ એટલે પુણ્યવૃદ્ધિ. તત્ત્વસમજ જાગ્રત રહેવાથી કેટલીય ખોટી ઉતાવળ ને ઉતાવળા અનુમાન, કેટલાય હલકા બોલ અને વર્તાવ અટકી જઈને ચાલુ સંયોગોમાં ય આત્મા પવિત્ર પરિણતિવાળો રહે છે; ધર્મ પ્રવૃત્તિ ભરચક અને જોમવાળી બને છે. તત્ત્વસમજની બલિહારી છે. સંસારવ્યવહારની દૃષ્ટિએ તત્ત્વ જોનારો પીઢ-વડેરો આડોશીપાડોશી સાથે ઝઘડતો નથી તો લોકપ્રિય બને છે. તત્ત્વ નહિ જોનાર નાનડિયા ઊછળી પડે છે, ઝગડી પડે છે. તત્ત્વ જોઈ વર્તનારી મા દીકરાનો પ્રેમ જીતે છે, એ ભૂલીને વર્તનારો બાપ ઈતરાજી વહોરે છે. એમ આત્મહિતની દૃષ્ટિએ તત્ત્વસમજ પૂર્વક જીવન જીવનારો સમ્યગ્દષ્ટિ જીવ અહીં અને પરલોકમાં સુખશાંતિ અને આબાદીનો અનુભવ કરે છે; ત્યારે તેવી સમજ વિહોણો મિથ્યાદૃષ્ટિ ઉભય લોકમાં દુઃખી બને છે. સજ્જન મંત્રીનો પ્રસંગ જુઓ.

સજ્જન મંત્રી નામનો શ્રાવક પહેલાં ખંભાત પાસે એક રંગારાના ઘરમાં ભાડે રહેતો હતો. ત્યાં એકવાર ખોદતાં સોનાની કઢાઈ મળી આવી. ન્યાયનું તત્ત્વ જોનાર સજ્જન ઘરધણીને કહે છે,

'લ્યો આ કઢાઈ, તમારા ઘરમાં ખોદતાં મળી આવી છે.'

પેલો ય નેકીવાળો છે, એટલે કહે છે, 'હોય ? એ તો હાલ તમે ઘર ભોગવો છો, માટે તમારી, મારે એ ન ખપે.'

'અરે ભાઈ ! હું ભોગવું છું પણ ઘર તો તમારું જ ને ? માટે તમારે જ રાખવાની.'

રંગારો કહે છે, 'પણ નસીબ તમારું ને ? મારા નસીબમાં હોત તો તો મને પહેલાં જ ન મળી આવી હોત ? માટે તમારે જ રાખવાની,'

જુઓ ખેંચાખેંચી શાની ? લેવાની નહિ, દેવાની ! તફડાવવાની નહિ, જતું કરવાની ! કોણ સુખી ? તફડાવનારો કે ત્યજનારો ? તત્ત્વ નહિ જુઓ તો નહિ સમજાય. તત્કાલ લાભ જોશો તો ક્ષણભર સુખ દેખાશે; પણ હરામનો માલ પચવાને બદલે જ્યારે સવાયું-દોઢું-ડબલ એક યા બીજી રીતે ઓકાવનારો બનશે ત્યારે દુઃખનો પાર નહિ દેખાય ! અને વર્તમાનમાં પણ શું ? હૈયાને સ્વસ્થતા નહિ મળે, ઉન્માદ-આફરો ચઢશે ! ત્યારે તત્ત્વ સમજી વર્તવામાં ભારે સ્વસ્થતા વર્તમાનમાં,

અને મહાસુખ પરિણામે ! આજે પણ કોક એવા અધિકારીઓ છે કે જેને લાંચમાં હજારો મળે એમ હોય છતાં એને રાતી પાઈ પણ હરામ છે એના અંતરાત્માને તપાસો તો જણાય કે એ કેટલા સ્વસ્થ શાંત અને સુખી છે. એના પર સરકાર કે કંપનીના ચાર હાથ રહે છે, એને ભય નહિ કે 'ક્યાંક પકડાઈ ગયા તો ?' નિશ્ચિત ખાય પીએ સુખે જીવે.

સજ્જન અને રંગારાનું આપસમાં પત્યું નહિ. રાજા સિદ્ધરાજ સુધી રગડો પહોંચ્યો. સિદ્ધરાજ પણ ચકિત થઈ ગયો કે 'આ રગડો ખરો ! સોનાની કઢાઈ એકને દેવી છે. બીજાને લેવી નથી ! આ દુનિયામાં લોખંડની કઢાઈ શું, પણ **એક નાની સોયની મમતા પાછળ રગડા થાય છે. ત્યારે અહીં સોનાની સોય નહિ. સોનાની કઢાઈ છોડવા હરીફાઈ ચાલે છે !** આનું નામ તત્ત્વ સમજતું જીવન. પેલું બુદ્ધુનું જીવન'. પછી તો સિદ્ધરાજે યોગ્ય લાગ્યો તે ફેંસલો ચૂકવી સજ્જનને પોતાના મંત્રી તરીકે રાખી લીધો. મોટા દેશની ખંડણી ઉઘરાવવાનું કામ એને સોંપ્યું.

કહો તત્ત્વ જોવા પાછળ કેટલું કમાયો ? ને તત્ત્વ તરફ આંખમિચામણા કર્યા હોત તો કેટલું અને કેવું કમાત ? હવે તત્ત્વસમજનો બીજો દાખલો જુઓ.

**કુમારપાળની તત્ત્વસમજ :-** કુમારપાળને મહાજને વિનંતી કરી, 'કુબેર શેઠ મરી ગયાના સમાચાર આવ્યા છે, તો એમનું કરોડોનું ધન કબજે કરો, અપુત્રિયાનું ધન રાજા લે છે.'

કુમારપાળ જુદી ખોપરીનો જીવ હતો. વિચારે છે 'તો શું જેટલા અપુત્રિયા મરે એનું ધન લઈને મારે એ બધાને બાપ બનાવવાના ? એવા ધનને જળાંજલિ.' પછી કુબેરના ઘેર એની માતા તથા પત્નીને ધન જવાનો ભય દૂર કરાવવાને આશ્વાસન આપવા જાય છે.

કુબેરશેઠની પહેલાં તો નજીક પહોંચતાં અમલદારો કહે છે 'પેલી ધજાઓ ફરકે છે એ કુબેરશેઠની મહેલાતો.'

તત્ત્વસમજવાળા રાજા કુમારપાળ કહે છે 'જુઓ એ ધજાઓ ફરકીને ના કહી રહી છે કે આ બધું ટકવાનું નથી.'

પેલા કહે છે, 'મહારાજા !' ધન્ય આપની વિવેકદષ્ટિને ! અમે તો તત્કાલનું જોઈને ચકિત થઈએ છીએ.'

એમ કરતાં પ્રાંગણમાં પેઠા. હાથીઓની હાર ઊભી છે 'મહારાજા ! આ કુબેરશેઠના હાથીઓ !'

રાજા કહે છે, 'ત્યારે જુઓ એના ચંચળ કાન અને ડોલતી સૂંઢ આ વૈભવની ચંચળતા અને બિનમાલિકી કહી રહી છે.'



એમ આગળ ઓળખાણ કરાવતાં કહે છે, 'આ મહેલોની સફેદાઈ જીવનના બધા રંગો અંતે શૂન્યમાં આવીને ઊભવાનું બતાવે છે. બગીચાનાં પુષ્પો ઉદય-વિનાશ પ્રદર્શિત કરે છે...'

કહો, રાજા કુમારપાળની તત્ત્વસમજે સ્વસ્થતા, શાંતિ અને સ્થિતપ્રજ્ઞતા આપી કે ઉન્માદ, વિહ્વલતા ચમકવાપણું અને લાળ ટપકાવવાનું આપ્યું ? છે મનની કોઈ વિકૃત દશા ?

પછી કુમારપાળે છાતીફાટ રોતી કુબેરની મા અને પત્નીને આશ્વાસન દીધાં કે શોક ન કરો. મૃત્યુ તો આપણા સૌના માથે લટકી રહ્યું છે. કસાઈખાનામાં પહેલા કપાતા બોકડા પર પાછળનો બોકડો શોક કરે એનો શો અર્થ છે ? બાકી આ બધી મિલકત તમારી રહેશે મારે એક પાઈ ન ખપે. અપુત્રિયાનું ધન ન લેવાની મારે પ્રતિજ્ઞા છે.'

કુબેરશેઠની માતા અને પત્ની સ્વસ્થ થાય છે, લોક ચકિત થાય છે 'અહો ! કરોડોની આવક જતી કરી ? ધન્ય ત્યાગ ! ધન્ય ઉદારતા ! ધન્ય દશા ! રાજાને આશીર્વાદ દે છે 'ચિરંજીવ!' વિચારો કુમાળપાળની **તત્ત્વસમજ** લોકના આશીર્વાદ મેળવાવે કે ઉન્મત્ત સમજ આશીર્વાદ મેળવાવે ? એમ દુઃખીને આશ્વાસન કોણ અપાવે ? તત્ત્વસમજ કે 'હાય ! આ શું ?' એવો અજ્ઞાન ઉછાળો ?

આગળ જુઓ અટેલામાં તો કુબેરશેઠ પરદેશથી જીવતો ઘેર આવે છે. હવે જો અહીં રાજાએ તત્ત્વસમજ બાજુએ મૂકી ધન માલ કબજે કરવા માંડ્યા હોત તો માલિક હાજર થતાં રાજા ભોંઠા પડત કે બીજું કાંઈ ? અહીં તો રાજા પ્રસન્નતાથી કુબેરને વધાવે છે.

જીવનમાં પ્રત્યેક પ્રવૃત્તિ તત્ત્વસમજવાળી જ રાખવામાં સુખ, શાંતિ શાબાશી મળે છે.

**મોરની વિટંબણા :-**

ધનકુમારને યશોધર મુનિ આગળ કહે છે કે 'એક વારનો પ્રસંગ હતો, હું મોર બનેલો ગગનચુંબી મહેલના ઈન્દ્રનીલ નામના ગવાક્ષ પર ચઢ્યો હતો. ત્યાં ગુણધરની રાણીઓના કંદોરા અને ઝાંઝરના ઝણકાર સાથે નાટ્યશાળાના ઝાલરનો મધુરો અવાજ સાંભળ્યો. જાણે મને મેઘના ગડગડાટનો ધ્વનિ મળ્યો એટલે તાન ચઢ્યા ઉલ્લાસમાં આવી નાચવા માંડ્યો.

પંડિતથી પામર પ્રાણી સુધીના તે શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શમાંનો કોઈ પણ ઈષ્ટ વિષય મળ્યો એટલી વાર ! કાયા નહિ તો છેવટે હૈયું નાચવા માંડ્યું જ છે ! પણ એ તો પામર પ્રાણી ઘેલું થાય, પંડિત સમજદાર માનવી પણ ઘેલો ? હા,

એ જ બતાવે છે કે,

**જુગજૂના ભવોની વિષયવાસનામાંથી પંડિતને પણ છૂટવું મુશ્કેલ છે.** માટે જ.

**જો વિષયવાસનામાંથી છૂટવાની તમન્ના હોય તો એની સામે બળવો કરવો જોઈએ, બળ કેળવીને વાસનાઓને સફળ નહિ થવા દેવી જોઈએ.**

મુનિ કહે છે, "અવાજ બંધ પડ્યો એટલે બાજુની ચિત્રશાળાની બારીના ભાગમાં મારી નજર પડી તો મેં શું દીઠું ? ચિત્રમય ખંડમાં મારી જ પૂર્વની પત્ની નયનાવલી પેલા કૂબડા નોકરની સાથે શયનમાં કામક્રીડા કરતી હતી. એ જોઈને હું ઊહાપોહમાં ચઢ્યો કે 'આ કાંક મેં જોયું છે, ક્યાં જોયું ?' ચિંતવતાં મને જાતિસ્મરણ જ્ઞાન-પૂર્વ જન્મનું સ્મરણ થયું. સ્થિતિ પામી ગયો;

પણ **કર્મની પરવશતા ભૂંડી ! અસૂયા-અસહિષ્ણુતાની આગ ભારે !** તે મને ભયંકર ગુસ્સો ચઢી આવ્યો. મનને થયું 'અરે ! આ લુચ્ચી હજી પણ આ ધંધા કરે છે ! મારી સાથે ચારિત્ર લેવાની વાત કરતી હતી, મારા પર ગાઢ રાગ દેખાડતી હતી તે દુષ્ટા આ ખેલ ખેલે છે ? મારાથી સહેવાયું નહિ ને રહેવાયું નહિ, તે ચાંચ અને પગના નખથી ખણવા મંડ્યો. પણ પેલી ય ત્યારે આ ક્યાં સહન કરે એમ હતી ?"

**જાતિસ્મરણ થાય તો શું કરો ?**

જુઓ જાતિસ્મરણ જ્ઞાન થયું પણ એના ઉપર શું કરવાનું ? અસૂયા કે પશ્ચાત્તાપ ? પાપવૃદ્ધિ કે પાપત્યાગ ? કેટલાકને ઓરતા થતા હશે કે 'અમને પૂર્વ જન્મનું સ્મરણ થાય તો જાત અનુભવ જાણવા મળવાથી ધર્મ પર વધુ શ્રદ્ધા, વધુ ઉદ્યમવાળા બનીએ, પણ ભૂલા પડતા નહિ, કેમ કે ધારો કે જાતિસ્મરણમાં જોયું કે પૂર્વભવમાં અમુક જગાએ ધન દાટ્યું છે, અને અત્યારે એ સ્થાનનો માલિક એવો બેઠો છે કે તમારું ચાલવા દે નહિ, તો દેખીને મનને શું થાય ? અથવા માનો કે જાતિસ્મરણમાં પૂર્વ ભવનો કોઈ દુશ્મન દેખ્યો જેણે તમારું બગાડ્યું હતું ને એના પર દાવ અજમાવવાનું રહી ગયું હતું, એ દેખીને શું થવાનું ? વૈરાગ્ય ? પાપનો પશ્ચાત્તાપ ? ક્રોધ-લોભાદિ કષાય વોસિરાવવાનું ? ભગવાન ભગવાન કરો, દિલ્હી હજી દૂર છે એ પરિસ્થિતિએ પહોંચવા માટે ! આંતરનિરીક્ષણ કરી જુઓ કે અહીં વિષય-કષાયોની કેટલી સતામણી ભોગવી રહ્યા છો ? આ ભવનું જ જૂનું યાદ કરી કરીને કેટલા રાગ-દ્વેષ, કેટલા હર્ષ શોક, કેટલા કુવિકલ્પો અને દુર્ધ્યાન ઊભરાઈ આવે છે ? ત્યારે શું પૂર્વ જીવનનું યાદ આવશે તો એમાં વધારો નહિ ને ઘટાડો થશે ?

ખરી વાત આ છે કે જાતિસ્મરણથી શું, કે સીમંધર ભગવાન યા કોઈ દેવ ભેટ્યાથી શું, એનાથી જે વૈરાગ્યવૃદ્ધિ, કષાયનિગ્રહ, અર્હદ્ભક્તિનો ઉછાળો, ધર્મની ધોંસ, વગેરે લાવવા ધારો છો, એ અત્યારથી જ કેળવવા લાગો. ના, એ કશું



કરવું નથી ને ગાવું છે,

**'શ્રી સીમંધર જગધણી ! આ ભરતે આવો;' .....**

**સયલ સંગ છંડી કરી ચારિત્ર લઈશું.'**

પણ અસત્ કલ્પનાએ માનો કે એ આવી ગયા, તો પેલા ભવવૈરાગ્ય, કષાયનિગ્રહ, અતુલ અર્હદ્ભક્તિ અને ધર્મની ધોંસ, કેળવ્યા નથી એટલે પછી બહાનાં કઢાશે કે 'શું કરું પ્રભુ તમે તો પધારી ગયા, પણ મારે ગગી પરણાવવી બાકી છે, કીકો નાનો છે, કીકાની માનું સંભાળનાર કોઈ નથી, કે મારા વિના એ રહી શકતી નથી, બીજા બધાને સમજાવવાના છે, દુકાનનું કામ અધૂરું પડ્યું છે, ઉઘરાણી બાકી છે. કંઈક ઓઠાં ઊભાં કરાશે ! ખબર નથી કે ઉઘરાણી પતશે કે હું પતી જઈશ ? સંસારનાં કામ કોઈનાં પૂરાં થયાં છે ? બીજાને સમજાવવાનું બહાનું કાઢું છું, પણ મારું હૃદય પોતે સમજ્યું છે ખરું ? સમજ્યું હોય તો આ મમત્વ કરે ? વિશ્વાસઘાતી કાળનો વિશ્વાસ કરે ? માનું છું કે પત્ની મારા વિના રહી શકતી નથી તે કદાચ હું મરું તો રહે કે મરે ?' પણ ભવવૈરાગ્ય વિના આ વિચાર ન આવે તો સીમંધર પ્રભુ મળ્યાથી શે બહાર નીકળે ?

માટે, ખરું આ કરવા જેવું છે કે જાતિસ્મરણ, સીમંધર પ્રભુ કે દેવ મેળવવાના ઓરતા કરવા સાથે આ કરો કે એ જાતિસ્મરણ કે દેવ મુલાકાત વિના પણ વર્તમાનમાં મળતાં શુભ આલંબનો દ્વારા ભવ વૈરાગ્યાદિ સાધતા જવાય. બાકી તો ઓરતામાં ને આશામાં કિંમતી જીવન પૂરું થઈ જશે અને કશુંય આત્મહિત સાધ્યા વિના વિષય-કષાયમસ્ત પશુના જેવા ખાલીખમ બની ઊપડી જવાનું થશે !

**માત્ર ફરિયાદોની લત :-**

ઓરતાની જેમ આજના માનવીને આ લત લાગી છે કે ફરિયાદો જ કર્યા કરવી 'ફલાણું બગડી ગયું છે ! ફલાણા ડાંડ થઈ ગયા છે ! સાધુઓ આવા થઈ ગયા છે ! ટ્રસ્ટીઓને કંઈ પડી નથી ! શ્રીમંતો સ્વાર્થ અને વાહવાહના પૂજારી બની ગયા છે !...' આવી ને આવી ફરિયાદો આજે જ નહિ વર્ષોથી કરતા રહે છે ! અને સંભવતઃ જીવશે ત્યાં સુધી કર્યા કરશે ! કોઈ દિ' એને પોતાની ત્રુટિઓ જોવાનું, જોઈને આંસુ સારવાનું ને ગુરુ આગળ એ રોઈને સુધારો માગવાનું તો સૂઝતું જ નથી ! બસ, સાધુ પાસે આવશે તોય બીજાની માંડશે ? મારો ભાઈ નાલાયક છે, પાડોશી ગુસ્સાખોર છે ! પંચના શેઠ અભિમાની છે, પૂજારી મિજાજી છે...' આવું ને આવું ગાવાનું મળે છે !

**રોદણાંની જ લત :-**

ત્યારે કેટલાકને વળી રોદણાં જ રોવાનું સૂઝે છે ! દા.ત. 'મારું શરીર સારું

રહેતું નથી. ગેસ થયા કરે છે, ભૂખ લાગતી નથી, શરીર તપેલું રહે છે,' અથવા ઘરમાં સંયોગ સરખા નથી. ઘરવાળાની તબિયત બરાબર રહેતી નથી, પાછા જરા તીખા સ્વભાવના છે. છોકરામાં અક્કલ નથી. ઘરવાળો ઘર સુધરાવતો નથી. મ્યુનિસિપાલિટી પાણી બરાબર આપતી નથી. કપડાં આજના ફિસા, તે ઝટ ફાટી જાય છે. ગોળમાંથી ગળપણ ગયાં, ને ચોખ્ખું ઘી તો જોવા જ ક્યાં મળે છે ?...' બસ ચાલ્યું લેક્ચર ! **અગવડોનું અનલિમિટેડ લિસ્ટ અનહદ નોંધપાત્ર તૈયાર છે !** ક્યાંય સારું જોવાનું તો બિચારાને જડતું જ નથી ! સઈનો દીકરો જીવે ત્યાં સુધી સીવે ! એમ આ રોતડ ક્લાસ પણ જીવનના છેડા સુધી રોદણાં જ રોયા કરે છે !

**આદર્શોની વાતો કરવાની જ લત :-**

ત્યારે, કેટલાકને વળી એવી કુટેવ પડી છે કે આદર્શોની વાતો જ કર્યા કરે છે ! તે ય પારકા ! દા.ત. કહે છે 'બસ, સંસ્થાઓ આવી બનાવવી જોઈએ; સરકાર આવી હોવી જોઈએ; ગ્રન્થો આવા લખાવા જોઈએ, ઉપધાન આદર્શ થવાં જોઈએ; વ્યવસ્થા આવી આવી થવી જોઈએ. બગાડ ઘણો થઈ રહ્યો છે, માટે આદર્શ યોજનાઓ કરાવવાની જરૂર છે, બધું આદર્શ ! પોતાનું કશું આદર્શ નહિ 'મારે આવા સારા બનવું જોઈએ, મારો સ્વભાવ, વ્યવહાર, રીતરસમ, બોલચાલ, કુટુંબપાલન, દુઃખીની દયા વગેરે આદર્શ જોઈએ' એવું કાંઈ મનમાં નથી આવતું, પછી એના પુરુષાર્થની તો વાતેય શી ? બસ જિંદગીના છેલ્લા શ્વાસ સુધી આદર્શની વાતો ઘૂંટ્યા કરશે ! શક્ય એટલું આપણે જાતે કરી લેવું એ જીવનસિદ્ધાંત અપનાવવાની વાત નહિ !

**મોરને સીધી વિચારણા ન સૂઝી :-**

આ બધામાં જીવન તો પાણીનો રેલાની જેમ ચાલ્યું જાય છે ! સારું કરી લેવાતું નથી, અને નિષ્ફળ ફરિયાદો, રોદણાં, કે ઓરતા-આદર્શોની વાતો કર્યે જવાય છે ! એવું જ જાતિસ્મરણના ઓરતાનું સમજવું. મોરને જાતિસ્મરણ થયું, પોતાનો પૂર્વભવ સુરેન્દ્રદત્તનો જોયો, પણ એમાંથી એ સાર લેવાનું ન સૂઝયું કે 'અહો ! મારી કેટલી ઊંચી ભાવના, ને મેં કેવુંક ગુમાવ્યું ! તો આ કેટલા હલકા ભવમાં આવી પડ્યો ! હવે ચેતી જાઉં, પાપથી પાછો વળી જાઉં' ના, એને તો અસૂયા સૂઝી ! રાણી પર ગુસ્સો આવ્યો ! ચાંચને નહોરથી ખણે છે !

**છતી ઓળખાણે ખામોશ નહિ, તો વિના ઓળખે ? :-**

રાણી સહન કરે ? પતિ તરીકે ઓળખતી હતી ત્યારે પણ જેણે ઝેરને ટૂંપો દીધો છે, એ અત્યારે વગર ઓળખાણે શાની ખામોશ ખાય ?

**માબાપના** ચાલુ ઉપકારમાં ય જે છોકરાને વિનય, સેવા, પ્રશંસા નથી



સૂઝતા, એને ઉપકાર લેવાનું પતી ગયા પછી તો સૂઝે જ શાનું ?

**ગુરુઓના** શિષ્યોને તૈયાર કરવાના કાળમાંય એ શિષ્યોને જો સમર્પણ કરતાં નથી આવડતાં, તે ઘડાઈ પગભર થઈ ગયા પછી તો એ સૂઝે જ ક્યાંથી ?

**ધર્મનો** ચાલુ ઉપકાર એટલે કે ધર્મજનિત પુણ્યના માનવભવ પાંચેય ઈન્દ્રિયો, ખાનપાન વગેરે મીઠાં મીઠાં ફળ ભોગવતી વખતે પણ ધર્મ સૂઝતો નથી ત્યારે આ ભવ ગુમાવી નાખ્યા પછી કે આ ભવમાં આરોગ્ય, ઈન્દ્રિયબળ વગેરે ગુમાવ્યા પછી ક્યાંથી ધર્મ સૂઝવાનો ?

**સ્નેહ-સેવા-સ્વાગતના સુસંસ્કાર :-**

માટે આ કરવા જેવું છે કે ઉપકારીના ઉપકાર ઝીલતા હોઈએ ત્યારે તો બરાબર ચીવટ ને ચોક્સાઈથી એવા સ્નેહ, સેવા અને સ્વાગત કરીએ કે એના ગાઢ સુસંસ્કારો ઉપકાર-કાળ પછીના કાળમાંય જાગતા રહીને એ જ શું, એથી અધિક **સ્નેહ, સેવા, સ્વાગતના** ભાવ ઝમગગતા રાખે. સ્વાર્થના ઘરના સ્નેહ સેવા-સ્વાગત 'મટાડી નિઃસ્વાર્થ ભાવના કેળવીએ તો જ એના સુસંસ્કાર પડશે એ ખાસ સમજી રાખવાનું છે. નહિતર તો ઉપકાર મળતો હોય, સ્વાર્થ સરતો હોય, ત્યાં સુધી તો ઠીક છે, પણ 'પછી ગરજ વીતી વૈદ વેરી' જેવું થાય ત્યારે પૂછો,

**પ્ર.-** ઉપકાર ઝીલી રહ્યા છીએ, સ્વાર્થ સરી રહ્યો છે, તે વખતે નિઃસ્વાર્થ સ્નેહ-સેવા શી રીતે ?

**ઉ.-** એ રીતે, કે આપણે, સ્નેહ-સેવા રાખીએ ને સેવા સ્વાગત કરીએ એમાં સામાના ગુણોનું આકર્ષણ-આવર્જન હોય અથવા મૈત્રી ભાવના ઝગમગે, એના ઉપર સ્નેહ-સેવા કરવાની ધગશ વર્તતી હોય. આ હશે તો સ્વાર્થ સરી ગયા પછી કે ઉપકાર મળતો બંધ થવા પછી પણ એ આકર્ષણ, યા મૈત્રી ભાવનાના બળ ઉપર કેળવાયેલ સ્નેહ-સેવા-સ્વાગત ચાલુ રહેશે.

સ્નેહ-સેવા-સ્વાગત ત્રણેયની બલિહારી છે. માબાપ પર છોકરો સ્નેહ રાખે એટલું જ બસ નથી, એણે સેવા પણ કરતા રહેવું જોઈએ.

એમ સ્નેહ રાખે અને સેવા કરે એટલેથી પતતું નથી, એણે માબાપનાં સ્વાગત પણ કરવાં જોઈએ.

સ્નેહ તો રાખ્યો પણ હાડકાં હરામ કરવાં હોય કે બીજા ત્રીજાનું સંભાળવું હોય પણ મહા ઉપકારી માતા પિતાની સેવા ન બજાવવી હોય એ કેમ ચાલે ? ખાલી સ્નેહથી શું પતે ?

એમ, સ્નેહ રાખ્યો, ને સેવા ય કરી પરંતુ એમનાં અપમાન કર્યાં, ઉતારી પાડ્યા કે બીજા આગળ ઊતરતા ચીતર્યાં, હલકાઈ થાય એવો ગાંડિયો વ્યવહાર

કર્યો એ શું કામનું ? એથી તો છતી સ્નેહ-સેવાએ એમનાં હૈયાં ભાંગી જાય, એમની હલકાઈ થાય; માટે એ નહિ, સ્નેહ-સેવા સાથે સ્વાગત, બહુમાન અવશ્ય કરવા ઘટે.

**મોરનું આવી બન્યું :-**

નિસ્વાર્થ ભાવના કરેલા સ્નેહ-સેવા-સન્માન એ પછીથી પણ એના સુસંસ્કાર બળે જાગ્રત રહે છે. અહીં તો નયનાવલીએ પતિની ઓળખાણના કાળમાં ય એ નથી રાખ્યા, તે હવે ઓળખાણ વગરના મોરની પ્રત્યે શાના સ્નેહાદિ રાખે ? મોર ડહાપણ ડોળતો લાગ્યો; કે એ ગુસ્સે થઈ ગઈ અને એક કાળું તો કરતી હતી, એમાં બીજું કાળું આ કર્યું કે એ નોકરની લોખંડની પરાળ લઈને ઝીકી બિચારા મોર પર ! એક પાપ બીજાં કેટલાં પાપ તાણી લાવે છે ! કામના પાપમાં ક્રોધનું પાપ, ને ક્રોધના પાપમાંથી હિંસાનું ! કોઈ દયા ન રહી, કોમળ મોરના શરીર પર કઠોર પરાળનો પ્રહાર !

બિન અધિકાર ચેષ્ટા, ને દોઢ ડહાપણ; પણ મોરના દોઢ ડહાપણનું આ ફળ.

જ્યાં પોતાનો હવે અધિકાર નથી, કે જ્યાં સામામાં પાત્રતા નથી, ત્યાં ડહાપણ કરવા જવું, માથું મારવું એ સામાને લાભ તો દૂર, પણ એની નાલાયકતાને ઉત્તેજી વધુ પાપમાં પાડે છે, ને પોતાનેય આપત્તિમાં, પસ્તાવામાં મૂકે છે !

બિન અધિકાર ચેષ્ટા અને દોઢ ડહાપણામાં કમાવાનું નથી, ખોવાનું છે; છતી શાંતિ-સમાધિ વેચીને અશાંતિ-અસમાધિ આમંત્રવાનું થાય છે. ખૂબી પાછી એ બને છે કે પોતે પાછો પડવા છતાં ય પોતાને પોતાનો દોષ નથી દેખાતો, ઊલટો સામા પર ગુસ્સો ચઢે છે કે 'હું આટલું કહું છું ને એ માનતો નથી ? ઉપરથી સામો થાય છે ?'

અરે મહાનુભાવ ! એનો વાંક શું જુએ છે ? તારી કસૂર જો. કોલસા પર સાબુ ઘસી એને ધોળો કરવા મથે તો લોક એને જ મૂર્ખો કહે છે, કોલસાનો વાંક નથી કાઢતું. શા સારું તું અપાત્રને, નાલાયકને સુધારવા મથે છે ? શા માટે વગર નોતર્યો બીજાની વાતમાં માથું મારે છે ? માથું મારી બળે છે શા સારુ ? ઘણું ય ખરાબ દેખાતું હોય, સહાતું ન હોય, પણ ભવિતવ્યતાને ભળાવ કે 'ભવિતવ્યતા જ એવી હશે તે આમ ચાલી રહ્યું છે. મારે માથું મારવાની કે ઉપકાર કરી નાખવાની ઉતાવળ કરવા જેવી નથી, એમ જાતને જો કે 'હજી મારી જાતનેય કેટકેટલી સુધારવાની છે ! કેઈ દોષો ને ખામીઓ મારામાં ભરી પડી છે !

અનેકાનેક તૃષ્ણાઓ, મહત્ત્વાકાંક્ષાઓ, ઈર્ષ્યા-અસૂયા અસહિષ્ણુતા, આરંભ વિષય-પરિગ્રહના ભાર, વગેરે કેટલાય દુર્ગુણો, મારામાં ખદબદે છે !



એમ, વિશ્વમૈત્રી ભાવ, વાત્સલ્ય ભાવ, પાપી જીવો ઉપર ઊછળતી ભાવકરુણા, વિશાળ શાસ્ત્ર જ્ઞાન, જ્વલંત વૈરાગ્ય, અથાગ મૌક્ષરુચિ, ભરપૂર દેવ ગુરુભક્તિ વગેરેની કેટલીય ખામી હજી મારામાં ઊભી છે !

આ બધાનો વિચાર ન કરતાં, દોષો અને ખામીઓ ન સુધારતાં ક્યાં પર ચિંતામાં સબડી રહ્યો છું ! સડી રહ્યો છું ! ગાંઠનું ગુમાવી ગોપી ચંદન ! શાસ્ત્રકારો **'परचिन्ताऽधमाधमा'** કહે છે.

ઉત્તમ આત્મચિંતા, મધ્યમ વિષયચિંતા, અધમ અર્થચિંતા, પણ અધમાધમ પરચિંતા છે.

ઉત્તમ બનવાના સોનેરી કાળમાં અધમાધમ બનવાનો ધંધો શા સારુ કરું ? શા માટે ઉત્તમ બનાવનારી સ્વાત્મચિંતા મૂકી અધમાધમની કોટિમાં મૂકનારી પરચિંતાને વધાવું ? એ વધાવવામાં તો કષાયો વધે છે ! દુર્ધ્યાન વધે છે ! મૈત્રી કરુણા ખરેખર ભુલાય છે ! આત્મહિતની મળેલ મોંઘેરી તક નિષ્ફળ કરાય છે !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૩૫,તા.૨૦-૫-૧૯૬૧

માણસને પરચિંતાની લત લાગે છે. શાના ઉપર ? વિચાર કરી શકે. એવું મન મળ્યું છે માટે જ ને ? પશુને એટલી તાકાતવાળું મન નથી તો એ એટલી પર ચિંતા કરી શકે ? ત્યારે શું વિશિષ્ટ શક્તિવાળું મન મળ્યું છે એનો આ ઉપયોગ કરવાનો ? તો ઉચ્ચ કોટિના મનથી ઉદાત્ત મૈત્રી આદિ ભાવનાઓ ભાવી શકાય, તારક તત્ત્વ ચિંતન કરી શકાય, નિજની ઝીણી ઝીણી ખામીઓ શોધીને એના ખેદ ધરી એ દૂર કરવાનો મનોરથ સંકલ્પ અને ઉપાય વિચારી શકાય. યાવત્ પવિત્ર વિચારસરણી ને ધર્મતન્મયતા કેળવતાં ઠેઠ શુક્લ ધ્યાન સુધી ચઢી શકાય, એવા મહા કિંમતી મહાનિધાનભૂત મનને અધમાધમ પરચિંતામાં યોજી દેવું એ ખૂબ જ ખતરનાક અને મહામૂર્ખાઈનો ધંધો નહિ તો બીજું શું ગણાય ? ગોશીર્ષ કે બાવના ચંદનનો ઉપયોગ બાળીને વાસણ માંજવા માટેની રાખ બનાવવાનો કરવો, કે હજાર હજાર રૂપિયાની નોટનો ઉપયોગ તમાકુ વાળી બીડી ફૂંકવામાં કરવો, યા સારી કસ્તૂરીનો ઉપયોગ શાહીના લખાણને સૂકવવા ઉપર છાંટવાની રેતી તરીકે કરવો, અથવા કોહિનૂર હીરાનો ઉપયોગ વહાણ પર બેઠેલા કાગડાને ઉડાડવા માટે એના તરફ ફેંકવાનો કરવો, એના કરતાં પણ વિશેષ ભયંકર ઉપયોગ માનવ મનનો પરચિંતા કરવામાં છે.

યશોધર મુનિ કહે છે કે હું મોર તરીકે પત્ની નયનાવલીના દુશ્ચરિતની

પરચિંતામાં પડ્યો અને એના હાથે પરાળના પ્રહારનો ભોગ બન્યો, લોહીલુહાણ થતો ત્યાંથી ગબડ્યો નિસરણી પર અને ત્યાં પહોંચ્યો જ્યાં રાજા ગુણધર ચોપાટ ખેલી રહેલ છે. મારી પાછળ 'પકડો પકડો' એમ કહેતો રાણીનો પરિવાર આવે છે ! રાણીએ ઈશારો કર્યો હશે તેથી મને પકડવા કોલાહલ મચ્યો. એ કોલાહલ સાંભળતાં મા જે કૂતરો બની છે એ મારી પાસે દોડી આવી મને મોંઢાથી પકડ્યો. કર્મનો એક ઘા ઓછો પડ્યો તે કૂતરાના દાંતની ભીંસમાં પકડાયો. કૂતરો પાળેલો છે એટલે ઘરના માણસોની ઈચ્છાને અનુવર્તે ને ?

અહીં બીજી બાજુ કોલાહલથી ગુણધરની મારા પર નજર પડી તો જુએ છે કે હું કૂતરાથી પકડાયો છું એટલે તરત જ એને ચઢી આવ્યો ગુસ્સો. હું એને પ્રિય હતો અને કૂતરો મને પકડે છે એ શાનો સહન કરે ? એણે ધડ કરતો ક રમવાના પાસાનો ઘા કૂતરા પર કર્યો. કૂતરો પણ પ્રહારથી ભારે વિહ્વલ થઈ મને લોહી વમતી સ્થિતિમાં મૂકી દે છે. પરંતુ અમે બંને પડ્યા જમીન પર અને અમારા પ્રાણ કંઠે આવી ગયા છે !"

કૂતરો ને મોર બંને મરવાની સ્થિતિમાં આવી પડ્યા. કોના હાથે ? પતિ પત્નીના હાથે અને દાદી પોતરાના હાથે ! નાટકમાં એક પછી બીજો, બીજા પછી ત્રીજો પ્રસંગ ચાલતો આવે એમ અહીં ઝડપથી પ્રસંગો આ સંસારરૂપી રંગભૂમિ પર ભજવાતા આવે છે.

વચમાં પડદો રાખીને બંને બાજુના પ્રસંગો કલ્પનામાં લાવો, શું જણાય છે ? એક બાજુ બેસાડો રાજા સુરેન્દ્રદત્ત, રાણી નયનાવલી, પુત્ર ગુણધર અને માતા યશોધરા. રાજ્યાભિષેક થયા પછી ચારેય આનંદ કલ્લોલમાં બેઠા છે ! ખુશી-મજાની વાતો કરી રહ્યા છે ! એક બીજા પર પ્રેમના ઊભરા ઠાલવી રહ્યા છે ! હવે પડદાની બીજી બાજુ આ દૃશ્ય લાવો કે નયનાવલી સુરેન્દ્રદત્ત પર ઘા કરે છે ! સુરેન્દ્રદત્ત પર યશોધરા તૂટી પડે છે ! અને યશોધરા ઉપર ગુણધર ઘા કરે છે ! સુરેન્દ્રદત્ત અને યશોધરાના જીવ મોતની પીડામાં તરફડી રહ્યા છે !

આ બંને દૃશ્ય નજર સામે ભજવાઈ રહેલા દેખો, શું લાગે છે ? દિલ હચમચી ઊઠે છે કે નહિ ? જે પાત્રોમાં એક વખત પરસ્પર પ્રેમના ફુવારા ઊછળી રહ્યા છે, એ જ પાત્રોમાં બીજી વખત પરસ્પર દ્વેષની જ્વાળાઓ ભભૂકી ઊઠે છે ! આ જોતાં જાતને માટે એ વિચાર આવે કે નહિ કે અહીં અમારે પણ શું છે ? આજે તો અમે પરસ્પર પ્રેમની લેવડદેવડ કરી રહ્યા છીએ પણ આની પૂર્વના ભવમાં કે પછીના ભવમાં વિપરીત જ સ્થિતિ હશે એની શી ખબર ?

જ્ઞાનીઓ સંસારને નિર્ગુણ કહે છે તે શાથી ? આવું બધું જોઈને જ ને ?



તમેય આવું એક સાથે જુઓ તો તમને સંસાર ગુણિયલ લાગે કે નિર્ગુણ ? નિર્ગુણ તે કેવો કે એને જાણે જીવની કોઈ કિંમત નહિ ! પ્રેમની કોઈ કદર નહિ ! સંસારસેવક પર કોઈ દયા ન મળે ? જીવનું કર્યું-કરાવ્યું બધું ધૂળ સમાન લેખી એના પર ભૂખ્યા વરુની જેમ તૂટી પડે એ જ આ નગુણો સંસારને ?

સંસારને બરાબર ઓળખી લઈ ચેતી જવા જેવું છે. જીવનમાં અનેક પાપાચરણોને અનેક પ્રેમનાં ટાયલાં કે દ્વેષની આગો સળગાવતાં પહેલાં આ વિચારવાનું છે કે જીવન તો યેન કેન પ્રકારે પૂરું થઈ જ જવાનું છે. ગુણ અને ધર્મમય જીવન હો, તોય પૂરું થશે, અને દુર્ગુણ-દુષ્કૃત્યો ભર્યું હશે તોય તે પૂરું તો થઈ જ જવાનું છે. પણ પછી એ કર્મની મહાવિટંબણાઓ છે, અને અહીં પણ જો દુર્ગુણ-દુષ્કૃત્યના સેવન પાછળ હૈયાહોળી છે, તો શા માટે એના નાદે ચઢવું ? ઈર્ષ્યા, નિંદા, અસહિષ્ણુતા અને તે પણ કુટુંબીની યા પૂજ્યસ્થાનીય સંઘના ભાઈબેનોની પ્રત્યે ? જગતના જીવ માત્રને જ્યાં મૈત્રીભાવ પીરસવા જેવો છે, કર્મથી વિડંબિત પ્રાણી માત્રને જ્યાં કરુણાથી નવરાવી દેવા યોગ્ય છે, ત્યાં આપણી નિકટના જીવો ઉપર દ્વેષ ? ઈર્ષ્યા ? અસહિષ્ણુતા ? આ ધુંવાડીના ધાબા આત્મા પર પડી ગયા પછી પરલોકના પંથે ચડી ગયે એના દારુણ વિપાક કેવા દેખવાના ? એ ધાબા શે' મિટાવાના ? અહીં જીવતા છીએ અને ધર્મની સમજ છે ત્યાં સુધી એને ભૂંસી શકાશે અને ઉપર મૈત્રીભાવ, દયાભાવ, સહાનુભૂતિ વગેરેની ઊજળામણ લાવી શકાશે.

જીવન તો જોતજોતામાં પૂરું થઈ જશે ને એક સરખી રીતે જમરાજનું તેડું આવીને ઊભું રહેશે ! ત્યાં કોઈ ભેદ નહિ પડે, એક કહે હજી હું પાંચ રૂપિયા ય એક સાથે કમાયો નથી, તેમ એક સાથે ખાધા પણ નથી, ત્યારે બીજો કહે હું તો એકીસાથે પાંચ લાખ રૂપિયા કમાયો છું પણ હજી એ ખાધા ભોગવ્યા વિના બધા જ પડ્યા છે ! બેમાંથી એકેયને જમરાજ મહેતલ આપે ? ચેહ પર ભેદ પડે ? ના, પાંચ રૂપિયા ન કમાનારા અને બીજા પાંચ લાખ કમાનારા, બંનેના શરીરને એક સરખું ચેહ પર સૂવાનું, ને એક સરખી રાખરૂપ થઈ જવાનું ! આ જીવનમાંથી અણધાર્યા ડિસમિસ કરનાર જમરાજનું તેડું આવે એ પહેલાં આ કરો કે ચિત્તના અનેક ક્લેશ ઓછા ઓછા કરતા અવાય. રાગદ્વેષાદિ ક્લેશોથી જીવનની ભારે બરબાદી સર્જાય છે ! સુરેન્દ્રદત્ત પ્રિયતમાના હાથે મૃત્યુ પામ્યો, મોર પણ એના જ હસ્તે મરણતોલ ઘા ખાય છે ! એને ધર્મની ભાવના થઈ હતી, ચારિત્રની ઊંચી ભાવના ! પરંતુ માતાના રાગવશ લોટનો કૂકડો માર્યો તો કર્મની નોંધપોથીએ ચઢ્યા.

ધર્મભાવના અને ધર્મ કરાય એ ઉત્તમ છે, પણ તેથી પાપકૃત્યનો એવો બચાવ નથી મળતો, કે 'હશે તું ધર્મની ભાવના રાખે છે. માટે હવે તું પાપ કરે તે માફ' એમ કર્મના ન્યાયમાં નથી. એ તો મોટા ચમરબંધી પાસે પણ એનો હિસાબ ચૂકવાવે છે. માટે જ ધર્મ કરનારે સમજવું જોઈએ કે,

મારે માથે હવે બેવડી જોખમદારી છે.

## • ધર્મ કરનારને બે સાવધાની જોઈએ. •

એક તો ધર્મ કરવામાં કોઈ પૌદ્ગલિક આશંસા વગેરે પાપબુદ્ધિ નહિ રાખવાની,

બીજું, જીવનમાંથી સદંતર પાપો ન છૂટે તો પણ અધિક પડતાં પાપ તો નહિ જ કરવાનાં;

આ બંને જોખમદારી સમજીને વર્તાય તો ધર્મનાં પુણ્યફળ લેતાં તીવ્ર ચિત્તસંક્લેશ અને તીવ્ર દુઃખસંતાપથી બચાય.

ધર્મ કર્યો પણ સાથે પાપ બુદ્ધિ રાખી, 'ભગવાનનું ઘોડિયા-પારણું લઉં, ઘેર પારણું બંધાય' તો આ પાપબુદ્ધિ ભળી કહેવાય; ધર્મની સાથે સોદો કર્યો ગણાય. મહાવીર પ્રભુના જીવ વિશ્વભૂતિએ ચારિત્ર પાળ્યું, તપ કર્યો પણ માગ્યું કે 'આનાથી મને મહાબળ મળજો,' તો એ પાપબુદ્ધિ ભેળવી કહેવાય. ફળ શું ? ધર્મ કર્યો' તો, માટે બળ તો મળ્યું, ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા. પણ મરીને સાતમી નરકે પટકાયા ! દુર્ગતિની હારમાળાના પલ્લે પડી ગયા !

દુન્યવી સુખની લાલસાથી ધર્મનો સોદો કરવો એ ખતરનાક છે, કર્મ જાણે કહે છે, 'ફળ લેતાં જાજો પણ એમાંથી સાર નહિ નીકળે'

બીજી જવાબદારી ધર્મી જીવે એ જાળવવાની કે જીવનમાં ધર્મ તો થયો, પણ સાથે બીજાં કાળાં પાપ ન થવાં જોઈએ. **આચાર્ય આર્ય મંગુસૂરિજીએ** ચારિત્ર તો પાળ્યું, શાસનની પ્રભાવના તો કરી પરંતુ એક રસનેન્દ્રિયના પાપમાં પડ્યા તો હલકી જક્ષની યોનિમાં જઈ મુકાયા !

**આર્દ્રકુમારના** જીવે પૂર્વ ભવે ચારિત્ર તો પાળ્યું, પરંતુ પત્ની તરફ મોહમાં તણાયા તો અનાર્ય દેશમાં જન્મવું પડ્યું !

**બે ભાઈની વિધવા બેને** ભાઈઓના સદ્ભાવની પરીક્ષા કરવા માયા ખેલી, તો પછી પૂર્વના ધર્મના પ્રભાવે ભવ તો ચરમ (છેલ્લો) મળ્યો, પરંતુ એમાં દુરાચાર અને ચોરીનાં ભયંકર કલંક ચઢ્યાં !

સુરેન્દ્રદત્તે ચારિત્રની તૈયારી કરી પરંતુ લોટનો કૂકડો માર્યો, ખાધો, અને



પત્ની તરફ ખોટું ખેંચાયા તો ધર્મભાવના ઠેકાણે પડી ગઈ ! આર્તધ્યાનમાં પડ્યા ! અને મોર થઈ એ જ પત્નીના હાથે પ્રહાર, અને એ જ માતાના દાંત વચ્ચે પકડાયા !

## • કાળાં પાપ એટલે ? •

ધર્મ કહીએ છીએ પણ જો કાળાં પાપ કરીએ તો તે ખતરનાક નીવડે.

**ત્યારે કાળાં પાપ એટલે ?**

૧. બિનજરૂરી પાપ દા.ત. મશ્કરી.

૨. જરૂરી પાપમાં પણ તીવ્ર રાગદ્વેષ યા વધું પડતું પાપ.

૩. પાપ પર કર્તવ્યનો સિક્કો. પાપને ધર્મમાં ખપાવવું.

૪. ધર્મી-અવસ્થાને અણછાજતું પાપ.

૫. ધર્મના હોદ્દાના ઓઠા હેઠળ પાપ.

૬. તુચ્છ સ્વભાવ વગેરે દુર્ગુણો.

૭. દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્ર-ધર્મસ્થાન વગેરેની નિંદા-અવગણના-આશાતના.

૮. તીવ્ર વિષયાસક્તિ-તીવ્ર કષાય, વગેરે આ બધાં કાળાં પાપ કહેવાય. એનાં પરિણામ ભારે દુઃખદ આવે. લોટનો કૂકડો મારવાનું પાપ એવું કાળું પાપ હતું. અંધારામાં દોરડાને પણ સાપ ધારીને મારો તો સાપ માર્યાનું પાપ લાગે. જૂઠાંને સાચાં વચનમાં ખપાવાય તો એ કાળું પાપ થયું.

ધર્મ કરનારે આ પણ સાચવવાનું છે કે કાળાં પાપમાં ન પડાય.

## • મોર અને કૂતરાની ગતિ •

આપણે જોઈ આવ્યા કે મોર અને કૂતરો બંનેય પ્રહારથી ભારે વિહ્વળ થઈ મરણતોલ દશામાં મુકાયા, રાજા ગુણધરને બહુ શોક થયો. એથી પુરોહિત વગેરે માણસોને એણે આદેશ કર્યો.

'જુઓ, પિતા અને દાદી મૃત્યુ પામ્યા ત્યારે આપણે એમનો શરીરસંસ્કાર કાલાગરુ ધૂપ, લવિંગ અને ચંદનના કાષ્ઠથી કર્યો હતો; તેમજ એમની સદ્ગતિ કરાવે એવાં મહાદાન દીધાં હતાં. મને આ મોર અને કૂતરો પણ બહુ વહાલાં છે, તો એમનાય મૃત્યુ પછી એ રીતે કરવાનું છે.'

અહીં ઊંચા દેહસંસ્કારથી મરનારને કંઈ લાભ થયો છે ? પુત્રના મહાદાનથી શું પિતા-દાદીને સદ્ગતિ મળી છે ? ના, છતાં અજ્ઞાનદશા શું મનાવી રહી છે ?

જગતમાં એવી કેટલીય હકીકતો છે કે જેના પર અજ્ઞાન જીવ ઊંધાં હિસાબ

માંડે છે. લોકમાં આવા ઊંધાં લેખાં એક સત્ય તરીકે પ્રચાર પામતાં આવ્યા છે. તે પણ ધર્મની માન્યતા તરીકે ! ત્યારે વીતરાગ-સર્વજ્ઞ પ્રભુનું શાસન એમાંથી બચાવી લે છે.

એ કહે છે, 'સદ્ગતિ જોઈતી હોય, પુણ્ય લઈ જવું હોય, તો **હાથે તે સાથે** કરો. તમારા હાથે તમારી શુદ્ધિમાં સભાન દશામાં જેટલું સારું થાય એટલું કરી લો. બાકીની પાપ સામગ્રી વોસિરાવી દો, એના પરની મૂર્ચ્છા ઊઠાવી લો.' પત્ની, છોકરા વગેરે બધા એ ધનમાલનો ધર્મકાર્ય માં જ ઉપયોગ કરો, એવી ભાવના દઢ કરો.' પણ નહિ કે 'ભલે બિચારા એ એનાથી ખાઈ-પી મોજ કરે.' આવું આવું કાંક કરો તો પામશો.

પાપ કે પુણ્ય જાતે કરવાથી, બીજા પાસે કરાવવાથી, અથવા કરનારનું અનુમોદન કરવાથી ઊભાં થાય છે; આ ખૂબ યાદ રાખી લો.

## • વારસો મૂકનારની કરુણ દશા •

દીકરાને તમે દુન્યવી સુખભોગ માટે વારસો આપી ગયા, એણે ધર્મ પામી એમાંથી સુકૃત કર્યાં તો એનું પુણ્ય એ લેશે, તમને જરાય નહિ મળે !, કેમ કે તમે અંતે એવા સુકૃતની કોઈ અનુમોદનાય નથી કરી, ભાવના ય નથી રાખી. તમે તો વિષયસુખભોગની દૃષ્ટિ રાખી છે એટલે એ વારસા પર જેટલાં પાપ થાય એની અનુમતિનું પાપ એકલું તમને મળ્યા કરવાનું. કેવી કરુણ ઘટના ! પૈસા તમારા, છોકરો ધર્મમાં વાપરે છે, છતાં તમને પુણ્ય નહિ ! અને માલ તમારો, તમે ભોગવતા નથી, છોકરા વગેરે ભોગવે છે, છતાં તમારા કમનસીબમાં તમને પાપનાં થોકબંધ પારસલ મળ્યા કરે ! તમે એ ધનથી સુખ ભોગવતા નથી છતાં પાપનાં પોટલાં મળે, અને તમારા જ ધનથી છોકરો સુકૃત કરે છે, તો પણ તમને પુણ્યનો લાભ ન મળે, આ જીવની કેટલી દયાપાત્ર સ્થિતિ ! કેટલી મૂર્ખાઈ !

જૈન ધર્મ આ સમજાવી જાતે જ પુણ્ય કાર્ય કરી લેવા અને પાપસાધન જાતે જ વોસિરાવી દેવાની હાકલ કરે છે; કેમ કે જો એ ન કર્યું તો પછી વારસદારનાં સુકૃત પોતાને કંઈ જ લાભ આપી શકતાં નથી. ગુણધરે મહાદાન કર્યાં, છતાં મોર અને કૂતરાની દશા આપણે જોઈએ છીએ કેવી દુઃખદ છે !

**મોર મરે છે :-** યશોધર મુનિ કહે છે, હું મોર તરીકે મરવા પડ્યો છું, છતાં જાતિસ્મરણ જ્ઞાન હોવાથી ગુણધર જે આ બોલ્યો એ સાંભળીને મને વિચાર થયો કે,

'અહો ! દીકરાએ મારી પાછળ મારો મહાન સત્કાર કર્યો અને સદ્ગતિમાં કારણભૂત મહાદાન દીધાં, ત્યારે હું ? તિર્યંચ યોનિમાં સતત ભૂખનો માર્યો કીડા



ખાતો અને કૂતરાથી ખવાતો બન્યો છું ! અહો ! કર્મની કેવી કઠિનાઈ !'

આમ વિચાર કરતાં મારા પ્રાણ ચાલ્યા ગયા."

**પાપલેશ્યા કોની ખાતર ? :-** પ્રાણ તો નીકળી ગયા, પણ પાપલેશ્યા નીકળી ગઈ ? ના. પછી ? પછી શું, એ હવે ચાલવાની પાછા ક્રૂર પાપો કરાવવા ! ધર્મ સાંભળો છો, તત્ત્વ સાંભળો છો, આવાં વૈરાગ્ય પ્રેરક ચરિત્ર સાંભળો છો, તપાસો એની સાથે પાપલેશ્યા દૂર થાય છે ? શું વિચાર આવે છે કે 'આ સંસારમાં શું સાથે આવવાનું છે ? કોની ખાતર પાપલેશ્યામાં રમી રહ્યો છું ? જે ખોવાઈ જવાનું, જેનાથી મારે ડિસમિસ થવાનું, એની ખાતર જ ને ? દરેક વાતમાં ટાયલાં સૂઝે છે, આવું નહિ આવું જોઈએ, આ ઠીક, આ વધારે સારું, આના માટે આમ આમ પેરવી કરું, વગેરે વગેરે કચરા પટ્ટી વિચારો અને પાપલેશ્યા પોષી રહ્યો છે, પણ એથી મન કેટલું ખરાબખસ્ત તામસી-રાજસી અને નિઃસત્ત્વ કરી રહ્યો છે એની ભયંકરતા પર કોઈ ધ્યાન છે ? ખાધેલું તો થોડા સમયમાં માટી થઈ જશે, ભોગવેલું અલ્પ કાળમાં વીસરાઈ નવી ભૂખ ઊભી કરશે, એમાં કુવિકલ્પો અને પાપલેશ્યાઓના ચિતરામણ ચીતરી સ્વાત્માનો ઉદ્ધાર કરી રહ્યો છે કે અધઃપતન ?'

કેટલીય વાર દિલનાં રોદણાં ઊઠે છે, 'મારી ભૂલ નથી, આ બીજાઓ આવું ખોટું કરે છે, તે કેમ સંખાય ?' પછી પાપીલેશ્યામાં મન ચઢે છે, ત્યાં એ ધ્યાનમાં જ નથી આવતું કે એ પાપલેશ્યાઓ મન પર ખતરનાક કુસંસ્કારો અંકિત કરી રહી છે, વર્તમાન જીવનને અશાંતિ, સંતાપ અને નિરાશા નિસાસાભર્યું કરી રહી છે. અને આત્મા ઉપર પાપના ભાર લાદી રહી છે. એ તારે જ ભોગવવા પડશે ત્યાં કોઈ બચાવ નહિ ચાલી શકે કે 'એ તો મેં આવા સંયોગમાં કરી હતી' મારી ભૂલ ન હોતી' કોઈ બચાવ નહિ ચાલે.

બીજાના વાંકે પણ પોતે સેવેલી પાપલેશ્યા પોતાને જ દંડે છે, પોતાને અવશ્ય દંડે છે.

**સદ્વિચારાદિની દુર્લભતા**

દુઃખ ભોગવવા છતાં પાપલેશ્યા છૂટતી નથી, સદ્વિચાર સંમતિ, સદ્દૃષ્ટિ જાગતી નથી, એ એની મહાદુર્લભતા સૂચવે છે.

જાતિસ્મરણ જ્ઞાન થયું છે, પૂર્વની સમજ પડી છે, છતાં સદ્વિચારને જગા નથી મળતી ! કેવી કરુણદશા ! ત્યારે સમજવું જોઈએ છે કે આ જગતમાં.

સદ્વિચાર આવવો કેટલો બધો કઠિન છે !

સારી ભાવના જાગવી કેટકેટલી મુશ્કેલ છે !

એ જગાડનારા સત્સમાગમ, સંતવાણી અને શાસ્ત્ર મળ્યા છતાં જો એની ઉપેક્ષા થશે, એના બદલે મોહાંધોના સમાગમ, મોહનાં વચનો, તથા કાયા-કંચન કીર્તિને જ હિતકારી માની પાપમાં ધપાવ્યે રખાશે, અને સદ્વિચાર-સદ્ભાવનાને નહિ વધાવાય, નહિ અપનાવાય, તો દશા કેટલી ભૂંડી !

**છતી સામગ્રીએ અને સાજે સારે સારાવિચારો અને સારી ભાવનાઓની ઉપેક્ષા જીવને ધિઢ્ઢો બનાવે છે; વધુ નાલાયક બનાવે છે.** અને વધુ અયોગ્યતા એટલે ? ભવિષ્યમાં સદ્વિચાર જાગવાની અહીં કરતાં પણ વધુ કઠિનાઈ ! દુર્વિચારની સહજ સુલભતા !

અર્થાત્ ભવિષ્યમાં એવા વધુ અયોગ્ય ન બનીએ એ માટે પણ અહીં સદ્વિચાર-સદ્ભાવનાને અપનાવી લેવા જોઈએ; અપનાવીશું, જ્યાં ક્યાંયથીએ ઊભા કરી શકાય એ માટે પ્રયત્નશીલ રહી ચાહીને ઊભા કરી લેવા જોઈએ.

## • માનવજીવનનાં મહાફળ •

**સદ્વિચાર, સદ્બુદ્ધિ, સદ્દષ્ટિ અને સદ્ભાવો એ માનવજીવનનું, મહાફળ છે.**

સદ્વિચાર, સદ્બુદ્ધિ, સદ્ભાવો ઊભા કરી લેવા એટલે શું ? સમજો છો ? મોંઘેરા માનવ જીવનને આંતરિક સત્પુરુષાર્થમાં જોડવાનું છે, અસત્ પુરુષાર્થથી બચાવી લેવાનું છે. આ જો ન કરવામાં આવે તો અનંતભવોના અભ્યાસને લીધે આંતરિક અસત્ પુરુષાર્થ તો ડગલે ને પગલે સ્ફુરવા તૈયાર જ છે. અનુભવો છો ને કે વાતવાતમાં દુર્વિચાર, દુર્બુદ્ધિ, મિથ્યાદષ્ટિ અને દુર્ભાવ હૃદયમાં રમતા થઈ જ જાય છે ? એને ખેંચી લાવવા પડતા નથી, જાણે સહજ ભાવે ઊઠી આવે છે !

**દુષ્ટ વિચારો એ દુર્વિચાર છે.** પૌદ્ગલિક સ્વાર્થનો વિચાર એ દુર્વિચાર છે, આરંભ-સમારંભ, જૂઠ, અનીતિ, ઇન્દ્રિયવિષયોના આકર્ષણ, મદ-માયા, રોષરોફ, આ બધાના વિચાર એ દુર્વિચાર છે.

એમ દુર્બુદ્ધિ એટલે દુષ્ટ બુદ્ધિ, ખરાબ દાનત એ દુર્બુદ્ધિ છે. ખોટો મતાગ્રહ એ પણ એ જ કરે છે. માનસિક ક્ષુદ્ર ધોરણોથી ય દુર્બુદ્ધિ જાગ્યા અને મહાલ્યા કરે છે.

**ત્યારે મિથ્યાદષ્ટિ** એ વસ્તુ કે પ્રસંગને ઊંધી દૃષ્ટિએ, ઉપલક્રિયા દૃષ્ટિએ, ઉછાંછળી દૃષ્ટિએ જોવાનું કરી આપે છે;

દા.ત. અનિત્યને નિત્ય તરીકે, શરીરને આત્મા તરીકે, પાપને કર્તવ્ય તરીકે, ધર્મને દુઃખદાયી રૂપે, આમ ઊંધી દૃષ્ટિએ જોવાનું કરી આપે છે. એકલા આ જીવનની સુખસગવડો અને મોજમજા દૃષ્ટિને મલિન રાખ્યા કરે છે, કુદૃષ્ટિમાં રમાડ્યા કરે છે. એમ જાતની વડાઈની ખુમારી, વડાઈનો મોહ, દુર્બુદ્ધિ અને કુદૃષ્ટિમાં



ગરકાવ રાખે છે. ત્યારે મિથ્યા જ્ઞાન અને અજ્ઞાન દશા પણ દૃષ્ટિ છીછરી, અતાત્ત્વિક અને અવિવેકી રાખ્યા કરે છે.

દુર્ભાવમાં તણાયા હૈયાનાં મેલાં વલણ અંતરમાં મેલી લાગણીઓ અને ચિત્તમાં કાળી લેશ્યાઓ આવે છે. મોહ-માયા-મૂર્ચ્છા-તૃષ્ણા-ઈર્ષ્યા-અસૂયા-વેર-ઝેર, મદ-માન, કૂડકપટ, આ બધા દુર્ભાવો છે. એમ દેવ-ગુરુ કે સંઘ-સાધર્મી પ્રત્યે અસદ્ભાવ, અબહુમાન, અનાદર એ દુર્ભાવ છે. પાપનાં સાધનોનું બહુ મૂલ્ય અને આત્માહિતનાં સાધનો-નિમિત્તોનું નહિવત્ મૂલ્ય આંકવું એ દુર્ભાવ છે.

હવે વિચારો, જીવનમાં આ દુર્વિચાર, દુર્બુદ્ધિ, કુદૃષ્ટિ અને દુર્ભાવ કેટલા વ્યાપકપણે પથરાયેલા છે ! શું લાગે છે કે આની ચુંગાલમાં ફસાયા રહેવાય, અને જીવન એમ જ પૂરું થઈ જાય તો માનવ જીવન ધૂળધાણી કરી નાખ્યું ? લાગે છે કે એમાં ઘસડાયા જવાથી આ ઊંચો ભવ જીવ્યાની કોઈ સાર્થકતા નથી થતી ? પશુ જીવનથી શું વિશેષ આવ્યું ? શું વિશેષ કર્યું તો અહીં પણ પોતાના માનેલા તુચ્છ મનઃ સંતોષ સિવાય સારું શું મળે છે ? એવા એ દુર્વિચારો વગેરે તો જીવનની પ્રવૃત્તિ પર મોટી અસર પાડે છે, વાણી અને વર્તાવ હલકાં કરાવે છે.

## • વિચાર અને પ્રવૃત્તિની પરસ્પર અસર •

અન્યોન્ય અસર છે.

સારી પ્રવૃત્તિ, સારા બોલ, સારું વાતાવરણ રાખો તો દુર્વિચારાદિને ટાળવા અને સદ્વિચારાદિને વિકસવા સારા અવકાશ માટે છે.

અનુભવ સિદ્ધ છે કે ધર્મશાળેથી શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રા કરવા જાઓ છો ત્યારે સદ્વિચારાદિ સ્ફુરે છે, અને ક્યાંક નદી-તળાવ-બગીચો જોવા જાઓ છો ત્યારે જડ માયાના વિચારો, ઇન્દ્રિયવિષયોની બુદ્ધિ વગેરે જાગે છે. બહુ સિનેમા જોવા, છાપાં, નોવેલો વાંચવી રેડિયો સાંભળવા, વગેરે પ્રવૃત્તિ વિચારોને બગાડે છે. શું છે આ ? પ્રવૃત્તિએ વિચારો પર અસર પાડી.

એમ પ્રભુનાં સ્તવન કે સજ્ઝાય લલકારો ત્યારે સદ્વિચારાદિ સ્ફુરે છે, પણ એના બદલે નાટકિયા કે ફિલ્મી મોહનાં કે કષાયનાં ગીત ગાઓ ત્યારે ?

સંત સાધુના સમાગમમાં હો ત્યારે સદ્વિચાર સ્ફુરે છે, પણ બજારમાં કે મોહાંધોના વાતાવરણમાં બેઠા હો ત્યારે ?

આ તો બાહ્ય પ્રવૃત્તિ, બોલ કે વાતાવરણની વિચારો પર અસરની વાત થઈ; પરંતુ એથી ઊલટું વિચારોની બાહ્ય પ્રવૃત્તિ આદિ પર પણ ઘણી ઘણી અસર પડે છે; એ પણ અનુભવાય છે. કોઈના માટે જો હૃદયમાં દુર્ભાવ કર્યા કર્યો હોય

છે ને, તો અવસર આવતાં એની પ્રત્યે હલકા તિરસ્કારભર્યા શબ્દો નીકળે છે, એમ મનમાં જો લોચા જ વાળ્યા કર્યા હોય કે 'વખત બહુ ખરાબ છે, આમાં કાંઈ સીધે સીધી કમાઈ સારી થાય નહિ, માટે ઘરાકને આમ ઓઠકોઠ સમજાવીશ, માલ આવો ભેળસેળ કરીશ,' વગેરે દુર્વિચારો કર્યા હોય તો પ્રવૃત્તિ અસત્ય-અનીતિની થતાં શીવાર ? એમ મનમાં સેવેલા કામવાસનાના ભાવો, સ્વાર્થ લગનીના વિચારો, કે વારંવાર અભ્યસ્ત કરેલી જડની દૃષ્ટિ, એ વાણી-વર્તાવમાં શું ઉતારશે ?

**સ્વાર્થના ખેલ :-**

પ્રધાન સ્વાર્થબુદ્ધિ અને સ્વાર્થ સંભાળવાના વિચારો સ્વાર્થની પ્રવૃત્તિમાં પગભર રાખ્યા કરે છે. ત્યાં પછી પરાર્થ-પરોપકાર નથી જાતે સૂઝતો, કે નથી કોઈ સુઝાડ્યે પણ કરવા મન થતું, ઊલટું કાં અકારું લાગે છે, અગર તો એમ થાય છે કે 'આ બધું સાંભળી મૂકવાનું, બીજા કેટલું અમારું કરવા આવે છે એ જોઈએ છીએ ને' જિંદગીના દહાડા ઉપર દહાડા વીતતા જશે. પણ એને કોઈ સંતાપ નહિ થાય કે

'હાય, આ ખરું કરવા જેવું કરવાનું રહી જાય છે ને દિવસો તો એક પછી એક ચોરાવા લાગ્યા ! સવારથી સાંજ સુધી તન-મન-ધનને ક્યાં ક્યાંય કામે લગાડી તો દીધા, પણ સ્વાર્થની વાતમાં; પરહિતમાં નહિ. આ તે મારું માનવજીવન ? કે કાગડા-કૂતરાનું જીવન ? અરે, કાગડાય ૫-૨૫ને ભેગા કરીને ખાય છે, ત્યારે હું રાહ જોઉં છું કે ઘરે સાધર્મિક આવેલો ક્યારે જાય, પછી હું જમવા કે ચા પીવા બેસું ! પુણ્ય કમાવવું હોય તો ય જાતનો જ વિચાર સૂઝે છે, પણ એમ નથી થાતું કે લાવ છોકરા પાસે, પત્ની પાસે પુણ્ય કરાવું. કે હું વ્યાખ્યાને જાઉં છું તમે ઘર સંભાળજો.' એમ કહું છું !'

આવી સ્વાર્થની જ રમત ચાલુ ને ?

વિચારવા જેવું છે કે સ્વાર્થબુદ્ધિ કેટલી ઓતપ્રોત થઈ ગઈ છે ! એમ બને એમાં નવાઈ નથી સ્વાર્થના જ વિચારો, દુર્વિચારો જ ચાલ્યા કરતા હોય ત્યાં પછી અવસરે સારું ક્યાંથી સૂઝે ? એ તો સદ્‌વિચારો, સદ્‌બુદ્ધિ, સદ્‌દૃષ્ટિ અને સમ્યગ્ ભાવો કેળવતા રહેવાય તો અવસરે સારું સૂઝે. દિલમાં જે રમ્યા કરતું હશે તે પ્રવૃત્તિમાં સૂઝશે.





**પરોપકાર ભાવના :-** દિલમાં એ રમ્યા કરવું જોઈએ કે 'અહો ! આ ઉત્તમ જીવનમાં જ ઉત્તમ કાર્યવાહી થઈ શકશે. તો એ જ કરું. ભલું ક્યાં ક્યાં કરું ! ક્યાં ક્યાં કોઈને હું કામ લાગું ! કોઈને મારું કામ લાગો ! બે પૈસા કમાયો તો પહેલું પરનું ભલું કરીશ. ઘરની બહાર નીકળ્યો તો પરોપકાર પહેલો રાખીશ, સ્વાર્થ પછી. ચોરાશી લાખ યોનિમાં ભટકતાં પરોપકાર-પરમાર્થ કરવાનું મળે ક્યાં ? અરે ! સૂઝે જ ક્યાં ? એ તો માનવભવનો પ્રતાપ છે કે અહીં એ સૂઝી શકે. હવે જો ગફલતમાં રહું તો તો જીવન ચાલ્યું એમ જ ગોઝારું ! બાકી સ્વાર્થનું ગમે તેટલું સંભાળવા મથીશ, ને દલ્લા દાટી રાખીશ તે બધા એક દિ' ખોવાઈ જવાના છે; અને ગમે તેટલું ભોગવીશ-કરીશ પરંતુ એ બધા ભોગ ને અમન ચમન સરવાળે તો મને વિષયોનો ભારે ભૂખારવો બનાવીને આ વિરાટ વિશ્વમાં નિરાધાર દરિદ્ર હાલતમાં ફેંકી દેવાના છે. દરિદ્રતા એટલે મળવાના ફાંફા ! અને ભારે ભૂખારવાપણું એટલે તૃષ્ણાની સતામણી ભયંકર !'

આવા આવા સદ્‌વિચારો અને સદ્‌બુદ્ધિ બહુ કેળવવા જેવાં છે જો ઊંચા આવવું હોય તો.

સારા ભાવ અને સારી વિવેકી દૃષ્ટિ બહુ રાખવા જેવી છે જો આત્માને માનવપણે પશુહૃદય નહિ પણ દિવ્ય હૃદયવાળો કરવો હોય તો,

હૃદયને કહો કે 'હવે મારે દુર્ભાવનાઓના અને દુર્ભાવોના જમાના ગયા, આ તો સદ્‌ભાવો-સદ્‌ભાવનાઓનો યુગ છે, એમાં હવે એ જ કરીશ. એથી મન જે પ્રસન્ન અને પ્રફુલ્લિત થશે તે દુર્ભાવો-દુર્ભાવનાઓમાં નહિ થાય. ત્યાં તો સદા સંતાપ-હાય વોય અને ઉકળાટ-ઉન્માદ રહ્યા કરશે.

કાળા પાણીમાં ઝબોળ ઝબોળ કરેલું કપડું ધોળુ ક્યાંથી રહે ? એમ, દુર્વિચારો ને દુર્ભાવોમાં ડૂબાડૂબ રાખેલું મન ઊજળું ક્યાંથી રહેવાનું હતું ? અરે જીવ ! મહાન જિનેન્દ્રનાથ મળ્યા પછી પણ આમ ? મળ્યા નહોતા, ત્યારે તો મરતો' તો પરંતુ મળ્યા પછીય દુર્વિચારોમાં સડી મરવાનું ?'

ભગવાન અરિહંત દેવ મળ્યાની કોઈ વિશેષતા ખરી કે નહિ ? કહો ખરી;

વિચારશુદ્ધિ, ભાવશુદ્ધિ, મતિશુદ્ધિ અને દૃષ્ટિશુદ્ધિ કરીએ એ સર્વશુદ્ધિ પરમાત્મા મેળવ્યાની વિશેષતા.

**વિચારાદિની શુદ્ધિની ભૂમિ-પાયો-થાંભલા-પાટડાઃ-**

વિચાર,ભાવ, મતિ અને દૃષ્ટિમાં જો સંશોધન કરવું હશે તો સમજી રાખો કે તે

(૧) મૈત્રી-કરુણા-પ્રમોદ-માધ્યસ્થ્યની ભૂમિ પર ઊભા થઈ શકશે,

(૨) સર્વજ્ઞ ભગવાનના વચનની અખંડ શ્રદ્ધા રૂપી પાયાના આધાર પર બની શકશે,

(૩) દુનિયા આખીને મૂકી દેવ-ગુરુ-ધર્મ અને સંઘ-શાસ્ત્ર-તીર્થ પ્રત્યે ઊછળતી પ્રીતિ-ભક્તિરૂપી સ્તંભ પર જન્માવી શકાશે,

(૪) હૃદયની પવિત્રતા અને સત્સમાગમરૂપી પાટડાના આધારે ટકી શકશે.

ભૂમિ-પાયો-થાંભલા અને પાટડા સલામત, તો સંશોધિત વિચાર-ભાવ-મતિ અને દૃષ્ટિની ઈમારત સલામત; નહિતર એ કડકભૂસ અથવા ચણતર જ નહિ.

સારા વિચાર સારા ભાવ, સારી મતિ અને સારી દૃષ્ટિના ચણતર કરવા માટે આ ચાર જરૂરી લખી રાખો,

(૧) મૈત્રી આદિ ભાવના

(૨) જિન-વચનની અખંડ શ્રદ્ધા,

(૩) અરિહંતાદિ પર ઊછળતી પ્રીતિ-ભક્તિ, અને

(૪) પવિત્ર હૃદય તથા સત્સંગ

બાકી તો ત્યાગ-તપસ્યાયુક્ત સારું ધાર્મિક વાંચન, સારાં દર્શન, સારાં શ્રવણ અને સારી ધર્મચર્ચાઓ એ પણ વિચાર, ભાવ વગેરેની શુદ્ધિ કરવા માટે જરૂરી છે.

## • યશોધર મુનિનો ત્રીજો ભવ : જંગલી મૃગ •

મહાત્મા યશોધર મુનિ સમરાદિત્યના જીવ ધનકુમારને પોતાનું ચરિત્ર કહી રહ્યા છે. એમાં પહેલો સુરેન્દ્રદત્ત રાજાનો ભવ કહ્યો. માતા પ્રત્યેના રાગમાં લોટનો કૂકડો માર્યો અને ખાધો, તથા પત્ની પ્રત્યેના વિશ્વાસમાં એના દંભમાં ફસાઈ ઝેર અને ગળે ટૂંપાના ભોગ બન્યા. ચારિત્ર લેવાની મહાભાવના ઠેકાણે પડી ગઈ અને આર્તધ્યાનમાં મરીને બીજા ભવે મોર થયા. માતા મરીને કૂતરો થઈ, પાછા પોતાના જ ઘરમાં પત્નીનું દુશ્ચરિત જોઈ જાતિસ્મરણ જ્ઞાન થવા છતાં વિવેક અને સદ્‌વિચાર તથા પાપનો પશ્ચાત્તાપ લાવવાને બદલે અસૂયામાં તણાયા, તો પત્નીના હાથે લોખંડી પરાળનો પ્રહાર ખાઈ અને કૂતરાના મોંઢે ચવાઈ આર્તધ્યાનમાં મર્યા. એ હકીકત કહ્યા પછી મહાત્મા યશોધર કહે છે,

‘હે દેવાનુપ્રિય ! ત્યાંથી મરીને હું સુવેલ નામના પર્વતની પશ્ચિમ દિશાના ભાગે આવેલા દુષ્પ્રવેશ નામના જંગલમાં ઉત્પન્ન થયો. ત્યાં ઉપયોગ યોગ્ય ફળ-ફૂલની વાતેય શી. ત્યાં તો બાવળ, કેરડા, પલાશ, તાડ, વડ વગેરેનાં ઝાડો વિસ્તરેલાં હતાં. એવાં ખીચોખીચ કે એમાં ચાલવું મુશ્કેલ પડે. એવા જંગલમાં હું કાણી જંગલી મરગલીના પેટમાં મુકાઈ ગયો. પાપનો ઉદય તીવ્ર છે, એટલે ગર્ભમાં



રહ્યે રહ્યે હું નરકની કુંભીપાકની વેદના કરતાં પણ જાણે વધી જાય એવી ઘોર વેદનાથી પીડાઈ રહ્યો છું.

પાપ અને પાપ વિચારો કરતી વખતે જીવને સૂધબૂધ રહેતી નથી; પણ એના દારુણ વિપાક ભોગવવાના આવે ત્યારે અપરંપાર હાયવોય થાય છે. જગતમાં જીવોની જાલિમ હાયવોય દશા નજરે નિહાળવા છતાં અને એથી કંપી ઊઠવા છતાં મોહમૂઢતાને લીધે પોતાના માટે એ વિચાર નથી આવતો કે ‘હું આવી દશામાં મુકાયો તો મારી કેવી વલે ? માટે એવી દુર્દશાને તાણી લાવનારા દુષ્ટ વિચારો, દુર્બુદ્ધિ મિથ્યા દૃષ્ટિ અને દુર્ભાવોથી પાછો હટી જાઉં. પાપો પડતાં મૂકું.’ આ વિચાર નથી પછી શું કામ એ સદ્‌વિચારો, સદ્‌બુદ્ધિ વગેરેનો જ મક્કમ મને ખપ કરે ? મન મક્કમ કરીને સદ્‌વિચાર આદિનો ખપ કરવો એ માનવતાનું જીવન છે.

‘હે દેવાનુપ્રિય ! ગર્ભનો કાળ પાક્યા પહેલાં જ મારો જન્મ થઈ ગયો. અને બીજી બાજુ જનેતાને ખોરાક જોઈતો મળતો નથી તેથી તેનું દૂધ સુકાઈ ગયું; એટલે હું પણ ભૂખના દુઃખમાં દૂબળો પડી રહ્યો છું. આમ તેમ ભટકી રહ્યો છું અને ભૂખની પરવશતામાં ગોખરુંના કાંટા મળ્યા તો તે ખાઈ રહ્યો છું.

**તમારું શું વધે છે ? પાપ કે દોહ ? :-** ઊંચા મનુષ્ય ભવમાં પણ જો સદ્‌ભાવના ગુમાવી મલિન લેશ્યામાં સબડ્યો, તો આવા હલકટ પશુના ભવમાં સારી લેશ્યા ક્યાંથી આવે ? પાપ લેશ્યા, પાપ સંજ્ઞાઓ, અને પાપી વિચારોમાં રમતા એવાં મારાં પાપો શરીરની હારોહાર વિસ્તાર પામતાં ગયાં. શરીર તગડું થાય છે ને ? પછી પાપો પુષ્ટ થતાં જાય એનો વિચાર જ શાનો હોય ? માણસ જેવા માણસના અવતારે વજન વધ્યું, પૈસા વધ્યા, પરિવાર વધ્યો, માણસ ફુલાય છે ! વિચાર નથી કે એ વધ્યું તો શું વધ્યું ? વજન વધ્યું તો શરીરનું, પૈસા વધ્યા તો તિજોરીના, અને પરિવાર વધ્યો તો નગરપાલિકાનું વસ્તીપત્રક વધ્યું ! એમાં તારું શું વધ્યું ? વિચારવાને હૈયું હોય તો એ દેખાય કે ‘મારે તો સરિયામ પાપો વધી રહ્યાં છે ! આ જ મારી સાથે આવવાનાં છે. એના કટુ વિપાક મારે પોતાને જ ભોગવવા પડશે ! એ ભોગવ્યા જાય એવા નહિ હોય, તે વખતે મારી કઈ દશા ? કોણ મારી ત્યાં રાડ સાંભળનાર ? કોણ બચાવનાર ?’

‘હે ભાગ્યવાન ! માનવ ભવે સદ્‌વિચાર અને વિવેકથી ભ્રષ્ટ થયેલા મને મારાં કર્મ દુર્વિચારની જોરદાર સજા કરી રહ્યા છે. ત્યાં વનમાં ભટકતાં મેં એક દેડકાં ખાતો સર્પ જોયો અને ભૂખના માર્યા મેં તેનું પૂંછડું પકડ્યું.

સર્પ કોણ હતો ? બીજો કોઈ નહિ, મારી પૂર્વની માતા યશોધરાનો જીવ કૂતરાપણે આર્તધ્યાનમાં મરીને અહીં આ સર્પ તરીકે જન્મ પામ્યો હતો ! કર્મ જાણે

કહે છે, 'લે લેતી જા, દીકરાને જીવ મારવા ખાવાનું કહેતી હતી ને ? તો હવે એના જ મોંમાં પકડાવું; અને એને જ ચાવવા પ્રેરું !'

**જે બીજા પ્રત્યે તે તમારી પ્રત્યે :-** મોહમૂઢ બનીને તમે જો સગાંસ્નેહીને બીજા જીવો પ્રત્યે દુર્ભાવ-દુશ્ચેષ્ટા શિખવાડ્યા, તો હવે કુદરત એ સગાંસ્નેહીઓને તમારી જ પ્રત્યે દુર્ભાવ અને દુશ્ચેષ્ટા કરવાનું શીખવે છે. જગતમાં આ જોવા મળે છે કે માબાપે સંતાનને બીજાની સામે સ્વાર્થપટુ, ગુસ્સાખોર અને લુચ્ચાઈ રમતા થવા દીધા, તો એ સંતાન મોટા થયે માબાપની જ પ્રત્યે સ્વાર્થ રમનારા, ક્રોધીલા અને લુચ્ચાઈ ખેલનારા બને છે.

'What to others, to your own self'

**જેવું બીજા પ્રત્યે તમે ચિંતવો-વર્તો, તેવું જ તમારી જાત પ્રત્યે આવીને ઊભું રહેશે.**

## • કારણની પાછળ કાર્ય લાગ્યું જ છે •

એક અમેરિકને Cause and Effect નામનો નિબંધ લખ્યો છે; અને એમાં એણે સાબિત કર્યું છે કે **"કારણ સેવો એટલે તેવું કાર્ય આવીને ઊભું જ રહેશે.** નાનપણે કોઈના પ્રત્યે બૂરો વિચાર કર્યો તો પછી ક્યારેક તમને એના પ્રત્યાઘાતરૂપે ઠોકર ખાવી જ પડવાની. અચાનક ઠોકર ખાતાં તો એમ લાગવાનું કે 'અરે ! આ કેમ બન્યું ?, પણ સમજી રાખો કે એ વિના કારણ નથી બન્યું. તમે પોતે કોઈનું બૂરું ચિંતવ્યું હતું એનું આ ફળ છે. કારણ અને ફળના હજારો દાખલા આ વિશ્વમાં જોવા મળે છે, તો તમારાં સેવેલાં કારણ નિષ્ફળ કેમ જાય ?"

આનંદઘનજી મહારાજ કહે છે,

**'કારણજોગે કારજ નીપજે, એમાં કોઈ ન વાદ;' પણ કારણ વિણ કારજ નીપજે એ નિજમત ઉન્માદ. 'કારણજોગે બંધે બંધને, કારણ મુગતે મુકાય.'**

શું કહ્યું ? કારણનો યોગ થાય ત્યારે કાર્ય નીપજે છે, એમાં કોઈ વિવાદ નથી. છતાં ય જે એમ માને છે કે કારણ સામગ્રી વિના જ કાર્ય બની જાય છે, એને પોતાના મતનો ઉન્માદ છે, ઉન્મત્ત-ગાંડાની માન્યતા છે, **આત્માના પતન ઉત્થાનમાં બાહ્ય આભ્યન્તર બંને પ્રકારનાં નિમિત્ત કારણભૂત છે.**

જીવ કર્મબંધનાં કારણો સેવીને ફળરૂપે કર્મબંધનથી બંધાય છે; ત્યારે એ કારણો છોડી દેવાથી બંધાતો અટકે છે.

પ્રતિસમય મિથ્યાત્વાદિ કારણો ઊભાં છે એટલે તેને તેને યોગ્ય કર્મનાં બંધન આત્મા પર સમયે સમયે ચઢી રહ્યાં છે.



અમેરિકન થિયરીવાળાને તરતના જન્મેલા બાળક પર થતી પીડાનું કારણ શોધવું મુશ્કેલ પડશે; આપણાં શાસ્ત્રો એનો સરળ ઉકેલ આપે છે કે બાળકના જીવે પૂર્વભવે બૂરાં કારણો સેવીને જે કર્મબંધન ઊભાં કરેલાં, એનું આ ફળ છે.

**કારણ વિના કાર્ય બને જ નહિ.**

**કારણ સેવો એટલે કાર્ય આવીને ઊભું જ સમજો.**

અહીં આપણને રોગ આવ્યો, અરે ટી.બી. (ક્ષય), કેન્સર જેવો, તો આજનું મેડિકલ સાયન્સ (દાક્તરી વિજ્ઞાન) કહે છે કે એનાં કારણો જાણ્યે-અજાણ્યે સેવાયેલાં હતાં જ; ત્યારે ધર્મશાસ્ત્ર કહે છે કે એવાં કારણો સેવનાર બીજા બધાયને એ રોગ નથી ય આવતો એનું શું કારણ ? કહો મુખ્ય કારણ એ છે કે બીજાઓને તેવાં કર્મ ઉદયમાં નથી. એવાં કર્મ કાં સિલિકમાં નથી, યા છે તો હજી પાક્યાં નથી. રોગીને એવા કર્મનો ઉદય થયો, માટે એ રોગી બન્યો.

એવાં કર્મ ઉદયમાં આવ્યાં એટલે રોગ ઊભો થાય જ, માટે રોગ આવ્યો તો હાયવોય નહિ કરવાની. મનને કહેવાનું; 'કારણ વિના કાર્ય બને જ નહિ; કારણ સેવેલાં છે એટલે આ રોગ આવીને ઊભો છે; કોઈ બ્રહ્મા પણ એને રોકી શકે નહિ.

વિચાર તો એ કરવાનો છે કે હવે નવેસરથી એવાં કારણો ન સેવું કેમ કે જો હવે પાછાં કારણો સેવ્યાં તો કાર્ય આવીને ઊભું જ રહેશે. નિયમ છે કે કારણ કાર્યને તાણી લાવે છે, કાર્યને જન્માવી જપે છે. અહીં બીજા જીવોને દુઃખ આપવું છે, બીજાનું બૂરું ચિંતવવું છે, અને પછી તમારે એનાં ફળમાંથી છટકવું છે, એ વાત નહિ બને.

**અશાતાનાં અનેક કારણ :-**

જૈન શાસ્ત્રો તો ત્યા સુધી કહે છે કે માત્ર બીજાને દુઃખ આપો, શોક કરાવો તેથી જ તમને દુઃખ આવે એમ નહિ, તમારી જાતને કષાયથી દુઃખી કરો, જાતે શોક-કલ્પાંત કરો તો પણ અશાતા વેદનીય કર્મ બંધાય, જે પાકીને તમને દુઃખ આપવાનાં. માત્ર આટલેથી ય પતતું નથી, અશાતા વેદનીય કર્મ બંધાવાનાં અનેક કારણો છે. અભિમાન પણ કારણ છે, માયા પ્રપંચ પણ કારણ છે ! વ્રતભંગ પણ કારણ, અને દેવ-ગુરુ-ધર્મની અવગણના-આશાતના ય કારણ ! પરિનિંદા ય અશાતા બંધાવે અને સ્વાર્થ લંપટતા ય અશાતા બંધાવે. ઈર્ષ્યા કરો તો પણ, અને લોભ રત રહો તો પણ અશાતા કર્મ આવીને ઊભાં જ સમજો એ અશાતા કર્મ પાકીને દુઃખ દેવાનાં.

**દુઃખ નથી જોઈતું, પાપ કરવાં છે ! :-**

હવે વિચારો આપણને રોગ નથી ગમતો, પરાધીનતાનાં કષ્ટ નથી ગમતાં,

દુઃખનું નામ પણ રુચતું નથી, છતાં એનાં કારણો સેવ્યે જવાં છે ! મોહમૂઢતા છે આ શાસ્ત્ર કહે છે કે આશ્ચર્ય છે કે

पापस्य फलं नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ।

પાપનું ફળ જે દુઃખ, તે નથી જોઈતું, અને પાપ રાચી માચીને કરે છે ! 'દુઃખ ! ન આવીશ; પણ હું પાપ કરતો રહીશ;' કેવી ઘેલછા ! ન્યૂમોનિયાવાળો કહે, 'કફ ! તું ઓછો થઈ જજે, બાકી પવન અને સાકર હું ખાતો રહીશ,' સંગ્રહણીવાળો કહે, ઝાડા ! તું બંધ થઈ જજે, હું વાલ-વટાણા ટેસદાર ઉડાવ્યે રાખીશ;' આ પાગલતા કે બીજું કાંઈ ?

**દુર્ભાવનું ભયંકર પાપ**

લેશમાત્ર પણ બીજાનું બૂરું ચિંતવતાં પહેલાં આ વિચારો કે એવું ચિંતવ્યા પછી કશું કરી શકીશ અથવા એમ બનશે કે નહિ, એ તો કાંઈ નિશ્ચિત નથી, પરંતુ તું બૂરું ચિંતવીને ભવિષ્યમાં તારા માટે દુઃખ રિઝર્વ કરી રહ્યો છે ! ફર્સ્ટ ક્લાસનો ડબો રિઝર્વ કરાવો છો ને ? પછી ગાડીના ટાઈમે જાઓ એટલે તમારા નામની ચિઠ્ઠીવાળો ડબો તમને વધાવવા તૈયાર ઊભો જ હોય; એમ,

**બીજાના પ્રત્યે દુર્ભાવ કેળવવો, બૂરું ચિંતવવું, ને દુઃખ દેવામાં રાચવું, એ ભાવી અશાતા-દુઃખને રિઝર્વ કરાવવાનો ધંધો છે;**

એનો સમય આવી લાગ્યે એ તમને વધાવવા માટે તૈયાર ઊભાં જ હોય શા સારું આવાં રિઝર્વેશન કરાવવાની મૂર્ખાઈ કરવી ? હા દુઃખ ગમતું હોય, દુઃખમાં આકુલવ્યાકુલ ન થતા હો, દુઃખ ટાળવા ન મથતા હો, તો જુદી વાત છે, પણ એવું નથી, એ વર્તમાન રહેણીકરણી કહી રહી છે. ને હજી અહીંનાં દુઃખ તો મામૂલી છે, પણ માનવભવ જેવા ઉચ્ચ ભવે બીજાનું ચિંતવેલું બૂરું, કરેલો દુર્ભાવ, મારેલાં ટોણાં, કરેલો તિરસ્કાર એ મહાન ગુનો છે, એની સજારૂપે દુઃખ મોટાં આવવાનાં ! જો એ નથી જોઈતાં, તો એનાં કારણ સેવવાં રહેવા દ્યો.

**કર્મ ચોપડે રજેરજ નોંધાય :- મનને કહી દ્યો** કે "ઓછું મળશે ચલાવીશ, સગવડ નહિ હોય ફિકર નહિ, અગવડ આવી તો વેઠીશ, પણ બીજાનું બૂરું તો હરગિજ નહિ ચિંતવું; બીજા પ્રત્યે દુર્ભાવ જરાય નહિ કરું, બીજાનો તિરસ્કાર, ઉતારી પાડવાનું, કે વગોવવાનું મારાથી નહિ બને. શા માટે એવું કરું ? હાથે કરીને હું દુઃખને આમંત્રણ આપું ? કર્મના ચોપડે કશું ભૂલમાં નથી જતું. દુનિયાના મેથેમેટિક્સના રેંગ્લર; મહાન ગણિતશાસ્ત્રી-કદાચ ભૂલે, કર્મશાસ્ત્રમાં ક્યાંય ભૂલ નથી થતી, રજેરજ અસત્ ચિંતન રજેરજ દુર્ભાવ, રજેરજ તિરસ્કાર-અવગણના-નિંદા ખાતે ચઢે છે. એક કલાક એટલે કે ૩૬૦૦ સેંકડ સારું ચિંતવ્યું બોલ્યા-વર્ત્યા



તો તે પણ નોંધમાં પડે છે, તો પછી જીવનમાં જ્યાં સારાનું કંઈ ઠેકાણું નથી, સારાનો કોઈ ભલીવાર નથી, ને બૂરું ભારોભાર ઘાલવું છે. સેકંડ મિનિટ શું દિવસોના દિવસો અને વર્ષોનાં વર્ષો બૂરું ચિંતવવાનું, દુર્ભાવ કર્યે જવાનું, ને રોફ-રોષ-તિરસ્કારભર્યું બોલ્યે કે વર્ત્યે રાખવાનું છે, ત્યાં કેવીક અને કેટલી નોંધો પડશે ?"

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૩૭,તા.૩-૬-૧૯૬૧

**બીજાની શી સ્થિતિ છે એ જોવાનું :-**

"વિચાર નથી, કે ભવિષ્ય તો પછી, પણ પહેલાં અહીં જ તારું કોઈ બૂરું ચિંતવે, તારા પ્રત્યે દુર્ભાવ રાખે, તારો તિરસ્કાર કરે, અનાદર કરે, તારી નિંદા કરે, એ તને નથી ગમતું, તો ભવિષ્યમાં એના મુશળધાર વરસાદ તારા પર વરસે એ શું તું ઇચ્છે છે ? તારાથી એ શી રીતે સહાવાના હતા ? અને તને જ તારી જાત પ્રત્યે કોઈ એમ કરે તો નથી ગમતા, તો બીજાને તારાં બૂરાં ચિંતન-તિરસ્કાર વગેરે શાના ગમે ? જાતે દુઃખના દ્વેષી તને બીજાને દુઃખ દેવોનો શો અધિકાર છે ? બીજાનું બૂરું ચિંતવવા-કરવામાં માણસાઈ ક્યાં છે ?"

"અરે ! આપણો અપરાધ પણ કર્યો હોય, આપણું કાંઈક બગાડ્યું ય હોય, તો પણ જેમ આપણે કરેલા અપરાધ પર આપણે સામા પાસેથી ક્ષમા, સદ્ભાવ, શુભેચ્છા ચાહીએ છીએ, દુર્ભાવ-તિરસ્કાર-અનાદર નહિ, એવી જ રીતે આપણા તરફથી બીજાઓ એ જ ચાહે છે, દુર્ભાવાદિ નહિ, માટે જાતનો વિચાર કરીને જગતની પ્રત્યે વર્તાવ રાખો."

"એથી ય આગળ જાતને કહો કે તારે દિનપ્રતિદિન ઊંચા આવવું છે, સારા બનવું છે, તો એ આવી દુર્ભાવ આદિ ગંદી વૃત્તિઓને વધાવી મહલાવીને નહિ જ બની શકે. એમાં તો તું નીચો ને નીચો ઊતરતો જઈશ. છોકરાને ય વર્ષો વર્ષ ભણાવીને એ ઊંચે આવે એ ઇચ્છે છે; તો આ રુડા માનવના અવતારે વર્ષોનાં વર્ષો ગાળી નીચો શા માટે ઊતરતો જાય ? ઠીક છે પુણ્ય પહોંચતું હશે ત્યાં સુધી તારા દુર્ભાવ, બૂરાં ચિંતન, રોષ-રોફ અને તિરસ્કાર-અનાદર છતાં લોક તારાથી દબાશે, સલામ ભરશે, ડરતા-ગભરાતા ચાલશે ને 'કેમ શેઠ !, કેમ શેઠ ! કરશે, પરંતુ તારો આત્મા તો નીચે નીચે ઊતરતો જ જવાનો ! આત્માની પ્રકૃતિ તામસી, કોળીમાંથી વાઘરી, ને વાઘરીમાંથી ઢેડ, ઢેડમાંથી ભંગી અને ભંગીમાંથી ચંડાળ જેવી ઘડાતી જવાની ! જીવન આમ જ પૂરું થઈ જાય તો વિચાર કર, શું કમાયો ? અંતકાળ કેવો દેખવા મળશે ? ને પછી શું ?"

મનને આવી કંઈ સમજૂતી આપો, મનથી આ વારંવાર વિચારો, મન પર અંકુશ મૂકતાં ચાલો અને જીવનમાંથી બૂરાં ચિંતનને બરતરફ કરી દો, દુર્ભાવને દેશવટો દઈ દો, તિરસ્કાર-અનાદરને તિલાંજલિ આપો; નિંદા આરોપને કદી ન સેવો.

ડગલે પગલે આ યાદ રાખ્યા કરો કે જરાય ખોટું ચિંતવ્યું કે બોલ્યા-ચાલ્યા, તો સીધી એની અસર આત્માના ઘડતર પર અને કર્મના બંધ પર પડવાની છે.

**પુણ્યોદય-લોહીના લાડુ**

યશોધર મુનિના ત્રીજા ભવમાં પોતે એક જાતના જંગલી મૃગ તરીકે જન્મ્યા છે, અને એમની પૂર્વની માતાનો જીવ પણ સર્પ તરીકે ત્યાં જન્મી ગયો છે. ભૂખે મરતું જંગલી મરગલું સર્પના પૂંછડાને વળગ્યું છે, બીજી બાજુ સર્પે મોંમાં એક દેડકાને પકડ્યો છે. એને પણ ગળી જઈ પેટ ભરવાની હોંશ છે, પરંતુ પોતાનું પૂંછડું પકડાતું સહન કરે ? સર્પનાં મોંમાં પકડાયેલું દેડકું ચીસાચીસ કરી મૂકે છે. એને આ પકડાવાનો મહાન પાપોદય જાગ્યો છે. પરંતુ એમાં અચરજ જુઓ કે એને પુણ્યનો ઉદય જાગ્રત થઈ જાય છે. જોરદાર સર્પની પકડમાંથી છૂટવાને પુણ્યનો ઉદય ! પણ તે ક્યારે જાગે છે ? સર્પને પૂંછડે પકડાવાનો પાપોદય જાગે ત્યારે ! સર્પ હવે દેડકાને છોડી શિયાળ તરફ વળે છે !

કેવું વિચિત્ર ? એકને પાપનો ઉદય જાગે ત્યારે બીજાને પુણ્યોદય ! બધા પુણ્યોદય આવા જ હોય એવો નિયમ નથી, પરંતુ આપણા જીવનમાં તપાસો કે આપણા કેટલા પુણ્યોદય બીજાના પાપોદય પર ઊભા થાય છે ? ઊભા થયેલા છે ? હજી જાગવાના છે ? ગરમાગરમ રસોઈ મળવાનો પુણ્યોદય ક્યારે જાગે ? અસંખ્ય તેજસ્કાય, અપ્‌કાય, વગેરે જીવોનો ભયંકર અશાતાનો પાપોદય જાગે ત્યારે ને ?

વેપારમાં સારું કમાવાનો પુણ્યોદય ક્યારે જાગે ? બીજાને ખોવાનો પાપોદય જાગે ત્યારે જ ને ?

બીજાના ઉપર સત્તા જામવાનો પુણ્યોદય શાના આધાર પર ઊભો થાય ? સામાને ગુલામી-પરાધીનતા ભોગવવાનો પાપોદય જાગવા પર જ ને ?

અભક્ષ્ય દવા ખાઈને આરોગ્યનો પુણ્યોદય જગાડ્યો, પરંતુ ત્યાં અભક્ષ્ય ખાધું તેમાં કેટલાય જીવોને કચ્ચરઘાણ નીકળવાનો પાપોદય જાગ્યો ત્યારે જ ને ?

પતિ તરીકે કેટલીય અનુકૂળતાના પુણ્યોદય ભોગવો છો, તે પત્નીને વેઠ કરવાના પાપોદય ભોગવવા પડે ત્યારે જ ને ?

કેટલા દાખલા જોઈએ છે ? માત્ર જાત સમાલવાની વૃત્તિમાંથી બહાર નીકળો, બીજાની શી સ્થિતિ છે તે જોવાની વૃત્તિ કેળવો અને તે તરફ દૃષ્ટિ નાખો તો જ આ વસ્તુ વિચારમાં અને સમજમાં આવી શકે એમ છે, કે,



બીજાના પાપોદયથી કલંકિત આપણા પુણ્યોદય તો લોહીના લાડુ જેવા છે.

ગરજુ પરાધીન કોઈ ગરીબ બિચારાનું લોહી ચૂસીને કમાયેલા પૈસાથી લાડુ-પૂરીની મોજ ઉડાવી એ લોહીના જ લાડુને ? એ જોઈ તમે ખુશી થાઓ ખરા ? ના, તો બસ, બીજાના કારમા પાપોદય ઉપર જાગેલા આપણા પુણ્યોદય જેવા લોહીના લાડુથી શું ખુશી થવાનું ?

સંસાર કેમ અસાર છે ? અસારતામાં આ પણ એક કારણ છે કે એ જે પુણ્યોદયથી સુખ દેખાડે છે તે બીજાના પાપોદયથી કલંકિત બની ઊભા થયેલા છે ! એવા અસાર સંસાર પર ગ્લાનિ કેમ ન થાય ? બહુમાન ક્યાંથી રહે ? નિસાસો પડે કે 'અરે ! આવા સંસારમાં ક્યાં ફસાયો ? ક્યાં સુધી આ ગોઝારી રમત ચાલવાની ? હવે તો ક્યારે આ સંસારથી છૂટું ?

**સર્પ મૃગની બચકા બચકી :-**

યશોધર મુનિ ધન કુમારને કહે છે, 'હે દેવાનુપ્રિય ! એ સર્પે મારા મોં પર ડંખ માર્યો. હુંય હવે અજ્ઞાન જંગલી મૃગ બનેલો શાનો સહન કરું ? મેં મારા મોંથી સાપને ખાવાનું ચલાવ્યું, અને સાપ મને ખાવા લાગ્યો, એક વખતના પરસ્પર અત્યંત વહાલ કરતા અમે બે મા-દીકરો અત્યારે અરસ પરસ ખૂની બચકાં ભરી રહ્યાં છીએ. એ મારા મુખ પ્રદેશ પર બચકાં ભરે છે, હું એના પૂંછડેથી ચાવવા મંડ્યો છું. એક માનવજીવનમાં વિવેક ગુમાવ્યા પછી કઈ સ્થિતિમાં મુકાવું પડે છે !

અરસપરસની આ લડાઈ ચાલી રહી છે એટલામાં એક તરછો અચાનક ત્યાં આવી ચઢ્યો અને સીધો એણે મને પકડ્યો, પકડીને પોતાના નહોરથી ફળની છાલ ઉખડે એમ મારી ચામડી ફાડવા માંડી, અંદરની નસોને તડાક તડાક તોડી રહ્યો છે, માંહીથી ઊભરાઈ આવતું લોહી ! ગટગટ પી રહ્યો છે.

'હે દેવાનુપ્રિય ! આ બળિયા શિકારી જનાવરના આગળ મારું કાંઈ ચાલે એવું નહોતું. એણે જેમ ફાવે તેમ ચામડી ઉઝરડવી, માંસના લબરકા તોડી ખાવા, ગટગટ લોહી પીવું, અને વચમાં આવતાં હાડકાં કડાક કડાક ભાંગવાં આ રાક્ષસી જુલ્મ મારા પર ઝીકવા માંડ્યો ! મારું શું ગજું બચાવ કરવાનું ? ઘોર યાતના વેઠી; મારી ભયાનક ચીસોથી મારા પ્રાણ જાણે ભડકીને ભાગી ગયા !'

**પ્રાણ ભાગે પણ પાપવૃત્તિ ભાગે ?**

પ્રાણ ભાગ્યા, પણ પાપવૃત્તિ ક્યાં ભાગે એમ હતી ? સારા માનવના અવતારે, સારા દેવ-ગુરુ-ધર્મના સંયોગે, અને છતી સમજશક્તિએ પણ જો પાપવૃત્તિ ભગાડવી નથી, પડતી મૂકવી નથી, તો પછી હલકા તિર્યંચના અવતારે જ્યાં કોઈ સારા સંયોગ ને સમજણ નહિ, ત્યાં પાપવૃત્તિ શે છૂટે ? શે ભાગે ?

ધ્યાનમાં ઊતરે છે કાંઈ ? જીવન, સંયોગો અને સમજણ ઊંચાં મળેલાં છે, તો હૈયાની પાપવૃત્તિઓ ઓછી કરવા માંડો. ઓછી કરતાં કરતાં સદંતર મિટાવી દેવાનો દૃઢ નિર્ધાર કરી મક્કમ મને ઉદ્યમ જારી રાખો.

ભગવાન જિનેશ્વરદેવોનો આ હિતનાદ સાંભળો; વારંવાર યાદ કરો,

**'મારા નાથના વચન ખાતર પણ પાપવૃત્તિનો ત્યાગ કરીશ, આવું કાંઈકે સેવકપણાનું હેત ઊભું કરો;** તો ય જોમ આવશે, કામ સરળ બનશે, પ્રભુ ઉપર તમારું સેવકપણાનું હેત ઊભરાય છે ને ?

પ્રભુ પર પ્રેમ ઊછળે છે ને કે 'અહાહા ! કેવા મારા દયાળ પ્રભુ ! મને એમના સેવક તરીકે બનવાનું મળ્યું ! આવા પ્રભુ ક્યાં મળે ?' જો તમને સેવક તરીકે હેત ઊભરાય છે, તો સેવકપણાનો થોડો ય ભાર માથે રાખ્યો છે ને ? 'પ્રભુના પ્રેમની ખાતર કમમાં કમ ગંદી પાપવૃત્તિ હૈયામાં નહિ મહાલાવું' આ ભાર ખરો ?

## • યશોધરમુનિનો ૪ થો ભવ : મત્સ્ય •

**ભવમાત્રથી બક્ષિસ :-** યશોધર મહાત્મા ધનકુમારને કહે છે આર્તધ્યાનમાં મરીને હું એ જ વિશાલાનગરી પાસે દુષ્ટોદકા નામની નદીના એક મોટા સરોવરમાં માછલીના પેટમાં રોહિત મત્સ્ય તરીકે ઉત્પન્ન થયો. સમય પાકતાં માછલા તરીકે જન્મ પામ્યો. આવા ભવમાં જન્મવા માત્રથી ખાવાનું શું ? નાની માછલીઓ. જુઓ ભવમાત્રથી આ બક્ષિસ મળી કે જીવતા જીવ ખાઓ ! કર્મ જાણે કહે છે કે 'સારા ભવમાં જન્મવા માત્રથી જે સારી તકો મળી હતી તેનો સદુપયોગ ન કર્યો અને અભક્ષ્ય ભક્ષણ કીધાં, હિંસા-જૂઠ-અનીતિ-વ્યભિચારના દુરાચાર સેવ્યા, તો હવે ભવ જ એવા દેખાડું કે જ્યાં એ હલકા ભવોની રૂએ જ દુરાચારો અને અભક્ષ્ય-ભક્ષણ સહજ સેવ્યે જાય.'

**ત્યારે આ જોવા જેવું છે કે,**

**વર્તમાન મનુષ્યભવ અને શુભ સંયોગો તથા સમજણ મનને પશુસુલભ દુર્ભાવોથી વાળી લેવા માટે અને દેવદુર્લભ શુભ ભાવો ખીલવવા માટે કેટલા બધા અનુકૂળ છે !**

તો પછી શા માટે દુર્ભાવો, પાપલેશ્યાઓ અને પાપી વૃત્તિઓને હવે વોસિરાવતાં ન જવું, પડતી ન મૂકવી ?

## • કર્તવ્યભાવના, પરાર્થવૃત્તિ, ને ધર્મીને યોગ્ય વર્તાવ •



નીતરતી સ્વાર્થવૃત્તિમાં તણાયા, અનેક પ્રકારના અનુચિત વર્તાવ કર્યે જવાય છે, શિસ્ત મર્યાદા અને કર્તવ્ય ભુલાય છે, એ જો આ પાપી સ્વાર્થવૃત્તિ છોડી દેવાય, એના સ્થાને પવિત્ર કર્તવ્યભાવના અને પરાર્થવૃત્તિ ઘડતા જવાય, એ માટે પરનો વિચાર રખાય, તો વર્તાવ સુધારવામાં હરકત નહિ આવે. આ તો કેવળ પોતાનું જ સંભાળવાનો એક મેનિયા છે, 'મારે પ્રભુનાં દર્શન કરવાનાં એટલું જ કામ; પણ પાછળવાળાનો વિચાર જ શાનો કરવાનો કે એમને હું વચમાં ઊભો રહી દર્શન કરતાં દર્શનનો અંતરાય પડશે ? મારે મારું ઘર સંભાળવાનું કામ, પછી એની ધૂનમાં પાડોશીને કે બીજાને તકલીફ પહોંચશે એનો વિચાર જ શાનો કરવાનો ?' આવી નીતરતી સ્વાર્થ દૃષ્ટિ જ રમતી હોય તો પરિસ્થિતિમાં કર્તવ્યભાવના, પરાર્થ પ્રવૃત્તિ, ધર્મીને યોગ્ય વર્તાવ, ઈત્યાદિ ચુકાય એ સ્વાભાવિક છે. શું અહીં જે માનવમન મળ્યું છે એનો આ લક્ષ રાખવાનો સદુપયોગ શક્ય નથી ? તો શું એમ લાગે છે કે એની જરૂર નથી ? કર્તવ્યભાવના, પરહિત પ્રવૃત્તિ અને ધર્મીને યોગ્ય વર્તાવ વિના તો ચાલે એવું નથી. પાયામાં એ જરૂરી છે.

દેવદર્શને, ગુરુવંદને સામાયિક-પ્રતિક્રમણમાં આંખ આંસુભીની કેમ નથી થતી ? દુનિયાની તુલનામાં કેટલા અજોડ દેવ-ગુરુ-ધર્મ મળ્યા છે તેનાં વારંવાર સ્મરણ નથી, હર્ષોલ્લાસ નથી.

**ભગવાન બનવું છે ? દેવ કેવા ?** અહીં અરિહંત પરમાત્મા દેવાધિદેવ છે, ગુરુ સાધુ પુરુષો પણ મોજૂદ છે. દેવાધિદેવ એટલે જેમનું ચરિત્ર સાંભળતાં મગજ તર થાય છે એવા મહાવીર પરમાત્માને મસ્તક ઝૂકી પડે છે; ભગવાન કેવી રીતે થવાય તે આબેહૂબ માલૂમ પડે છે, છેલ્લા ભવમાં લાવનાર ચ્યવન વખતે ઈન્દ્રો સ્તુતિ કરે છે. જન્મ વખતે કળશોના અભિષેક કરે છે, ગૃહસ્થવાસમાં દેવો મહાસમૃદ્ધિ સર્જી જાય છે, આટલું જગતમાં માન, આટલી સુખમય સ્થિતિ હોવા છતાં એ સંસારના રસિયા નથી. 'બડેજા મહેરબાન થઈને રહો' એવો દેવોની સેવા આવી મળે છે, ઈન્દ્રો સેવક છે, કુટુંબીઓ બહુ માને છે, પ્રેમના વરસાદથી નવરાવી દે છે. વૈભવ-વિલાસની સમૃદ્ધિ ઊંચી કોટિની અને ભરપૂર છે. છતાં એમાં કમળની જેમ નિર્લેપ રહી, ૩૦ વર્ષની ઉંમરમાં પ્રભુ મહાવીર કઠોર ચારિત્રના માર્ગે નીકળી પડે છે ! ચારિત્ર એકલાએ લેવું પડે તો એકલાએ સહી. આખા ક્ષત્રિયકુંડમાં તો શું, પણ આસપાસના ગામડામાંથી એક ગરીબ એમ નથી વિચારતો કે 'વર્ધમાન-કુંવર ચારિત્ર લેવા નીકળે છે તો આપણે એમની પાછળ ચાલો.' કેઈક કષ્ટવાળા હશે છતાં કોઈને મન ન થયું, પણ પ્રભુ એકલા તો એકલા, જીવોની ભારે વિષમતા. એકલા ચારિત્ર લીધા પછી પણ અનુકૂળતાના પૂરમાં તણાવાનું નહિ,

સામે ચાલવાનું ! છઠ્ઠથી ઓછો તપ નહીં. આ તપ તો રોજિંદો છે, બાકી તો પાખમણ, માસખમણ, દોઢમાસી, બેમાસી, અઢીમાસી, ત્રણમાસી, ચારમાસી, છમાસી, સાડાબાર વરસમાં ૧૧ાા વર્ષ જેટલા ઉપવાસ કર્યા. ભગવાન એટલે ત્યાગ તપથી વીતરાગ શુદ્ધ બનેલા પરમાત્મા ! ભગવાન બનવું છે, તો ઊભા થાઓ, સંસાર છોડો, તપસ્યા કરો. ભગવાન બનવું છે તો અજ્ઞાન લોકો ત્રાસ આપે, કષ્ટ આપે, તે સહન કરો. શરીરમાં અંગૂઠાથી મેરુ હલાવવાની શક્તિ છે, ત્યાં દુશ્મન કચડવા સામે ઊભો, છતાં આંખનું પોપચું નથી હાલતું. શત્રુ દાંત કચડીને વેર વાળવા માટે તૈયાર થાય તોય સહીશ. ભાઈ સંગમ ! જે કરવું 'હોય તે કર'. દેવ આપણને કઈ કોટિના મળ્યા છે તેનું ચિત્ર અહર્નિશ ચિત્તમાં ખડું રહેતું નથી માટે વિષયોમાં જોસ છે, ધર્મમાં નહિ. એક બાજુ ઈન્દ્રો પૂજે છે, બીજી બાજુ રસ્તે હાલતા મામૂલી માણસનાં દીધેલાં કષ્ટ સહન કરવાનાં છે. આ દેવાધિદેવ આપણને મળ્યા છે. જગતમાં આપણા જેટલા ભાગ્યશાળી કોણ છે ? દુનિયાને કોણ મળ્યા છે ? પોતે સ્ત્રી રાખે, ને બીજાને કહે તમે બ્રહ્મચર્ય પાળો. ત્યાં એ બધા દેવ પરમાત્મા કહેવાય છે !

**ગુરુ કેવા ?**

તમને ગુરુ કેવા મળ્યા છે ? જેને માટે એ ગુરુના ધર્મને નહિ માનનારો એ ગુરુની જીવનચર્યાના બે શબ્દ સાંભળે છે ત્યાં એને હેં થાય છે, કે 'કંચન-કામિનીને અડવાનું ય નહિ ? માથાના કેશ ઉખેડી નાખવાના ? કાચા પાણીને-અગ્નિને અડવાનું નહિ ? રસોઈ કેવી રીતે બનાવે ?' અરે, રસોઈ તો તેમના માટે બનાવેલી હોય તો ય તે ન લે; અને તેમના માટે ન બનાવી પણ અગ્નિપાણીને અડતી હોય તોય તે ન લે. બેતાલીસ દોષરહિત ભિક્ષાના એ ખપી ! જેમાં તું રાચ્યો માચ્યો છે, તું છ ખંડનો માલિક છે, તું ધારે તો ધર્મ સારો પ્રચારે, પણ તારોય સંસાર તો પાપ જ કહે. માટે અમારે ત્યાં રાજા મહારાજા, શ્રીમંત-શાહુકાર સાધુ બનવા આવે છે. ગરીબડા તરીકે નહીં, આંતર શત્રુને હણવા સુભટ તરીકે. આ ગુરુ તમને મળ્યા છે. બીજાને કેવા મળ્યા છે ? ઘરબારી, પરિગ્રહધારી, ને આરંભ-સમારંભકારી. કોઈ કંચન કામિનીના ત્યાગી હોય તો પણ પૃથ્વીકાય-અપ્કાયાદિ જીવોના હિંસક તો ખરા જ. મહાવ્રતોની પ્રતિજ્ઞાવાળા નહિ. લોકોના ઘર સંસારથી પર નહિ.





**ધર્મ કેવો ? :-**

ત્યારે ધર્મ તમને કેવો મળ્યો છે ? જીવદયા પ્રધાન, ત્યાગ-તપસ્યાવાળો, ઉપવાસ પણ સાચો ઉપવાસ, સમ્યક્ત્વ-દેશવિરતિ અને સર્વવિરતિના સુંદરવ્રત અને આચારવાળો ! ત્યારે દુનિયાને કેવા ધર્મ મળ્યા છે ? ઉપવાસ અને ફળાહાર ! પરણવું-પુત્ર પેદા કરવો એ ધર્મ ! ગંગામાં ઝીલવું એ ધર્મ ! વિષયોની ઉજાણીના પર્વની ઉજવણી એ ધર્મ ! અહીં તો એ વાત છે કે જીવનમાં એક પણ પાપ હોય તો મોક્ષ મળે નહિ. સાધુજીવન ઉપર આવવા માટે શ્રાવક પ્રયત્ન કરે ! શા માટે કરે ? સર્વ પાપથી વિરત થવા માટે ! સાધુધર્મ એવો કે ચક્રવર્તીને પણ દેશના આપે છે, ને તેમને કંઈ લેવું નથી.

દેવાધિદેવને ઈન્દ્રો ભગત છે છતાં તેને સંયમતપમાં કષ્ટ ખપે છે ! ઘોર પરિષહ ખપે છે ! કેમ કે આત્માને પરમાત્મા બનાવવાનો છે. ગુરુ એટલે મહાજ્ઞાની, સંયમી, પરઉપકારી અને મહાત્યાગી. એમને જોનારો ભગત ન હોય, જૈન ધર્મી ન હોય, છતાં હાથ જોડે અને કહે કે "આવા તો મારા દેવ પણ નથી ! સ્ત્રીને અડવું નહિ ! તેના ઊઠેલા સ્થાને બેસવાનું નહિ."

ધર્મ કેવો મળ્યો છે ? તો કે રંગરાગનો નહિ પણ વિરાગ-વિરતિનો, ભોગનો નહિ પણ ત્યાગનો, અલ્પજ્ઞાનીનો નહિ, પણ અનંતજ્ઞાનીનો, એકાંતવાદીનો નહિ પણ અનેકાંતવાદીનો ! એકલા જ્ઞાન કે એકલી ક્રિયાનો નહિ પણ જ્ઞાનક્રિયા ઉભયનો ! સામાન્ય નહિ પણ વિશિષ્ટ કોટિના તત્ત્વ-યોગ-ધ્યાન-સંયમાદિનો ! સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોટિની અહિંસા અહીં છે. જગતમાં અહિંસાની વાત કરનારા તો છે, પણ માનવાની. આજે બૌદ્ધની અહિંસા છે પણ કેવી ? દરિયા કાંઠે ઊભું રહેવાનું, માછીમાર માછલાં કાઢી આવે તે લઈ લેવાનાં. ત્યારે જૈનધર્મની અહિંસા ? દરિયા કિનારે જરા લીલ આવી તો પણ ત્યાં જવાનું નહિ. પાપડ પર ફૂગ આવી હોય તો તેને ય અભયદાન દેવાનું ! કમમાં કમ પાંચ તિથિ તપસ્યા. સુખી માણસો પણ આયંબિલ કરે. ત્યાગ અને તપસ્યામાં પૂછવાનુ શું ? શ્રી મહાવીર ભગવાને નંદન રાજર્ષિના ભવે એક લાખ વરસ સુધી માસખમણ કર્યા હતાં ! બીજી વાત નહિ, ત્યાગની જ વાત !

**જૈન ધર્મનાં તત્ત્વો કેટલાં ઊંચાં !** તેનાં તત્ત્વ, જીવ-અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ-સંવર, બંધ-નિર્જરા, મોક્ષ ! બીજાઓ વાત કરે શમ-દમ-તિતિક્ષાની, પણ એના કોઈ વિસ્તાર ? અહીં સંવર એટલે સત્તાવન ભેદ ! નિર્જરા એટલે ૬ બાહ્ય,

૬ આભ્યન્તર એમ ૧૨ પ્રકારે ! તેના ય પાછા આંતર-અવાંતર આટલા આટલા ભેદ ! વિસ્તૃત કેટ કેટલો પ્રકાશ ! કર્મથિયરી એ જૈન ધર્મની જ ! કર્મના મૂળ ૮ પ્રકાર જ્ઞાનાવરણીય આદિ; એના અવાંતર ભેદ ૧૫૮. કર્મના બંધ; ઉદય-ઉદીરણા-સત્તા-સંક્રમણ-ઉદ્‌વર્તન-અપવર્તન વગેરે કેટલીય પ્રક્રિયા ! એ બધું પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશની દૃષ્ટિએ કેવાં કેવાં કારણોએ કેવાં કેવાં કર્મ બંધાય એનાં વિવેચન ! ત્યારે બીજાઓને ત્યાં માત્ર સારું ભાગ્ય અને નબળું ભાગ્ય. સારામાં કંઈ ભેદ પ્રકાર ? ના. અત્યારે વર્તમાનમાં અપજશ મળે છે તેનું રૂપ સારું છે; ને જેનું રૂપ નરસું છે તેને જશ મળે છે. કોઈનામાં ગુણિયલતા છે, અવાજ સારો નથી અને કોઈ આચારહીન છે. સૂર કોકિલ જેવો છે, તેનાં સમાધાન બીજા શું બતાવી શકે ? જૈન કર્મસિદ્ધાંત જ સમાધાન આપે છે. તમારી પાસે આ કેવો ખજાનો આવ્યો છે ? કિંમત છે ? હજાર રૂપિયાની નોટ પણ બાળકને મન કાગળિયું ! ધ્યાનનો માર્ગ, તપનો માર્ગ, ક્રિયાનો માર્ગ, ત્યાગનો માર્ગ, જ્ઞાનનો માર્ગ,...એ બધાનો સ્પેશિયલ વિશિષ્ટ માર્કો જૈન ધર્મમાં રિઝર્વ્ડ થઈ ગયો છે !

'મારા દેવ કેવા ! મારા ગુરુ કેવા ! મારો ધર્મ કેવો !' વિચારો તો ? બજારમાંથી એક નંગ લાવ્યો હોય તો દસ વાર જુઓ ' કેવું સરસ !' તુલના કરો 'આ કેટલું સારું!' આપણને જૈન ધર્મ મળ્યો છે, તો કેટલી વખત ખુશ થયા 'આહ ! કેવા સરસ ?' આ જે દેવ, ગુરુ અને ધર્મ મળ્યા છે કેટલી વખત તુલના કરી, 'કેટલા ઉત્તમ !' પુરુષાર્થ ધર્મમાં ઓછો અને દુનિયાદારીમાં વધારે ! શાથી ? વિચારો. દેવ-ગુરુ-ધર્મની બરાબર ઓળખાણ કરી વારંવાર બીજા દેવ, ગુરુ અને ધર્મની સામે અને દુન્યવી માટીની માયા સામે એની વિશેષતા, સુંદરતા વિચારી દિલ ખુશ રહે તો સત્પુરુષાર્થ સરળ છે.

**પુરુષાર્થ-કાળનો નાશ ન કરો :-**

ગમે તેમ વાતો ભરડવા બેઠા, બીજાની ખામીઓ તરફ જ દૃષ્ટિ રાખી અને બીજાનું હલકું-ઘસાતું સાંભળવામાં કાન સરખા રાખ્યા, એમાં સમજી રાખો કે રોકનાર બહુ ઓછા મળશે. ત્યારે પોતાનું ચોર મન પણ જરાય ખોટું નહિ ભાસવા દે; પરંતુ સમજી રાખો, કે જીવન જીવવા માટે આ બિલકુલ બિનજરૂરી પ્રવૃત્તિ છે, જીભ, આંખ અને કાનનો એમાં કોઈ સદુપયોગ થતો નથી અને પાપી વૃત્તિઓ તથા પાપવિચારો પોષાયે જાય છે. એ દાબવાનો-અટકાવવાનો પુરુષાર્થકાળ નષ્ટ થઈ રહ્યો છે !

**માનવજીવન તો જીભ, આંખ અને કાન વગેરેની ખંજવાળ ટાળી પાપી વૃત્તિ-પ્રવૃત્તિને અટકાવતા જવા માટેનો મહાન પુરુષાર્થકાળ છે.**



**એવા પુરુષાર્થકાળનો નાશ કરવો એ ગુનો છે. એમાં માત્ર ગુમાવવાનું જ નહિ, પરંતુ જુગજૂની લતને પોષી ભાવી આથી ય વધુ ખરાબ પરિસ્થિતિ ઊભી કરવાનું મહાનુકસાન પણ છે.**

રોગ વૃદ્ધિ પામતો જાય છે, આરોગ્ય દૂર થતું જાય છે. જીભ-આંખ-કાન ઉપર અંકુશ મુકાય; બધું બોલવાનું, બધું જોવાનું ને બધું સાંભળવાનું હોય નહિ, એ નક્કી કરાય; અને આત્માને હિતકારી હોય તેટલું જ બોલાય, તેટલું જ સંભળાય અને તેટલું જ જોવાય. આ ચીવટથી અને ચોકસાઈથી સાચવવું પડશે; કેમ કે એ માટેનો આ પુરુષાર્થકાળ છે.

માનવજીવન એ ધર્મની આરાધના માટેનો અતિ અતિ દુર્લભ એવો **પુરુષાર્થકાળ** છે, એ વારંવાર ધ્યાનમાં લાવ્યા કરો. એ અત્યંત કિંમતી કાળ છે. એની પ્રત્યેક ક્ષણ મહામૂલ્યવતી છે, એ જરાય ન વીસરો. જો માનવજીવનની એક ક્ષણ પણ ધર્મની આરાધનાના પુરુષાર્થ વિહોણી પસાર કરી, તો પુરુષાર્થકાળનો એટલો નાશ કર્યો ગણાશે.

તમારા સાંસારિક જીવનમાં જુઓ કે કેવા કેવા ચોક્કસ પ્રકારના કાળનું મૂલ્યાંકન હોય છે અને તે તે કાળમાં તે તે વસ્તુના ન બનવાથી એ કાળનો નાશ સમજો છો. કાળ તો બંને રીતે પસાર થવાનો જ છે, પરંતુ તેને તેને યોગ્ય કાર્યનો પુરુષાર્થ ન થાય, અરે ! આગળ વધીને પુરુષાર્થ હોવા છતાં ધાર્યું ફળ ન આવે તો કાળ બગાડ્યો, ગુમાવ્યો, નષ્ટ કર્યો ગણો છો. દા.ત.

## • પુરુષાર્થકાળના સાંસારિક દાખલા •

**વિદ્યાર્થી અવસ્થામાં** વિદ્યા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થકાળ છોકરો રખડપટ્ટીમાં ગુમાવે તો એણે એ કાળનો નાશ કર્યો કહો છો; પછી મોટો થઈ ગયો, વિદ્યાભ્યાસ કરી શકે ? ના; કેમ ? કહો ? વિદ્યાનો પુરુષાર્થકાળ નષ્ટ થઈ ગયો.

એમ, **લાંબા રોગમાંથી** તાજો ઊઠેલો, એને થોડો થોડો આરામ રાખીને શક્તિવર્ધક દવા અને પથ્ય લેવાનો પુરુષાર્થકાળ છે; પણ બજારના લોભમાં કે બીજી કોઈ ધોંસમાં એમ ન કર્યું અને છ બાર મહિના ખેંચ્યું, તો હવે વૈદ કહે છે કે "શરીર નહિ વળે, એનો કાળ ગયો. તમને પહેલાં જ કહ્યું હતું કે ઉતાવળ ન કરશો." શું કર્યું આ ? શક્તિ લાવવાનો પુરુષાર્થકાળ બગાડ્યો.

**નવા સ્નેહીને** પોતાના જીગરજાન પ્રેમી બનાવવાનો કાળ પ્રારંભમાં હોય છે. પરંતુ પ્રારંભના મહિના કે વરસો એ માટેની કાળજી અને પ્રયત્ન કરવાને બદલે અતડાઈ, અકડાઈ કે સ્વાર્થ-સાધુતા કરી ટોણાં-મેણાં માર્યે રાખ્યાં, પછી ભાન

આવ્યું કે આ તો સ્નેહી આપણી તરફ બગડ્યા, હવે ? હવે શું ? એ તો આવર્જન કરવાનો પુરુષાર્થકાળ ગયો, હવે અકાળ છે, ગમે તેટલો પુરુષાર્થ કરો નકામો, ભાંગેલા હૃદય આખા શે થાય ?

એમ, **વેપારમાં મોસમને** કેવી ગણો છો ? કમાઈ લેવાનો યા ખરીદી વગેરે કરી લેવાનો પુરુષાર્થકાળ. એમાં એનો પુરુષાર્થ ન કરતાં આરામી કે ફરવા જવા વગેરેમાં પસાર કર્યો, મોસમ પૂરી થઈ ગઈ, હવે બજારમાં ખડે પગે આખો દિવસ કામ કરવાનો પુરુષાર્થ કરે, શું વળે ? મીંડુ ! કેમ કે વેપારનો પુરુષાર્થકાળ ગયો.

બસ, આ રીતે **અનેક પ્રકારના ભવોની વચમાં માનવભવ એ ધર્મ-સાધનાનો પુરુષાર્થ કાળ છે. એમાં જો એ પુરુષાર્થ ન કરી લો તો આરાધનાનો પુરુષાર્થ કાળ ગુમાવ્યો, નષ્ટ કર્યો,** પછી માગો કે હવે જો આયુષ્ય લંબાઈ જાય, તો ધર્મનો ભરપૂર પુરુષાર્થ કરી લઉં, તો કશું બને ? ના, આરાધનાના પુરુષાર્થકાળનો નાશ થઈ ગયો. હવે મર્યા પછી શું વળે ?

લખી રાખો **માનવજીવનની પ્રત્યેક ક્ષણ એ આરાધનાનો મોંઘેરો પુરુષાર્થકાળ છે. ગયેલી એક પણ ક્ષણ પાછી નહિ જ આવે, ભલેને કરોડો રૂપિયા આપવા તૈયાર હો.**

**રાખવા જેવું લક્ષ :-**

ત્યારે મોટું અને ખરું લક્ષ આ રાખ્યા કરવા જેવું છે કે ''વર્તમાન ક્ષણ એવા પુરુષાર્થ વિનાની તો નથી જઈ રહીને ? ગમે ત્યાં, ગમે તે સ્થિતિમાં કે ગમે તે સાંસારિક કાર્યમાં બેઠો હોઉં, ત્યાં પણ કમમાં કમ માનસિક પુરુષાર્થ રાખી શકું, દા.ત. હૃદયમાં વીતરાગ-અરિહંત પરમાત્માને યાદ કરી શકું. અથવા સંસારની વિચિત્રતા, સંયોગોની અનિત્યતા, પદાર્થોનું પરપણું, કે એવું કાંઈ તરવરી શકે; યા કર્મભાર વધવાનો ડર રહ્યા કરી શકે; અથવા પરલોક ન બગડવાનો ધીખતો ખ્યાલ રાખી શકાય; એમ કોઈ પરિચિત કરેલ તત્ત્વનું ચિંતન, અગર નવકારસ્મરણ, અરિહંત-સ્મરણ, આવું કંઈક ને કંઈક મનને સ્ફૂર્તિદાયી ને પવિત્ર રાખનારું ચિંતવી શકાય.''

મનના પાકા નિર્ધાર થવા જોઈએ કે ''મારે ક્ષણ ક્ષણ આરાધનાનો કિંમતી પુરુષાર્થકાળ પસાર થઈ રહ્યો છે. એ જો વેડફી નાખ્યો અને દુનિયાની બીજી હોશિયારી ગમે તેવી બજાવી, યા ગમે તેટલા દુન્યવી સંતાપ કર્યા કે ખોટા આત્મિક સંતાપ કર્યા, પણ સરવાળે શું ઊતરવાનું ? સત્પુરુષાર્થનો અણમોલ કાળ તો ગુમાવ્યો જ ને ? આપણા મર્યા પછી દુનિયા હોશિયારી યાદ કરવાની છે ? ને કરે તો ય આપણને શું ? ત્યારે સંતાપનાં ય સારાં ઇનામ આપણને મળવાનાં છે ? કશું ય નહિ. આ



વિરાટ વિશ્વમાં ક્યાંય જવાબ આપવા પહોંચી જવાનું છે. અહીં પુરુષાર્થકાળને આરાધનામાં લેખે લગાડ્યો હશે તેનો જ ત્યાં સારો જવાબ મળવાનો છે.''

માટે ક્ષણે ક્ષણના પુરુષાર્થકાળને લેખે લગાડવા, આરાધનાથી સફળ કરી લેવા, નિર્ધાર કરો અને પછી હૃદયની મૌલિક અપવિત્રતાઓ દૂર ફગાવો, દૂર કરવા ઉદ્યમ કરો. એટલું ધ્યાનમાં રાખવાનું છે કે મૂળમાં આવશ્યક પવિત્રતા વિના આરાધનાના પુરુષાર્થ સફળ થશે નહિ.

**આરાધનામાં શું શું ? :-**

આરાધનાના પુરુષાર્થમાં આ આ કરવાનું :-

- મૈત્રી કરુણાદિ ભાવ,
- યોગની પૂર્વ સેવારૂપે માતા-પિતા-વિદ્યાગુરુ-ધર્મગુરુનાં અને દેવનાં પૂજન, આપત્તિમાં દીનતા નહિ વગેરે સદાચારો,
  તપ અને મુક્તિનો અદ્વેષ,
- માર્ગાનુસારી જીવન રૂપે ન્યાયસંપન્ન વિભવ, પરોપકારાદિ,
- યોગદૃષ્ટિઓનો વિકાસ,
- સમ્યક્ત્વનો ૬૭ પ્રકારે વ્યવહાર,
- સમકિત અજવાળનારી અર્હદ્‌ભક્તિ આદિ કરણી,
- શ્રાવકનાં બાર વ્રત,
- શ્રાવકનાં દિનકૃત્ય-પર્વકૃત્ય વાર્ષિક કૃત્ય, જીવનકૃત્ય વગેરે અનુષ્ઠાનો અને આચારો,
- શ્રાવકની ૧૧ પડિમા, • વિવિધ નિયમો,
- સાધુજીવનની લાયકાત માટેના ગુણો, • મહાવ્રતો ને ક્ષમાદિધર્મ,
- જ્ઞાનાચારાદિ પંચાચાર, • સાધુસામાચારી, • સાધુકર્તવ્યો,

...ઈત્યાદિ ઈત્યાદિ.

પરંતુ આ બધું કરવાની ભૂમિકામાં શું જોઈએ ?

**આરાધનાની ભૂમિકામાં શું શું ? :-**

મૂળમાં હૃદયમાંથી મૌલિક અપવિત્રતા દૂર કરાય, દૂર કરવા મથાય ત્યારે આરાધનાને જગા મળે. મૂળભૂત પવિત્રતા લવાય, લાવવા પ્રયત્નશીલ રહેવાય તો બને. તો એ જુઓ.

**મૌલિક અપવિત્રતાઓ કઈ કઈ છે ?**

**આવી બધી :-**

પાપમાં નીડરતા, પાપની કોઈ સૂગ-ઘૃણા-ભય નહિ;

એમ, અત્યંત સ્વાર્થાન્ધતા, કૃતઘ્નતા,
એકાંત સંસાર-રાગ, પરલોકની કોઈ પરવા નહિ,
અત્યંત કઠોરતા, જ્યાં-ત્યાં દુશ્મનભાવ,
સારું કોઈનું ય સહન ન થાય એવી અસૂયા,
જાતનો કોઈ વિચાર નહિ અને જગતના દોષો શોધતાં ફરવું, ચિંતવતાં-ગાતાં ફરવું,

આવી આવી અપવિત્રતાઓ એ મૌલિક અપવિત્રતાઓ છે એને પહેલાં હટાવવી જોઈશે. તો જ ધર્મનાં વિવિધ અંગોની આરાધનાનો પુરુષાર્થ લેખે લાગશે, પુરુષાર્થકાળને સફળ કર્યો ગણાશે.

હવે વિચાર કરો કે આ બધું કરવા માટે કેટલો બધો ઊંચો પુરુષાર્થકાળ મળ્યો છે ! તો શું જીવનની ક્ષણે ક્ષણ માટે સાવધાન રહો છો ખરા કે 'મારી મોંઘેરી એક પણ ક્ષણ ધર્મની આરાધના વિહોણી ન જાય ? કમમાં કમ માનસિક આરાધના તો ચાલુ જ રાખું ?'

યશોધર મહાત્મા પોતાના ચરિત્રમાં એ કહી રહ્યા છે કે "હું સરોવરમાં રોહિતમત્સ્ય તરીકે અને માતા સુંસુમાર જળચર જીવ તરીકે ઉત્પન્ન થયેલાં છીએ. એમાં મને સુંસુમારે પકડ્યો છે. એના મોઢામાં ચવાઈ-ગળાઈ જવાની સ્થિતિમાં મુકાઈ ગયો છું. પણ એને બીજો શિકાર મળવાથી મને છૂટવાનું મળે છે ! એટલે ? બીજાને પાપનો ઉદય જાગીને મારું પુણ્ય ઉદયમાં આવે છે ! જુઓ સુખની કેવી વિચિત્રતા છે !

**જે પુણ્યે સુખ ઊભું થાય છે, એ પુણ્યનો ઉદય જો બીજાના પાપોદયની ઉપર, બીજાને દુઃખમાં ઘસડવા ઉપર પ્રગટ થતો હોય તો એ સુખ ગોઝારું કે બીજું કાંઈ ?** એવા સુખ ઉપર રાચવાનું ? મસ્ત બનવાનું ? અને એની ઘેલછામાં તરણતારણ અનંત ઉપકારકારી દેવ-ગુરુ-ધર્મની સેવા ગુમાવવાની ?"

મુનિ કહે છે, "સરોવરમાં રાજાની દાસીએ નહાવા માટે ઝંપલાવ્યું. ત્યાં સુંસુમારને જાણે મોટો શિકાર મળ્યો, તે એણે મને છોડીને દાસીનો પગ મોંમાં પકડ્યો."

એક મોંઢે બેને ક્યાંથી પકડી શકે ? પણ માણસની પાસે તો હાથ છે, તેથી એક મોંમાં અને બે હાથમાં બે, એમ સાથે પકડી શકે ને ? પુણ્યે હાથ મળ્યા એનો ઉપયોગ વધુ પાપમાં ?

**વિચારો, જે કાંઈ પુણ્યાઈ મળી છે, તે વધુ પાપ કરવા માટે ? કે પાપથી બચી ધર્મ કરવા માટે ?**



**માનવનું મોંઢું મળ્યું છે** માટે જ નિંદા કરાય છે ને ? ગોઠવેલાં જૂઠાં બોલાય છે ને ? બીજાને પાપની સલાહ આપ્યા કરાય છે ને ?

**માનવ-મન મળ્યું છે** માટે જ એમાં ગર્વ-ગુસ્સાના કેફ છે ને ? દંભ-તૃષ્ણાના વિચારો ચાલે છે ને ?

**માનવનાં પુણ્ય છે** તેથી જ સાધર્મીના તિરસ્કાર, હાલતાં-ચાલતાં તુચ્છકાર, ઈર્ષ્યા-અસૂયા, વિષયોના વિકાસ વગેરે સારી રીતે કરાય છે ને ?

શું કરવાની એવી પુણ્યાઈ ? પુણ્યાઈનો સદુપયોગ તો સારા વર્તાવ ને સારાં કામ કરવામાં કરી લેવો જોઈએ. પાપ ઘટાડવામાં, પાપથી બચી જવામાં કરવો જોઈએ. સુંસુમાર પાસે આ પુણ્યાઈ નથી, એટલે એણે મત્સ્યને છોડી દાસીને પકડી; બેને પકડવાના પાપથી બચ્યો.

દાસીય શું સમજીને આવી હશે ? ઘરેથી નીકળતાં તે ઠેઠ અહીં પાણીમાં પડતાં સુધીમાં એને કલ્પના હશે કે આવું થશે ? પાપના ઉદય ક્યારે કેવા જાગે એનો કોઈ પત્તો નથી; ત્યાં ફાંફાં રાખ્યે શું વળે ? દાસી પકડાણી એવી એણે રાડો પાડવા માંડી, 'અરે ! મને મગરે પકડી છે, પકડી છે ! છોડાવો, છોડાવો !' ચીસો સાંભળીને સાથેના લોકો દોડી આવ્યા, દાસીને મજબૂત પકડી રાખી જેથી મગર ગળી ન જાય, કે ઊંડા પાણીમાં તાણી ન જાય. આ બધો કોલાહલ સાંભળીને ત્યાં રહેલા મત્સ્ય-બંધકો આવ્યા. હોશિયાર ! શેમાં ? આવા મોટા મગરમચ્છને બાંધી લેવામાં ! એમનું કામ શરૂ થયું; પણ પેલો સુંસુમાર એના ભાન વિનાનો છે.

**બિલાડી દૂધ જુએ છે, દંડો નહિ :-**

**વિષયનો લાલચુડો જીવ વિષયમાં સુખ દેખે છે, પણ કર્મની પકડ નહિ; કેમ કે સુખની લંપટતા છે.** પછી આવા માનવના ખોળિયે ય ભરપૂર કર્મબંધનથી બંધાયે જાય છે ! અરે, છેવટે મૃત્યુ આવીને ઊભું રહે ત્યાં સુધી ય વિષયસુખોની લાલચ મૂકવી નથી ! મધલાળ ટપક્યા જ કરે છે, અને કર્મનો કોઈ ભય નથી ! કેટલી મૂઢ દશા !

સુંસુમાર એવો મૂઢ બની દાસીનો પગ છોડતો નથી; પણ અંતે માછીમારોએ એને છોડાવી, સુંસુમારને પકડ્યો. એના પર ગુસ્સો ઘણો આવ્યો છે, એટલે એને શસ્ત્રો ભોંકી ભોંકીને ભયંકર ત્રાસ-વેદના પમાડી રહ્યા છે. ભાલા ભોંકે, બરછી ભોંકે, ચામડી ઉઝરડે, માંસના લોચા કાપે, કેવી પીડા ! પાપ ભારે એટલે મોત જલદી આવે નહિ, ને વેદનાનો પાર નહિ ! બહુ રિબામણે મર્યો.

**જીવનનો અંત, વાસનાનો નહિ ! :-**

કોણ છે આ સુંસુમાર ? માતા યશોધરાનો જીવ, દીકરાને કહેનારી કે 'હશે

ભાઈ ! જીવને ન મરાતો હોય, પણ અપમંગળ દૂર કરવા દેવીને જીવનો ભોગ આપવો પડે. કંઈ નહિ તો છેવટે લોટનો કૂકડો માર.' પાસે રહીને આગ્રહ કરીને પોતાની શરમમાં તાણી લોટનો કૂકડો મરાવનારી અને ખવરાવનારી માએ સાર શું કાઢ્યો ? કૂતરા અને અજગર તરીકે કુઅવતારે કુમોત પામ્યા પછી પણ છુટકારો નથી, તે અહીં સુંસુમાર તરીકે બૂરા હાલે રિબાઈ રિબાઈ ને મરવાનું આવ્યું. આવાં મરણ તો કાયાનાં થયાં, **પરંતુ કુવાસનાનું મોત ક્યાં છે ?**

**પાપ ઘાલવાં સહેલાં પણ એનો નિકાલ કરવો અતિ અતિ મુશ્કેલ છે !**

**પાપનો બેવડો માર ખાવો પડે છે.**

**એક માર, જાલિમ દુઃખ-વેદના-રિબામણનો.**

**બીજો માર, એ પાપોની કુવાસનાના યોગે ફેર નવાં નવાં ઘોર પાપો કરી કરી ભાવી દુઃખની ભઠ્ઠીઓ પેટાવવાનો !**

માતા યશોધરાના જીવનમાં આ જોવા મળે છે. જગતમાં આજે કેટલાય જીવોની ભારે પાપભરી અને દુઃખમય દુર્દશા પ્રત્યક્ષ જોવા-સાંભળવા મળે છે, શું આ એકાએક ઊભી થઈ ગઈ છે ? ના, ના, તો તો બધાને કેમ એમ ન હોય ? કહો, સમર્થ કારણો મળ્યા વિના જ અકસ્માત કાર્ય ટપકી પડે એવું બનતું નથી. પ્રત્યક્ષ નહિ તો અતીન્દ્રિય કારણો, પણ કારણ ઉપર કાર્યનું મંડાણ થાય. હવે જો એવા ક્લેશભર્યાં ફળ નથી જોઈતાં તો એનાં કારણો દૂર કરવાનો મુખ્ય શ્રમ અને ચીવટ જોઈએ.

**ભારે દુર્દશાનું કારણ પૂર્વનાં સાનુબંધ પાપ છે.** તો એ પાપનાં અનુબંધ તોડવાની ખરી મહેનત જોઈએ. પાપનો અનુબંધ પડેલો એટલે એમાં કશું ખોટું કે અજુગતું નહિ લાગેલું, ભડક નહિ થયેલી, ઊલટું નિર્ભયપણે મસ્તીથી સેવેલું.

ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ 'ધર્મપરીક્ષા' નામના શાસ્ત્રમાં કહે છે,

**''कम्मं बन्धइ पावं, जो खलु अणुवरयतिव्वपरिणामो ।**
**असुहाणुबन्धजोगा, अणंतसंसारिआ तस्स ॥''**

-જે આત્મા તીવ્ર કઠોર પરિણામમાંથી પાછો હટતો નથી, તે અશુભ સાનુબંધ કર્મ બાંધે છે અને એ અશુભ અનુબંધના લીધે તે અનંત સંસાર ઉપાર્જે છે.

**હવે આ અનુબંધને તોડવા માટે શું કરવાનું ?**

**જન્મ જન્માંતરના પાપાનુબંધ તોડવા :-**

ત્યારે પ્રશ્ન થાય કે આવી રીતે તો કેટલાંય કર્મ બાંધ્યાં હોય, તો પછી ફળરૂપ અનંત સંસારમાંથી છુટકારો કેવી રીતે ?

**કયા અનુબંધ તૂટે, કયા નહિ ? :-**



ઉપાધ્યાયજી મહારાજ એનો ખુલાસો આપતાં કહે છે કે ગાથામાં 'અનુપરતતીવ્ર પરિણામ-તીવ્ર કઠોર પરિણામથી પાછો નહિ હટનારો' કહ્યું છે એ સૂચવે છે કે જો એ પાછો હટી જાય તો બચાવ મળે છે. માટે જ જાણતાં કે અજાણતાં ઉત્સૂત્ર ભાષણ જેવાં પણ પાપ કરનાર જો આ જ જન્મમાં કે જન્માન્તરે એની ગુરુ આગળ આલોચના, ગર્હા કરી દંડ-પ્રાયશ્ચિત્ત લઈને પાપથી પાછો વળી જાય તો એ દુષ્કૃત્યના યોગે ઊભા થયેલા પાપાનુબન્ધનો નાશ થઈ જાય છે અને તેથી અનંત સંસારીપણું નથી થતું. એટલું વિશેષ છે કે દુષ્કૃત્યથી જો એવું નિરુપક્રમ કર્મ બાંધ્યું હોય કે એની અસર અનંતભવો સુધી પરંપરાએ ભોગવાઈને જ સંપૂર્ણ ઘસાઈ જવાની હોય, તો એ અંત ન પામે ત્યાં સુધી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ જ નથી થતી. કેમ કે આ સાનુબંધ પાપ બાંધતાં ચિત્તના અધ્યવસાય જ એવા ગાઢ ઘડી દીધા હોય છે કે જે પ્રાયશ્ચિત્ત જોગી હૃદયશુદ્ધિ જ જાગવા દેતા નથી.

પરંતુ બાંધેલું કર્મ જો ચોક્કસ ઉપક્રમ-યોગ્ય હોય અર્થાત્ પાપની સાચી નિંદા-પશ્ચાત્તાપ-આલોચના વગેરેની વિશુદ્ધ ભાવનાથી પાપકર્મને ધક્કો લાગે એવું એ હોય, તો આ જન્મ કે જન્માન્તરે અનુબંધ તોડનારી પ્રાયશ્ચિત્ત પ્રાપ્તિ થઈ શકે છે.

**ધર્મપરીક્ષા ગ્રંથમાં** આ પ્રમાણે વિવેચન કરેલું છે. આના ઉપરથી એ ફલિત થાય છે કે પૂર્વ જન્મનાં પણ પાપનાં પ્રાયશ્ચિત્ત અહીં થઈ શકે છે. તેથી એમ ન વિચારતા કે 'તો પછી આ જન્મમાં પાપોનો પશ્ચાત્તાપ પ્રાયશ્ચિત્તવિધિ અહીં નહિ કરીએ તો ચાલશે, આવતા જન્મમાં કરી લઈશું.' આવું મનમાં લાવતા નહિ, કેમ કે આવી વૃત્તિથી પાપ પ્રત્યેનો તિરસ્કાર અને શુદ્ધીકરણની રુચિ ઊડી જાય છે, તેથી ભાવી ભવમાં પાપજુગુપ્સા, પશ્ચાત્તાપ વગેરે જાગવા જ મુશ્કેલ છે. એ સ્થિતિમાં પછી પાપાનુબંધ દીર્ઘકાળ ચાલ્યા કરવાના ! ત્યાં જીવના પાપરતતા અને દુઃખમગ્નતામાં કેટલા બેહાલ ? માટે વર્તમાન જીવનમાં કોઈ પણ પાપને પશ્ચાત્તાપ-આલોચના-પ્રાયશ્ચિત્ત વિનાના રહેવા દેવાનો સ્વપ્નેય વિચાર લાવતા નહિ; નહિતર નિકાચિત કર્મબંધમાં ફસાવું પડશે.

**આત્મ-જુગુપ્સા :-**

ધ્યાનમાં આ રાખવાનું છે કે જેના પ્રાયશ્ચિત્ત સ્વીકારની બુદ્ધિ નથી થતી એ પાપો ગાઢ અનુબંધવાળાં, નિકાચિત સ્વરૂપવાળાં અને અનંત સંસારે નામશેષ થનારાં તરીકે શાસ્ત્ર કહે છે. એ સૂચવે છે કે જે પાપો પૂર્વભવમાં આપણે કેવા કેવા સ્વરૂપે સેવ્યાં એની ચોક્કસ ખબર નથી, પરંતુ અહીં એનો વસવસો અને ભય ઊભા થાય છે કે 'અરેરે ! પૂર્વે મેં આવાં આવાં પાપ સેવ્યાં હશે તો ? હું કેટલો નીચ, અધમ, અને કર્મથી ભારે ! મને હવે મારાં નિશ્ચિત કે સંભવિત

પાપાચરણ, યાને દુર્ગુણ-દુષ્કૃત્યો પ્રત્યે અને એવું આચરનાર મારી જાત પ્રત્યે ભારોભાર જુગુપ્સા થાય છે, ઘૃણા આવે છે, બળતરા રહ્યા કરે છે. ઇચ્છું છું કે એ પાપો અને પાપબુદ્ધિ સદંતર નાશ પામો'...આવું મનમાં સ્ફુરે અને યોગ્ય પ્રાયશ્ચિત્ત-વિધિ કરવા મન થાય તો સમજી શકીએ કે પૂર્વનાં પાપોનો અનુબંધ સોપક્રમ કર્મવાળો છે, નિરુપક્રમકર્મ કે જેનું પૂંછડું અનંત સંસાર સુધી ચાલવાનું છે એનાં પાપકૃત્યો માટે તો પ્રાયશ્ચિત્ત સ્વીકારની બુદ્ધિ જ નથી થતી. એટલે જો એ બુદ્ધિ થાય છે તો મૂંઝાવાની જરૂર નથી કે 'શું થશે ! પૂર્વનાં જંગી પાપના મારામાં શે ઉદ્ધાર થાય !'...આવી મૂંઝવણ, નિસાસો કે હતાશપણું લાવવાની જરૂર નથી.

**શાસ્ત્રો ઉદ્ધારનો માર્ગ બતાવે છે,** કહે છે, જન્મ-જન્માન્તરનાં પાપો-દુષ્કૃત્યોનો અનુબંધ તોડો, એ માટે બળતા-સળગતા દિલે પશ્ચાત્તાપ કરો. પોતાના પાપી આત્માની જુગુપ્સા અનુભવો, દેવ-ગુરુની આગળ એની ગર્હા કરી મિથ્યા દુષ્કૃત્ય-મિચ્છા મિ દુક્કડં કરો, પ્રાયશ્ચિત્ત માગો, સેવાતાં પાપમાં જરાય રાચો નહિ, કઠોર ભાવ ન આવવા દો, દિલનો સંતાપ અનુભવો, શુદ્ધિકરણ કરો.

**ભવસ્થિતિ પાકે :-**

આત્માને હળવો બનાવવા આ સચોટ માર્ગ છે; એનાથી ભવસ્થિતિ પાકે છે. શાસ્ત્ર ત્રિકાળ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન અને અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર કરવાનું કહે છે. આ તો ઓછામાં ઓછું, પણ વધારામાં જ્યારે જ્યારે ચિત્ત રાગ-દ્વેષના સંકલેશમાં પડે ત્યારે ત્યારે એ કરવાનું કહે છે. પંચસૂત્રના પહેલા સૂત્રમાં આ વિધાન છે.

**જ્ઞાની પર શ્રદ્ધાનો સાચો દાવો :-**

જ્ઞાની ભગવંતોએ એ દુષ્કૃતગર્હા, અરિહંતાદિ ચઉસરણગમન અને અરિહંતાદિના સુકૃતની અનુમોદનામાં કેવો ચમત્કાર જોયો હશે કે એને રોજ ત્રિકાળ અને સંકલેશમાં વારંવાર કરવાનું કહે છે ? જ્ઞાની ઉપર, જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા ધરાવવાનો દાવો રાખતા હોઈએ તો આ સાવ સહેલું રોજિંદુ ત્રિકાળ કર્તવ્ય ચૂકીએ ખરા ? રાગદ્વેષની આંધી રહે ત્યારે બેભાન બની આને ભૂલીએ ખરા ? આને ભૂલી બીજાં આડાઅવળાં ફાંફાં મારીએ ખરા ?

**પાપપ્રતિઘાત-ગુણ બીજાધાન :-**

ધ્યાન રાખજો સર્વજ્ઞ ભગવાનનો ચીંધેલો આ સચોટ ઉદ્ધારમાર્ગ છે. એનાથી પાપ-પ્રતિઘાત અને ગુણ બીજાધાન થાય છે. અશુભ કર્મના અનુબંધો તૂટે છે, શુભાનુબંધને જગા મળે છે, પોષણ મળે છે. અશુભ અનુબંધ તૂટ્યા એટલે ભાવી પાપમય દુર્દશા આવવાને દરવાજો બંધ થયો ! શુભાનુબંધ એકત્રિત થયા એટલે



ગુણો અને ધર્મને આવવા માટે દરવાજા ખૂલી ગયા ! કેટલો સીધો અને સહેલો છતાં મહાલાભદાયી ઉપાય ? સીધો અને સહેલો એટલા માટે કે એમાં ન પાઈનો ખર્ચ, કે ને કોઈ કાયાના બળની જરૂર. ત્યારે એટલું ધ્યાનમાં રાખજો કે આવા ઊંચા મનુષ્યભવમાં એ કરવું સહેલું છે, કરવાની તક મળી છે. ગરીબમાં ગરીબ પણ માણસ અને માંદામાં માંદો પણ જીવ આ કરી શકે છે. દાન કરવું હોય તો સામગ્રી જોઈએ છે, તપ કરવો હોય તો કાયિક શક્તિ જોઈએ છે, પરંતુ પાપના અનુબંધ તોડવા હોય, ને શુભના અનુબંધ ઊભા કરવા હોય તો વિના શક્તિ સામગ્રીએ પણ કરી શકાય છે; કેમ કે એ માટે વારંવાર બળતા હૃદયે પાપગર્હા, દુષ્કૃત્ય જુગુપ્સા ને એના પશ્ચાત્તાપ પ્રાયશ્ચિત્ત કરવાં જોઈએ, તેમ વારંવાર ચતુઃશરણ સ્વીકાર અને શુભાનુમોદન સેવવાં જોઈએ છે.

પાપના અનુબંધ તોડ્યા નથી, એટલે યશોધરાની ભવપરંપરા બગડી ગઈ છે. સુંસુમાર તરીકે પહેલા પુત્રના જીવ મચ્છને અને પછી દાસીને પકડે છે. એમાં ભારે વિટંબણા છતાં પાપબુદ્ધિ નથી છૂટતી.

**સુંસુમારનું મોત : મત્સ્યની ફસામણ :-**

યશોધર મહાત્મા કહે છે, "સુંસુમારને તો દાસીનો પગ પકડી રાખવાની જીદમાં કઢંગી રીતે રિબાવી રિબાવીને મારી નાખ્યો; અને હું રોહિતમત્સ્ય એની પકડમાંથી છૂટી સરોવરમાં યથેચ્છ ફરવામાં ક્ષેમકુશળ અનુભવી રહ્યો હતો, પરંતુ પાપે જ્યાં કેડ પકડી હોય ત્યાં એ ક્ષેમકુશળપણું કેટલું ટકે ? કર્મ જાણે કહે છે 'ઠીક છે અહીં બચી ગયો છે ને ? હવે આગળ આવ;' જાણે તાકી રહેલા પાપોદયે મને પાછો સપડાવ્યો ! કેટલાક વખત પછી માછીમારોએ એક વાર જાળ નાખી છે, એમાં હું ભોગેજોગે સપડાઈ ગયો. ખાવાની લાલચે કહો કે ફરવાના લોભમાં કહો, પણ જાળમાં જીવતો પકડાયો, બહાર કાઢતાં એ લોકોને મહેનત પડી, પરંતુ કાઢીને મને જોઈ ચકિત થઈ જાય છે."

'અહો ! બહુ મોટો મત્સ્ય !'

બીજા કહે છે, 'ચાલો આને તો રાજા ગુણધરને ભેટ આપીએ.'

"શું મફત ભેટ ? ના, રાજા પાસે કંઈક કામ કઢાવવું છે એટલે જાણે એક સોદો લઈ ચાલ્યા રાજમહેલે, જઈને રાજાને ભેટ કરે છે. રાજા ખુશ થાય છે. ભેટ સ્વીકારી માછીમારોનું પ્રયોજન સારી આપે છે."

**જાતનું જાતને પિંડદાન :-**

"ગુણધર મને આવડો મોટો જોઈ હરખમાં ઉપડાવી નયનાવલી પાસે લઈ આવે છે, અને કહે છે,

'મા ! આજે તો આ મોટો રોહિતમત્સ્ય ભેટ આપ્યો છે. તો પિતાજી અને દાદીને પિંડદાન કરીએ.' કોનાથી કોને પિંડદાન ? પોતાના પિંડમાંથી પોતાને પિંડદાન !''

''નયનાવલી કહે છે, 'જરૂર; પૂજ્યોને પિંડદાન તો કરવું જ જોઈએ. તારી ભક્તિ સારી છે.'

**મચ્છને જાતિસ્મરણ :-**

''અહીં આ વાતચીત સાંભળતાં અને પૂર્વે બહુ વહાલી કરેલી પત્ની નયનાવલીને જોતાં મને ઊહાપોહ થયો. ક્યાં જોયું આ ? ક્યાં જોયું આ ? એમ ચિંતવતાં મને પાછું પૂર્વજન્મનું સ્મરણ થઈ આવ્યું. 'અરે ! આ શું ? આ તો મારો પુત્ર અને આ મારી પત્ની !...''

આશ્ચર્ય થયું. બધું યાદ આવ્યું ખરું, પણ સુરેન્દ્રદત્તના ભવે કરેલી ભૂલ અને સેવેલાં **પાપ અને પાપબુદ્ધિનો પશ્ચાત્તાપ ક્યાં છે ?**

**ધર્મની હવે માયા ક્યાં છે ?**

હજી પણ કારમી વેદનાઓ કાનોકાન સાંભળવા મળે છે, છતાં **ધર્મબુદ્ધિ ક્યાં જાગે છે ?**

**આપણું ભયંકર સાહસ :-**

પાપબુદ્ધિનો પશ્ચાત્તાપ, ધર્મની માયા અને ધર્મબુદ્ધિ કેળવવાની મળેલી અણમોલ તક ગુમાવી, ઊલટું, પાપનો રસ અને ધર્મથી પરાઙ્મુખતા અપનાવ્યા તો હવે તિર્યંચના અવતારે પૂર્વના ભૂલેલા મનુષ્યભવનું સ્મરણ થઈ રહ્યું છે છતાં એ પાપબુદ્ધિનો પશ્ચાત્તાપ અને ધર્મની માયા તથા ધર્મબુદ્ધિ જાગવા તૈયાર નથી ! ત્યારે આ વિચારવા જેવું છે કે અહીં આપણને મળેલ પાપબુદ્ધિના પશ્ચાત્તાપ, ધર્મરસ અને ધર્મબુદ્ધિની તક ગુમાવવામાં આપણે કેટલું ભયંકર સાહસ કરી રહ્યા છીએ ?

જરા શાંતિથી બેસી આત્માની સાથે વિચાર કરવો જોઈએ છે કે 'પાપબુદ્ધિનો પસ્તાવો અને ધર્મની માયા લગાડવામાં અહીં તો કોઈ તેવાં દુઃખ નથી, કોઈ ખોટ જતી નથી, પછી શા માટે એ કેળવવાની અદ્ભુત તક જતી કરું ? પાપબુદ્ધિ પર આ તો હું વાજબી વિચારી રહ્યો છું' એવો સિક્કો લગાડવામાં શા મોટા જશ કે સન્માન મળી જાય છે ? અને કદાચ ગાંડાઓ તરફથી એ મળે તોય એની શી બહુ વિસાત છે ? ત્યારે પાપબુદ્ધિની તરફેણ કયો પરલોક સુધારી આપે છે કે પરભવે કઈ ઓથ આપવા આવવાની છે ? તેમ અહીંય ચિત્તને શી શાંતિ આપે છે ? આમાંનું કશું જ નહિ, પછી શા માટે આપમતિમાં ચઢી પાપબુદ્ધિનો બચાવ કરવાની જરૂર છે ?



**પાપબુદ્ધિનો પસ્તાવો :-** પાપબુદ્ધિનો, પહેલાં તો પસ્તાવો થાય કે 'અરેરે ! આ તે મારું કેવું મન કે એમાં આવા ગંદા વિચાર, મલિન લાગણીઓ અને અશુભ ભાવો સ્ફુર્યા કરે છે !' એવા પસ્તાવા પછી એને રોકવાની વાત આવશે. મૂળમાં ખોટું જ ન લાગે તો રોકવાનું શું ? ક્યાંય વધારે પડતું બોલાઈ ગયાનું નુકસાન દેખી પસ્તાવો થાય છે તો પછી સાવધાની રહે છે કે હવે એવું ન કરું.

માટે આ ખાસ કર્તવ્ય પહેલું જાગતું રાખવાનું કે પાપબુદ્ધિનો પસ્તાવો કરી પાપબુદ્ધિમાં ન પડવાની ચીવટ રહે.

**ધર્મની મમતા :-** એની સાથે ધર્મની મમતા વધારવાની; એ એમ સમજીને કે 'જીવનો તારણહાર ધર્મ છે, સર્વ સુખનો દાતા ધર્મ છે, ધર્મ જ સાચી શાંતિ અને ઉન્નતિ આપે છે, દુઃખ-દુર્ગતિ-દુર્દશામાંથી બચાવનાર ધર્મ છે. આવા મહાઆશીર્વાદભૂત અને પળે પળે સંરક્ષણ આપનાર ધર્મને છોડી પાપમાં ક્યાં આસ્થા ધરવા જેવી છે ? કોની પ્રત્યે ખેંચાવા જેવું છે ? ધન-માલ-મિલકત અને સન્માન-વૈભવ-વિલાસો તો વર્તમાનમાં વિહ્વળ કરનારા અને અંતે દગો દેનારા છે. એના પર શા હૈયાના હેત ધરવા'તા ? હેત ધરું તો એક માત્ર ધર્મ પર, ધર્મના દાતા પર અને ધર્મનાં સ્થાનો પર.'

**ધર્મબુદ્ધિ :-** આમ ધર્મની માયા ઊભી કરી. હવે દરેક પ્રસંગે ધર્મબુદ્ધિમાં રમ્યા કરવા માટે ભારે ખંત, ચોકસાઈ અને મહેનત કરવાની. માનવકાળ આ માટે જ છે. આથી જ કૃતકૃત્ય બને છે. એ વીતી ગયા પછી આ નહિ થઈ શકે. સુરેન્દ્રદત્તે છેવટે ધર્મબુદ્ધિ ગુમાવી તો પછી દેખાય છે કે તિર્યંચના અવતારે જાતિસ્મરણજ્ઞાન થવા છતાં ધર્મબુદ્ધિને અવકાશ નથી મળતો. એક તો એવી દુઃખદ સ્થિતિમાં મુકાવું અને પાછી ધર્મબુદ્ધિ ગુમાવવી એ કરતાં અહીં ગમે તેવા સંયોગોમાં પણ ધર્મબુદ્ધિ જાળવી રાખવી શું ખોટી ?

**મત્સ્ય પર જાલિમ જુલ્મનો આદેશ :-**

યશોધર મહાત્મા કહે છે, ''પુત્ર ગુણધર મારા સાંભળતાં જ એની માતાને પિંડદાન અંગે કહી રહ્યો છે.

'તો મા ! એમ કર, આ મત્સ્યનો પૂંછડાનો ભાગ રંધાવી એનાથી પિતાજી અને દાદીના સ્મરણમાં બ્રાહ્મણોને જમાડવા દઈ દે અને આગળનો ભાગ સારી રીતે છોલાવી તળાવી એનું મારા અને તારા માટે સુંદર ભોજન બનાવરાવ.'

''આ સાંભળીને મારે ક્યાં ઊભા રહેવું ? અંગેઅંગમાં ધ્રુજારી વછૂટી ગઈ 'અરરર ! આ હવે કઈ કદર્થના આવવાની ? સુંસુમારના પેટમાં પધરાઈ ગયો

હોત તો તો કાંક ઓછી પીડાએ મરત, ત્યારે અહીં ? કપાવાનું ! છોલાવાનું ! ઊકળતા તેલમાં તળાવાનું !' અહીં કોણ મારો બેલી ? નિરાધાર દીનહીનપણે સાંભળી રહ્યો છું.''

કેવું વિચિત્ર ? રાજા ગુણધરને ખબર નથી કે 'ભક્તિ પિતાની કરવી છે, ને એ માટે ભોગ પિતાનો જ લઈ રહ્યો છે ! ટેસ સારા કરવા છે અને તે પિતાના શરીર પર !' કેટલું વાહિયાત !

**અજ્ઞાન શું કામ કરી રહ્યું છે !**

**કર્મ જગતને કેવું વિડંબી રહ્યું છે ? અજ્ઞાન દશા શું કામ કરે છે ? અને કર્મની વિટંબણા કેવી ભયંકર હોય છે ?**

આ બે વાત જો ધ્યાનમાં રહે અને એના પર અવરનવર ચિંતન-મનન કરતા રહેવાય તો આત્માને સારી જાગૃતિ રહે છે. અહીં 'આપણે આ જાણીએ છીએ એમાં નવું શું ચિંતવવાનું હતું ?' એવું મનમાં લાવતા નહિ, કેમ કે એમ તો જાણકારી હોવા છતાં કેટલીય વાર આત્મા જાગૃતિને બદલે બેભાન દશા અનુભવતો હોય છે એ હકીકત છે. એ રીતે કે અજ્ઞાનદશા ઓછી કર્યે જવા દિન પ્રતિદિન જ્ઞાન વધારવાની મહેનત નથી, તેમજ અજ્ઞાનદશાના વાણી-વિચાર-વર્તાવો ઉપર ખેદ નથી, સંતાપ નથી, કાપ નથી. એવું કર્મવિડંબિત જીવો ઉપર કેટલીય વાર દ્વેષ, તિરસ્કાર, નિંદા, ખોટી ચિંતા, પંચાતી વગેરે ઓછા નથી થતા આવતા. ત્યારે પૂછો આ બધું કેમ બને ?

ઉત્તર એ છે કે 'અજ્ઞાન શું કામ કરે છે.' અને 'કર્મ કેવી વિટંબણા સર્જે છે.' આ બે વાત પર ખૂબ હૃદયસ્પર્શી અને વારંવાર ચિંતન-મનન કરો, તો પેલું ઓછું થતું આવે.

વારંવાર ચિંતન એ રીતે કે જીવનમાં વિવિધ પ્રસંગો નજર સામે આવે છે, ત્યાં આ વિચારવાનું કે આમાં અજ્ઞાન કામ કરી રહ્યું છે કે કેમ, અને તે કેવુંક ? નજરે દેખાયું કે કોઈ શેઠિયો મસ્ત થઈ મોજ કરી રહ્યો છે અગર બડી બડી વાતો કરી રહ્યો છે, ત્યાં આપણને એમ થાય કે 'અહો ! આને બિચારાને પરલોક કેવો આવવાનો છે એની ખબર નથી, તેથી ક્યાં તણાઈ રહ્યો છે ! અગર ભૂતકાળની ગમ નથી. એટલે ધર્મનાં ફળ ધર્મને જ ધુત્કારીને ભોગવવાની કેવી મૂર્ખતા કરી રહ્યો છે !

મૂર્ખાઈ સમજ્યા ?

મૂર્ખાઈ આ, અત્યારે એ સુખ-લીલા ભોગવી રહ્યો છે એ તો પૂર્વે સેવેલા ધર્મનું ફળ ભોગવે છે, પરંતુ એમાં એક બાજુ પુણ્ય ખતમ થતું આવે છે અને



બીજી બાજુ ધર્મબુદ્ધિ, ધર્મભાવના અને ધર્મપ્રવૃત્તિ સૂઝતી નથી, એનું નામ ધર્મને ધુત્કારવાનું કરી રહ્યો છે. દુનિયાની ઢગલો વાતોને આવકારે છે, માત્ર ધર્મને નહિ.

ત્યારે ધર્મને ધુત્કારીને ધર્મનાં ફળ ભોગવી લેવાનું પરિણામ વિશ્વાસઘાતીને-નિમકહરામને જે આવે તેવું જ દુઃખદ હોય ને ? આનું અજ્ઞાન સેવીને જીવાતું જીવન જોઈ એમ થાય, 'અહો ! અજ્ઞાન શું કામ કરી રહ્યું છે !!' પોતાનુંય તેવું જીવન હોય તો પોતાના માટે પણ એમ જ ખેદ થાય.

એમ એક બીજો દાખલો જુઓ કે માણસ તાનમાનમાં ચઢી બીજાનાં અપમાન, તિરસ્કાર કે નિંદા કરવા જાય ત્યાં એને એ ખબર નથી કે પોતે પૂર્વ ભવોમાં એવાં અપમાનાદિ પામીને આવ્યો છે અને ત્યારે ત્યાં એને જે હૃદયભેદી દુઃખ થયેલાં એ ઘોર હતાં-અસહ્ય હતાં, તો અત્યારે સામા જીવને પણ એવાં દુઃખ થાય છે. એમ એ પણ ખબર નથી કે આ અપમાન તિરસ્કાર-નિંદાનાં કટુ ફળ એવાં આવીને ઊભાં રહેશે કે જે સહ્યાં નહિ જાય, એ જો હમણાં નજરે દેખે તો કમકમી વછૂટી જાય. પણ એનું તો અત્યારે અજ્ઞાન પ્રવર્તે છે માટે અપમાનાદિ કરી રહ્યો છે, ત્યારે એમ થાય કે 'અહો, અજ્ઞાન શું કામ કરી રહ્યું છે !'

જગતના કેટલાય પ્રસંગો જોઈ જોઈ મન બગડે છે, રાગ-દ્વેષ ઊઠે છે, હર્ષ-શોક થાય છે, ઈર્ષ્યા-તિરસ્કાર જાગે છે. આ બધાથી બચવા આ ઉપયોગી સૂત્ર છે કે **'અહો ! અજ્ઞાન શું કામ કરી રહ્યું છે !'** સામાના માટે આ વિચાર કર્યો એટલે એમ થાય કે એનાથી ગમે તેવું અજુગતું બન્યું છે, પરંતુ જ્યાં અજ્ઞાનની પરવશતા છે ત્યાં અજ્ઞાનવશતાને લીધે થતી ચેષ્ટા પર આપણે મન શા બગાડવા ? જીવ તો બિચારા સ્વરૂપે સારા છે; પણ અજ્ઞાન અજુગતું કરાવી રહ્યું છે; એના પર આશ્ચર્ય, રોષ, તિરસ્કાર, વગેરે કાંઈ આપણે કરવાનું હોય નહિ.

આવું બીજું સૂત્ર છે, **'અહો ! કર્મ કેવી વિટંબણા સર્જે છે !'** આપણા જીવનમાં ન ધારી કે ન ગમતી કેટલીય ઘટનાઓ બને છે, ત્યાં જીવ આકુળ-વ્યાકુળ થઈ જાય છે. સંકલ્પ-વિકલ્પ અને દુર્ધ્યાનમાં ચઢે છે. પરંતુ જો આ વિચારાય કે અહો ! મારાં ગુપ્ત કર્મ કેવી વિટંબણા સર્જે છે ! ફિકર નહિ મારાં જ કરેલાં કર્મ છે ને ? તો આવાં સર્જન કરે જ; તો મનમાં બીજી અશુભ લાગણીઓ ઊભી થતી અટકી જાય.' અહીં કર્મની વિટંબણા પ્રત્યે આશ્ચર્ય થાય છે ? પરંતુ એ આશ્ચર્યનો ભાવ મનને ફોરું બનાવી દે છે, કર્મના નવા બંધ પ્રત્યે સાવધાન કરી દે છે.

આપણા જીવનમાં બનતી કે જગતમાં બનતી કેઈ ઘટનાઓ પર આપણે લહેવાઈ ન જઈએ અને મલિન લાગણીમાં ન ફસાઈએ એ માટે કર્મ-વિટંબણાને બરાબર નજર સામે રાખવાની છે. જો આ નજર સામે નથી રાખતા તો સ્વ કે

પરના જીવનમાં બનતી ઘટનાઓ જોઈને કે સાંભળીને એવા લહેવાઈ જઈએ છીએ કે એના પર ફોગટના રાગદ્વેષમાં સળગીએ છીએ; ફુજુલ વ્યાકુલ થઈ આર્તધ્યાનમાં ચઢીએ છીએ; અનેક કુવિકલ્પો ફોગટિયા કરીએ છીએ; માનવજીવનનો કિંમતી સમય સુંદર વિચારો-ભાવનાઓ-ચિંતનોમાં લેખે લગાડવાને બદલે આ સંક્લેશમાં માત્ર બરબાદ નહિ, પરંતુ નવા અનર્થ ઊભા કરવામાં ખરચી નાખીએ છીએ.

જો અહીં કર્મવિટંબણાનો ખ્યાલ કરીએ તો મનને એમ થાય કે આજે કાંઈ અશુભ બન્યું એ પૂર્વ કર્મની વિટંબણા છે. કર્મની કેવી જોહુકમી છે કે સ્વરૂપે સારા પણ જીવને વિડંબે છે ! એ વિટંબણા ભલે જ્ઞાનાવરણીયાદિ કર્મની હો, વેદનીય કર્મની હો કે મોહનીય કર્મની હો યા અંતરાય કર્મની હો, પરંતુ જો કર્મની વિટંબણામાં જીવ પીડાય છે તો ત્યાં જીવની માત્ર દયા જ ચિંતવવા જેવી છે. કોઈ રાગ-દ્વેષ કે ઈર્ષ્યા તિરસ્કાર શા સારું કરવા ? દયા એ ચિંતવવી કે જીવ બિચારો પાપથી અને કર્મથી છૂટે તો સારું ! કેવો એ પીડાઈ રહ્યો છે ! એની પીડા દૂર થાઓ, એને સદ્‌બુદ્ધિ મળો.

એમ પોતાની જાત માટે પણ એ વિચાર આવે કે, ‘મારાં કર્મ મારી કેવી વિટંબણા કરી રહ્યાં છે ! પણ કરે જ ને ? પાપ કરતાં મેં ક્યાં પાછું વાળીને જોયું છે ? આંખ મીંચીને, પાછું વાળીને જોયા વિના મીઠાઈ ખાધ્યે રાખી તો મંદવાડ આવે જ, એમ અઢળક પાપાચરણની પાછળ કર્મવિટંબણા આવે જ. એમાં કોઈને દોષ દેવાની જરૂર નથી કે સંકલ્પ-વિકલ્પ કે રાગ-દ્વેષમાં પડવાની જરૂર નથી. માટે તો બને તે તટસ્થભાવે જોયા કરવાનું. માનવાનું કે જેમ તાવની પીડાથી અંદરના દોષ બળી જાય છે, તેમ કર્મની પીડાથી આત્માનું શુદ્ધિકરણ થાય છે.’

બસ, અજ્ઞાનના અનર્થ અને કર્મની વિટંબણા પર અવરનવર ચિંતન-મનન કરતા રહેવાય તો વિચારસરણી શુદ્ધ થતી આવે છે, આડાઅવળા વિકલ્પો અને રાગ-દ્વેષાદિ દોષો ઓછાં થતા આવે છે.

હવે અજ્ઞાન ટળ્યું, જ્ઞાન મળ્યું એટલા માત્રથી કાર્ય નથી સીઝતું એ જુઓ.

ગુણધરને અજ્ઞાન છે ખબર નથી કે આ મત્સ્ય મારો બાપ છે, તેથી એને મરાવવાનું કહે છે, પરંતુ મત્સ્યને તો જાતિસ્મરણથી ખબર પડી ગઈ ને કે હું કોણ, ક્યાંથી આવ્યો, અને આ બધું શું ? છતાં પાપમાંથી પાછા વળવાની વાત નથી. કરેલી ભૂલનો અને ગુમાવેલી ધર્મતકનો પશ્ચાત્તાપ નથી ! ત્યારે એવું તો ન રહ્યું ને કે જ્ઞાન હોય તો પાપમાંથી પાછા વળી જ જવાય ? ગુણધરને જ્ઞાન નથી તેથી પાપ કરી રહ્યો છે અને માછલાને પૂર્વ ભવનું અને પછીની વિટંબણાનું ભાન થયું છે છતાંય પાપને વોસિરાવવાનું નથી કરતો, પાપધ્યાનમાં ચઢે છે.



તમને ઓરતા થતા હશે કે ‘જો અમને જાતિસ્મરણજ્ઞાન થાય, અગર કોઈ દેવ બધું બતાવી દે, યા સીમંધર ભગવાન અમને ભાન કરાવી દે, તો અમે પાપ છોડી ધર્મમાં લાગી જઈએ, પણ એટલું ધ્યાનમાં રાખી લેજો મહાનુભાવ ! **કે જાણવા માત્રથી પાપ છૂટી જ જાય અને ધર્મમાં લાગી જ જવાય એવો નિયમ નથી.** દુનિયામાં દેખો છો ને કે જાણનારા કેટલાય છે જે હજી પાપમાં બેઠા સબડે છે અને ધર્મસાધનાથી વેગળા છે, અરે ! સારા ભણેલા પણ એવા જોવા મળે છે કે જેને રાત્રિભોજન, અભક્ષ્મ-ભક્ષણ જેવાં બિનજરૂરી પાપ પણ તેમજ અસત્ય, અનીતિ, ઈર્ષ્યા, નિંદા વગેરે ખપે છે અને છતી શક્તિએ દાનાદિ ધર્મ, પ્રભુભક્તિ-સામાયિક ધર્મ, અને સંઘ-પ્રશંસા વગેરે ધર્મ કરવાની પડી નથી, જાણવા માત્રથી પાપત્યાગ અને ધર્મસેવન થતું જ હોત તો આવું કેમ દેખાય ?

## • જાણવા છતાં પ્રમાદ કેમ ? •

**પ્ર.- તો પછી જાણવા ઉપરાંત શું જોઈએ કે જેથી અવશ્ય પાપત્યાગ, ધર્મસેવન બને ?**

ઉ.- આનો ઉત્તર વ્યવહારના દાખલાથી જુઓ. છોકરાને ભણાવી તૈયાર કર્યો, હવે એવું બને કે એ રખડવાનું ન છોડે અને ધંધે ન લાગે ? ક્યારે બને ? કહો વ્યસની થઈ ગયો હોય, રખડવું એને નુકસાનકારી ન લાગ્યું હોય, બાપના પૈસા ભર્યા પડ્યા છે તેથી વેપારધંધાની લેશ્યા ન હોય, તો રખડવાનું ન છૂટે, ધંધો ન કરવા લાગે. બસ, એ રીતે પાપ ભયંકર ન લાગ્યાં હોય, પાપની લેશ્યા છોડવી ન હોય, તો પાપ શા માટે છોડે ? એમ પૂર્વના પુણ્યે સુખ-સગવડ મળી રહી છે ધર્મનો ખપ લાગતો નથી, ધર્મની લેશ્યા નથી, પછી ધર્મ શા માટે કરવા લાગે ? **જાણ્યું તો હોય કે પાપના આવા આવા કટુવિપાક છે, ધર્મનાં રૂડાં રૂડાં ફળ છે. પરંતુ જો પાપલેશ્યા ન છોડાય, ધર્મલેશ્યા ન અપનાવાય તો પાપ છોડી ધર્મ કરવાનું ન બને. પાપલેશ્યા છોડવી જોઈએ :-**

આહાર, વિષયો, પરિગ્રહ અને એશઆરામીની સંજ્ઞાઓના વ્યસન પર જ્યાં સુધી ફિટકાર ન છૂટે, રોફ-હુંપદ-હુંસાતુંસી, ઈર્ષ્યા-અસૂયા માનાકાંક્ષા, ફૂડ-કપટ-ક્ષુદ્રતા, વગેરેનાં વ્યસનોમાં શરમ ન લાગે, હિંસા-જૂઠ-અનીતિ, તથા મોહ, રંગરાગ અને વાસનાના કુકૃત્યો તરફ સૂગ ન ઊભી થાય, ત્યાં સુધી એની પાપલેશ્યાઓ રમતી રહેવાની. હવે કદાચ તત્ત્વની જાણકારી આવી હોય, પણ તેથી શું ? પાપ પડતાં મૂકવાની વાત થોડી જ સહેલી છે ?

**પ્રભવ ચોર** જંબૂકુમારને ત્યાં ચોરી કરવા આવ્યો હતો, ધનમાલનાં પોટલા

ઉપાડી જવાં હતાં, પરંતુ વિરાગી જંબૂકુમારની આઠ નવી પત્નીઓનો મોહ ઉતારનારી વાતો સાંભળી એણે પોતાની પાપવૃત્તિને ધક્કો લગાડ્યો, પાપી જાત પ્રત્યે એને શરમ છૂટી, પાપમાં અકળામણ, આકુળતા-વ્યાકુળતા થઈ, તો પાપ છોડવા માટે કટિબદ્ધ થઈ ગયો. પણ ત્યાં એને બદલે બધું જાણી મૂકવા છતાં પાપી જાત માટે લજ્જા-ફિટકાર-અકળામણ ન થઈ હોત તો પાપ છૂટત ? છોડવા મહેનત કરત ? એ તો મન મનાવી લેત કે 'જાણ્યું, બરાબર છે, પણ આપણા કાંઈ ક્લાસ નથી, સંયોગ નથી.' લ્યો જાણેલું શું કરે ?

**પ્રદેશી રાજા** કેશી ગણધર પાસે રોફ અને રોષમાં ધમધમતો આવ્યો. પોતાની નાસ્તિક્તાનાં પરાક્રમો ગાયાં, કેશી ગણધરે તત્ત્વની સમજૂતી આપી. હવે પ્રદેશીને પોતાના પાપ પ્રત્યે તિરસ્કાર છૂટ્યો, પાપી જાત પર ઘૃણા થઈ આવી 'આ ભયંકર પાપલેશ્યા ? મારું શું થશે ?' એમ ભય ઊભો કર્યો. એ વિહ્વલ થઈ ગયો તો ઘડી પહેલાંનો મહાનાસ્તિક, ઘાતકી અને વિષયાંધ પણ પ્રદેશી રાજા મહાન આસ્તિક સમ્યગ્દષ્ટિ ધર્માત્મા બન્યો ! પાપ વોસિરાવ્યાં ! શ્રાવકનાં ઉત્તમ વ્રત સ્વીકાર્યાં ! અને પ્રદેશી રાજા નિર્મળ શ્રાવકના આચારો સેવતો થઈ ગયો ! પૌષધના પારણે પત્નીએ ઝેર આપ્યા છતાં જરાય પાપબુદ્ધિ, રોષ, રોફ, અસમાધિ ન કરતાં મહાધર્મ-બુદ્ધિ, અરિહંતાદિ શરણ અને સમતા-સમાધિમાં સ્થિર થઈ સૂર્યાભદેવ થયો. ત્યાંય પરમ જિનભક્ત બન્યો. આ બધું ક્યારે ? મૂળમાં પાપલેશ્યા મૂકીને ધર્મલેશ્યા અપનાવી તો.

પણ કેશી મહારાજ પાસેથી તત્ત્વ જાણવા મળ્યા છતાં ઊંધા હિસાબ માંડ્યા હોત, 'ઠીક છે, દલીલ તો બધી કરી શકાય, પણ આ રંગરાગ વગેરેમાં પ્રત્યક્ષ સુખ દેખાય છે તેનું શું ? એ કાંઈ થોડા જ મૂકી દેવાય ? અને સાધુ મહારાજ તો એ જ કહે, પણ અમારે અમારું જોવાનું. એમ જો મહારાજનું માની લઈએ તો બિચારા ભારે સ્નેહાળ ઘરવાળાને કેટલો બધો આઘાત લાગે ? જિંદગીભર એણે સુખ આપ્યાં છે, હજીય મારી પાછળ એ મરી પડે છે, ત્યારે વૈભવ-વિલાસનાં સુખ પ્રત્યક્ષ દેખાય છે. વળી આપણી ઉંમરેય પાકી થઈ ગઈ, હવે કાંઈ વ્રત-તપ-જપનાં કષ્ટ ન બની શકે...' આવા આવા મનમાં લોચા વાળ્યા હોત તો પાપ ક્યાંથી છૂટત ? ધર્માત્મા ક્યાંથી બનાત ?

જાણકારી મળ્યા પછી પણ આ લોચા ન વળે એવું નથી ને ? તમને રોજ વ્યાખ્યાનમાં કેટલી જાણકારી મળે છે ? કેમ ? ના, ઘણી ઘણી, તો હવે પાપ છૂટી ગયાં ? છેવટે શ્રાવકપણાના ઊંચા ધર્મમાં લાગી ગયા ? કેટલાક તો વળી જાણકારીનો એવો ફાંકો રાખે છે કહે છે, 'વ્યાખ્યાનમાં શું જવું'તું ? એ તો ત્યાં જે કહેવાય



છે તે બધું અમે જાણીએ છીએ.' આવા ડોળઘાલુ જાણકારના જીવનમાંથી પાપ નીકળી ગયાં છે ? જીવન ધર્મપ્રવૃત્તિઓથી ઝળકતું થઈ ગયું ? ના, કેમ ના ? જાણકારી થવા માત્રથી એ બની જાય એવો નિયમ નથી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૪૦,તા.૮-૭-૧૯૬૧

ત્યારે પછી એમ નહિ કહેતા કે 'તો પછી જાણકારી મેળવવાનું શું કામ ? વ્યાખ્યાને શું કામ સાંભળવાં ?' કેમ કે સારું સાંભળ્યા વગર અને જાણકારી મેળવ્યા વગર પાપલેશ્યા પર તિરસ્કાર અને ધર્મલેશ્યાનો આદર જગાવવો જે મુશ્કેલ છે તે શ્રવણ અને જાણકારીથી સહેલો છે. જીવો તત્ત્વ જાણીને ઊંચા આવે છે, અબૂઝ-અજ્ઞાન રહીને નહિ. પણ એ તો ખરું જ કે જાણકારી મેળવીને પહેલું કરવાનું આ છે કે પાપો પ્રત્યે અનાદિની આહાર-વિષયાદિની સંજ્ઞાઓ પ્રત્યે, રોફ, હુંપદ અને તૃષ્ણાના વ્યસન પ્રત્યે તિરસ્કાર અને ભય ઊભો કરો, પાપલેશ્યા છોડો, ધર્મલેશ્યા જગાવો. એ કર્યા પછી તો પાપો છોડવા અને ધર્મ આરાધવા સહેજે તાલાવેલી જાગશે, તલસાટ થશે, પાપત્યાગ અને ધર્મારાધનના અંતરનાં સત્ત્વ બહાર વિકસાવાશે, અમારે બઝાડવું નહિ પડે; તમે ઊઠી ઊઠીને માગવા આવશો કે 'અમને આ પાપ છોડાવો, બાધા કરાવો, આટલો આટલો ધર્મ કરીશું એની પ્રતિજ્ઞા આપો.'

કહો, રોજ નવું નવું સાંભળી-જાણીને નવું નવું માગવા જાઓ છો ? ના, કેમ વારું ? કારણ એ મોહની ભ્રાન્તિ, પાપલેશ્યા વચમાં આડી બેઠી છે; ધર્મ લેશ્યાને એવી વિકસવા જગા મળતી નથી. મોહની ભ્રમણા ખસવાનું અને ધર્મલેશ્યા વિકસવાનું એની મેળે નથી બનવાનું કે કોઈપણ પુણ્યકર્મના ઉદયે નથી થવાનું; એ તો આત્માના પુરુષાર્થથી થવાનું છે. મનમાં ચોંટ લાગી જવી જોઈએ કે 'બહુ ભૂલ્યો, અનંતોકાળ ભૂલ્યો, મોહની ભ્રમણામાં અને ખોટી ગણત્રીમાં બહુ તણાયો, હવે નથી ભૂલવું, નથી તણાવું, **સારું શ્રવણ કરી કરીને અને વાતનું યથાર્થ દર્શન કરતો રહીને એ ભૂલ અને ભ્રમણા ફગાવી દેવી છે, ધર્મલેશ્યાને હૈયામાં ઝળહળતી કરવી છે;'** આમ ચોંટ લગાડીને એના માટે પ્રયત્નશીલ રહો તો એ થવું કાંઈ જ કઠિન નથી.

**સાંભળીને કપડાં ખંખેરી ન જવાય :-**

બાકી જાણકારી મેળવ્યે જાઓ અને આવું કાંઈ ન કરો તો ઊંચા નહિ અવાય. સુરેન્દ્રદત્તના જીવ મત્સ્યને જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વભવોની જાણકારી મળી પણ શો ઉપયોગ થયો ? જાત અનુભવ છે છતાં ય પાપલેશ્યા છોડવી નથી,

અને ધર્મલેશ્યા જગાવવી નથી, તે મહાપુરુષનાં ચરિત્ર સાંભળતાં એમના અનુભવ જાણવા મળ્યા પછી ક્યાં વાત રહી ? સાંભળ્યું, અદ્ભુત ચરિત્ર સાંભળ્યું, પણ પછી કપડાં ખંખેરી ચાલતા થવાની વાત હોય તો જીવનમાંથી પાપ ક્યાં છૂટવાનાં ? ધર્મ અધિકાધિક ક્યાંથી પ્રવેશવાનો ?

**ધર્મલેશ્યાભર્યું દિલ બનાવવા અપૂર્વ અવસર :-**

વિચાર તો એ થવો જોઈએ કે 'પાપલેશ્યાઓ પડતી મૂકવા અને ધર્મલેશ્યાભર્યું દિલ બનાવવા માટે અનુકૂળ આ ખરેખરો ભવ મને મળ્યો છે. એથી મારે અનંત ભવોની ભૂલ ભૂંસી નાખવાનું અપૂર્વ કાર્ય સિદ્ધ થશે. મારો આત્મા નવો આકાર પામશે. તો હવે સહેજ પણ ગફલતમાં કાં રહું ? હવે તો બરાબર મન લગાવીને લેશ્યાની શુદ્ધિ કરતો ચાલુ, વિચારોની પવિત્રતા કેળવતો રહું, જીવનના આદર્શ ઉચ્ચ ઘડતો અને નિરંતર નજર સામે રાખતો જીવું. જ્યાં એમાં સ્ખલના થાય, વિસ્મરણ થાય ત્યાં એની કોઈ સજા લેતો રહું.'

**સુખદુઃખના ટકા લેશ્યાથી વધે છે :-**

આવા પ્રયત્ન કરી પાપલેશ્યા ઘટાડતા ચાલો તો અહીં પણ ઊંચા લાભ મળશે. **મનની લેશ્યાના હિસાબે તો મૂળ સુખ-દુઃખના ટકા ઘટી વધી જાય છે.** કર્મસંયોગે દુઃખ આવ્યું પણ લેશ્યા સારી હોય તો એ હળવું બની જાય છે, અને લેશ્યા જો બગાડી તો એનો મોટો ભાર લાગે છે. દાખલા તરીકે, જરા અંધારે બારણામાંથી નીકળતાં માથું ભટકાયું ત્યાં જો લેશ્યા ન સાચવી તો મન ઊછળશે 'ઘરના માણસ કેટલા બેપરવા છે ! નોકર કેવો હરામી છે ! હજી સુધી દીવો નથી કર્યો !...' શું કર્યું આ ? દુઃખમાં મન બગાડી વધારો કર્યો, હાયવોય વધારી !

**લેશ્યા સારી રાખવા વિવિધ વિચારણા :-**

એના બદલે લેશ્યા શુભ રખાય તો મનને એમ થાય કે

(૧) **'આ ક્યાં ઉતાવળે ચાલ્યો ? ચાલ્યો તો એની સજા મળી. ફિકર નહિ, ફરી સાવધાની રહેશે.'**

અથવા (૨) **'હું તો સહેજ માથું ટકરાવાને રોઉં છું, પણ એ ટકરાવામાં વચમાં કોઈ જીવજંતુ આવ્યું હશે તો એનો તો બિચારાનો કચ્ચરઘાણ નીકળી ગયો હશે. એના દુઃખ આગળ મારે શું દુઃખ છે ?'**

અથવા (૩) **જીવન છે, બધું સુખસગવડભર્યું શાનું હોય ? દુઃખ પણ આવે આપણે કાંઈ એકલા પુણ્યવાળા નથી, તો માત્ર સુખના અધિકારી નથી...દુઃખ સહવાનીય ટેવ પાડવી જોઈએ.'**

અથવા (૪) 'બીજાની ભૂલ જોઉં છું પણ એય કોઈ સકારણ વીસર્યા હશે,



બીજા અગત્યના કાર્યમાં રોકાયા હશે; તો ભૂલ શાની ?

**(૫)** 'બીજાની ભૂલ પર તૂટી પડવું એ પાપલેશ્યા છે. શા માટે એ કરું ?'

અથવા, **(૬)** 'હું મારા જરા જેટલા દુઃખને મોટું માની હાંફળો ફાંફળો થાઉં છું, અને અવસરે બીજાના મોટા દુઃખને ય મામૂલી ગણું છું, આ અન્યાય છે, પાપલેશ્યા છે, જગતમાં આ જ ક્ષણે મારા દુઃખ કરતાં અનંતગુણા ભયંકર દુઃખમાં જીવો રિબાઈ રહ્યા છે, કેઈ બકરા કસાઈની છરી નીચે, કેઈ મરઘાં, માછલાં અગ્નિ ઉપર, અગણિત જીવજંતુ ઘોર પિસામણમાં, અને નરકના કુલ જીવો પરમાધામી વગેરેની દારુણ યાતનાઓમાં રિબાઈ રહ્યા છે ! એની સામે મારું આ દુઃખ શી વિસાતમાં છે ?'

શુભ લેશ્યા લાવવી-ટકાવવી હોય તો આવી કેઈ સદ્વિચારણાઓ છે. એનાથી દુઃખનો ભાર નહિવત્ થઈ જાય છે. પ્રત્યક્ષમાં શાંતિનો અનુભવ થાય છે. પાપ-લેશ્યાવાળાને તો અશાંતિની આગો સળગતી રહે છે.

સુરેન્દ્રદત્તના જીવ મત્સ્યને પાપલેશ્યામાં અશાંતિ વિહ્વળતાનો પાર નથી. હજી ઘોર દુઃખ તો હવે આવવાનું છે, પણ એની કલ્પનાથી ધ્રુજી ઊઠે છે. વળવાનું કાંઈ નથી, છતાં પાપલેશ્યાની પરવશતામાં એને સંતાપ બાળી રહ્યો છે. જાતિસ્મરણ જ્ઞાન થયું છે છતાં ધર્મલેશ્યાનું સદ્ભાગ્ય નથી; કેમ કે સુરેન્દ્રદત્તના ભવે છેલ્લે છેલ્લે ધર્મલેશ્યા પડતી મૂકી પાપલેશ્યાને આવકારી છે.

**સામાનો વાંક છતાં આપણી પાપલેશ્યા આપણને દંડે :-**

તમે કહેશો કે 'પણ એવા ઝેરના પ્રયોગમાં અને ગળે ટૂંપાના અવસરે વિહ્વળતા ન થાય ?'

પણ એટલું તો વિચારો કે ભલે એમ કર્યું વિહ્વળ થયા, લેશ્યા બગાડી, તેય બીજાના વાંક પર, કિંતુ કર્મ અને વાસનાની પરંપરાના સાયન્સને જોતાં એમાં જીવને કોઈ બચાવ મળવાનું લાગે છે ?

**ભલેને વાંક અહીંનો તમારો લેશ માત્ર નહિ, બીજાનો જ ધરાર વાંક હોય, પરંતુ તમે લેશ્યા બગાડો તો એની સજા તમારે જ ભોગવવી પડશે. ત્યાં તમને બચાવ નહિ મળે** કે 'આ તો નિમિત્ત એવું મળ્યું માટે મન બગાડ્યું'તું તેથી ગુનો માફ,' આવો બચાવ નહિ મળે. એ તો પાપલેશ્યાની સજારૂપે અનિષ્ટ અશાતા વગેરે દુઃખદાયી પાપનાં બંધન અને પાપલેશ્યાની ભવે ભવે પરંપરા મળવાની; કદાચ આ લાંબું ન ચાલે અને ટૂંકે પતે એમ પણ બને, તો પણ આપણે તો એ જ સમજી રાખવાનું કે અહીંની પાપલેશ્યાની ભાવી ભવોમાં લાંબી પરંપરા અને દુઃખદ પરંપરા ચાલશે, માટે બીજી બધી અગવડ ચલાવી લઈશ, બીજું બધું પ્રતિકૂળ

સહી લઈશ પરંતુ લેશ્યા નહિ બગાડું, પાપલેશ્યાને જરાય નહિ આવવા દઉં ! આવું સમજી રાખીએ તો જ આ વિષમ જગતના વાતાવરણમાં બચાય એમ છે; નહિતર તો ક્યાંય ગબડી ડૂલ થઈ જવું પડે એવું છે.

**ભૂલા નહિ પડતા :-**

મત્સ્યને જાતિસ્મરણે સ્વાનુભવ દેખાવા છતાં પાપલેશ્યા પડતી મૂકવાનું સદ્ભાગ્ય નથી, તો આપણી કઈ દશા છે એ વિચારો, ભલે જાતિસ્મરણ નથી એટલે એ ખબર નથી કે પૂર્વ ભવની કઈ કઈ પાપલેશ્યાનાં વાવેતર કર્યાં છે કે જેથી અહીં પાપ વિચારો, મલિન ભાવનાઓ અને વિષય-કષાયની લેશ્યા હૈયે રમતા રહે છે, પરંતુ સર્વજ્ઞ પ્રભુનાં શાસ્ત્ર તો મળ્યાં છે ને ? એમાંથી પાપ-લેશ્યાઓ, કુવિચારો, અર્થ-કામના વિકલ્પો કેટકેટલાં ખતરનાક નીવડે છે એનું જ્ઞાન તો મળ્યું છે ને ? તો હવે ય શું એ સદ્ભાગ્ય નથી કે એ બધું વોસિરાવીએ ? આવું ને આવું શું ઠેઠ મૃત્યુ આવે ત્યાં સુધી ચાલવાનું ? ચલાવવું છે ? તો શું એમ લાગે છે કે હમણાં આમ ચાલવા દો પછી આગળ ઉપર કે અંતકાળે એ કુલેશ્યા, એ કુવિચારો, એ કુવિકલ્પો સુધારી લેવાશે ? ભૂલા નહિ પડતા, **જીવનભર જે રટ્યું હશે, સામાન્યતઃ અંતકાળે તે જ યાદ આવશે.** છતાં શાસનના સિગ્નલે, પાપલેશ્યા મૂકવી નથી, તો એ ભારે પેક થશે, અંતકાળે પણ કેડો નહિ મૂકે, અને પછીના ભવોમાં તો સારી લેશ્યાની તદ્દન નાલાયક્તા અને સુસામગ્રીનો અભાવ થશે.

**સારી દેખાતી લેશ્યામાં છૂપી દુષ્ટતા :-**

લેશ્યા બહુ નાજુક વસ્તુ છે, એ ક્યાં ક્યાં બગડે છે એ સમજી લેવા જેવું છે; કેમ કે કેટલીવાર આપણે સમજતા હોઈએ છીએ કે 'લેશ્યા આપણી સારી વર્તી રહી છે,' છતાં વસ્તુસ્થિતિએ એ બગડી હોય છે. દાખલા તરીકે જુઓ કે તમે ભગવાનનાં દર્શન કરવા જઈ રહ્યા છો ત્યાં તમારી આગળ બીજા દર્શનાર્થી જઈ રહ્યા છે. હવે જો તમને મનમાં એમ થયું કે 'લાવ જરા ચાલાકીથી પેલાની આગળ નીકળી જાઉં અને બે મિનિટ વહેલાં દર્શન કરું' તો ત્યાં જે ચાલાકી વાપરવાનું મન થયું એ દિલની લેશ્યા બગડી ગણાય, કેમ કે એ માયા છે.

**આચારાંગ સૂત્રમાં** એવો પ્રસંગ મૂક્યો છે કે મુનિ ભિક્ષાર્થે કોઈ ગૃહસ્થના ઘર તરફ ગયા, આગળ બીજા સંન્યાસી, બ્રાહ્મણ વગેરે ત્યાં જતા હોય, ત્યાં જો મુનિને એમ વિચાર આવે કે 'હું હોશિયારીથી પેલા ભિક્ષુઓની આગળ પહોંચી જાઉં,' અને તેમ કરે તો તે મુનિ માટે અયોગ્ય છે; કેમ કે તે માયા સ્થાન છે. મુનિને માટે ઇતર ભિક્ષુકોની દૃષ્ટિએ પણ જો આમ કહ્યું છે તો બીજા મુનિઓની અપેક્ષાએ તો તેમ કરવું એ તો માયાસ્થાન છે જ. ત્યારે શ્રાવકને બીજા દર્શનાર્થી



શ્રાવકોની દૃષ્ટિએ ચાલાકીથી આગળ નીકળી જવાની લેશ્યા અને પ્રયત્ન કેમ માયા સ્થાન નહિ ? લેશ્યા બગડ્યા વિના આમ કરવાનું મન થાય નહિ. કાં, આગળવાળાને સમજાવીને આગળ જાઓ તો માયાથી બચાય.

આ તો દર્શન માટે અને સૂક્ષ્મ કોટિની માયાની વાત થઈ, ત્યારે જ્યાં દુન્યવી લાભ માટે અને મોટા રૂપમાં માયા થાય ત્યાં પાપલેશ્યા કેવી ભારે હોય એ વિચારી લો. તેમ એ પણ વિચારો કે ડગલે ને પગલે મદની, માયાની વગેરે કેવી પાપલેશ્યા ચાલી રહી છે.

**મેલી લેશ્યાના દાખલા :-**

પાપલેશ્યાથી બચવા ઘણી ઘણી જાગૃતિ અને પુરુષાર્થ જોઈશે. બીજાનું ભલું કરવાનો અવસર આવી ઊભો છે ત્યાં એની પ્રત્યે આંખમિચામણા કરી સ્વાર્થ સાધવાની લગનીની પાછળ લેશ્યા બગાડેલી હોય છે.

એમ, જાતની ભૂલ જોવાનો મોકો છે, ત્યાં એ કાંઈ નહિ, અને સામાની ભૂલ જોવા-ઠપકારવાની વૃત્તિ થાય એ બગડેલી લેશ્યાનું કાર્ય છે.

એવી રીતે જાતની ભૂલો છુપાવવાનો અને સારા દેખાવાનો પ્રયત્ન પણ બગડેલી લેશ્યામાંથી જન્મે છે. જાતના ગુણો ગાવાનો અને જાતની બડાઈ હાંકવાનો ધંધો પણ મેલી લેશ્યાને લીધે થાય છે.

સાથેના માણસો કરતાં જાતે ઓછી મહેનત કરવી પડે કે કામ ઓછું કરવું પડે તો સારું, એ વિચાર અને વર્તન મલિન લેશ્યા કરાવે છે.

જગતના કર્મપીડિત જીવો દયાપાત્ર છે એની કરુણા દિલમાં ઊભરાવવી જોઈએ, એના બદલે આપણા સ્વાર્થની આડે કોઈ આવ્યો અથવા આપણને પ્રતિકૂળ યા અણગમતું વર્ત્યો કે એના પર દ્વેષ ઊભરાય, એ મેલી લેશ્યાનું કાર્ય છે.

મત્સ્યને જાતિસ્મરણ જ્ઞાન થવાથી જાત અનુભવ જોવા મળ્યો, આટલું અનુભવસિદ્ધ જ્ઞાન થવા છતાં પાપમાંથી પાછા ફરવાનું નથી બનતું એનું કારણ એ છે કે પહેલા સુરેન્દ્રદત્તના ભવમાં પાપલેશ્યા, અશુભ લેશ્યા, બગડેલી લેશ્યાનો પાયો નાખ્યો છે, એણે જીવને મજબૂત પકડી રાખ્યો છે. મેલી લેશ્યાની પકડ એવી છે કે જો આપણે મન મજબૂત કરી એને દબાવવા તૈયાર નથી, અને એને પલટીને સારી લેશ્યા બનાવવા ચીવટવાળા નથી, તો એ કાંઈ આપમેળે ખસે એવી નથી.

યશોધર મહાત્મા કહે છે 'હે ધનકુમાર ! હું એ મત્સ્યપણે, પુત્ર ગુણધરે એની માતાને આપેલ અભિપ્રાય સાંભળી કકળી ઊઠ્યો, અને એટલામાં તો નયનાવલિએ રસોઇયાને બોલાવી એ જ હુકમ દઈ દીધો.

**માછલા પર છરાનો ઘા :-**

બસ, ત્યાં તો 'મહારાજા અને માતાને આ પિંડદાન હો' એમ લલકારાવા સાથે મારા પૂંછડાના ભાગ પર સીધો ખટાક કરતો છરાનો ઘા ઠોકાયો ! શી વાર ? એક ઘા, ને બે ટુકડા ! અહાહા ! અસહ્ય વેદના જીવતા કપાવાની હું સાંભળી રહ્યો છું કે મને મારા જ શરીરમાંથી પિંડદાન અપાઈ રહ્યું છે ! રસોઇયાને હુકમ અપાય છે આને રાંધીને બ્રાહ્મણોને જમાડી દેજો !

કર્મની કેવી લીલા ! ત્રાહિત, અણસગા અહીં એક ચૂંટી ખણવા પણ નથી આવતા, ત્યારે સગાં સ્નેહી સંબંધી જેના પર હૈયાનાં હેત વરસાવ્યાં છે, એ જ રેંસી નાખે છે !

વિચારો, અહીં કર્મની સજાઓ જે ભોગવવાની ઊભી થાય છે તે ઊભી કરાવનાર અને ભોગવનાર કોણ છે ? સગાં-વહાલાં કે રસ્તે જનારા ત્રાહિત ?

**મત્સ્યનાં ચામડાં છોલવામાં આવે છે :-**

મુનિ કહી રહ્યા છે, 'પાછલું અંગ કપાઈ જવા છતાં હું હજી જીવતો છું, હવે મને મસાલેદાર બનાવીને મારા પુત્ર અને પત્નીને ખાવો છે, તેથી જેમ કેરી ઉપરનાં છાબકાં છોલી નાખે તેમ છરી લઈને મારાં ચામડીનાં છાલકાં ઉખેડવા માંડ્યાં ! મનુષ્યપણે ચામડીનું એક ટિશ્યૂ ઊખડે તો અરરર થઈ રાડ પડે છે, અહીં છોતરાંનાં છોતરાં ઉખેડાઈ રહ્યાં છે ! છરર છરર છોલવાની એ ઘોર પીડા સહી જાય એવી નહોતી, પણ ક્યાં જાઉં હું ? કોણ બચાવે ? ભલે છોલે, પણ ઉપર પંખો નાખનારે ય કોણ છે ?

**દેવગુરુનાં સંરક્ષણ મળી શકે એવા માનવભવમાં જો એ લેવાં ખપતાં નથી, તો પછીના હલકા ભવોમાં કોઈ જ સંરક્ષક મળે જ શાના ?**

**છોલેલા મત્સ્ય પર લૂણ-તીખાં :-**

'હે ભાગ્યવાન ! ચામડી ઉઝરડાઈ જવાથી અગન અગન તો ઊઠી જ હતી એમાં હવે નવી વિધિ આવી; છોલેલા મારા શરીર ઉપર મરચા જેવો તીક્ષ્ણ સૂંઠ, મરી, પીપર-ત્રિકટુનો મસાલો ભભરાવવામાં આવ્યો, અને એના ઉપર લૂણ હીંગ-હળદરનું પાણી છાંટવામાં આવ્યું. હવે તો જે અતિ ભયંકર બળતરા સળગી ઊઠી એનું શું વર્ણન થાય ?'

અહીં શરીર પરની એક નાની ચાંદી ઉપર જો સહેજ મીઠું-મરચું અડી જાય તોય લાય ઊઠે છે, તો છોલેલા સમસ્ત શરીર પર એ તીખા તમતમતા અને ખારા મસાલા ભભરાયા તેમાં પાછું પાણીના છંટકાવથી છોલેલા શરીર સાથે ચિટકાયા, ત્યાં કેવીક બળતરાની આગો !



**બીજાને બાળીને ઠરવાનું ન મળે :-**

માણસને કોઈનાં કડવાં વચન સાંભળી લાય ઊઠે છે, પછી એની સામે ધમપછાડા કરવાનું કરે છે, અથવા બીજાને મર્મવેધી કડવાં વેણ સંભળાવી કે તિરસ્કાર કરી આવેશ કે ખણજ ઉતાર્યાનો સંતોષ અનુભવે છે, પરંતુ ત્યાં એને શું આ નજર સામે આવે કે પછી જો ક્યાંય ભૂલા પડાયું અને આવા અવતારે આ લાયો વરસી તો એ કેમ સહી જાશે ? એ અગનની આગળ આપણને કોઈએ સંભળાવેલાં કડવાં વચનની બળતરા શી વિસાતમાં છે ? અગર બીજાને ન ઉતારી પાડીએ કે ન તુચ્છકારીએ એમાં અંતરને કેટલું ખમવાનું ? અને જીવનભર બીજાનો તુચ્છકાર-તિરસ્કાર કરી પરભવે આવી લાયો ઊઠે એમાં કેટલું બધું ખમવાનું ? પરભવે ભયંકર બળવું ન હોય તો અહીં બીજાને કટુ વચનથી બાળવાનું રહેવા દો, બીજાને બાળીને ઠરવાનું નહિ મળે.

**માછલાને તળે છે :-**

મુનિ કહે છે 'લોટનો કૂકડો મારવા-ખાવાના પાપથી શરૂ થયેલ મારી ભ્રષ્ટતાએ જે આ છોલેલા આખે શરીરે ખારા તીખા મસાલાની અગન અગન ઊઠાડી હશે તેની લાયો કેવીક હશે ! પણ આટલેથીય ક્યાં પતે એમ હતું ? એ તો ઝટ ત્યાં ચૂલા ઉપર તાવડીમાં માખણ કકડાવવામાં આવ્યું, વરાળો નીકળી રહી છે, અને માંહી મને ઉપાડીને આખો ને આખો તળવા માટે નાખવામાં આવ્યો !

**જાતિસ્મરણ છતાં ધર્મધ્યાન નથી :-**

હું કકળતા માખણમાં તળાઈ રહ્યો છું, નરક જેવી તીવ્ર વેદના ભોગવી રહ્યો છું. આખા અંગમાં એક ઝીણામાં ઝીણો ભાગ બાકી નથી કે જે આ કકળતી કઢાઈમાં ઝળબોળ ન તળાતો હોય. ઘોર બળતરા રોમે રોમમાં અને રગે રગમાં ઊઠી છે ! બીજી બાજુ જાતિસ્મરણ જ્ઞાન છે તેથી રાંકડો વિચાર આવે છે કે હાય ! આ મારો પુત્ર ગુણધર મને છિન્નભિન્ન કરેલો ખાશે !' પરંતુ ધર્મધ્યાન સૂઝતું નથી. બીજી બાજુ કઠોર કર્મના ઉદયે આયુષ્ય પણ હજી સમાપ્ત થઈને પ્રાણ નીકળી જવા તૈયાર નથી, ત્યારે વિચાર કે અતુલ અંગે અંગની વેદના અને મનની હાયવોય જીવને કેટલા પીડી રહ્યા હશે !'

**ધર્મધ્યાન અળખામણું કરો તો ?**

યશોધર મુનિના ચરિત્રને અસંભવિત સમજતા નહિ. આજે ય જીવો પર આવી ઘોર પીડાઓ વરસી રહી છે. અહીં આશ્ચર્ય આ છે કે પૂર્વના દુઃખદ ભવોની પરંપરા હૂબહૂ યાદ આવી છતાં ધર્મધ્યાન સૂઝતું નથી. ક્યાંથી સૂઝે ? માનવજીવનમાં એની તક હતી તે અંતકાળે વેડફી નાખી, એટલે હવે જાણે ધર્મધ્યાન કહે છે કે તારે

મારો ખપ નહોતો તો હવે મારે તારો શો ખપ ? ઉત્પ્રેક્ષા છે આ, ધર્મધ્યાન બોલતું નથી, પરંતુ પરિસ્થિતિ એ થાય છે કે જો ધર્મધ્યાન અળખામણું કર્યું, ને પાપધ્યાન વહાલું કરી અંતરમાં વસાવી એને ધકેલી મૂક્યું તો હવે ભવો સુધી એ આવવા તૈયાર નથી.

**'શી ફિકર ?' કરો :-** માછલાને તો જાતિસ્મરણ જ્ઞાન થયું, તે પૂર્વભવના સંબંધી છોકરા માટે વિચારે છે કે 'અરે ! આ મારો પુત્ર મને કદર્થીને ખાશે !' પરંતુ આ ભવમાં જ બને છે ને સગાવહાલાં કોઈ આપણી પીડામાં નિમિત્ત થતા હોય ત્યારે મન આહટ્ટદોહટ્ટ ચિંતામાં પડે છે ? ત્યાં એ વિચાર નથી કે 'શા સારું આહટ્ટદોહટ્ટ વિચારણા ? મારાં કર્મ જ જ્યાં બળવાન છે, અને આહટ્ટદોહટ્ટ વિચાર્યું જ્યાં ફોગટ છે, ત્યાં શા માટે એ જોઈએ ? 'હેં ! મેં એને ઉછેર્યો એના પર પ્રેમ રાખ્યો અને હવે એ આમ કરે ?' આવું આવું વિચારવાથી શું વળવાનું ?

ખરી રીતે અહીં ધર્મધ્યાન અને શુભભાવનાને તક છે કે 'ફિકર નહીં, મારાં તેવાં પૂર્વકર્મનું જ આ ફળ છે, બીજા તો નિમિત્તમાત્ર છે. નહિતર મારાં દૂબળાં કર્મ વિના આ વહાલાંની બુદ્ધિ કેમ ફરી જાય ? માટે ચાલવા દો. એ ભોગવીને કર્મ ઓછાં થઈ રહ્યાં છે; શી ફિકર' ?

શાસનના ઉપકારની કદર છે ? ધર્મધ્યાનની તો બલિહારી છે. એ ક્ષણવાર પણ જે જગાડી આપે એનો કેટલો ઉપકાર ? એ માટે અરિહંત પરમાત્મા અને એમનું શાસન અહીં મળી ગયા, તે તો ક્ષણવાર શું, સતત ધર્મધ્યાન જાગતું રાખવા માટે મહાસામગ્રી રૂપ છે, મહાન ઉપકારક છે, અનહદ અનંત ઉપકાર કરનારા મળ્યા છે. અને ન મળ્યા હોત તો તો સૂધબૂધ ક્યાંથી રહેવાની હતી ? ભગવાન અરિહંત પરમાત્માના શાસને તો આ કેવું અદ્ભુત ધર્મધ્યાન શિખવાડ્યું કે એનાથી ભવોની પરંપરા સુધરી જાય છે ! આવી મહા ઉપકારક સામગ્રી મળ્યાની કદર હોય તો જીવ ઇન્દ્રિયોનો ગુલામ બન્યો રહે ? હિંસાદિ પાપોમાં મશગૂલ બને ? ક્રોધાદિ કષાયોનો સેવક બને ? રેઢિયાળ જીવન ચાલે ? કેમ એવા દૃઢ નિર્ધાર ન હોય કે,

મારી તાકાત પહોંચે ત્યાં સુધી આ શાસનના આદેશો પાળું જ ?

જીવમાં જીવ છે, મગજમાં બુદ્ધિ છે, આંખમાં તેજ છે, શરીરમાં લોહી વહે છે ત્યાં સુધી આવાં કલ્યાણ શાસનને આરાધ્યા વિના કેમ રહું ?

શા સારું આહટ્ટદોહટ્ટ વિચારો ને દુર્ધ્યાન કરું ?

દેવાધિદેવ અને શાસનના ઉપકારનો ખ્યાલ હોય તો શરણું એનું જ લેવાય,

માછલાંને જાતિસ્મરણ છતાં આ કાંઈ સૂઝતું નથી. તમે કહેશો કે કપાવા-



છોલાવા-તળાવાની કારમી પીડામાં ક્યાંથી સૂઝે ? પરંતુ એ જુઓ કે સંસારમાં કોઈને પીડા હોય, પણ ત્યાં જો ખબર પડી કે મેં આવું આવું કર્યું તો આ દુઃખ દેખવાનાં આવ્યાં, પછી તો સાવધાન બનવું પડે ને ? જરાક તોફાનમાં જો કેદીને જેલરના હંટર ખાવા પડ્યા, જે અસહ્ય લાગ્યા તો પછી તો એ કેદી તોફાન કરતાં વિચાર કરે ને ?

અહીં માછલાને વિચાર નથી, કેમ કે મનુષ્ય ભવમાં એવાં પાપ ઊભાં કરીને આવ્યો છે. પાછું આયુષ્યકર્મ એવું જોરદાર છે કે આટઆટલી કારમી વેદનાની લાયો છતાં એ જીવને આ ખોળિયામાં જકડી રાખે છે ! જાણે પક્કો ગુંદર ! એ હોય ત્યાં સુધી કાગળ ચિટક્યો રહે; એમ આયુષ્યનો ગુંદર જીવને દેહમાં ચિટકાવી રાખે છે !

તળાતાં તળાતાં અંતે મત્સ્ય મરણ પામ્યો.

## • યશોધર મુનિનો ૫મો-છઠ્ઠો ભવ •

મહાત્મા યશોધર મુનિ કહે છે 'હે મહાનુભાવ ! મારી માતા યશોધરા તે સુંસુમારના ભવમાંથી ત્યારે મરીને આ જ વિશાલા નગરીના ચંડાળના વાડામાં બકરી પણે ઉત્પન્ન થયેલી છે. હવે હું કકળતા કઢાયામાં તળાઈ તીવ્ર વેદના ભોગવતાં મૃત્યુ પામ્યો અને આ જ બકરીના ગર્ભમાં ઉત્પન્ન થયો.'

વિચિત્ર કર્મ અને ભવિતવ્યતા કેવોક યોગ ઊભો કરી દે છે ! વિચિત્ર કર્મે બકરાપણું અને ભવિતવ્યતાએ માતાના જ પેટમાં ! આમાં જીવનું શું ઊપજે ? મરજી કઈ ચાલી શકે ? આ વસ્તુ દૃષ્ટિ હોય તો માણસ અધમ સ્વાર્થની રમતમાં મલિન મોહ-મદ-મત્સરની આંધીમાં અને વિષમય વિષયોની ગૃદ્ધિમાં અટવાઈ પડે ખરો ? આ રમત, આંધી અને ગૃદ્ધિ તો મહા અનર્થ સર્જે છે.

મુનિ કહે છે, 'બકરા તરીકે હું જન્મ પામ્યો. હવે તો મા-દીકરાનો સંબંધ છે ને ? પણ એ જાણે કંઈ નહિ, તે મોટો થઈને વિષયવાસનાને પરવશ બનેલો માતાના ઉપર જ કામવાસનાથી આકર્ષાયો ! અને મૂઢ બનીને વિષયક્રીડામાં જોડાયો !

**અહીં ન દેખાતાં પાપ પછીના ભવે કેમ પ્રગટે છે ?**

કેટલું બધું અધમ પાપ ! માતાની સાથે ભોગ ? ક્યાંથી આવ્યું આ ? રાજા સુરેન્દ્રદત્તના ભવમાં ભૂલ કરી હતી તો લોટનો કૂકડો મારવાની, પણ દુરાચારની નહીં ! તો આ પાપ ક્યાંથી ફૂટી નીકળ્યું ?

**ચંડકોશિયાના જીવ સાધુએ** ભૂલ કરી હતી તો નાના સાધુ પર ગુસ્સો

કરવાની; પણ પછી તાપસના ભવમાં વાડી પર મોહ કરવાનું પાપ ક્યાંથી ઊભું થઈ ગયું ?

**પાર્શ્વનાથ ભગવાનના પહેલા જ ભવમાં** મરુભૂતિએ ભાઈ કમઠના હાથે શિલાનો પ્રહાર ખાતાં મરણાન્ત કષ્ટમાં ભૂલ કરી હતી તો હાયવોય-આર્તધ્યાનની, પણ પછી હાથીના ભવમાં તોફાન મચાવવાનું પાપ ક્યાંથી જામી પડ્યું ?

**આ બધાનો ખુલાસો એ છે કે**

**(૧) દેખીતા એક પાપ સાથે બીજાં પાપોની આંશિક વૃત્તિઓ છુપાયેલી પડી હોય છે,**

અથવા, **ભવિષ્યમાં પ્રગટતા પાપનાં મૂળ તત્ત્વ ચાલુ જીવનનાં દેખીતા એક પાપમાં ભેગાં ભળ્યાં હોય છે.**

ચંડકોશિયાના જીવ સાધુએ ગુસ્સો કર્યો હતો એવું પ્રગટ દેખાય છે; પરંતુ સાથે જાત ઉપર મમત્વ હતું, રાગ હતો. 'હું સારો છું મને આ સાધુ દેડકી-મારનાર તરીકે કેમ ઓળખાવે છે ?' આ જડ કાયા ઉપરનો જે રાગ અને મમત્વ, એ વાડી ઉપર ફાલ્યો ફૂલ્યાં.

**પ્ર.**- થાય કે 'એ તો નાના રૂપમાં હતા ને ? તો આટલા મોટા ક્યાંથી આવ્યા ?'

**ઉ.**- એ છે **કે એ નાના પણ રાગાદિ માનવ ભવના હતા, અને ધર્મસમજની ઉપરવટ થઈને રહ્યા હતા, તેથી ભવિષ્યમાં એના ગુણાકાર થયા !**

એટલે જ સાવધાન રહેવા જેવું છે કે વર્તમાન જીવનની ઝીણી દેખાતી પાપવૃત્તિઓ ભવિષ્યમાં ગુણાકાર ન પામી જાય.

પૂછો આ આપણા હાથની વાત છે ?

હા, આપણું ચાલે તો આપણે એને સેવીએ જ નહિ; ને સેવાઈ જતી હોય તો એને બરાબર ઓળખી લઈએ, અને લક્ષમાં રાખીએ કે 'આ દુષ્ટ વૃત્તિ છે, કરવા જેવી નહિ; ક્યારે આવી પાપીવૃત્તિઓથી છૂટું ! અહીં સેવી તો મિચ્છા મિ દુક્કડં' હૃદયમાં જો આ સંતાપ રહે, પાપત્યાગની ભાવના રહે, તો કહેવાય કે એ પાપવૃત્તિ આપણી ધર્મસમજની ઉપરવટ ન થઈ, એથી ગુણાકાર થતો અટકે.





**એટલું ધ્યાનમાં રાખવાનું કે આમાં દંભ ન થઈ જાય :-**

સંતાપ સાચો, દિલ બાળે એવો થવો જોઈએ, પાપત્યાગની ભાવનાની દિલમાં મીઠાશ લાગવી જોઈએ. જેમ કે શ્રીમંત યા સત્તાધીશ બની ગરીબી યા ગુલામી ટાળવાની ભાવના થતાં મનમાં મીઠાશ અનુભવાય છે, તેમ મનને થાય કે ક્યારે એવું જીવન પામું કે એમાં કોઈ લેશ માત્ર પણ પાપવૃત્તિ ન કરવી પડે, ન ઊભી થાય ! આ ભાવના મજબૂત કરવા વર્તમાનના સ્નેહ રાગ વગેરેને પોકળ અને પાપરૂપ લેખવા જોઈશે નહિતર સુરેન્દ્રદત્તની જેમ ભૂલા પડી જવાનું થશે ! **'જેની પાછળ કરુણ અંત છે એને માટે કેમ એમ ન થાય કે આમાં શું ચોંટવું' તું ?** સાવધાન બનો કે 'હું શું મૂર્ખો છું કે જ્યાં જ્ઞાની ના પાડે છે ત્યાં ચોંટવા-વળગવા જાઉં ? જગત ઠગારું છે. જડ કે ચેતન કોઈનોય વિશ્વાસ કરવા જેવો નથી.'

'તો શું લડવાનું ?'

'ના, રાગે ય નહિ, ને લડવાનું ય નહિ, કિંતુ મધ્યસ્થભાવમાં રહેવાનું; ઉદાસ નહિ, ઉદાસીન રહેવાનું. આ એક કારણની વાત થઈ. પાપવૃત્તિ એકાએક ક્યાંથી ફૂટી નીકળે છે એનું બીજું કારણ આ છે :-

**(૨) સંસારી આત્મા અનેક પાપવાસનાઓનું સંગ્રહસ્થાન છે.** તેવા તેવા ભવના હિસાબે અમુક અમુક વૃત્તિઓ પ્રગટ કામ ન કરતી હોય, એટલું જ, બાકી ગર્ભિત પડેલી હોય, તે પાછો તેવો ભવ મળતાં ખુલ્લી થઈ જાય છે. નહિતર ધારો કે અહીંના કોઈ તેવા પાપે મનુષ્ય મરીને તિર્યંચ થયો, તો ત્યાં તેવાં વિલક્ષણ પાપની બુદ્ધિ ક્યાંથી સ્ફુરી આવી ? નંદ મણિયાર શ્રાવકપણામાં ઢીલો પડી ગયો અને ઉપવાસની રાતે તરસ લાગી એમાં પાણીના નાદે ચઢી ગયો; પછી વાવડી બંધાવી, ને એની લગનીમાં મરીને દેડકો થયો. હવે એ દેડકા તરીકેનાં પાપ કરે તે ક્યાં શીખ્યો ? કહો, ખજાને વાસના પડી હતી, તે આ હલકા ભવના લીધે પ્રગટ થઈ ગઈ. ત્યારે પૂછો,

**પ્ર.**- આમ હોય તો તો પછી વાસનાઓનો અંત ક્યારે આવે ?

**ઉ.**- જીવન સારું ધર્મમય બનાવી દેવાય અને પછી એકસરખી રીતે સદ્‌ગતિની પરંપરા ચાલે, એમાં શુભ ભાવનાદિનું જોર તથા અશુભનું નિયંત્રણ રખાય, તો પેલી પાપવાસનાઓ ધર્મ ભાવનાઓના જોર અને શુભ અધ્યવસાયના બળે નાશ પામી જાય. છેવટે ક્ષપકશ્રેણિના પરિણામથી એ નષ્ટ થઈ જ જાય; કેમ કે પછી વીતરાગ અવસ્થામાં તો આત્માનું તદ્દન નિર્દોષ સ્વરૂપ જ રહે છે. માટે કહો, મોક્ષ

પમાડનારા શુભ ભાવોના દાવાનળમાં પાપવાસનાઓ બળીને ખાખ થઈ જાય છે.

પરંતુ જો કામ અધૂરું રાખ્યું, અને દુર્ગતિનો ભવ આવી પડ્યો તો પાપવાસનાઓ પ્રગટ થઈ જવાની. કહે છે ને કે ચૌદ પૂર્વી પણ જો ચૂક્યા, પ્રમાદમાં પડ્યા, તો નિગોદમાં ય ઘસડાઈ જાય છે. પછી ત્યાં પાપમય જીવન એકાએક ફૂટી નીકળે છે. તે નવું કાંઈ શીખવાનું નથી, છૂપું પ્રગટ થાય છે.

**પાપવાસનાઓ તોડવા શું કરવું ?**

માટે જ જીવનમાં આ એક કાર્ય કરવાનું છે કે જન્મ-જન્માન્તરનાં પાપોની દુષ્કૃતગર્હા એવી કરીએ, કરતા રહીએ કે જેથી પાપવાસનાઓ તૂટી જાય; પાપના અનુબંધ નાશ પામી એનાં મૂળ ઊખડી જાય. અહીં એક પ્રશ્ન થશે.,

**પ્ર.**- દુષ્કૃતગર્હા કરતા રહીએ અને પાછા દુષ્કૃત તો આચરીએ જ છીએ, પછી એ ગર્હા ઢોંગ નથી શું ?

**ઉ.**- આ પ્રશ્નના બે ઉત્તર છે, 'હા' અને 'ના'

'હા' **એ રીતે કે જો દુષ્કૃતનું આચરણ નિઃસૂગ હૃદયે થતું હોય તો એ દુષ્કૃતગર્હા ઢોંગ રૂપ છે,**

અને 'ના' એ રીતે કે જો દુષ્કૃતાચરણ સૂગ, ખેદ, ભયથી થતું હોય તો દુષ્કૃતની ગર્હા ઢોંગરૂપ નથી. તો હવે એ પૂછો,

**પ્ર.**- દુષ્કૃતાચરણમાં સૂગ-ખેદ-ભય કેમ જાગે ?

**ઉ.**- આનો ઉપાય શોધવા મૂળમાંથી વિચાર કરો. દુષ્કૃતાચરણ ત્રણ રૂપે હોય, કાં ખરાબ વિચાર, કાં ખરાબ વાણી, અથવા તો ખરાબ વર્તાવ રૂપે. એ ઊઠે છે શી રીતે ? આત્માના મલિન ભાવમાંથી. હવે જો મલિન ભાવને જ દબાવવામાં આવે, તો શું દુષ્કૃતને વાણી-વિચાર-વર્તાવમાં ક્યાંય ઊઠવા અવસર રહે ? ના, તો એ મલિન ભાવને દબાવવા શું કરવું ? આ, કે એમ વિચારવું કે 'મેં આવા મલિન ભાવ સેવી સેવીને દુષ્ટવૃત્તિના કુસંસ્કાર દૃઢ કર્યા છે, ઢીલા નહિ પણ આવા ઉત્તમ જિનશાસન સાથેના મનુષ્યભવને પામ્યા પછી પણ જો એ કરીશ તો એ દૃઢ થયેલા બીજ રૂપ બની ભવાંતરે હલકા ભવમાં મોટા ઝાડ રૂપે પ્રગટશે ! મહાદુષ્ટ વૃત્તિઓ જગાવશે ! ને ત્યારે હું કેવો અને કેટલો પાપાત્મા બનવાનો ?

ખરી રીતે તો મારે આ કરવાનું છે કે પહેલાં તો ફુજૂલ મલિન ભાવો જાગે છે, જેનો હું કોઈ લૌકિક પણ લાભ લાવી શકતો નથી, અને જે એળે જાય છે, એવા મલિન ભાવોને દબાવું, જો એને નહિ દબાવું તો કદાચ એ આગામી હલકા ભવોની દુષ્ટ વૃત્તિનાં બીજરૂપ બનશે, અને અહીં ન સેવેલાં ભયંકર દુષ્કૃત કરાવશે. માટે પહેલાં તો એવા ફુજૂલ મલિન ભાવોને દાબું; પછી દુષ્કૃત આચરાવનારા



મલિન ભાવોને દાબું; એની દુષ્ટતાને ઓળખી લઈ બને તેટલા એને મોળા પાડું.' આવા કોઈ નિર્ધાર કરો, એની દિલથી વારંવાર ભાવના કરો, તો એ મલિન ભાવોને દબાવવાની જાગૃતિ અને પ્રયત્ન ચાલુ થઈ જશે.

**પાંચમા ભવે બકરો હણાય છે.**

સુરેન્દ્રદત્તના ભવમાં જે દુરાચારનું પાપ નહિ તે હવે સમજાશે કે અહીં બકરાના ભવે ઠેઠ માતા સાથેના દુરાચાર કરવા જેથી ઉગ્ર કોટિનું કેમ જાગ્યું ?

(૧) એક તો, લોટનો કૂકડો સૂગ રહિત માર્યો અને ખાધો, એમાં પોતાની સમજુ અવસ્થા લંઘી આચાર ભંગ કરવાનું તત્ત્વ હતું, તે હવે અહીં હલકા ભવને લીધે આ રૂપે ફળ્યું.

(૨) બીજું, આત્માના ખજાને હલકી વાસનાઓ સારા ભવના હિસાબે સૂતી પડી હતી, તેને આ હલકા ભવના લીધે જાગવાનો મોકો મળ્યો.

પરંતુ બકરાનાં ટોળાંનો માલિક તો એને ઓળખે છે કે આ તો આ બકરીનું જ સંતાન છે, એટલે એનું આ કુકર્મ સહન ન કરી શક્યો. એણે ગુસ્સાના આવેશમાં ચઢી બકરાને એવું તો ડફણું માર્યું કે જે એના મર્મસ્થાને લાગ્યું અને તેથી ત્યાં જ એના તો પ્રાણ નીકળી ગયા !

**છઠ્ઠા ભવે ફરી બકરો :-**

હવે કર્મ અને ભવિતવ્યતાની વિચિત્રતા જુઓ કે બકરો મરીને એ જ બકરીની કુક્ષિની અંદર પોતાના જ વીર્યમાં ઉત્પન્ન થયો. સંસારનું કેવું આ નાટક !

**ઈશ્વર સર્જનહાર નહિ :-**

કોણ એનો સૂત્રધાર છે ? ઈશ્વર ? એ આવું બેહૂદુ સર્જન કરે ? સૂધબૂધ મુક્ત પરમાત્મા આવા ખેલ ખેલે ? જો એ સર્વશક્તિમાન છે તો જીવને અકાર્ય કરતાં જ ન અટકાવે કે જેથી એના પર દયા તો થાય ? પહેલાં તટસ્થપણે એને ગુના કરતો જોયા કરવો, અને પછી એને ફટકારવો એમાં સજ્જનતા કે દયા ગણાય ? કહો, પરમાત્મા કાંઈ વચમાં પડે નહિ, એ તો ઊંચે ચઢવાનો, સુખી થવાનો, સારા બનવાનો માર્ગ બતાવે, તમારે પાલવે તો એને અનુસરો, બાકી એ કાંઈ દુષ્ટ ઉપદેશ પણ ન કરે, અને દુષ્ટને સજાય ન કરે. સજા તો પોતાનાં બાંધેલાં કર્મ જ કરે છે. બકરાને ફરી ત્યાં જ બકરો થવાની સજા થઈ.

બકરીના ગર્ભમાં પુરાયો છે. બકરી એને પેટમાં લઈ લઈને ફરે છે. પણ કર્મ ભારે છે એટલે એને સીધે સીધો જન્મ મળે એમ નથી. માનવભવે એક પાપલેશ્યાનો પાયો નાખ્યો છે, તે હલકા ભવે ફાલે ફૂલે છે. એનાથી કપાવા-કુટાવા-છૂંદાવાનું થાય એ તો વિટંબણા છે જ, પણ મોટી વિટંબણા ત્યાં નવાં નવાં પાપો કરવાનું

થાય એ છે. માટે માનવભવે જ આસક્તિ, અહંત્વ અને અસહિષ્ણુતા ટાળી પાપલેશ્યા પર પ્રતિબંધ મૂકવા જેવો છે.

**રાજા ગુણધર બકરી પર શિકાર :-**

અહીં માતા તો વહાલથી બકરાને ગર્ભમાં લઈ વનમાં ફરી રહી છે, ત્યાં એ ય પૂર્વની માતા યશોધરા છે ને ? તે એનું પણ દુર્ભાગ્ય આવે છે તે પોતાનો જ પોતરો રાજા ગુણધર શિકારે ચઢેલો આમ તેમ ફાંફાં મારતાં ય કોઈ શિકાર ન મળવાથી પાછો ફરતો હતો, તેના જોવામાં તેવા કોઈ એક ખેતરના ભાગમાં આ બકરી દેખાઈ. ગર્ભ પુખ્ત થઈ ગયેલો છે, પ્રસૂતિનો સમય છે, એટલે બકરી ધીરે ધીરે ફરી રહી છે. રાજા ગુણધરે જોયું કે 'આ શિકાર ઠીક છે.' તરત એણે કામઠા પર તીર ચઢાવી કાન સુધી ખેંચ્યું. એને ક્યાં ખબર છે કે આ મારી દાદીનો જીવ છે.

બકરી વિશ્વાસમાં ફરી રહી છે, એય નથી જાણતી કે કાળ માથે ફરી રહ્યો છે, એટલે રાજાને શિકારનું નિશાન ચુકાય એમ નથી. શાનું ચુકાય ? ખરેખર તો કર્મ જ આ શિકાર કરી રહ્યું છે.

**જીવના ઉપર શિકારી કર્મનાં કેઈ બાણ તકાઈ રહ્યાં હોય છે,** અને જીવ પોતાની ઘેલી ગણત્રીઓમાં વિશ્વાસે દોડ્યો જાય છે, ત્યાં એનું કેટલું ઊપજે ? તકાયેલાં બાણ અદશ્ય હોય છે, અને કદાચ બાહ્ય પ્રતિકૂળ સંયોગ રૂપમાં દશ્ય પણ હોય તો ય નિશ્ચિત તકાયેલાની સામે જીવ બાથોડિયાં મારે તો ય શું વળે ? વિજ્ઞાનવાળા આજે ભારે મથી રહ્યા છે, યુગવાદીઓ મોટી સલ્તનત ફેરવવા ઘણું મથે છે, પણ કર્મના તકાયેલા શિકારની આગળ શી ગુંજાયશ ? નેપોલિયન, હીટલર, મુસોલિની જેવાને ક્યાં ખબર હતી કે અદશ્ય કર્મ શું કામ કરી રહ્યું છે ? ક્યાંના ક્યાં સુધી આગળ વધી ગયા ! ધરણી ધ્રુજાવતા હતા ! પણ કર્મનાં બાણ છૂટ્યાં એટલી વાર, મનની ઊંચી મુરાદો સાથે ધરતીમાં ક્યાંય દટાઈ ગયા !

**સુખી જીવનનો એક ઉપાય, 'ઓરતા છોડો.'**

એવા મહારથી અને મહાસામગ્રી સંપન્નને પણ કર્મ ચૂંથી નાખે ત્યાં બીજાનાં શાં ગજાં ? દુનિયામાં આવું તો કેટલુંય નજરે ચઢે છે છતાં જીવ ઓરતામાં ને ઓરતામાં દોડ્યો જાય છે ! પછી ક્યાંક અદશ્ય કર્મનો ભોગ થાય છે ત્યાં રાડ પાડી ઊઠે છે. ખરી રીતે સુખી જીવન જીવવું હોય તો બહુ ઓરતા ન કરો. ઓરતા વિસારે પાડી દેવા જોઈએ.

તમને એમ થતું હશે કે 'જીવન છે તે ઓરતા તો થયા જ કરે ને ? એ કેમ રોકાય ?'

પરંતુ એટલું તો જુઓ કે ઓરતા કરનારો સુખે જીવે છે કે નહિ



કરનારો ? સુખે જીવવા તો ચાહો જ છો, છતાં સુખમાં વિઘ્ન નાખે એવા ઓરતા કર્યે જવા છે ! કેવુંક અજ્ઞાન ! ઓરતા પૂરા તો થતા જ નથી, કેમ કે માથે કર્મનાં પાકાં નિયંત્રણ છે ! નસીબ બે ડગલાં આગળ છે ! તેથી સંતાપ રહ્યા કરે છે, એ સુખમાં અગ્નિ છે. ઓરતા હોય તો જ સંતાપ રહે ને ? 'ઓરતા નથી કરવા, લલાટમાં હશે તેથી નભાવશું.'-આ જીવનસૂત્ર જો નક્કી કરાય તો નકામી કે ન્યાય બહાર કેઈ ધાંધલ મટી જાય; આસક્તિ-અહંત્વ અને અસહિષ્ણુતાના કેઈ તોફાન જે ધર્મીપણાને લાંછન લગાડે છે તે બંધ થઈ જાય. કદાચ માનો ને અવસરે કર્મના શિકાર પણ બનવું પડ્યું, આપત્તિ આવીને ઊભી રહી, તો પણ દુર્વાર કર્મની સ્થિતિની પિછાણવાળાને આશ્ચર્ય કરવાની કોઈ જરૂર નથી. એ તો સ્થિતપ્રજ્ઞ રહીને આપત્તિનો પ્રસંગ સમભાવે પસાર કરવાનો.

**બકરી ઘાયલ :-**

રાજાએ બકરી તરફ નિશાન તાકીને સરરર કરતું બાણ છોડ્યું. બકરીનો શિકાર થયો, બાણ એના પેટમાં ખચ કરતુંક પેઠું. ભયંકર વેદનાથી એ તમ્મર ખાઈ નીચે પડી. વેદનાની પીડામાં પગ ટળવળાવી રહી છે, શરીર ધ્રૂજી રહ્યું છે, આંખ આંસુભરી સળવળી રહી છે. અહીં બાણ કોણ બહાર કાઢે ? કષ્ટનો પાર નથી.

**પાપકૃત્યની આસપાસ ચંડાળ ચોકડી :-**

રાજા તો નિશાન સચોટ તકાયું અને શિકાર બરાબર થયો જોઈ ખુશી ખુશી થઈ ગયો !

**પાપની કેવીક ખરાબી છે :-**

પાપ કરતાં પહેલાં ધગશ. કરતી વખતે ચડસ,
કરવાના કાળમાં તન્મયતા, ને કર્યા ઉપર ખુશખુશાલી !
**ધગશ, ચડસ, તન્મયતા અને ખુશખુશાલી, બધે જ તીવ્ર પાપકર્મ બાંધવાના !**
**માનવના પુણ્યકાળનું કેવુંક લીલામ :-**
**માનવના જાગૃતિકાળમાં કેવીક બેહોશી !**

શું વિચાર આવે છે કે જીવનમાં આરંભ-વિષય-પરિગ્રહના ઢગલાબંધ કૃત્યોની આસપાસ આ ધગશ, ચડસ, તન્મયતા અને ખુશખુશાલીની ભયંકર ચંડાળ ચોકડી કેવીક જામી પડી છે ? અને એ આત્માના જૂના કુસંસ્કારો અને કર્મના સંચયમાં કેવોક વધારો કરી રહી છે ? ડગલે પગલે તપાસ રાખો તો ખબર પડે કે આરંભસમારંભના કયા કૃત્ય, રૂપ-રસાદિ વિષયોના કયા સંપર્ક અને પરિગ્રહ-લક્ષ્મી-માલ-મિલકત લાવવા, મૂકવા સાચવવા વધારવાના કયા કૃત્ય કરતાં પહેલાં ધગશ, કરવાનો ચડસ, કરતી વખતે તન્મયતા અને મનગમતું થયા પછી ખુશખુશાલી નથી થતી ?

આત્મહિતની દાન-શીલ અને તપની કરણી, પ્રભુભક્તિ-સામાયિક અને નવકાર જાપની કરણી, ત્યાગ-વ્રત અને નિયમની કરણી, આ બધામાં કદાચ ધગશ વગેરે ન ઊઠતી હોય પણ સાંસારિક લાભનાં કૃત્યોમાં તો એ ઠામ ઠામ ઊઠે છે એ અનુભવાય છે. હવે વિચારો એની આત્મા પર ઘેરી અસર ! **જે ભૂલવાનું છે તેને જ ઘૂંટવાની રામાયણ ?** જીવનભર આ જ થયા કરે, તો એનું પરલોકમાં કેવું દુઃખદ પરિણામ ? બસ જાગૃતિ કેળવો, બાહોશી રાખો તો પાપ કૃત્યોની આ ધગશ, ચડસ વગેરે ઓછાં થતાં આવે.

**રાજાની મગરૂબી :-** રાજા ગુણધરે એક તો બિચારી ગર્ભિણી બકરીને હણી, ઉપરથી મગરૂબી લે છે કે કેવો સરસ શિકાર કર્યો ! શ્રેણિક રાજાએ શિકાર કરી આવો ગર્વ લેવા પર પહેલી નારકીનું આયુષ્ય બાંધ્યું હતું. પાપ કર્યા પર ફુલાવું એ પાપ વિષને વધાર્યા બરાબર છે. એથી ક્રૂર કર્મ બંધાય છે.

રાજા ગુણધર અજ્ઞાન છે, મોહમૂઢ છે, ક્રૂર પાપ પર ખુશી થાય છે, પાસે જઈને જુએ છે તો પેટે ફાટી પડેલી, લોહી લુહાણ, તરફડી મરતી બકરીના પેટમાં બચ્ચું દેખાય છે.

**બચ્ચું જીવંત છે :-**

બચ્ચું એટલું ભાગ્યવંત છે કે એને બાણ લાગ્યું નથી. રાજા બકરીનું પેટ ચિરાવી બચ્ચું બહાર કઢાવે છે. પ્રસૂતિનો કાળ પાકી ગયેલો જ હતો, તેથી એ અખંડ જીવતા બચ્ચાને અજાપાલકને સોંપી ઉછેરવા હુકમ કરે છે,

કોણ છે આ બકરીનું બચ્ચું ? યશોધર મુનિનો જીવ, માતા મરી ગઈ છે એટલે બીજી બકરીના દૂધે ઉછેરાયો, મોટો થયો, કુમારભાવને પામ્યો, જીવી ગયો.

**કલ્યાણ જીવતાં સાધવાનું કે મર્યા પછી ?**

પણ જીવીને શું ? આપણને લાગે કે મરી ગયો હોત તો બિચારો કલ્યાણ ન સાધી શકત; પણ તો જીવીનેય એને કલ્યાણ ક્યાં છે ? આગળ દેખશો કે કલ્યાણને બદલે કારમા દુઃખનાં કલ્પાંત કેવાં ખડાં થાય છે ! એવા કલ્પાંતમાં ય કલ્યાણ સૂઝતું નથી, તો અહીં જીવી ગયાની ખુશખુશાલીમાં ય ન સૂઝે એમાં શી નવાઈ ?

જાતની સાથે વિચાર કરી જુઓ મરીને કલ્યાણ સાધી શકાશે કે જીવતાં ? મર્યા પછી તો ખબર નથી કે કેવા પ્રદેશમાં, કેવા અવતારે, કેવી પરિસ્થિતિમાં મુકાવાનું થશે. ત્યાં કલ્યાણ સાધવાની શી આશા રખાય ? કલ્યાણ તો જીવતાં સાધી લેવાનાં છે.

મનને એમ થવું જોઈએ કે 'જીવીએ છીએ શા માટે ? કલ્યાણ સાધવા માટે



જ. ઊંચા માનવ ભવનાં મૂલ્ય જ એ છે કે એમાં એ સારી રીતે સાધી શકાય, માટે જીવનના કિંમતી શ્વાસોશ્વાસની સાથોસાથ વચન ઇન્દ્રિયો, તન, મન, યા ધનથી કોઈ પણ રીતે કલ્યાણ સાધના કરતો રહું.'

આવા આવા શુભ ભાવોલ્લાસ ભર્યા કોઈ નિર્ધાર કરી રાખ્યા હોય તો જાગતા રહીને અવસરે અવસરે એ માર્ગે પુરુષાર્થ કરવા તત્પરતા રહે, અકલ્યાણનો એટલો બધો ભય હોય કે પાપની વાત આવે ત્યાં ભડક લાગે; 'આમાં મારો કિંમતી માનવકાળ નુકસાનકારી નીવડશે તો ?' **માનવજીવનમાં પાપ એટલો ભાવી દીર્ઘાતિદીર્ઘ કાળ પાપપરંપરાનો પાયો !' એવી** ભડક લાગે. 'જરાક શું જૂઠ, જરાક શી માયા, જરાક શી ઘાલ-મેલ-એનાં તો પરભવે મોટાં ઝાડ ઊગે, મારું શું થાય ? કોઈનો પણ દ્રોહ-દુર્ભાવ કરું, તિરસ્કાર કરું, હૃદયભંગ કરું...એ આત્મામાં ઊંડા કુસંસ્કાર નાખી ભવિષ્યના ભવોમાં એની મોટી પરંપરા ચલાવે છે; અવસર આવ્યે પછી મહાન પૂજ્ય પુરુષો ઉપર પણ દ્રોહ, દુર્ભાવ, તિરસ્કાર કરાવે છે ! ત્યારે, એવા દ્રોહ, તિરસ્કાર, દુર્ભાવ, તિરસ્કારથી ચીકણાં પાપ બંધાઈને એનાં ફળરૂપે દુઃખ-દૌર્ભાગ્ય આવે એ તો જુદું !' આવી ભડક જાગતી હોય, શાની ભડક છે આ ? અકલ્યાણની, એ ભડક જાગ્રત રહે અને કલ્યાણની કામના મનમાં રમતી રહે ત્યારે જીવવું કલ્યાણ માટે બનાવવા ધગશ સાથે ઉદ્યમ ચાલુ રહે.

જીવીને કલ્યાણ સાધવાનું છે, મરીને કલ્યાણ નહિ થાય, એ બરાબર સમજી રાખો. જીવનો પૂર્વે તો અનેક વટાવ્યાં, પણ અકલ્યાણમાં, હવે વર્તમાન જીવન એવું ન જવા દો.

**શિકાર-ઉત્સવ : દેવની સાથે સોદા :-**

યશોધર મુનિનો જીવ બકરો જીવી તો ગયો; પણ કલ્યાણ ક્યાં સહેલું છે ? મોટો થયો, હવે એની દશા જુઓ.

રાજાએ એક વાર શિકારની સફળતા માટે દેવીપૂજનનો ઉત્સવ યોજ્યો. પૂજન દેવતાનું, પણ શા માટે કરવાનું ? બજારમાં તો સોદા થાય પણ દેવની સાથે ય સોદા ! 'અમારું આ પાપકાર્ય સારું, સફળ થાય માટે દેવ ! તારો ઉત્સવ કરીએ છીએ.' કેવી ઘેલછા ? અજ્ઞાન-અબૂઝ હતા ત્યારે તો એવા સોદા કર્યા અને કરી કરીને સંસારભ્રમણ ખંડિત ન થવા દીધું, પરંતુ હવે તો અહીં સમજદાર થયા, તો હજી પણ દેવ-ગુરુ-ધર્મની સાથે સોદા ? 'તગડું શરીર, પૈસા, પરિવાર, માન સન્માન, આટલું મને મળી જાઓ એટલે બસ !' આજ લેશ્યા ? તો શું સંસાર તૂટવા નથી દેવો ? પાપકાર્ય સફળતાપૂર્વક કર્યે જવામાં એ તૂટશે ખરો ?

**સંસાર તો તો જ તૂટે કે જો પાપ કાર્યમાંથી પાછા હટાય.** દેવાધિદેવ

વીતરાગ પરમાત્મા તો અહીં એવા મળ્યા છે કે એમના આલંબને તો પાપકાર્ય અને પાપીવૃત્તિઓમાંથી પાછા હટીને નિજના આત્માને ઉજ્જવળ કરતા રહી શકીએ; ને તો જ ભાવી ઊજળું બને; પરંતુ એની કદર જોઈએ ને ?

**હિંસામય જમણ :-**

રાજા ગુણધરે શિકાર-સફળતા માટે દેવતા-પૂજન રાખ્યું છે, પણ તે ભયંકર ! કહેવાનું પૂજન, પણ મહાહિંસામય ! એમાં બ્રાહ્મણો જમાડવાના છે, અને તે માટે પંદર તો પાડા મારી નાખ્યા ! એના માંસને મસાલેદાર રાંધીને બનાવવામાં આવ્યું.

હવે એ માંસ પહેલાં કદાચ કાગડા-કૂતરાથી એંઠું થયું હોય તો એ અશુદ્ધિ દૂર કરવી જોઈએ એમ માનીને લોકવાયકાનો આશરો લેવામાં આવ્યો. શી વાયકા ? 'બકરો પવિત્ર મુખવાળો હોય છે' એ. એટલે એ બકરાને અહીં લાવવામાં આવ્યો, અને રસોડાના દરવાજે ઊભો રખાયો. પછી રસોઇયાએ એ રાંધેલું માંસ બકરાના મુખ આગળ ધર્યું, બકરાએ એને સૂંઘ્યું; એટલે પવિત્ર થયું માની લેવામાં આવ્યું. કેવું અજ્ઞાન ! અને કેવો સગવડપંથ !

પછી બ્રાહ્મણોને જમાડવામાં આવ્યા. જમી હાથ મોં ધોઈ ઊઠ્યા એટલે એમને પંક્તિબદ્ધ ઊભા રાખવામાં આવ્યા. એટલામાં રાજા ગુણધર ચકચકતા વેશમાં સજ્જ સ્વ-અંતઃપુર સાથે ત્યાં આવ્યો. સૌની નજર એના તરફ આકર્ષાઈ,

**બકરાને જાતિસ્મરણ :-**

યશોધર મુનિ ધનકુમારને કહે છે, 'હે મહાનુભાવ ! મારી પણ નજર ગુણધરના ઉપર પડી. ભવોનો સંબંધ ચાલ્યો આવે છે, એટલે એને અને એ બધા વાતાવરણને જોતો હું ઊંડા વિચારમાં પડી ગયો કે 'આ શું ? આ મેં ક્યાંક જોયું હોય એમ લાગે છે. ક્યાં જોયું ? ક્યાં જોયું ?...' એમ ઊહાપોહ કરતાં મને પૂર્વ ભવનો વૃતાન્ત સાંભરી આવ્યો, જાતિસ્મરણ જ્ઞાન થયું. આશ્ચર્ય થયું કે 'અહો ! આ તો મારો જ પુત્ર ! આ મારું જ ઘર !'

અહીં ગુણધર પંક્તિબદ્ધ ઊભેલા બ્રાહ્મણોને ચરણે પડીને નમસ્કાર કરે છે, અને પછી કહે છે, 'આ પંક્તિ પિતાજીને નમો, આ દાદીને અને આ કુલદેવતાને.' બ્રાહ્મણો એના વચનને સ્વીકાર કરે છે.

**બકરાને ખેદ :-**

ત્યાં મને વિચાર આવ્યો 'અહો ! આવો પિતા પ્રત્યે ભાવવાળો સમૃદ્ધિસંપન્ન પુત્ર જીવંત છે, અને હું એ જ એનો બાપ દુઃખિત છું !' મને બહુ ખેદ થયો.'

કઈ દશા છે ? સુરેન્દ્રદત્તના ભવે ચારિત્રની ભાવના કરેલી ત્યારે તો માનેલું



કે 'આ જગતમાં જીવ નિરાધાર નિઃશરણ, નિર્નાથ છે, એના ભરોસે હવે શું બેસી રહેવું ? હવે તો નાથ-પરમાત્માને શરણે જવું.' આ ખ્યાલ હવે ક્યાં ગયો તે એમ સૂઝે છે કે 'આવો સમૃદ્ધ પુત્ર છતાં હું દુઃખી ?' કહો એની અસર તો ધર્મલેશ્યા ગુમાવવા સાથે ગુમાવી. હવે ભલેને જાતિસ્મરણ થાય, પરંતુ ત્યાં એ દુનિયાદારી અને એ જગતના માનેલા નકલી શરણ મનમાં સ્ફુરી આવે.

## • શરણ સ્વીકારની મહાસાધના •

**જગત શરણ નહિ આપે :-**

જગત શરણ આપે ? જગત બચાવે ? રાંક જીવને ખબર નથી કે કર્મના કારમા ઉદય જાગે છે ત્યારે બહુ માનેલું જગત-જગતના સંબંધી તો હાથ જોડીને બેસી રહે છે, કોઈ રક્ષણ આપી શકે નહિ. આજે જુઓ છો ને ભયંકર દરદ, કે અકસ્માત્‌ના ભોગ બનેલાને સ્નેહી ક્યાં સાજા કરી શકે છે ? ક્યાં બચાવી શકે છે ? હમણાં એક છોકરો ગંગા નદીમાં પડ્યો ને તણાયો, તરત બાપે એને બચાવવા નદીમાં ઝુકાવ્યું, પરંતુ છોકરો તો હાથ લાગ્યો નહિ ને ઊલટું એ ડૂબાડૂબ થવા લાગ્યો ત્યાં બીજા તરવૈયાઓએ એને બચાવી લીધો. વિચારો બાપે જીવલેણ સાહસ કર્યું છતાં પુત્રને બચાવી શક્યો ખરો ? ત્યારે તમે પૂછો કે,

**દેવ-ગુરુ શું રક્ષણ આપે છે ? :-**

**પ્ર.-** ત્યારે દેવ-ગુરુ પણ એમ તો ક્યાં બચાવી શકે છે ? કર્મના ઉદય તો તો ય વેઠવા જ પડે છે ને ?

**ઉ.-** વસ્તુ ઉપલક દૃષ્ટિએ ન વિચારો; પણ ઊંડા ઊતરો તો દેખાશે કે દેવ-ગુરુને શરણે જવાથી એ એવું તત્ત્વજ્ઞાન આપે છે, માનસિક વલણ ઘડી આપે છે, અને એવી જીવનપદ્ધતિ આપે છે કે એક તો રોગ, આપત્તિ વગેરે હવે જીવને દુઃખી રાંકડો રોતડ નથી કરી શકતા; તેમજ બીજું એ, કે ભાવી દુઃખ-દૌર્ગત્યને ઊભાં કરનારાં પાપનો લેપ લાગવા દેતા નથી. દેવ-ગુરુ-ધર્મના શરણે ગયાથી મળેલાં આશ્વાસન તો મહાન વીરતા, મહાન ધૈર્ય, મહાસમતાની બક્ષિસ કરે છે, જેના ઉપર આપત્તિને ઉત્સવ મનાવી હસતે હૈયે વધાવી લેવાનું સહજ બને છે. મહાવીર પ્રભુએ પુણિયા શ્રાવકની ગરીબી દૂર ન કરી કે ન કરાવી, પરંતુ એને એવું તત્ત્વજ્ઞાન, માનસિક વલણ અને જીવન પદ્ધતિ આપી હતી કે પુણિયાને એ ગરીબી દુઃખરૂપ લાગી જ ક્યાં હતી ? ગરીબી ટાળવા એને શરણની જરૂર જ ન હોતી; પછી એ સવાલ જ નથી રહેતો કે દેવગુરુ પણ ગરીબીમાં શરણ ક્યાં આપી શકે છે ?

ત્યારે જગતના ભરોસે રહેવામાં, એનું શરણું પકડી રાખવામાં આ હૃદય, આ તત્ત્વજ્ઞાન, આ જીવને પદ્ધતિ મળતી નથી; મળે છે વાતવાતમાં દુઃખ કરવાનું, હલકું વિચારવાનું, અને આરંભ-વિષય-પરિગ્રહને જ જીવનસાર માની એનું જીવન જીવવાનું. પછી પુણ્ય દૂબળું પડી પાપ સબળ જાગતાં હાય ને વોય થાય છે, અને પાપનાં સખત પ્રતિબંધને લીધે સ્નેહી જગતનું કાંઈ ઊપજે નહિ, એટલે અશરણ-નિરાધારપણે રોવાનું-રિબાવાનું અને અંતે રેંસાઈ જવાનું થાય છે.

**ત્રિકાળ શરણું લો :-**

માટે જ આ કરો કે ભગવાન અરિહંત અને સિદ્ધદેવ સાધુગુરુ અને વીતરાગ સર્વજ્ઞનો ધર્મ-એનું શરણું લો, રોજ ઓછામાં ઓછું ત્રિકાળ શરણું લો, અને જ્યારે જ્યારે ચિત્તમાં રાગ કે દ્વેષના સંક્લેશ ઊઠે ત્યારે ત્યારે શરણું લો. શરણું લેવાનું એટલે ગભરાશો નહિ કે એમને બધું સમર્પી દેવું પડશે, એ તો હજી વાર છે. ઊંચી કક્ષાએ એ આવવાનું છે કે જ્યાં સંસારની માયાનો ત્યાગ છે, જ્યાં ઇન્દ્રિય અને મનની કોઈ ઐહિક વાસના પોષવાનું રાખ્યું નથી, અને જ્યાં જિનાજ્ઞામય નિરતિચાર ચારિત્રજીવન જ જીવવાનું રાખ્યું છે. વર્તમાન સ્થિતિમાં તો તમારે હૃદય ઇકરાર કરવાનો છે કે 'હે નાથ-અરિહંત ! તમે જ મારે એક આધાર છો, પ્રાણ છો, રક્ષણહાર છો નાથ ! હું તમારે શરણે છું.' એમ 'હે સિદ્ધ ભગવાન ! હે મુનિ ભગવંત ! હે જિનોક્ત ધર્મ ! તમે જ મારે શરણ છો, આધાર છો, પ્રભુ ! હું તમારે જ શરણે છું, આ જગતમાં બીજું કોઈ જ, સગાંસ્નેહી, ધનધાન્ય, હાટહવેલી વિષયો તેમજ મારા અંતરના કષાયો કોઈ જ મને બચાવનાર નથી, કોઈ જ મારે શરણભૂત નથી' હૃદયના આ ભાવ સાથે ત્રિકાળ :-

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૪૨,તા.૨૨-૭-૧૯૬૧

**અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં**
**સાહૂ મે સરણં, જિણપન્નત્તો ધમ્મો મે સરણં**

આ મનમાં યા બહાર બોલીને એ શરણાં સ્વીકારો.

ધ્યાન રાખજો, આ શરણસ્વીકાર કમ પ્રભાવી સમજતા નહિ, એ તો મહાસાધના છે, એ ભવસ્થિતિનો પરિપાક કરી આપે છે, તથાભવ્યત્વ ને પકવી આપે છે, એથી જબરદસ્ત પાપનાશ નીપજે છે, મહાન અંતરાયો તૂટે છે.

**વારંવાર શરણ સ્વીકાર :-**

આપત્તિમાં તો ઘણી વાર મુકાઓ છો, વિમાસણ વારંવાર ઊભી થાય છે,



બીજાની સાથે ઊંચાનીચી અનેકવાર ભભકી ઊઠે છે, બસ એવે ટાણે વારંવાર આ શરણાં સ્વીકારો; મન બહુ ફોરું બની જશે, દિલમાં પવિત્ર ભાવનાનો સ્રોત વહેવા લાગશે. એથી પાપકર્મ ઉપર ભારે અસર પહોંચશે, એ જર્જરિત થવા લાગશે. વારંવાર એ કરવાથી, પણ દિલથી કરવાથી હોં, આત્મપરિવર્તન થશે, સ્વભાવ મુલાયમ બનશે, પાપ નબળાં પડશે, સમાધિ સુલભ થશે. અનુભવ નથી ત્યાં સુધી આનો ચમત્કાર કદાચ ગળે નહિ ઊતરે; પણ હવે અનુભવ કરવા માંડો, શરણ-સ્વીકારની સાધના શરૂ કરી દો, પછી જો જો.

બકરો પૂર્વભવનું જ્ઞાન થયું છતાં ભૂલો પડે છે, 'હાય ! છોકરો આવો સમૃદ્ધ છતાં હું દુઃખી ?' જાતિસ્મરણમાં બધું જોઈ લીધું છે, ખુદ પત્નીએ કેવો દ્રોહ કર્યો, દીકરાએ મત્સ્યના ભવે કેવો હણાવ્યો...પણ કમનસીબ છે કે એનો પરમાર્થ ન વિચારતાં ખેદ કરે છે, 'છોકરો સમૃદ્ધ છતાં હું દુઃખી !' આશ્ચર્ય છે કે ધર્મ ભૂલ્યો, દુર્ધ્યાન કર્યું એનો ખેદ નથી ! એ થાય તો તો ધર્મલેશ્યા સ્ફુરી ગણાય.

**કર્મ એમ જ સડી જાય ?**

ત્યારે, સમજાય છે કે ધર્મની લેશ્યા આવવી અને ટકવી કેટકેટલી દોહિલી છે ? એનો ભારે પ્રયત્ન જોઈએ એના બદલે અલ્લાને આશરે રહેવું છે ! કહો છો ને ભગવાન ધર્મ સુઝાડે તો સૂઝે ને ? અથવા કર્મના આધારે રહેવું છે તે કહો છો કર્મમાં લખ્યો હોય તો ધર્મ થાય ને ? જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મમાં કોઈ કર્મ એવું છે કે જેના ઉદયે ધર્મ સ્ફુરે ? ના, ત્યારે એમ કહેવાના કે 'અંતરાય તૂટે તો ધર્મ સૂઝે ને ?' પણ એ ય કહેતાં એ વિચાર્યું છે કે અંતરાયકર્મ તે કોઈ એવી સડી જાય એવી વસ્તુ છે કે એમ જ તૂટી જાય ? એને તોડવા માટે તો જાતે સુઝાડવું પડે, કે મહેનત વિના એ નહિ તૂટે, અને પુરુષાર્થ કરવો પડે. વિચારવું પડે કે 'લાવ, અંતરાય બહુ નડે છે તો એને તોડવા માટે આવી આવી મહેનત કરું. ઘણના ઘા વિના આડી ભીંત નહિ તૂટે, કર્મ તે કાંઈ સગાં છે કે એમ જ ચાલ્યાં જાય ? બસ એને તોડવા માટેનાં શાસ્ત્રોએ કહેલા ઉપાય અજમાવું. અભ્યાસે અભ્યાસે ધર્મ વધતો જશે.' **ધર્મ એ ઉદ્યમની વસ્તુ છે એ ખૂબ ખ્યાલ રાખો.**

**ધર્મલેશ્યા માટે બે વસ્તુ કરો :-**

આ તો સંસારની વાતમાં બધે 'મહેનત કરીએ તો પામીએ' માનવું છે અને પાકો પુરુષાર્થ કરવો છે, ત્યારે અહીં ધર્મની વાત આવે ત્યારે ભગવાનને, કર્મને કે અંતરાય તૂટવાને સોંપવું છે, આમાં જરૂર પડ્યે મિથ્યાત્વ પોષાય છે, અને પ્રમાદ ગળે ચોંટે છે. ધર્મની વાત આવે ત્યાં રામાટામા અને ગલ્લાંતલ્લાં કરવાં છે, કર્મમાં લખ્યું જોવું છે, બધાં પાપખાતાં ઊભાં રહે અને ધર્મ ઉપરથી ઊતરી પડે તો

જોઈએ છે ! મળશે એમ ? રખડી પડશો. કદાચ રડીખડી ધર્મક્રિયા કરી સંતોષ માની લ્યો એથી દાળદર ફીટશે ?

**ધર્મલેશ્યા ચિત્તમાં રમતી રાખવા માટે તો એક તો વિવિધ ધર્મસાધનાઓ ઝગમગતી રાખવી જોઈશે, અને**

**બીજું એથી વધારે અગત્યનું એ કે પાપખાતાઓ ઓછાં કરતાં ચાલવું જોઈએ.**

**પાપથી બચવા પ્રયોગ :-**

તીખો સ્વભાવ એ પાપખાતું છે, ઈર્ષ્યાળુવૃત્તિ-અસહિષ્ણુતા એ પાપખાતું છે; ધનનો બહુ રસ અને સ્વાર્થાંધતા એ પાપખાતું છે, બધાય રસ ખપે એ પાપખાતું છે, ગુલાબી રૂપ પર આંખ ઠરવા દેવાની કુટેવ એ પાપખાતું છે, જ્યાં ત્યાં દમામ, અનાદર, તિરસ્કાર, નિંદા, આ બધાં પાપખાતાં છે અને ઓછાં કરવા મજબૂત મને મહેનત જોઈએ. મહિને છ મહિને ય હિસાબ કાઢવો પડે કે પહેલાં કેટલાં પાપખાતાં કેવાં ચાલતાં હતાં, હવે કેમ છે. ખ્યાલ ન રહેતો હોય તો પત્રક બનાવો, પાપખાતાનાં નામો લખી સામે ખાનામાં કેટલી કેટલી વાર બચ્યા એનાં ટપકાં કરો અગર આંક લખો. રોજના રોજ એ નોંધ કરતાં કરતાં જાગૃતિ રહેશે, અને બચવામાં પ્રગતિ થશે.

**મન ક્યાં ક્યાં પાપલેશ્યાવાળું બને છે ?**

મગજ પરથી પાપખાતાનો ભાર ઓછો કર્યા વિના ધર્મલેશ્યાને ટકવું મુશ્કેલ છે. એ ભારમાં તો પાપલેશ્યા સુલભ બને છે. એના જોરમાં ધર્મક્રિયા પણ સરખી રીતે થતી નથી, ત્યારે એ ય ખ્યાલમાં રાખો કે ફલાણાને મારું, અમુકનું લૂંટી લઉં માત્ર એ જ વિચારતાં પાપલેશ્યા છે એમ નહિ, કિન્તુ પૈસા-ટકા-પરિવાર, પ્રતિષ્ઠા-સત્તા-સન્માન, રંગરાગ-ભોગ, આ બધામાં ડૂબાડૂબ મન પણ પાપલેશ્યાવાળું જ બને છે. ત્યારે વિચારો કે જિંદગીના છેડા સુધી એવી જ હાલત રહે તો આવા ઊંચા માનવ-અવતારે આવ્યા એમાંથી શું લઈ જવાનું ? ઠેઠ સુધી આ જ કરશો ? ને પાછા અમારી આગળ આ જ બોલ્યા કરશો કે કર્મ સુઝાડે તો સારું સૂઝે ને ? ઠીક છે અમે તો કાંઈ કરવાના નથી એટલે અમને રમાડી જશો પણ આ ખોટો બચાવ તમને જ ભારે પડી જશે. જીવનભર હોંશે હોંશે કરેલી પાપખાતાંઓની રમત અને પોષેલી પાપલેશ્યા પર ભેગાં થયેલાં થોક કર્મ જે વિટંબણા કરશે તે સહી જાય એવી નહિ હોય. ત્યારે આ જીવનમાં ય શી મહાશાંતિ, મહાન સ્વસ્થતા, મહાન મનોબળ અનુભવો છો ? પાપખાતાંની રમત અને પાપલેશ્યાની એ તાકાત નથી કે એ દેખાડી શકે. એ તો ધર્મલેશ્યાવાળાને જ વરેલા હોય છે.



**શાંત-સ્વસ્થતા ક્યાં ? :-**

એક જ દાખલો જુઓ કે સ્વાર્થની જ પાપલેશ્યાવાળો વિહ્વળ, ઊકળતો, ઉદાસી, અસ્વસ્થ રહે છે, ત્યારે પરોપકારની ધર્મલેશ્યાવાળો બીજાનું કરી છૂટીને સ્વસ્થ શાંત અને ઉલ્લાસી રહે છે. સ્વાર્થીનાં મન દૂબળાં આવેશી અને અસ્થિર હોય છે, જ્યારે પરોપકારીનાં બળવાન ધીર અને ગંભીર બને છે. આવું તો અનેકવિધ ધર્મલેશ્યામાં જોવા મળે છે.

**બકરાને નયનાવલીની ચિંતા :-**

બકરો બિચારો સારી લેશ્યા ગુમાવી બેઠો છે, એટલે એને જાતિસ્મરણ જ્ઞાન થવા છતાં ધર્મ ગુમાવ્યાનો ખેદ નથી થતો અને છતે સમૃદ્ધ દીકરે પોતાની દુર્દશાનો ખેદ થાય છે. એ ખેદ કરી રહ્યો છે એટલામાં ગુણધર રાજા ભોજન નિમિત્તે પોતાના માતૃવર્ગ સાથે ગોઠવાઈ જાય છે. બકરાને તો જાતિસ્મરણ છે એટલે પોતાનું એ બધું અંતઃપુર ઓળખી લે છે. પરંતુ એમાં એને પોતાની પટ્ટરાણી નયનાવલી ન દેખાઈ, એટલે ચિંતા થઈ કે 'એ વળી ક્યાં હશે ?'

**મૂઢતા અને વહીવંચો :-**

જુઓ નયનાવલીએ કરવામાં કાંઈ બાકી રાખ્યું છે ? છતાં એની ચિંતા થઈ આવે છે. આ જીવનો સ્વભાવ જ જાણે મૂઢતાનો અને વહીવંચાનો છે. મૂઢતામાં ખત્તાં ખાધાં તે ભૂલી મોહમાં તણાવું છે અને વહીવંચામાં હવે કાંઈ લેવા દેવા ન હોય છતાં બીજાની વહીઓ વાંચવી છે.

## (૧) મોહનો કઢંગો કુછંદ

બંને સ્વભાવ જાળવી રાખ્યા છે ને, કે મૂકી દીધા છે ? ના, મુકાય કેમ ? સગાં-સ્નેહી-પત્ની-પુત્ર વગેરેના ઘણાય કડવા અનુભવ થયા હશે છતાં મોહ એટલો જ ! કેવો ઘેલો કુછંદ ! કેમ જાણે ભવાંતરે બહુ સારી ઓથ દેશે ! એટલે જ ખરેખરી ઓથનું દાન કરી શકનારા દેવાધિદેવ અને સદ્ગુરુની એવી માયા લાગતી નથી. આ માયા તો ઘણી ઊંચી લગાડવાની છે, પરંતુ સગાં-વહાલાં જેટલીય માયા જો લાગી જાય ને, તો ય ન્યાલ થઈ જવાય. પણ ધ્યાન રાખજો એટલી માયા લગાડવી હશે તો જેવા તન-મન-ધનનો ભોગ એ સગાં-વહાલાં પાછળ આપો છો એટલો ભોગ દેવ-ગુરુની પાછળ આપવાનું કરવું પડશે; અને **ભોગ આપવા માંડો પછી તો દેવ-ગુરુના નિકટ સંબંધમાં આવતાં એમની અનેરી વિશેષતાઓ દેખાશે,** અને તેથી સહેજે સહેજે સંસારની માયા ઓછી થતી આવશે. પછી મોહાંધોના ખત્તા ખાધા પછીય એમના ઉપર મોહ કરવાનો કઢંગો સ્વભાવ ઓસરી જશે.

## (૨) વહીવંચાનો ભયંકર કુછંદ

હવે બીજા કુછંદની વાત. કયો એ ? જ્યાં ત્યાં વહીવંચો કરવાનો. **કશી લેવા દેવા નથી છતાં મનથી, આંખથી અને જીભથી ભટક્યા કરવાની કુટેવ !** અહીં જ જુઓને સારી મજેની જિનવાણી સાંભળવા મળી રહી છે છતાં 'પેલું કોણ આવ્યું; ક્યાં બેઠું ? કોણ ઊઠ્યું ? કોણ જઈ રહ્યું છે ?' એ જોવા આંખ ફરી રહી છે ને ? ત્યારે એ નથી તો મનમાં લોચા વળે છે જે કે 'પેલો શું બોલી ગયો તો ? નથુભાઈ કેમ દેખાતા નથી ? પેથાભાઈ બિચારાનો છોકરો માંદો પડી ગયો...પેલી શકરી ભારે નટખટ ! ને ઓલી જશલીને તો વળી અભિમાન જ માય નહિ...' બોલો કેટલા અને કેવા લોચા વળે છે મનમાં ? કાંઈ લેવા દેવા છે ? ના, માત્ર વહીવંચાની કુટેવ સામાયિકમાં, પ્રતિક્રમણમાં, નવકારવાળીમાં, રસ્તે ચાલતાં, કે નવરા બેઠાં-સૂતાં જોરદાર વહીવંચાનું કામ ચાલુ છે ! કાં આંખેથી, કાં મનથી, અને કોક મળવો જોઈએ, તો જીભથી; પણ વહીવંચાની જુગજૂની આદત ઓછી કરવાની વાત નથી.

ખૂબી તો પાછી એ છે કે એમાં કાંઈ મળતું તો છે નહિ ! કેસરિયાજીમાં પંડ્યા જૂની વહીઓ વાંચે છે, 'ભાઈ ! તમારા દાદાનું નામ આ, બાપાનું આ, એ અહીં ફલાણી સાલમાં આવ્યા હતા...' ચાલ્યું વહી વાંચવાનું પરંતુ એમાં તો એને સામાનું આકર્ષણ થવાથી ભેટ મળે છે; ત્યારે અહીં કાંઈ મળે છે ? ના, અહીં તો કોઈ કાણી કોડીય પરખાવતું નથી, કોઈ આબરૂય વધતી નથી, ઊલટું ગંભીર પુરુષને બદલે બહુ બોલકણા કે વાતોડિયા યા ગપ્પીદાસમાં ખપવું પડે છે, છતાં વહીવંચાની કુટેવ છોડવી નથી ! એમ, મનથી આડા-અવળા ભૂંસા કૂટવાના વહીવંચામાં મન નિર્બળ, ચંચળ, સત્ત્વહીન બને છે, કેટલીકવાર તેવા વિચાર કરવામાં મન તામસી બને છે, ચિંતા-સંતાપ વધારે છે, ઉપયોગી વિચાર ભૂલી જવાય છે, છતાં વહીવંચાનો કુછંદ કેમ મુકાય ? ત્યારે આંખોને બહુ ભટકાવવામાં ય શું મળે છે ? રાગ-દ્વેષની હૈયાહોળી ! ફોગટ જ ને ? લાભ કશો નહિ. કોઈનો બંગલો જોયો, મનથી સારાનું સર્ટિફિકેટ આપ્યું, પરંતુ એ બંગલાવાળો એક દિવસ પણ વાપરવા આપે ? એક રાત પણ સૂવા દે ? ઊલટું પોતાના સામાન્ય ઘર પર જરા ઇતરાજી થઈ, દુઃખી થયા, યા બંગલાવાળા પર ઈર્ષ્યા થઈ.

**કહો ત્યારે આ વહીવંચામાં શું કમાવવાનું ?**

(૧) આ જ ને કે રાગદ્વેષ-ઈર્ષ્યા-દુર્ધ્યાનથી આત્મામાં અનાદિના કુસંસ્કારો દૃઢ ને વૃદ્ધિંગત કરી જવાના ?

(૨) બીજું થોકબંધ પાપકર્મનાં પોટલાં બાંધી જવાનાં !



(૩) વળી ઇન્દ્રિયો અને મન સત્ત્વહીન ને રઝળતાં કરી હીરામાણેકના વેપાર કરવાને સમર્થ છતાં ઉકરડા ઉલેચનારા બનાવવાનાં !

(૪) તેમજ, સારા ઉચ્ચ વિચાર, જાપ, ધ્યાન, નિર્દોષ ક્રિયા વગેરે કરવા માટે અયોગ્ય-અસમર્થ થવાનું !

(૫) ત્યારે, વહીવંચાની આદતમાં બહાર બહુ ભટકવાનાં, રાતના ઉજાગરા કરવાના, આચરકૂચર વાંચવાના, ઘરનાં કામ બગાડવાના, વગેરે કુપ્રસંગ ઊભા થાય એ જુદું.

(૬) તો એમ પણ બને કે ક્યારેક ખોટા કલહ-ક્લેશ પણ જાગી ઊઠે.

(૭) જીભથી વહીવંચામાં જૂઠ હંકારવાને ય સહેજે અવસર મળી રહે છે.

**જીવનમાં મોટો ખ્યાલ :-**

કેટલાં બધાં નુકસાન ? આ એકેક ભયંકર છે, પરંતુ એમાં જે અનાદિના કુસંસ્કારો દૃઢ થવાનો અને વૃદ્ધિ પામવાનો અનર્થ છે તે ખાસ લક્ષમાં રાખવા જેવો છે. અહીં આપણે માનવ ભવે આવ્યા છીએ તે શા માટે ? કુસંસ્કારોને ઘસારે પાડવા માટે, કેમ કે એ વિના કોઈ કાળે આપણો ઉદ્ધાર નથી અને એ કરવા માટે માનવભવ જેવો બીજો કોઈ ભવ નથી. હવે જુઓ કે આ વહીવંચામાં મોટે ભાગે જડની લોથ હોય છે અને એમાં રાગ, દ્વેષ, હર્ષ, શોક, મદ, મત્સર, આસક્તિ, આતુરતા વગેરે દુર્ગુણો પોષાય છે અને તે કુસંસ્કારોમાં વધારો કરી આપે છે, ઘટાડો નહિ ! જીવન જીવતાં તો મોટો ખ્યાલ પળે પળે આ રાખવાનો છે કે કોઈ કુસંસ્કારને દૃઢ થવાનું તો નથી મળતું ને ? જીવન જીવવા માટે ઉપયોગી પણ જડપરિચયના પ્રસંગમાં કુસંસ્કારને જરાય દૃઢ થવાનું ન મળે એવું વલણ, એવી વિચારસરણી અને એવા બોલ રાખવાના છે. પછી નકામાં એની વૃદ્ધિમાં તાણી જનારા બિન ઉપયોગી પ્રસંગમાં તો પડવાનું ય શાનું હોય ?

**કોઈ પણ વિચાર કે ઉચ્ચાર કરતાં પહેલાં એ જુઓ કે જીવન જીવવા માટે આ ઉપયોગી છે ?**

**અને કદાચ મનને ઉપયોગી લાગે છે તો એ કુસંસ્કારનું પોષણ તો નથી કરતું ને ?**

જો ઉપયોગી નથી પણ નિરર્થક છે તો એ વહીવંચો છે, ને એ જીવનને ધૂળધાણી કરનાર બને છે.

**નયનાવલીનો પત્તો : કોઢ :-**

બકરો ખોટી ચિંતામાં પડ્યો છે કે 'ત્યારે એ નયનાવલી ક્યાં હશે ?' એટલામાં બાજુમાં એક દાસી બીજીને કહે છે,

'અરે સુંદરી ! આજે પાડા તો તાજા મારીને એનું માંસ રાધવામાં આવ્યું છે ત્યારે આ દુર્ગંધ શાની આવે છે ?'

સુંદરી જવાબ દે છે, 'અરે પ્રેમમંજૂષા ? એ તો આ નયનાવલી રસલંપટપણામાં ખાવાનું ભાન નથી રાખતી તે માછલો ખાઈ ગઈ છે ને એમાંથી એને કોઢ થયો છે; તે એની રસીની દુર્ગંધ છે. બહુ ખાય તે એવું જ બને ને ?'

ત્યાં પ્રેમમંજૂષા બબડી ઊઠે છે, 'અરે ગાંડી ! ત્યારે તું ભૂલી પડી ! એ કોઢ કાંઈ એનો ન સમજતી; એ તો તને ખબર નથી, એણે બહુ સદ્ભાવવાળા, બહુ પ્રેમાળ મહારાજાને ઝેર દઈ મારી નાખેલા એ પાપના ફળરૂપે આ તો પાશેરામાં પહેલી પૂણી છે. બસ છોડ હવે એની લપ. ચાલ અહીંથી ખસી જઈએ, નહિતર વળી કાંક હુકમ છૂટશે !'

**બીજાના સદ્ભાવ, વિશ્વાસ ને લોકપ્રિયતા માટે જરૂરી ત્રણ ગુણ :-**

વિચારજો રાજા સુરેન્દ્રદત્તે સ્વામી તરીકે કેવું ઔચિત્ય અને ઉદારતા-વત્સલતાભર્યું જીવન જીવ્યું હશે કે આજે પરોક્ષમાં પણ દાસી એના ગુણાનુવાદ ગાય છે ! આજે ય એવા માલિક કે ઉપરી જોવા-સાંભળવા મળે છે કે જેની ઉદારતા, વત્સલતા અને ઔચિત્યપાલન ચારે બાજુ એક સરખી લોકપ્રિયતા ફેલાવે છે. બીજાઓનો વિશ્વાસ અને સદ્ભાવ એમને એમ નથી મળતાં; એ માટે જાતે ઉચિત વર્તાવ, ઉદાર દિલ અને પ્રેમાળ હૈયું રાખવું પડે.

**ઉચિત વ્યવહાર :-**

જરાક પૈસા મળ્યા, શેઠાઈ મળી, કે સત્તા મળી એટલે રોફનો વર્તાવ ને રેઢિયાળ બોલ લગાવો, પ્રપંચ ખેલો એ અનુચિત વ્યવહાર છે, પછી ભલે ને તમારા બંધાયેલા ઉપર કરતા હો, તમે એને ખટાવતા ય હો, છતાં એનો સદ્ભાવ નહિ મેળવી શકો. એવો રોફ એ તો નાદિરશાહી છે. શ્રાવકના પ્રશંસનીય અવતારે આ ? યુવરાજ રામચંદ્રજીએ કેવા ઉચિત વ્યવહાર રાખ્યા હશે કે એ વનવાસે જવા -નીકળે ત્યારે આખી પ્રજા રોતી-કકળતી પૂંઠે લાગે છે ! તમે તો એવા મોટા સમૃદ્ધ નથી ને ? પછી શાના ઉપર ને શું ભવિષ્ય વિચારીને રોફ ? મૂકો એ, ને ઉચિત પવિત્ર વ્યવહાર કરો.

**એમ, ઉદાર અને પ્રેમાળ દિલના વર્તાવ** પણ બીજાના બહુમાન જીતવા માટે જરૂરી છે. ઉદાર એટલે બીજાનું ખમી ખાવું જોઈએ, બીજાને માફ કરવા જોઈએ ને બીજા પર દયા તથા ઉદાર સેવા વહેવડાવવી જોઈએ. **જાત માટે નમ્રતા, સહિષ્ણુતા, બીજા પ્રત્યે ક્ષમા-સહાનુભૂતિ, અને નીતરતી કરુણા તથા પરોપકાર એ ક્ષુદ્રતા મિટાવી ઉદારતા લાવે છે, અથવા કહો કે ઉદાર બનવામાંથી એ બધું પ્રગટે**



**છે.** એમ પ્રેમાળ બનો એથી ઈર્ષ્યા, તિરસ્કાર વગેરેને તિલાંજલિ મળે છે. નાનામાં નાના છોકરા કે ભિખારીથી માંડીને મોટા શેઠિયા સુધીનાને આપણા માટે એ પ્રતીતિ થાય કે 'આ ભાઈ પ્રેમાળ છે.' મૈત્રીભાવનાના વિકાસથી એ બને.

**મૈત્રી એટલે બીજા પર નીતરતો સ્નેહ અને એના હિતની ચિંતા.** સંઘ પ્રત્યે, સાધર્મિક પ્રત્યે, હૈયામાં આ ઊછળતા હોય તો વર્તાવ કેવો હોય ? ત્યારે એય સમજી રાખવાનું છે કે એ ન હોય તો એટલો લાભ ઓછો એવું નથી; એ તો દર્શનાચાર છે. એનો ભંગ એ સમ્યગ્દર્શનને મલિન કરનાર છે. એક બાજુ ભગવાનની મોટી ભક્તિ કરી સમ્યગ્દર્શનને પામવા-ઉજાળવા મથો, પણ બીજી બાજુ એમના જ સંઘ-સભ્ય પ્રત્યે દ્વેષ-દુર્ભાવ દાખવો, અનાદર-અવગણના કરો, તો એ સમ્યગ્દર્શનને પામવા ન દે, યા પામ્યા હો તો મેલું કરી નાખે. અનંત ભવોમાં આ અરુચિ-દ્વેષ બહુ કર્યા. અહીં પણ એ ? પરલોક ભાતામાં સાથે શું લઈ જશો ? જે પકાવી રાખશો તે જ ને ? પછી એનાં મહા-કટુ-વિપાક કેવા આવશે એ સમજો છો ? કૂતરા જેવાં હલકા પ્રાણી જ્યાં ત્યાં હડધૂત કેમ થાય છે ? કહો પૂર્વે મદમાં ને ક્ષુદ્રતામાં બીજાને હડધૂત કરતા રહ્યા હતા, તેથી એમાંય સાધર્મીની વારે વારે અવગણના, નિંદા અને અરુચિ ભવાંતરે કદાચ બોધિ દુર્લભ કરી દેશે એ ભૂલતા નહિ. મેતારજે પૂર્વભવે 'ગુરુએ ધર્મ આપ્યો પણ પરાણે આપ્યો' એમ સહેજ અરુચિ કરી એમાં તો એવા દુર્લભબોધિ થયા કે તદ્ભવ-મોક્ષગામી છતાં અને પૂર્વેથી નક્કી કરી રાખ્યા મુજબ દેવે પ્રતિબોધ કરવા ઘણું મથ્યા છતાં વર્ષો સુધી બોધ ન લાગ્યો.

**મનુષ્યપણાના ઊંચા મનનું મૂલ્યાંકન કરો.** એ એવી ક્ષુદ્રતા, અરુચિ, તિરસ્કારની વિષ્ટાએ લેપવા યોગ્ય નથી; એના પર તો ઉદારતા, પ્રેમ, સદ્ભાવના ચંદનલેપ કરવા જેવા છે. ગંદું કરેલું મન સડી સડી આત્મામાં કોહવાટ ફેલાવશે. સુવાસિત કરેલું મન વિકસી વિકસી આત્માને સ્વસ્થ અને ગુણોથી પ્રફુલ્લિત કરશે.

સુરેન્દ્રદતે એ ઔચિત્ય-ઉદારતા-વત્સલતા દાખવેલા છે એટલે દાસી યાદ કરે છે 'કેવા પ્રેમાળ મહારાજા ! એમને નયનાવલીએ ઝેર દીધું તો એ અત્યારે કોઢ-રોગમાં સડી રહી છે.' અહીં એક પ્રશ્ન થશે.

**પ્ર.**- તો એવા ગુણિયલ સુરેન્દ્રદત્તને આવા દુઃખદ તિર્યંચના અવતાર કેમ ?

**અંતે કરેલાનું ફળ પહેલું :-**

**ઉ.**- કર્મની આ એક વિચિત્રતા જુઓ કે જીવે અંતે જે કર્યું, કેટલીકવાર કર્મ એનું ફળ પહેલું ચખાડે છે. તો શું પહેલું કરેલું રદ બાતલ થયું ? ના, એવો એકાંત નથી. તેથી પહેલાનું જ્યાં સિલિકમાં પડ્યું છે એ એનો પ્રભાવ આગળ દેખાડશે.

ગોશાળાએ અંતે પાપનો પશ્ચાત્તાપ કર્યો તો સીધો બારમો દેવલોક મળ્યો, અને પહેલાંના દુષ્કૃતોનાં ફળ પછી એને દુર્ગતિમાં ભયંકર ચાખવાનાં છે.

કૃષ્ણ અને શ્રેણિક રાજાએ અંતે લેશ્યા બગાડી, સીધા નરકમાં પડવું પડ્યું, પણ પૂર્વનાં સુકૃતનું મહા ફળ પછી પામવાના છે.

પાર્શ્વપ્રભુના જીવ મરુભૂતિએ અંતે આર્તધ્યાન કર્યું તો મરીને તરત હાથી થયા, પણ પૂર્વની સાધનાનું ફળ પછી પામ્યા.

કર્મને ત્યાં આવું બને છે, છેવટની સ્થિતિનું ફળ પહેલાં લો, અને પછી પૂર્વની કરણીનું ફળ મળશે. જો કે એમ પણ બને કે પછીની સ્થિતિ એવી જોરદાર હોય તો પૂર્વનું કર્યું-કરાવ્યું ધૂળધાણી ય કરી નાખે; સારું નરસાને ભૂંસી નાખે યા નરસું સારાને; પણ બધે ભૂંસાઈ જ જાય એવું નહિ. રાજા સુરેન્દ્રદત્તને બધું ભૂંસાઈ ગયું નથી, માટે તો આગળ જોશો કે ઉદય એકદમ થવા માંડે છે. પણ હમણાં તો માતાનું દાક્ષિણ્ય, પત્નીનો મોહ વગેરેમાં તણાવાની અંતિમ ભૂલની સજા ભોગવાઈ રહી છે.

**ધર્મલેશ્યા અખંડ રાખો :-** ત્યારે એ જોવા જેવું છે કે અવસરે બીજી-ત્રીજી ધર્મપ્રવૃત્તિ કરી દેવી સહેલી છે, પરંતુ ધર્મલેશ્યા અખંડ જાળવી રાખવી મુશ્કેલ બને છે. લાખ રૂપિયાનો સંઘ કાઢવો હોય તો હજી કાઢી દેવાય, પરંતુ ધર્મલેશ્યા અખંડ ટકાવી રાખવાની સાત્ત્વિક્તા મોંઘી છે. જાતને ધર્મસાધક બનાવતાં તો આવડે છે, કિંતુ એથી વધુ 'સાત્ત્વિક બનાવી દેતાં શીખો. પાપની વાત આવે ત્યાં ઘસીને ના પાડી દેવાની, 'મારી ધર્મલેશ્યા બગાડનાર કશું કરવા હું તૈયાર નથી. નહિ બને મારાથી એ', આ ટેક જોઈએ. ધર્મલેશ્યા તો ખરેખરા પ્રાણ છે, એને ટકરાવનાર કોઈપણ સંયોગે છોડવાની તૈયારી સાત્ત્વિક નર ન રાખી શકે. સુરેન્દ્રદત્તે માતાએ ચીંધેલા પાપમાં મતુ માર્યું, પત્ની પાછળ સત્ત્વ ગુમાવ્યું, એ સૂચવે છે કે ધર્મલેશ્યા અખંડ જાળવવાનું સત્ત્વ કેટલું મોઘું છે, કપરું છે ! તો એ માટે સર્વ પ્રયત્ન અજમાવતા રહેવું પડશે.

**નયનાવલીની દુર્દશા પર બકરાનો સંતાપ :-**

યશોધર મહાત્મા ધનકુમારને પોતાની બકરાના ભવની સ્થિતિ કહી રહ્યા છે, 'નયનાવલી ક્યાં હશે એવી મારી ચિંતા તો દાસીઓના વચને ટળી. દાસીઓ બોલીને ત્યાંથી ખસી ગઈ, અને મેં ચારે બાજુ એને શોધી કાઢવા વિશેષ દૃષ્ટિ નાખી ત્યારે એક બાજુ બેઠેલી નયનાવલીને મેં જોઈ. અહો ! કેવી દુખિયારી એ બની ગઈ હતી. હજારો માખીઓ એના શરીર પર બણબણતી હતી, અને એની કાંઈક લાલ આંખ જાણે બહાર ઊઠી આવી હતી. હે મહાનુભાવ ! એને એવી જોઈને મારું દિલ અત્યંત તીવ્ર દુઃખથી બળવા લાગ્યું.

'મને થયું "અહાહા ! આ મારી પ્રેયસી કર્મમળથી છવાઈ ગયેલી કેવી કદરૂપી બની ગઈ છે ! આખું સૌન્દર્ય એનું બિચારીનું નષ્ટ થઈ ગયું છે ! જાણે સાક્ષાત્ નવો જન્મ ન પામી હોય ! જે એના મુખથી ચંદ્રમાની, સ્તનથી મોટા કુંભની અને આંખોથી વિકસ્વર કમળની શોભાને જીતી લેનારી હતી, ને સર્વ સ્ત્રીજગત કરતાં અધિક લાવણ્યવાળી હતી, એને આ શું થઈ ગયું ? અરે ! જુઓ તો ખરા કે આંગળીઓ ગળી ગઈ છે અને સાથે એના એ જ મોહક અવયવો અત્યારે ઉદ્વેગકારી બની ગયા છે ! એનો કાળો કેશકલાપ, લાલ હોઠ અને હરણી જેવી સ્નેહ અને ચાપલ્યથી આસપાસ ફરતી કટાક્ષ નાખતી આંખોથી એ ભલભલા તીવ્ર તપસ્વી ઋષિઓને પણ અત્યંત ચિત્તાવર્જક બનતી; એ જ પ્રિયા બિચારી કેમ હવે પાપોદયવશ એના એ જ અંગોથી કામી પુરુષોને પણ ચિંતવતાંય અરુચિકર બની છે !" આ પ્રમાણે સખેદ ચિંતવતો હું ત્યાં ઊભો છું'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૪૩,તા.૨૯-૭-૧૯૬૧

**દયા આત્માની કે ચામડાના રૂપરંગની ? :-**

જુઓ બકરો નયનાવલીની દયા ખાય છે. કોઈની પણ દયા તો જરૂર ખાવાની, તો સગાંસ્નેહીની તો વિશેષ કરીને, પરંતુ પ્રશ્ન એ છે કે દયા આત્માની ખાવી કે ચામડાના રૂપરંગની ? બકરાને એ તો સૂઝે છે કે પાપોદયવશ આ બધું બની રહ્યું છે, છતાં ઉત્તમ ભવ અને ભાવનાથી ભ્રષ્ટ છે, આત્માની દયા ક્યાંથી સૂઝે ? યોગભ્રષ્ટ આત્મા તો યોગસાધના કરતાં કરતાં મૃત્યુ આવી ગયું, પરંતુ શુભ ભાવમાં મૃત્યુ છે તેથી ભવાંતરે પાછી યોગસાધના શરૂ થઈ જાય છે, ત્યારે આ તો ભાવનાથી ભ્રષ્ટ છે અને મૃત્યુ પામ્યો છે એટલે સારી ભાવના દુર્લભ બની ગઈ છે. જાતિ-સ્મરણથી બધું જાણવા છતાં એ સુલભ નથી બનતી એટલા ચીકણા મનઃપરિણામ અંતરમાં જામી પડ્યા છે ! એ સૂચવે છે કે નજર સામે બધું તરવરે, પરંતુ બધાને સારી ભાવના થાય એવો નિયમ નથી. પૂર્વે અંતરનાં વલણ એટલા ચીકણાં ન કર્યા હોય તો સારી ભાવનાને અવકાશ રહે છે. માટે ભાવીમાં એવી ઉચ્ચ શુભ ભાવના રહે એવી ઈચ્છા હોય તો વર્તમાનમાં ક્યાંય પણ હૈયામાં પાપી-ચીકણું વલણ ન થવા દો.

વિચારવા જેવું છે કે ચામડાના રૂપરંગની દયા ખાધી તો પણ એથી શું વળે છે ? જાલિમ અશુભ કર્મના ઉદય તો એના નિર્ધારિત ભાવ ભજવે જ છે; ત્યાં

ચામડાના ખોળિયાની દયા ખાધેલી કાંઈ ઉપજાવી શકતી નથી; એના બદલે, **જો આત્માની દયા ખાધી હોય તો સંભવ છે એ દયાથી પ્રેરાઈ યોગ્ય શબ્દો કહેતાં સામાને**

**(૧) બીજા પર દ્વેષ ન કરવાનું,**

**(૨) પાપબુદ્ધિ ન સેવવાનું, અને**

**(૩) સ્વકૃત કર્મ પર દૃષ્ટિ રાખી સમતા-સમાધિ જાળવવાનું સૂઝે;**

અને કદાચ સામાનું એ ભાગ્ય ન હોય તો પણ પોતાને તો અંતરમાં શુભ ભાવ કેળવવાનો લાભ તો મળે જ છે. ત્યારે પેલામાં તો અશુભ ભાવ જ જાગે છે.

**બીજાના દુઃખ પર અનુમોદના કરો છો ? :-**

કેટલા સુંદર ઉપાય છે ! ક્યાંય કાંઈ દેખ્યું કે સાંભળ્યું ત્યાં ઝટ મનમાં આ આત્માની દયા જેવું વિચારવાનું શરૂ કરી દીધું હોય તો દિલ દ્વેષ-દુર્ભાવ વગેરેથી કલુષિત ન થાય. નહિતર તો કેટલીક વાર એમાં ભયાનક વિચાર પર મન ચઢી જાય છે. એક દાખલા તરીકે જુઓ, કોઈ શોખીન માણસ રેલની મુસાફરીમાં ડબાની બહાર બારીએ વળગીને મુસાફરી કરે છે. એમાં માનો કે ગફલતમાં નીચે પડ્યો ને વાગ્યું, તે જોઈ એવા પણ કહેનાર મળે છે કે 'બહુ ઠાંસમાં ભાઈ બહાર લટકતાં હતા તે વાગે જ ને ? એ તો એ જ દાવના છે.' હવે વિચારો આ કહેવું યોગ્ય છે ? ના, એમાં તો 'બિચારો પડી ગયો, વાગ્યું, કેટલું બધું દુઃખ આવ્યું !' એવી દયા ખાવાના અવસરે એ દ્વેષ કરી રહ્યો છે, સામાના દુઃખની અનુમોદના કરી રહ્યો છે. શો ફાયદો ?

**સામાએ કરેલા ગુનાનો દ્વેષથી વિચાર એ તો દોષદૃષ્ટિ પોષે છે.** જન્મોથી દોષદૃષ્ટિ તો ચાલી જ આવે છે, એમાં અહીં હ્રાસ કરવાનો છે, તેના બદલે આવા વિચારમાં એને ઘૂંટીને પાકી કરવાનું થાય છે, એ ખ્યાલ છે ? ત્યારે દયાનો વિચાર તો નવો ઘૂંટવાનો છે. એનો સુવર્ણ અવસર અહીં માનવભવમાં છે અને આવા આવા પ્રસંગે એ કેળવવા ખાસ તક રહે છે. એ જો ચુકાય, તો પછી કેળવવાનો અવકાશ ક્યારે ?

**'સૌને સદ્‌બુદ્ધિ મળો' એ વિચારો :-**

કોઈનાય દુઃખની અનુમોદના આપણે શા સારું કરીએ ? 'સારું થયું એને વાગ્યું;' એ તો અધમ વિચાર છે. એવી દુઃખની અનુમોદનામાં જાત માટે અશાતા કર્મ અને ભાવી દુઃખનાં નિર્માણ થાય છે ત્યારે 'બિચારો પડી ગયો, કેવો પાપોદય ! એમાં દયા સ્ફુરે છે. એથી પણ આગળ વિચારો કે **'જીવને મોહ કેવો સતાવે છે ! પાપના કરુણ ઉદય નજરે નિહાળવા છતાં પાપ ઓછાં કરવાનું મન**



**સરખું થતું નથી ! પ્રભુ ! એમને સદ્‌બુદ્ધિ મળો, એમનું કલ્યાણ થાઓ.'** આવું વિચારાય તો એ સામાના આત્માની દયા વિચારાઈ કહેવાય.

**દિવસમાં કેટલીવાર આત્મા પર દૃષ્ટિ ? :-**

બકરો નયનાવલીના ચામડાની દયા ખાઈ રહ્યો છે કે 'બિચારીને આ શું થયું ? સૌંદર્ય સાવ નષ્ટ ?' વિચારવા જેવું છે દિવસમાં કેટકેટલી વાર ચામડા પર, ને ક્લેવર પર નજર જાય છે, અને આત્મા પર તથા પરમાત્મા પર કેટલી જાય ? એ બહુવાર શરીરનો વિચાર ખૂબ ઘૂંટાઈ ગયા પછી દૃષ્ટિ જડદૃષ્ટિ બની ગયેલી શી રીતે સહેજે સહેજે આત્મા તરફ વળે ? સનત્કુમાર ચક્રવર્તી જેવા આત્મા વિરલ કે એક વારના રોગ પ્રસંગમાં સીધા આત્માના વિચાર પર ચઢી ગયા, 'આ બહુ માનેલું રૂપ અને શરીર જો આમ વિશ્વાસઘાત કરે તો આખાય જગતના પદાર્થોનું પૂછવું જ શું ? શા માટે એના ખોટા વિશ્વાસે રહી બિચારા અનંતાનંત કાળના પીડિત મારા આત્માના હિતની મોંઘેરી તક મળેલી ગુમાવવી ?' થઈ ગયા ઊભા.

પોતાના કે પરના આત્માની દયાનો વિચાર એ માનવભવનો અર્ક છે, ખરી માનવ દૃષ્ટિ છે;

કેવળ કાયાનો વિચાર એ પશુ દૃષ્ટિ છે, ક્ષુદ્ર જંતુ-દૃષ્ટિ છે. ચામડાનો જ વિચાર કોણ કરે ? ચમાર.

**કૂબડાનો પ્રસંગ :-**

એક રાજાની સભામાં એક વાર એક કૂબડો માણસ દાખલ થયો. એના બેઢંગ દેહને જોઈ મોટા પંડિતો પણ ખડખડ હસી પડ્યા ! વિદ્વાનો ખરા પણ તત્ત્વજ્ઞાનમય દિલવાળા ઓછા. શાસ્ત્ર ચર્ચાઓ કરવી સહેલી છે, પણ શાસ્ત્ર વચનમય હૈયું બનાવવું કઠિન છે.

વિદ્વાનોના હસી રહ્યા પછી હવે કૂબડો ખડખડાટ હસવા લાગ્યો.

એને રાજા પૂછે છે, 'અરે ! કેમ આમ હસી રહ્યો છે ?

કૂબડો કહે છે, 'મને પ્રભુકૃપાએ તત્ત્વજ્ઞાનનો રસ છે, આત્માનો વિચાર કરવાનું ગમે છે. મેં સાંભળ્યું હતું કે આપના દરબારમાં ઘણા વિદ્વાનો છે તેથી મને હોંશ જાગી કે લાવ જાઉં એમના દર્શન તથા આત્મતત્ત્વજ્ઞાનની ગોષ્ઠીનો લાભ મળશે. પરંતુ આજે મને આશ્ચર્ય થાય છે કે આપ જેવાએ આ શું કર્યું કે પંડિતોને બદલે ચમારોની પલટણ ભેગી કરી ? મારા અંદરના મહાસમૃદ્ધ, શક્તિસંપન્ન આત્મા તરફ ન જોતાં મારા તુચ્છ બાહ્ય ચામડા તરફ જુએ છે, તો ચામડા પર તો ચમારોની દૃષ્ટિ હોય.'

વિદ્વાનો આ સાંભળી ભોંઠા પડી ગયા, ને પોતાની ભૂલ સમજી ગયા.

રાજાને પણ બહુ અસર થઈ.

**બીમારી આદિ દુઃખમાં શું કરવું ?**

માણસને બીમારી આવે છે ત્યારે વારેવારે શરીર પર દૃષ્ટિ જાય છે. 'હું માંદો, બહુ દરદ ! મને આ અનુકૂળ, આ પ્રતિકૂળ, ઊંઘ ન આવી, પેટ દુઃખે છે, દાક્તરને આમ કહીશ તેમ કહીશ. ગરમી બહુ પડે છે. દવા પાંચ વાર લેવાની છે, વજન ઊતરી ગયું છે.' બસ આવા ને આવા જડ કાયાના વિચાર અને યોજનાઓ મનમાં રમ્યા કરે છે. એમાં પ્રતિકૂળતા ટાળવા માટે જડ ઉપાયો જ સૂઝે છે. ત્યાં એ વિચાર નથી આવતો કે **"આ બીમારી દરદ વગેરે તો પાપના ઉદયે છે, અને પુણ્ય પાપને ઠેલે. માટે પુણ્ય વધારવા દે.** લાવ, બીમાર છું તો નવરો છું, તો

**(૧) નવકાર કે અરિહંતની ધૂન મચાવવા દે,**

**(૨) અરિહંતાદિ ચારનાં શરણ, મહાપુણ્યોનાં સુકૃતોની અનુમોદના અને સ્વ દુષ્કૃતગર્હા વારંવાર કરવા દે.**

**(૩) એમ સચિત ત્યાગ, વિગઈત્યાગ તેમજ બીજી ત્રીજી લપ-છપના ત્યાગના ટૂંકા ટૂંકા અભિગ્રહ કરવા દે.**

**(૪) દુઃખીઓનાં દુઃખ ટાળવા શક્ય દાન દેવા દે.**

**(૫) રોજ ભાવના ભાવવા દે કે 'જગતનું કલ્યાણ થાઓ, દુઃખીઓનાં દુઃખ ટળી જાઓ, રોગીઓના રોગ મટી જાઓ.'**

**(૬) પ્રભુભક્તિ, ગુરુસેવા, સામાયિક, બ્રહ્મચર્ય વગેરેની સાધના ખૂબ ખૂબ કરું !"...**

રોગ આવે, દુઃખ આવે, ક્લેશ થયો હોય, આપત્તિમાં મુકાયા હોય ત્યારે આવું બધું ખાસ સૂઝે છે ખરું ? આત્મદૃષ્ટિ ખૂલ્યા વિના નથી સૂઝતું. ને જાતમાં જ ન સૂઝે તો પછી બીજાઓ માટે તો ક્યાંથી જ સૂઝવાનું હતું ?

**બકરા પર આફત :-**

બકરો નયનાવલીના કદરૂપા બનેલા શરીર પર ખેદભરી ચિંતા કરતો કેટલોક વખત ત્યાં ઊભો રહ્યો છે, એટલામાં રાજા ગુણધર રસોઈયાને બોલાવે છે અને મોં બગાડી કહે છે,

'અરે ! આ પાડાનું માંસ મને રુચિકર નથી થતું, તો બીજું કાંઈ જલદી લાવ.'

રાજાનો હુકમ છૂટ્યો ને રસોઈયો ગભરાયો કે 'મહારાજા પ્રચંડ શાસનવાળા છે, આદેશ થયો ને અમલ ન કર્યો તો બાર વગાડી નાખે. માટે હવે જરાય વિલંબ ન થવો જોઈએ. પણ અહીં તત્કાળ બીજું શું લાવું ? આ સામે બકરો ઊભો છે, એનો જ ઉપયોગ કરું.'



યશોધર મુનિ પોતાની એ બકરાપણાની સ્થિતિ કહી રહ્યા છે કે 'રાજાનો હુકમ અને રસોઈયાની મારા તરફ નજર જોતાં મને ફફડાટ થયો. પણ ફફડાટ ક્યાં કામ લાગે એમ હતો ? એ તો રસોઈયાએ 'હલકુ લોહી હવાલદારનું' કર્યું.

જગતમાં આવું ઘણું ચાલે છે. **નબળા પર સબળો શૂરો.** માત્ર પોતાના પર વળી કોઈ વધુ સબળો સવાર થાય એ ગમતું નથી; પોતે અનેકાનેક નબળા ઉપર જોહુકમી ચલાવવા ખડે પગે તૈયાર છે. જાણે નબળાને સુખનો કોઈ હક નથી, હક બધો પોતાને છે. હે ભાગ્યવાન ! આપણે આપણી જાતને આવા પિશાચી હકમાંથી બચાવી લેવાની છે. તો જ નીચી ગતિને બદલે ઊંચી ગતિના, અધઃપતનને બદલે ઉન્નતિના રાહ ખૂલે. નબળા પર શિરજોરી કરીને ઉન્નતિ સધાતી હોય તો તો જગત આટલું કેમ અવનતિમાં સબડ્યા કરે ?

**સગવડ છતે ધર્મ સુઝાડો :-**

'રસોઈયાએ ઝટ છરો લગાવીને મારા શરીરમાંથી ખચ એક લચકો કાપી લીધું. અહાહા ! એની કેવી લાય ઊઠી છે ! લોહી નીકળી રહ્યું છે, કોણ અહીં મલમપટો કરનારો બેઠો છે ? માનવભવમાં બધી સગવડ સૂઝે છે, અને છતાંય એ મળવા ઉપર પણ ધર્મસાધના સૂઝતી નથી ! કેટલી કરુણ દશા ! એમ થતું નથી કે 'આટ આટલી સગવડ ભોગવ્યા પછી તો ધર્મ કરી લઉં. સગવડો ખૂંચવાઈ ગયા પછી તો શું કરી શકવાનો હતો ? પછી તો સગવડની પાછળ ફાંફાં માર્યા કરવાનું જ સૂઝશે. પેટ ધરાયા પછી પણ ધર્મ નથી સૂઝતો તો પેટ ભરવાના સાંસા હશે ત્યારે તો ક્યાંથી લાવું, કેમ લાવું, વગેરેની જ જપમાળા રહેશે.'

"રસોઈયાએ તો મારા શરીરમાંથી કાપી લીધેલ માંસના લચકાને ઝટ શેકી નાખી રાજાને પહોંચાડ્યા. રાજાએ એમાંથી થોડું આગળ બેઠેલા બ્રાહ્મણોને અને કંઈક નયનાવલીને પહોંચાડ્યું અને બાકીનું પોતે ખાધું. હવે જો કે પેલી મા બકરીનું શું થયું ?

**માતા બકરી તરીકે મર્યા પછી પાડો :-**

"રાજા ગુણધરે શિકાર કરીને મારેલી (મારી પૂર્વભવની માતાનો જીવ) બકરી મરીને કલિંગ દેશમાં ભેંસના પેટે પાડા તરીકે જન્મી, કાળક્રમે પાડો વધીને મોટો થયો. હવે એના પર માલની પોઠ લદાય છે. સોટાના માર ખાતાં ખાતાં ઊંચકીને લઈ જવા પડે છે. કર્મના દેવાં ઊભાં કરવાં સહેલાં છે, પણ ચૂકવતાં ઠુંસ નીકળે છે.

**પાડાનું તોફાન :-**

"એક વખતે એ પાડાને ભાર લાદીને વિશાલા નગરીમાં લાવવામાં આવ્યો

છે. એના પરથી ભાર ઉતાર્યા પછી એને જરા સિપ્રા નદીના કિનારે છૂટો મૂકવામાં આવ્યો છે. ત્યાં અશ્વશાળામાં પ્રધાન એક ઘોડાનો વછેરો પાણી પીવા અને ન્હાવા નિમિત્તે નદીમાં ઊતરવા જતો હતો એ જોઈ આ પાડાને તાન ચઢ્યું તે કર્યો હલ્લો વછેરા પર ! બિચારાનો કોઈ વાંક નથી છતાં એને લીધો લપેટામાં ! મસ્તાન પાડા આગળ પેલાનું શું ગજું કે એ એને હંફાવે ? તોફાને ચઢેલા પાડાએ એને શિંગડાં મારી મારી અને પગેથી ખૂંદી ખૂંદીને એને મારી નાખ્યો.''

**ખોટા વિચારોથી કેમ બચવું ?**

મદમસ્તીમાં પરિણામ ક્યાં જોવું છે ? માણસ જેવો માણસ પણ જો ભૂલો પડે તો આ તો પશુ ! યશોધરા માતા તરીકે દીકરા પર પાપ કરવાનો આગ્રહ કર્યો છે તે હવે પાપબુદ્ધિ ફાલીફૂલી છે. પાપની કેળવણી કરતાં જો વિચાર નથી રાખ્યો, તો પછી પાપ ઝુંડની જેમ કેમ ન વળગે ?

તમે ફરિયાદ કરો છો ને કે 'અમને ખોટા વિચારો કેમ બહુ સતાવ્યા કરે છે ? અરે, ધર્મક્રિયામાં ય ચિત્ત ચોંટવાને બદલે પાપ વિચારોનો રાફડો કેમ ફાટે છે ?'

પરંતુ શું એ વિચારો છો ખરા કે અત્યાર સુધીનો ભારી અભ્યાસ કર્યો રાખ્યો છે ? જેનો બહુ અભ્યાસ, એના જ વિચારો મગજમાં ઘોળાયા કરવાના કે બીજાના ?

**'તૃષ્ણાએ સમતારસ બિગડે' :-**

વાતવાતમાં જો ચડભડવાનું, ઊકળી ઊઠવાનું અને બફારા કાઢવાનું રાખ્યું છે તો એની પાછળ વિચારો કંઈ જાતના ઊઠવાના ? તમે તો ધર્માત્મા ગણાઓ, ધર્માત્માએ તો ઠરેલ રહેવાનું હોય, ધર્મી જીવ ઠરેલ નહિ રહે તો શું પાપી જીવ રહેશે ? વિચારી જુઓ આત્માની સ્થિતિ કે કઈ કક્ષાએ છે ? ઘરમાં બેઠા જરા વાસણ ખખડે છે ને હૈયું બગડે છે, 'હેં ? થાળી કોણે પછાડી ?' અરે મહાનુભાવ ! પછાડી શું, ફૂટવાની હોય તો ફૂટવા દે ને ? એ જો ને તારો મહાકિંમતી આખો સમતાભાવ ફૂટી રહ્યો છે ? કદાચ વાસણ તો હજીય સંધાશે પણ ફૂટેલા સમતાભાવને ક્યાંથી સાંધી શકવાનો હતો ? કવિ કહે છે,

**'ઘોર પહાડ ઉજાડ ઉલંઘી, આવ્યો સમકિત માર્ગે;**
**તૃષ્ણાએ સમતારસ બિગડે, કુંભ ઉદક જિમ કાગે.**
**જીવડા ! વિષમ વિષયની હેવા.'**

અર્થાત્ હે જીવ ! ઘોર મિથ્યાત્વના મિથ્યાતત્ત્વના પર્વત અને સંસાર રુચિ-પુદ્ગલાનંદના ઉજ્જડ વેરાનોમાં તું ભટકતો હતો તે હવે એ ઓળંગીને ઉજ્જવળ સમ્યક્ત્વના ઝગમગાટ રાજમાર્ગ પર આવી ગયો છું, પણ એ ધ્યાન રાખે કે આ



જે વિષયતૃષ્ણા અને માન મર્તબાની લાલસા કરી રહ્યો છે એનાથી એ સમ્યક્ત્વનો સમતારસ બગડી જશે. અભિમાન યા ખોટા વિશ્વાસમાં ન તણાતો કે 'સમ્યક્ત્વ તો મારું બગડે જ નહિ,' કેમ કે જો કે ગમે તેટલા નિર્મળ ગંગાજળનું બેડું પનિહારી ભરીને આવતી હોય, એ જળ પરમાત્માના મસ્તકે ઢળાવા લાયક હોય પરંતુ જો એના બેડા પર કાગડો બેસીને પાણીને જરા પણ બોટે તો બેડાનું કુલ પાણી બગડી જાય છે. એવી રીતે જગતના સારા-નરસા, કિંમતી-તુચ્છ, કડવા-મીઠા પદાર્થો પ્રત્યે સમ્યક્ત્વની તત્ત્વ પરિણતિથી ઊભી કરેલી સમત્વબુદ્ધિ યાને સમતારસ તૃષ્ણારૂપી કાગડીના બોટાવાથી બગડી જાય છે. માટે હે જીવ ! ધ્યાન રાખ કે **'વિષમ વિષયની હેવા,'** વિષયોની તૃષ્ણા ઝેરીલી છે, દુઃખ ભરી છે. હવે એ કાં જગાડે ? કાં વધારે ?

મનને એમ થશે કે શું જરાકમાં સમતારસ બગડી જાય ?'

હા, એ અનાદિ તૃષ્ણાનું ઝેર એવું ઉગ્ર છે કે એ થોડું પણ સમતાને બગાડી નાખે. માટે આજની ચમત્કારિક દુનિયામાં તો ઘણું દેખાશે, પણ અનંત કાળના મુસાફર આપણે અહીં અતિ અલ્પકાળના વિસામા વખતે એના તરફ દૃષ્ટિ સરખી નથી નાખવાની, એમાં જરા પણ મન ઘાલવા જેવું નથી કે સહેજ પણ તૃષ્ણા કરવાની નથી, યા આકર્ષાવાનું નથી. તો જ અહીં સુલભ મહાકિંમતી સમતારસ ટક્યો રહેશે. બાકી તો સમતાને બદલે મમતાની લોથ પશુજીવનમાં હતી તેવી યા તેથી વધુ કપાળે ચોંટી જ પડી છે સમજો.

મમતા કરાવનારી સંયોગ-સામગ્રી આજે ચારેકોર પથરાઈ પડી છે, ત્યાં આકર્ષણ-મમતા-તૃષ્ણા સહેજે થવાના; સમતા-સમ્યક્ત્વભર્યા આત્મા પર તૃપ્તિનું ઢાંકણ દઈ દેવાય તો પછી તૃષ્ણા પડીને અંદરનો રસ બગાડે નહિ. 'મને તો ઘણું મળ્યું છે, જોઈએ તે કરતાં બહુ છે. ભલે શીરો નહિ, રોટલી મળી, પણ હું તો જુવારના રોટલાને યોગ્ય, તેના બદલે આ રોટલી એ તો ઘણું ઘણું મળ્યું.'...આમ ધરાયેલાની ઉપરપણું રખાય એ તૃપ્તિ કહેવાય. ત્યાં પછી તૃષ્ણાનાં તોફાન ન ઊઠે. દિલના ઘણા પાપઓરતા ઓછા થઈ જાય. ખોટા વિચારોનાં ધાડાં ઊલટી ન પડે.

**જીવનમાં એ તપાસ કરો** કે કઈ જાતના ખોટા વિચારો બહુ આવ્યા કરે છે ? શું ખાનપાનના આવે છે કે પૈસાટકાના ? મોટાઈ લેવાના વિચારો સ્ફુરે છે યા સારી સારી સગવડ મેળવવાના ? તપાસો ઝીણવટથી તપાસો, કઈ ઇન્દ્રિયોના વિષય તરફ વધારે ઝોક છે ? સગવડ-સરંજામના જ વિચારો ઊભરાય છે કે કોઈના પ્રત્યે દ્વેષ-દુશ્મનાવટના ? યા બીજાના દોષ, બીજાની ખામીઓ અંગે મનમાં ગડમથલ બહુ ચાલે છે ? તપાસ કરો, અને તપાસતાં જે અંગેના ખોટા વિચાર આવ્યા કરતા હોય એના પર દિલમાં આ ભાવ ઊભો કરો, એની ગુલામીની ભયાનક્તા વિચારો કે એ કેવી ગુણોપાર્જનની મહાન તકને ખુવાર કરી રહ્યા છે ! ઉપરાંત એના આકર્ષણ ઓછા કરો, ઓછા કરવા એના ભોગવટા, મન મજબૂત કરી કમ કરતા આવો. એની સામે સારી ભાવનાઓ, તત્ત્વ ચિંતન, અને સારાં સત્કૃત્યો ઊભાં કરો. ખોટાથી બચવા માટે એના અભ્યાસ ઓછા કરવાની સાથે સારી વસ્તુના સંગ, પરિચય, અભ્યાસ જગાવવા વધારવાની જરૂર છે.

જો આવું બધું નહિ થાય, તો ધ્યાન રાખજો કે આજ સુધી ચાલ્યું આવ્યું તેમ મન-વચન-ઇન્દ્રિયો ચારે કોરનાં પાપ કરવાની જ કેળવણી કરવામાં મગ્ન રહેશે, અને પછી એના ફળમાં પાપ વિચારોનાં ધાડાં મગજમાં કેમ ન ઊતરી આવે ?

**માટે પહેલું તો આ કરવા જેવું છે કે** પાપની કેળવણી ઓછી કરો અને મોહમાયાની લગન ઓછી કરો. તો જ ધર્મક્રિયામાં, જાપમાં, ધ્યાનમાં મન લાગી શકે.

તમે કહેશો 'ત્યારે આ બધી જંજાળ ઉપાડેલી ક્યાં મૂકી આવીએ ?'

પરંતુ એમાં એટલું તો કરી શકો ને કે એક કામ કરતાં બીજા-ત્રીજા વિચારો, અને સદા ફૂજુલ વિચારો બંધ કરવા ? ફળ વિનાનું બોલવું બંધ કરવું ? ફોગટ આંટા મારવાનું ને ફર ફર કરવાનું ઓછું કરી નાખવું ? આ બધું ઓછું કરાય તો પાપની કેળવણી ઓછી થાય.

**ધર્મ ક્રિયામાં સ્થિર ચિત્ત માટે :-**

બીજી વાત એ છે કે ધર્મક્રિયામાં સ્થિરતા માટે એ શરૂ કરવાના થોડા કાળ પહેલાંથી મન ફોરું કરી દેવું. એ માટે જીવનમાં આજ સુધી કરેલી પાપકેળવણી પર થઈ રહેલી ઉત્તમ જીવનની બરબાદી ખ્યાલમાં લઈ એના પ્રત્યે ભય, અરુચિ મનમાં ઉલસાવવાની, અને હવે તારણહાર ધર્મક્રિયા હાથમાં લેવાય છે તેનો હર્ષ અને હૂંફ પ્રગટાવવાના. તો હૈયું ફોરું થાય; ને પાપજમેલો ડંખે છે માટે એના તરફ કંટાળો



અને ધર્મની મમતા જાગ્રત થાય. પછી ધર્મક્રિયામાં ચિત્ત આડે અવળે દોડાદોડ નહિ કરે, આનો અખતરો કરી જુઓ. ધર્મક્રિયા શરૂ કરતાં પહેલાં જરા સ્વસ્થ થાઓ, મોહ-માયા, આહાર-વિષય-પરિગ્રહ વગેરેની જંજાળ પર કંટાળો ઊભો કરો, વિચારો કે 'અહો ! કેટકેટલા પાપભાવો અને પાપવૃત્તિ મને પીડી રહ્યા છે ! ઉત્તમ માનવભવના કેવા કૂચા થઈ રહ્યા છે ! બસ, હવે થાક્યો હું, મૂક એની લપ.' આ નક્કી કરી પછી જાપ, ધ્યાન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ વગેરે શરૂ કરો.

**ધર્મક્રિયાની પહેલાં શું જરૂરી ? :-**

મુશ્કેલી એ છે કે જીવને હજીય ધર્મક્રિયા કરવાની જરૂરિયાત લાગે છે, પણ એ પૂર્વે એને યોગ્ય આત્મા બનાવવાની-સ્વસ્થ થવાની અને મોહમાયાદિ તથા પાપભાવો પર ભરચક કંટાળો લાવવાની જરૂર નથી લાગતી ! અગર કહો તેનો ખ્યાલ સરખો નથી ! ધર્મક્રિયા તો ઔષધ છે, એનાથી અનાદિના રોગ કાઢવાના છે. મોહ-માયાદિ તથા પાપભાવો એ રોગ છે. રોગ પહેલાં ભયાનક જ ન લાગે અને એના પર કંટાળો ન આવે તો ઔષધ ઔષધના રૂપે ક્યાંથી સેવાવાનું હતું ? તેમ ધર્મઔષધ ઉપર પ્રેમ શી રીતે ઊભરાવાનો ? ધર્મક્રિયાઓ, જાપ, ધ્યાન વગેરે સેવાય છે ખરા, પણ જો જો 'એ ઊછળતા પ્રેમથી સેવાય છે ? ને કદાચ લાગે કે પ્રેમથી સેવાય છે તો એ જો જો કે મોહમાયા અને પાપભાવોનો રોગ કાઢવા માટે સેવાય છે કે કોઈ ઐહિક માનપાન, પારલૌકિક સારી ગતિના સુખની લાલચથી સેવાય છે ? દુર્ગતિથી બચવા સેવાતા હોય તો પણ શું દુર્ગતિનાં દુઃખોનો ભય માત્ર છે કે ત્યાં મોહમાયા-પાપભાવો જાય એ ઉદ્દેશ છે ? અંતરની ચકાસણી કરતા રહેવાનું છે, અને આ ધગશ કેળવવાની છે કે મોહમાયા તથા પાપભાવો કેમ ઘટતાં આવે. ધર્મક્રિયાથી એ ધગશ સક્રિય બને છે માટે એમાં જોડાતાં પહેલાં મોહમાયા અને પાપભાવોનો કંટાળો અને થકાવટ ઊભા કરવાના છે. એનાથી હૃદય ફોરું બની ધર્મક્રિયામાં સાચી હોંશ-હોશિયારીથી જોડાશે. પછી ત્યાં એમાં જ મન કામ કરતું રહેશે અને પાપવિચારો પર નહિ આકર્ષાય. તેમજ સાંસારિક પ્રવૃત્તિ કે ફુરસદના સમયે પણ પાપભાવોને પોષવાનું ઓછું થશે. આવું કંઈક થાય તો પાપકેળવણી ઘટે.

**પાડાને સજા :-**

યશોધરા માતાના જીવે પાપકેળવણી કરી છે તે હવે અહીં પાડો થયા પછી બિચારા વછેરાના કોઈ વાંક વગર એના પર તૂટી પડી એને ખતમ કરે છે.

**માનવજીવનમાં ધિટ્ઠો કરેલો આત્મા પશુ અવતારે કૂણો થવો મુશ્કેલ છે; એ તો વધારે ધીટ બને છે માટે અહીં ધીટ બનો નહિ.**

અહીં રાજાને તરત જ ખબર આપવામાં આવે છે, એટલે એ એકદમ ગુસ્સે થઈ કહે છે, 'અરે ! એ દુષ્ટ પાડાને પકડી લાવો.'

રાજાનો આદેશ થતાં જ એને ત્યાં લઈ આવવામાં આવ્યો. એને જોઈને રોષથી હોઠ ફફડાવતાં રસોઇયાને બોલાવી કહ્યું. 'એ ! આ દુરાચારી દુષ્ટ પાડાનું જીવતાં જ જલદી શેકણું કર.' ગુણધરને ક્યાં ખબર છે કે આ દાદીનો જીવ છે ? બકરોય પાડાને ઓળખતો નથી; પણ જાતિસ્મરણથી દીકરાને ઓળખે છે અને આ બધું શું બની રહ્યું છે તે સમજે છે. પોતાની ય લોહીઝરતી સ્થિતિ બની છે, પણ હવે જે પાડાના હાલબેહાલ જુએ છે તેથી તો ભારે કમકમી થાય છે.

યશોધર મહાત્મા ધનકુમારને કહે છે, 'હે મહાનુભાવ ! જો, રાજાના હુકમ પર માણસોએ ત્યાં ભૂમિ પર ચાર બાજુ ચાર ખૂંટા ઠોકી ઊભા કર્યા, અને પાડાને સાંકળોથી જકડી એ સાંકળના છેડા એ ખૂંટા સાથે કસીને ગાંઠી દેવામાં આવ્યા. હવે પાડો એવો જકડાઈ ઊભો કે જરાય હાલી કે ચાલી શકે નહિ. પછી એની ચારે બાજુ નજીકમાં ખેરનાં સુક્કાં લાકડાં ગોઠવી સળગાવવામાં આવ્યાં. પાડાના મોં આગળ એક મોટા કઢાયામાં લૂણ, હીંગ, સૂંઠ, મરી વગેરેનું પાણી ભરી મૂકવામાં આવ્યું. ચારે બાજુ ભડભડતો અગ્નિ સળગ્યો, મોટી મોટી ઝાળ ભડભડી રહી છે, વચમાં પાડો ઊભો ઊભો ભડથું થઈ જાય એવો શેકાઈ રહ્યો છે ! એના પ્રચંડ તાપમાં હોઠ, કંઠ અને તાળવું એટલાં બધાં સુકાઈ ગયાં કે તીવ્ર તરસની પીડા ઊઠી. હવે શું કરે ? મીઠું પાણી છે નહિ અને તૃષા સહન થાય એવી નથી એટલે આગળ પડેલા કઢાયામાંથી ખારું-તીખું પાણી પીએ છે; ભાવતું નથી તો ય પીએ છે. પણ પીને ક્યાં રહે ? પેટમાં ગયેલા ખારાં-તીખાં પાણીએ પેલી ભડ-ભડતી જ્વાળાઓની ઘોર શેકામણમાં ઓર વધારો કર્યો. અંદરથી લાયો ઊઠી ! એવો અંદરમાં બળુ બળું થઈ ગયો કે પૂંઠેથી છાણ નીકળી પડ્યું !

એટલામાં રાજાનું ફરમાન છૂટ્યું 'અરે ! જલદી 'પાડાનું શેકાયેલું ભડથું મોકલ.'

પાડો અસહ્ય લાયોની પીડા બહાર અને અંદરખાને તો ભોગવી રહ્યો છે, એમાં વળી રસોઇઓ છરો લઈને આવ્યો એની પાસે, અને શરીરના જે જે ભાગમાં માંસ શેકાઈ શેકાઈને પાકી ગયું છે તેના લોચા કાપી લે છે અને લઈને રાજાને મોકલી આપે છે. પાછું 'વળી રાજાનો બીજો હુકમ છૂટશે,' માની કપાયેલા બળુ બળુ ભાગો પર ઘીના છંટકાવ કરે છે અને ઉપર તીક્ષ્ણ મરી-હિંગ-લૂણ ભભરાવે છે. પાછો આગ વધારે છે !



**તુલના કરો :-**

વિચારજો વેદનાનો કારમો પ્રકાર. આમાંની એકેક પીડાનો અંશ પણ અહીં સહવો ભારે થઈ પડે છે, અંતર કકળાટ કરે છે, 'અરરર ! હાય ! ઓય ?' થઈ જાય છે, મન સંક્લેશમાં પડે છે ! ઉનાળાની સહેજ ગરમી વધી જાય તો શું શું થાય છે ? ત્યારે એની સામે આ ચારે બાજુની ધીખતી જ્વાળાઓનો તાપ કેટલો ઉગ્ર ? ઉનાળામાં તૃષા લાગી અને રીઢા માટલાનું પાણી પીવા મળે તોય વિહ્વળતા થાય છે. અહીં ભયંકર શેકામણમાં ખારાં અગર અને તીખાં તમતમતાં પાણી પીવાય એના ક્લેશ કેવા ? પછી જે લાયો ઊઠે એની તીવ્ર વેદના કેવી ? અંગ છોલાતાં જરાક ચામડી ઉઝરડાય તોય અગન ઊઠે છે, ત્યારે અહીં માંસના લબરકા કપાય એની પીડા કેટલી બધી તમતમાટ ? શરીરે જરાક ચાંદી પર સહેજ ખાર પડે તો અરર થાય છે, ત્યારે માંસના લોચા કપાયે પડેલા મોટા ચાંદા પર લૂણ-હીંગ-મરી વડે એની લાયો કેટલી ભયંકર ? ઉપરથી શેકાવાનું તો ચાલુ જ છે ! તુલના કરી કરીને વિચારો તો ખ્યાલમાં આવે કે કેટકેટલી કારમી લાયો, અગન અને જ્વલનની ઘોર પીડા આ પાડાને ભોગવવી પડે છે ! પાપ કરતી વખતે બોલવું સહેલું છે કે 'પછી જે બનશે તે જોઈ લેવાશે,' પરંતુ પછીની કારમી વેદનાઓનો અંશ પણ અહીં આવી પડતાં સહ્યો જતો નથી; એ કેમ ભુલાય છે ? આજે પણ જગતમાં પ્રાણીઓ પર ઘોર જુલ્મ નથી વરસતા એમ સમજતા નહિ. દવાઓ, ઈંજેક્શનો, તથા શોખ-સગવડની વસ્તુઓ બનાવવા પાછળ માછલાં, મરઘાં, વાંદરા, સસલાં, પાડા, બળદ વગેરે તથા અનેક જાતના કીડાઓ પર ક્રૂર સીતમો વરસી રહ્યા છે. જીવતાં ને જીવતાં ભૂંડ આખા ભઠ્ઠીમાં ધકેલી શેકી નાખે છે; ને મરઘાં ઊકળતા પાણીમાં બાફી નાખે છે !

**આ બધું જાણીને ખૂબ સાવધાન બની જાઓ,** એક લોટના કૂકડાને મરાવવાના આગ્રહ અને એની સાથે સંકળાયેલી ક્રૂરતા પર માતા યશોધરાના જીવને દુર્ગતિના દુઃખદ ભવો અને ભયંકર વિટંબણા તથા પાપલેશ્યા પૂંઠે લાગી ગયા છે ! એ જોઈને સર્વ નાના-મોટા જીવો પર અપરંપાર દયા ઊભરાવો, જીવો પર ભરપૂર દયાથી દિલને બહુ કોમળ અને ગદ્‌ગદ રાખો. વધુ પડતી હિંસાનાં કાર્ય છોડી દો, એવી હિંસાની વસ્તુ છોડી દો. મનને કહી દો કે 'એવી પ્રવૃત્તિ કે વસ્તુ સેવીને મારે નિષ્ઠુર દિલ નથી વહોરવું, નહિતર ભાવી ભવોની પરંપરા બગડી જાય.'

**બકરા પર ફરી આફત :-**

યશોધર મહાત્મા ધનકુમારને કહે છે,' હે મહાનુભાવ ! માતાના જીવ પાડાની કરુણ કથની તને શું કહું, મારા કરુણ હાલ જો. રાજાએ પેલું મોકલાયેલું

માંસ ખાતાં ખાતાં વળી બૂમ મારી 'અરે ! કાંઈક નવું શેકેલું લાવ.' સાંભળતાં જ રસોઈયાએ મારા પર ક્રૂર નજર ફેંકી, એ જોઈને મને થયું કે 'હાય ! શું ત્યારે આ પાડાની જેમ મારુંય ઊભા તાપ વચ્ચે શેકણું થશે ? ધીખતા અગ્નિ વચ્ચે ભડથું થવાનું ? કપાવાનું ?' એ વિચારથી કમકમી ઊઠ્યો ! હૈયું કકળી ઊઠ્યું ! નસો અકડાઈ ગઈ ! સાંધા ઢીલા પડી ગયા ! સમસ્ત ઇન્દ્રિયોનું બળ ગળી ગયું ! ઢીલા ઘેંસ થઈ જાણે કંઠે પ્રાણ આવી ગયા છે એ સ્થિતિમાં ઊભેલા મને રસોઈયાએ પકડ્યો, અને ખટાક કરતાંક મારું બીજું પડખું કાપી નાખ્યું ! હે ભાગ્યવાન ! એક પડખે તો લોહીલુહાણ કપાયેલી વેદનામાં બળી રહ્યો હતો, એમાં જીવતાં ભડથું કરાવવાના તીવ્ર ભયમાં થરથરી રહેલા મારા અંગ પર એ પડેલા ઘાએ હવે વધુ જીવી શક્યો નહિ, મારા પ્રાણ ઊડી ગયા ! હે દેવાનુપ્રિય ! એ જ વખતે પાડાએ પણ ભયંકર શેકામણ-કપામણના ત્રાસમાં પ્રાણ છોડ્યા" કતલખાનામાં આવું બને છે. કાપવા લીધેલો ઘેટા-બકરા ઉપર ચકમક છરો અને પૂર્વના કપાતા બકરાના હાલ જોઈ ઢીલોઘેંસ પડી જાય છે. સામનો કરવાની તો શું, પણ ભાગી છૂટવાની ય કોઈ હિંમત રહેતી નથી. આંખ મીંચી લોચા જેવો બની જાય છે. એના પર ક્રૂર છરાનો ઘા પડતાં ખલાસ !

**યશોધર મુનિનો ૭ મો ભવ-કૂકડો**

સમરાદિત્ય કેવળી ભગવાનનો જીવ ચોથા ભવમાં શ્રેષ્ઠી પુત્ર ધન નામે પરદેશમાં કર્મની વિટંબણા ભોગવીને આવ્યા પછી હવે મુનિ યશોધર મહાત્માનો સમાગમ મળતાં એમના વૈરાગ્યના કારણ તરીકે નવ ભવનો અધિકાર સાંભળી રહ્યો છે. એમાં મહાત્માએ રાજા સુરેન્દ્રદત્તના ભવથી માંડીને મોર, સર્પ, માછલો, બકરો અને ફરીથી બકરો, એમ છ ભવ વર્ણવ્યા પછી હવે સાતમો ભવ કહે છે,

'હે દેવાનુપ્રિય ! હું બકરો અને માતા યશોધરા પાડો, બંને ક્રૂર પાપના ઉદયે કારમી વિટંબણા ભોગવી સાથે મર્યા. રૌદ્રધ્યાન ન આવ્યું એ સદ્ભાગ્ય, પણ આર્તધ્યાને આ જ વિશાલા નગરીમાં ચંડાળના વાડા પાસે એક કૂકડીના પેટમાં કૂકડા-કૂકડી તરીકે સાથે અવતર્યા. હજી તો અંદર ઈંડાંની અવસ્થામાં છીએ, જન્મવાની તૈયારી છે, એટલામાં જ્યાં મા કૂકડી એક ઉકરડા આગળ ફરી રહી હતી ત્યાં અકાળમોત એને તેડવા આવ્યું ! એક બિલાડીના બચ્ચાએ એને પકડમાં લીધી. બિલાડીની પકડ એટલે શી વાર ? એ છુટાય ? તરત એણે એને ફેંદી નાખી.

**ખોટા ગુમાન અને ખોટા ભરોસા :-**

આ પરિસ્થિતિમાં વિચારો કે હવે અહીં ઈંડાંને બચવાની આશા શી ? જીવનો પોતાનો પુરુષાર્થ ક્યાં કામ લાગે ? પુરુષાર્થ તો હજીય મોટી કૂકડી કરી



શકે, અંદર રહેલાં ઈંડાં શું કરી શકે ? પણ એક ભાગ્ય એવી ચીજ છે કે અવસરે એ પુરુષાર્થવાળાને બેસાડી દે છે, અને પુરુષાર્થ વિનાનાને બચાવી લે છે.

માટે જ, મહાનુભાવ ! બાહ્ય **પૌદ્ગલિક સગવડ-અગવડ અંગે માણસને થતું પુરુષાર્થનું ગુમાન ખોટું છે, વિશ્વાસ જૂઠો છે.**

જગતમાં આ જોવા બહુ મળે છે. ખોટા ગુમાન કરનારા અને ખોટા ભરોસે રહેનારા કેઈ મહારોગી થઈ ગયા ! કેઈ ભિખારી થઈ ગયા ! કેઈના પરિવાર તૂટી ગયા, યા વિરોધી બની ગયા ! અને કેઈ અકાળે ઊઠીને પરલોક ચાલતા થઈ ગયા ! ખોટા ઘમંડ કે ભરોસા ક્યાં કામ લાગ્યા ? નજરે જોવા મળે છે ને આ ? છતાં ઘમંડ અને ભરોસામાં તણાવું છે ? એમાં એ જોતા નથી કે હાથમાં આવેલો હીરો ગુમાવી રહ્યા છો ! દાન-શીલ-તપ-ભાવ-પ્રભુભક્તિ-શાસ્ત્ર પરિચય, વ્રત-નિયમ-સામાયિક, નવકાર, અરિહંત જાપ વગેરેની તક એ હીરો છે. પણ લક્ષ્મીના ખોટા ભરોસામાં દાનની તક, આરોગ્યના ખોટા ભરોસામાં ત્યાગની અને તપની તક, વિષયોના ભરોસામાં શીલ અને વ્રતોની તક, સમયના ભરોસામાં નવકારમંત્ર અને સ્વાધ્યાયની તક, આવી આવી અમૂલ્ય તકો ગુમાવાઈ રહી છે કે નહિ ? જગતના ભરોસે રહેવામાં શું ઉત્તમ ચારિત્રની તક વહી જઈ રહી નથી ? કોઈને વળી અહંત્વના જ ભરોસે ઉત્તમ સાધનાનો મહામૂલો અવસર ગુમાવાઈ રહ્યો છે; કેમ જાણે અહંત્વ ટકી રહેવાનું છે ! ખબર નથી કે એક અણધારી પળે બધું અહંત્વ ધૂળમાં મળી જશે, બધી ગણત્રીઓ રદબાતલ જશે !

કાળ અને કર્મ કોઈ એવાં પરિવર્તન પરિસ્થિતિના, સંયોગોનાં અને આગળ વધીને ભવનાં કરી દેશે કે ત્યાં પછી ભરોસો નિષ્ફળ જશે !

માટે જગતમાં કોઈનાય ભરોસે રહો નહિ, સાધનાની તકને સફળ કરી લો.

**ખુદ જાતની ધર્મભાવના ય ભરોસે રહી અમલને અદ્ધર ન રાખો; પુરુષાર્થી થાઓ,** શક્ય સાધનાનો ઉદ્યમ કર્યે જાઓ, નહિતર ભાવનાના ભરોસે અણધારી પળે ઠગાવાનું થશે, સારી ભાવના ઢીલી પડશે, ઉલ્લાસ મોળો પડશે, પછી રીઢ બનેલું હૈયું અમલના છતે સંયોગ અને છતી શક્તિએ એ જતો કરશે; અને એનો ખેદ સરખોય નહિ ધરે !

**સદ્ભાગ્યે ઈંડાંનો બચાવ :-**

દુન્યવી સુખ સગવડના પુરુષાર્થના ગુમાન અને ભરોસા ખોટા છે. અહીં કૂકડીને બિલાડીનું બચ્ચું ફેંદી રહ્યું છે. એ વખતે એના પેટમાં રહેલાં બે ઈંડાંનો શો પુરુષાર્થ કે એ બચી શકે ? પણ ભાગ્ય એક એવું ગુપ્ત તત્ત્વ છે કે એ વ્હારે ધાય છે એટલે બિલાડું કૂકડા ખાઈ રહ્યું છે ત્યાં ઈંડાં ત્યાંથી સરકી ઉકરડાના બીજા ભાગ

પર પડે છે, બિલાડીનું ધ્યાન જતું નથી, અને કૂકડીને મારી ખાઈને રવાના થયું.

ઈંડાં સરકી જઈ બચ્યાં તો ખરાં, પણ એને સેવ્યા વિના અંદરના જીવ જીવે શી રીતે ? 'અહીં પણ ભાગ્ય આગળ આવે છે, તે બને છે એવું કે કોઈ માણસ ત્યાં ઉકરડા પાસે આવીને ઉપર કચરો નાખી ગયો તે બરાબર ઈંડા પર પડ્યો, બસ, એ કચરા અને ઉકરડાની વચમાં હૂંફ-ઉષ્મા મળવા લાગી, ઈંડાં જીવી ગયાં, સેવાતાં હોય એવું બન્યું, અને કાળે કરીને માંહી બચ્ચાં તૈયાર થયાં, ઈંડાં ફૂટીને બહાર નીકળ્યાં.

**ભાગ્ય તરફ દૃષ્ટિ રાખો :-**

જીવનમાં ભાગ્ય કેટલું જોરદાર કામ કરે છે ! આજનું શિક્ષણ અને વાતાવરણ ભાગ્યને અવગણી રહ્યું છે. પોતાનાં શુભાશુભ ભાગ્ય જેવી જાણે કોઈ વસ્તુ જ નથી પછી એનો વિચાર જ શાનો રાખવાનો હોય ? એવી આજની જીવનપદ્ધતિ બની ગઈ છે. નહિતર આજનાં બેફામ વધી રહેલાં ભૌતિકતાનાં તોફાન અને મદ-મત્સર તથા લોભ-લંપટતા શાનાં ફાલે ફૂલે ? ભાગ્ય પર દૃષ્ટિ હોય તો શું વિચાર ન આવે કે,

'આ મારી પાશવી ધાંધલ બધી નકામી છે, કેમ કે, દુર્ભાગ્યની એક તમાચ બસ છે, એ જ્યાં લાગી ત્યાં મારા બધા ચાળા પર પડદો પાડી દેશે, બધી ગણત્રીઓનો સરવાળો મીંડામાં લાવી મૂકશે અને હું જાણે હતો ન હતો થઈ જઈશ. સદ્ભાગ્ય જોર કરતું હતું ત્યાં સુધી અનેક પ્રપંચોમાં કદાચ તત્કાલ સુખ-સિદ્ધિ દેખ્યા અને ફુલાયો, પણ તેથી શું ? દુર્ભાગ્યના એક ઝપાટે બધું સાફ થશે અને ઢગલો પાપ આત્મા સાથે અકબંધ બની રહેશે ! માટે આ પ્રપંચોની લપ મૂકું, એમાં હૈયાં કાળાંમેશ અને જીવન કૂચાં કરવાને બદલે પવિત્ર હૃદય, અને સંતોષી જીવનના રાહે ચાલું.'

આ વિચાર નથી એટલે રોફ ને રોષ, ઈર્ષ્યા ને કલહ, રંગ ને રાગ, જૂઠ ને અનીતિ, વગેરે પાપોમાંથી પાછું વળાતું નથી. જરા થોભો, ભાગ્યને ખાતે થોડું પણ રાખો, એથી આત્માના આવા સ્વઘાતક કુપુરુષાર્થ પર બહુ દોડ્યા ન જવાય.

સુરેન્દ્રદત્ત અને યશોધરાના જીવ ઈંડાંને ભાગ્યે બચાવ્યા, ભાગ્યે હૂંફ આપી, ને ભાગ્યે ઈંડાંમાંથી જીવતા કાઢી રક્ષકના હાથ પર ધર્યા. કેવી રીતે ?

**પાછા ગુણધર પાસે !**

કૂકડો-કૂકડી બહાર નીકળ્યાં, ત્યાં એક અનહુલ નામના ચંડાળપુત્રે એને નધણિયાતાં જોઈ ઉપાડયાં અને પોષણ આપી જિવાડયાં. બંને મોટાં થતાં ચંદ્રના પ્રકાશ જેવાં ઉજ્જવળ પીંછાં નીકળ્યાં, અને વિશેષમાં કૂકડાને પોપટની ચાંચ જેવી



લાલ કલગી ઊઠી, તથા ગરુડની ચાંચ જેવી ચાંચ આવી. એટલામાં એવું બન્યું કે રાજા ગુણધરના કાળ નામના દંડપાશિક-દંડાયેલાને ફાંસી દેનારના જોવામાં આ કૂકડો-કૂકડી આવ્યાં. એને થયું કે 'આ તો રાજાને ક્રીડા કરવા માટે યોગ્ય સુંદર પક્ષી છે, તેથી લઈને રાજાને ભેટ ધરું, એટલે એણે એ બંનેને લઈ જઈ રાજાને ભેટ કર્યાં. રાજા જોઈને ખુશ થયો અને કહે છે કે 'અરે ! ધ્યાન રાખ, જ્યાં જ્યાં હું બહાર જઉં ત્યાં ત્યાં તું આને હાજર કરજે, એમ કહી એ એને જ પાછાં ભળાવ્યાં. દંડપાશિક તથાઽસ્તુ કહીને આજ્ઞા માન્ય કરે છે.

**જુઓ કર્મ અને ભવિતવ્યતા** આ બંનેને લાવી લાવીને કેવાં અહીં ગોઠવી દે છે ! એના ગૂઢ સંકેત અજ્ઞાની શું કળી શકે ? ગત ભવમાં બંનેના ઉપર ભયંકર ત્રાસની ઝડી વરસી છે, એમાંય ખાસ કરીને માતા યશોધરાના જીવ પાડા ઉપર તો ગુણધરે કચકચાવીને સજા ફરમાવી છે. હવે એ જ અહીં એને ગમી જાય છે ! પણ પાછું, આગળ જો જો, કે અજાણપણામાં ગુણધરના હાથે જ કેવી મરણાંત આપત્તિને પામે છે ! છતાં તે પૂર્વે એનું જ નિમિત્ત આગળ થઈને કેવા ધર્મ પણ પામી ગયા હોય છે !

**અગમનિગમના ખેલ :-** આ બધા સંયોગ મળી આવવા એ જાણે અગમનિગમના ખેલ જેવું લાગે ! પરંતુ ધ્યાન રાખજો કોઈ એવો ઈશ્વર નથી કે જે આવા ખેલ કરે. ઈશ્વર એટલે શ્રેષ્ઠ ઈશ, શ્રેષ્ઠ સ્વામી, શ્રેષ્ઠ શક્તિમાન. એ કાંઈ જીવને પહેલાં ગુના કરતો રોકી શકે નહિ અને પછી સજા કરવામાં શૂરો હોય એવું બને ? ના, સર્વદયાળુ અને સર્વ શક્તિમાન હોય તો તો જીવોને પાપલીલા જ શાની કરવા દે ? શ્રેષ્ઠ દયાળુની તો મૂળથી દયા હોય, શ્રેષ્ઠ શક્તિવાળો તો સર્વ કરવાને સમર્થ હોય. વળી સર્વ દયા અને શક્તિવાળાએ પાપી જીવોને સજા ય શા માટે કરવી પડે ? એ તો દયાથી પાપો ધોઈ નાખવા શક્તિમાન હોય અને જીવને સુધારવા પણ સમર્થ હોય. માટે એવા ખેલ કરનાર કોઈ ઈશ્વર હોવાની કલ્પના બુદ્ધિપૂર્વકની કલ્પના નથી, યુક્તિયુક્ત નથી. વિચિત્ર ઘટનાઓ બનવા પાછળ જે તત્ત્વ માન્યાં વિના ચાલે એવું જ નથી એવાં કર્મ, ભવિતવ્યતા, કાળ વગેરે જ કારણો છે, એના જ એ ખેલ છે, કોઈ કલ્પિત ઈશ્વરના નહિ. અગમનિગમ એ જ વિચિત્ર કર્મ, ભવિતવ્યતા વગેરે છે.

**ઉદાસીન ભાવ એ જ એક કર્તવ્ય :-**

અજ્ઞાની એ કર્મ અને ભવિતવ્યતા ભાવ આગળથી કળી શકતો નથી; ઘટના બને ત્યારે કલ્પી શકે કે આવી આવી જાતનાં કર્મ, ને આવી આવી ભવિતવ્યતા હતી માટે આમ બન્યું. અને જો આ બરાબર લક્ષમાં લેવાય તો મનને

એમ થાય કે 'જ્યારે કર્મ અને ભાવીભાવ જ એવા હતા અને આમ બન્યું તો પછી મારે નકામો શોક-સંતાપ કરવાની જરૂર નથી; કેમ કે હું કાંઈ એને અટકાવી શકતો નથી, અને એ તો એનો ભાવ ભજવે જ છે. તો કાંઈ નહિ, ચાલવા દો, આપણે ઉદાસીન ભાવે જોયા કરો.'

કર્મ અને ભવિતવ્યતાની ઘટનાઓ પ્રત્યે ઉદાસીન રહેવાય તો,

૧. દુઃખમાં વધારો ન થાય,

૨. મન બગડે નહિ,

૩. બીજા કોઈના પર દ્વેષ થાય નહિ, અને

૪. સાવધાન સ્વસ્થ રહેલું મન પરમાત્મભક્તિ વગેરે ધર્મસાધનામાં ચોંટવા માટે સશક્ત હોય, લાગી જવા માટે તૈયાર રહે.

માટે પુરુષાર્થ અજમાવવો તો ઉદાસીન રહેવાનો અજમાવવો; શોક-સંતાપ-વિહ્વળતાનો નહિ. આ ઉદાસીનતા એ તો દુઃખને પડકાર છે, કર્મ અને ભવિતવ્યતાને સામે આહ્વાન છે. જાણે દુઃખને, શોકને, સંતાપને કહે છે 'ખબરદાર અહીં આવ્યા તો !' કર્મ અને ભવિતવ્યતાને કહે છે, 'વરસાવો વરસાવવું હોય એટલું, અહીં તમારાં કોઈ લેખાં નથી, સમજ્યા ?'

**ભગવાન અને મહાપુરુષોના કષ્ટમય જીવનનો ખ્યાલ કર્મોદય અને ભવિતવ્યતા પ્રત્યે ઉદાસીનતાની ભવ્ય પ્રેરણા આપે છે.** 'અહો, મારા પ્રભુએ ઉદાસીનભાવે કેવું સરસ સહ્યું ! ધન્ના, ઢંઢણ અણગાર વગેરેએ કેટલા ઊંચા ઉદાસીનભાવથી પરીષહ સહ્યા !' આ લાગણીભર્યો વિચાર ઉદાસીન બનવાનું સત્ત્વ ખીલવે છે. ઉદાસીન ક્યાં ? કર્મના ઉદય અને ભવિતવ્યતા તરફ.

**ઉદાસીનતાથી જશ અને પ્રેમ :-**

એમ પરિણામની દૃષ્ટિએ પણ ઉદાસીનતામાં લાભ છે એ દેખીને પણ ઉદાસીનતા રાખવા મન પ્રેરાય છે. જગતમાં જુઓ ઉદાસીન રહેનાર કેવો જશ પામે છે ! કેવો પ્રેમ પામે છે ! ઘરમાં છોકરાએ કે નોકરે કાંઈક નુકસાન કર્યું, તમે આંખ આડા કાન કરી ઉપરથી અવસરે વાત્સલ્ય બતાવો તો એની સામા પર સુંદર અસર પડે છે. મોટાં કુટુંબના ડાહ્યા વડેરાઓને પૂછો તો કહેશે 'કુટુંબીઓની કેટલીય બાબતો મન પર આપણે લેતા નથી, ત્યારે એમનો આપણા ઉપર સદ્ભાવ સન્માન ટક્યા રહે છે, અને અવસરે આપણી હિતની વાત સાંભળે છે. આજ્ઞા ઉઠાવે છે.' આ મન પર ન લેવાનું' એ શું ? ઉદાસીનતા; વિચારવાનું કે 'હોય, ઘર છે, ચાલે એ તો એને લેખામાં શું લેવું ? નાનડિયા છે, ભૂલ થઈ જાય. પત્ની છે, બહુ મહેનતની વચ્ચે બીચારીની ભૂલ પણ થાય. નોકર છે, ગભરાતો હોય, એને



ભૂલમાં શું ઠપકારવો ? કદાચ એની ડાંડાઈ હશે તો પણ ભૂલમાંય એને ઠપકો નહિ. પ્રોત્સાહન આપવા દે. એમાં એને જેવી સારી અસર થવાનો સંભવ છે, એવી ઠપકારવામાં નહિ,' આવું વિચારાય તો ઉદાસીનતા સુલભ બને, અને એથી જશ મળે, સદ્ભાવ ટક્યો રહે ! જેમ કુટુંબના ડાહ્યા વડેરા આવું સમજે છે તેમ આપણે કર્મ અને ભવિતવ્યતાના ખેલ સામે સમજવાનું છે, ઉદાસીન બનવાનું છે. એથી,

અઢળક કર્મબંધથી બચી જવાય છે,

મન પ્રફુલ્લિત રહે છે,

સત્ત્વ અને સમતા ખીલે છે.

સત્ત્વ અને સમતા એ જીવનની શ્રેષ્ઠ કમાઈ છે.

**ઉદ્યાનમાં મુનિયોગ :-**

કર્મ અને ભવિતવ્યતા અહીં યશોધર મુનિના અનેક ભવોના ચરિત્રમાં અજબ ભાવ ભજવે છે ! મુનિ કહી રહ્યા છે કે એક વાર વસંતઋતુ આવી, વનરાજી ખીલી ઊઠી છે, ભપકાદાર બની છે, જાણે પ્રકૃતિના ઘેર લગ્નોત્સવ ન હોય ! રાજા ક્રીડા નિમિત્તે કુસુમાકર નામના મનોરમ ઉદ્યાનમાં જાય છે. એટલે પેલો દંડપાશિક પણ અમને બંને કૂકડા-કૂકડીને લઈને ત્યાં હાજર થાય છે. રાજા કેળના નાજુક છોડથી બનાવેલા કદલીઘરમાં માધવી લતાના મંડપમાં જાય છે, ત્યારે દંડપાશિક અમને લઈને બીજી બાજુ અશોક વીથિકા-આસોપાલવના ઝાડની હારવાળા ભાગમાં પહોંચ્યો.

**કોરો પણ મુનિસમાગમ લાભકારી :-**

હે મહાનુભાવ ! અત્યાર સુધી તો અમે ભારે અવગતિમાં રુલ્યા હતા, પણ હવે અમારા માટે હદ આવી ગઈ હતી, તે હવે અહીં જો કેવો ભાગ્યોદય જાગે છે ! દંડપાશિક અમને લઈને જ્યાં ગયો તે ઉદ્યાનના ભાગમાં ભગવાન શશિપ્રભ નામના આચાર્ય મહારાજ પોતાના શિષ્યગણની સાથે પધાર્યા હતા. તે દંડપાશિકના જોવામાં આવતાં એણે વિના શ્રદ્ધા-ભક્તિએ એમને બનાવટી વંદન કરતો એમની પાસે ગયો. વંદનમાં ભલે ને કૃત્રિમતા, પરંતુ પવિત્ર મુનિના સંપર્કમાં આવે છે ને ? ત્યાં સારું જ જોવા મળે, ખોટું ખરાબ કાંઈ જ નહિ; કેમ કે મુનિ એટલે સંસારદાવાનળથી બહાર નીકળી ઉપશમ સરોવરમાં ઝીલતા અને બીજાને સૌમ્ય દર્શન અને શીતલ વાણીથી ઉપશમ રસમાં નવરાવતા; એટલે એમના સમાગમમાં લાભ છે, નુકસાન નહિ.

આચાર્ય મહારાજે એને **ધર્મલાભની આશિષ આપી.** પેલો આવ્યો હતો તો

કોરા મનથી, પરંતુ તપથી ઝગમગતા સૂરિવરના દેહને જોઈ તથા સહજ સુંદર ધર્મલાભના બોલ સાંભળી શાંત જેવો થઈ ગયો. પૂછે છે, 'ભગવન્ ! આપનો ધર્મ કેવા પ્રકારનો છે ?'

**જુઓ ચઢતીનાં પગરણ,** કોરાધાકોર, કોઈ ભાવભીના નહિ, એવા દિલેય વંદના કરી મુનિની પાસે આવી બેસનારો હવે શાંત જેવો થઈ ઉન્નતિની કેડીએ પગલી માંડે છે. સંતસમાગમ કેટલું જબરદસ્ત એકાંતે હિતકારી કાર્ય કરે છે; એ અહીં જોવા મળે છે. સત્સંગ ભાવ વિના કર્યો, સમજ્યા વિના કર્યો, દેખાદેખીથી કર્યો, ભલેને, પણ સંતનો સમાગમ ને ? દુનિયામાં બીજા-ત્રીજા-સત્તરના સમાગમ કરો પણ શું મળે ? આત્માનું હિતકારી કે અહિતકારી ? આજ ધર્મી ગણાતાય પોતાની પાસે કોઈ આવે કે પોતે કોઈની પાસે જઈ મળે, તો શી વાત કરશે ? તમારો પોતાનો જ દાખલો વિચારી જુઓ. જ્યાં કોઈ મળ્યું કે જડની વાત ચાલુ થાય છે કે આત્માની ? આજના કાયદાની, કે રાજકીય, કે સામાજિક, યા દુન્યવી બનાવોની...આવી જ કોઈ રામાયણ મંડાય છે ને ?

શાસ્ત્ર કહે છે કે જ્યાં કર્મ છોડવાના સંયોગ છે ત્યાં જ અજ્ઞાન-મોહમૂઢ જીવો કર્મબંધનનો રાહ લે છે. કેટલીય બાબતોમાં સહન તો સરખું કરવાનું હોય છે, મહાત્માય એ સહે અને પામર જીવે ય એવું જ સહન કરે, દા.ત. સંયોગવશ ભૂખ-તરસ સહવાનું, રોગમાં પીડાવાનું, કોઈના અપમાન વેઠવાનું, ટાઢ-તડકો સહન કરવાનું, અપજશ સહી લેવાનું...આવું આવું પામરને ય આવે, ને પંડિતને ય આવે. પરંતુ એમાં પામર નવાં કર્મ બાંધે છે, પંડિત જૂનાં છોડે છે. આટલો મોટો અંધકાર-ઉજાસ જેટલો તફાવત છે. કેમ ?

બહારની જ લોથ માંડે છે, આ બગડી ગયું, આ બહુ ખરાબ થયું, અરે રે ! આટલું બધું કેમ સહાય ! (પાછો સહે તો ખરો જ, કાંઈ મરી કે ભાગી ન જાય.) આ તે કાંઈ રાજ્ય છે ? આ કાંઈ જીવન છે ? કાળ છે ?... 'ચાલ્યું, એ રોદણામાં કોઈ મળવો જોઈએ, એની આગળ એ જ રામાયણ ? કોઈ ખૂણે પણ આત્માનો વિચાર નહિ આવે. એવાના સમાગમ સામાને શું ભલું આપવાના ? કાંઈ નહિ, કષાયની હોળી સળગાવી આપે, શોક, સંતાપ, દ્વેષ, મનોદુઃખ દુર્ધ્યાન અને કર્મબંધ વર્તમાનમાં ય કોઈ શાંતિ, કે સ્ફૂર્તિ નહિ ને ભવાંતરે ય નહિ.

ત્યારે **સંત સમાગમમાં** જુઓ. સંતો સ્વયં એ જ ભૂખ-તરસમાં પરીષહ સહન રૂપી ધર્મ કરવાની તક સમજે છે; એમ એ જ રોગ, અપમાન, ટાઢ-તડકા વગેરેમાં પણ ધર્મતક સમજે છે, પછી રોદણું લેશ પણ શાનું હોય ? અસહ્યમાં પણ એમની દૃષ્ટિ તરત સ્વોપાર્જિત કર્મ ઉપર અને એથી આગળ વધીને પૂર્વ ભવે કરેલ



પોતાનાં દુષ્કૃત્ય ઉપર પડે છે, તેથી કોઈને દોષ દેવાની કે કોઈ પર દ્વેષ કરવાની તો વાત જ નથી.

**વળી પોતાના દુષ્કૃત્ય ઉપર દૃષ્ટિ જવાથી દુષ્કૃત્યની નિંદા-ગર્હા થાય છે, અને દુષ્કૃત-ગર્હા એ ભવસ્થિતિ પકવવાનો એક સચોટ ઉપાય છે.**

આ તો સામાન્ય સત્પુરુષની વાત, પણ મહાસંતો તો સહન કરવાનું આવે એમાં રાગાદિ દોષોને કૃશ કરવાની અને આત્મસુવર્ણને શુદ્ધ, શુદ્ધતર કરવાની મહાન તક દેખે છે, અને એ જ કરે છે, તેથી એમને મન તો ઉત્સવનો અવસર લાગે છે. આમાં પછી કર્મ બાંધવાની વાત ક્યાં ઊભી રહે ? કર્મોનાં ઝુંડ ખંખેરવાની જ કાર્યવાહી ચાલુ !

**એવા સંતના સમાગમમાં કોઈ આવે, એ શું પામી જાય ?**

કોઈ જડની રામાયણ નહિ નીતરતી આત્મહિતની જ કથા. સંત પોતે તો સુબુદ્ધ હોવાથી ટૂંકમાં સમજી જાય છે, પરંતુ સામા બાળજીવને તો વિસ્તાર કરીને સમજાવવું પડે, તેથી એ સમજાવટમાં,

કેઈ તત્ત્વો, સિદ્ધાંતો અને યુક્તિદૃષ્ટાંતો આવે;
આત્માને શાંતિ-સમાધિ માટે કેઈ ભવ્ય પવિત્ર આશ્વાસનો આવે;
સત્પુરુષાર્થનાં, સુકૃતનાં સત્ત્વ ખીલવવા કેઈ અનેરી પ્રેરણા-પ્રોત્સાહન આવે;
જીવન ઉત્તમ જીવવાની મઝેની ચાવીઓ અને પદ્ધતિઓ આવે.

**સંતસંગ, પારસમણિ, પામર હોય સુબુદ્ધ.**

સંતનો સમાગમ એ પારસમણિ છે, એથી પામરજીવ પણ સારો જ્ઞાની બને છે.

**ઈણ સંસાર અસારમેં, સાર પકડ દો ચીજ;**
**સંતસમાગમ પરભલા, ભવ તરનેકે બીજ.**

આ અસાર સંસારમાં સારભૂત બે ચીજ પકડી લે; એક સંતસમાગમ અને બીજી પરોપકાર. સંસાર-સાગર તરી જવા માટે એ બે મૂળ ઉપાય છે, સચોટ ઉપાય છે. સંતસમાગમમાં પવિત્ર નિષ્પાપ જીવનના માર્ગ મળે છે; પરોપકારમાં સ્વાર્થ ગૌણ થવાથી પરમાત્માની નિકટ પહોંચાય છે.

કયા જનમમાં સંતસમાગમ મળી શકે એ વિચારો. માનવજન્મ જેવો કોઈ જન્મ છે ? ના, તો પછી અહીં સંતસમાગમ કરવાના કેટલા રાખ્યા છે ને અસત્સમાગમ કેટલા ? જ્યાં મોકો મળે ત્યાં એ ઝડપી લેવાની આતુરતા જાગતી રહેવી જોઈએ. નવરા પડ્યા કે 'ચાલો સંત પાસે; નજીકમાં નથી તો ધાર્મિક પુસ્તકમાં એમનો સમાગમ કરો.' એમ મન ઝંખતું હોય. નવરાશ નથી મળતી, પછી ભલેને પાઈની પેદાશ નહિ ને ઘડીની નવરાશ નહિ, છતાં 'ગમે તે રીતે

સમયમાં કાપકૂપ કરીને પણ સત્સંગનો સમય કાઢવો દે,' એ તાલાવેલી જોઈએ. કેમ કે **દુનિયાના ઝેર ઓકાવનાર સત્પુરુષોના સમાગમ છે.** અનુભવ કરી જુઓ. પણ જોજો હોં ઠીક ઠીક સત્સંગ કરવાનો, પછી દેખાશે એનાં ચમત્કારિક ફળ ! જીવન પલટો પામશે, આત્મા પરિવર્તન અનુભવશે !

**બાળપણાથી સત્સમાગમ :-** આ તો પોતાની જાત માટે પણ જો સૂઝતું ન હોય તો છોકરાં-બચ્ચાં માટે તો સૂઝે જ શાનું ? અમારા જેવા કદાચ કહે તો બહાનું કાઢશે, 'છોકરાં અણસમજુ છે, એ શું સમજે ? મોટાં થશે એટલે કરશે.' પણ ખબર નથી કે નાનપણથી જ સત્સમાગમનો મહાવરો પડાવીશ, તો પછી એના અભ્યાસે, મોટા થયે, એ દિશા રહેશે. નહિતર તો આજની દુનિયાના સંગ તો એવા છે કે હૈયું સંતથી ખોટું ઉભગાવી દેશે, અગર એમ મનાવશે કે 'હવે એમની પાસે તે વળી શું મેળવવાનું હતું તે ત્યાં જઈએ ?' આજના મોટા થયેલા છોકરાઓની સ્થિતિ નથી જોતા ? ને જાણો છો ખરા કે સંતસમાગમથી વંચિત રાખેલા અને ઉભગેલા એ છોકરા કેવા કેવા રદ્દી અને રોગિષ્ઠ સમાગમોમાં આવે છે ? સખા-સહિયરના સમાગમ, સિનેમાના સમાગમ, હોટેલ આદિમાં રખડતા મિત્રોના સમાગમ, નાસ્તિક ધર્મવિરોધી મિત્રો અને શિક્ષકોના સમાગમ આ બધા સમાગમ કેવા ગણો છો ? સારા ? નુકસાનકારી નહિ ? કે ભયંકર નુકસાનકારી ? જાતને અને બીજા કેઈને જીવનભર એ કેવા બનાવશે ? જન્મે જૈન છતાં જિનેશ્વરદેવ, ત્યાગી મુનિઓ, સંઘ, ધર્મસ્થાનો ધર્મક્રિયાઓ, અને ધર્મદ્રવ્યની સામે એ શું શું નહિ કરે ?

આ રાક્ષસી અનર્થોથી બચાવવા હોય તો બાળપણમાંથી સંતસમાગમમાં જોડો. ભલે કાંઈ ન સમજે તોય નિશાળે મૂકો છો ત્યારે છોકરો શું સમજે છે ? ત્યાં સમજની રાહ જુઓ છો ? 'તને ગમે તો નિશાળે જા, ગમે તો વિનય કર,' એમ કહો છો ખરા ? ના, તમારી સામે ઉદ્ધતાઈ કરે તો એક ધોલ ખેંચી કાઢો છો, 'ભલે તત્ત્વ કાંઈ ન સમજે તો ય એણે મા-બાપનો વિનય કરવો જ જોઈએ, નિશાળે જવું  જ જોઈએ' એમ માનો છો અને વર્તાવો છો ત્યારે જ એ વિનયી અને વિદ્યાપ્રેમી બનેલો દેખો છો. બસ, એ રીતે સંતસમાગમમાં સમજી લેવાનું છે.

**સંતસમાગમ એ તો સારો ખોરાક છે.** સારો ન આપો તો નરસો ખાવાનો. ઘરનું ખાવાનું ન આપો તો નિશાળે જઈ છુટ્ટીમાં કચરાપટ્ટી ખાઈ લેવાનો. એમ, સંતના સંગ નહિ આપો તો કુસંગ કર્યા વિના એ રહેશે નહિ. બાકી જે કુટુંબોમાં સંતસમાગમના અભ્યાસ ચાલુ છે, ત્યાંના ફરજંદ જુઓ તો એના ભવ્ય ધાર્મિક જીવનનો ખ્યાલ આવે, સત્સંગના પ્રભાવ સમજાય.



**મુદ્રા પરથી પારખ :-**

દંડપાશિક હૈયાના સદ્ભાવ વિના જ મહાસંત શશિપ્રભાચાર્યના સમાગમમાં આવ્યો. પણ એમના તપોવિરાજિત દેહને જોતાં ટાઢો પડી ગયો. તપસ્વી એટલે નિઃસ્પૃહ. એમને દીનતા ન હોય, નિરાશંસભાવનાં તેજ ચમકતાં હોય. અહો કેવી તેજસ્વી મુદ્રા ! કેવાં પ્રશાંત ચક્ષુ !' મુદ્રા અને રેખાઓ ઉપરથી પરખી કાઢે છે. દુકાન પર માણસ માલ ખરીદવા આવ્યો છે કે ધાપ મારવા, એ ચકોર વેપારી મુદ્રા પરથી પારખી લે છે ને ? સતી સ્ત્રીઓ પરપુરુષની મુદ્રા ઉપરથી પરખી કાઢે છે કે આ પવિત્ર છે કે લંપટ ? મુસાફરીમાં કે યાત્રાસ્થળની ધર્મશાળાઓમાં કોઈ કહેતો આવ્યો 'લાવો બેન ! તમારે શાક કે દૂધ લાવવું હોય તો સાથે લેતો આવું,' ત્યાં સુશીલ નારી પરખી લે છે કે આના મોંઢાના ને વાણીના હાવભાવ આવા આવા છે માટે ભરોસાપાત્ર નથી, કામાંધ લાગે છે.

દંડપાશિકે સંતસમાગમમાં આચાર્ય મહારાજની પ્રશાંત મુદ્રા પરખી, સહજ સુંદર 'ધર્મલાભ'ના અક્ષર સાંભળ્યા, શાંત જેવો થઈ ગયો. શાંત જેવો એટલા માટે કે હજી એમ તો અંદર મિથ્યાત્વની અને હિંસકભાવ આદિની અશાંતિ બેઠી છે, પરંતુ મહાત્માથી વિમુખ જેવો હતો તે હવે સદ્ભાવવાળો, નમ્રતાવાળો બન્યો એટલી શાંતિ આવી; સાચી જિજ્ઞાસાથી પૂછવાનું મન થયું.

આચાર્ય ભગવાનને પૂછે છે, 'પ્રભુ ! આપનો ધર્મ કેવા પ્રકારનો છે ?'

આ મહારાજ કહે છે, 'જો ભાઈ ! ધર્મ તો સર્વજીવોને માટે સમાન, સર્વને હિતકારી-સુખકારી એક જ પ્રકારનો છે. પરંતુ મૂઢ જીવ શાસ્ત્રના પરમાર્થને નહિ સમજતો હોઈ ધર્મમાં ભેદો કલ્પે છે. **ધર્મ વસ્તુ સંક્ષેપમાં આ છે.**

**ધર્મનું એકમાત્ર સ્વરૂપ :-**

**મન, વચન કે કાયાથી પરને પીડા ન કરવી,**
**સુવિશુદ્ધ (નિષ્પાપ) સત્ય વચન બોલવું,**
**તણખલાં સરખું પણ માલિકે ન આપેલું ન લેવું,**
**મન-વચન-કાયાથી અબ્રહ્મચર્યનો ત્યાગ કરવો,**
**પશુ-સોનું-ચાંદી-ધન વગેરેનો કાંઈ જ પરિગ્રહ ન રાખવો.**
**રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો,**
**ભિક્ષા-ગવેષણાના બેતાલીસ દોષ રહિત મળેલ શુદ્ધ નિર્જીવ પિંડનો જ ઉપભોગ કરવો.'**

આચાર્ય મહારાજે બતાવ્યું કે ધર્મ તો સારા જગતને માટે કલ્યાણરૂપ એક જ જાત અને એક જ ભાતનો છે; મૂઢ માણસ તેના અનેક અનેક ભેદ હોવાની કલ્પના

કરે છે; 'આ અમારો ધર્મ, આ અમુકનો. જૈનોનો ધર્મ દયાનો, ને મુસલમાનોનો ધર્મ બકરી ઈદે બકરાં કાપવાનો. બ્રાહ્મણોનો ધર્મ હોમ-હવન-ગંગાસ્નાન,...' કેમ આવું જ બધુંને ? બધા ધર્મ સરખા ! કેમ ? ના, શું મુસ્લિમ કે શું હિંદુ, શું બ્રાહ્મણ કે શું વૈષ્ણવ, કે શું જૈન, બધાને હિતકારી ધર્મ જગતમાં એક જ છે, મન-વચન, કાયાથી કોઈ પણ જીવને પીડા ન કરો, નિષ્પાપ સત્ય બોલો,...

ત્યારે તમને આ સાંભળીને તો મગરૂબી થતી હશે કે 'અમારે ધર્મના ભેદ નથી, ને ધર્મ વસ્તુનું જે ખરેખરું સ્વરૂપ છે તે જ સ્વરૂપનો ધર્મ અમને મળ્યો છે,' પરંતુ સાથે એ વિચારજો કે બીજી રીતે તો પગ નીચે બળતું નથી આવતું ને ? 'આ અમારા મહારાજ, પેલા બીજાના; આ અમારું દેરું, પેલું પેલાઓનું, આ અમારા ભગવાન, પેલા અન્યના, આ અમારી આંગી, પેલી બીજાની...' આવું કાંઈક મનમાં નથી આવતું ને ? મન એમાં ભેદ નથી પાડતું ને ? કે મનને એમ થાય છે ખરું કે ભગવાન, મંદિર, આંગી, સાધુ મહારાજમાં કોઈ ભેદ નથી, બધા એકસરખા પૂજ્ય છે ? એકસરખા મમત્વ અને ભક્તિનું પાત્ર છે ? આ જો હોત તો એક દેરામાં ઊભરાતું દેવદ્રવ્ય હોય, અને બીજા મંદિરને જીર્ણોદ્ધારના દ્રવ્યના ફાંફા હોય, એવું બને ? પોતે રચે તે આંગી સુંદર, ને બીજાની રચેલી કાંઈ નહિ, એવું મનમાં આવે ? અમુક મહારાજ હોય, તો એમની પાસે વારંવાર જવાનું, ને બીજા હોય તો એક વારે ય નહિ આવું બને ? ગુણપૂજાને **બદલે વ્યક્તિપૂજામાં ઊતરી જવાથી દેવ-ગુરુમાં પણ ભેદ પાડવાની સ્થિતિ ઊભી થાય છે.**

**જ્ઞાનની ભૂખ નથી :- શાસ્ત્રનાં રહસ્યની ગમ નથી એટલે પણ દેવ-ગુરુમાં ભેદ પાડવાનું બને છે,** અને આજના કેટલાયને શાસ્ત્રના પરમાર્થ જાણવાની જાણે બાધા હોય એમ વર્તે છે. 'અમને શાસ્ત્રના ઊંડાણમાં ઉતારશો નહિ, નહિતર ઝોકાં ખાશું અને ફરીથી સાંભળવા જ આવશું નહિ,' આવો વર્તાવ છે આજે ! ખબર નથી કે **શાસ્ત્રના મર્મ ખૂલ્યા વિના મોહના મર્મ ભેદાશે નહિ.**

**તત્ત્વ અને મોક્ષમાર્ગનું વિશેષ વિશેષ જ્ઞાન તો ગુણસ્થાનકની ઉપર ઉપરની પાયરીએ જવા બળ આપે છે, શુભ અધ્યવસાય અને શુભ ધ્યાનનું જોસ વધારી આપે છે.**

શાસ્ત્ર કહે છે, **'अन्नाणी किं काही, किं वा नाहीहि छेयपावगं ?'** અજ્ઞાની પુરુષ આત્મહિત શું કરી શકવાનો હતો ? એ ધર્મ કે પાપને શું સમજી શકવાનો હતો ? **જ્ઞાન** એ તો અંધકારમય ભવાટવીમાં **દીવો** છે, વિકલ્પોથી વીંધાતા સંસારજીવનમાં **બખ્તર** છે, ધર્મનૌકાનો **સુકાની** છે. જ્ઞાન એ **અમર ધન** છે, મહાન **આશ્વાસન** છે, જ્ઞાનીના વિરહમાં **માર્ગદર્શક** છે.



**અર્થ અને રંગરાગની પ્રબળ આસક્તિ જ્ઞાનધન કમાવા અને જ્ઞાનામૃત ભોજન કરવા તરફ બેદરકાર રખાવે છે.** 'અમે તો પૂજા-સામાયિક કરીએ એટલે બસ, જ્ઞાન તો સાધુ મહારાજને ભણવાનું, 'આ લેખાં નક્કી કરી રાખ્યાં છે, અથવા 'હવે પાકે ઘડે કાંઠા કાં ચઢે ?' એમ માંડવાળ કરી રાખી છે, તેથી જ્ઞાનની ભૂખ નથી, જ્ઞાનનું દેવાળું ખટકતું નથી. મરે ત્યાં સુધી પૈસાની ભૂખ હોય, જિંદગીના છેલ્લા શ્વાસના ઘૂંટ સુધી પૈસાનો ઉપાય જાણવા દિલ આતુર હોય, પણ તત્ત્વજ્ઞાન એને પાકે ઘડે નથી ચઢતું ! મરવા પડ્યો છે અને કોઈ કહી જાય કે આ ઘરમાં અમુક જગાએ નિધાન દાટેલું પડ્યું છે, તો 'હેં ? નિધાન ? ક્યાં છે પૂછોને એમને' એમ જાણવા હૈયું તલસે છે, જીભ સળવળી ઊઠે છે. એમ નથી થતું કે 'મૂકોને ભાઈ લપ, હવે તો મરી રહ્યો છું. નિધાનના જ્ઞાનની ભૂખ મરતાં સુધી છે, આત્મહિતકારી જ્ઞાનની કોઈ ભૂખ નથી. રોજના ક્રિયાકાંડ કરનારો, પાછો જીવનમાં નિવૃત્તિવાળો, એને ય જ્ઞાનની ભૂખ નહિ. અને જો કોઈ સાધર્મી-વાત્સલ્યના જમણવારની વાત નીકળે, લાડવાની વાત નીકળે તો સારી રીતે ચર્ચા-વિચારણા કરવા તૈયાર ! બસ હૈયે આ આહારનો રસ છે, માલમેવાનાં આકર્ષણ છે, તેથી છતી ફુરસદેય જ્ઞાનનો રસ ક્યાં રહી શકે ?

**જડના ગુણ પરના ઝુકાવ, ચેતન આત્માના ગુણ પર ઝૂકવા દેતા નથી. એ ઝૂકવું હોય તો પેલાં આકર્ષણ મોળાં પાડો.** મનને કહો, 'પરના ગુણ પાછળ શું મરવું' તું ? એની ઊજળાશ આત્માનું કાંઈ લીલું નહિ વાળે, ઊલટો આત્માને કાળો કરશે, જડ દુનિયાનું બહુ સુધાર્યું. પણ ખબર છે કે અંતકાળે એ બધું અહીં ઊભું રહેશે અને આત્માને એકલા અટૂલા આગળ ચાલવું પડશે ? એ વખતે હાલ કેવા હશે ? જ્ઞાનાદિ ગુણો અહીં ઉપાજર્યા નથી એટલે અજ્ઞાન, મોહકષાયો અને થોક કર્મનાં ઢેર ઉપાડીને નિરાધાર વન-વગડામાં મુકાવાનું. મોટા શહેરમાં કોઈ દરિદ્ર જઈ ચઢ્યો હોય અને ત્યાં ભીખબંધી, બેફામ બેકારી, અને દાનહીન સ્વાર્થી લોક વસતું હોય, કોઈ ઓળખપારખ હોય નહિ, કોઈ ભલામણપત્ર પણ ન હોય, તો કેવો એ નિરાધાર એકલો અટૂલો અથડાય ? ઊંચે આભ, નીચે ધરતી સિવાય કોઈ ભાવ પૂછનાર છે ? બસ એ રીતે, જો જ્ઞાનાદિ આત્માના ગુણો ઉપાજર્યા નથી, જ્ઞાનીનાં વચન પાળ્યાં નથી, અને તેથી પુણ્યની મૂડી, પુણ્યરૂપી ભલામણપત્ર પાસે છે નહિ, તો ભવાંતરે કોના આધારે ઊભવાનું ?

શશિપ્રભ આચાર્ય મહારાજ કહે છે, 'જો ભાઈ ! ધર્મમાં ભેદ તો મૂઢ જનો કલ્પે છે, કેમ કે એમને શાસ્ત્રના રહસ્યનું જ્ઞાન નથી. બાકી ધર્મ તો સર્વજનહિતકારી એક જ સ્વરૂપનો છે, અને સ્વરૂપ આ કે કોઈપણ જીવને મનથી, વચનથી કે

કાયાથી પીડા ન પહોંચાડવી, એમ નિષ્પાપ સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, રાત્રિભોજન ત્યાગ અને નિર્દોષ નિર્જીવ ભિક્ષાથી નિર્વાહ. આ ભિક્ષા સર્વસંપત્કરી ભિક્ષા છે; બાકી તો પૌરુષઘ્ની,

**પ્ર.- કેમ આ જ સ્વરૂપ ધર્મનું ?**

**ઉ.**- કારણ કે આપણી જાત પ્રત્યે કોઈ પીડા કરવા આવે, જૂઠ બોલે, આપણી વસ્તુ ઊઠાવે, આપણી પત્ની પર કૂડી નજર નાખે, તો એ આપણને નથી ગમતું, એવું કરનારને પાપી કહીએ છીએ. 'હરામી આ પાપ કરવા આવ્યો છે ? ધોળે દહાડે આ અધર્મ ?' એમ ગાજી ઊઠીએ છીએ. એ જ સૂચવે છે કે એ જ પીડાદિ તમે બીજા પ્રત્યે આચરો તો એ પાપ છે, એનો ત્યાગ એ ધર્મ છે. મનથી પણ કોઈની પીડા ચિંતવવાની નહિ. 'ફલાણો મને મારી ગયો છે, દાવમાં આવવા દે, ઠોકી દઈશ એને;' આ શું કર્યું ? મનથી પીડા કરી. 'ધ્યાન રાખ, હવે તને ઠોકીશ,' આ આ વચનથી હિંસા કરી અને આંખની ભ્રૂકુટી માત્ર ચડાવી એ કાયાથી પીડા કરી. આ હિંસાદી પાપો કરવાના નહિ એમ કરાવવાના પણ નહિ, કરતાને ઠીક માનવાના પણ નહિ, એ એમાં અંતર્ગત સમજી લેવાનું છે. 'લગાવ એને, જોઈ શું રહ્યો છે ?' આ વચનથી પીડા કરાવવાનું થાય.

**નવા જિજ્ઞાસુને ઊંચો ધર્મ બતાવાય :-**

દંડપાશિક નવો છે, જગહિતકારી ધર્મનું સ્વરૂપ એને બતાવવું છે, તો એ શુદ્ધ જ બતાવાય. નવા જિજ્ઞાસુને ઓછું બતાવતાં છતી શક્તિએ કદાચ એ એટલે જ અટકી પડે, તો અંતરાય લાગે, માટે એને પહેલો ઉપદેશ પાપથી સર્વથા વિરામ પામવાનો દેવાનો, પછી એ પોતાની અશક્તિ બતાવે અને સહેલો ધર્મ માગે તો નીચેનો ધર્મ બતાવવાનો.

અહીં એવું જ બને છે. દંડપાશિક કહે છે, 'ભગવાન ! વાત તો બરાબર છે, ધર્મ એવો જ હોય, પરંતુ મારાથી હાલ બને એવો નથી; કેમ કે ગૃહસ્થપણામાં એ ક્યાંથી શક્ય હોય ? તો ગૃહસ્થને યોગ્ય ધર્મ બતાવો.'

**વેપારીની જેમ ધર્મ આપનારે કંટાળવું નહિ :-**

આચાર્ય મહારાજ તો દયાળુ છે, ઉદાર છે એટલે એમને કાંઈ ખોટું લાગવાનું છે નહિ કે આ કેમ ના કહે છે, 'ત્યારે શું જોઈને મોટા ઉપાડે પૂછવા નીકળી પડ્યો હતો ? એવું કાંઈ જ મનમાં આવતું નથી. માત્ર દયાભાવ અને મોટું મન હોઈ આ બિચારો જીવ કેમ થોડું પણ પામી જાય, એટલી એના પર કરુણા ઊભરાય છે. પરોપકારી બનવું હોય તો આ નીતરતી દયા અને મોટું મન રાખવું પડે. માલ વેચવાની ગરજ વેપારીને હોય છે તો ઊંચા માલના તાકા દેખાડ્યા પછી ઘરાક ના



પાડે, તો ન કંટાળતાં, કે ગુસ્સે ન થતાં ઝટ નીચેનો માલ દેખાડે છે. ત્યારે અહીં તો સ્વનું અને પરનું બંનેનું ભલું કરવું છે, પછી કંટાળાય જ કેમ ? ગુસ્સો કરાય જ કેમ ? દયા કેમ જ બાજુએ મુકાય ?

આચાર્ય મહારાજ એને જવાબ દે છે કે 'જો એ જ ધર્મ અંશે સ્વીકારાય એ ગૃહસ્થને માટે શક્ય છે. નિરપરાધી હાલતાં-ચાલતાં જીવને જાણી જોઈને ન મારવા, પાંચ મોટાં જૂઠ ન બોલવાં...' ઇત્યાદિ અણુવ્રત એમણે બતાવ્યા.

દંડપાશિક કહે છે 'ભગવાન ! બસ, એ ધર્મ તો હું કરીશ.' પરંતુ મારી એક અરજ છે કે અમારા પૂર્વ પુરુષોની પરંપરાથી ઊતરી આવેલ માત્ર વૈદિક ધર્મની પશુહિંસા હું નહિ છોડી શકું.'

મિથ્યાકુળના, મિથ્યાધર્મના અને પરાપૂર્વની કુરુઢિઓનાં બંધન કેવાં નડે છે ! આજે મરનારની પાછળના શોક-વિલાપના દેખાવ કંઈક ઓછા થયા છે, બાકી તો એનું કેટલું ધમસાણ મચતું અને કેટલા મહિનાઓ સુધી ચાલતું ! એમાંય ખાસી યુવાન ઉંમરનો છોકરો મર્યો એટલે તો લાંબા છાજિયા લેવાનું કેટલું લાંબું ચાલતું ! અને ભેગા થયેલા બધા શું સાચું કૂટે ? એમાંય હોશિયારી હોય છે. દેખાય કે આહા ! આ બાઈ છાજિયો લઈ કેવીક છાતી કૂટી રહી છે ! પણ ખરેખર તો હથેલીથી જ કૂટતી હોય, અવાજ મોટો અને કૂટણ છાતીએ વાગે નહિ. હમણાં જો હથેલીના બદલે આંગળીઓના પંજાથી કૂટે ને, તો તો તમાચાની જેમ વાગે. પણ કૂટે શાની ? એવા તો છાશવારે ને છાશવારે મરણ થાય, તે કોણ સોળ ઊઠાડે ? પણ એ વિચારો કે શા સારું આ ઢોંગધતૂરા ? કહેશો રિવાજ પડ્યા. પણ રિવાજ ઢોંગના ? એ ખબર છે કે મરનાર કુટુંબીઓને વોસિરાવીને નથી મર્યો તેથી કુટુંબીઓ શોક કરે એનાં કર્મ મરનારને પણ ચોંટે છે ? શું પરખાવ્યું મરનારને ? જીવતાં ય ધર્મ તો નહિ, પાપ બંધાવ્યાં, અને મર્યા પછી ય પાપનાં પારસલ મોકલવાનાં ?

**'શોક નરકની છાપ' ભૂલશો નહિ, બહુ વાર શોક કરવાની આદત ભવાંતરે શોકનો વારસો આપે છે, શોકના ભવની સગવડ કરી આપે છે !**

મમ્મણને પૂર્વ ભવમાં મુનિને વહોરાવેલ લાડુ પાછો ન મળ્યાનો ભારે શોક થયો, દાનનાં ફળ કાપ્યાં, તો મમ્મણના ભવમાં મફતનું, કે સસ્તા જેવું કાંઈ મેળવવું રહી જતું એથી અને રત્નનો બળદિયો બનવાનો ઝટ પૂરો નથી થતો એથી એ શોક કર્યા કરતો. ત્યારે આગળ સાતમી નરકમાં તો પૂછવું જ શું ? શોક અપરંપાર !

**શોક કેમ ટળે ? :-**

તો કહો, શોકને વહાલો કરવો છે ? શોકનો શોખ અને મદ રાખવો છે ? બાઈઓમાં આ ચાલતું હશે, 'ફલાણી બાઈએ ચાર મહિના જ કાળું ઓઢ્યું, મેં તો બાર મહિના ઓઢ્યું.' કેવી ઘેલછા ! શોક-પાપનો પાછો મદ ! કેવાંક અને કેટલાં પાપ બંધાય ? મઝા નથી એમાં. શોક જ્યારે જ્યારે ઊભો થવા જાય ત્યારે ત્યારે એના બદલે સંસારના સર્વ સંયોગ અનિત્ય હોવાનું ખ્યાલ પર લાવી નવકારમંત્ર ગણવા માંડો. તે પણ ગણતરીબંધ ગણો, આ...એક થયો, આ...બે... આ...ત્રણ એ રીતે. શોકના મહાપાપથી બચાશે, પરમેષ્ઠીના સ્મરણનો લાભ મળશે.

**વિધવાને શોકનો ફોર્સ :-**

જાતેય શોક કરો નહિ, કોઈને ય શોક કરાવો નહિ, શોકનો બળાત્કાર કરો નહિ. કોઈ બાઈ વિધવા થઈ, એ છે ધર્મિષ્ઠ, મંદિરે જવું છે, વ્યાખ્યાન સાંભળવા જવું છે, તો શું એને પ્રોત્સાહન આપો કે ફોર્સ પાડો 'નહિ જવાય ઘરની બહાર ?' કેમ જાણે ધણી મરી ગયો એ ગુનો એ બાઈનો ! અલબત્ત એ કોઈ ઠઠારો-મઠારો ન કરે, યા બીજે ક્યાંય જાય આવે નહિ, અથવા બહાર ગમે તેની સાથે વાતોચીતોમાં ન પડે, એનો આગ્રહ રાખવાનો; પરંતુ પરમાત્માનાં દર્શન, ગુરુવંદન કે વ્યાખ્યાન શ્રવણાદિ ધર્મક્રિયા પર પ્રતિબંધ ? ઊલટું એમાં પરોવાશે તો એનું દિલદુઃખ મોળું પડશે, ને ભારે શોક-સંતાપથી કાળાં કર્મ બાંધતી અટકશે. ઘરના ખૂણામાં એને શું આશ્વાસન મળવાનું હતું ? દેવનાં દર્શન એને જે જાગૃતિ-સ્ફૂર્તિ આપશે તે તમે શું આપી શકવાના હતા ? તમારા ઘરમાં તો તમારા બધાની સંસારલીલાઓ ચાલુ જોઈ એનું દિલ બળીને ખાખ થતું હશે, એ બળતરાને જિનવાણીનું શ્રવણ શાંત કરશે. માટે ભૂલેચૂકે કોઈનાય શોકને સંમતિ ન આપતા, શોકનો બળાત્કાર ન કરતા, કે જે ધર્મમાં અંતરાયભૂત હોય.

અને આમેય શોક અને શોકના લીધે ત્યાગ એ સારો નથી. મહાસતી દમયંતીને વનમાં પતિવિયોગ થયો, એણે વિગઈત્યાગ, શણગારનો ત્યાગ, ગાદલે સૂવાનો ત્યાગ વગેરે કર્યું પણ તે શોકને લીધે નહિ કે 'હાય ! પતિ દૂર ગયા, બળ્યું જીવન ! હવે શે ખાવુંપીવું ભાવે, ?' એમ નહિ, એવો ત્યાગ તો શોકને પોષી ઊલટું કર્મ બંધાવે. પણ એણે એ વિચાર્યું કે 'યુવાની છે, પતિના વિરહમાં શીલ પાળવું છે; તો એ માટે પતિ ન મળે ત્યાં સુધીના માટે આ વિગઈત્યાગ વગેરેની પ્રતિજ્ઞા કરી લેવા દે.' પતિની ગેરહાજરીમાં શીલની રક્ષાર્થે, વિકારોને જાગતા અટકાવવા માટે ત્યાગ કર્યો. ત્યારે પૂછો.



**ત્યાગમાં શોકના બદલે વિવેક :-**

**પ્ર.-** પણ ભાઈ કે પિતા કે છોકરો મરી ગયો અને મીઠાઈ ત્યાગ કરવી છે તો શો વિવેક કરવો જેથી કર્મ ન બંધાય ?

**ઉ.-** હાં, વિવેક એ, કે આપણે એ મરનારને મોહ કરાવી પાપ બંધાવ્યાં, તેમ ધર્મની તેવી પ્રેરણા કે સહાય યા અનુકૂળતા ન કરી આપી, માટે એના દંડરૂપે મીઠાઈ ત્યાગ. આ કરો, તો જ્યારે-જ્યારે મીઠાઈનો સંયોગ આવશે ત્યારે ત્યારે એને ત્યજતાં એ સ્વદુષ્કૃત યાદ આવી એની હાર્દિક નિંદા થશે; તેમ મરનાર પર ભાવદયા સ્ફુરશે કે 'બિચારે ધર્મ ન કર્યો અને પાપસ્થાનક સેવ્યાં એનું શું થયું હશે ? ભલું થાઓ એનું.' વિવેક હોય તો આ લાભ છે, નહિતર તો 'ભાઈ મરી ગયો છે માટે હું મીઠાઈ લેતો નથી' એવા ત્યાગમાં શોકના પાપનાં પોષણ થશે, એના કુસંસ્કારનાં પોષણ થશે અને અશુભ કર્મનાં બંધન વધશે. મીઠાઈનો ત્યાગ કરવા છતાં આ સજા ? વિચિત્ર ન લગાડશો, ઉદ્દેશ ખોટો છે માટે એ પરિણામ છે.

વાત એ ચાલતી હતી કે કુરૂઢિઓ, મિથ્યા કુલધર્મ, મિથ્યાશાસ્ત્રાદેશના બંધન એવા નડે છે કે એ છોડવા મુશ્કેલ લાગે છે. દંડપાશિક એ કહી રહ્યો છે કે 'અહિંસાદિ અણુવ્રતો હું પાળીશ, પણ વેદશાસ્ત્રે કહેલી અને અમારા પૂર્વ પુણ્યોથી ચાલી આવેલી પશુ હિંસા નહિ છોડી શકું.'

**વૈદિક હિંસા સામે સૂરિજીનો જવાબ :-**

હવે આને શું કહેવું ? પણ જુઓ અહીં આચાર્ય ભગવાન એને કેવો સણસણતો જવાબ આપે છે કે જે એના હૈયાંને આરપાર વીંધી જાય ! એઓશ્રી કહે છે,

'જો હિંસા નહિ છોડે, તો મહાનુભાવ ! સમજી રાખ કે જેમ આ બે કૂકડો-કૂકડી, તેમ તું ય આ સંસાર સાગરમાં ઘોર કદર્થના પામીશ.'

**શ્રાપ કે સિગ્નલ :-**

કહો આચાર્ય મહારાજે શું આ શ્રાપ આપ્યો ? ના, એમણે તો રેડ સિગ્નલ ધર્યો. ગાડી યાર્ડમાં ઊભી હોય ત્યારે સામેથી આવતી ગાડીને લાલ સિગ્નલ દેખાડાય તે અપશુકન કર્યું કે બચાવ માટે થોભી જવાની કલ્યાણ સૂચના આપી ? મહાવીર પ્રભુ કહે છે કે 'આવા આવા હિંસાદિના કે વિષય-કષાયની આંધળી ગુલામીનાં પાપ કર્યા કરશો તો દુર્ગતિમાં ચિરકાળ સબડવું પડશે;' એટલે શું શ્રાપ આપ્યો કે 'જાઓ દુર્ગતિ થશે ?' ના, એ તો પેલી ગાડીની જેમ આપણને કલ્યાણ સૂચના આપી કે 'રુક જાવ, આ હિંસાદિ પાપો અને વિષયકષાયની આંધળી ગુલામીના પાટે જીવનની ગાડી દોડતી અટકાવો, આગળ ભારે ભય છે !' માટે એવું બોલાય

નહિ કે 'સાધુ તો નાસ્તિકને, લંપટને, ઘાતકીને, જૂઠા બોલાને શ્રાપ આપે છે કે નરકમાં જવાના છો.' આ આક્ષેપ ગેરવાજબી છે. કહેવું તો એ જોઈએ કે 'સાધુ પેલા સિગ્નલમેનની જેમ અનર્થના ભયની ગમ પાડનારા છે, તોફાની જીવનગાડીને રોકનારા છે. અનંત સંસારના કૂવામાં પડતાં બચાવનારા છે.'

શશિપ્રભ આચાર્ય મહારાજ દંડપાશિકને કહે છે 'ધ્યાન રાખજે, હિંસા નહિ છોડે તો સંસાર સમુદ્રમાં આ કૂકડા-કૂકડી જેવા બેહાલ થશે.'

પેલો ગભરાયો, પૂછે છે 'ભગવન્ ! એમણે શું નહિ છોડેલું ? ને શા બેહાલ થયા ?'

આચાર્ય મહારાજ સમજાવે છે, 'જો આ કૂકડો તે પહેલા ભવમાં રાજા સુરેન્દ્રદત્ત અને આ કૂકડી તે ત્યારે એની માતા યશોધરા...' એમ કહેતાં પૂર્વનો બધો અધિકાર કહે છે. રાજાનું સ્વપ્ન, વૈરાગ્ય, માતાને સ્વપ્નકથન, માતાના અતિ આગ્રહે લોટના કૂકડાનો ભોગ-ભક્ષણ, રાણી નયનાવલીનો અસદ્ આચાર, દંભ, રાજાને ઝેર, ગળે ટૂંપો...વગેરે વગેરે હકીકતો કહી. દંડપાશિક તો સાંભળતાં થીજી જાય છે, 'આહા ! શું જગતના ખેલ !' આચાર્ય ભગવાન આગળ ચલાવતાં, મોર ને કૂતરો, મૃગલો ને સાપ, મચ્છ અને સુંસુમાર, બકરો ને બકરી, બકરો ને પાડો પછી અહીં કૂકડો-કૂકડી, એમ બંનેના દુઃખદ ભવોનો એવો કરુણ ચિતાર રજૂ કરે છે કે પેલાને સાંભળતાં રૂંવાડાં ઊંચાં થઈ જાય છે ! મચ્છની કપાવા, છોલાવા, મસાલાભર્યો થવા, કકડતા માખણમાં તળાવા વગેરેની, તેમજ પાડાની અગ્નિ વચ્ચે ઊભો ઊભો શેકાવા કપાવા ઇત્યાદિની સ્થિતિ સાંભળી જાય એવી નહિ, કલેજે કમકમી કરી દે એવું સાંભળવા મળ્યું. આમાં કાંઈ વર્ણનની હોશિયારી નહોતી, હકીકત જ એવી ભયંકર હતી અને જ્ઞાનીએ હૂબહૂ કહી બતાવી.

સાંભળીને દંડપાશિક પરમ સંવેગ પામ્યો, અર્થાત્ એ આ ભવચક્રની પીડા ઉપર ધ્રૂજી ઊઠ્યો, અને હિંસાદિ પાપ ઉપર ભારે તિરસ્કાર છૂટ્યો, અને તારણહાર ધર્મ ઉપર ખરેખરો સદ્ભાવ જાગ્યો.

**સંવેગનો આ અર્થ છે,** નરકાદિ દુઃખભર્યા ભવમાં વસવા ઉપર ઉદ્વેગ જાગે, તથા અનંત સુખમય મોક્ષસાધક ધર્મ ઉપર અંતરથી પ્રીતિ ઊભરાય.





**આ સંવેગ એક તો પાયાનો ગુણ છે, અને બીજું, ઉપરની સાધનાઓમાં એ વિકસાવવાની વસ્તુ છે.** મૂળમાં સંવેગ ન હોય કે સંવેગ લાવવાનો ઉદ્દેશ ન હોય તો દેવ દર્શન-પૂજા, દાન, શીલ, ત્યાગ-તપસ્યા વગેરે લેખે ન લાગે, છાર પર લીંપણ જેવા નીવડે. ઘાંચીનો બેલ ચાલ્યો ચાલ્યો પણ ક્યાં ? ઘાણીને ફરતો. પરિણામ ? આખા દિવસના અંતે ત્યાંનો ત્યાં ! એમ સંવેગ નથી, સંવેગની પડી ય નથી અને બધી દોડધામ થાય છે, એનો શો શુભ હેતુ ?

**સંવેગ ક્યાં ક્યાં જરૂરી ? :-**

સંવેગ પાયામાં જ જરૂરી છે એમ નહિ, પરંતુ આગળ સાધનાઓ કરતાં કરતાં પણ એને વિકસાવવાનો છે, માટે તો શાસ્ત્ર કહે છે કે સ્વાધ્યાયનો શો લાભ ? તો કે એનાથી ક્ષણે ક્ષણે જીવ નવીન નવીન સંવેગ પામતો જાય છે; એટલે કે ભવોદ્વેગ અને ધર્મરુચિ-મોક્ષરુચિ વધતી જાય છે. મુનિઓ મહાસંવેગમાં ઝીલતા હોય છે. પૃથ્વીચંદ્રને કેવળજ્ઞાન થયું જાણી એમની આઠ પત્નીઓ સંવેગમાં જ ઝીલતી કેવળજ્ઞાન પામી; **'સંવેગરંગ-તરંગમેં ઝીલતી, આઠે કેવળી થાય.'**

આ ઉપરથી સમજાશે કે **સંવેગ એ એક જ માત્રાનો ગુણ નથી,** એની ચઢતી ચઢતી માત્રાઓ છે; માટે અલ્પ માત્રાના સંવેગમાંથી અધિક માત્રાના સંવેગમાં જવાનું છે. અધિકાધિક ભવનિર્વેદ અને ધર્મરંગ ખીલવતા જવાનું છે. બધી ધર્મસાધનાઓ કરતાં કરતાં આ ખીલવવાનું લક્ષ ખાસ રાખવાનું છે. એકમાત્ર પ્રભુનાં દર્શન કરતાં જઈએ ત્યાં પણ આ પ્રયત્ન રહે કે દિન પ્રતિદિન એથી સંવેગ વધતો આવે. એવું પ્રભુપૂજા, નવકાર જાપ, સામાયિક, વ્રત, તપસ્યા, દાન, શીલ વગેરે બધે જ સંવેગ વધારતા જવાનો.

**સંવેગમાં શું કરવાનું ? :-** સંસારની ક્રિયાઓ અને વ્યવહારો કરતાં કરતાં, દેખાય છે કે, તે તે જાતના રસ અને રંગ વધતા જાય છે, એમ અહીં ધર્મસાધનાઓ, ધર્મવ્યવહારો કર્યે જતાં આ સંવેગ વધારતા જવાનો છે. એમાં બે ભાગ છે, **એક બાજુ,** સંસાર પર ખેદ, વિષયો પ્રત્યે કંટાળો, પાપ પ્રત્યે તિરસ્કાર, કષાયો પ્રત્યે અકળામણ, દોષ-દુર્ગુણો પ્રત્યે દુગંછા...આ બધું વધારતા જવાનું. બીજી બાજુ, મોક્ષની લગની, ધર્મની પ્રીતિ અને ભૂખ, દેવ-ગુરુ પ્રત્યે ભક્તિ-સદ્ભાવ-બહુમાન, સંઘ-સાધર્મિક પ્રત્યે વાત્સલ્ય-આદર, તત્ત્વ પ્રત્યે ઝુકાવ, તન્મયતા, ગુણો પ્રત્યે અથાગ પક્ષપાત આત્મસાત્ કરવાનો. ખંત, વ્રત-નિયમ-અનુષ્ઠાન પ્રત્યે ઊછળતી રુચિ...આવું બધું વિકસાવતા જવાનું છે, બંને ભાગમાં વિકાસ પૂર ઝડપથી ચાલે,

અને એટલે સુધી પહોંચે કે જીવની વૃત્તિઓ એટલી બધી શાંત-સ્વસ્થ થઈ જાય કે જીવ ત્યાજ્ય અંશથી, આંતરિક રીતે, તદ્દન અલગ જેવો થઈ ગયો હોય, કોઈ સ્વપ્નમાં ય સંબંધ નહિ; તેમજ ઉપાદેય અંશ સાથે એટલો બધો આંતરિક રીતે એકમેક થઈ ગયો હોય કે એ જાણે જીવનપ્રાણ બની ગયા હોય, સ્વભાવરૂપ બની ગયા હોય, તાત્પર્ય સંવેગની પરાકાષ્ઠા વીતરાગ અવસ્થામાં આવીને ઊભી રહે.

હવે સમજાશે કે બધે જ સંવેગ ક્યાં સુધી વધારતાં જવાનું છે. વધતો ન દેખાય તો માનવું પડે કે 'ધર્મ કરું છું, કરું છું,' ને આત્માની ગુણસ્થાનકની પાયરીએ પ્રગતિ થતી નથી; તેથી ધર્મસાધનાની મહેનતનું ખાસ ફળ નથી આવતું એ ચિંતાનો વિષય છે. માટે શું કરું ? એવા ગુરુ મહારાજનું માર્ગદર્શન લઉં, પૂર્વ પુરુષોનાં સંવેગજનક ચરિત્રો વાંચું...' આવી ગડમથલ અને જરૂરી પુરુષાર્થ જોઈએ.

**દંડપાશિકનું પરિવર્તન :-** દંડપાશિક કૂકડા-કૂકડીના કરુણચરિત્રને સાંભળી પરમ સંવેગને પામ્યો, મિથ્યા વાસના ઓગળી ગઈ. એમાં યશોધરા માતાએ દેવીને જીવનો ભોગ આપવાની વાત શાસ્ત્રના નામે કરી હતી તો પણ એનો કાંઈ બચાવ ન મળ્યો, અને ઘોર દુઃખ દુર્ગતિઓમાં વેઠવા પડ્યાં, આ બધું દંડપાશિકના ધ્યાનમાં બરાબર ઊતરી ગયું, એટલે એ આચાર્ય ભગવાનને કહે છે.

'ભગવન્ ! તો હવે માફ કરો, ભલે વેદશાસ્ત્રે પશુહિંસા ફરમાવી હોય છતાં આવી ભયંકર પરિણામ લાવનારી હિંસા કરવાથી મારે સર્યું, હવે મારે એવીય હિંસા કરવી નથી. તો મને ગૃહસ્થ ધર્મોચિત વ્રતો આપવા કૃપા કરો.'

**જિનવચન કેટલું કિંમતી ? :-** એ સમજી ગયો કે હિંસા વેદે કહી છે માટે એના પર એવો કોઈ સિક્કો નથી લાગી શકતો કે જીવને બચાવ આપે; કોઈ ગેરંટીપત્ર નથી મળતું કે જા તને કોઈ સજા નહિ. મિથ્યાશાસ્ત્રો ગમે તેવાં સર્ટિફિકેટ આપે પણ તે પોકળ; કેમ કે જાણે જીવતી વૃત્તિ-પ્રવૃત્તિથી ઊભી થતી કાર્મિક યંત્રજાળની, કર્મના અટલ સિદ્ધાંતની પ્રક્રિયા પ્રત્યક્ષ જોઈ જાણી નથી એવા અજ્ઞાનીઓએ એ શાસ્ત્રો રચ્યાં છે અને એ વાતો કહી છે. એ યથાર્થ ક્યાંથી હોય ? જગતમાં ખરી પ્રક્રિયાઓ બીજી ચાલતી હોય અને કલ્પનાથી ગમે તેમ ઠોકાઠોક કરવામાં આવે તે ક્યાંથી સાચું હોય ? માટે સમજો કે વીતરાગ-સર્વજ્ઞ ભગવાન કે જે બધું જ પ્રત્યક્ષ દેખે છે, એમણે કહેલાં વચન તમને મળ્યાં છે એ તમારું આ વિશ્વમાં કેટલું બધું અવલ સદ્ભાગ્ય ? તો એની કદર કરી જિનવચન ઉપર અથાગ શ્રદ્ધા અને શક્ય બધો અમલ કરવા લાગી જાઓ. નહિતર એની બેપરવાઈમાં જો ભવાંતરે મિથ્યાશાસ્ત્રોને ભટકાઈ પડ્યા ને, તો ધર્મના નામ પર ઘોર પાપો કરવાનું થશે.



**જિન વચનની શ્રદ્ધાનો આકાર :** જુઓ પૂર્વના શ્રદ્ધાળુ શ્રાવકપણ જિન-વચનની કેવી સચોટ શ્રદ્ધા ધરતા હતા ! મોટા દેવ પણ પરીક્ષા કરવા આવે કઠોર ઉપદ્રવ કરે, મરણાન્ત જેવાં કષ્ટ ઊભાં થાય, છતાં શ્રદ્ધામાંથી ચસકવાની વાત નહિ. હૃદયમાં શું ઠસેલું હતું ?

શ્રાવક અર્હન્નકનો પ્રસંગ આવે છે, દરિયામાં વહાણ લઈને વેપાર અર્થે નીકળ્યો છે, એ વખતે સભામાં ઈન્દ્ર એના સમ્યક્ત્વની દૃઢતાની પ્રશંસા કરે છે. એક મિથ્યાદૃષ્ટિ દેવ ઈંદ્રના વચનને વાચાલતા સમજી અર્હન્નકને ચળાવવા માટે આવે છે. પિશાચનું મોટું રૂપ કરી એને કહે છે,

'આ શી ધાંધલ લઈ બેઠો છે ? મૂકી દે આ આર્હત્ ધર્મની શ્રદ્ધા. નહિતર ખબર લઈ નાખીશ તારી ! ઓળખે છે મને ?'

અર્હન્નક કહે છે, 'આવા અનુપમ અને આત્માને ભવસાગરથી પાર કરનારા આર્હત્ ધર્મને મૂકવાની ગાંડી વાત કરે છે ? એ છે તો જીવતા છીએ, એ મૂક્યા પછી તો જીવનની કશી કિંમત નથી. જીવતા છતાં મડદા જેવા છીએ.

**સમસ્ત વિશ્વને હિતકારી નિર્દોષ જૈન ધર્મથી વધીને તો શું, પણ એની હરોળમાંય આવે એવો કોઈ ધર્મ જગતમાં નથી.'**

આવું કેમ કહે છે ? કારણ એ છે, કે

(૧) સૂક્ષ્માતિસૂક્ષ્મ અહિંસા, સત્ય વગેરે સર્વહિતકર આચારો એમાં જ છે;

(૨) જગતના પદાર્થો અને પ્રસંગોનો સાચો સમન્વય કરી શકે એવો સ્યાદ્વાદ સિદ્ધાન્ત જૈન ધર્મમાં જ છે,

(૩) વીતરાગ-સર્વજ્ઞ ભગવાને એ જ ધર્મ ફરમાવ્યો છે; માત્ર એના જ ઉપદેશક વીતરાગ-સર્વજ્ઞ પ્રભુ છે;

(૪) કષ-છેદ-તાપની પરીક્ષામાં આ જ ધર્મ શુદ્ધ સોનાની જેમ ઉત્તીર્ણ છે;

(૫) આદિ-મધ્ય-અંતમાં અ-વિસંવાદી આ એક જ ધર્મ છે;

(૬) આત્માની ક્રમિક ઉત્ક્રાન્તિ અને પ્રારંભથી માંડીને ઠેઠ મોક્ષ સુધીના ક્રમસર વિકાસના ક્રમિક ઉપાય વ્યવસ્થિત રીતે આ જ ધર્મમાં ફરમાવ્યા છે;

(૭) જ્ઞાન અને ક્રિયા, વૈરાગ્ય અને વિરતિ, ભક્તિ અને અનાસક્તિ, ત્યાગ અને પરિણતિ, કર્મ અને પુરુષાર્થ, ઉપાદાન અને નિમિત્ત, વગેરેને ન્યાય જૈન ધર્મમાં જ મળેલો છે;

(૮) જીવાજીવાદિ વ્યવસ્થિત તત્ત્વ જૈન ધર્મમાં જ મળે છે.

(૯) હજારો-લાખો વરસ થયાં કોઈ જ ઘાલમેલ વિનાનો ત્રિકાળાબાધ્ય ધર્મ ચાલ્યો આવ્યો હોય તો એકમાત્ર જૈન ધર્મ છે.

(૧૦) પરમાત્મપણાનો હક્ક કોઈ એક જ વ્યક્તિને જૈન ધર્મમાં જ રજિસ્ટર્ડ નથી.

(૧૧) કર્મસિદ્ધાંતનું સાચું, સૂક્ષ્માતિસૂક્ષ્મ, અને આત્માની બંધ-મોક્ષની વ્યવસ્થાને વિસ્તૃતપણે સ્પષ્ટ કરનારું સ્વરૂપ જૈન ધર્મમાં જ મળે છે.

(૧૨) મોક્ષસાધનાનાં વિવિધ અંગો,-યોગ, ધ્યાન, ભક્તિ, વૈરાગ્ય, ત્યાગ, વિરતિ, તપ, જ્ઞાન, સમતા, સમાધિ, સમિતિ-ગુપ્તિ, ભાવના વગેરેનાં સૈદ્ધાન્તિક તથા પ્રાયોગિક ચોક્કસ પ્રતિપાદન જૈન ધર્મમાં જ મળે છે.

આવી આવી કેઈ અલાયદી વિશેષતાભરી બાબતો જૈન ધર્મમાં જ છે એટલે અર્હન્નક કહે છે જૈન ધર્મ તો વિશ્વમાં અનન્ય કોટિનો છે; એને તું મૂકવાની વાત કરે છે ? કદાપિ આ વાત બની શકશે નહિ. જૈન ધર્મની શ્રદ્ધા એ તો મારા સાચા પ્રાણ છે. એ ટકાવવામાં કદાચ આત્માથી પરાયા એવા જડ પ્રાણ જતા હોય તેની મને લેશમાત્ર ચિંતા નથી.'

દેવ કહે છે, 'એમ ? ત્યારે જો હવે તારા હઠાગ્રહનું ફળ.'

અર્હન્નક ચેતી જાય છે, 'કદાચ આના ઉપદ્રવમાં મૃત્યુ આવી જાય તો એમ જ ગફલતમાં જવાનું ન થાઓ માટે સાધનામાં વ્યવસ્થિત થઈ જાઉં,' એમ વિચારીને શક્રસ્તવ ભણી ફરીથી સમ્યક્ત્વ અને વ્રતો ઉચ્ચરી લે છે, સર્વ જીવોને ખમાવી દે છે, 'જો આ ઉપદ્રવમાં પ્રાણનાશ થઈ જાય તો આહાર, ઉપકરણ અને કાયા વોસિરે વોસિરે' એમ સંકલ્પ કરી લે છે, અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારી લે છે અને પંચ પરમેષ્ઠી-નમસ્કારના ધ્યાનમાં સ્થિર થઈ જાય છે.

દેવતા પિશાચના રૂપે ભારે ડરામણીઓ બતાવે છે, પણ આ તો અડોલ છે. છેવટે દેવ કહે છે 'ધ્યાન રાખ તારા આખા વહાણને સાત તાડ જેટલે ઊંચે ઉછાળી સમુદ્રમાં પટકી દઉં છું, હજીય બચવું હોય તો છોડ આ જૈન ધર્મની લપ છોડ.'

અર્હન્નકના ચિત્તમાં તો શ્રદ્ધાનો એક જ નિર્ધાર છે, કે

**'एसेव निग्गंथे पावयणे अट्ठे समट्ठे, सेसे सव्वं खलु अणट्ठे, अणिट्ठे ।'**

અર્થાત્ 'આ જ (અરિહંતનું કહેલું) નિર્ગ્રન્થ પ્રવચન સારભૂત અર્થ છે, હિત માટે સમર્થ છે, બાકીનું બધું જ અનર્થ છે, મારે અનિષ્ટ છે.

**સાધુ ધર્મની મુખ્યતા શા માટે ? :-**

નિર્ગ્રન્થ પ્રવચન એટલે સાધુ ધર્મની મુખ્યતાવાળું જિનાગમ. એ મુખ્યતા કેમ કહી ? એટલા જ માટે કે સાધુ-ધર્મમાં જ સર્વથા નિષ્પાપ જીવન છે, અને ધર્મશાસ્ત્ર એનું જ નામ કે જેમાં મુખ્યતા નિષ્પાપ જીવન હોય. એ ન હોય એવું શાસ્ત્ર તો જીવની સામે આદર્શ હલકો મૂકશે; ઝીણામાં ઝીણા પાપ સુધીનાં સમસ્ત પાપોનો



તિરસ્કાર નહિ જન્માવી શકે; તેથી કદાચ થોડાં પાપ છૂટશે પણ બીજા પાપની બોલબાલા રહેશે, ઉદ્વેગ નહિ ! ત્યારે જો ધર્મ થોડો આવ્યો તો ખરો, પરંતુ સાથે થોડાં પણ પાપો ખુશમિશાલ સેવાતાં રહ્યાં તો પછી ભવાંતરે એની પાપવાસનાઓ સલામત રહીને પુણ્યનાં ફળ સ્વરૂપ વૈભવમાં જીવને મૂંઝવી દેશે; એટલે પાપની લોથ અતૂટ ચાલશે ! પરિણામે ભવભ્રમણ, મોક્ષ નહિ. આ બધું વિચારો તો લાગશે કે **ધર્મશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ તો સર્વથા નિષ્પાપ જીવનનો જોઈએ. એવું જીવન એ જ સાધુધર્મ.**

જિન-સર્વજ્ઞ પ્રભુનું પ્રવચન આવા સાધુધર્મની મુખ્યતાવાળું હોઈને ઠેઠ મોક્ષ સુધી પહોંચાડનારું છે. તેમ જે ગૌણ ધર્મ બતાવે છે તે પણ સાધુધર્મના ઉદ્દેશવાળા હોઈને અર્થાત્ સમસ્ત પાપ પ્રત્યે તિરસ્કાર કરાવનાર હોવાથી જ્વલંત ધર્મ બને છે, ને જીવનને પ્રકાશમય કરી દે છે. તો જીવનમાં આથી વધારે યા આના સિવાય બીજું શું સારભૂત અને હિતકારી હોઈ શકે ? ધન-કણ-કંચન, લાડી-વાડી, કુટુંબ-કીર્તિ, બધું જ નિસ્સાર અને અહિતકારી છે, તેમ પ્રવચન વિરોધી ધર્મ કે તત્ત્વની વાતો પણ તેવી જ છે. માટે આ અસ્થિમજ્જા શ્રદ્ધા હોય કે.

**'एसेव निग्गंथे पावयणे अट्ठे, समट्ठे सेसे सव्वं खलु अणट्ठे अणिट्ठे ।'**

**'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं ।'**

તે જ સાચું અને શંકા વિનાનું છે જે ભગવાન જિનેશ્વરદેવોએ ભાખ્યું છે.

'જગતમાં અરિહંત પરમાત્મા એ જ મારા દેવ, નિર્ગ્રન્થ મુનિઓ એ જ મારા ગુરુ અને સર્વદા ભગવાને કહેલાં તત્ત્વ અને મોક્ષમાર્ગ એ જ મારે સત્ય તત્ત્વ અને મોક્ષમાર્ગ.'

અર્હન્નક આવા સચોટ ભાવમાં સ્થિર રહે છે, ભલે ને દેવે વહાણને સાત તાડ જેટલું ઊંચે ઉછાળવાનો દેખાવ કર્યો ! દેવતા અંતે બધું સ્વસ્થ કરી સામે હાથ જોડી નમી પડે છે અને ભારે પ્રશંસા કરી ક્ષમા માગે છે.

**દંડપાશિકને નવકાર તથા વ્રતો :-**

દંડપાશિકને યશોધર મહાત્માનું કૂકડા-કૂકડી સુધીનું ચરિત્ર સાંભળતાં વૈદિક હિંસા પરથી પણ આસ્થા ઊઠી ગઈ અને જિનવચન પર વિશ્વાસ જામ્યો. હવે આચાર્ય મહારાજને વિનંતી કરે છે,

'ભગવાન્ ! આવી પરિણામે ભયંકર હિંસાની મારે જરૂર નથી, ભલે વેદશાસ્ત્રે તે ફરમાવી પણ હોય. મને ગૃહસ્થધર્મને ઉચિત વ્રતો આપો.'

શશિપ્રભ આચાર્ય મહારાજે ત્યારબાદ તીર્થંકર ભગવાને કહેલી વિધિથી એને સંસાર-સાગર તરી જવા માટે જહાજ સમાન પંચનમસ્કાર મંત્ર તથા સ્થૂલ

પ્રાણાતિપાત વિરમણ વગેરે વ્રતો આપ્યાં.

**નવકાર એ સર્વસાધનાની પીઠિકા છે :-**

વ્રતો ઈમારત છે એની પીઠિકા મજબૂત જોઈએ. શ્રી અરિહંતાદિ પંચ પરમેષ્ઠી ઉપર શ્રદ્ધા સાથે એમને નમસ્કાર એ પીઠિકા છે. એ નમસ્કારનું સૂત્ર-નમસ્કાર મહામંત્ર છે. એમાં કોઈ રજિસ્ટર્ડ દેવ કે ગુરુની વાત નથી; નામ દઈને 'નમો મહાવીરસ્સ' 'નમો ગોયમસ્સ' એવું કાંઈ પદ નથી, પરંતુ જેમણે રાગદ્વેષાદિ અરિનો નાશ કર્યો છે અને જે ચોત્રીસ અતિશયોની શોભાને અર્હ છે, યોગ્ય છે, એવા અરિહંતોને હું નમું છું, બાંધેલાં કર્મો ધમી નાખ્યાં છે અને જે કૃતકૃત્ય બન્યા છે એવા સિદ્ધોને હું નમું છું; જ્ઞાનાચારાદિ પંચાચારના પાલક-પ્રચારક આચાર્યોને નમું છું; સિદ્ધાંતના પાઠક ઉપાધ્યાયોને હું નમું છું; મોક્ષમાર્ગના સાધક સાધુઓને હું નમું છું. એ સૂચવતાં 'નમો અરિહંતાણ' વગેરે પદો છે. આ કોઈ પણ સહૃદય વિચારકને માન્ય થઈ શકે એવો નવકાર-મહામંત્ર છે. બીજા-ત્રીજા મંત્રો, સાધનાઓ, શાસ્ત્રપ્રારંભ યા વ્રત, દિવસના પ્રારંભ અને અંતે અને ઠેઠ જીવનઅંતે પણ આ જરૂરી છે; કેમ કે એ મહામંગળ છે, સર્વપાપ નાશક છે, ગુણશ્રેણિ-વર્ધક છે, દુર્ગતિરોધક અને સદ્‌ગતિ પ્રેરક તથા સર્વ વાંછિતને પૂરનાર છે.

**કૂકડા-કૂકડીને ભાગ્યોદય - વ્રત પ્રાપ્તિ :-**

નવકાર સાથે અણુવ્રતોને દંડપાશિકે વિનય અને ભાવોલ્લાસપૂર્વક ગ્રહણ કર્યાં, એટલું જ નહિ પણ હવે જુઓ કે કૂકડા-કૂકડીનાં ભાગ્ય કેવાં ઉદય પામે છે !

યશોધર મહાત્મા ધનકુમારને કહી રહ્યા છે કે હું અને માતા યશોધરા આ કૂકડા-કૂકડીના અવતારમાં અમારા તરફ અંગુલિ નિર્દેશ કરીને દંડપાશિકને કહેવાતું અમારું ચરિત્ર સાંભળતાં અમને ઊહાપોહ થયો અને જાતિસ્મરણ જ્ઞાન થયું. રાજા સુરેન્દ્રદત્તના ભવથી ચાલી આવતી આખી ભવપંરપરાનો જાતિ-અનુભવ હૂબહૂ સ્મરણમાં આવ્યો. અમે ચમકી ઊઠ્યા.

**કૂકડા-કૂકડીની ભાવના :-**

'અહો પ્રમાદમાં માનવભવે અજવાળવાની અણમોલ તક ગુમાવ્યાનાં કેવાંક દુઃખદ પરિણામ ! પણ હવે શા સારું ચૂકવું ? ભવેભવે હારતા આવેલી જીવનબાજીને હવે તો જીતી લેવી.' એવો પરમ સંવેગ અમારામાં ઊલસી ઊઠ્યો કે અત્યાર સુધી પાપલેશ્યા કેડો નહોતી મૂકતી તે અશુભ બંધ ઘસારે પડ્યા એટલે અમને ચરિત્ર જોતાં પાપ પર અનહદ તિરસ્કાર છૂટ્યો, કર્મની વિટંબણા પર અમે કકળી ઊઠ્યા, પાપી જીવનથી અમે ઊભગી ગયા; આ ખરેખર સાંભળવાનું મળ્યું એથી અમને પારાવાર આનંદ થયો, 'અહો ! ત્રિભુવનતારક તીર્થંકર ભગવાને કેવો સુંદર ધર્મ



કહ્યો છે,' એ વિચારે એ તારક દેવાધિદેવ અને એમના કહેલા ધર્મ પર અત્યન્ત પ્રીતિ-ભક્તિ સાથે એને ગ્રહણ કરવાની તીવ્ર તાલાવેલી જાગી. એમાં વળી આવા નિઃસ્વાર્થ પરોપકારી ગુરુ મળ્યા પછી તો વિલંબ જ શા માટે કરવો ? એમ વિચારી દંડપાશિકને ઉદ્દેશીને અપાતાં નવકાર મહામંત્ર અને સ્થૂલ અહિંસાદિ વ્રતો અમે પણ સ્વીકારી લીધાં.

પૂર્વના જીવનોની દુર્દશા અને પાપમય માનસને જોતાં આ અવસર અમારે મન અનેરો ઉમદા હતો ! અહો, કેવા અદ્‌ભુત નવકાર મંત્ર અને વ્રતોની પ્રાપ્તિ ! અજ્ઞાન અને મોહવશ કેઈ દુષ્ટ વૃત્તિઓના કચરા ધોવાઈ જઈને અમારું મન સ્વચ્છ બન્યું, નવકાર અને વ્રતોના રંગથી સુશોભિત થયું. કેવી ધન્ય ઘડી ! અમારો અંતર-આનંદ એટલો તો હિલોળે ચઢ્યો કે હવે ત્રિભુવન ગુરુનો ધર્મબોધ મળ્યો અને અનુબંધવાળા અશુભ કર્મ ખખડી ઊઠ્યા હોવાથી, અનુબંધ તૂટી ગયા હોવાથી અમે હર્ષના તાનમાં ગાજી ઊઠ્યા ! મોટા અવાજે અમે ગર્જારવ કરી મૂક્યો !'

**આંતરિક આનંદ ક્યારે ઊભરાય ? :-**

આંતિરક આનંદનો એવો નિયમ નથી કે કોઈ ધનપ્રાપ્તિ-વિષયસુખ પ્રાપ્તિ કે આરોગ્ય પ્રાપ્તિ થાય તો જ એ ખીલી ઊઠે. કાયા કે ધનમાલની અનુકૂળતા સિવાય પણ માણસની કીર્તિ ગવાય, તો ય આનંદ ઊભરાય છે; સરકારી દખલ ઓછી થવાનું સાંભળવા મળે, દીકરો કોલેજમાં પહેલા નંબરે પાસ થાય, સ્નેહી અકસ્માતથી બચી જાય, આવા આવા પ્રસંગોમાં પણ આંતરિક આનંદ ભભકી ઊઠે છે. **માત્ર તે પ્રસંગ અસાધારણ અને મનને કિંમતી લાગવો જોઈએ, પછી આનંદ ઊભરાતાં વાર નથી.** કૂકડા-કૂકડીને એવું જ બને છે. જે ધર્મલેશ્યા, નવકારમંત્ર અને વ્રતો પ્રાપ્ત થયાં, તે અસાધારણ અને મહાકિંમતી લાગ્યા, તેથી એ અતિશય આનંદ ઊભરાતાં ગાજી ઊઠે છે.

એમાં એટલો બધો અનહદ આનંદ ? હા, પણ એમાં નવાઈ નથી. શાસ્ત્ર કહે છે જીવ જ્યારે પ્રથમ સમ્યક્ત્વ પામે છે ત્યારે અત્યાર સુધી સંસારમાં નહિ અનુભવ્યો એવો અદ્‌ભુત આનંદ પ્રગટે છે. મોટા દેવલોકેય જોઈ નાખ્યા, ઠેઠ ગ્રૈવેયક સ્વર્ગ સુધીનાં સુખ જોયાં, પણ તે સમ્યક્ત્વ પ્રાપ્તિના આનંદ આગળ કુછ નહિ. કૂકડા-કૂકડી અભૂતપૂર્વ આનંદમાં ગાજી ઊઠ્યાં. અહીં જાતિસ્મરણ જ્ઞાન થયું તે ફળ્યું. પૂર્વે અનેકવાર થયું હતું પરંતુ પાપલેશ્યામય મમતા બુદ્ધિ, દીનતા, ઈર્ષ્યા, વગેરેમાંનું કાંઈ ને કાંઈ વિકસી ઊઠતું, ત્યારે હવે ધર્મબુદ્ધિ, પાપની જુગુપ્સા અને જિનવચન પર અત્યંત રુચિ જાગી ઊઠ્યાં ! શાનો પ્રભાવ ! કહો દૃષ્ટિ ફેરવવાનો.

**વસ્તુ જોવાની મિથ્યા દૃષ્ટિ ફેરવવાથી પાપલેશ્યા મટી ધર્મલેશ્યા જાગે છે.**

જાતિસ્મરણનો પ્રસંગ એવો ને એવો છે, પરંતુ પહેલાં એને જુદી દૃષ્ટિથી જોયો, ને અત્યારે દૃષ્ટિ જુદી આવી. પ્રસંગ એકનો એક, પરંતુ કયા દૃષ્ટિકોણથી એને જુઓ છો એના પર શાંતિ અને શુભ પરિણતિ યા અશાંતિ અને મેલી ભાવના જાગવાનો આધાર છે.

**શરીર માંદું** પડ્યું, દૃષ્ટિ એ જાગી કે 'હાય ! બજાર બગાડ્યો, કામ બગડ્યાં, ક્યારે સારો થાઉં ને પછી બેવડું સાટું વાળું ! તો આર્તધ્યાન અને પાપબુદ્ધિ વિલસે છે. પણ દૃષ્ટિ એ જાગી કે 'હાય ! ધર્મ કરવાનું બગડ્યું ! પણ હવે અહીં અરિહંત સ્મરણ અને પરમેષ્ઠી જાપ કરું, અને રોગ જાય એટલે બેવડો ધર્મયત્ન કરું, તો તો ધર્મબુદ્ધિ ઊલસી.

એમ દા.ત. કોઈએ આપણો અપરાધ કર્યો, ને હવે એના પર કાંઈ આપણાથી થઈ શકે એવું નથી છતાં ત્યાં જો દૃષ્ટિ એમ થઈ કે 'આ કેવો હરામી ! મારું બગડ્યું !' તો એ મેલી દૃષ્ટિના પ્રભાવે પાપબુદ્ધિ અને કષાયનો ચમકારો થવાનો. પરંતુ જો એમ થયું કે 'કાંઈ નહિ, મને ક્ષમા કેળવવાની તક મળી. માણસમાત્ર ભૂલને પાત્ર. એનું બિચારાનું ભલું થજો' તો એ ઊજળી દૃષ્ટિના પ્રતાપે ધર્મબુદ્ધિ, ક્ષમા અને મૈત્રી ભાવનાને અવકાશ મળશે.

એમ પૈસા સારા મળ્યા, હવે સુખસગવડ સારી કરી શકીશ,' એવું મનમાં આવ્યું એ પાપ દૃષ્ટિનો ચમકારો; પણ એમ થયું કે 'પૈસા બહુ મળ્યા, હવે દાનાદિધર્મ સારા વિશેષ પ્રમાણમાં વિકસાવીશ' તો ત્યાં ધર્મબુદ્ધિનો ચમકારો !

પ્રસંગ-પદાર્થ એનો એ, જેવી દૃષ્ટિ તેવી પુણ્ય પાપની સૃષ્ટિ, દૃષ્ટિ તેવા દુર્ભાવ-શુભભાવની સૃષ્ટિ.

કૂકડા-કૂકડીને જાતિસ્મરણ પર દૃષ્ટિ સારી જાગી તો ધર્મબુદ્ધિ સ્ફુરી નવકાર અને વ્રતો સ્વીકાર્યાં અને એના આનંદમાં ગાજી ઊઠ્યા. પરંતુ જુઓ કર્મની વિચિત્રતા.

**કૂકડા-કૂકડી બાણથી વિંધાય છે :-**

રાજા ગુણધર એ વખતે કેળના ઘરમાં પોતાની જયાવલી રાણી સાથે વિષય ક્રીડામાં પડ્યો છે, એણે દૂરથી આ ગર્જારવ સાંભળ્યો, એટલે તીર-કામઠું હાથમાં લીધું અને રાણીને કહે છે 'જો મારું શબ્દવેધીપણું !' એમ કહીને જે દિશામાંથી આ કૂકડાનો અવાજ આવ્યો તે દિશા તરફ બાણ છોડે છે. બરાબર બાણે કૂકડા-કૂકડીને વીંધી નાખ્યા, ને ત્યાં બિચારાનું મોત આવ્યું. કાળ એ જ છે, અધમ દંડપાશિક ધર્મ પામે છે, ઊંચા કુળનો ગુણધર નિર્દોષ જીવોને હણે છે. એમાંય અજ્ઞાનતા એવી કે પોતાના પિતા અને દાદીને જ હણે છે ! કાળ અને અજ્ઞાનની લીલા કેવી !



## • યશોધર મુનિનો ભવ ૮ મો- અભયરુચિ-ગુણધરપુત્ર •

મોત-મોતમાં ફરક છે. કૂકડા-કૂકડીને પૂર્વેય મોત આવેલાં, પણ અશુભ ભાવમાં, અહીં સંવેગ સહિત ધર્મ પામ્યાના આનંદમાં ! તો પૂર્વે તિર્યંચના અવતારમાં ઘસડાઈ જવું પડેલું, અહીં એ બંને મરીને એ જ રાજાના વીર્યમાં રાણી જયાવલીની કુક્ષિની અંદર મનુષ્યપણે ઉત્પન્ન થયા ! અલ્પકષાય મનુષ્યપણાનું આયુષ્ય આપે છે. હવે તો આ ઉત્તમ ગર્ભ છે, તેથી દિવસો જતાં રાણીને અભયદાન દેવાના દોહલા જાગ્યા.

**માતા અને ગર્ભની પરસ્પર અસર :-**

રાજા શિકારી અને માંસાહારી, તો જોડે રાણી કેવી ? એને જીવોને અભય દેવાના દોહલા જાગ્યા ? પણ એ પ્રભાવ ગર્ભમાં આવેલા ઉત્તમ જીવોનો છે. ગર્ભનો માતા સાથે મોટો સંબંધ છે. કોઈ એવો ક્રૂર-નઠારો જીવ ગર્ભમાં આવતાં સારી સુશીલ દયાળુ માતાને પણ ઘાતકી અને નઠારા વિચાર આવે છે. પરંતુ સાથે આ પણ સમજી રાખજો કે માતાની રહેણીકરણી, સ્વભાવ, વિચારો, ભાવનાઓ વગેરેની પણ ગર્ભ ઉપર અસર પડે છે. તેથી ગર્ભમાં જીવ આવવાથી માંડીને જન્મ આપવા સુધીના કાળમાં માતાએ બહુ સાવધાની પૂર્વક ઉત્તમ જીવન જીવવાનું છે.

**સોનું વેચી પિચગોળિયાં ઘરેણાં ખરીદાય ?**

રાજા ગમે તેવો શિકારી અને હિંસક, પરંતુ રાણીના અભયદાનના દોહલા સારી રીતે પૂર્યા, જીવોને અભય બક્ષ્યું. દયા શાની ખાતર ? ધર્મ ખાતર નહિ, સ્નેહીના પ્રેમ ખાતર ! ધર્મ આચાર સેવવામાં પણ એકાંત નથી કે એ ધર્મ માટે જ થતો હોય; મોહ માટેય હોય. પરંતુ સોનું વેચીને પિચગોળિયાં ઘરેણાં ખરીદવાની જેમ સુંદર ધર્મ આચાર તન-મન-ધનના વ્યય સાથે સેવીને પણ તુચ્છ માટીની માયા કે મોહપિશાચનાં તર્પણ કરવાં એ મહામૂર્ખાઈ છે. રાજા હજી અજ્ઞાન છે, એથી વિચારવા એટલી હોશિયારી નથી કે 'ચાલો આ દોહલાનું એક નિમિત્ત મળ્યું તે ય ઠીક, તેથી જીવોને બિચારાને અભયદાન મળશે.' વ્યવહારના દબાણથી ય કરવા પડતા ધર્મ અંગે મનથી ઉદ્દેશ અને વિચારસરણી બદલી સારી કરી દેવાય તો સોનાના માલનાં લિલામ ન થાય.

**નામ પાડવામાં આધ્યાત્મિકતા :-**

રાણીના દોહલા મનમાન્યા પુરાયા, તેથી સ્વસ્થતાએ ગર્ભ વહન કરી યોગ્ય કાળે સુંદર પુત્ર-પુત્રીનાં જોડલાંને જન્મ આપે છે. જન્મોત્સવ ઊજવાય છે, અને દોહદના આધાર બંનેના નામ અનુક્રમે અભયરુચિ અને અભયમતિ રાખવામાં આવે છે. સુંદર નામ છે ને ? પણ જૂનું પુરાણું, આજના જમાના જેવું નહિ, કેમ ? પરંતુ

એ તો કહો આજે પડતાં નામ પાછળ કોઈ આધ્યાત્મિક પ્રેરણા, કોઈ સુંદર આત્મગુણની પ્રેરણા એ નામવાળાને કે એ નામથી બોલાવનારને મળે ખરી ? શા સારું ઝેરી જડવાદને પોષનારા જમાના પાછળ ઘસડાઓ છો ? સારું નામ પાડવામાંય તમને નડે છે કાંઈ ? એવી કેટલીય બાબતો છે જેનાથી સંસ્કૃતિનું રક્ષણ થાય અને જીવનમાં વાંધો ન આવે. પણ સંસ્કૃતિ-માતાના ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતા સરખીય નહિ હોય તો આ સૂઝવાનું નથી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૪૭,તા.૧૯-૮-૧૯૬૧

**સંસારના વિચિત્ર સંબંધ :-** અહીં એક વખતનો પિતા સુરેન્દ્રદત્ત પોતાના જ પુત્ર ગુણધરનો હવે પુત્ર અભયરુચિ બને છે, અને દાદી યશોધરા હવે પુત્રી અભયમતિ બને છે ! જુઓ નાટકિયા સંસારની વિચિત્રતા ! માટે જ એવા નાટકિયા સંસારસંબંધો પર મુસ્તાક બનવાની કે આંધળિયા કરી તત્ત્વભાવના ગુમાવવાની મૂર્ખાઈ ન કરો. અંદરખાને સમજી રાખો કે 'બધું આળપંપાળ છે, અહીં પત્ની-પત્ની ને છોકરો છોકરો કરી મરું, એની ખાતર ખોટાં બિનજરૂરી પાપો કરું, પણ કોને ખબર પૂર્વના એ મારે કોણ હશે ? કે ભાવી કોણ થશે ?'

**અભયરુચિ યુવરાજ :-** રાજા અભયરુચિ અને અભયમતિને મોટા થયે કળા વગેરેનું શિક્ષણ અપાવે છે. હવે તો પુણ્યશાળી બનેલ બંને હોશિયાર થઈ જાય છે, અવસર જોઈ રાજા અભયરુચિને યુવરાજપદે સ્થાપિત કરે છે.

**રાજા શિકારે :-** એક વખતનો અવસર છે, રાજા શિકારનો શોખીન, શિકાર કરવા માટે ઊપડે છે. વિશાલા નગરમાંથી બહાર નીકળ્યો, ઉદ્યાનમાં આવી પહોંચ્યો. ત્યાં ફૂલોની સૂગંધી પવનમાં મહેકી રહી છે. સુગંધિત પવન રાજાનું જાણે સ્વાગત કરતો વહી રહ્યો છે. ઉદ્યાનને જોવા આમતેમ એ નજર નાખતો જાય છે; ત્યાં તિલક નામના વૃક્ષ નીચે ધ્યાનમાં રહેલા સુદત્ત નામના મુનિવર એની નજરે પડ્યા. ધ્યાનસ્થ મુનિનાં દર્શન મળે એ ભાગ્યશાળી કે હીનભાગી ? ભાગ્યશાળી જ કહેશો, પણ આ રાજા હીણભાગી બને છે.

**ઉત્તમનાં દર્શન ઉત્તમને ફળે.** અહીં આપણી ઉત્તમતા કે હીણભાગિતાનું માપ કાઢી શકીએ છીએ. ઉત્તમ પુરુષ નજરે ચઢતાં તપાસો દિલને શું થાય છે. હર્ષ ઊભરાય છે ? કે દ્વેષ, અણગમો ? આપણા સ્વાર્થની વાત અંગે કદાચ સામા સાથે મેળ તૂટ્યો હોય છતાં આ સાવધાની ખાસ રાખવા જેવી છે કે સામો જો ઉત્તમ ગુણિયલ પુરુષ છે તો એના પર સૂગ ન કરીએ, દ્વેષ ન ઊભરાવીએ,



નિર્ગુણી ઉપરના પણ દ્વેષ અનર્થકારી બને છે, તો ગુણિયલના ઉપર તો પૂછવું જ શું ? એવા દ્વેષમાં મોટો સંભવ છે કે ગુણ ઉપર દ્વેષ આવી જાય; અને એના કુસંસ્કાર એવા ઘેરા પડે છે કે જે અનુબંધવાળા બની પછી ભવોભવ પણ નડ્યા કરે. તો આવા હીણભાગી શા માટે બનવું ? આપણો સ્વાર્થ ઘવાયો હોય એમાં આપણા દુર્ભાગ્યને રોવું, દુર્ભાગ્ય ઊભું કરનારા આપણા પાપી જીવને રોવો, પરંતુ ગુણિયલ પર હૈયાંશેકણું તો ન જ કરવું.

**શુકન કે અપશુકન :-** રાજા હજી હીણભાગી છે, તે એને મુનિના દર્શને ગુસ્સો ચઢ્યો, મનને એમ થયું કે 'અરે ! આવા શિકાર માટે ઊપડવાના પ્રસંગે આ માથામુંડિયાનાં અપશુકન ક્યાં થયાં ?'

**ઉત્તમનો લાભ બુદ્ધિ પર :-** મહામુનિનાં દર્શને શુકન કે અપશુકન ? પણ શુકનને ગ્રહણ કરવા માટે ય શુકનની બુદ્ધિ જોઈએ. વિશેષાવશ્યક શાસ્ત્રમાં કહ્યું છે કે મુનિને પણ અપમંગળની બુદ્ધિએ ગ્રહણ કરે એવા આત્માને એ મંગળરૂપ નથી થતા. ચીજ તો ઉત્તમ છે, પરંતુ ઉત્તમતાનો લાભ લેવા માટે બુદ્ધિ સારી જોઈએ.

'આજના સાધુ મહારાજોમાં કાંઈ નહિ' એમ જો મનમાં લાવો તો સાધુને હાથ જોડવા છતાં કે દાન દેવા છતાં લાભ ગુમાવ્યો સમજો. પણ જો મનને એમ થયું કે 'આજના કાળે તો મારે આ ગૌતમસ્વામી છે,' એમ મન ઊલસ્યું તો મહાન લાભ પામ્યા સમજો. બુદ્ધિ કેવી રાખીએ છીએ એના પર ઉત્તમ વસ્તુ કેવી અને કેટલા ટકા ફળશે એ આધાર રાખે છે.

ત્યારે સાથે આ પણ સમજી રાખવાનું છે કે વસ્તુ જ અયોગ્ય હોય તો આપણી એમાં સારા તરીકેની બુદ્ધિ કારગત નથી નીવડતી. એ જ શાસ્ત્રમાં આ પણ કહ્યું છે કે કુસાધુને કુસાધુ ઓળખવા છતાં એમાં સારા મુનિ તરીકે અને મંગળ તરીકે માનવાથી મંગળ થતું નથી. તમે પૂછશો.

**પ્ર.-** મંગળને અપમંગળ તરીકે ગણે તો અપમંગળ થાય છે, તો પછી અમંગળને મંગળ તરીકે માનવાથી મંગળરૂપ કેમ ન બને ?

**ઉ.-** સમાધાન સ્પષ્ટ છે. એવો નિયમ થોડો જ છે કે સારી વસ્તુને ખરાબ તરીકે નવાજવાથી ખરાબ ફળ મળે છે, માટે ખરાબને સારા તરીકે નવાજવાથી સારું ફળ આપે ? જુઓ, સારી દવા પણ જો સારો લાભકારક તરીકે શ્રદ્ધા રાખીને ન લીધી, પણ નકામી તરીકે લીધી તો સારું ફળ નથી આપતી, ત્યારે ખરાબ દવાને સારી તરીકે માનીને લો તો પણ તે ખરાબ ફળ આપે છે.

સાવકી માએ છોકરાને દૂધમાં વાવડીંગ નાખીને આપ્યું, પરંતુ છોકરો જાતે

કે કોઈની ચડાવણીથી વહેમાઈ ગયેલો તેથી એ દૂધને કંઈક ઝેરી નાખેલું સમજ્યો અને ડરમાં ને ડરમાં પી ગયો, તો ઊલટો રોગી થયો. જિનવચન પર શંકા-વિચિકિત્સા કરવાથી આવું ફળ આવે છે એના પર એ દૃષ્ટાંત **શ્રાવકધર્મ પ્રજ્ઞપ્તિ** નામના શાસ્ત્રમાં મૂક્યું છે.

પરંતુ હવે એમ સમજો કે કોઈ વહાલી સગીમાએ છોકરાને દૂધ આપ્યું હતું, પણ માની ગફલતમાં એમાં કોઈ ઝેરી જંતુના ઝેર જેવું પડી ગયું હતું. છોકરો હોંશથી સારું માનીને એ પીએ છે, તો શું એને નુકસાન નહિ કરે ? કરશે જ. માટે આ સમજી રાખો કે સાધુને અપમંગળ તરીકે જુએ તો એને મંગળ ન થાય, પણ અસાધુને મંગળ તરીકે માની લેવા માત્રથી મંગળરૂપ ફળ ન મળે. જિન વચનને ખોટાં તરીકે નવાજવાથી ખરાબ જ ફળ મળે, પણ મિથ્યા વચનને સાચાં માની લેવાથી સારું ફળ ન મળે.

**મુનિ પર કૂતરા :-** રાજા ગુણધર સુદત્ત મુનિવરને જોઈ અપમંગળ થયું માને છે, રંગમાં ભંગ ? એમ સમજી ગુસ્સે થાય છે, અને ક્રોધ આંધળો છે, વિચાર કરવા નથી થોભવા દેતો. રાજા નક્કી કરે છે 'આનું સ્વાગત કદર્થનાની કરીશ.' તરત જ પોતાના માણસોને હુકમ કર્યો કે 'આના પર શિકારી કૂતરા છોડી મૂકો.' બસ, રાજાનો હુકમ ! અમલમાં શી વાર ? કદાચ માણસોને ન ય પસંદ હોય, પણ પેટ કરાવે વેઠ, મુનિની તરફ અકાળ મૃત્યુ જેવા છુછુત્કાર કરતાં કૂતરા છોડ્યા !

**પાપી પેટ-પાપી મનની ખણજો દાબો :-**

આ જીવે પાપી પેટ ખાતર અનંત જન્મારા બગાડ્યા, એથીય આગળ વધીને જુઓ કે પાપી મનની ખણજો પાછળ ઉત્તમ દેવ-ગુરુ-ધર્મના સંયોગ મળેલા છતાં લાભ ન લીધો-વેડફી નાખ્યા, આગળ વધીને એના દ્રોહ કર્યા ! તો શું હવે આ ઉત્તમ જન્મ અને ઉત્તમ સંયોગો પણ પાપી પેટ અને પાપી મનની પાછળ બરબાદ કરવા છે ? જાગો ! જાગો ! જરા જુઓ જીવનનાવ કઈ બાજુ ઘસડાઈ રહી છે. **કાળ અને કરમ કોઈ શરમ નથી રાખવાના.** પેટ ભરવાના પાપી રસ્તા યા વધુ પાપી કે બિનજરૂરી પાપવાળા રસ્તા બંધ કરો. પાપી મનની ખણજોને ડામો, દાબો, સદંતર નહિ તો થોડે થોડે પણ દાબતા ચાલો. નક્કી કરો કે મન પાપ શીખવે, મનમાં પાપ ઊઠે એ બધું હું નહિ કરવાનો, નક્કી કરીને અમલ કરતા ચાલો, દિનપ્રતિદિન પ્રગતિ રાખો, તો જીવન ઉજ્જવળ થશે, સફળ થશે; ભાવી પરલોક સધ્ધર બનશે.

મુનિ પર છોડેલા શિકારી કૂતરા, માણસ જેવો માણસ પાપમાં ધસે, તો એ શાના ઝાલ્યા રહે ?; દોડ્યા મુનિ તરફ !



**માણસના કૂતરાના ખેલ, કૂતરાના માણસના ખેલ :-**

હવે ચમત્કાર જુઓ. સુદત્ત મુનિવર પર ધસી આવતા કૂતરા જ્યાં નજીક આવ્યા કે મુનિના મોટા ધીખતા હુતાશન જેવા તપના જાજ્વલ્યમાન તેજથી એ નિસ્તેજ બની ગયા ! મુનિ પર આક્રમણ કરી એમને ફાડી નાખવાનું હલકટ જોમ ઓસરી ગયું ! તેવા પ્રકારની ઔષધિની ગંધના પ્રભાવે જેમ સર્પો ભ્રષ્ટ ઝેરવાળા થઈ જાય, એમ આ કૂતરાનાં ઝેરી ખૂનસ શાંત થઈ ગયાં. મુનિના તપના તેજથી એટલા બધા જાણે કોઈ જાદુઈ આકર્ષણ નીચે એ આવી ગયા કે હવે મુનિ પર તૂટી પડવાને બદલે એમણે મુનિને પ્રદક્ષિણા દીધી અને એમના ચરણ આગળ નત મસ્તકે ઝૂકી પડ્યા !

વિચારો ક્યાં માનવ રાજા અને ક્યાં આ અજ્ઞાન જાનવર કૂતરા ! નરવર અને જાનવરના આ ફરક ? કે ઊલટા ફરક હોય ? માણસ કૂતરાના ખેલ ખેલે ? કે કૂતરા માણસના ? અહીં બંને ઊલટા પ્રસંગ જોવા મળે છે. આલંબન એનું એ જ છે, એ જ મુનિ બંનેની સામે છે, પરંતુ **સારુંય આલંબન મળવા છતાં સારી બુદ્ધિ જાગવી કઠિન છે.** માણસને તો હજી એનો અવકાશ છે, કેમ કે એ સમજુ ગણાય છે, પરંતુ અજ્ઞાન પશુને તો એ ઘણી દુર્લભ ગણાય; છતાં અહીં માણસ ભૂલો પડે છે અને કૂતરા કઠિન વસ્તુ પામી જાય છે. ત્યારે એવું કાંઈ નથી કે એ મૂઢ કે શૂન્ય મગજવાળા બની યંત્રવત્ બની ગયા હતા. સભાન અવસ્થામાં જ પ્રદક્ષિણા ફરી અને ધરતી પર મસ્તક નમાવી ઝુકાવટ કરી રહ્યા છે. એટલું વીર્ય એમણે ફોરવ્યું છે.

આલંબન સારું મળવા છતાં ને સદ્‌બુદ્ધિ જાગી છતાં ઉચિત જરૂરી વીર્ય ફોરવવાની તૈયારી ન હોય તો શુભ આલંબન શું કરે ? શી રીતે બચાવે ? સિદ્ધગિરિ કે જ્યાં અનંતા સિધ્યા છે, એની ટોચે ચઢી જવા છતાં કષાયોને કચરવાનું વીર્ય ફોરવવાને બદલે કોઈની સાથે ઝગડતો હોય તો સિદ્ધગિરિ એને શી રીતે તારે ? આલંબન તો સર્વોત્કૃષ્ટ સર્વદયાળુ અરિહંત પરમાત્માનું મળ્યું, નિઃસ્વાર્થ ઉપકારી ગુરુનું મળ્યું, ને અનંતાની તારક જિનવાણીનું મળ્યું, પરંતુ સદ્‌બુદ્ધિ જગાવવી નથી, યોગ્યતાને અમલમાં મૂકવા કે જગાડવાનું વીર્ય ફોરવવું નથી, તો એ નહિ બચાવી શકે; આત્માનો ઉદ્ધાર નહિ થઈ શકે, પરલોક નહિ સુધરી શકે. ઉત્તમ આલંબન પામવા છતાં સદ્‌બુદ્ધિ અને સત્પુરુષાર્થ નહિ આદરનારા મૂર્ખાઈ કરી રહ્યા છે, રાંકડાગીરીમાં રાચે છે. સમજી રાખો માનવભવની કિંમતી તક ગુમાવતાં તળાવે જઈને તરસ્યા આવ્યાનું થશે

**કૂતરા કેમ શાંત થઈ ગયા :-**

કૂતરા સત્પુરુષાર્થી બન્યા. મુનિએ કોઈ મંત્ર વાપર્યો નથી, દમ દેખાડ્યો નથી, એ તો એમના ધ્યાનમાં જે લીન છે તે છે જ, પણ મહાપુરુષના પ્રભાવ અલૌકિક હોય છે. એ મૂંગો ઉપદેશ છે, અમંત્ર મંત્ર છે, તે અહીં કૂતરા જેવાને શાંત કરી દે છે ! એની પાછળ તપ અને સંયમની સાધના કામ કરી રહી છે. પણ કેવી ? હાલીમવાલી સાધના નહિ પણ પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ, એ પાંચ આશય બરાબર સાચવીને કરેલી સાધના. કેમ કે એ પાંચનો ક્રમ જ એવો છે કે પૂર્વ પૂર્વ સિદ્ધ થાય એટલે પછીનાને અવકાશ મળે, અને એ સાધના સાધતાં છેવટે વિનિયોગ પર પહોંચી જાય. આ વિનિયોગનો અર્થ એ છે કે, પોતાને જે અહિંસાદિ ગુણની સિદ્ધિ થઈ એનો સામામાં પ્રાદુર્ભાવ થાય. બળદેવ મુનિ જંગલમાં જ રહીને સંયમ પાલન કરતા, ત્યાં જંગલી વિકરાળ પશુ પણ પાસે આવીને શાંત બેસી જતા. તીર્થંકર ભગવાનના સમવસરણમાં તો વૈરી પશુઓ એક બીજાનું વૈર ભૂલી પરમ મિત્રની જેમ સાથે સાથે બેસી જાય છે ! સિદ્ધ થયેલ અહિંસા આદિ ગુણની સામામાં અસર ઊભી થવી તે વિનિયોગ કહેવાય.

પરંતુ એ સ્થિતિએ પહોંચવા માટે તે તે ગુણ કે ધર્મની સાધના પ્રણિધાન, પ્રવૃત્તિ અને વિઘ્નજયને સાચવીને થવી જોઈએ. ચોવીસેય કલાક ભારે તન્મયતા સાથે સ્થિરપણે આરાધવાનો પ્રબળ પુરુષાર્થ જોઈએ. સુદત્ત મુનિવર અહિંસાદિ મહાવ્રતો, ઈર્યાસમિતિ વગેરે સમિતિ-ગુપ્તિ અર્થાત્ ખૂબ સાવધાની પૂર્વક ગમનાગમન, બોલવું, નિર્દોષ ભિક્ષા...મનોનિગ્રહ, એ વગેરેમાં ચોવીસે ય કલાક તન્મય થઈ અખંડ સાધના કરતા.

**જે સાધના પોતાનામાં ઓતપ્રોત થઈ રમણતા ન કરાવતી હોય, એ બીજા પર શી રીતે અસર કરે ?** સાધના નહોતા કરતા ત્યારે ગમે તેમ વર્તતા હતા, પણ સાધના હાથમાં લીધા પછી તો વાણી-વિચાર-વર્તાવ પર ભારે જાગૃતિ અને કાબૂ રાખવો જ જોઈએ. એક ડગલું પણ ભૂમિ જોયા વિના ન ઊપડે. એક શબ્દ પણ વિચાર વિના ન નીકળે. વિચાર શો ? એ જ કે એ સત્ય છે ? નિષ્પાપ છે ? સ્વપરહિતકારી છે ? પ્રિય છે ? પરિમિત છે ? એમ બીજો પણ કોઈ વિચાર સરખોય નિષ્ફળ, પાપરૂપ ન ચાલે. સંસારી હતા ત્યારે હિંસાદિ પાપો અને રાગાદિ કષાયો જાણે સ્વભાવભૂત હતા, હવે સાધુ થયા તો અહિંસાદિ અને ક્ષમાદિ સ્વભાવભૂત કરવા મથવાનું છે. ગમેતેવું વાંકુંચૂકું આવ્યું કે અનુકૂળ આવ્યું પણ અહીં કષાયના ઉકળાટ હવે કરવાના છે ક્યાં ? ગમે તેવા ભય હો કે પ્રલોભન, પણ એની પાછળ હિંસાદિ કરવાનો વિચાર સરખો નથી. એવા જીવનથી અહિંસાદિ



અને ક્ષમાદિની સિદ્ધિ થાય.

મુનિવરે આત્મસાત્ કરેલી સાધનાનો પ્રભાવ કૂતરાને શાંત અને સેવક કરી દે છે !

**ગુણધર રાજાને શરમ :-**

શિકારી કૂતરા તો મુનિને કરડી ખાવાને બદલે મુનિની આગળ માથું ઝુકાવી નમી પડ્યા. આ જોઈને રાજા ક્યાં ઊભો રહે ? શિકારી છે ને ? તે તાકીને જોવા આતુર હશે કે કૂતરા મુનિને કેવી કદર્થના કરે છે ! પણ અહીં તો એનાથી ઊલટું કૂતરાને મુનિના ચરણે સેવક જેવા લોટી પડતા જોયા, એથી દિઙ્મૂઢ થઈ ગયો, મનને ભારે લજ્જા આવી ગઈ ! મનને થઈ ગયું કે 'અહો ! ઉત્તમ તો આ કૂતરારૂપી પુરુષ છે, હું પુરુષરૂપી કૂતરો નહિ. આ ખોળિયે કૂતરા છતાં આત્મા મનુષ્ય; હું ખોળિયે માનવ, છતાં આત્માથી કૂતરો છું કે જેણે આવા તપ-ચારિત્રમાં જ રત એવા મહર્ષિને કદર્થના કરાવવાનું અશુભ ચિંતવ્યું ! ધન્ય શ્વાનપુરુષ ! ધિક્કાર હો નરશ્વાન એવા મને...!'

જુઓ એકેકનાં ભાગ્ય ઊઘડે છે તે. દંડપાશિકનાં ઊઘડ્યાં, કૂકડા-કૂકડીનાં ઊઘડ્યાં, હવે રાજા ગુણધરનાં ઊઘડે છે ! પણ એક વાત છે, જનમ જનમની મોહની જે કૂડી રમત ખેલી છે, એના ઉપર ઘૃણા-જુગુપ્સા ન ઊભી થાય ત્યાં સુધી ભાગ્યોદય થવો મુશ્કેલ છે, ભવનિર્વેદ, પાપનો તિરસ્કાર અને મોહ પ્રત્યે સૂગ, એ પાયામાં જરૂરી છે, માટે 'જયવીયરાય' સૂત્રમાં પહેલી માગણીમાં 'ભવનિવ્વેઓ' મૂક્યું. ઉન્નતિના દરેક ઉપાય લેતાં આ પહેલું ધ્યાનમાં રાખવું.

**અર્હદ્દત્તનું આગમન :-**

રાજા લજવાઈ જઈને ખેદ કરે છે એટલામાં ત્યાં નગરમાંથી એક અર્હદ્દત્ત નામનો શ્રેષ્ઠીપુત્ર મુનિને વંદન કરવા અર્થે આવી ચઢે છે. અર્હદ્દત્ત સમસ્ત નગરમાં મુખ્ય છે, અને રાજાનો બાલ્યકાળનો મિત્ર છે, પણ એની ખરી વિશેષતા તો એ છે કે એ જિનવચન ભાવિતમતિ છે, અર્થાત્ એની મતિ ભગવાન જિનેશ્વરદેવનાં સર્વહિતકારી વચનથી રંગાયેલી છે.

વિચાર, વાણી અને વર્તાવના ઝોકમાં મુખ્ય ભાગ ભજવનાર મતિ છે; એ જિનવચનરૂપી કસ્તૂરીથી મઘમઘ વાસિત થઈ ગઈ, પછી એના આધાર પર પ્રવર્તતા વિચાર-વાણી-વર્તાવની પવિત્રતા, ઉજ્જ્વળતા અને તત્ત્વસભરતાનું પૂછવું જ શું ? જીવનનું ઉત્થાન કરવા માટે પહેલું આ જરૂરી છે કે મતિને પલટાવી, વલણ બદલવાં એ માટે જિનવચન પર મુસ્તાક બનવાની જરૂર છે.

### જિનવચનથી ભાવિત મતિ એટલે ? :-

મતિને જિનવચનથી ભાવિત કરવી એટલે ? ઔષધિઓને જેમ પારા વગેરેના પુટ આપીને ભાવિત કરવામાં આવે છે, એના અણુ અણુએ એ પારા વગેરેની અસર પહોંચાડવામાં આવે છે, તેમ પોતાની સમગ્ર મતિ, લેશ્યા, વલણને ખૂણે ખૂણે જિનોક્ત તત્ત્વની અસર પહોંચાડવાની. સાદી અભરખ શેરની કિંમત કેટલી, અને સહસ્રપુટી અભ્રક એક તોલાની, કિંમત કેટલી ? ૫૦-૧૦૦ રૂપિયે તોલો વેચાય છે. કિંમત કેમ વધી ગઈ ? એટલા જ માટે કે એને ઘણી મહેનતે બીજા દ્રવ્યોની ભાવના આપવામાં આવી છે અને હવે એ મહાન રોગો ઉપર ચમત્કારિક અસર કરી શકે છે. બસ એ રીતે આપણી મતિને જિનવચનથી ભાવિત કરવાની છે. મતિનો અંશે અંશ એનાથી વાસિત થઈ ગયો હોય, એ મતિ ઉપર આવતા વિચારો, ઊઠતી લાગણીઓ, પ્રગટતા મનોરથો, અને ધસમસતી ધગશ જિનવચનની ફોરમથી વ્યાપ્ત હોય, કસ્તૂરી બાંધેલું કપડું કેવું એની સુવાસથી સુવાસિત થઈ ગયું હોય છે ! જીવનનાં ધોરણ જિનવચન સાથે સંકળાઈ ગયાં હોય. દુશ્મન ઉપર પણ મૈત્રીભાવ, ગુણિયલ ઉપર પ્રમોદ અને બાહ્ય રોગક્ષુધાદિ તથા આભ્યાન્તર પાપવૃત્તિને કષાયોથી પીડિત જીવો પર કરુણા, તેમ જ પર દોષ પ્રત્યે ઉપેક્ષા હૈયે ખળખળ વહી રહેલ હોય; કેમ કે જિનવચન એ મૈત્રી આદિના જ સમર્થક છે. છાતી પર હાથ મૂકીને ઇકરાર કરી શકીએ કે મારા અભિપ્રાય, મારા કોડ, મારી મનની સૃષ્ટિઓ જિનવચનના દોર પકડીને ચાલી રહેલ છે.

શ્રેષ્ઠીપુત્ર અર્હદ્દત્ત જિનવચનથી. ભાવિત મતિવાળો છે. એટલે જુઓ એની કેટલી સુંદર અસર છે ! અહીં ઉદ્યાનમાં મુનિરાજને વંદન કરવા આવે છે એમાં એને જાણવા મળે છે કે મુનિવર ઉપર રાજાએ ભયંકર ઉપસર્ગ કર્યો છે. મનને થાય છે 'અહો ! આવા મહામુનિ જે સકળ જગતને મંગળ અને કલ્યાણરૂપ છે, એમના પર રાજાનો ઉપદ્રવ ? ખરે જ રાજા પરલોકના વિચારથી પરવારી બેઠો લાગે છે ! પણ જોઉં કેમ આમ બન્યું. બને તો રાજાને સમજાવું. ઉત્તમ કુળનો માનવ અને પરલોક નિરપેક્ષ પરલોક તરફ દૃષ્ટિ જ નહિ ? કીડા-મકોડા કે પશુના અવતારે તો પરલોકની દૃષ્ટિ મળે જ ક્યાં ? અહીં જ મળી શકે. તે કેમ વીસરાય ? તરત જ રાજાને નમસ્કાર કરીને પૂછે છે,

'દેવ ! આ શું ?'

રાજા ખેદ સાથે કહે છે, 'જે નરકૂતરાને ઉચિત હોય તેસ્તો.'

**ખુમારીનું નિદાન :-**

રાજા પોતે જ ભૂલ કબૂલે છે હવે એને એમ કેમ કહેવાય કે 'ત્યારે પહેલાં



ખબર નહોતી ?' સામો ભૂલ કબૂલે છે પછી આમ કહેવું એ જાતનું અભિમાન છે, નિદાન શોધતાં આવડે તો આ દેખાય. માનવ જીવનની હોસ્પિટલમાં આત્માના રોગ ઝીણવટથી શોધતાં રહેવાનું છે અને એને નિવારવાના પૂરા પ્રયત્ન કરવાના છે. સામો ભૂલ કબૂલ કરે છે પણ માનો કે હજી ભૂલ ન ય કબૂલતો હોય છતાં જો એને સુધારવો હોય તો એકદમ ન કહેવાય કે 'કેમ આવી ભૂલ કરો છો ?' એ પોતાની ખુમારી સૂચવે છે. એમાં 'ભાઈ આપણે તો ચોખ્ખું કહેનારા છીએ,' આમ કહેનારા અભિમાનનું પૂતળું છે. **પોતાની બડાઈ ગાવી એ મદ છે, તેમ બીજાની હલકાઈ બોલવી એ ય મદ છે.**

અર્હદ્દત્ત જિનવચનથી રંગાયેલ છે, એને એવા મદ શા ? જિનવચનરૂપી પારસમણિના સંપર્ક થવાથી સોના જેવી બનેલી મતિ તો ઉદાત્ત-ઊંચા શુભ ભાવમાં રમતી હોય.

અર્હદ્દત્ત રાજાને કહે છે 'અરે ! આપ તો પુરુષસિંહ છો, તો આવું કાં બોલો ?'

કહો, આમ કહેવું એ જૂઠ નથી ? ના, આવો સત્તાધીશ રાજા ભૂલ કબૂલે, એને આત્મભાન થાય, એ શૂરવીરતા છે, કૂતરાની કાયરતા હોય તો ભૂલ કબૂલ ન થાય.

અર્હદ્દત્ત કહે છે, 'મહારાજ ! ઊતરો ઘોડા પરથી નીચે ઊતરો, અને આ શ્રમણ-ભગવાન સુદત્ત મુનિવરને વંદના કરો. આપ એમને ઓળખતા નથી. એ કોઈ સામાન્ય પુરુષ છે એમ સમજતા નહિ. કલિંગ દેશના રાજા અમરદત્તના પુત્ર સુદત્ત નામે એ કલિંગના રાજા બનેલા હતા. એ જુઓ કેવાક સામાન્ય નિમિત્તમાં એમણે આ વૈભવી સંસાર સર્પની કાંચળીની જેમ પલકમાં ફગાવી દીધો !'

રાજા આમેય મુનિના તપ-તેજનો પ્રભાવ જોઈ અંજાઈ તો ગયો જ હતો, એમાં વળી આ સામાન્ય સંસાર નહિ પણ એક મહાન રાજાપણું ફગાવી દઈને મુનિવર બનેલ છે એ સાંભળતાં ચોંકી ઊઠે છે ! 'હેં ! જેને હું મુંડિયો કહેતો હતો તે મહાન રાજા ? અને છતાં આટલો બધો જબરદસ્ત ત્યાગ ?' એવા ભારે આશ્ચર્યમાં હવે એના કાન આતુર બને છે, 'જોઉં ક્યા નિમિત્તે આ ભીષ્મ પરાક્રમ કર્યું !' ઘોડા પરથી હેઠો ઊતરી જઈ અર્હદ્દત્ત હવે આગળ શું કહે છે એ સાંભળવા એકતાન બને છે.

અર્હદ્દત્ત આગળ ચલાવે છે, કહે છે, 'મહારાજા ! આ સુદત્ત રાજા હજી તો પ્રારંભિક યૌવનમાં છે, ત્યાં એક વાર કોટવાળો એક ચોરને પકડી લાવ્યા, અને રાજાની આગળ ફરિયાદ કરે છે, 'દેવ ! આણે પારકા ઘરમાં ઘૂસી જઈને એક

મોટેરાને મારી નાખી માલ ઉપાડ્યો. પરંતુ જેવો બહાર નીકળતો હતો તેવો અમે એને પકડ્યો અને અહીં આપની આગળ હાજર કર્યો છે, હવે શું કરવું તે આપની ઇચ્છા પર છે.'

સુદત્તરાજા પહેલી યુવાવસ્થામાં છે, લોહી થનમનતું હોય, ઝટ કહેવાનું મન થઈ જાય 'ચઢાવી દો ફાંસીએ,' પરંતુ ના, ગંભીર છે, ઠરેલ છે તેથી ધર્મ શાસ્ત્રના આધારે ન્યાય આપવા એના જાણકારોને બોલાવી પૂછે છે, 'કહો, આ માણસનો આ કોટવાળો આવા...પ્રકારનો ગુનો કહે છે, તો હવે આ ચોરને શી સજા હોય ?'

**ચોરને શી સજા ? :-**

ધર્મશાસ્ત્રના પાઠકો કહે છે, 'મહારાજ ! આણે મનુષ્યનો ઘાત અને પરદ્રવ્યની ચોરી, એમ બે ભયંકર ગુના કર્યા છે, તેથી ઋષિવચન મુજબ એનો દંડ તો એવા પ્રકારનો હોય કે એને ચોરે ચૌટે લોકોની આગળ આવા નીચ ગુનેગાર તરીકે જાહેર કરીને પછી એના આંખના ડોળા ઉપાડી લેવામાં આવે, નાક-કાન કાપી નાખવામાં આવે, હાથ-પગ છેદી નખાય, અને અંતે એના જીવતરનો નાશ કરવામાં આવે.'

આ જૈન ધર્મશાસ્ત્રની વાત નથી, લૌકિક વ્યવહાર-ધર્મના શાસ્ત્રની આ વાત છે. રાજા સુદત્તને ચોરની સજા સાંભળવા તો મળી પરંતુ એ જુઓ હવે, કે એના પર એ કઈ વિચારણામાં ચઢે છે.

રાજાના મનને એમ થઈ ગયું કે 'અરે ! આ રાજકુળમાં જન્મેલાના જીવતરની કેવી અધમતા કે આવી ઘોર સજાઓમાં મતું મારવું પડે છે !'

રાજા યોગ્ય વિચારે છે કે અયોગ્ય ? અયોગ્ય કહેતા નહિ. ચોરે માણસને મારી નાખ્યો, વાત બનનારી બની ગઈ. હવે જે ચોરને ઘોર છેદન-ભેદન થાય તેમાં ભલે ન્યાયશાસ્ત્રના આધારે થતું હોય, પરંતુ રાજાને સંમતિની મહોરછાપ મારવી પડે. ત્યારે આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારતાં એમ થાય કે શું જગતમાં કોઈ એવું સારું નિષ્પાપ જીવન નથી કે એ મૂકીને જીવન જીવવાનું આવું પાપમય કામ કરવું પડે ?

**પ્ર.**- આમ કરે તો પછી તંત્ર કોણ ચલાવે ?

**ઉ.**- પણ તમારે આ ચિંતા કરવાની જરૂર નથી. તમે પવિત્ર નિષ્પાપ જીવન સ્વીકારો તેથી જગતનું અટકી જવાનું નથી. અને આખું જગત પવિત્ર જીવન સ્વીકારે પછી તંત્રની જરૂર જ ક્યાં રહેવાની ? બાકી તમારે પોતાને માટે, બોલો, તદ્દન નિષ્પાપ જીવન પસંદ છે ? કે પછી પાપભર્યાં જીવન મીઠાં લાગે છે ? **જગતનું બહાનું કાઢીને પોતાના જ આત્માને ઠગતા નહિ.**



આખી દુનિયા પાપ છોડી દે તો શું થાય ? આખી દુનિયા દીક્ષા લઈ લે તો શું થાય ? ગોચરી કોણ વહોરાવે ? આવું આવું મનમાં લાવતા નહિ, એવો અશક્ય પ્રસંગ કદાચ બની આવશે ત્યારે સૌની અનશન કરવાની તાકાત કેમ નહિ આવે ? માટે એવા વિચાર કરવાને બદલે આ પ્રશ્ન જ અંતરને પૂછો કે 'તને નિષ્પાપ જીવન બનાવવાની સાચી ભૂખ છે ? તલસાટ છે ? જાતને પાપમાં ઘસડાવું પડે એ કલેજે ભોંકાય છે ખરું ?

સુદત્ત રાજાને એ લાગી આવ્યું કે 'અરે ! આ ચોરને, ડોળા કઢાવી લેવા, કાન-નાક કપાવી નાખવા, હાથપગ છેદાવી નાખવા, વગેરે કાતિલ ત્રાસ આપવામાં મારે સંમત થવાનું ?' બીજાને દુઃખ દેવું એ એને કલેજે ભોંકાય છે. જે રાજવૈભવની પાછળ આવાં પાપનાં અનુમોદન કરવાં પડે એના રાજવીપણા અને યાવત્ એના સંબંધી રાજકુળની સગાઈ પર તિરસ્કાર છૂટે છે, ધિક્કાર વરસે છે ! જોવાની ખૂબી છે કે એને રાજ્યઋદ્ધિ, ઠાઠ-ઠઠારા, સત્તા-સન્માન, રાણીઓ, મંત્રી, સેનાપતિ, ખજાના વગેરે કશું લેખામાં નથી આવતું, નજરમાં આ ચઢે છે કે ગુનેગાર પણ જીવને જીવતો રેંસી નાખી ક્રૂરપણે પીડા ઉપજાવવામાં સંમતિ ભણવી પડે. અહીં કોઈ ગુરુ શું ઉપદેશ દેવા આવ્યા છે ? ત્યારે ન્યાય બતાવનારાના કહ્યા પ્રમાણે ખૂની ચોરને સજા થવા દે એમાં શું અન્યાય કરી રહ્યો ગણાય ? ના, છતાં મન ક્યાં ચઢી ગયું છે ?

વિચાર આવે છે તમને ? ઠેકો લઈને ફરો છો અમે ન્યાયથી વર્તીએ છીએ; પણ કોઈ એવી ધન્ય ઘડી આવી છે કે જ્યારે ન્યાયના વર્તાવમાં પણ આપણે બીજાને દુઃખમાં મૂકવાનું થતું હોય તો કલેજું થથરે ? આરંભ, પરિગ્રહ અને વિષયો પર ધિક્કાર છૂટે ? ક્યાં આ ઘરવાસમાં ફસાયો એમ હૈયું કકળે ?

માણસને પોતાને દુઃખ આવે, તકલીફ આવે, બીજાનાં ટોણાં મેણાં આવે ત્યારે રાડ પાડી ઊઠે છે 'કેટલું દુઃખ ? કેટલી હાડમારી ? કેવાં અપમાન ? કેટલા ગોદા ખાવાના ?' પણ એ નથી જોતો કે આ બધાનું મૂળ કારણ શું ? જુએ તો દેખાય કે ઘરવાસ ઊભો કર્યો માટે ને ? સંસાર સંકેલી લીધો હોત તો આ બધું જોવા-વેઠવા વખત આવત ? સંસાર માંડી બેઠો છે માટે તો દુઃખ હાડમારી અને અપમાન ઊભાં થાય છે.

**પ્ર.**- એમ તો સાધુને ય સંસાર છોડવા છતાં રોગ, તકલીફ કે અપમાન ક્યાં નથી આવતા ?

**ઉ.**- વાત સાચી, આવે છે; પરંતુ એ જુઓ કે એ તમારી માફક રાડ પાડે છે ? ના, કારણ કે એ રોગ, હાડમારી વગેરેને કર્મરોગ કાઢવાની ઔષધ-ચિકિત્સા

(treatment) સમજે છે, હાડમારી નહિ; જેમ ગૂમડું કપાવવું જ પડે તો એને દુઃખ નથી માનવામાં આવતું, સુખનું સાધન સમજવામાં આવે છે. બીજી વાત એ છે કે, કદાચ પીડા અસહ્ય લાગતી હોય તો પણ ત્યાં તમારા સંસારવાસની જેમ એ વિચારે છે કે,

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૦,અંક-૧,તા.૨-૯-૧૯૬૧

**આ હું કાયા લઈને બેઠો છું માટે રોગ વગેરે આવે;**

તેમ કાયા પર, કાયિક સુખસગવડ પર રાગ છે તેથી જ આ રોગ-હાડમારી વગેરે કડવાં લાગે છે. કાયા જ ન હોત યા એની સુખશાંતિ પર રાગ જ ન રાખ્યો હોત તો આ પીડા કે પીડાની નારાજી ઊભા જ ક્યાં થવાના હતા ?

માટે આ સમજી રાખવાનું કે ઘરવાસ એ દુઃખ-હાડમારીનું ઘર છે, એટલે દુઃખ-હાડમારી વગેરે હોય; કાયા એટલે રોગ, થાક વગેરેનું ઘર છે, તો એ આવે.

માટે દુઃખ લગાડવું હોય તો એ મૂળ ઘરવાસ અને કાયાનું લગાડો કે ક્યાં સુધી આ ફસામણ ! તો એની મૂર્ચ્છા ઘટશે; એ છોડવાના પ્રયત્ન થશે; અને એ કાયમી છૂટી જતાં સર્વ દુઃખનો અંત આવશે.

**સુદત્તનું પરાક્રમ :-**

રાજા સુદત્તને થયું 'આ રાજ્યપાટ છે માટે પાપમાં સહી કરવી પડે ને ? રાજ્ય સંપત્તિઓ લાલ-પીળાં સુખ દેખાડે તેથી શું ? બીજી બાજુ પાપનાં ઘોર આંધણ મુકાવે છે ! અને ઉપદ્રવોય ક્યાંથી ને ક્યાંથી ઊતરી પડે છે ! માટે પાપ અને ઉપદ્રવોનાં ભાજનભૂત આ રાજ્યનો મારે કોઈ ખપ નથી. ભગવાન જિનેશ્વર દેવોએ ભાખેલા મહાન સાધુ-જીવનને સ્વીકારી આત્મકલ્યાણ સાધી આ દુર્લભ નરભવ સફળ કરી લઈશ.'

અર્હદ્દત્ત શ્રાવક ગુણધરરાજાને કહી રહ્યો છે, 'મહારાજ ! એમણે પોતાના ભાણેજ આણંદને રાજ્ય આપી પોતે સુધર્મ નામના ગુરુદેવ પાસે ચારિત્ર લીધું. તે આ સુદત્ત મહામુનિ છે. એ ખરેખર વંદનીય છે.'

**ગુણધરની હૃદયવ્યવસ્થા :-**

સુદત્ત મુનિવરનું રોમાંચક પરાક્રમ સાંભળીને ગુણધર ક્યાં ઊભો રહે ? એને સંભ્રમ થઈ ગયો, રોમરાજી ખડી થઈ ગઈ, 'અહો ! આ કેટલો ઊંડો તત્ત્વવિચાર ! ને કેવાંક પરાક્રમ ! ક્યાં એમના વગર ગુને એમના પર મારી કૂતરા છોડવાની અધમતા ! અને ક્યાં એમને પાપમાં માત્ર સંમતિ આપવી પડે એનોય



ભારે મનઃક્લેશ ! સજા તો ન્યાયાધીશ નક્કી કરતા હતા, ચોર એના પાપે મરતો હતો, પોતાને તો માત્ર રાજાપણાની રૂએ અનુમતિ આપવાની હતી. તે ય ખટક્યું ?'

**પાપનો ખટકો કેવો જોઈએ ? :-**

ખટકો કેવો ? વાણિયાશાહી નહિ ! તમે ય કહો છો ને કે સંસાર ખટકે છે, પાપ ખટકે છે ? 'સાહેબ ? આજે ગુસ્સો થઈ ગયો, બહુ ખટકે છે ?,' પણ પછી એવા ભારે ખટકા પાછળ ઉપવાસ કર્યો ? આંબેલ કર્યું ? બારણામાં ઉંદર કચરાઈ ગયો, તડકે માકણ મરી ગયા, ઘરમાં વિશેષ હિંસા થઈ ગઈ, મોટું જૂઠું બોલાઈ ગયું, એનો ખટકો થવા પાછળ આંબેલ કર્યું ? લુખ્ખું ખાધું ? ના, તો એ ખટકો કેવો ?

**જે પાપની પાછળ યાદ રહી જાય એવી સજા નહિ, એ પાપ શાનાં માંદા પડે ?** શાનાં ઓછાં થાય ? પાપ થયે જાય અને ખટકો માન્યે જવાય; પાપ ઓછાં કરવાની વાત નહિ, તો પછી કુટેવ પડી જશે પાપ કરવાની અને ખટકો માનવાનો !

**પાપ ઓછાં કરવાં હોય તો ખટકો સાચો કરો, અને એના પર સજા નક્કી કરીને વેઠો, તો પાપમાં કાપ પડે.**

રાજા સંભ્રમમાં આવી જઈ તરત સુદત્ત મુનિવર પાસે જઈને પગમાં પડી જાય છે ! વંદના કરે છે. એટલામાં મુનિવરનો ધ્યાનયોગ સમાપ્ત થયો એટલે તે રાજાને 'ધર્મલાભ'ની આશિષ આપે છે અને કહે છે, 'રાજન્ ! બેસો.'

**શત્રુ મિત્રરૂપ કેમ મનાય ? :-**

છે કાંઈ ઠપકો આપવાનું કે 'ગાંડા ભાઈ ! આવું કરાય ? ના, **કર્મનિર્જરાનો રસમય વેપાર લઈ બેઠેલા મહાત્માને મન ઉપસર્ગ એટલે ઉત્સવ.** કેમ કે એમાં કર્મનિર્જરાની થોક કમાઈ થવાની, તો ઉત્સવ યોજી આપનારને ઠપકો શો ? દુશ્મન મિત્ર સમાન આમ લાગે છે.

**ગુણધરને આત્મઘાતની ભાવના :-**

મુનિની શાંત મુદ્રા, શાંત ચર્યા, શાંત હૃદય, એ બધાએ રાજાને પાણી પાણી કરી નાખ્યો, રહી સહી કઠિનાઈ ઓગળી ગઈ, 'અહો મેં ભારે અકાર્ય કર્યું' એમ લજ્જા પામતો મુનિના શબ્દ પર નીચે નીચું મોઢું કરીને બેઠો. બેઠો તો ખરો, પણ હૃદય વલોવાઈ રહ્યું છે; પોતાના દુષ્કૃત્યનો સંતાપ-અગ્નિ ભડ ભડ સળગી રહ્યો છે. એમાં એના મનને થયું કે 'હું આ સર્વહિતવત્સલ પરમ-દયાળુ મહર્ષિનો ઘાતક છું, પાપની સીમા નથી તો એ પ્રમાણે જાહેર કરીને મારો શિરછેદ કરી આત્મઘાત

કરું. એ વિના આ ઘોર પાપનું બીજું કોઈ પ્રાયશ્ચિત્ત મને દેખાતું નથી. મહર્ષિને જરા પણ આંચ નથી આવી, પરંતુ રાજાની નજર સામે એ તરવરે છે કે કૂતરા ડાહ્યાં ન બન્યા હોત તો તો મહામુનિને ફળની જેમ ફાડી નાખવાના હતા. તેમજ પોતે જે કુવિચાર અને કુપ્રવૃત્તિ કરી હતી તે જ પહેલું તો નીચમાં નીચ ઘોર પાપ હતું. એથી એના પ્રાયશ્ચિત્તમાં આપઘાત ચિંતવે છે.

આત્મઘાતનો વિચાર યોગ્ય છે કે કેમ એ આગળ સમજાશે, પરંતુ એટલું જોવા જેવું છે કે પાપનો પ્રબળ તિરસ્કાર છૂટે છે ત્યારે પાષાણ જેવાં કઠણ દિલ પણ એવાં પીગળી જાય છે કે પછી એને છેલ્લામાં છેલ્લી સજા ભોગવી લેવાને તલસાટ જાગે છે.

**પાપ સહજતા કેમ મીટે ? :-**

ત્યારે એવા તલસાટ ઉપરથી માણસ પોતે માપ કાઢી શકે છે કે પાપનો તિરસ્કાર અને પોતાની પાપી જાતની જુગુપ્સા કેવીક સાચી અને કેટલા પ્રમાણમાં ઊઠી છે. માટે એ વિચારવા જેવું છે કે આપણે માનીએ-બોલીએ છીએ તો ખરા કે 'પાપ કરી નાખ્યું એ ખોટું થયું' પરંતુ એની પાછળ જોરદાર સજા રાખી છે ?

**અનંતા કાળથી ચાલી આવતી પાપસહજતાની નાગચૂડમાંથી નીકળવા માટે આ જરૂરી છે કે પાપનો તિરસ્કાર, તથા પોતાની પાપી જાત પ્રત્યે ઘૃણા કરવાનું અને વિશેષમાં પાપની યાદ રહે એવી સજા સહવાનું રાખીએ.**

રાજા ગુણધર વિચારે છે કે મારા મસ્તકના છેદ સિવાય બીજું કોઈ પ્રાયશ્ચિત્ત મને દેખાતું નથી. તો હવે બહુ વિચાર કર્યા કરવાથી શું ? અકાર્ય-આચરણના કલંકથી દૂષિત મારી જાતને ઘડી પણ જીવતી રાખવા હું સમર્થ નથી, તેથી હવે મારે અહીં બેસી રહેવાનું શું કામ છે ? જાઉં ઊઠીને અહીંથી, અને કાર્ય પતાવી દઉં.'

**તક દુર્લભ :-** નિર્દોષ જીવોના શિકારનો શોખીન અને શિકાર કરવા નીકળેલો રાજા હવે મુનિહત્યા અર્થે પ્રવૃત્તિ કરવાના પાપ ઉપર આત્મહત્યા કરવા તૈયાર થઈ ગયો ! જીવનનૈયા ક્યારે કેવી દિશા ફેરવે છે એનું શું કહેવાય ? માત્ર વાત એટલી છે કે અવસર આવી લાગતાં પાછીપાની અને નિઃસત્ત્વના ન જોઈએ; શક્તિની ચોરી નહિ કરવાની; તક ઝડપી લેવાની. તક ક્યાં સસ્તી છે ? આ જગતમાં આત્માના અભ્યુદયની અનુકૂળ સંયોગવાળી તક મળવી ઘણી ઘણી દુર્લભ છે.

**અતિશય જ્ઞાની :-**

અહીં બીજી બાજુ જુઓ કે મહામુનિ સુદત્ત મહાત્માને વિશુદ્ધ પ્રબળ તપ, સંયમ અને ધ્યાનધારાના બળે ચોથા મનઃપર્યવ જ્ઞાનનો અતિશય ઉત્પન્ન થયો છે.



અતિશય એટલે અસાધારણ વિશેષતા. અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન અને કેવળજ્ઞાન એ અસાધારણ વિશેષતા છે, એવા જ્ઞાનને ધરનારા એ અતિશયજ્ઞાની કહેવાય છે. અવધિજ્ઞાનથી દૂર ક્ષેત્રમાં રહેલા અને દૂર કાળના પણ રૂપી દ્રવ્ય પ્રત્યક્ષ દેખાય છે, ત્યારે મનઃપર્યવ જ્ઞાનથી આ જંબૂદ્વીપ, ધાતકી ખંડ અને અર્ધપુષ્કરવર દ્વીપ, એ અઢી દ્વીપમાં રહેલ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનાં મન પ્રત્યક્ષ જોઈ શકાય છે.

મનઃપર્યવજ્ઞાની સુદત્ત મુનિવર રાજાના અંતરની ગડમથલ જ્ઞાનથી જોઈ લે છે, અને કહે છે 'મહારાજ ! તમારે એવો વિચાર કરવાની જરૂર નથી. તમે ચિંતવ્યું એ કોઈ અહીં પ્રાયશ્ચિત્ત નથી, કેમ કે ધર્મપદાર્થના જાણકારોએ આત્મહત્યાનો નિષેધ કર્યો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે

**भावियजिणवयणाणं ममत्तरहियाणं नत्थि हु विसेसो ।**
**अप्पाणंमि परंमि य, तो वज्जे पीडमुभओवि ॥**

એટલે કે જિનવચનથી ભાવિત બનેલા અને મમત્વ રહિત થયેલા પુરુષોને મન પોતાના અને પરના આત્મા વચ્ચે કોઈ ફરક નથી; તેથી ઉભયની પ્રત્યે પીડાની પ્રવૃત્તિ એ કરતાં નથી.

**પ્ર.-** તો પછી પીડાકારી ભારે ત્યાગ, તપસ્યા, અને પરીસહ-સહન શા માટે કરે ? શાસ્ત્ર એ બધું કરવાનું તો કહે છે, તો આ વચન અને જાતને પીડા વર્જવાનું વચન પરસ્પર વિરુદ્ધ નથી ? ખાઈપીને મોજ કરવાનું જ કહેવું હતું ને ?

**ઉ.-** સમજફેર છે, ત્યાગ, તપસ્યા વગેરે એ પીડાકારી નથી, પરંતુ સાધક એ હોંશથી કરે છે. જેમ ગુમડું ! હોંશથી કપાવાય છે ને ? પાંચ પૈસાની પ્રાપ્તિ થતી હોય તો હોંશથી ટાઢ-તડકો કે ભૂખ તરસ વેઠો છો ને ? સ્ત્રીઓને જેઠ મહિનાના ધૂમ તાપ સહીને રસોઈ કરવાની કેટલી હોંશ હોય છે ! એવું કર્મક્ષયના અનુપમ લાભાર્થે ત્યાગ, તપસ્યા વગેરે કરવાની હોંશ હોય છે; માટે પીડાકારી નથી. ત્યારે આત્મહત્યામાં તો 'મારી જાતને કાપી નાખું' એવી પીડાની બુદ્ધિ છે.

**પ્ર.-** તો પછી દેવ-ગુરુ-ધર્મની રક્ષાર્થે કે શીલની રક્ષાર્થે આત્મઘાત કરવો કેમ પીડાકારી નથી ગણાતો ?

**ઉ.-** એમાં તો સ્પષ્ટ છે કે પોતાના આત્માને પીડા આપવાની બુદ્ધિ નથી, પરંતુ વ્રત રક્ષાની હોંશ છે. પ્રાણ જતાં કરીને પણ શીલ બચતું હોય તો પ્રાણત્યાગ મને મુબારક હો, એ ધગશ છે. ત્યારે અહીં રાજા ગુણધર જે વિચારે છે તે તો કંટાળીને જાતને પીડા આપવાનું વિચારી રહ્યો છે, આવી ઘોર પાપી જાતને કાપી નાખું, એ એને જ લાયક છે.'

**સાચું પ્રાયશ્ચિત્ત :-**

સુદત્ત મુનિવર સમજાવે છે કે 'જુઓ તમારી જાતને અકાર્ય-આચરણના કલંકથી દૂષિત માનો છો, તો એ કલંકનું પ્રક્ષાલન કરવા ખરો શો ઉપાય છે એ જાણો છો ? જિનાજ્ઞાપાલન ! પાપપ્રક્ષાલન માટે જિનવચને કહેલા અનુષ્ઠાનરૂપી પાણી જ સાધન છે, પણ બીજું કાંઈ નહિ. શું ?'

**જિનાજ્ઞાનો અમલ એ જ પાપકલંકને ધોઈ નાખનારું જળ છે,** બીજો કોઈ ઉપાય નહિ.

વળી જે તમે વિચાર્યું કે 'હવે આ પતાવી દઉં' એ પણ યોગ્ય નથી. આત્માના સંસારની પરંપરા વધારનાર એવા આઘાતથી પાપ ધોવાની ઇચ્છાને પૂર્ણ કરવાનું રહેવા દો. મનોવાંછિત સાધવું હોય તો આ કરો, પૂર્વે કદી નહિ આરાધેલ એવી ત્રૈલોકયબંધુભૂત અને જન્મ-જરા-મૃત્યુના બંધનથી મુક્ત શ્રી તીર્થંકર ભગવાનની આજ્ઞાનું આરાધન કરો. બીજાં ફાંફાં નકામાં છે.'

રાજા કેટલો ભાગ્યશાળી છે ! વાત સાચી છે કે પાપ પાપરૂપે લાગીય જાય, એનું ઘોર પ્રાયશ્ચિત્ત વેઠી લેવાની તૈયારી પણ આવી જાય, પરંતુ હાથ પકડનાર યોગ્ય ગુરુ ન મળે, કે ગુરુ મોજૂદ છતાં એમનો આશરો લેવાની તૈયારી ન હોય, તો જીવનું શું ગજું કે એ તરી શકે ? ગોશાળાને અંતે ઘણોય પશ્ચાત્તાપ થયો. શિષ્યોને કહી ય દીધું કે 'મારા મડદાને ગુરુદ્રોહી તરીકે આખી શ્રાવસ્તિ નગરીમાં કૂતરાના મડદાના હાલે ઘસડજો,' પણ એ ન સૂઝયું કે ગુરુ મહાવીર પ્રભુ પાસે જાઉં.' ક્યાં દૂર હતા ? ગુરુના હાથ પકડ્યા વિના પ્રાયશ્ચિત્તે ય ક્યાંથી થાય અને મોક્ષ માર્ગની આરાધના ય ક્યાંથી થાય ?

કાંઈપણ અયોગ્ય કરી નાખ્યું લાગતું હોય, ભારેકર્મીપણું લાગતું હોય, સંસારમાં ડૂબી પડવું પડશે એમ મનને ભય થતો હોય, તો એના પ્રતિકારમાં પહેલું આ કરવાનું છે કે જિનવચન બતાવનાર ગુરુનો હાથ પકડવો, પછી ગુરુ-આજ્ઞાની ઉપાસના કરો. 'જયવીયરાય' સૂત્રમાં આઠ માગણીમાં છેલ્લી બે માગણી આ મૂકી છે, 'સુહગુરુજોગો, તવ્વયણસેવણા' ૧, શુભ ગુરુનો યોગ અને ૨, એમના વચનની ઉપાસના. ભગવાન પાસે આ માગવાનું ? 'અરે ! તું મને અને મારા વચનને બદલે ગુરુ અને ગુરુવચનને માગે છે ?' આ પ્રશ્ન નથી ઊઠતો; કેમ કે પંચસૂત્ર કહે છે :-

**'अओ चेव परमगुरु संजोगो'**

ગુરુસેવા દ્વારા જ પરમગુરુ પરમાત્માનો સંયોગ થાય છે. પરમાત્મારૂપી નગરમાં પેસવા માટે ગુરુ એ દરવાજો છે. વળી જિન આજે અહીં હયાત નથી, તો એમનાં વચન શી રીતે મળે ? કહો ગુરુવચનથી.





**પાપ ધોવાની તક ગુમાવતાં ખતરો :-**

રાજાને હાથ પકડનાર ખરા ગુરુ મળ્યા છે, એ જે કહે છે તે બરાબર ધ્યાનમાં લેવા જેવું છે. પાપકલંક ધોવાં હોય તો બીજાં-ત્રીજાં ફાંફાં રહેવા દે, જન્મ મરણથી મુક્ત ત્રિલોકબંધુ અરિહંત પ્રભુની આજ્ઞાને જીવનમાં ઉતારી દે. પાપકલંક નથી ધોવાં, તો બાર વાગી જશે, આંખ મીંચ્યે ડૂબ ગઈ દુનિયા, પાપ ધોવાની તક જ ગુમાવીશ ! પછી તો પાપો ધોવાની વાત ક્યાં, પાપ પ્રવીણ જીવનોની પરંપરા મળશે ! પાપો ધોવા માટે અયોગ્ય ઉપાય, નકલી ઉપાય, મનમાન્યા ઉપાયમાં લાગીશ, તો પણ એ જ દશા થવાની, માટે સાચો એક જ ઉપાય સાચા ત્રિલોકબંધુ વીતરાગ પરમાત્માની આજ્ઞાની ભરપૂર આરાધના છે.

ખુદ અરિહંત પણ એ જ રીતે અરિહંત બની જન્મ જરા મૃત્યુની કારમી વિટંબણાઓથી સદાને માટે મુક્ત થયા છે. અનાદિ કાળથી અરિહંત થતા આવ્યા છે, એમાં તે તે અરિહંતને પૂર્વે પૂર્વ પૂર્વના અરિહંતનું શાસન મળ્યું, આરાધ્યું, તો એ અરિહંત થયા, અને એમણે જગતને પાપ નિવારણના સાચા ઉપાય ફરમાવ્યા. જગતમાં કોઈ તીર્થંકર એવા નથી થયા કે જે અરિહંતના શાસનને સ્વીકાર્યા વિના થયા હોય. અરિહંત જેવા પરમપુરુષ લોકોત્તર પુરુષ માટે આમ, તો આપણા શા ભાર કે એ વિના તરી શકીએ ?

**દુઃખમાં આશ્વાસન :-** માટે સુદત્ત મુનિવર ગુણધરને કહે છે એ ઉપદેશ આપણી પ્રત્યે સમજવાનો છે. એ શીખવે છે,

'આંધળિયાં રહેવા દે, અરિહંતના શાસનનો સ્વીકાર કર, વિવેકનો દીવો જાગ્રત હોય તો જે તને તકલીફ નથી ગમતી એ હટાવવા જિનનું-જિનના શાસનનું શરણ સ્વીકાર કર, જિનાજ્ઞાને જીવનમાં મુખ્ય બનાવી દે. શેઠ બહુ ખરાબ છે, રોજ ને રોજ ગાળો સંભળાવે. શું જંગલમાં જઈએ ? 'આવું થાય છે ? પણ ના, એમ જ જંગલમાં શું કામ જાવું' નગરમાં જ રહી અરિહંતની ઉપાસના કર, એમની આજ્ઞાની આરાધના કર. અર્હદ્ભક્તિ અને અર્હદ્-આજ્ઞાએ વિહિત ત્યાગ-તપ, વ્રત-નિયમ ખૂબ કરવા માંડ-દુઃખ ટાળવાનો એ જ ખરેખરો ઉપાય છે. એને જ જીવનમાં વણી લે. દુઃખ આવ્યું ૧૦-૨૦ બાંધી નવકારમાંથી ગણી લે.

એમ, પાપ થઈ ગયું તો ખેદ થાય છે ને ? પણ એ ખેદને જિનશાસનની સહાયથી સક્રિય કર. જૂઠું બોલાઈ ગયું તો 'અરિહંત'નો ૫૦૦૦ જાપ કરી લે. ખાવાપીવામાં વધુ પડતી લાલસા થઈ ગઈ, એક ટંક છ વિગઈ ત્યાગ કરી લે.

ગુસ્સો થઈ ગયો હજાર-બે હજાર જાપ કરી લે; સ્તોત્ર પારાયણ કરી લે.

ત્રિલોકબંધુ અરિહંત અને એમનું શાસન મળ્યું છે પછી કોઈ કંટાળો-નિરાશા-નિસાસાની શી જરૂર છે ? મરી જવાની ઇચ્છા જ શા સારુ ? દુઃખના પહાડ તૂટી પડે તોય શું, અંતર પોકારતું હોય 'હું કાંઈ મરું નહિ, કંટાળું નહિ; જીવું છું ત્યાં સુધી અર્હત્-શાસન મારી પાસે છે, ફિકર શી ?' આ નિર્ધાર પણ જીવન છે ત્યાં સુધી છે, પછી તો ઘંટડી વગાડવાની. માટે ક્યાંય કંટાળો આવ્યો કે જ્ઞાન-દર્શન-ચારિત્રની કોઈ સાધના પકડવાની. ધંધામાં પાછીપાની થઈ, દુર્ધ્યાન-અસમાધિ થઈ રહી છે, ઝટ ધર્મનું આલંબન લેવાનું. અસમાધિ ટાળવાની તાકાત ધર્મમાં છે. પાંચ -દસ આંબેલ લગાવી દીધાં કે ચિત્તને સ્વસ્થતા મળવા માંડશે. મૂંઝવણ છે, ૫-૧૦ દેરાસર જુહારી આવવાના, ઠાઠથી ચૈત્યવંદન સ્તવન જમાવવાના, અને બે પાંચ ધર્મના ખાતામાં કંઈ ને કંઈ ભરી આવવાનું, જુઓ મૂંઝવણ ટળે છે કે નહિ.'

**વાત એક જ છે આવા બધા આધ્યાત્મિક ઉપાયોમાં જીવને કામે લગાડી દો; જાતને અને કુટુંબને.**

મુનિવર રાજાને કહે છે, આપઘાતની ઇચ્છા શી અમલમાં મૂકવી'તી ? અમલ કરવો હોય તો આજસુધીમાં નહિ સાધેલી ત્રિલોકબંધુ અરિહંત પ્રભુની આજ્ઞાને અમલમાં મૂકી દે. અરિહંત એ જ ત્રાણ છે, શરણ છે, તારણહાર છે.'

**રાજાને હર્ષની ભરતી અને આંખમાં આંસુ :-**

રાજાને પોતાનો મનોગત અભિપ્રાય મુનિવરે પ્રગટ કર્યો તેથી ભારે આશ્ચર્ય થયું, 'અહો મુનિ ભગવંતનું અદ્‌ભુત જ્ઞાન !' વિચારે છે કે 'તો પછી આપઘાત એ કોઈ પ્રાયશ્ચિત્ત જ નથી અને મુનિવર જાણકાર છે, મહાજ્ઞાની છે, તો એમની પાસેથી જ ખરું પ્રાયશ્ચિત્ત જાણી લેવા દે.' મહર્ષિની ઓળખાણ તો પહેલાં થઈ જ ગઈ હતી અને તેથી અનેરું આકર્ષણ થઈ ગયું હતું, એમાં વળી મનના ભાવ કહેવા સાથે તત્ત્વપરિચય આપ્યો, એથી રાજાને અપાર આનંદ ઊલસ્યો, હર્ષની ભરતી ચઢી, આંખ આંસુથી ભીની ભીની થઈ ગઈ, કોઈ અપૂર્વ સંવેગરંગમાં ઝીલતો ઊઠીને તરત મુનિવરના ચરણમાં ઝૂકી પડ્યો; ગદ્‌ગદભાવે હાથ જોડી વિનંતી કરે છે,

'ભગવન્ ! તો પછી કૃપા કરી ફરમાવો આમાં શું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ ?'

**હૈયાનાં વલોણાનો ચમત્કાર :-**

રાજાની અત્યારની સ્થિતિ વિચારો. કેટલો ગદ્‌ગદ થઈ ગયો છે, પાપ પ્રત્યે ભારે સૂગ, પાપ તોડવા ગમે તે કરી છૂટવાની તૈયારી, મુનિવર પર અથાગ શ્રદ્ધા-



સમર્પણભાવનો પ્રવાહ,...! આવી અવસ્થામાં જીવ કર્મની ભારે નિર્જરા કરે છે. અપરાધ અતિ ભારે છતાં સાવધાન બની જો હૃદયનું પશ્ચાત્તાપભર્યું જોરદાર વલોણું કરે છે તો એ પાપના નિકાલ સાથે બીજાં કેઈ અશુભ કર્મોના નિકાલ થતા આવવાના અને જીવન પરિવર્તનનો સોનેરી સૂરજ ઊગ્યો જોવા પામે છે.

**થોક પાપના નિકાલ અને જીવન પરિવર્તન માટે હૈયું ભારે વલોવાઈ જવું જોઈએ.** 'મારાથી કીડી મરી પ્રાયશ્ચિત્ત આપો' એટલેથી ન ચાલે, હૈયાનું વલોણું જોઈએ, 'હાય ! જોયા વિના ચાલ્યો, કીડીના આખા પ્રાણ ખતમ કર્યા ! કેવો હું ભાન ભૂલો ! જીવદયાના મહાપુરુષ મળ્યા પછી આ ?...'હૃદય વલોવાઈ જવાના એટલા ઊંચા પ્રભાવ છે કે શ્રી મહાનિશીથ સૂત્રમાં એના ભારોભાર દાખલા મૂક્યા છે; સાધ્વી પાપની આલોચના કરવા જાય છે, હૈયું એવું વલોવાઈ રહ્યું છે કે ગુરુ પાસે હજી પહોંચી નથી ને કેવળજ્ઞાન પામે છે; તો કોઈ વળી ગુરુ આગળ બોલવાની શરૂઆત કરે છે ત્યાં કેવળજ્ઞાન ! કોઈને કહી રહ્યે કેવળજ્ઞાન ! શી રીતે આ બનતું હશે ? પાપ થઈ જવા ઉપર હૈયું આખું વલોવાઈ જવું જોઈએ. પાપનો પ્રસંગ નથી તો પણ કોઈ અપૂર્વ પ્રભુદર્શન, પૂજા, ગુરુ દર્શન-વંદન, વ્યાખ્યાન શ્રવણ વગેરે મળવા ઉપર હૈયું વલોવાઈ જાય કે 'અહો ! આ પાપભરી પૃથ્વી ઉપર આ કેટલી અદ્‌ભુત પ્રાપ્તિ ! કેવા ભાગ્યોદય ! અનંતકાળે કેવો દુર્લભ યોગ !...'

**સાચું પ્રાયશ્ચિત્ત : પહેલું નિદાનત્યાગ :-**

સુદત્ત મુનિવર ગુણધર રાજાને હૈયું વલોવાઈ જઈને ઊઠેલા પ્રશ્નના ઉત્તરમાં કહે છે,

'મહાશય અહીં સાચું પ્રાયશ્ચિત્ત આ પાપથી પ્રતિપક્ષ યાને પાપથી તદ્દન વિપરીત વસ્તુનું સેવન કરવું એ છે. એ કરવાનું તો નિદાન છોડ્યા વિના ન બની શકે; માટે પહેલું તો નિદાનનો ત્યાગ કરવો જોઈએ. અહીં નિદાન એ મિથ્યાત્વ મોહનીયની સાથોસાથ રહેનાર અજ્ઞાન સ્વરૂપ છે; મિથ્યાત્વ સહિત અજ્ઞાન એનું જ નામ નિદાન. એ જગતમાં અમુક સ્વરૂપે રહેલા પદાર્થને એથી વિપરીત રૂપે મનાવે છે.'

આવી ઊલટી માન્યતા હોય પછી પાપોને નાચવાનું મળે એમાં નવાઈ નથી. વિષયોમાં સુખ નથી, સુખાભાસ છે, પણ ત્યાં સાચું સુખ માની લેવાય છે. માટે એની પાછળ હિંસા, જૂઠ, અનીતિ વગેરે કેટલાંય પાપો થાય છે ને ? આપણાં કર્મ અને એ ઊભાં કરનાર આપણો દોષભર્યો આત્મા છે; પરંતુ દુનિયાના માણસને દુશ્મન દેખવાથી પછી ઈર્ષ્યા, ક્લેશ, કંકાસ, વગેરે કેઈ પાપો આવી પડે છે.

**પાપોની જડ આ છે, મિથ્યાત્વ યુક્ત અજ્ઞાન અને તેથી વસ્તુ સ્વરૂપની થતી**

**અવળી માન્યતા.** ઝેરવાળો લાડવો ખાવાલાયક માને, અને ઝેર વિનાનો લુખ્ખો રોટલો નહિ ખાવાલાયક ગણે, એને કેવો કહો ? ઊંધી માન્યતાવાળો જ ને ? અંતરાત્માને પૂછો કે 'તું ધર્મ કરે છે, દેવ-ગુરુના પરિચયમાં છે, પરંતુ તને એમ લાગે છે ખરું કે હું ઊંચા અધ્યાત્મના આકાશમાં વિહરી રહ્યો છું ? જવાબ 'ના'માં આવે છે તો તપાસો કે શાથી એમ ?

જીવનમાં વરસોનાં વરસો વહી ગયાં છતાં હજી કેમ માટીની જ માયાના પક્ષપાત મટતા નથી ? એના જ થોક વિચાર, અને ઝટ એની દૃષ્ટિ એ જ ધોરણ બાંધવા કેમ અટવાઈ રહેવાય છે ? તપાસ માટે આ પારાશીશીનો ઉપયોગ કરવાનો છે.

'અજ્ઞાન અને મિથ્યાત્વ ટળ્યાં છે ? વીતરાગ પ્રભુએ અનંત દયા કરીને આપણને બક્ષિસ કરેલ વિશાળ તત્ત્વજ્ઞાન ગ્રહણ કરવા ધરખમ પ્રયત્ન ધનોપાર્જન કરતાં અતિ તીવ્ર ધગશ અને પ્રયત્ન ચાલુ છે ? એ પ્રયત્ન કરી કરીને અજ્ઞાન ટાળતાં રહ્યા છીએ.'

ત્યારે મિથ્યાત્વ ટાળવા એવાં સમ્યક્ત્વ ધારણ કર્યાં છે કે

**'દુનિયાના જડ પદાર્થોથી સુખ નહિ, પણ એની બેપરવાઈથી ખરા સુખનો અનુભવ થાય;**

**'લક્ષ્મી વધવાથી ધર્મ અને આત્મગુણો નહિ, કિંતુ પાપ અને દુર્ગુણો વધે છે;** આજે જગતમાં એ નજરે નિહાળવા મળે છે અને શાસ્ત્ર પણ કહે છે કે, '**जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई ।**' જેમ જેમ લક્ષ્મીનો લાભ થતો જાય તેમ તેમ લોભ વધે છે, અને લોભ એ પાપોનો બાપ છે, જનક છે, પાપોને પેદા કરે છે;

**'માનવ કાયા એ ધર્મનું સાધન' છે, કર્મનું નહિ;**

**દુન્યવી વધુ સુખ સગવડો જીવને ત્યાગ અને તપની સામે સુંવાળો સુકોમળ બનાવે છે;**

જીવને વધુ મોહ પમાડનાર અને આરંભ-વિષય-પરિગ્રહમાં પ્રેરનાર કોણ છે ? કોઈ રસ્તે જનારા પરાયા માણસો નહિ, પરંતુ પોતાનું જ કુટુંબ છે; અને તે એમ કરીને વિશેષ પાપનાં પોટલાં બાંધવામાં અને તેના પરિણામે દુર્ગતિઓમાં બેહાલ ભટકવામાં નિમિત્ત બને છે;

આવું આવું સમ્યગ્દર્શન દિલમાં વસી ગયું છે ખરું ? કે એના બદલે ઊલટું મિથ્યાત્વ-મિથ્યાજ્ઞાન વ્યાપેલું છે.

**મિથ્યાજ્ઞાનનો પ્રકાર :-** બોલો મનને લાગે છે ને કે 'બંગલો બગીચો, મોટર, પેઢી, છલકાતી તિજોરી અને ધીખતી કમાઈ તથા માન-મોભો-પ્રતિષ્ઠા આ



બધાથી સારું સુખ મળે; શરીર હાલે ચાલે છે ત્યાં સુધી બજાર વહેવાર બરાબર સાચવી લેવા જોઈએ. દુનિયામાં ભોઠ થઈને ન જિવાય; ચાલાક રહેવું જોઈએ, પોલિસીથી કામ રાખવું જોઈએ ?' આવું આવું લાગે એ મિથ્યાત્વ છે, મિથ્યા માન્યતા છે. અજ્ઞાન અને મિથ્યાત્વ એ સંસાર-રોગોનું નિદાન છે, આધ્યાત્મિક જીવનનું પ્રતિબંધક છે. એ ટાળ્યા વિના સાચી ધર્મ સ્ફૂર્તિ ક્યાંથી આવે ? પાપ ક્યાંથી ઓછાં થાય ?

સુદત્ત મુનિવર ગુણધર રાજાને કહે છે, 'પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે પહેલાં તો પાપનું મૂળ નિદાન છોડવું જોઈએ; અને એ નિદાન છે મિથ્યાત્વ સહિત અજ્ઞાન-અર્થાત્ જગતમાં જે રીતે વસ્તુ રહેલી છે તેનાથી જુદી રીતે તેને માનવી. તમે વિચાર્યું કે 'આ મુનિ અપશુકનરૂપ છે માટે એને કદર્થનાથી સન્માનું' અપશુકન તરીકે માનવામાં નિમિત્ત તને આ લાગ્યું કે એ સ્નાન કરતા નથી, મુખ-મસ્તક મૂંડેલા છે, વિરુદ્ધ વ્રત-વેશ ધરનારા છે અને ભિક્ષા માગી ખાય છે.' પરંતુ હવે રાજન્ ! જુઓ કે આ કલ્પના કેવી મિથ્યાત્વ સહિત અજ્ઞાનવાળી છે. એનું કારણ હું કહું તે મધ્યસ્થ થઈને સાંભળજો.' વાત સાચી છે પહેલેથી કોઈ એક બાજુ પકડ ધરી બેસાય નહિ, નહિતર કહેલી વાત વસ્તુ પર જિજ્ઞાસાભાવે ગવેષણ નહિ થાય.

**સ્નાન-અસ્નાનના ગુણદોષ :-** પહેલી વાત સ્નાન ન કરવા અંગેની છે, તો સ્નાન-અસ્નાનના ગુણદોષ શા શા છે તે જો.

સ્નાનના ગુણ જીવને આ લાગે છે.

**देहो खणमेत्तसुई तंमि अ राओ तहाहिमाणो य ।**
**विलयाण पत्थणिज्जो सुइ त्ति दप्पो य अक्खाणं ॥**

સ્નાન કર્યું એટલે શરીર બહારથી ક્ષણમાત્ર ચોખ્ખું થયું. ક્ષણમાત્ર એટલા માટે કે પાછું પરસેવો તથા મેલથી મલિન તો થાય જ છે. ખેર ! પણ બહારથી ચોખ્ખા થયેલા શરીરને જોઈ રાગ થાય છે, મન ખુશ થાય છે, એના પર 'હું કેવો સારો ઊજળો દેખાઉં છું.' એવું અભિમાન થાય છે. વળી સ્નાન કરીને ઊજળા કરેલા શરીર પર સ્ત્રીઓને પ્રાર્થનીય બને છે; તેમજ આ ચોખ્ખા થઈ એના પર ઇન્દ્રિયો મસ્ત બને છે, ઉન્મત્ત બને છે.

ત્યારે સ્નાનમાં દોષો આ છે,-

**जलगयजीवविघाओ उप्पीलणओ य अन्नसत्ताणं ।**
**अङ्गारखीरधुवणे अन्नाणपयासणं चेव ॥**

પાણી એ શરીર છે, એ શરીરમાં રહેલ અસંખ્ય જીવોનો નાશ થાય છે, અને પાણી ભેગાં રહેલા પોરા વગેરે જીવો તથા જ્યાં સ્નાનનું પાણી ઢળે ત્યાંના બીજા જીવોને ભારે પીડાવાનું થાય છે.

મુનિવરે આ ગુણદોષ કહ્યા એ પરથી રાજાને સ્નાનના ગુણ કેવા અને દોષ કેવા એની તુલના કરવાનું સોંપ્યું. જરાક ન્હાયાં, તત્કાળ મેલ-પસીનો દૂર થયો એના પર મન ખીલ્યું, ઇન્દ્રિયો ખીલી અને સ્ત્રીઓને જરાક ગમ્યા, આમાં શું મોટું કમાયા ? એ બધું ક્ષણજીવી છે. અલ્પકાલીન છે, તુચ્છ છે, ત્યારે દોષો મોટા છે, ચોખ્ખાઈ ક્ષણિક હોવાથી એ ટકતી નથી એટલે વારંવાર એનો નાદ લાગે છે. આત્માને પોતાને ચોખ્ખો કરવા તરફ રોજ તો શું પણ ૮-૧૫ દહાડેય, ચોખ્ખા કરવા તરફ મન નથી જતું; શરીરને ક્ષણિક ચોખ્ખાઈ દેખી એ રોજ ને રોજ કરવાનો મોહ લાગે છે. પાછું મન અને ઇન્દ્રિયો ખુશ અને મસ્ત થાય છે એ તો આત્માના ભયંકર દુશ્મન રાગ અને અભિમાનનાં નાટક છે.

રાજાને મુનિ ન્હાતા નથી, મેલા ગંદા લાગે છે, ત્યાં મુનિવર એને સ્નાનતત્ત્વના ઊંડાણમાં ઉતારે છે. અનંતકાળે મળેલ અતિ અતિ દુર્લભ મનુષ્ય ભવમાંય મહાદુર્લભ મળેલી તત્ત્વદૃષ્ટિની તક છતાં અને યોગી કહેવાવા છતાં ઘેલિયા સ્નાનના ચાળામાં કેવા કેવા દોષોને લીધે ભવના કૂચા કરવાનું થાય છે એ પર ધ્યાન ખેંચે છે. ન્હાઈ ધોઈ ઊજળા બાફ બન્યા. સ્ત્રીઓને ગમી ગયા પણ એનો પડઘો ક્યાં પડવાનો ? સ્ત્રીઓને કામરોગનું ઉત્થાન કે બીજું કાંઈ ? જરૂર પડ્યે એ ઘેલી થઈ પૂંઠે ભમે ને તેથી ભાઈ એમાં લપટાય એવો સંભવ કે બીજું કાંઈ ? ત્યારે મુનિ અને એ બીજાના કામરાગ વધારે તેમ પોતે સ્ત્રીઓથી પ્રાર્થનીય બને એ સારું કે એથી ઊલટું બીજાના કામરાગમાં જરાય નિમિત્ત ન બની પ્રાર્થનીય ન બને એ સારું ?

સ્નાનમાં ઇન્દ્રિયોને દર્પ થાય છે, મદ ચઢે છે, આંખ નાચે છે 'કેવો હું ઊજળો દેખાઉં છું, પ્રસન્નતા થાય છે. પરંતુ એથી એક તો અંતરાત્માની ઊજળામણ કરવા તરફ આંખ મીંચામણાં અગર બેભાનપણું રહે છે; માનવ જીવનમાં લાધેલી આંતર સ્નાન કરવાની અણમોલ તક ગુમાવાય છે ! શરીરની ઊજળામણ તરફ બેપરવા બની એમાંથી ઊંચો આવે તો અંદર તરફ જુએ ને ? ના, ઇન્દ્રિયોના દર્પમાં ઊલટો વધુ ને વધુ એવી રોજિંદી પ્રવૃત્તિમાં ડૂબ્યો રહે છે !

એ જોવા ફુરસદ નથી કે સ્નાન કરતાં જીવો કેટલા મરે છે ? સ્થૂલ જીવોની તો હજીય ગણતરી કરી શકાય, પણ પાણીના એકેક ટીપાંમાં જીવો ગણ્યા ગણાય નહિ. આના તરફ લક્ષ નથી, એટલે ક્યાં જોવા બેસવું છે કે તત્કાળ કેટલા પોરા



તથા પછી મોરીના જીવો મરશે ?

'હુમ્ જવા દે પાણી ખાળમાં !'

શરીર ઊજળું બાફ રાખવાની કેટલી બધી ઘેલછા ! જાણે ખબર નથી કે એના છિદ્રે છિદ્રમાંથી નિત્ય મેલ બહાર વહી આવે છે. શરીર એટલે નિત્ય બહાર વહેતી ગટરોનું નગર. એને સાફ ચોખ્ખું કરવા મથવું એટલે કોલસાને દૂધે ધોઈ ધોઈ ઊજળો સફેદ કરવાનો પ્રયત્ન ! થાય સફેદ ? ભગવાન ભગવાન કરો. આજે દસ વાર સાબૂ ઘસીને નાહ્યાં, છતાં ય કાલે ? પાછું મેલુસ્તો. સતત વહેતી ગટરને સાફ કરી ઊજળી બાફ જોવા-માનવામાં મૂર્ખાઈ નહિ ?

**ઈતર ધર્મોમાં પણ અ-સ્નાનવ્રત :-**

સ્નાનની હિમાયત કરનારા ઈતર ધર્મવાળાઓએ પણ અસ્નાન-વ્રત્તનો મહિમા ગાયો છે. એમણે ચાતુર્માસ વગેરેમાં વિશેષ પુણ્ય માટે અસ્નાન વ્રતનો પણ ઉપદેશ કર્યો છે. યજ્ઞદીક્ષામાં પણ તેમ છે. કેમ વારુ ? પ્રાણીદયા અને વિભૂષાત્યાગ માટે. જૈન ધર્મ મુનિને સર્વથા અ-સ્નાન અને ગૃહસ્થને માત્ર પ્રભુ પૂજા માટે ગાળેલા પરિમિત જળથી નિર્જીવ જગાએ સ્નાન ફરમાવે છે. મુદ્દો આ છે કે સ્નાનાદિ વિભૂષા એ જીવહિંસા ઉપરાંત કામનું અંગ છે.

**સ્નાનત્યાગના ગુણ :-** માટે જ સ્નાન ન કરે તો કેટલા લાભ પામે ? આ જગતમાં જે ધર્મશાસ્ત્રો છે એ દરેકમાં જુઓ કે પ્રાણીદયાનું ફરમાન છે. અ-સ્નાનમાં આ પ્રાણીદયાનું પાલન થાય છે; સાથે કામરાગના વિકારોને ઉત્તેજિત થતાં અટકાવવાનો લાભ મળે છે. આ ઓછી વાત છે ? જગતમાં ચારે બાજુ વિકારોને ઉત્તેજિત કરનારા સંયોગોનો ઘેરાવો તો પડ્યો છે એમાં વળી સ્નાન ને બીજી વિભૂષાઓ ભેગી મળે પછી શું બાકી રહે ? માટે જ એનાથી દૂર રહેવામાં એ તોફાનને વધતાં અટકાવી શકાય છે. ત્યારે ઇન્દ્રિયો અને મનને દર્પ, અભિમાન, અને રાગાદિના ઉકળાટ અટકાવી શકાય છે.

**સાધુતાનો ખ્યાલ :-**

સુદત્ત મુનિવર ગુણધર રાજાને મુનિ પર જામેલી અપમંગળની મિથ્યામતિ દૂર કરવા કહે છે,

**अक्खण्डियवयनियमा गुत्ता दन्तिन्दिया जियकसाया ।**
**सज्झायझाणनिरया निच्चसुई मुणिवरा होन्ति ॥**

અર્થાત્ મુનિવરો તો અખંડિત વ્રત અને નિયમોને પાળનારા હોય છે, અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહના મહાવ્રત તથા સમિતિ-ગુપ્તિ વગેરેના નિયમોનું અખંડ પાલન, એ જ એમનું જીવન હોય છે, મન-વચન-કાયાને

પાપવૃત્તિથી તદ્દન રહિત અને સત્પ્રવૃત્તિમાં તન્મય રાખનારા હોય છે. ઈન્દ્રિયોનું દમન અને ક્રોધાદિ કષાયોનો પરાજય કરનારા, તથા સ્વાધ્યાય અને ધ્યાનમાં અત્યંત રત રહેનારા હોય છે. આમ મુનિવરો હંમેશાં પવિત્ર છે. તો એ તો મહામંગળ ગણાય, ત્યાં અપમંગળ-અપશુકનની કલ્પના કેટલી બધી ભ્રાન્ત ! જો આવા મહાપવિત્ર આત્માને અપમંગળ ગણે, તો શું પાપી જીવને મંગળભૂત ગણીશ ?

**લોચ ગુણકારી છે :-**

પવિત્ર મુનિવરોનાં શિર તથા મુખ સ્વહસ્તે કેશના લોચવાળાં હોય છે તે તો એ સર્વ પ્રકારના આશ્રવ યાને કર્મબંધના હેતુથી વિરામ પામેલાના કારણે છે. એ હવે ઠઠારો શા માટે રાખે ? અને પ્રથમ મહાવ્રત અહિંસાના પાલન અર્થેય છે, માટે અવશ્ય ગુણકારી છે, દોષરૂપ જરાય નહિ. કેશ વધાર્યે જવામાં શો વાંધો ? એ જ કે એમાં જૂ-લીખ થઈ એની હિંસા થવાનો સંભવ છે; ત્યારે હજામ પાસે વાળ કપાવવામાં એ કાચા પાણીનો ઉપયોગ કરે ત્યાં જીવ-ઘાતનો પ્રસંગ છે. એને પૈસા દેવા પડે ત્યાં પરિગ્રહપાપનો પ્રસંગ છે. માટે કેશનું સ્વયં લૂંચન એ ગુણકારી છે. એ લૂંચન માત્ર બહારના કેશનું નથી પણ અંદરના ક્લેશનું છે; કેમ કે એમને અંતરના રાગદ્વેષ-અહંત્વ આદિ ક્લેશ ખૂંચે છે. જાણે એને ચૂંટી નાખવા માટે કેશ ચૂંટી નાખે છે. સર્વજ્ઞનાં-શાસ્ત્ર વિના ઝીણવટ કોણ બતાવે ?

વળી 'આ શો વિરુદ્ધ પાખંડ ?' એમ હીનતાની બુદ્ધિ થઈ એ ય મિથ્યા છે, કેમ કે આ પાખંડ એટલે મુનિપણાના વ્રતને તો વીતરાગ-જિનેન્દ્ર પ્રભુએ સારા મંગળરૂપ કહેલું છે, એટલે એ વ્રતને વિરુદ્ધ માનવું એ તો નર્યો વ્યામોહ છે.

વળી આ તો ભીખ પર જીવનારા છે માટે અપશુકનરૂપ લાગ્યા, પણ જો, કે જે આત્માઓ સમસ્ત આરંભથી નિવૃત્ત થયેલા છે અને આલોક-પરલોક બંને પ્રત્યે નિરપેક્ષ છે તેઓનો ભિક્ષા પર જીવન નિર્વાહ સર્વ શાસ્ત્રોમાં વખાણ્યો છે.

માટે મહારાજ ! શ્રેષ્ઠ ગુણોથી સંપન્ન અને દેવોને પણ મહામંગળરૂપ એવું શ્રમણપણું તમને શી રીતે અપશુકન બને ?

**ધન્ય જીવન ! આબાદ જીવન ! :-**

સુદત્ત મુનિવરે મુનિપણાની કરાવેલી આ ઓળખાણ પર ઊંડાણથી વિચાર કરવામાં આવે તો મનને થાય કે 'કેવું ધન્ય જીવન ! જીવન તો કેઈ જીવ્યા અને પૂરા થયા, વર્તમાન પણ પૂરું થવાનું જ છે. પરંતુ આવું જીવન મળે એ કેવાં અહોભાગ્ય ! ક્યારે એવા સુંદર આબાદ જીવનને પામીએ !'

સૂક્ષ્માતિસૂક્ષ્મ અહિંસાદિ વ્રત-નિયમોને કડકપણે મન-વચન-કાયાની ઝીણીમાં ઝીણી પ્રવૃત્તિમાં ઓતપ્રોત કરી દેવાય, માત્ર કરવારૂપે જ નહિ, કિન્તુ કરાવવા કે



બીજાના કરણમાં અનુમોદવા રૂપે પણ એ વ્રતવિરોધી હિંસાદિ પાપોનો સ્પર્શ ન હોય, અને તે ઠેઠ જીવનના અંત સુધી પળાય, તો આત્માના કેટલા બધા ઉચ્ચ ઊર્ધ્વીકરણ થાય ! કઠિનતાનો કોઈ સવાલ નથી, દિલની એ માટેની ભૂખ, આતુરતા અને ધગશ જોઈએ.

મુનિપણામાં ઈન્દ્રિયનું દમન કરવાનું હોય છે એ પણ એક જબરદસ્ત જીવન-પ્રયોગ છે. માણસ આરોગ્ય માટે કડક પણ દવાના પ્રયોગ કરે છે ને ? પણ એ બધા તો એવી કાયા માટે કે જે તાંબા જેવા થવા છતાં એક દિ' અચૂક પડી જવાની છે ! ત્યારે ઈન્દ્રિયદમનનો પ્રયોગ તો આપણા પોતાના સનાતન આત્માને સશક્ત કરનારો છે.

**ઈન્દ્રિયદમન એટલે ?** દા.ત. આંખનું દમન એટલે આંખને ચોળી નાખવાની કે મૂર્ખ સૂરદાસની જેમ ફોડી નાખવાની નહિ, કિન્તુ એને એના મન ગમતાં વિષયોમાં જતી અટકાવવાની, પણ એ એમ ઝટ નહિ અટકે; એ માટે એને અંદરમાં વાળવી પડશે અને ઠારવી પડશે, અંદરમાં તૃપ્ત કરવી જોઈશે.

**અંદર જુઓ :-** અંદર જોવાનું ઘણું છે. આત્માનું નિરંજન-નિર્વિકાર સ્વરૂપ જોવાની મઝા ઓર છે. ગમે તેટલા બહારના ઝંઝાવાતો આવે, કાયાના કૂચા થાય, છતાં આત્માનું મૂળ સ્વરૂપ બગડતું નથી, શુદ્ધ જ્ઞાનમય-દર્શનમય-નિર્વિકાર સ્વરૂપ ઊભું રહે છે. એ આપણું જ સ્વરૂપ છે; એને જોવામાં લીન બનાય તો બહારના વિષયોના કચરા જોવા શું જવાનું હોય ? મનને થાય કે 'મારું આત્મસ્વરૂપ ક્યાં કમ ચીજ છે કે એને છોડીને બહાર ભટકું ?'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૩,તા.૨૩-૯-૧૯૬૧

## ઈન્દ્રિયોના શુભ આલંબન :-

આપણી ઈન્દ્રિયો બહાર કેમ ફાંફાં મારે છે ? અંતરમાં ઠરવાનો કોઈ વિચાર નથી, અંતરમાં ઠરવાનાં આલંબનો લઈ ઠર્યા નથી અને તેથી એનો ઊંચો સુધા સ્વાદ ચાખ્યો નથી, ફૂલની કે અત્તરની સુગંધી આવી તો ઘ્રાણેન્દ્રિય દોડાદોડ કરે છે ! 'અરે ! ત્યાં શું દોડવું'તું ? અંતરથી ભગવાનના સમવસરણમાં પહોંચી જા, ત્યાં જો ફૂલોની કેવી મઘમઘ વાસ પ્રસરી રહી છે ! એમ કાનને દુનિયાનાં ગાંડા ગીતડાં શા સાંભળવાં'તાં ? પ્રભુની સુધાશી વાણીના દિવ્ય ધ્વનિ સાંભળ, કેવા સુંદર રેલાઈ રહ્યા છે ! ભૂખ, તરસ, થાક, શોક બધું ભૂલી જઈએ અને એ અમૃત-મીઠી વાણી જાણે સાંભળ્યા જ કરીએ, સાંભળ્યા જ કરીએ એમ થાય છે.

એ સ્વાદ, એ રસ, એ મજા કોઈ ઓર !' માણસ આજે રેડિયોના કે સિનેમાના સંગીતમાં ગુલતાન થઈ જાય છે. 'કેવી સરસ લય અને આલાપ' શું કપાળ સરસ ? સરસ તો એ તીર્થંકર ભગવાનની વાણી, ગદ્ય બોલે પણ પદ્યને ટપી જાય એટલી મધુરતા ! એવા Jingling and Mingling tune સાનુનાસિક, સાનુપ્રાસ. કાન્તિ-ઓજ-માધુર્ય-અલંકારભર્યો સૂર ! કાન જિનવાણી, ગણધરવાણી, ધર્મવાણીનું રસિયું બની જાય તો બહારના વિષયોની શી ગુંજાયશ કે એને આકર્ષી શકે ? એમ જીભ અરિહંતના ગુણગાન, સ્તોત્રપાઠ, તત્ત્વસ્વાધ્યાયમાં રસલુબ્ધ બની જાય તો જડ આહારના રસ એને શેં ખેંચી શકે ? ત્યારે સ્પર્શનેન્દ્રિયના દમન માટે આ એક પ્રમુખ વિચાર રહે કે જેટલા મૃદુ-કર્કશ સ્પર્શના વિકલ્પ ઊઠશે એટલો કુસંસ્કારનો ઢેર વધશે જે માનવેતર ગતિમાં નિવારી તો નહિ શકાય બલ્કે એ કારમી રીતે પીડશે. આ ઉત્તમ ભવમાં તો એને ઓછા જ કર્યે છૂટકો; એ માટે સ્પર્શના વિકલ્પો ટાળવાના; એ માટે જાડું, કર્કશ, વગેરે ખાસ પસંદ કરી એનાથી નભાવવાનું. બીજી ઇન્દ્રિયોમાં પણ સુખશીલતા ન પોષાય એવા પદાર્થથી નભાવવાનું.

**કષાય જ કેમ સુલભ ? :-**

ઇન્દ્રિયદમન આ રીતે કરવાનું છે. મુનિઓ એ ઉપરાંત કષાયજય કરે છે. જે કષાયોની હકૂમત મોટા ઇંદ્રો પર પણ ચાલે છે એના પર વિજય મેળવવાનું કામ મુનિજીવનમાં કરવાનું હોય છે, એ કેમ સરળ બને ? પણ એમને સરળ એ રીતે બને છે કે કષાયો અર્થાત્ રાગ-દ્વેષ-મદ-માયા વગેરે આંતરશત્રુજ ખરા શત્રુ તરીકે નજર સામે તરવરે છે, અને એને મહાત્ કર્યા પછી દુનિયાની કોઈ સત્તાની હકૂમત ચાલી શકતી નથી, આત્માને કોઈ પીડા-કોઈ દુઃખ નથી રહેતું, એવો અટલ વિશ્વાસ ઊભો થઈ ગયો હોય છે.

**નિવૃત્તિ ઉપરાંત પ્રવૃત્તિ શી ? :-**

ઇંદ્રિયદમન અને કષાયજય કરવાનો; એટલે કે ઇંદ્રિય અને કષાય પર અંકુશ મૂકવાની યાને નિવૃત્તિની વાત આવી, પણ પ્રવૃત્તિ શી ? તો કહ્યું, સ્વાધ્યાય અને ધ્યાનમાં રત રહેનારા હોય છે. સૂત્ર અને અર્થના સ્વાધ્યાયમાં મન લગાડી રાખવાથી, મનમાં એ જ ગુંજતું રાખવાથી બીજા ત્રીજા વિકલ્પોને, વિચારોને કે દુર્ધ્યાનને અવકાશ મળતો નથી. આ એક મહાન સાધના છે. મનમાંથી કંઈ પાપવિચારો, તુચ્છ વિકલ્પો અને આડી અવળી ચિંતાઓ હટી જાય, એને જગા જ ન મળે એ ખાસ કરવા જેવું છે. શાસ્ત્ર-સ્વાધ્યાયનું ખૂબ જોર રાખવાથી એ શક્ય બને છે.



## ક્રિયામાં ધ્યાનયોગ ?

બીજી વાત ધ્યાનની રતતા. આવશ્યક ક્રિયાઓની સાધનામાં આને મેળવી શકાય. સાધુ ગોચરી જાય તો ચાલતાં નીચે ભૂમિનિરીક્ષણનું ધ્યાન, કોઈ નિર્દોષ જીવજંતુ અહીં ભૂલું તો નથી પડ્યું ને ? મારા પગ નીચે ન આવો; આ તો ચાલતાં; ત્યારે ગોચરી લેવામાં નિર્દોષતાનું ધ્યાન, એમ પ્રતિક્રમણની ક્રિયામાં ચૈત્યવંદનની ક્રિયામાં તથા સ્વાધ્યાયમાં સૂત્ર પર બરાબર ધ્યાન રાખવાનું. સૂત્ર શરૂ થતાં જે એના પર ચિત્ત લગાડ્યું તે એક ધારાએ એના હવે પદેપદના શુદ્ધ ઉચ્ચારણ અને વાચ્ય પદાર્થ તથા ભાવ ઉપર એકતાન બની ચાલ્યા કરે. વસ્ત્રપાત્રની પ્રતિલેખના વગેરે ક્રિયામાં પણ મન એકતાન બની ચાલે. આમાં ધ્યાનયોગનો ભારે અભ્યાસ થાય છે. ત્યાં સાવધાની આ રાખવાની કે જરાય શૂન્ય મન ન બને, તેમ કોઈ વિક્ષેપ ન થાય, આજુબાજુમાં કોણ આવ્યું કોણ ગયું, શું ચાલી રહ્યું છે વગેરે તરફ કોઈ જ લક્ષ નહિ; માત્ર તે ક્રિયાને તે સૂત્રમાં સરાસર મગ્નતા. ચૈત્યવંદન કરતાં **'સકલ કુશળવલ્લી...'** બોલો છો ને ? એમાં જ ધ્યાન ઓતપ્રોત રહે છે ? રાખવું હોય તો આ કરો, કે ઉચ્ચારણ ઉપરાંત 'પ્રભુ સકલ કલ્યાણરૂપી વેલડીને ઉગાડનાર-પોષનાર પુષ્કરાવર્ત મેઘ જેવા હોવાનું વિચારતાં દિલ ભરાઈ જાય. આ તો એક વિશેષણની વાત થઈ એવાં બીજાં વિશેષણ **દુરિત તિમિરભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ**...વગેરેને આધારે તેવા તેવા ભાવ મનમાં લાવવાના. દુરિતતિમિરભાનુઃ એટલે કંઈ જનમ જનમનાં પાપો અને મોહની વાસનાઓ રૂપી અંધકારને નષ્ટ કરવા માટે પ્રભુ સૂર્ય સમાન તેજસ્વી છે. કેવા મહાન પ્રભુ ! જોઈ લો ઇતિહાસમાં અરિહંત વિના કોઈનું કલ્યાણ થયું છે ?

કલ્યાણ મળ્યાં. પાપ ટળ્યાં, પણ ઇચ્છિત પૂરાશે ? તો કહ્યું ગભરાઈશ નહિ પ્રભુ કલ્પવૃક્ષની ઉપમાવાળા છે. સર્વ ઇષ્ટના પૂરનારા છે. તેય માત્ર સંસારના નહિ, મોક્ષરૂપી ચરમ ઇષ્ટનાય દાતા છે, સંસાર સમુદ્રથી પાર કરનાર જહાજ છે, 'ભવજલનિધિ પોતઃ' પછી તો શું બાકી રહ્યું ? 'સર્વસંપત્તિના હેતુઃ' ભગવાન છે, 'એવા ભગવાન શાન્તિનાથ,' કવિ કહે છે, 'સતત તમારા શ્રેયને માટે થાઓ.' અવલ શ્રદ્ધા જોઈએ, 'સંપત્તિ-શ્રેય મળે તો અરિહંતથી જ મળે'

બસ, ચૈત્યવંદન શરૂ થતાં આ સ્તુતિ બોલવાની આવે ત્યાં મન એના પદ પદના ભાવ ઉપર મસ્તાન બની જાય એ ધ્યાન લાગ્યું કહેવાય. વિષય-કષાયોની હોળીમાંથી બહાર નીકળી મન આ ઉત્તમ સૌમ્ય શુભભાવોમાં સ્થિર થઈ ડોલવા લાગે તો કેટલો બધો સુંદર ધ્યાનનો અભ્યાસ પડવા માંડે ! આ બધું મનમાં આવતાં જાણે હૈયું ભરાઈ જાય, 'કેવી અલૌકિક પ્રાપ્તિ !'

**ઊંચું ધ્યાન ક્યારે ? :-** બોલો 'સકલકુશળ વલ્લી' પર આવું ધ્યાન રહે છે ને ? હજીય કાઉસ્સગ્ગમાં ધ્યાન રહેતું હશે પણ પારતી વખતે 'નમો અરિહંતાણં' બોલો ત્યાં એ પદ યા અરિહંતને નમસ્કાર પર ધ્યાન દો છો ખરા ? ના, એ તો જાણે મફતમાં કાઢવાનું. કાછિયા પાસેથી શાક લીધા પછી બે ભીંડા ઉપરથી મફતમાં લેવાની જેમ અહીં કોઈ ધ્યાનરૂપી કિંમત નહિ આપવાની એમ જ ને ?

અહીં માત્ર એટલા ધ્યાનની વાત નથી, એક પછી બીજી ગાથા, એક સૂત્ર પછી બીજું સૂત્ર, એક ક્રિયા પછી બીજી ક્રિયા ઉપર સળંગ ધારાબદ્ધ ધ્યાન ચલાવવાનું છે. ધ્યાન બીજું કરવાનું તો હજી લઈને ખૂણે બેસી જશો, પણ ખરેખર જિનાજ્ઞારસ સાથે મનની સ્થિરતા લાવવી હોય તો ધ્યાનનો આ અભ્યાસ કરો એ નક્કર ધ્યાન શક્તિ ખીલવી દેશે.

**ધ્યાનધારા :-** સામે પ્રતિમાદિનું આલંબન છે, દૃષ્ટિ એના ઉપર એવી સ્થિર રહે કે ઉખાડી ઊખડે નહિ, ક્યાંય લોભાય તો નહિ, પણ વચમાં કોઈ આડું આવીને ઊભું તોય આપણી દૃષ્ટિ જાણે પારદર્શકમાંથી આરપાર પ્રભુને જુએ, સાથે સૂત્રાક્ષરોનું આલંબન એવું કે મોતીના દાણાની જેમ અક્ષર સ્પષ્ટ અને ભાવભર્યા બોલાતા જાય. એની સાથે અર્થ ભાવ ઉપર ચિત્તવૃત્તિ પ્રવાહબદ્ધ ચાલી આવે. ત્યાં કોઈ બીજી હિલચાલ નથી, મન મક્કમ રાખી બીજે ક્યાંય લઈ જવાનું નથી, ચાલુ ઉપયોગમાંથી સ્ખલના કે બીજે સરકવાનું નથી. એક ધારાએ પદ પદ પર મન ચાલ્યું આવે છે. સ્તવન બોલ્યા તો મન એકેક કડીના ભાવના ચિત્ર દેખે છે, પરસ્પર સંકલન કરે છે. સ્તવન પૂરું થતાં તો આખાય સ્તવનના ભાવ સાંકળબદ્ધ સામે દેખાય છે.

**માલિક કે મજૂર ? :-** આવું કરતાં આવડે તો ક્રિયા ધ્યાનમય બને; નહિતર મજૂરી થાય. સોનાની ખાણ ખોદનાર મજૂરને મજૂરીમાં શું મળે ? એવું ધ્યાન વિનાની કોરી ક્રિયાની મજૂરીમાં પામવાનું. તો ક્રિયાના માલિક બનવું છે કે મજૂર ? માલિક બનવું છે ને ચિત્ત ગમે ત્યાં હરતું-ફરતું રાખવું છે, ક્રિયામાં ક્રિયાના ભાવમાં સ્થિર રસ લેતું કરવું નથી, એ કેમ ચાલે ? ભાષણ છટાદાર ધારાબદ્ધ કરવું છે ને સાથે પાન ચાવવું છે, બને ? ક્રિયામાં ધ્યાન ભેળવતાં આવડતું નથી એટલે ક્રિયા નીરસ લાગે છે; ક્રિયાનો સમય આવતાં ઉદ્વેગ થાય છે, ક્રિયા કરીને ખેદ-થાક લાગે છે, કોઈ કહે 'ચાલો પડિક્કમણું કરવા' ત્યાં બોલાય છે 'હાસ્તો કર્યા વિના કાંઈ ચાલશે ?' શું આ ? હોંશ કે ઉદ્વેગ ? પૂરું કરીને થાય છે 'હાશ ! પત્યું' શું આ, ખેદ કે પ્રમોદ ? દસ હજારની કમાણી લેવા જવું હોય ત્યારે ? એ રોકડા ગણી લો ત્યારે ? બસ રસ, રસ ને રસ. ક્રિયામાં એ લાવવા



માટે ધ્યાન ભેળવવાની જરૂર છે. તે પહેલાં કહ્યું તેમ નજર સામે જાણે હૂબહૂ ભાવ ખડા કરીને.

**મન તલ્લીન કેવી રીતે ? :-** અર્થ ન આવડતો હોય તો ય સૂત્રના શબ્દે શબ્દને જાણે એક પાતળા દોરા પર સ્થાપી દીધા છે અને મન તે દોરા પર અક્ષરો જોતું જોતું સળંગ ચાલ્યું જાય છે એમ કરવાનું.

નિયમ છે, **મનને જેટલું ઝીણું આલંબન આપો એટલું વધારે એકાગ્ર થાય.** સ્થૂલ પર ડામાડોળ થવા સંભવ છે. આબૂ પર ગયા, મંદિરમાં ઝીણી કોરણી પર નજર ઠેરવી તો મન વધુ એકાગ્ર બને છે. પછી ગભારામાં ગયા, મોટું મોટું જોયું મન આમ તેમ જાય છે, પણ પ્રભુ પર નજર ઠેરવી, એમાં ય મુખ પર અને એમાંય ચક્ષુ પર અને કીકી પર ઠેરવી મન એકાગ્ર બનતું લાગે છે. એમ અહીં ક્રિયા કે સ્વાધ્યાયમાં ઝીણા તાર પર સૂત્રના શબ્દો જોતા જાઓ મન તલ્લીન થતું દેખાશે. અનુભવ પછી મઝા શી તે સમજાશે. ક્રિયા અને સ્વાધ્યાય ઉમળકાભેર પૂરા થશે. ફરીથી કરવાનો અવસર આવશે ત્યારે આનંદ થશે કે 'ચાલો આમ તો મન વિહ્વળ, ચંચળ રહે છે, તે હવે આ ક્રિયા અને સ્વાધ્યાય દ્વારા ધ્યાન બરાબર લાગવાથી સ્વસ્થ, પ્રફુલ્લિત અને સ્થિર થશે.' જિનાજ્ઞાપાલન, પાપધ્વંસ, પ્રમાદ-નિવારણ, સત્પુરુષાર્થ વગેરે બીજા લાભો તો ક્રિયા અને સ્વાધ્યાયના છે જ. એનાય આનંદ ઉપરાંત આ ધ્યાન મળવાનો આનંદ મળશે. શુભ અનુષ્ઠાનોમાં અને સ્વાધ્યાયમાં ધ્યાનયોગ સાધવાનો છે.

**ધ્યાનમાં વિકાસક્રમ :-**

માત્ર ખૂણે બેસીને એક અક્ષર ઉપર ધ્યાન લગાવવું એ કઠિન છે. શાસ્ત્ર ધ્યાનની જે પ્રક્રિયા બતાવે છે એમાં એક દ્રવ્યના એક પર્યાય ઉપર ધ્યાન તો ઠેઠ કેવળજ્ઞાન પામવાની નજીકમાં આવે છે. એ પૂર્વે એક યોગમાંથી બીજા યોગમાં, ને એક દ્રવ્ય-પર્યાયથી બીજા દ્રવ્ય-પર્યાય પર ધ્યાનનું સંક્રમણ હોય છે. એને શુકલ ધ્યાન કહે છે. એની પૂર્વે ધર્મધ્યાનનો જબરદસ્ત અભ્યાસ હોય છે. એમાં જિનાજ્ઞા, કર્મવિપાક, રાગાદિ અપાયો કે લોકસંસ્થાન પર સ્થિર મનથી શુદ્ધ ધ્યાન લગાવવાનું હોય છે. મનની આ સ્થિરતા ક્યારે આવે ? મનનાં બીજા ત્રીજા આકર્ષણ અને ચંચળતા ઓછી થઈ જાય ત્યારે. એ ઓછાં કરવા માટે આપમતિની પ્રવૃત્તિઓ મૂકી જ્ઞાનીઓએ ફરમાવેલી પવિત્ર રત્નત્રયીની દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની સાધનાઓમાં એમણે કહેલી રીતે, કહેલી વિધિથી, કહેલા સંવેગ-સંભ્રમના વિકાસ સાથે લયલીન બનવું જોઈએ. માટે જ શાસ્ત્રે કહ્યું કે **ઉચિત્ત અનુષ્ઠાન સેવ્યા પછી જ ધ્યાનની ભૂમિકા છે.** હજી એ અનુષ્ઠાનમાં ઠેકાણાં નથી, ઢંગધડો નથી, વારંવાર વિક્ષેપ છે,

ખેદ, ઉદ્વેગ, વિક્ષેપ, ઉત્થાન વગેરે દોષો પીડ્યા કરે છે, તેવા સંવેગ-સંભ્રમ નથી જાગતા, એ માટેનો ધરખમ પ્રયત્ન નથી, અરે ! ચિંતા કે વિચાર નથી, મનોરથ છે નહિ, અને સીધું ધ્યાન લઈને બેસી જવું છે, તો એ ધ્યાન માત્ર પોતાના મનને સંતોષ આપનારું નીવડવાનું કે જ્ઞાનીઓએ કહેલા સ્વરૂપનું ! એ વિચારજો.

**શુદ્ધ ધ્યાન શું માગે છે ? :-**

જ્ઞાનીઓ ઠેઠ છઠ્ઠા ગુણઠાણા સુધી ધર્મ ધ્યાનની ગૌણતા અને આર્તધ્યાનની મુખ્યતા કહે છે, ત્યારે વિચારવા જેવું છે કે મહાવ્રત ઉચ્ચરી લીધાં, સર્વ વિરતિભાવ છઠ્ઠું ગુણઠાણું આવી ગયું, અનંતાનુબંધી વગેરે ત્રણ ત્રણ કષાયની ચોકડી દબાવી દીધી, છતાં ધર્મધ્યાન મુખ્યપણે પ્રવર્તી શકતું નથી તો એ ધ્યાન હજી પણ કષાયોનો કેટલો બધો ઉપશમ અને અપ્રમત્તતા માગે છે ? હવે વિચારો કે જે એમ કહે છે કે "હું 'ૐ'કારનું ધ્યાન કલાકો સુધી કરું છું" અને બીજી બાજુ હજી એને લક્ષ્મીનો રાગ છે, અહંત્વ ભર્યું પડ્યું છે, દુનિયાના આરંભ-સમારંભો ચાલુ છે, એનું એ ધ્યાન કેવું ?

**પ્ર.**-પણ એના ધ્યાનથી ચમત્કાર દેખાય છે ને ?

**ઉ.**-ચમત્કારથી મૂંઝાઓ નહિ. જ્ઞાનીઓએ કહ્યા મુજબના આત્મ વિકાસ અને ગુણસ્થાન વિકાસ આગળ ચમત્કાર કોઈ ચીજ નથી. દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપમાં આગળ વધેલાને જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે એના ચમત્કાર ગજબનાક હોય છે, છતાં તે કાંઈ હાલતાં ને ચાલતાં જગતને દેખાડવાનું કરતા નથી. જગત જાણતું ય નથી, બાકી ખરી સિદ્ધિ તો આ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એટલી બધી સ્થિરતાની છે કે જ્યાં મનના બીજા ત્રીજા વિકલ્પો સાવ શમી ગયા હોય છે, અને એક ધારાએ એ તત્ત્વનાં ચિંતન-મનન-ભાવનામાં વિહરતા હોય છે. અહિંસાદિ મહાવ્રતો, અને સમિતિ-ગુપ્તિના નિરતિચાર પાલન તથા સ્વાધ્યાયરમણતા એ જ એમનું જીવન બની ગયું હોય છે. ધ્યાન અને યોગની જ એ જોરદાર સાધના છે.

આ સ્થિતિએ પહોંચવા માટે (૧) ઈન્દ્રિયદમન અને કષાયજય ખૂબ ખૂબ કેળવવાં જરૂરી છે, સાથે (૨) શાસ્ત્રે બતાવેલા ગૃહસ્થ અને સાધુને યોગ્ય આવશ્યક યોગોમાં કાયા-મુદ્રા વગેરેની તથા મનની પાકી સ્થિરતા કરવાનો અઠંગ અભ્યાસ કર્યે જવો પડે. (૩) હૈયાનાં સંભ્રમ એટલે કે અપૂર્વ અપૂર્વ હર્ષના સંવેદન અને સંવેગ અર્થાત્ મોક્ષપ્રીતિ-ધર્મપ્રીતિ-સંયમપ્રીતિ-દેવગુરુ શાસ્ત્ર બહુમાન ભક્તિ વગેરેને ઊછળતી ઊછળતી કરવી પડે. ખેદ, ઉદ્વેગ વગેરે ક્રિયાના દોષો ઘટાડતા આવવું પડે. આ કાંઈ કરવું નથી અને ખૂણે મન માન્યું ધ્યાન કે યોગ લઈ બેસી જવું છે તો કદાચ ભૂલા ન પડી જવાય એ જોજો. ધ્યાન જરૂર સાધવાનું, પણ પહેલું



આવશ્યક યોગોમાં સાધો, એ સાધવા માટે બીજા સમયમાં એની તૈયારી કરો, અભ્યાસ પાડો.

સુદત્ત મુનિવર ગુણધર રાજાને કહી રહ્યા છે કે ઈન્દ્રિયદમન, મન-વચન-કાયાની ગુપ્તિ, કષાયજય અને સ્વાધ્યાય ધ્યાનમાં રક્તતા, આ કરનારા મુનિના વ્રતજીવનમાં કોઈ વિરોધ નથી. એ તો મહામંગળરૂપ છે, ત્યાં તું અપશુકનની કલ્પના કરે એ કેટલું બધું મિથ્યાજ્ઞાન કહેવાય ! મોટા ઈન્દ્રો પણ આ વિરતિધરને પ્રણામ કરીને સભામાં બેસે છે.

શી કમીના છે એમને ? કંઈ નહિ, પણ મંગળ કરતા રહો, વિઘ્ન દૂર ભાગે, મુનિઓનું સ્નાનરહિતપણું અને લોચ એ તો તત્ત્વપૂર્ણ પવિત્ર વિશેષતાઓ છે.

એમની બેતાલીશ દોષ ટાળીને ભિક્ષાવૃત્તિ એ કોઈ પૌરુષઘ્ની ભિક્ષા નથી પણ સર્વ સંપત્કરી ભિક્ષા છે, નિરવદ્ય નિષ્પાપ ઉચ્ચ જીવનચર્યા છે. આમાં અપશુકન-અપમંગળપણાની બુદ્ધિ એ મિથ્યા કલ્પના છે. ભિક્ષા કેમ માગે છે; હાથે કેમ નથી બનાવી લેતા ? એટલા જ માટે કે સ્થૂલ કે સૂક્ષ્મ કોઈ પણ જીવની વિરાધના કરનારા આરંભ-સમારંભનો એમણે ત્યાગ કર્યો છે. અગ્નિને અડે નહિ, કાચા પાણીને અડે નહિ, કાચા ધાન્યને ય અડે નહિ, અડવા સરખોય આરંભ નહિ. બનાવવાની વાત ક્યાં રહી ? તો સંયમ જીવન જીવવું તો છે, શી રીતે જીવવું ? માધુકરી કરીને, લેશ માત્ર પણ કોઈ જીવની વિરાધનામાં સંમતિ ય ન લાગે એ રીતે; ૪૨ દોષ ટાળીને આવી ભિક્ષા ન મળે તો ? ન મળે તો શાસ્ત્રે કહેલા અપવાદ જાળવીને લેવાની છતાંય ન મળે તો જરાય ખેદ નહિ કરવાનો, તપોવૃદ્ધિ માનવાની.

આમ ભ્રમરની જેમ ઘર ઘર ફરીને લાવેલી ભિક્ષા પણ રાગ-દ્વેષ વિના, સંયમાદિના પાલન નિમિત્તે પરિમિત પ્રમાણમાં વાપરવાની. આવી ઉચ્ચ ભિક્ષાવૃત્તિ કરનાર તો મહામંગળરૂપ છે ત્યાં અપમંગળ કલ્પાય ? મુનિવર રાજાની મિથ્યા ભ્રમણાના સચોટ રદિયા આપે છે.

**ઉપસંહાર :-** ગુણધર રાજાએ સુદત્ત મુનિવર પર શિકારી કૂતરા છોડેલા એ પાપના પ્રાયશ્ચિત્તરૂપે પોતે આપઘાત કરવા ઈચ્છતો હતો ! તે ખરું પ્રાયશ્ચિત્ત નથી; ત્યારે ખરેખર પ્રાયશ્ચિત્ત શું હોય એ સમજાવવા માટે સુદત્ત મુનિવર પહેલાં તો આ પાપનું નિદાન એટલે કે મૂળ કારણ શું છે તે સમજાવવા કારણ તરીકે રાજાનું મિથ્યાત્વ સમજાવે છે. એમાં 'મુનિ સ્નાન નથી કરતા, માથે મૂંડેલા છે, ભિક્ષા પર જીવે છે, વ્રતનું ધતિંગ ધરનારા છે,' એવી રાજાની હલકી મિથ્યા કલ્પનાઓ સામે મુનિએ સમજાવ્યું કે અસ્નાન એ કેવું પવિત્ર વ્રત છે, કેશનો લોચ

કરવામાં કેવી અહિંસા અને વિભૂષા ત્યાગ છે, તથા મુનિવ્રત એટલે ઇન્દ્રિયદમન, મન-વચન-કાયગુપ્તિ, કષાયજય અને સ્વાધ્યાય-ધ્યાનમાં તત્પરતા છે, માટે આવું પવિત્ર મુનિપણું એ તો દેવોને માટે પણ મંગળભૂત હોય છે, ત્યાં અપશુકનની કલ્પના એ મિથ્યાત્વ છે.

**રાજા મુનિચરણે ઢળે છે :-**

રાજા ગુણધર આ સાંભળીને ક્યાં ઊભો રહે ? એણે પોતાના મનની કલ્પના મોંઢે કહી નહોતી, આપઘાતનો આંતરિક વિચાર પણ પ્રગટ કહ્યો નહોતો, અને મુનિવરે તો એ બધું બરાબર કહી બતાવ્યું, તેમજ કલ્પનાનું મિથ્યાત્વ બહુ સારી રીતે યુક્તિપુરસ્સર સ્પષ્ટ કરી બતાવ્યું. એટલે હવે રાજા અંધકારમાંથી બહાર નીકળતાં તરત બોલી ઊઠે છે, 'અહો ભગવાન્ ! કેટલો ઊંચો આપનો જ્ઞાનનો અતિશય !' એમ બોલતાક મુનિવરના ચરણે પોતાનું માથું ઢાળી દે છે, અને કહે છે.

'પ્રભુ ! જે આપે ફરમાવ્યું તે બરાબર છે ! કલ્પનાનું મિથ્યાત્વ શા કારણે છે તે મને બરાબર સમજાયું. આ હિસાબે તો મેં મહામંગળભૂત એવા આપને વિષે અપશુકનપણાની બુદ્ધિ ધરી એ ભયંકર કર્યું છે માટે નાથ ! મારો આ અપરાધ ક્ષમા કરો, માફ કરો.'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૦,અંક-૪,તા.૩૦-૯-૧૯૬૧

**સંત સમાગમનો ચમત્કાર :-**

અત્યંત ખેદ અને પશ્ચાત્તાપ સાથે રાજા ક્ષમા માગતો મુનિના ચરણે માથું ઢાળી પડ્યો છે. એક વખતનો અભિમાની રાજા અત્યારે નરમ ઘેંશ જેવો થઈને ગદ્ગદ દિલે ક્ષમા માગી રહ્યો છે. સંતસમાગમના અજબ ચમત્કાર છે. ભારત ભૂમિએ આજ સુધી સંતોને પ્રગટ કરીને તથા સન્માનીને કેઈ આશીર્વાદ વરસાવ્યા છે ! માનવનું જીવન સંતસમાગમ પામી ધન્ય બને છે, મહાન ભાગ્યોદયની પગથીએ ચડે છે, બીજી રીતે અસાધ્ય એવું પરિવર્તન પામે છે.

ભૂમિ પર પડી ક્ષમા યાચી રહેલા રાજાને મુનિવર કહે છે, 'ઊઠ ઊઠ, દેવાનુપ્રિય ! ઊઠ, ખોટી ભ્રમણામાં ન રહે, મુનિઓ તો ક્ષમા પ્રધાન જ હોય છે. તેથી મેં તો સર્વ જીવોને ક્ષમા આપેલી જ છે' તું જો, તીર્થંકર ભગવાને ક્ષમા કરવા માટે કેવી સુંદર ઉત્તરોત્તર ભાવના કરવાની ફરમાવી છે ! કોઈ અજ્ઞાન જીવે કાંઈ જ પ્રસંગ વિના પણ અર્થાત્ મુનિએ કશું બગાડ્યું નથી છતાં મુનિ પર આક્રોશ કર્યો તો મુનિએ એ ક્ષમા ભાવવાની હોય છે કે 'અહો ! આ બિચારો સારો છે



કે, એના મનમાં આમ ખોટી કલ્પના આવી છતાં, એ મને મારતો નથી,' અને કદાચ મુનિને મારતો હોય તોય મુનિએ ક્ષમા ચિંતવવાની છે કે 'અહો આ કેવો સારો છે કે અજ્ઞાન કલ્પનામાં તણાયો છતાં મને જાનથી મારી નાખતો નથી !' અરે ! કદાચ પ્રાણનાશ પણ કરતો હોય તો ય મુનિએ એ ક્ષમા ચિંતવવાની છે કે, 'અહો ! આ કેવો સારો માણસ છે કે, આમ ખોટી કલ્પનામાં તણાયો છતાં, મને મારા સંયમથી ભ્રષ્ટ કરતો નથી. બાકી આ શારીરિક ઉપદ્રવ તો મારા પોતાના પૂર્વોપાર્જિત કર્મનો જ વિપાક છે'

મુનિએ ક્ષમા ભાવનાની કેવી સરસ પરંપરા બતાવી ! છેવટે જઈને સામો સંયમ નાશ નથી કરતો એ વડાઈ બતાવી. કેમ ? **સંયમ એ સાચા પ્રાણ છે, એ સલામત છે તો રોષે શું ભરાવું ?** અને સંયમ ટકાવવું એ પોતાના હાથની વાત છે, આત્માની વસ્તુ છે. સંયમ સ્વીકારીને એ સમજી જ રાખ્યું છે કે કાયા તો બાહ્ય વસ્તુ છે, આત્મા એથી તદ્દન નિરાળો છે. ત્યાં કાયા ઊખડી ગયે, કપાઈ ગયે આત્માને શું ? આત્માને તો એના અહિંસા-સત્ય આદિ ભાવ સલામત છે, પછી ખેદ શો ?

**રાજાની જિજ્ઞાસા :-**

મુનિએ રાજાને બતાવી દીધું કે અમારા મનને તારા પ્રત્યે કોઈ રીસ કે વિરોધભાવ નથી. રાજાને આ સાંભળીને મુનિવર પ્રત્યે વળી અધિક બહુમાન વધી ગયું. મહાજ્ઞાની જાણીને વિચાર આવ્યો કે 'લાવને ત્યારે આવા જ્ઞાની મળ્યા છે તો મારા પિતા અને દાદીનું મરીને શું થયું એ પૂછી લઉ, જ્ઞાનીને કશું અજાણ્યું નથી. એટલે રાજા હાથ જોડીને વિનંતી કરે છે.

'ભગવાન ! આપ મહાજ્ઞાની છો, તો મારી એક નમ્ર વિનંતી છે કે મારા પિતા અને દાદી કાળ કરીને કઈ ગતિ પામ્યા યાવત્ હાલ કઈ સ્થિતિમાં છે તે કૃપા કરીને ફરમાવો.'

**રાજાને પિતા-દાદીના પૂર્વભવોનું કથન :-**

રાજાને જાણે કલ્પવૃક્ષ મળ્યું, એટલે માગવામાં શું કામ બાકી રાખે ? અને મુનિ જગતના જીવો પરની નીતરતા વાત્સલ્યવાળા એટલે પાત્ર મળ્યું તો વાત્સલ્યભાવને સફળ-સક્રિય કરવામાં શું કામ વિલંબ કરે ? એમણે ત્યાં લોટના કૂકડાને મારવા અને ધર્મલેશ્યા ગુમાવવા નિમિત્ત ચાલી પડેલ મોર વગેરેના ભવથી માંડીને ઠેઠ રાણી જયાવલીના પેટે જન્મ પામેલ અભયરૂચિ અને અભયમતિના ભવ સુધીનો અધિકાર સવિસ્તર કહી સંભળાવ્યો સાંભળીને વિચારજો હવે રાજાને શું શું થયું હશે !

**પોતાના જ હાથે અનેકવાર કરાયેલ પિતા તથા દાદીનો નાશ.**

લોટના કૂકડાના વધ ઉપર એમને સર્જાયેલા નરકસમા દુઃખ.

દાદી અને માતાના સ્ત્રી સુલભ દોષો, તથા

પિતા તથા દાદીનો હવે પોતાના પુત્ર-પુત્રીપણે જન્મ.

આ બધા ઉપર ગુણધરને કેવી કમકમી છૂટી હશે !

યશોધર મુનિ આ પોતાનું ચરિત્ર સમરાદિત્યના જીવ ધનકુમારને કહી રહ્યા છે. ગુણધર એમનો પહેલા ભવનો પુત્ર છે. એને સુદત્ત મુનિવર પાસે એ બધું સાંભળવા મળતાં દિલમાં ભારે આઘાત લાગ્યો, એમ થયું,

**ગુણધર રાજાની વૈરાગ્યભરી વિચારણા :-**

**'અહો, સંસારની કેવી જુગુપ્સનીય સ્થિતિ !**

**સ્ત્રીઓ કેવી ચંચળ સ્નેહ ભરેલી !**

**અહો મોહનું ભારેપણું !**

**અહો, અકાર્ય આચરણના દારૂણ વિપાક !** કે અહીં દેવતા નિમિત્તે કરેલ લોટના કૂકડાના વધનું પણ આ પરિણામ આવ્યું !'

ગુણધર રાજાની આંખ ઉઘડી ગઈ ! આભોજ બની ગયો ! 'જે પિતા અને દાદીને શ્રાદ્ધ ધરાવતો હતો એ મરીને તરત પોતાને ત્યાં મોર અને કૂતરા તરીકે આવે છે ! અને અત્યારે વળી પુત્ર-પુત્રી તરીકે જન્મ્યા છે !' કેવો ગલીચ આ સંસાર ! પિતા તિર્યંચ થાય ! તે માત્ર કૂકડાના વધ પર ! તે ય જીવતો નહિ, લોટનો ! ભવોભવ તિર્યંચના અવતાર અને ઘોર પીડા ! કેમ વારુ ? સંસારના કારણે. સંસાર એવું જ સુઝાડે. સંસાર એનું નામ જે સારું ન સૂઝવા દે, હલકું સુઝાડે ! આવા બેહુદા સંસારને હું વળગી પડ્યો છું !

**સ્ત્રીઓનો કેવો ચપળ સ્નેહ !**

મા કહે છે 'દીકરા ! મારી ખાતર આ કૂકડો માર અને ખા,' એને ક્યાં ભવિષ્ય જોવું છે ? પત્ની ઝેર દે છે ! બહુ સ્નેહના અંતે મહા દ્રોહ ! દીકરો સમજુ છતાં મા અને પત્નીના મોહમાં ઘસડાય છે !

મોહની કેવી કુટિલતા ! જીવ પર કેટલો બધો મોહનો મેરુભાર કે સારા જીવની પાસે અધમ કાર્ય કરાવે ! ઠેઠ ચારિત્રની તૈયારીવાળો જીવ મોહમાં પટકાય છે ! વિચાર નથી રહેતો કે અલ્યા પણ મરીશ તું !

માતા કૂકડાના વધનું અકાર્ય કરાવે છે તો કુતરો, સર્પ, સુંસુમાર, બકરી, પાડો, કૂકડી એવા અવતાર પામીને, તથા દીકરો જીવઘાતનું અકાર્ય કરીને મોર, મૃગ, મચ્છ, બકરો, કૂકડો એવા અવતાર પામીને ઘોર દુઃખો વેઠે છે ! અકાર્ય-



આચરણની કેટલી બધી ભયંકર સજાઓ !

**પાપ કરવા સહેલા છે પરંતુ એની કારમી સજાઓ** વેઠવાની આવે ત્યારે ? નસ પર એક ગુમડું પાકતું હોય તો એક દિવસ-રાત પણ કેમેય પૂરા થતા નથી ! ભારે મુશ્કેલી લાગે છે ! ત્યારે ભવો-ભવ કપાવા છુંદાવા-શેકાવાની પીડાઓ કેમ સહી જાય ? અકાર્ય કરવાનું આવે ત્યારે 'શું કહીએ ? સંસારમાં રહ્યો એટલે કરવું પડે' એમ થાય છે; પરંતુ પરિણામ ક્યાં વિચારવું છે ? પરલોક જાણે નજર સામે જ નથી ! નહિતર શું મનને એમ ન થાય કે 'અહીંના જરાક શા મોહમાં-જરાક શા લાભમાં શું હું મારા પરલોકને ભયંકર કરું ? મારી જ મિટ્ટી બગાડું ? ના, ના,...'

ગુણધર કકળી ઊઠ્યો, 'હેં ? જો પિતાને અને દાદીને એક જીવ વધની આ સજાઓ તો મેં તો મારા જીવનમાં કેટલાય જીવોને ભયંકર રીતે રેંસી નાખ્યા છે, તો મારું શું થશે ? કેવી ભયાનક દુઃખોની ફોજ મારા પર ઊતરી પડશે ? અજ્ઞાનરૂપી મળથી પૂરા ખરડાયેલા એવા મેં તો સેંકડો જીવો ઘણીય વાર નિરર્થક મારી નાખ્યા છે, તો મારે તો બાણની જેમ સીધી સરળ ગતિએ નરકમાં જવું પડશે. બચવાનો અહીં કોઈ ઉપાય નથી, અથવા પૂજ્યશ્રીને લાવ પૂછું.

રાજાએ હિસાબ કાઢ્યો કે એક લોટના કૂકડાના વધમાં આટઆટલા દુઃખો, તો બહુ વાર સેંકડો જીવતા જીવોનો સંહાર કરવામાં તો કેટલાંય દુઃખો ? નરકના જ દુઃખ નક્કી હોય, બચવાનો ઉપાય જ ન હોય, છતાં જ્ઞાની ગુરુ મળ્યા છે એટલે પૂછવાનું મન કરે છે; કેમ કે જીવને દુઃખથી બચવાની તમન્ના ભારે રહે છે.

**પાપમાત્રથી ઉદ્ધારનો ઉપાય :-**

પરંતુ એ વાણીથી પૂછે એ પહેલાં જ વિશિષ્ટજ્ઞાની મુનિવરે એના મનનો ભાવ જાણી લીધો અને તરત જ એને કહે છે,

'રાજન્ ! નરકમાં લઈ જાય એવા એ ઘોર જીવહિંસાના પાપથી અને એના પરિણામ સ્વરૂપ દુઃખોથી બચવાનો ઉપાય નથી એમ ન સમજતા, ઉપાય છે; અને તે ઉપાય મન-વચન-કાયા ત્રિકરણની વિશુદ્ધિએ જિનવચનનો સ્વીકાર કરવા રૂપ છે.

**આ ત્રિકરણશુદ્ધ જિનવચન-સ્વીકારમાં શું આવે ? આજ, કે**

(૧) પૂર્વે કરેલાં દુષ્કૃત્યો પર અત્યન્ત સંતાપ, પશ્ચાત્તાપ, હાર્દિક બળતરા;

(૨) જિનવચનરૂપી પાણીથી ચિત્તરત્નનું શોધન;

(૩) સર્વ આરંભ-સમારંભના ત્યાગપૂર્વક ચારિત્રમાર્ગનો સ્વીકાર; અને

(૪) ચાર ભાવના, જીવમાત્ર ઉપર મૈત્રી (મિત્રભાવ), અધિક ગુણવાળા ઉપર પ્રમોદ (હર્ષ), દુઃખિત જીવો પર કરૂણા, અને અવિનીત-ઉદ્ધત જીવો પ્રત્યે

મધ્યસ્થભાવની ભાવના.

**ઉપાયની વિધિ અને ફળ :-**

આ રીતે ચારિત્ર અને ભાવનાનો સ્વીકાર જીવો કરે ત્યારથી માંડીને અતિશય અપ્રમાદ, અતિ વધતા સંવેગ અને અતિચાર-દોષરહિત ચારિત્ર-પાલનના કારણે એ પૂર્વના દુષ્કૃત-પાપકર્મને ખપાવવા માંડે છે અને હવે નવા કર્મબંધનું નિમિત્ત ન હોવાથી એ નવાં બાંધતો નથી.

ત્યારબાદ હે દેવાનુપ્રિય ! એ જીવો બહુ ઊંચા પ્રશમ સુખને પામે છે, અને એ સુખની પરંપરાએ જ કર્મજાળને તોડી નાખી પરમપદ મોક્ષને પામે છે, જ્યાં જન્મ-જરા-મૃત્યુ, રોગ-શોક વગેરે કોઈ જ વિટંબણા નથી.''

**જિનાજ્ઞા જ કેમ સાચો રાહ ? :-**

રાજાને લાગતું હતું કે પોતાના ઘોર પાપથી છૂટવાનો ઉપાય જ નથી, એને દયાના સાગર મુનિવરે બતાવી દીધું કે ઉપાય છે તે એ કે ત્રિકરણશુદ્ધે જિનાજ્ઞાનો સ્વીકાર કરો, જિનાજ્ઞા હોય તે જ પાપનાશનો ઉપાય, તે જ ધર્મ, તે જ યોગ, એ જ સુકૃત, સર્વજ્ઞના માર્ગદર્શન વિના અંધ એવા આપણે શું સમજી શકીએ ? એ જિનાજ્ઞા અચૂક ઘોરમાં ઘોર પાપનો નાશ કરી નાખશે. ત્રિકાલદર્શી-સર્વજ્ઞના શાસનની આ વાત છે, ભવભીરુ અને પવિત્ર નિષ્પાપ આચાર્યોએ એને આપણા સુધી પહોંચાડી છે, માટે એમાં મીનમેખ ફેરફાર નથી. માત્ર મન-વચન-કાયાની શુદ્ધિએ સ્વીકાર જોઈએ.

**ધર્મ સેવવા છતાં ઉદ્ધાર કેમ નહિ :-**

વીતરાગ-સર્વજ્ઞ પ્રભુએ કહેલા માર્ગને એક બાજુ સેવીએ તો ખરા, પણ બીજી બાજુ મન મેલાં, વચન વિષભર્યા અને પ્રવૃત્તિ અપવિત્ર રાખીએ, તો પાપથી છુટકારા નહિ થાય, આત્મા ઊંચો નહિ આવે. 'આટલો આટલો ધર્મ વર્ષોથી અમે કરતા આવીએ છીએ છતાં કેમ અમારો ઉદ્ધાર દેખાતો નથી ? કેમ આત્મા ફોરો થયો લાગતો નથી ? એવી ફરિયાદ કરો છો, તો ત્યાં આ જુઓ કે ધર્મ કરવાની સાથે વાણી-વિચાર-વર્તાવ તદ્દન પવિત્ર છે ને ? બેવડું કાર્ય કરવાનું લક્ષ રહેવું જોઈએ;'

૧. જિનવચન સારી રીતે આરાધવાના, અને

૨. ત્રિકરણશુદ્ધિ મન-વચન-કાયાની પવિત્રતા બરાબર જાળવવાની.

આ બંને કાર્ય શી રીતે સધાય ? એ બતાવવા મુનિવરે ચાર વસ્તુ ફરમાવી, ૧. પાપનો પશ્ચાત્તાપ, ૨. જિનવચનથી ચિત્તરત્નનું સંશોધન, ૩. ચારિત્ર સ્વીકાર અને ૪. મૈત્રી આદિ ભાવના. અર્થાત્



## ૧. પાપનો પશ્ચાત્તાપ

**સાચો પાપ પશ્ચાત્તાપ ક્યારે ? :-**

પહેલું, રાગ-દ્વેષ-અજ્ઞાનતાના કારણે જે કોઈ આજ સુધી મન-વચન-કાયાથી પાપ કર્યાં હોય તેની પ્રબળ સંતાપની અંતરમાં લાય સળગવી જોઈએ, એ ત્યારે સળગે કે એ પાપો ઉપર ગમે તેવા ધન-માલ-માનપાનાદિ ઐહિક સુખના લાભ થયા હોય, પણ એ તુચ્છ લાગે, ગોઝારાં સુખ લાગે, કસાઈના લોહીના લાડુ જેવા લાગે કેમ કે એ બધા એમ ને એમ નથી મળ્યા, એમ જ નથી ભોગવાયા, પરંતુ એણે કંઈ નાના-મોટા જીવને રેંસી નાખી એનાં સુખ લૂંટ્યાં છે, એ અને અનેકાનેક જૂઠ-અન્યાય-રાગ-દ્વેષ વગેરેનાં પાપ કરાવ્યાં છે એટલે આ લાભ પર અને એના કારણભૂત પાપો પર હડહડતો દ્વેષ જાગવો જોઈએ. આત્મા કકળી ઊઠવો જોઈએ. ભયંકર વેદનાની જેમ રગરગમાં એનો સંતાપ સળગવા માંડે.

ઝાંઝરિયા મુનિના ઘાતક રાજાએ એ પાપ પર થથરી ઊઠી ઘોર પશ્ચાત્તાપ કર્યો એના પર તો એ ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયો !

મૃગાવતીએ પ્રમાદ-પાપના તીવ્ર સંતાપ પર કેવળજ્ઞાન લીધું.

પશ્ચાત્તાપ અંતરથી કરતાં આવડવો જોઈએ. ઉપરચોટિયો નહિ. પશ્ચાત્તાપની માત્રા વધતી વધતી ઝીણામાં ઝીણા પાપ પર પહોંચી જાય, પરનો વિકલ્પ માત્ર પણ ખૂંચે, ત્યાં બીજા લીલવિલાસ પ્રત્યે ઘૃણાનું તો પૂછવું જ શું ? ત્યારે પાપ કૃત્યો પર ઊભી થયેલી સંપત્તિ-સાહ્યબી ઉપર ભારે અરુચિ થાય એમાં નવાઈ નથી. કેમ કે એ પાપોથી, લૂણથી દૂધપાકની જેમ પોતાનો આત્મા ખરાબ ગ્રસ્ત થયેલો નજર સામે તરવરતો હોય છે.

પરલોકમાં ઠેઠ જવાવાળો આત્મા જ છે, એટલે એની ખરાબી એને ખૂબ ખૂંચે. આત્માની મહા વિશુદ્ધિ કરવા યોગ્ય ઊંચા ભવમાં મહા ખરાબી થઈ દેખાય એ તો પારાવાર અફસોસી કરાવે. એવી ખરાબી કરનાર પાપો-દુષ્કૃત્યો પ્રત્યે સંતાપનો પાર ન હોય. દુષ્કૃતનો સંતાપ એ દાવાનળ છે. એમાં પાપ અને કુવાસનાઓ બળીને ખાખ થઈ જાય છે.

## ૨, ચિત્તરત્નનું શોધન

પાપનો તીવ્ર પશ્ચાત્તાપ એ પહેલું પગથિયું છે કેમ કે એવો સંતાપ થાય ત્યારે એના પ્રતિપક્ષ ધર્મસુકૃત માટે જ ખરેખરી ચાહના અને ભૂખ ઊભી થાય છે. એ સુકૃત ચોક્કસપણે ફરમાવનારાં જિનવચન ગળ્યાં મધ જેવાં લાગે છે, જે મનમાં વસીને અનાદિ મેલાં મનનું સંશોધન કરે છે માટે.

બીજું પગથિયું :- જિન વચનરૂપી જળથી મનને ઉજ્જવળ કરતા આવવાનું એ. ચિત્ત એક અદ્વિતીય રત્ન છે, કેમ કે એનાથી મોક્ષ સુધીનાં સુખ ખરીદી શકાય છે. પરંતુ તે રત્ન આજ સુધીની મિથ્યાવૃત્તિ અને કાર્યવાહીથી મેલું દાટ થઈ ગયું છે. એને જિનવચનથી સાફ કરવું જોઈએ. જિનવચન પર અટલ શ્રદ્ધા અને અથાગ પ્રીતિ ઊભી થાય તો એ મનના મિથ્યાત્વ-મેલને ધોઈ નાખે છે.

(૧) આજ સુધી હુંપદ હતું, આપમતિ હતી, પોતાનું અજ્ઞાનતાભર્યું માનેલું બરાબર લાગતું હતું., પણ હવે સર્વજ્ઞ પ્રભુ જ આપ્ત પુરુષ લાગ્યા, એમનું જ કહેલું યથાર્થ લાગ્યું, એટલે મનનો એ આપમતિ-અજ્ઞાનનો કચરો દૂર થઈ જાય છે. પછી આગળ,

(૨) જિનવચનનું વધુ ને વધુ જ્ઞાન મેળવતાં હેય-ઉપાદેય તત્ત્વોની અધિકાધિક જાણકારી મળે છે, તેથી મનના ઊંધા ખ્યાલ અને ઊંધા આકર્ષણ સાફ થાય છે. દા.ત. આર્ત-રૌદ્રધ્યાનની સમજ પડી, એનાં નાનાં મોટાં સ્વરૂપ ઓળખ્યાં, એ ત્યાજ્ય છે એમ જાણવા મળ્યું, એટલે મનના એવા દુર્ધ્યાનના મેલ હવે ધોવા તત્પરતા રહે છે. એટલે પાપના પશ્ચાત્તાપ પછી બીજા પગથિયે જિનવચનથી મનને નિર્મળ કરવાનું કહ્યું.

(૩) જિનવચનથી મનનું સંશોધન કરવામાં જેવી રીતે મિથ્યા-તત્ત્વરુચિ, મૂઢતા, અહંકાર વગેરે મનના મેલ કાઢવાના તેવી રીતે માનસિક ધોરણ, વલણ, મનોરથ, લાગણી, અભિપ્રાય, વિચારસરણી વગેરે મોહના અનુસારે ચાલતા હતા, લોક-પ્રવાહની ચાલે ચાલતા હતા, શારીરિકાદિ સગવડની દૃષ્ટિએ ઊઠતા હતા, એ પણ મનનો મેલ હતો, તેનું પણ જિનવચનથી સંશોધન કરવાનું; એટલે કે મનને હવે જિનવચનની વાસનાથી ભાવિત કરવાનું. હવે મનનાં ધોરણ ચાલે તે જિનવચનના અનુસારે, એમ વલણ-અભિપ્રાય રહે તે જિનવચનના અનુસારે, એમ મનોરથ ઊછળે તે ય જિનવચનના અનુસારે, એમ મનમાં વિચારસરણી ચાલે તે પણ જિનવચનના અનુસારે; એવી રીતે મનની ગણતરીઓય જિનોક્ત તત્ત્વની



સરણી પર મંડાય.

દા.ત. જેમ દારુડિયાના મનનું ધોરણ એ કે દારૂ પહેલો; અને પરોપકાર-વ્યસનીને મન પરોપકાર પહેલો, એવી રીતે જિનવચનવાસિતને મન આત્મચિંતા પહેલી; એમ વૈભવવિલાસ પ્રત્યે એનું વલણ ઉમળકાનું નહિ, પણ આંતરિક ઉદ્વેગનું રહે. એવી રીતે આરંભ-વિષય-પરિગ્રહમાં એને આંતરિક અભિપ્રાય આદરવાનો નહિ પણ છોડવાનો રહે. ત્યારે મોટા ચક્રવર્તીના ઠાઠ મળ્યા હોય છતાં એનો પક્ષપાત એના પર નહિ, કિન્તુ પરમાત્મા, સદ્ગુરુ અને જિનોક્ત ધર્મતત્ત્વ પ્રત્યે રહે. ગરીબી હોય છતાં જિનવચનથી પરિણત હોય તો મનોરથ ઊંચી સંપત્તિ-સમૃદ્ધિ મેળવવાના નહિ, કિન્તુ, ઊંચું આત્મહિત સાધવાના રહે. સંસાર છે, આપત્તિ આવે, કષ્ટ આવે, પણ વિચારસરણી નવાં પાપથી બચી કેમ સમાધિ રહે અને જૂનાં કર્મનો નિકાલ થાય તથા દુર્ધ્યાન અટકે એ માર્ગે હોય. મનની ગણતરી જિનવચનના આધારે ચાલતી હોય તો નજર સામે લાખ રૂપિયાનો હીરો આવે કે ઝટ એમ ન વિચારે કે 'આ બહુ કિંમતી અને સારું સુખ આપે.' કિન્તુ એવો હિસાબ માંડે કે 'આ તો બહુરાગ કરાવે, મૂર્ચ્છા કરાવે, માટે આત્માને વધારે ખતરનાક નીવડે, માટે સાવધાન રહો.'

આ ગણતરી પર પછી મનનું વલણ એના તરફ ફફડાટનું રહે અને સાવધાની રહે.

**ભરતચક્રી કેવળજ્ઞાન શી રીતે પામ્યા ? :-**

મન જિનવચનથી ભાવિત અને આવી આવી સ્થિતિવાળું હોય તો એ તો સંસારમાંથી ઘણે ઊંચે આવી ગયો. હવે અવસર મળતાં એને કાયા માયામાંથી ફલંગ મારી બહાર નીકળતાં વાર નહિ. ભરત ચક્રવર્તી અરીસાભવનમાં વીતરાગ-કેવણજ્ઞાની શી રીતે બન્યા હશે ? શું રત્નોને ચાટી ચાટીને ? શું મનનાં ધોરણ-વલણ વગેરે અનાદિનાં મેલાં હતાં તેવાં રાખીને ? ના, જિનવચનરૂપી પાણીથી મનને નિર્મળ કરતા ચાલ્યા હતા. મનની અનાદિની ચાલ, લોકપણાની ચાલ, જડના પક્ષપાતની ચાલ, એવી બધી ચાલ પડતી મુકાય અને જિનવચનની ચાલ સ્વીકારાય, પછી તો પહેલાં કહ્યું તેમ ધોરણ, વલણ, વિચારસરણી વગેરેનો ઝોક એને અનુસરતો થઈ જાય, એવું વર્ષો ચાલે ત્યારે આત્મા ઘડાય છે, બળવાન બને છે. એવા કોક અચિંત્ય બળ ઉપર અરીસાભવનમાં મોકો મળતાં એના પર મહાચારિત્ર-પરિણામ અને ઠેઠ વીતરાગતા સુધી પહોંચી ગયા !

**મન પરિવર્તનનો ઉપાય :-**

મનનું આ પરિવર્તન કરવું પડે. જિનવચનના બળ પર એ થઈ શકે. પહેલાં

મનની લાગણીઓ કષાયવાસિત રહેતી હતી, હવે મૈત્રી, ક્ષમા, સહિષ્ણુતા વગેરેથી તરબોળ રાખવા તરફ લક્ષ જોઈએ. પહેલાં વિચારસરણી પુદ્ગલના સારા-નરસા પર ચાલતી હતી, હવે પુદ્ગલની તુચ્છતા અને આત્માના સારા-નરસા પર ચલાવવા ગડમથલ જોઈએ. જિનવચન એ માટે બહુ સહાયે આવે છે. વારે વારે 'કાયા મારી દૂબળી' થતું હોય તેના બદલે એમ થાય કે 'કાયાની સ્વતંત્ર શી કિંમત છે ? આત્મા ઊભો છે તો જ એના તાનામાના છે; માટે ખરી કિંમત તો આત્માની છે. કાયા દૂબળી શું જુએ છે ? કર્મ કેટલાં દૂબળાં એ જો. પૂર્વે દયા નથી પાળી, છતી શક્તિએ દાન નથી કર્યું, માટે કાયા દૂબળી-રોગિષ્ઠ બને છે. તો હવે દવા ઓસડ તો ઠીક, પણ દયા-દાન અને અર્હદ્ભક્તિ તરફ મુખ્ય ચોંટ રાખું. વળી સાજો થાઉં, સશક્ત થાઉં એટલે વિશેષ તો આત્માને સુકૃત, સદાચાર, વગેરેથી પુષ્ટ કરવાનું કરું.'

એમ મનોરથ પૂર્વે ધન વધવા અંગે અને ધન વધ્યું તો ઘર-કુટુંબ-સગવડો વગેરે સધ્ધર કરવા અંગે રહેતા, હવે ધર્મધન વધારવા તથા આત્મહિતકર અંગો પોષવા તરફ મન દોડ્યા કરે. 'પૈસા વધ્યા છે તો હવે કેમ પરોપકારનાં કાર્ય બહુ સંભાળું,' એમ થાય,

મનના ભાવ આડે રસ્તે તો બહુ ચલાવ્યા, હવે સાચા માર્ગે વાળો, ચલાવો. એ વિના ઉદ્ધાર નથી, કલ્યાણ નથી, દુઃખનો અંત નથી. મેઘકુમાર મુનિ ઊંચાનીચા થઈ ગયા હતા, પ્રભુ મહાવીરદેવે એમને શું સમજાવ્યું ? આવું જ કાંક, 'કાં ચાલ્યો કાયરતાના પંથે ? નરક-તિર્યંચના અવતારે શું ઓછું સહ્યું છે ? ભયંકર ! એની આગળ અહીં મુનિની રજની તકલીફ શી વિસાતમાં છે ? પેલાની અપેક્ષાએ મામૂલી નહિવત્ કષ્ટ છતાં આનંદથી સારું માની વધાવી લે તો કામ નીકળી જશે. તેંજ પૂર્વે હાથીના ભવે સસલાની દયા ખાતર સહ્યું તો આટલો બધો ઊંચે આવી ગયો. સસલું એટલે સાધુ નહિ, સમકિતી શ્રાવક નહિ છતાં એની ખાતર માત્ર રજ સહવાની નહિ પણ અઢી દિન પગ ઊંચો રાખ્યો, એમાં ભૂખ્યા-તરસ્યા મોતનું કષ્ટ આવ્યું છતાં વધાવ્યું. તો ગાંડા રે ગાંડા ! અહીં મહામુનિઓ ખાતર રજ સહવામાં આનાકાની ? ત્યાં તો તું અજ્ઞાન હાથી હતો, અહીં સજ્ઞાન મુનિ છે ! અને કુટિલ નિસ્સાર કાયાનો ગુલામ બને ?

જિનવચને એના મનને પ્રભાવિત કરી દીધું, મન ફેરવી નાખ્યું. કાયાની સુખ-શીલતાની ગણતરી પડતી મૂકી, આત્માની નિર્મળતા કરવા પર મન વળ્યું. પ્રભુની વાત સાચી હતી, રાજા શ્રેણિકના ઘેર શી રીતે ઊતરી આવ્યો હતો ? આ ઘોર સંસારમાં સારા ઘર રેઢા નથી પડ્યા કે ઝટ એમાં ઘૂસી જવાય. સારું કરી



બતાવો, સારું સહી બતાવો, સારું વિચારી બતાવો, તો કર્મ લઈ જશે, સારા ઘેર.

**હવે મેઘકુમારને એમ થાય છે કે અહો** સંયમી મુનિની રજ ક્યાંથી મળે ! સેવા ક્યાં મળે ! એમની ખાતર સહી લેવાનું શે પ્રાપ્ત થાય !' પ્રભુને કહે છે, 'દઈ દ્યો ભગવાન ! અભિગ્રહ દઈ દ્યો' આજથી માંડીને જીવનભર આંખ સિવાય મુનિનું સહવામાં આ શરીર વોસિરે વોસિરે, જીવદયા પાળવી છે માટે આંખની રક્ષા કરું, બાકી શરીર પર મુનિ તરફથી ગમે તે અગવડ લાગે છતાં પરવા ન કરું.'

જિનવચનથી મનનું સંશોધન કરાય તો કઠોર પાપ પણ રવાના થાય. પાપકૃત્યોના તીવ્ર પશ્ચાત્તાપ એ પહેલું - મનનું સંશોધન એ બીજું પગથિયું.

## ૩. આરંભત્યાગ અને ચારિત્ર

**ત્રીજું પગથિયું ચારિત્ર :-**

ત્રીજું સંસારના આરંભ-સમારંભો છોડી ચારિત્રનો સ્વીકાર કરવાનો કહ્યો. સમસ્ત પાપ વૃત્તિઓને ત્રિવિધ ત્રિવિધે ત્યાગ, પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ ઝીણામાં ઝીણીય વિરાધના નહિ, એમ સૂક્ષ્મ પણ જૂઠ-ચોરી-મૈથુન પરિગ્રહ નહિ, અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહનાં મહાવ્રત એ ચારિત્ર; એનો સ્વીકાર કરે એટલે આ એક જન્મના શું કેઈ જન્મોનાં પાપ સાફ થવા માંડે. પાપ તોડવાનો આ જબરદસ્ત ઉપાય છે. જો એ ન સાધ્યો અને નરકાદિ ગતિઓમાં જઈને કઠોર ત્રાસ વેઠીને પાપ ઓછાં પણ કર્યાં, તો પણ પૂર્વનાં હિંસા આદિ દુષ્કૃત્યોનાં બીજ ઊભાં જ છે, તેથી નવનવાં પાપ કાર્યો થતાં રહે છે ! તો સરવાળે શું પામ્યા ? જ્યારે, ચારિત્ર સ્વીકારવાથી એ બીજ પણ નાશ પામી જાય છે, માટે એ ખરેખરો ઉપાય છે.

## ૪. મૈત્રી આદિ ભાવના

ચોથું પગથિયું મૈત્રી આદિ ચાર ભાવના સાથે નિરતિચાર વ્રતપાલન છે. વ્રત સ્વીકાર્યા પછી એનું દોષ રહિતપણે પાલન કરવું જરૂરી છે. જેમ જેમ એ થતું જાય તેમ તેમ પાપોના, અશુભ કર્મો અને અશુભ સંસ્કારોના વિધ્વંસ થતા આવે છે. વ્રતપાલનથી આત્મા એવો ઢીલો બને છે કે ચોંટેલાં પાપ ખરી પડે છે.

આ ચારિત્ર સાથે દિલમાં મૈત્રી આદિ ભાવના રમતી હોય એટલે સોનામાં સુગંધ ભળી; શુભાનુબંધ વધે છે, અને સાનુબંધ ક્ષયોપશમ અર્થાત્ સુકૃત કરવાની શક્તિ અને સતત ક્ષયોપશમની પરંપરાનો પાવર વધી જાય છે. ભાવના ભવનાશિની. ભવ એટલે કે સંસાર, એ અ-મૈત્રી ભાવ, અ-કરુણા ભાવ, ઈર્ષ્યાભાવ અને પરચિંતા પર સર્જાય છે અને નભે છે, મૈત્રી આદિ ભાવનાઓ એનો નાશ કરે છે.

**વિશ્વ હિતની ભાવના** સમસ્ત જીવો પ્રત્યે સ્નેહભાવ અને એમનું ભલું થાઓ, કલ્યાણ થાઓ ઈત્યાદિ ભાવના તો અમૃત છે, એનાથી સંસારવર્ધક વૈર-વિરોધનાં ઝેર શમી જાય છે, સામાનું બૂરું થવાની કનિષ્ટ અધમ વૃત્તિનું ઝેર ઊતરી જાય છે.

**કરુણા ભાવના :-**

'બિચારા દુઃખીને કેટલો ત્રાસ ! દુઃખીનાં દુઃખ હું દૂર કરું, પાપીનાં પાપ મુકાવું' આ ભાવના હૃદયને બહુ વિશાળ કરી દે છે, જીવને કલ્યાણનો ભારે પક્ષપાતી બનાવી દે છે. સ્વાર્થના જ વિચારે પોતાની જડ સામગ્રી યાવત્ કાયા પર જે આકર્ષણ-મમતા રહેતા હતા, તે આ કરુણા ભાવના, પરોપકાર ભાવનાથી મોળાં પડી જાય છે. મનને એમ થાય છે કે મારી સામગ્રીને ઉત્તમ પરોપકારમાં લેખે લગાડું ! નહિતર એ નાશ તો પામવાની જ છે.'

**બીજાના ગુણ પ્રત્યે પ્રમોદ ભાવના** એ મહાખંધી ઈર્ષ્યા નાગણને નાબૂદ કરે છે. ઈર્ષ્યા કરવા જતાં સામાના ગુણ પર આંખ મિંચામણા થવાથી પોતાને ગુણનું આકર્ષણ નથી જામતું; તો તે વિના ગુણની અસ્થિ-મજ્જા પ્રાપ્તિ ક્યાં રેઢી પડી છે ! દોષ જોતા ફરવાથી દોષનો પરિચય વધે છે. ગુણ જોતા ફરવાથી ગુણનો પરિચય વધે છે. આ સીધો હિસાબ છે. ગુણ જોઈતા હોય તો બીજાના ગુણ જોતા ફરો, ગુણની અનુમોદના કર્યા કરો. આ પણ એક મહાન સાધના છે.

**ચોથી ભાવના** ઉદ્ધત પ્રત્યે મધ્યસ્થભાવની કરવાની છે, અર્થાત્ ઉપેક્ષાની કરવાની છે; કેમ કે ઉપેક્ષા ન કરતાં એની ફોગટ ચિંતા કરવાથી એનું કાંઈ સુધારી તો શકતા નથી, અને આપણે આર્તધ્યાન-દુર્ધ્યાનમાં પડી આપણું બગાડીએ છીએ. ખોટી પરચિંતા કરીને નથી ને કદાચ એને શિખામણ આપવા જઈએ તો એ ઉદ્ધત એટલે કે અસાધ્ય મનોરોગવાળો હોવાથી ઊલટો વીફરે છે, જાતનું વધુ નુકસાન કરે છે. વળી એવી પરચિંતાની લત આપણી જાતના દોષ-ત્રુટિઓ પ્રત્યે બિનસાવધાન કરે છે, એના પર લક્ષ જ જતું નથી, અને સામાના ઉપર દ્વેષભાવ ઊભો કરે છે. તો આમાં શું સારું કમાયા ? માટે ઉદ્ધત-અવિનીતની ઉપેક્ષા એ જ તરવાનો ઉપાય છે.

ચારિત્ર સ્વીકાર્યા પછી પણ ખોટી પરચિંતા, પર પ્રત્યે, દ્વેષ, દુઃખીની ઉપેક્ષા અને ઈર્ષ્યાને જાગવાનો સંભવ છે, માટે મંત્રી આદિ ભાવનાઓ હૈયે ખૂબ ખૂબ રમતી રાખવાની છે. આહા ! જો આ ધ્યાનમાં લેવાય છે, તો ચારિત્રશીલ મુનિઓ જગતમાં અદ્ભુત આધ્યાત્મિક સુવાસ ફેલાવી દે છે.

પાપનો તીવ્ર પશ્ચાત્તાપ છે, જિનવચનથી મન પાકું રંગાઈ ગયું છે,



ચારિત્રજીવન સ્વીકારી લીધું છે, એમાં મૈત્રી આદિ ભાવનાઓની ભરતી ચઢી રહી છે, અને તપ-સ્વાધ્યાયના ભગીરથ પુરુષાર્થ વિકસ્યા છે, પછી સત્તામાં રહેલા પાપ કર્મને નાશ પામ્યે છૂટકો છે અને નવાં પાપ કર્મની આવક બંધ થઈ જાય છે. મુનિવર કહે છે 'હે દેવાનુપ્રિય ! ત્યારબાદ એટલા બધા ઊંચા ચિત્તપ્રશમના સુખમાં એ ઝૂલે છે કે એના પરિણામે ઉત્તરોત્તર કુશળ પરંપરા વધતી જાય છે, અને ક્રમે કરીને સમસ્ત કર્મજાળને ભેદી નાખી જન્મ-જરા-મૃત્યુ-રોગ-શોક વગેરે વિટંબણાઓથી સદાને માટે મુક્ત એવા પરમપદને પામે છે. એટલે હવે શંકા કે ભય રાખવાને કોઈ કારણ નથી કે મારા આ જીવનમાં ઘોર પાપ શે છૂટે ? કેમ કે એ અને ભૂતકાળના જીવનમાં પાપો પણ છોડવા માટે આ તીવ્ર પાપ પશ્ચાત્તાપ વગેરે સચોટ ઉપાય છે.

**રાજાનો તુલનાત્મક પ્રશ્ન :-**

રાજા ગુણધર સુદત્ત મુનિવરને પૂછે છે, 'ભગવન્ ! જો મારા પિતા અને દાદીને આટલા માત્ર દુષ્કૃતનો આવો વિપાક ભોગવવો પડ્યો તો પછી મહા દુષ્કૃતકારી એવા મારે નરકગતિમાં એના વિપાક ભોગવ્યા વિના જ સદ્ગતિ કેવી રીતે થઈ શકે ? એમણે તિર્યંચના ભવોમાં તીવ્ર દુઃખો દેખ્યાં, પછી મનુષ્ય ભવરૂપી સદ્ગતિ મળી, તો મારે તો ભયંકર પાપોને લીધે નરકગતિનાં મહાભયંકર દુઃખ દેખવાં પડે પછી જ સદ્ગતિ થાય ને ? એ કશું ભોગવવું ન પડે અને સદ્ગતિ થાય એ કેમ બને ? કરમ કોઈનાં સગાં નથી થતાં.'

**મુનિનો સચોટ ઉત્તર :-** સુદત્ત મુનિવર ઉત્તર કહે છે, મહાનુભાવ ! જુઓ **'नत्थि असज्झं नाम चरणपरिणामस्स'**-ચારિત્રના પરિણામને અસાધ્ય કાંઈ નથી. એ ઘોર પાપનો પણ નાશ કરી નાખીને સીધી સદ્ગતિ આપી શકે છે. ચારિત્રના પરિણામની તાકાત શું સમજો છો ? એની તો જબરદસ્ત તાકાત છે; એ પાપરૂપી ઝેરની અસરને નાબૂદ કરવા માટે પરમ અમૃત સમાન છે; મોટા કર્મરૂપી પહાડને તોડી નાખવા વજ્ર સમાન છે. સમસ્ત ઈચ્છિતોને પૂરવા માટે ચિંતામણિ જેવા છે, યાવત્ મોક્ષના સુખરૂપ ફળને આપનાર એક કલ્પવૃક્ષ છે.

**પ્રતિકાર રહિત-સહિત ઝેરની ઉપમા :-**

જેવી રીતે મહારાજ ! ઝેર થોડું પણ ખવાઈ ગયું હોય, પરંતુ એનું જો તરત વારણ ન કરવામાં આવે તો એ વિષભોજી મનુષ્યો બિચારા આપદા પામે છે, હિતાહિત સમજવામાં મૂંઝાય છે, મનુષ્યભવનાં સુખ ભોગવી શકતા નથી, અને છેવટે પ્રાણ ગુમાવે છે; તેવી રીતે પ્રમાદી-અજ્ઞાન-મોહમૂઢ જીવો પાપકર્મ કરતાં કરી નાખે પરંતુ પછી જો એનો પ્રતિકાર નથી કરતા તો એના ફળરૂપે જન્મ-જરા-

મૃત્યુ-રોગ-શોક પામે છે.

જયારે, એ જુઓ કે જેવી રીતે સામાન્ય નહિ પણ મહાન કાલકૂટ જેવું વિષ ખવાઈ ગયું હોય, પરંતુ જો એના વારણ તરીકે પરમ અમૃતનો પ્રયોગ થાય તો કાલકૂટ મહા વિષ પણ નાબૂદ થઈ જાય છે, ત્યાં સામાન્ય વિષનું તો કહેવું જ શું ? તેવી રીતે અનાદિ ભવોની ચાલી આવતી વાસના વશ જીવો પાપ-કર્મ કરે છે, પરંતુ જો એની વિરોધી એવા મહાચારિત્ર પરિણામને સેવે તો એ અનેક ભવોનું સર્જન કરી શકે એવા પણ પાપકર્મનો નાશ કરી દે છે, તો એક ભવના પાપનું તો પૂછવું જ શું ?''

**જિન શાસનમાં સચોટ પ્રશ્ન-ઉત્તર :-** રાજા ગુણધરની શંકા જેવી હિસાબસર હતી તેવો શું, પણ તેથીય જોરદાર હિસાબવાળો ઉત્તર મહાજ્ઞાની ગુરુદેવે એને આપ્યો.

હરિભદ્રસૂરિજી મહારાજ અને બીજા સમર્થ શાસ્ત્રકારોની આ ખૂબી છે કે ગ્રન્થોમાં પ્રશ્ન પણ યુક્તિપુરસ્સર સચોટ ઊઠાવે અને એનું સમાધાન વળી એથી ય જોરદાર યુક્તિ-દૃષ્ટાંતો ભર્યું કરે. એમના અનેકાંત જયપતાકા, અનેકાંત પ્રવેશ, યોગબિંદુ, ધર્મસંગ્રહણી, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, લલિતવિસ્તરા વગેરે ગ્રન્થોમાં આ જોવા મળે છે. એ ગ્રન્થો જોતાં એમાં જ્યારે શંકા વાંચીએ, સામા વાદીનો પૂર્વપક્ષ વાંચીએ ત્યારે જાણે એમ લાગે કે આવા સચોટ સવાલનો જવાબ શો હોય ? એટલી સરસ રજૂઆત કરી હોય છે ! પણ પછી એથી ય ચઢિયાતો ભવ્ય ઉત્તર વાંચીએ ત્યારે પૂર્વપક્ષની પોકળતા અને એની સામે પ્રબળ દલીલ દાખલાવાળું પ્રતિપાદન જોતાં જિનશાસન પર મુગ્ધ થઈ જઈએ છીએ. એ વાંચવાનો આનંદ અવર્ણનીય હોય છે, અનુપમ હોય છે. એવા ગ્રન્થોના પરિશીલનથી બુદ્ધિ કેળવાઈ હોય, પરિકર્મિત થઈ હોય, પછી આગમોના વાંચન-મનનમાં કોઈ અનેરો પ્રકાશ દેખાય છે, અમાપ આનંદ આવે છે ! મનને થયા કરે છે કે 'બસ, જીવનભર આ રસ પીધા જ કરીએ.'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૦,અંક-૬,તા.૧૪-૧૦-૧૯૬૧

**શાસ્ત્રવાંચનના અનુપમ લાભ :-** ત્યારે આ શાસ્ત્રો-આગમોના વાંચન-મનન કર્યા કરવાનો લાભ કેટલો ? ખબર છે ? પહેલો તો ઈન્દ્રિયોના વિષયરસ, પાપરસ ભૂલી જઈ નિર્મળ સાત્ત્વિક આનંદ મળે, સાથે સમ્યક્ત્વ નિર્મળતર થતું આવે, નવનવા સંવેગની પ્રાપ્તિ થાય, અરિહંત પ્રભુ, એમનું શાસન અને ગુરુઓ પર



અથાગ બહુમાન જાગે, વધતું જાય. સારાસાર કર્તવ્યાકર્તવ્ય, હેય-ઉપાદેયનું ભાન ખીલતું જાય; એટલા સ્વાધ્યાય સમયમાં પાપકામો અટકે; વિશ્વનાં તત્ત્વ નજર સામે આવતાં વૈરાગ્ય, ઉપશમ, વગેરેના મહાલાભ થાય. અશુભ કર્મો તૂટે અને શુભની ભારે કમાઈ થાય તેમજ કુવાસનાઓ દબે અને સુસંસ્કરણ થતું આવે.

શાસ્ત્ર સ્વાધ્યાયના આવા અપરંપાર લાભ છે, પછી બીજા ત્રીજા બહારના વાંચનમાં કે પ્રમાદ યા પાપકામો અને પાપ વિચારોમાં શા માટે પડવું જોઈએ ? આ બધું જાતે જ જાતને સમજાવીને, શાસ્ત્રવ્યાસંગ શાસ્ત્ર વાંચન-મનન ખૂબ ખૂબ કરવામાં આવશે તો થશે. જાતને ઊર્મિ નહિ ઊઠે તો ગળે ઘાલી શકાય એમ નથી. એ તો મન મારીને બીજા રસ પડતા મૂકી આ રસ જમાવવા જેવો છે; અને **ઉદ્યોગ એ રસને ખીલવે છે;** શાસ્ત્ર પરિચય વધારતાં વધારતાં હોંશ વધે છે, રસ જામે છે.

**દૃષ્ટિ ક્યાં રાખવી ? :-** જો લોટના કૂકડાના વધની મહાસજા તો જીવતા જીવોના ભયંકર શિકાર અને ક્રૂર હત્યાઓની તો કેટલીય મહા ઘોર સજા થાય, એવા રાજાના પ્રશ્ન પર મુનિએ સમજાવ્યું કે જેમ પાપ નાના-મોટા ઝેર પાન પર નથી કાઢવાનું, પરંતુ એનું વારણ કર્યા ન કર્યા ઉપર કાઢવાનું છે, એવી રીતે એકલા પાપનું પ્રમાણ જોઈને ધોરણ નથી બાંધવાનું, પરંતુ એના નિવારક પ્રતિકાર સેવ્યા ન સેવ્યા ઉપર વિચાર કરવાનો છે; અને એમાં એ હકીકત છે કે મહા ચારિત્ર-પરિણામથી મોટા પણ પાપવિષનો નાશ થઈ શકે છે.

ગુણધર રાજા આ સાંભળીને હર્ષિત થઈ ગયો ! મનને થયું કે 'ત્યારે મારાં ઘોર પાપનો પણ નરક આદિનાં દુઃખ ભોગવ્યા વિના જ નાશ કરવાનો ઉપાય છે, અને તે મુનિવર કહે છે કે મહાચારિત્ર પરિણામ છે ! એટલે પૂછે છે

''ભગવન ! તે મહાચારિત્રના ભાવ કેવા હોય ?''

મુનિ કહે છે સમ્યગ્ જ્ઞાનપૂર્વક તીવ્ર રુચિથી દોષોમાંથી પાછા ફરી જવું તે મહાચારિત્ર પરિણામ છે. કહ્યું છે કે

**जाणई उप्पनरुई जह ता दोसा नियत्तई सम्मं ।**

**इहरा अपवित्ती य वि अणियत्ती चेव भावेणं ॥'**

જાણકાર બની રુચિ ઉત્પન્ન થયા પછી જો દોષોથી આભ્યન્તરરૂપે સમ્યગ્ રીતે નિવૃત્ત થવાય, પાછા હટાય તો એ ચારિત્ર-પરિણામ છે; અન્યથા તો અજ્ઞાનપણે કદાચ બહારથી પાપત્યાગ પણ કર્યો તો ય તે પરમાર્થથી નિવૃત્તિ નથી. આ જ્ઞાન અને રુચિપૂર્વક દોષનિવૃત્તિ એ કર્મના નાશનો અનુભવસિદ્ધ ઉપાય છે.'

અનુભવસિદ્ધ કેમ ? અનંતા તીર્થંકર ભગવાન, ચક્રવર્તીઓ, રાજા મહારાજાઓ, શેઠ શાહુકાર અને રંક સુધીના ભવ્યાત્માઓએ એ રીતે કર્મનાશ

કરવાનો અનુભવ કર્યો છે. આ મહાત્મા પણ મોટી રાજશાહી ઠકરાઈ છોડી જ્ઞાન-રુચિપૂર્વક ચારિત્ર આરાધી રહ્યા છે.

મુનિનું આ કથન સાંભળીને રાજા ગુણધર ખુશી ખુશી થઈ ગયો. વિચાર કરે છે કે 'જો સમ્યગ્જ્ઞાન વગેરેથી' કર્મનો નાશ થઈને આત્માનો નિસ્તાર થઈ શકે છે, તો તો હું આ ગુરુ ભગવંતની જ ઉપાસનામાં લાગી જઉં. એ મહાજ્ઞાની છે, એટલે એમની પાસેથી મને સમ્યગ્ જ્ઞાન મળવું કાંઈ જ અશક્ય-અસંભવિત નથી; અને એ મળ્યું એટલે તીવ્ર રુચિ થવાની જ. પછી તો સમસ્ત દોષોને નિવારનાર ચારિત્રની આરાધના સારી રીતે થઈ શકવાની. ધન્ય છે મારા જીવનને કે જ્યાં મને આ મહાદયાળુ ગુરુ ભગવંતનું દર્શન મળ્યું ! હું ખરેખર મહાભાગ્યશાળી છું ! **કમભાગીને મહાનિધિ ન મળે.** તો હવે આ પાપસંસારથી સર્યું. શું કરવું છે એ અસાર-વિનશ્વર અને આત્મવિડંબક સંસાર રાખીને ? બસ, હવે તો હું ગુરુ ભગવંતની જ આજ્ઞા ઊઠાવું.'

**રાજાની મહાન ગણતરી :-**

રાજાએ મનમાં ચારિત્ર લેવાનો નિર્ધાર કરી લીધો; કેમ કે એક તો એને પોતાનાં પાપ મહામુનિના અદ્‌ભુત ધર્મપ્રભાવને જોઈ ખૂંચવા લાગ્યાં અને બીજું, મહામુનિ પાસેથી ગમે તેવાં પાપો પણ સમ્યગ્જ્ઞાન રુચિ પૂર્વકના ચારિત્રથી તૂટી શકે છે એવું આશ્વાસન મળ્યું. ત્યારે હવે દેહમાં પ્રાણ છે ત્યાં સુધી જીવતા જીવે શા સારુ પાપો ધોઈ નાખવાનો પુરુષાર્થ ન કરવો ? એ છોડીને બીજું કરવા જેવું છે પણ શું ? અને મરી ગયા પછી કાંઈ આ પાપો તોડવાનું બની શકે નહિ. પછી તો ઊલટું અહીંના ચારિત્રના કષ્ટ કરતાં એ પાપનાં ફળરૂપે કેટલાંય ભયંકર દુઃખ દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી ભોગવાય ત્યારે જ એ પાપમાંથી છુટકારો થાય, તેય વળી જો એના અનુબંધ લાંબા ચાલ્યા તો તો નવાં નવાં ઘોર પાપ કરતા રહો અને દુઃખની ખાઈમાં સબડતા રહો ! **એવા પરલોકના મહા દુઃખની પરંપરાના ઉધારા કરતાં અહીં ચારિત્રનાં અતિ અલ્પ કષ્ટ રોકડિયા વધાવી લેવાં શું ખોટાં ?** પાછી ચારિત્રની વિશેષતા તો એ, કે પ્રસ્તુત પાપ તો જાય ને જાય, પણ ઉપરથી જન્મ-જન્મનાં બીજાં કેઈ પાપકર્મના ભુક્કા ઊડી જાય !

**મળેલી મહાન તકની કદર કરો :-**

રાજાએ આ બધી ગણતરી કરી લીધી છે, અને મહાન શરણ આપી ચારિત્રની ઉત્તમ આરાધના કરાવે એવા સદ્‌ગુરુનો યોગ મળ્યો છે પછી શું કામ બાકી રાખે ? આ જગતમાં સદ્‌ભાવના જાગ્યા પછી પણ સદ્‌ગુરુનો યોગ મળવો ઘણો ઘણો મુશ્કેલ છે. પૂર્વની પ્રબળ પુણ્યાઈથી અહીં એ મળવાનું સરળ બન્યું હોય તો



એની ઊંચી કદર કરવી જોઈએ; જેથી એનો ઊંચો લાભ ઊઠાવી લેવાય.

**કદર માપો : શાને વધારે વળગો છો ? :-**

પુણ્યાઈથી તમને બેય મળ્યા છે, એક સદ્‌ગુરુનો યોગ, અને બીજું ધન-માલ-પરિવાર. કહો શેને વધુ વળગી રહ્યા છો ? જેની ઊંચી કદર હશે, જેનું અતિશય મહત્ત્વ અને જરૂરિયાત સમજતા હશો એને જ વધારેમાં વધારે વળગી રહેવાનું બનવાનું. એમ **વળગી રહેવા પરથી માપ નીકળે છે કે જીવને ખાસ કદર કોની છે ?** કોનું વિશેષ મૂલ્ય આંકે છે ? હા, કાંઈ પક્ષાઘાત જેવી સ્થિતિ હોય અને ત્યાજ્યને વળગી રહેવું પડ્યું હોય તો જુદી વાત. ત્યાં એમ નિર્ણય ન બંધાય કે એની કદર વધારે છે અને સારાની કદર ઓછી છે, સંભવ છે સારી વસ્તુની ભારોભાર કદર હોય, છતાં પણ સાથે ત્યાજ્યને વળગી બેઠાનો પારાવાર ખેદ હોય, ઉદ્વેગ હોય, અતિશય અકળામણ હોય, એ ન ભૂલશો.

જરા વિચાર કરવા જેવો છે, પુણ્યે એક બાજુ ગુરુ મળ્યા છે. બીજી બાજુ ઘર-દુકાન-પરિવાર મળ્યો છે. પરંતુ એ ઘર દુકાન પરિવાર તો દેહની સાથે સંબંધ રાખનારા છે; અને દેહ આત્મા નથી, કે કાયમી ટકવાનો નથી, જોતજોતામાં ઊપડી જવાનો છે.

ત્યારે હવે આ તપાસો કે મુખ્યપણે શું પકડ્યું છે, દેહ કે આત્મા ? વધારે જોરદાર દૃષ્ટિ-વધુ ઝોક કોના તરફ છે ? દા.ત. બજારમાં ગયા, માર્ગ ઉપર મીઠાઈની, કપડાની, અનાજની દુકાનો આવે છે, ત્યાં વિચાર શું દેહની દૃષ્ટિએ આવે છે કે આત્માની ? 'આ સારું ખાવાનું, આ કપડાં ઘરવાળાને, છોકરાને કે મારે ઠીક પડે એવાં છે, આ અનાજ ભરી લેવા જેવું છે...' આવા વિચાર આવે છે ? કે 'આ મીઠાઈ સુંદર નૈવેદ્ય તરીકે પ્રભુ આગળ ધરવાલાયક છે, આ કપડામાંથી પ્રભુના અંગલૂછણાં સારાં બને એવાં છે; અનાજ સાધર્મિક ઉદ્ધાર માટે સારું છે...' આવા વિચાર સ્ફુરે છે ? તપાસનો આ તો એક નમૂનો છે. એવું બીજે સમજવાનું. દેહ અને દેહના સંબંધી સગાંવહાલાં વગેરેને ઉદ્દેશીને જ મોટે ભાગે વિચારણા ચાલતી હોય ત્યાં આત્માનો કોઈ વિચાર ન સ્ફુરતો હોય તો એનો અર્થ એ થયો કે મુખ્યપણે દેહને વળગી રહેવાનું કર્યું છે. એ દશા જો ફેરવવી હોય તો તકેદારી રાખવી પડશે અને વિચારસરણી ફેરવવી જોઈશે. એ ફરશે એટલે પછી વાણી-વર્તાવમાં ફરક પડવાનો. વિચારસરણી ફેરવવા મોટી જરૂરિયાત આત્મચિંતાની અને આત્મહિતની ઊભી કરો. મનને ભારોભાર લગાડી દો કે આના વિના નહિ ચાલે, આની બહુ જ જરૂર છે. વારંવાર આના વિચારથી ઝોક ફરશે, દૃષ્ટિ ફરશે.

**ગુરુચરણ એ જ પ્રથમ શરણ :-**

રાજાને હવે આત્મહિતની મોટી જરૂરિયાત લાગી ગઈ છે. પાછું પુણ્યે સમર્થ ગુરુનો યોગ મળ્યો છે, એટલે એ ઝટ નક્કી કરી લે છે કે 'હવે આ ગુરુ ભગવંતને શરણે જાઉં. એટલે સમ્યગ્જ્ઞાન મળશે તેથી ધર્મ પર અને તત્ત્વ પર તીવ્ર રુચિ થશે, પછી ચારિત્ર પાળવા દ્વારા દોષોને ધકેલી કાઢવાનું કાંઈ કઠિન નથી.

એણે જડ પકડી, દોષ કાઢવા ચારિત્ર જોઈએ, ચારિત્ર માટે તીવ્ર રુચિ, એ માટે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્જ્ઞાન સારુ ગુરુ શરણ શું સમજ્યા ? સમ્યગ્જ્ઞાન સારુ સ્વતંત્રપણે પુસ્તક શરણ નહિ, પણ ગુરુનું શરણ. કારણ ? એ જ કે સમ્યગ્જ્ઞાન જીવન જીવવામાં ઉતાર્યું હોય, એની ઉપાસના જે પમાડે તે તેવા ગુરુને નહિ ગણકારી સ્વતંત્ર પણે વાંચી લીધેલું પુસ્તક ન પમાડી શકે,

રાજા ગુરુચરણ પકડવાનો વિચાર કરી કહે છે, 'ભગવન્ ! તો પછી હું શ્રમણપણાને યોગ્ય છું ?'

મહામુનિ ઉત્તર દે છે, 'અરે ! તારા જેવો જો યોગ્ય નહિ, તો બીજો કોણ યોગ્ય છે ?'

**રાજાની દીક્ષા માટે જાહેરાત :-** બસ, રાજાને ખાતરી થઈ ગઈ કે આ ગુરુ ચારિત્ર આપશે; એટલે એણે માણસોને તરત હુકમ કર્યો કે 'અરે ! જલદી જાઓ, મંત્રીસાગર વગેરે મંત્રીઓને ખબર આપો કે અભયરુચિનો રાજ્યાભિષેક કરવાનો છે, અને મારા માટે જરાય ખેદ કરતા નહિ, હું સુરાસુરવંદિત ત્રિભુવન ગુરુએ ફરમાવેલ સાધુપણું લેવાનો છું.'

માણસો તરત દોડ્યા, જઈને મંત્રીઓને રાજાનો હુકમ જણાવ્યો એ વાતની રાજાના અંતઃપુરને ખબર પડી. બસ સાંભળીને રાણીઓ ક્યાં ઊભી રહે ? ચોંકી ઊઠી ! મુખ પર વિલેપન વગેરે કરતી હતી તે અધૂરું પડતું મૂકી ઝટ ઊઠી અને ઊપડી રાજા પાસે !

આ કથા કોણ કહી રહ્યું છે ? અભયરુચિનો જીવ યશોધર મુનિ સમરાદિત્યના જીવ-ધનને આ કહી રહ્યા છે. એ કહે છે 'હું અને અભયમતિ પણ આ જાણીને સાથે સાથે ઊપડ્યા રાજા પાસે, રાણીઓ પગે ચાલીને આવે છે.

ત્યાં જઈને જોયું તો રાજા સંવેગભાવ પ્રાપ્ત કરીને મુનિવરના ચરણ આગળ બેઠો છે. સિંહાસન નથી, જમીન પર બેઠો છે, અને ચામર વીંજાતા નથી, છત્ર ધરાયું નથી; રાજવીપણાનો કોઈ ઠઠારો નથી. જોઈને રાણીઓ ગભરાટમાં પડી કે હવે શું થશે ને શું નહિ થાય ? પરંતુ વિનયમર્યાદા ચૂકતી નથી, રાજાને જોઈને મસ્તક નમાવી હાથ જોડી પ્રણામ કરતી જયજય શબ્દ પોકારે છે, 'જય પામો, જય



પામો' ગભરાટમાં છે એટલે શબ્દો અસ્પષ્ટ નીકળે છે.

રાજકુળ છે એટલે વિનય તો નિયત થઈ ગયેલો. પિતાને ત્યાં કેળવણી એવી મૂળમાં વિનયની પામેલી હોય છે, અને અહીં આવ્યા પછી બીજાઓનો વિનય પણ એવો જુએ છે.

**તો જીવ નાની ઉંમરથી સારું સંસ્કરણ કેમ પામે છે ? દર્શન અને શિક્ષણથી.** બાળ જીવને જેવું જેવું જોવા મળે છે તેવું તેવું તે અનુકરણ કરે છે. માટે મોટાઓએ ધ્યાનમાં લેવા જેવું છે કે જો પોતે હલકી પ્રવૃત્તિ કરી, હલકા શબ્દો બોલ્યા, હલકો વર્તાવ કર્યો તો બેવડું નુકસાન છે, પોતાને ખરાબી અને જોનાર બાળ જીવોને હલકું દૃષ્ટાંત પૂરું પાડવાનું થાય.

એવી રીતે બાળમાં સારા સંસ્કરણની અપેક્ષા હોય તો એને શિક્ષણ પણ સારું આપતા રહેવું જોઈએ. બાળ અવસ્થામાં સારું ઘડતર થયું તે થયું, મોટા થયે સુધારો કરવો મુશ્કેલ છે. બધે આવું; શું છોકરો કે શું વિદ્યાર્થી, શું નોકર કે શું શિષ્ય, શરૂ શરૂમાં સારું દર્શન આપીએ, સારું શિક્ષણ કરીએ, તો સારા ઘડતરની આશા રાખવાની; નહિતર ફાલ બગડ્યો સમજો.

**વિરાગીની સાવધાની :-** રાણીઓ સારું ઘડતર પામેલી, એટલે જો કે અત્યારે રાજાની એમને છોડીને ચારિત્ર લેવાની વાત હોવાથી એમને ભારે દુઃખ છે, છતાં વિનય-મર્યાદા ચૂકવાની વાત નહિ. હાથ જોડી પ્રણામ પણ કર્યા અને 'જય જય' નાદથી રાજાને વધાવ્યો પણ ખરો. રાજાએ પણ સામે ઔચિત્ય રૂપે સહેજ ડોકું નમાવ્યું, કિન્તુ વૈરાગ્યનો ઊછળતો પ્રવાહ હૈયામાં ખળખળ વહેતો હોવાને લીધે એનું હૃદય પહેલાંની જેમ આદર કરવા તૈયાર નથી, એટલે આંખમાં એ અનાદરવશ ભારેપણું છે અને મુખ પરથી સાંસારિક સ્નેહ ઓસરી ગયો છે. આવા વખતે આ સાવધાની રાખવાની હોય છે, નહિતર સામા પર પોતાના વૈરાગ્યની અસર મંદ પડી જાય.

હવે રાણીઓ તો પહેલાં રાજાનો મંત્રીઓને કહેવરાવેલ સંદેશ સાંભળીને આવી છે એટલે એ બધીય રાજાના પગે પડીને નમ્રતાથી કહે છે,

'આ શું ? પડી ગયેલી દાઢવાળા સર્પની જેમ કે પાણીમાં ફસાઈ ગયેલા હાથી અથવા પાંજરામાં પુરાયેલા સિંહની જેમ જાણે આપ રાજ્યભ્રષ્ટ બન્યા હો એવા દેખાઓ છો ! શું ચિંતવી રહ્યા છો ?'

રાણીઓને ભારે દુઃખ છે, પરંતુ વિનયની ખૂબી છે કે બોલ ગુસ્સાના ન કાઢતાં ખેદના કાઢે છે. આજે જ્યાંને ત્યાં વિનયના દેવાળાને લીધે પરિસ્થિતિ કેટલી વિષમ છે તે નજરે દેખાય છે. પાયામાંથી વિનયની જરૂર છે.

**રાજા ચરિત્ર કહે છે :-** રાજાએ ઉત્તરમાં સુદત્ત મુનિવરે કહેલું બધું કહી સંભળાવ્યું. બધામાં શું આવ્યું ? યશોધર મુનિનું એના પિતા સુરેન્દ્રદત્ત તરીકેના અધિકારથી માંડી અભયરુચિના અત્યારના ભવ સુધીનો અધિકાર એ સાંભળીને અભયરુચિ-અભયમતિ ક્યાં ઊભા રહે ?

**અભયરુચિ-અભયમતિને જાતિ સ્મરણ :-**

યશોધર મુનિ ધનકુમારને કહી રહ્યા છે કે અમને બંનેને એ સાંભળતાં પૂર્વ જન્મોનું સ્મરણ થઈ આવ્યું અને તેથી ગભરાટમાં અમે એમ મૂર્છિત થઈ પડ્યા જમીન પર ! અમારી માતા જયાવલીને થયું 'આ વળી શી નવી ઉપાધિ ? એક તો રાજા દીક્ષાની વાત કહે છે ત્યારે વળી છોકરાં મૂર્છિત થઈ પડે છે !' બસ, એના આઘાતમાં એ પણ બેભાન થઈ ગઈ.

**દીક્ષાની રજાની માગણી :-**

માણસો હાજર છે, તરત શીતોપચાર કર્યા, મૂર્છા ઊતરી ગઈ. હવે અમારા દિલમાં અમારાં જ પૂર્વની ભૂલનાં દુઃખદ પરિણામ જોઈ મહાવૈરાગ્ય ઝળહળી ઊઠ્યો. તરત અમે માતા જયાવલીને આશ્વાસન આપ્યું, ને પિતા ગુણધર રાજાને કહ્યું **'પિતાજી ! હવે અમારે દુન્યવી વિષયોથી સર્યું. જીવને શું પરખાવે છે એ ? ભવચક્રમાં ભટકવાનું અને ફોગટ આયાસ તથા ક્લેશ જ ને ?** એ બહુ વેઠ્યાં, હવે ફરીથી વેઠવાનો મોહ નથી; અને આપ પણ એવા દુઃખદ સંસાર અને ક્લેશ અમે વેઠીએ એવું ઇચ્છો નહિ. તેથી અમને રજા આપો, અમે પણ સમસ્ત દુઃખોના વિરેચનને કરનાર સાધુપણું લેવા ઇચ્છીએ છીએ'

**રાજાની રજા :-** રાજા તો સમજી જ બેઠો છે, એ કાંઈ મને રાજ્ય ગાદી મોહથી સોંપતો નહોતો એટલે અમારી વિરક્ત દશા જાણી અમને કહે છે, **"જહાસુહં દેવાણુપ્પિયા ! મા પડિબંધં કુણહ**-જેમ તમને સુખ ઊપજે તેમ કરો. હવે કોઈ મમત્વ ધરવાની કે શુભમાં વિલંબ કરવાની જરૂર નથી."

**સાચો હિતૈષી કોણ ? :-**

કેમ એ પુત્ર-પુત્રીની વાત એકદમ વધાવી લે છે ? એ જ કારણ કે એમનું પૂર્વનું દુઃખદ ચરિત્ર સાંભળવા માત્રથી પણ એણે ભારે ત્રાસનો રોમાંચ અનુભવ્યો છે, તો જેણે એ ખરેખર વેઠ્યું છે એને તો કેટકેટલો ત્રાસ પડ્યો હોય એ સમજી શકે છે. એટલે હવે સાચા હિતૈષી તરીકે રહી શા માટે એવી દુઃખદ ઘટનાઓ સર્જનાર સંસારમાંથી છૂટવાની આડે આવે ? વળી મહામુનિ પર શિકારી કૂતરા છોડવાના પ્રસંગ પછી જે પશ્ચાત્તાપ અને મુનિ પાસેથી દિવ્ય જ્ઞાન પ્રકાશની પ્રાપ્તિ થઈ છે એણે તો સંસારની ભયંકર વિડંબકતા અને ચારિત્રમાર્ગની સચોટ મહાકલ્યાણ



કારિતા મગજમાં બરાબર ઠસાવી દીધી છે, તો પછી એ હવે પોતાના કે બીજાના મોહનાં અંધારાં શું કામ પોષે ?

**તક પર કર્તવ્ય :-** આ બહુ ધ્યાનમાં લેવા જેવું છે કે આપણને જ્યારે મહાકિંમતી સર્વજ્ઞની વાણીથી ઊંચા તત્ત્વજ્ઞાનનો પ્રકાશ મળ્યો છે, અને વિશ્વની ઘટનાઓ એને પ્રામાણિત કરે, તો પછી આ તક પર હવે મોહ-મિથ્યાત્વ-રાગાદિની ગણતરીઓ તથા અજ્ઞાન લોકનાં ધોરણનું અંધારું શા માટે ઊભું રાખવું ? એવા ભવબંધક અંધારે શા માટે અથડાવું ?

હવે તો એ બધાની જગાએ ૧ જ્ઞાનદૃષ્ટિ, ૨ સમ્યક્ત્વ, ૩ આત્મહિતની ગણતરીઓ અને પૂર્વના મહાન આરાધક ઉત્તમ પુરુષોએ અપનાવેલા જીવનધોરણને સ્થાપી દેવાં જોઈએ.

વિચાર તો કરો કે શું જીવનના અંતે એ મોહ મિથ્યાત્વ વગેરે આશ્વાસન લેશ પણ આપી શકવાના છે ? કંઈ જરાય ઉપયોગી થવાના છે ? જરાય નહિ; ત્યારે આ જ્ઞાનદૃષ્ટિ વગેરે તો આજથી જ માંડીને જબરદસ્ત આશ્વાસન આપી શકે છે, ઉચ્ચ શાંતિ અને આંતરિક સુખ માટે સચોટ ઉપયોગી બને છે.

**મૃત્યુનો વિચાર શા માટે :-**

**પ્ર.**-કેટલાક એમ કહે છે મૃત્યુ વખતે કેવી દશા થશે એની આજથી ચિંતા શું કામ કરવી ?

ઉ.-અરે ભાઈ ! આપણું જીવવાનું જ એવું છે કે ભવિષ્યની ચિંતા કરીએ જ છીએ.

- 'દિવસના કામ કરી લો, નહિતર પછી રાતે નહિ થઈ શકે' આ શું છે, ભવિષ્યની જ ચિંતાને ?...
- 'બારણું કે નકૂચો તૂટ્યો છે તો દિવસના એને ઠીકઠાક કરાવી લો જેથી રાતે દ્વાર બંધ કરી નિરાંતે સૂઈ શકીએ'
- 'શિયાળામાં અનાજ ભરી લો તેથી બાર મહિના નિરાંત !'
- 'કમાઈમાંથી બને એટલું બચાવો તો આગળ કોઈ મંદવાડ કે કીકા-કીકીનાં લગ્ન કે ઘડપણમાં કામ લાગે'...
- 'આમ લાંબા-ટૂંકા ભવિષ્યનો વિચાર ક્યાં નથી ? 'એક સીડી પણ સરખી રીતે ઊતરો નહિતર પડીએ તો વાગે ને આઠ દહાડા કે અઠ્ઠાવીસ દહાડા ભોગવવું પડે આ વિચાર રહે છે.

**હવે જો આ ક્ષણ પર બીજી ક્ષણનો વિચાર, આજના દિવસે બીજા દિવસનો, આ માસ-વર્ષમાં આવતા માસ-વર્ષનો અને આ કુમાર-યુવાન અવસ્થામાં યુવાન-વૃદ્ધ અવસ્થાનો વિચાર રહે છે, તો પછી જીવનમાં મૃત્યુનો વિચાર કેમ ન રહેવો જોઈએ ?**

રસ્તો ઓળંગતાં એમ થાય છે કે સરખું જોઈને ચાલો નહિતર કોઈ બસની હડફેટમાં મોત આવીને ઊભું રહેશે. આ સાવધાની રહે છે જ, તો પછી એવો વિચાર કેમ નહિ રાખવાનો કે 'જ્ઞાનદૃષ્ટિ, અને તત્ત્વગણતરીએ એવું જીવન જીવું કે જેથી મૃત્યુ વખતે હાયવોય, કાયરતા અને દુર્ધ્યાન ન થાય ?

'આજથી જ સહન કરવાની ટેવ પાડવા દે જેથી કષ્ટ કે મૃત્યુ વખતે સારી રીતે સહી શકાય.'

એવું જીવવા દે જેથી મૃત્યુ ન બગડે.

હાથમાં રહેલ વર્તમાન ક્ષણ, વર્તમાન દિવસ, વર્તમાન માસ-વર્ષ અને વર્તમાન વય જો ભાવી ક્ષણ, ભાવી દિવસ, ભાવી માસ-વર્ષ અને ભાવી વયનો વિચાર કરાવે છે, તો વર્તમાન જીવન વખતે ભાવી જીવનનો વિચાર કેમ ન કરવો ?

**પહેલાં જે બહુ ઘૂંટ્યું, પછી તેની યાદ :-**

ત્યારે એટલે અનુભવાય છે કે દિવસના જે બહુહોંશના વિચારો અને જેવા પુષ્કળ વિચારો મગજમાં રમાડ્યા હોય છે, તેવાં સ્વપ્નાં રાતના આવીને ઊભાં રહે છે. બસ એ જ રીતે મૃત્યુ માટે સમજવાનું છે. જીવનમાં જે બહુ ગડમથલ મગજમાં કરી હશે, મૃત્યુ ટાણે મગજમાં એ ઘૂમ્યા કરશે. અરે એક નવકારવાળી-પ્રભુદર્શન-ચૈત્યવંદન-કાઉસ્સગ્ગમાં શું છે ? પૂર્વે મગજમાં બહુ ઘૂંટેલાનાં લફરાં જ ને ? તો પછી અંતે શું રમશે મનમાં ? શું ગમશે દિલને ? જીવનભર ગમાડેલું કે બીજું કાંઈ ? મરવાની વેળા આવી ગઈ, ઉંમર કહે છે. ડૉક્ટર કહે છે, કે હવે લાંબું નીકળે એમ નથી એટલે તો કાયા છોડવાની જ ને ? છતાં એનો મોહ નથી છૂટતો. કેમ એમ ? કહો, જીવનભર કાયા ગમી છે, હવે અંતે એ શા માટે ન ગમે ?

મરણનો વિચાર જોઈશે. મરવા વખતે કેવી દશા ઇચ્છો છો ? કેવું મન, કેવી વિચારણા ચાહો છો ? કેવી સહનશીલતા, કેવી બહાદુરી, કેવી નિસ્પૃહતા મરણ વખતે હોવાનું પસંદ છે ? એનો વિચાર આજે અને આજથી રોજ રાખવો પડશે.

એ બધું સારું મેળવવા વર્તમાન સારું જીવવું પડશે. એ માટે જ્ઞાનદૃષ્ટિ,



આત્મચિંતા અને જ્ઞાનીના હિસાબ ધીખતા જાગ્રત રાખવા પડશે. આત્મા પર પડતી પુણ્ય-પાપની અને સુસંસ્કાર-કુસંસ્કારની ગણતરી કેળવવી પડશે, અને પુણ્ય તથા સુસંસ્કારના ઉપાય આદરવા પડશે.

**ગુણધર, અભયરુચિ વગેરેની દીક્ષા**

યશોધર મુનિ કહે છે, 'રાજા ગુણધરે અમારી સંસાર ત્યાગની વાત વધાવી લીધી. ત્યાર પછી પોતાના ભાણેજ વિજયવર્માને રાજ્ય સોંપી દઈ જિનેન્દ્ર ભગવાનનો મહાન અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો, વિપુલ દાન દીધું અને બધી રાણીઓ તથા પ્રધાન પુરુષો અને અમને સાથે લઈ ચારિત્ર અંગીકાર કર્યું.

**નયનાવલીના ઉદ્ધાર માટે પ્રાર્થના :-**

રાજા સુરેન્દ્રદત્તના ભવમાં કરેલી ચારિત્રની ભાવના તો અહીં સફળ થઈ પરંતુ હજી નયનાવલી તરફ મારી લાગણી ખેંચાય છે એટલે મેં ગુરુ ભગવંત સુદત્ત મુનિવરને વિનંતી કરી,

''ભગવાન્ ! નયનાવલી પર કૃપા કરો અને એને ધર્મનો ઉપદેશ આપો. આપશ્રીના પ્રભાવે એ બિચારી પણ સકલ દુઃખોની ચિકિત્સા કરનારું જિનોક્ત ધર્મઔષધ પામો,''

**આત્મરોગનું ઓસડ :-** પોતાને કૂકડાના ભવથી જિનોક્ત ધર્મ પર અથાગ શ્રદ્ધા થઈ ગઈ છે. કોઈ તેવી વાસના વશ અહીં ગુણધરના ઘરે જન્મ થયો એટલે જન્મથી માંડીને એ ધર્મ ભાવના તરત ન સ્ફુરી, પરંતુ જાતિસ્મરણ જ્ઞાન થયું અને સુદત્ત મુનિવરે રાજા ગુણધરને સમજાવેલ ભયંકર પાપના પણ પશ્ચાત્તાપપૂર્વક જ્ઞાન, રુચિ અને ચારિત્રની પાપ નાશ કરવાની અથાગ શક્તિનું ભાન થયું. સાતમા કૂકડાના ભવે પ્રાપ્ત કરેલ અલ્પ પણ ચારિત્રનો મનુષ્ય ભવ પ્રાપ્ત કરાવવાનો પ્રભાવ દેખ્યો-અનુભવ્યો, એટલે હવે ધર્મભાવના જોરદાર સ્ફુરાયમાન થઈ ગઈ છે, જેથી મોટી રાજ્ય સંપત્તિને પણ ઠોકરે મારી ચારિત્રને વધાવી લીધું છે, રોમે રોમે એ શ્રદ્ધા ઝળહળી ઊઠી છે કે સમસ્ત દુઃખોના રોગ નષ્ટ કરવા હોય તો ભગવાન જિનેશ્વરદેવ રૂપી ધન્વંતરી વૈદે ફરમાવેલ ધર્મરૂપી ઔષધ છે.

**પ્ર.-બીજા ધર્મો ઓસડ કેમ નહિ ?**

ઉ.-એટલા જ માટે, કે એ કહેનારા રોગનું નિદાન બરાબર જાણતા નથી, અને તેથી રોગનો પ્રતિકાર કરનારા સચોટ ઉપાય પણ એમના ખ્યાલમાં નથી આવતા. એટલે તો કેટલીકવાર ઊલટું એવા ઉપાય બતાવે છે કે જે જીવને વધુ પાપથી ખરડે છે. જિનેશ્વર ભગવાન સર્વજ્ઞ છે તેથી બરાબર જુએ છે કે જગતના જીવોના દુઃખરોગ કેમ ઊઠ્યા છે, અને કેમ નભે છે. **પાપની અભિરુચિ અજ્ઞાન**

**મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ સાથેનું પણ જીવન, આ બધા દુઃખ માટે જવાબદાર છે,** તો એનાથી તદ્દન વિરુદ્ધ જે પાપ પશ્ચાત્તાપ, જ્ઞાન, રુચિ અને નિર્ગ્રન્થ ચારિત્ર, એ દુઃખ રોગનો નાશક હોય, એ પણ સર્વજ્ઞ ભગવાન જુએ છે. માટે એમનો કહેલો ધર્મ એ ખરેખર ઓસડ છે. નયનાવલી એ પામી જાય તો બિચારી દુઃખથી મુકાય એ લાગણીથી અભયરુચિ મુનિએ ગુરુને વિનંતી કરી.

**મહામોહનો ભયંકર નતીજો :-**

નયનાવલીની વાત આવી એટલે સુદત્ત મુનિવર કહે છે, ''સૌમ્ય ! એ તો ધર્મોપદેશનો વિષય નથી, અર્થાત્ ધર્મના ઉપદેશને યોગ્ય નથી; કેમ કે એણે અકાર્ય-આચરણરૂપી અપથ્ય બહુ સેવ્યું છે એથી પોતાના આત્મામાં કર્મવ્યાધિ ભરચક પુષ્ટ કર્યો છે, અને પરભવ માટે ત્રીજી નરકનું આયુષ્ય બાંધી દીધું છે, એટલે એને નરકમાં અવશ્ય જવું પડશે. આમાં કારણભૂત જે મહામોહ છે એના લીધે એ જિનધર્મરૂપી રત્ન નહિ સ્વીકારે''

**મહામોહ કેમ નભે છે ? :-**

મહામોહનો ભયંકર નતીજો ધ્યાનમાં રાખવા જેવો છે. મહામોહ શાના ઉપર નભે છે ? અકાર્યના આચરણ પર. જીવનમાં અકાર્ય હોંશથી સેવ્યે જવાં, એની મહાભયંકરતા સમજો છો ? અહીંના તુચ્છ લાભ મળ્યા, જરાશું માન મળ્યું, તેથી શું બહુ રીઝવું'તું ? એની ખાતર કરેલા માયા-પ્રપંચ, સેવેલી ક્રૂરતા-નિષ્ઠુરતા, ડફડાવેલા જુઠાણાં, વિષયોમાં નચાવેલી ઈન્દ્રિયો, કરેલ અનહદ, રાગ-દ્વેષ-ઈર્ષ્યા-અસહિષ્ણુતા વગેરે સેવેલ અકાર્યોનાં આચરણ મહામોહને પોષે છે, અને એ જૈન ધર્મ પાળવા માટે નાલાયક બનાવી દે છે. મરીચિએ જરા ઉત્સૂત્ર ભાષણ કર્યું તો એ ભવોના ભવો સુધી જૈન ધર્મની પ્રાપ્તિ માટે નાલાયક બની ગયો. ત્યારે એનું દારુણ પરિણામ કેવુંક આવ્યું ? બબ્બે વાર તો અગણિત અધમ ભવ પામ્યા, આપણને પોષાય આ ? ના, તો પછી બીજું બધું સહી લેવું-નભાવવું પરંતુ જૈન ધર્મ માટેની નાલાયકી ન ઊભી કરવી. એ માટે અકાર્યનાં આચરણ ન કરવાં અને મહામોહ ન ઊભો રહેવા દેવો.

મુનિવરે નયનાવલીની આ સ્થિતિ બતાવી એટલે અભયરુચિને થયું કે 'અહો ! અકાર્યના આચરણનો કેવો ભયંકર વિપાક નીપજે છે ! આ સંસારનો સ્વભાવ જ એવો છે કે અકાર્ય સેવરાવે અને ભયંકર પરિણામ ભોગવાવે ! ત્યારે હવે અહીં શું કરું ?'

ગુરુ મહારાજ મનઃપર્યવ જ્ઞાનને ધરનારા છે એટલે મારા મનની મૂંઝવણ સમજી ગયા. હિતબુદ્ધિથી મને કહે છે,



'મહાનુભાવ ! રહેવા દે આ સંસાર-વર્ધક એના ઉપર મમત્વને. આ તું એના ઉપરના મમત્વથી આ ચિંતા કરી રહ્યો છે, પરંતુ એ મમત્વ જન્મ-મરણની વૃદ્ધિ કરનારું છે. આટલે ઊંચે ચઢ્યા પછી શી જરૂર છે એવા સ્નેહની ? ખબર છે તને કે હવે તું કેટલા ઊંચા ચારિત્ર રત્નને પામ્યો છે ? સમસ્ત લોકમાં એ દુર્લભ છે. સંસારના સર્વ ભવોમાં માત્ર એક ઊંચા મનુષ્ય ભવમાં જ એ પ્રાપ્ત થઈ શકે છે અને તે પણ જોને આ પૃથ્વી ઉપરના કેટલા મનુષ્યોને એ મળ્યું છે ? એ મળવું અતિશય કઠિન છે. માટે જો તેં એ પ્રાપ્ત કર્યું છે, તો હવે એનું જ પાલન કર, ચિંતા એની જ કર, મમત્વ એનું જ રાખ. પૂર્વસ્નેહી ઉપરના મારક મમત્વને છોડી દે.'

ગુરુવર્યની વાણીએ અભયરુચિ મુનિના મનને શાંત કરી દીધું, નયનાવલી ઉપરનું મમત્વ ટળી ગયું. એની ખોટી ચિંતા મટી ગઈ, એકલી સ્વાત્માની ચિંતા સ્ફુરાયમાન થઈ ગઈ.

**જગતમાં સંતની વાણી શું કામ કરે છે !** જે રાણીએ ઝેર અને ગળે ટૂંપાથી માર્યો હતો એના ઉપર પણ પછીના ભવમાં મમતા ઊલસતી હતી ત્યારે મમતાના મજબૂત પાયા ઉખેડવા કેટલા મુશ્કેલ ? એવા એને પણ ગુરુ વચને ઉખેડી નાખ્યા ! અહીં એટલું સમજવાનું છે કે લાગણી તો નયનાવલીને ધર્મ પમાડવાની થઈ હતી છતાં ગુરુએ તે છોડવા કેમ કહ્યું ? એટલા જ માટે કે **અસાધ્ય માટેની પરચિંતા સ્વાત્માની ચિંતા ચુકાવે છે.**

અભયરુચિ વગેરેએ હવે તો બહુ સમજપૂર્વક સાધુજીવન સ્વીકાર્યું છે એટલે પાળવામાં શું કામ બાકી રાખે એ ? નજર સામે પૂર્વના પ્રમાદનાં ભોગવેલાં દારુણ દુઃખો તરવરે છે એટલે લેશ માત્ર પ્રમાદ, ગફલત, ઈન્દ્રિયવશતા કે રાગાદિ મનની કલુષિતતા રાખ્યા વિના જોરદાર સંયમતવ જ્ઞાનોપાસના અને ગુરુ સેવામાં લાગી ગયા. અંતે સમાધિ મરણ પામી દેવલોકમાં ગયા.

## ● ૯મો ભવ-મહાત્મા યશોધર ●

મહાત્મા યશોધર મુનિરાજ સમરાદિત્યના જીવ ધનકુમારને પોતાનું ચરિત્ર કહી રહ્યા છે એમાં હવે છેલ્લો નવમો ભવ પૂર્વના દેવલોકના ભવનું વિવેચન ન હોઈ, એ ન ગણતાં નવમો ભવ કહેવા માંડે છે.

**યશોધર અને વિનયમતિ :-**

મહાત્મા ફરમાવે છે કે 'અમે એ આઠમા દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી ચ્યવીને અહીં મનુષ્યપણે અવતાર પામ્યા. હું કોશલા દેશમાં સાકેત નામના નગરે રાજા વિનંયધર અને રાણી લક્ષ્મીવતીના પુત્રપણે જન્મ્યો, નામ મારું **યશોધર**

રાખવામાં આવ્યું. અભયમતિનો જીવ પાટલિપુત્ર નગરમાં રાજા ઈશાનસેન અને રાણી વિજયાની પુત્રી થઈ, નામ **વિનયમતિ**.

**વિવાહ અર્થે :-**

પૂર્વનો સબંધ ચાલ્યો આવે છે, કર્મની તેવી અનુકૂળતા છે, એક સારા ગુણવાન રાજકુમાર તરીકે મારી ખ્યાતિ પ્રસરેલી છે અને ભવિતવ્યતા બળવાન છે. આ બધાં કારણો વિનયમતિનો વિવાહસબંધ મારી સાથે થવાનો પ્રસંગ ઊભો કરે છે. એના પિતા ઈશાનસેન ! એને સ્વયં વરવા, અર્થાત્ સ્વેચ્છાથી મારી સાથે પરણવા મોટા પરિવાર રસાલા સાથે મારા નગર તરફ મોકલી આપે છે. નગર બહાર આવી પહોંચે છે અને મારા પિતા એનું સારું સ્વાગત-સન્માન કરાવે છે.

**સંબંધમાં કારણો :-**

એની સાથે આવેલ મંત્રી હકીકત જણાવી એની સાથે મને પરણાવવાની વિનંતી કરે છે. રાજા પણ જુએ છે કે 'કન્યા ગુણિયલ છે, સારા રાજાની પુત્રી છે,' અને વિશેષમાં અમારા કર્મની વિચિત્ર પરિણતિ, ભવિતવ્યતા વગેરે કારણો પ્રેરી રહ્યા છે એટલે રાજા કબૂલ થાય છે. લગ્નનો દિવસ જોવરાવ્યો, અને એ દિવસ આવે ત્યાં સુધી એ રાજકન્યાને એના પરિવાર સાથે નગર બહાર એક ભવ્ય પ્રસાદમાં મોટા મહેમાન તરીકે ઉતારે છે.

**વિચિત્ર સંબંધો :-**

હવે અહીં સંસારની અસારતા જુઓ. પહેલા ભવે જે માતા યશોધરા હતી, તે જ અભયમતિ તરીકે બેન થઈ, ને એ જ અહીં પત્ની થવાનું નક્કી થાય છે ! પૂછો એમાં અસારતા શી ? અસારતા એ, કે જેની પ્રત્યે પુત્ર તરીકે પૂજ્યભાવની ભાવના રાખી હતી એ હવે બેન થઈ માટે એ ભાવ ડૂલ, અને સમોવડિયો સ્નેહ કરવાનો ! એથીય વધુ અસારતા એ, કે એ માતા હતી માટે એની પ્રત્યે લેશ માત્ર કામવાસના નહિ એવી પવિત્ર ભાવના રાખી હતી, તે હવે એની જ પ્રત્યે અહીં કામરાગની દૃષ્ટિથી જોવાનું ! આ કેટલું બેહૂદુ ! કૂતરાને એની જ માતા કૂતરી તરફ કામરાગથી પ્રેરાતો જોઈએ તો બેહૂદુ લાગે કે નહિ ?

**આનું નામ સંસારની અસારતા, તુચ્છતા; ગલીચતા !** એમાં કોઈ સાર નહિ, તત્ત્વ નહિ, આકર્ષક પવિત્રતા નહિ. આવા સંસારના સંબંધોને, સંસારમાં હોઈએ ત્યાં સુધી ઠીક છે, વ્યવહારથી નભાવવા પડે, પરંતુ એના પર બહુ મદાર શો બાંધવો ? માતા પિતા ઉપર બહુ ઓવારી જવાનું શું ? કે પત્ની ઉપર બહુ હરખાઈ શું જવું ? જીવનમાં ભરપૂર આરંભ-સમારંભ કરી છ કાય જીવના સંહાર, જૂઠ-અનીતિ, રાગ-મમતા-તૃષ્ણા દ્વેષ-શોક વગેરે પાપો વિશેષ શાની પાછળ થાય છે ? એવી હરખ-



ઘેલછા પાછળ જ ને ? એવા બેહૂદા સંબંધો જ એ પાપો કરાવી રહ્યા છે ને ? પરમાત્મા અને નિઃસ્વાર્થ મહાઉપકારી ગુરુઓની સેવા તથા દાનાદિ ધર્મમાં ખૂબ લાગી જવાના આ એક માત્ર ઉચ્ચભવમાં કોણ નથી લાગવા દેતું ? એ સંસારના સંબંધો અને એની પાછળની ઘેલછા જ ને ? જરા સ્વસ્થ મન કરી ઊંડાણથી વિચારો, તો હૈયું થથરી જશે ! સંસાર છોડાય એ ઉત્તમ છે, પરંતુ ન છોડાય ત્યાં સુધી હરખ-ઘેલછા મૂકો અને ખોટા રાગ-મમતા-લોભ, તથા ઈર્ષ્યા, વેરઝેર અને સ્વાર્થાંધતા પડતા મૂકો; બહુ આરંભ-પરિગ્રહ, જૂઠ ડફાણ અનીતિ અન્યાય વગેરેને વોસિરાવો. મનને કહો, 'શા સારુ આ પાપો ? અહીં કેટલા કાળ કાઢવા છે ? જે સંબંધીઓ અને ધનમાલ તથા ઠસ્સા ખાતર આ કરું છું, એ પરલોકમાં અહીંથી રવાના થતાં ક્યાં એક ડગલું અને એક ક્ષણ પણ સાથે આવવાના છે ? ત્યારે ત્યાં એકલે પંડે આ પાપોની સજાઓ ભોગવતાં મારો અડદાલો નીકળી જશે ! બસ, જીવન પવિત્ર-આધ્યાત્મિક, મન સ્વચ્છ, અને આત્મા ગુણ ભર્યો બનાવવાનું જ કરો.

**લગ્ન વરઘોડો જાતિસ્મરણ :-**

અહીં યશોધર મુનિ કહે છે, 'રાજકુમારી સાથે પૂર્વના સંબંધ છે એના સંસ્કારે અહીં સગાઈ નક્કી થઈ એટલે હું ખુશી થયો અને લગ્નના દિવસની રાહ જોવા લાગ્યો. સમય જતાં લગ્ન દિવસ આવી પહોંચ્યો; સ્નાન-વિભૂષા કરાવી મને હાથીના હોદ્દે બેસાડ્યો, અને મારા લગ્નનો મોટો વરઘોડો કાઢ્યો. વાજાં વાગી રહ્યાં છે, લશ્કરી ઠાઠ, અને બીજો રાજશાહી વૈભવ વરઘોડાને દીપ્તિમાન કરી રહ્યો છે. પરિવારમાં પણ મોટા અમલદારો, મોટા શેઠિયાઓ, અને બીજા કેટલોય વેપારી વગેરે વર્ગ સાજનમાં શોભી રહ્યો છે. જોનારને હરખનો પાર નથી. એ વરઘોડો આગળ વધતાં રાજમાર્ગ વચ્ચે આવી ગયો. એટલામાં મારી જમણી આંખ ફરકી. મને લાગ્યું કે આના કરતાં પણ કોઈ મોટો આનંદ થવો લાગે છે ત્યાં હાથી પર બેઠે બેઠે મેં નીચે મુનિવરને કલ્યાણ શેઠના ઘર આંગણે ગોચરી માટે પેઠેલા જોયા. મનને થયું 'આ કોણ ? આવા તો મેં કાંક જોયા હોય એવું લાગે છે. જાણે એમ થાય છે કે હું જ કાંક આવો હતો !' બસ, ચિંતાના પડદા, સ્મૃતિ-આવરણના પડદા તૂટ્યા, અને મને જાતિસ્મરણ જ્ઞાન થયું. ઠેઠ સુરેન્દ્રદત્તના ભવથી મારા અત્યારસુધીના ભવો મેં જોયા, મને જાણે નજર સામે યાદ આવી ગયા. એમાં તો ભયંકર મારકૂટનાં દુઃખ હતાં, વારે ને વારે પુત્ર ગુણધરના એક જ જન્મમાં મારે મરી મરીને ત્યાં જ આવવાનું થતું ! આ બધું શું !! એ મૂંઝવણે મને મૂર્ચ્છા આવી ગઈ. હાથીના હોદ્દેથી નીચે જ પડત, પરંતુ સારું થયું જે બાજુમાં બેઠેલા સમસ્ત હાથીઓના મુખ્ય માવત રામભદ્રે મને પડતો ઝાલી રાખ્યો.

રામભદ્રને ખેદ થયો કે 'અરે ! આ શું ?' તરત એણે વાજિંત્રવાળાને કહ્યું કે 'હમણાં બજાવવાનું બંધ કરો,' હાથી પરથી મને નીચે લીધો. તરત જ વાજિંત્રો બંધ થઈ ગયાં. એમ થયું એટલે ખેદની સામે સદા દઢ પણ પિતા વિનયંધર રાજા પણ એકદમ ખિન્ન થઈ ગયા કે 'અરે ! આ શું ?' સોપારી તથા ફળો વગેરેની બહુ ગંધથી કદાચ આમ બન્યું હશે,' એમ માનીને મૂર્ચ્છા ઉતારવા ચંદનનાં પાણી છાંટવામાં આવ્યાં.

યશોધર મહાત્મા કહી રહ્યા છે કે એ ચંદનના ઉપચારથી મારી મૂર્ચ્છા વળી, ચેતના આવી, અને આંખો ખોલી હું આસન પર બેઠો થઈ ગયો, અને જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વનું બધું જાણે નજર સામે તરવરી આવ્યું, એથી મારું ચિત્ત સંસારસાગર પરથી ઊઠી ગયું, વૈરાગ્ય ઝળહળી ઊઠ્યો.'

**મહાલાભ કયો ?**

જુઓ જમણી આંખ ફરકી હતી તે આની સૂચક હતી. હોંશપૂર્વક પરણવા જઈ રહ્યો હતો તેમાં વૈરાગ્ય પ્રગટી ઊઠ્યો એ મહાલાભની વસ્તુ બની છે. વચમાં મૂર્ચ્છા આવી ગઈ એ કોઈ ગણતરીની વસ્તુ નથી, પણ મોહ લૂંટારાથી મહાવૈભવ-વિલાસની પાકી જાળની ફસામણીમાં પૂરા લૂંટાવાની પરિસ્થિતિ ખડી થઈ ગઈ હતી તેમાંથી છોડાવનાર મહાવૈરાગ્યની જબરદસ્ત સહાય એકાએક મળી ગઈ એ ઊંચી લોટરી લાગી ! આ દૃષ્ટિથી જોશો તો જ જમણી આંખ ફરક્યા પછી ગજબનો લાભ મળ્યો દેખાશે.

**વસ્તુ જોવાની દૃષ્ટિ બે :-** એક ભૌતિક, અને બીજી આધ્યાત્મિક;

એક પોતાના ક્લેવરને લહેરની, બીજી નિજના અનંતાનંત કાળના દુઃખી આત્માને સુખ થવાની;

એક રંગરાગની અનુકૂળતાની, બીજી તરણ-તારણ ધર્મ સ્ફુરાયમાન થવાની;

એક તો માત્ર આ જીવનના વિચારની, બીજી પરલોકના વિચારની...વગેરે.

**દૃષ્ટિ તેવી સૃષ્ટિ :-** આમાંથી જે દૃષ્ટિએ વસ્તુને નિહાળો એના આધારે વસ્તુને સારું-નરસું મહત્ત્વ અપાવાનું. પછી કેમ, તો કે જીવનને અધઃપતન યા ઉન્નતિના માર્ગે જોડવાનું બનવાનું. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જીવન આમાંના કયા માર્ગે ચાલી રહ્યું છે એના પર સમજી શકાય કે જોવાની દૃષ્ટિ કઈ રાખી છે. માટે જ જીવન-ઉત્થાન ચાહતા હો તો દૃષ્ટિ સુધારો; પહેલાં કહ્યું તેમ ક્લેવરની, મોહની, આ ભવની અને ભૌતિક સુખ-દુઃખની દૃષ્ટિ પડતી મૂકો, અને આત્માની, ધર્મની, પરલોકની



તથા આધ્યાત્મિક દૃષ્ટિનો ખપ કરતા ચાલો. એનો વાણી, વિચાર અને વર્તન પર સુંદર પ્રભાવ પડશે, એ બધાને પવિત્ર બનાવશે, સાત્ત્વિક બનાવશે, કલ્યાણ સાધક જ હોવાની તકેદારી રખાવશે. જુઓ મહાપુરુષોનાં જીવન, ઉત્તમ વાણી-વિચાર-વર્તાવથી કેમ ઝગમગ્યા એ ? પાપ દૃષ્ટિ પડતી મૂકી તારક દૃષ્ટિ અપનાવી હતી માટે. મેલી દૃષ્ટિ ફેરવવી નથી, તો ઉદય નહિ થાય, મહા અધઃપતન થશે.

**દૃષ્ટિ ફેરવ્યા વિના પ્રગતિ નહિ :-**

દૃષ્ટિ એટલે અંતરનું વલણ. લોભિયાને પૈસા તરફનું વલણ છે, તેથી વાણી, વિચાર, વર્તાવ એવા જ ચાલે છે; વસ્તુને એવી જ ગણતરીથી જુએ છે. એમ જ્યાં ત્યાંથી માનપાન જ મેળવવા એવી દૃષ્ટિવાળો, એવા વલણવાળો એ જ દિશામાં તન-મન-ધનથી મચ્યો રહેવાનો. મૂળ વલણ પર આધાર છે. અંદરનું વલણ જો મેલું, યા હલકું તો ઉપરની વિચારણા, વાણી અને વર્તાવ સહેજે સહેજે એવા ચાલવાના. વલણ જો પવિત્ર અને ઉમદા કેળવાય તો જ વિચારણા વગેરે ઉત્તમ ચાલી શકે. સમ્યક્ત્વ અને એની ય પહેલાંની અપુનર્બંધક અવસ્થામાં પહેલું આ જ કરવાનું હોય છે કે વલણ મોક્ષનું બનાવવાનું; સંસાર પ્રત્યે ઉદ્વેગ-અરુચિનું કરવાનું. ભગવાનની ભક્તિ કરો, વ્રતનિયમ કરો, દાન કરો, યાવત્ સંયમ પાળો, શાસ્ત્ર ભણો, પણ એ બધું કરીને અનાદિનું સંસારપક્ષપાતી અને વિષયપક્ષપાતી વલણનો પલટો કરવાનો છે; અને એ થયો હોય તો એમાં જોસ લાવવાનું છે, મોક્ષ અને મોક્ષનાં અંગો તરફનો આંતરિક ઝોક આગળ આગળ વધતો જ જાય. એનું પરિણામ એ આવે છે કે પછી મોક્ષના અંગોની સાધનાઓમાં આત્મા અધિકાધિક એકરસ બનતો જાય છે, તન્મય થતો જાય છે, સાધના સહજ બની જાય છે.

**પિતા-પુત્રનો સવાલ-જવાબ :-** રાજકુમાર યશોધરનું વલણ ફરેલું છે, એટલે જમણી આંખ જે ફરકી હતી એના પર, પછી મૂર્ચ્છા આવી છતાં એને ખરાબ નથી લેખતો, પરંતુ જાતિસ્મરણ જ્ઞાનથી વૈરાગ્ય થયો અને લગ્ન પરથી મન ઊઠી ગયું, એ સારું થયું લેખે છે. એના પિતા વગેરે બધા ત્યાં ભેગા થઈ ગયા છે, પિતા પૂછે છે,

'વત્સ આ ! શું ?'

યશોધર કહે છે, 'પિતાજી ! સંસારનું નાટક ભયંકર છે.'

રાજા પૂછે છે, 'અરે ! અહીં સંસારનો શો પ્રસંગ છે ?'

'તાત ! એની મોટી કથા છે. ટૂંકમાં એ નહિ કહી શકાય. માટે કોઈ જગાએ આપ બેસો અને મારા માતૃવર્ગ તથા મુખ્ય લોકોને બોલાવો, એટલે હું સંસારનું શું ભયંકર નાટક છે તે આપને કહું.'

**મોટી કથા છે :-** બસ, લગ્નનો વરઘોડો ઊભો રહી ગયો, જુદું જ પ્રકરણ

બની ગયું. પિતા ડાહ્યો છે, વિચારક છે, એટલે એને એમ નથી થતું કે અત્યારે વળી રસ્તા વચ્ચે આ શું તોફાન ? તેમ છોકરાને એમ નથી કહેતો કે 'બેસ બેસ ગાંડા ! આ વળી શું ? અત્યારે અવસર તો જો. બધું સાજન ઊભું છે. લગ્નનો વરઘોડો છે, અહીં તે રોકાવાનું હશે ? બીજા ત્રીજા વિચાર કરાતા હશે ?' ના, આ નહિ કહેવાનું. એનો વિવેક, એનું ડહાપણ શીખવે છે કે જે પરણવા જેટલો સમજદાર છે, એને મૂરખ કેમ મનાય ? એ જ અહીં રસ્તા વચ્ચે મૂર્છિત થઈ જાય છે અને સચેત થયા પછી કોઈ ઊંડા વિચારથી કહે છે કે 'આ મોટી કથા છે, એકાંતે બેસીને સાંભળો, તો એ વસ્તુ ઉડાવી કેમ દેવાય ? માણસનું મોટાઈનું અભિમાન અને દુરાગ્રહ એમ મનાવે છે કે 'છોકરો ભલે પરણવાની વસ્તુ સમજતો હોય, પરંતુ બીજી બધી બાબતમાં એ અબૂઝ છે.'

અહીં તો પિતા તરત માની જાય છે, અને રાણીઓ તથા મુખ્ય લોકોને રસ્તાની બાજુમાં રહેલ એક મોટા બેઠકના હોલમાં બોલાવી લઈ બેસે છે, પછી યશોધરને કહે છે, 'વત્સ ! એ શું સંસારનું નાટક ? કહે.'

કુમાર કહે છે, 'સાંભળો પિતાજી ! કે મેં પૂર્વે શું શું અનુભવ્યું છે.' એમ બોલીને કહેવાની શરૂઆત કરી.

**કુમારની સંવેગભરી વાણી :-**

**''ताय ! निग्गुणो एस संसारो ! मोहाभिभूया खु पाणिणो न नियन्ति एयस्स सरूवं ।''**

પિતાજી ! આ સંસાર નગુણો છે. મોહથી પરાભવ પામેલા જીવો એના સ્વરૂપ તરફ જોતા નથી, સ્વરૂપનો વિચાર કરતા નથી. ન વિચારવા યોગ્ય વાતોનો વિચાર કરે છે, પોતાનું જ અહિત થાય એવા માર્ગે પ્રવર્તે છે, અને ભાવી પરિણામ શું આવશે એના તરફ દૃષ્ટિ સરખી નાખતા નથી !

આવા સંસારમાં જન્મ-જરા-મૃત્યુ, રોગ, શોક અને પ્રિયનો વિયોગ વગેરે વિકારો ઠેઠ મોટા દેવ, દાનવ અને મનુષ્યોને એક સરખા વળગેલા છે. ત્યાં થોડું પણ પ્રમાદનું આચરણ ભયંકર પરિણામ દેખાડે છે ! કેમ કે એક માત્ર લોટના કૂકડાની હિંસાનું પણ, જુઓ કે, કેવું પરિણામ આવ્યું ! હું પોતે આજથી નવમા ભવે રાજા સુરેન્દ્રદત્ત હતો, યશોધરા મારી માતા અને નયનાવલિ મારી પત્ની હતી...'

**યશોધર કથા પર લોકને ભવવૈરાગ્ય :-**

બસ, એમ કહીને ત્યારથી માંડીને આગળ કહેતાં આજ સુધીની, ઠેઠ જાતિસ્મરણ જ્ઞાન અને એના યોગે પૂર્વની ભયંકરતા જોવા ઉપર આવી ગયેલી મૂર્છા સુધીનો બધો ચિતાર યશોધરે ખડો કરી દીધો ! એમાં સુરેન્દ્રદત્તને ઝેરના



પ્રયોગ પર નીપજેલી દારુણ સ્થિતિ, રાણીનો ગળે ટૂંપો, મોરપણે લોખંડી પરાળે છુંદાવું, મૃગભવે ચિત્તાથી ચવાવું, મચ્છના ભવે કપાવું, છોલાવું, ઉપર હિંગ-મરી-લૂણના પાણીનો છંટકાવ, ને કડકડતા માખણની કઢાઈમાં તળાવું,...વગેરે વગેરે ઉપરાપર દારુણ બનાવો બનેલા પોતાના જ મોંઢે કહેવાયા તે સાંભળીને રાજા વગેરે ક્યાં ઊભા રહે ? રાજા, રાણી અને બાકીનો લોક સંવેગ પામી ગયો ! દિલમાં ઝણઝણાટી વ્યાપી ગઈ, સંસાર પર તિરસ્કાર ઊભરાઈ ઊઠ્યો, 'અહો ! અકાર્ય-આચરણનાં કેવાંક ભયંકર પરિણામ !' એમ સૌ બોલી ઊઠ્યા.

યશોધર મુનિવર સમરાદિત્યના જીવ ધનકુમારને કહે છે, ''પિતાજી વગેરેને એ બરાબર સમજાઈ ગયું એટલે મેં એમને કહ્યું 'તાત ! અકાર્ય-આચરણનું આવું ભયંકર પરિણામ જોઈને મારું ચિત્ત આ સંસાર કારાગાર પર વિરક્ત થઈ ગયું. સંસાર એ જીવને એવો મૂંઝવી મારે છે કે પછી જીવ સહેજે સહેજે અકાર્ય સેવવામાં ફસાય છે. ત્યારે **એ સંસાર કેટલો ભયાનક ! કેવો જુગુપ્સનીય ! કેવો આત્મઘાતક !** મને એના પર ભારે તિરસ્કાર છૂટ્યો છે, અને હવે તો જિનવચનનો પ્રતિબોધ મારા મનમાં સ્ફુરી આવ્યો છે.''

**જિનવચન કેમ આકર્ષક ? :-**

યશોધર આ કહી રહ્યો છે તે મનમાં સમજીને કે જિનવચન સંસારવાસ છોડાવી એવું ઉત્તમ શ્રમણ જીવન પમાડે છે કે જ્યાં મોટાં તો શું પણ નાનામાં નાનુંય અકાર્ય સેવવું પડતું નથી. જગતમાં ધર્મના નામે ઘણી વાતો ચાલે છે, દુનિયામાં કેઈ મતો સંસારત્યાગનો ધર્મ બતાવે છે, પણ તે પાપથી રહિત નથી, મુક્ત નથી, પાપથી મિશ્રિત છે, સંસ્પૃષ્ટ છે. એ તો એક માત્ર જિનવચને બતાવેલો જ સંસાર-ત્યાગનો ધર્મ એવો છે કે જ્યાં ત્યાગીનું જીવન સર્વથા પાપાચરણથી મુક્ત છે. જો આ કિંમતી માનવ જીવનમાં જ એ અહીં મળી શકે છે તો આટલાં અકાર્ય આચરણના ભયંકર પરિણામ જોયા પછી હવે શા સારું જિનવચન કથિત એ ધર્મ ન અપનાવી લેવો ? હવે વિલંબ કરવો જ શા માટે ? જીવનનો શો ભરોસો છે ?''

યશોધરના મનમાં આ ભાવના છે, પણ રાજાની નજર એટલે પહોંચતી નથી તેથી જુઓ કે કુમાર શું માગે છે અને રાજા શું ઉત્તર કરે છે ?

કુમાર કહે છે, 'માટે પિતાજી ! આપ મને અનુજ્ઞા આપો કે જેથી આપના પ્રભાવે હું આ મારું મનુષ્ય જીવન સફળ કરી લઉં.'

પિતાજીને સંવેગ તો થયો હતો, છતાં પુત્રનું લગ્ન લેવા નીકળેલા એમને આ એક ધડાકો લાગ્યો ! અનાદિકાળથી સંસારમાં મોહનો સારી રીતે અભ્યાસ થયેલો છે, એટલે એ મોહનો દોષ એમને પાછો સ્ફુરી આવ્યો. પછી ત્યાં મોહથી

વિહ્વળ બનેલું ચિત્ત સારાસારનો વિવેક ક્યાંથી કરી શકે ? દીર્ઘ ભવિષ્ય કાળનો વિચાર શી રીતે લાવી શકે ? વચનનો પરમાર્થ શી રીતે સમજી શકે ?

યશોધર મુનિ ધનકુમારને આગળ જણાવે છે કે,

પિતાજી મને કહે છે,

'વત્સ ! પુત્રનો સ્નેહભંગ કોણ કરે ? તારો મનુષ્ય જન્મ જરૂર સફળ થાઓ. એટલા જ માટે આ ઈશાનચંદ્ર રાજાની પુત્રી સાથે લગ્ન કરી લે. ત્યારબાદ પ્રજાનું સારી રીતે પાલન કરીને મહાન પુણ્યસંચય કરવા દ્વારા માનવજીવન સફળ કર.'

મારો આશય શો હતો અને મનુષ્યપણું સફળ કરવાના શબ્દ પકડી પિતા ક્યાં જઈ રહ્યા છે ? પણ આમાં નવું કાંઈ નથી, મોહના મહાઅભ્યાસને લીધે એમ બનવું સહજ છે.

મેં કહ્યું, 'તાત ! મેં પહેલાં જ વિનંતી કરી છે કે મારું ચિત્ત સંસાર પ્રત્યે વિરક્ત બની ગયું છે. તેથી મારે હવે પત્નીનો સંગ્રહ કરવાથી સર્યું.'

ત્યારે પિતાજી કહે છે, 'અરે ભાઈ ! પત્ની કરવામાં શો દોષ છે ?'

**સ્ત્રી સંગ્રહ અટલે ? :-** મેં જવાબ આપ્યો 'તાત ! સ્ત્રી સંગ્રહ એ તો વગર ઔષધિની વ્યાધિ છે. બીજી વ્યાધિનાં ઓસડ મળે, પણ આ સ્ત્રી સંગ્રહનો વ્યાધિ વળગાડ્યા પછી એનું કોઈ ઓસડ નથી. એનું કારણ એ છે કે,

એ મોહનું ઘર છે. દુશ્મનના ઘરમાં ફસાયા પછી એનો પરાજય થાય ? એ તો બહાર હોઈએ તો એની સામે લડી એનો પરાજય કરી શકીએ. એમ **સ્ત્રી એટલે મોહનું પોતાનું ઘર.** એના સંબંધમાં ફસાયા પછી બચાવ જ ક્યાં મળે ?

**સ્ત્રી એ તો ધૈર્યનો હ્રાસ અને વિક્ષેપની સભા છે,** ત્યાં પછી સ્વસ્થતા મૂકી ચિત્તનું ડહોળામણ ભારે ! દુનિયામાં દેખાય જ છે કે માણસ અપરિણીત હોય તો ચિંતા ઓછી રહે છે, પણ લગ્ન કર્યા પછી ચિંતા, વિહ્વળતા વધે છે, અસ્વસ્થતા ઈચ્છે કે ન ઈચ્છે પણ સ્ત્રીનો ભાર માથે લીધા પછી કોટે વળગે જ છે. કેટલાય વિચાર એના યોગે કરવા જ પડે છે.

**માટે જ સ્ત્રીસંગ્રહ એ તો શાંતિનો વિરોધી છે.** સ્ત્રી પરણ્યો છે અને એની જવાબદારી સમજવાજોગી સહૃદયતા છે પછી એકલા પોતાના આત્માનો વિચાર કરી શાંત બેસી રહેવાનું કેવું ? એ વળગાડેલી લપને વહન કરવા માટે અશાંતિમાં સબડવું જ પડે અને એકલી અશાંતિથીય પતે એવું નથી.

**સ્ત્રીનો સંગ્રહ કર્યા પછી તો મદ ચઢે છે. સ્ત્રી સંગ્રહ એ મદનું ભવન છે.** એમાં પડ્યા એટલે મદના ઘરમાં પેઠા. સહેજે મનને ખુમારી આવે છે કે હું પતિ છું, સ્વામી છું, સ્ત્રી એ મારી આજ્ઞાંકિત છે. મદ અભિમાનનોય ખરો, અને



મોહનોય ખરો. પરણેલાને કામરાગનો નશોય ચઢે છે અને ગર્વ પણ થાય છે. આ સ્થિતિમાં શુભ ધ્યાનનાં આંદોલનો કેવાં !

**સ્ત્રી સંગ્રહ કર્યો એટલે બસ સમજી જ રાખો કે શુભ ધ્યાનના વૈરીની દોસ્તી કરી.** હવે શુભ ધ્યાન ગયા. હવે તો એના પાલન-પોષણ માટે કેઈ આર્તધ્યાનના તરંગ કરવા જ પડવાના. 'એમને આ ઠીક છે, આ ઠીક નથી, સારું થયું આ એમને ગમ્યું ! ને આટલું ન ગમ્યું એ ઠીક ન થયું...' વગેરે વગેરે ચિત્તમાં ચાલ્યા કરવાનું. ત્યાં ધર્મધ્યાનને જગા જ ક્યાંથી મળે ? એકાગ્રતાથી શુભ ચિંતન શી રીતે ચલાવી શકે ?

અને તાત ! વિશેષ શું કહું ? **સ્ત્રીનો સંગ્રહ કરવો એ તો દુઃખના સમૂહને હાથે કરીને પેદા કરવાનો ધંધો છે,** સ્ત્રીમાં સુખનો ઘાત છે અને સ્ત્રી એ પાપનું નિવાસસ્થાન છે. પૂર્વે કહ્યું તેમ મદ-નશાને લીધે આ સ્થિતિ સમજવા મન તૈયાર ન હોય, બૂઠું હોય એ જુદી વાત બાકી વસ્તુસ્થિતિએ એ અસ્વસ્થતા, વિહ્વળતા, ડહોળામણ, અશાંતિ વગેરે તો દુઃખરૂપ જ છે. માટે સ્ત્રીસંગ્રહમાંથી દુઃખનાં પોટલાં જ ઊભાં થાય છે. સાચાં શાંતિસ્વસ્થતાનાં અને બીજાં સુખો ત્યાંથી અદૃશ્ય થઈ જાય છે. લાવો બતાવો એક દાખલો કે, સ્ત્રીસંગ્રહ કર્યો અને દુઃખ ટળ્યાં, મહાશાંતિ મળી, સુખ ઊભરી પડ્યાં ! એક દાખલો નહિ જડે.

દુઃખ તો દુઃખ, પણ ઉપરથી પાપના ગંજ વધારવાના. પાણિગ્રહણ એ કોઈ આત્મહિત સાધવાની ક્રિયા નથી.

**સ્ત્રીના સંબંધ બાંધવા એટલે તો મહા પાપના ઘરમાં પેસવાનો ધંધો છે. ત્યાં પછી પાપની રેલમછેલ !** ઈચ્છા હોય કે ન હોય, પણ આરંભ-વિષય-પરિગ્રહનાં પાપ કરવાં જ પડે; રાગ-દ્વેષ-મોહ વગેરેનાં પાપ કર્યે જ છૂટકો !

માટે હે તાત ! જે આત્મા સ્ત્રી સંગ્રહ કરે છે તે તો બિચારા સિંહની જેમ સમર્થ હોવા છતાં પણ પાંજરામાં પુરાયેલાની જેમ પરલોક હિતની સાધના માટે મળેલા ઉત્તમ મનુષ્યભવ છતે પણ સિદાય છે, માનવ-જન્મનો તે ઉદ્દેશ સિદ્ધ કરવામાં પાછા પડે છે.

**વિષય વિભાગ એ વિષ્ઠાશોધન :-**

અને પિતાજી ! બીજી પણ એક મહત્ત્વની વાત છે કે ચિત્ત એક રત્ન જેવું છે, એવા ચિત્ત રત્નથી સોનાના થાળમાં વિષ્ઠાનું શોધન કરવું યોગ્ય નથી. **ઈન્દ્રિયોના વિષયોનો વિભાગ કરવો એ વિષ્ઠાનું શોધન કરવા જેવું છે.** અર્થાત્ આ વિષયો ઈષ્ટ અને આ અનિષ્ટ, અમુક સારા, ને અમુક ખરાબ, સારા ઈષ્ટને પકડો, નરસા અનિષ્ટને હટાવો આમ કરવું એ વિષ્ઠાના સારા-નરસા વિભાગ કરવા જેવું છે.

એવું કામ સુવર્ણ જેવા મનુષ્યભવમાં રત્ન જેવા ચિત્તથી કરવાનું શી રીતે ઉચિત ગણાય ? મનુષ્યપણું તો જો જિનવચનના બોધવાળું મળ્યું છે તો તે અચિંત્ય ચિંતામણિ રત્ન સમાન છે. એ કર્મભૂમિ છે, પુરુષાર્થનું ક્ષેત્ર છે. એમાં ચારિત્રના પાલનરૂપે મોક્ષપદની સાધના કરવી જોઈએ. માટે તાત ! બીજા-ત્રીજા વિચાર કરવા રહેવા દ્યો અને મને સમસ્ત દુઃખનું કૂટિયું કરનારી દીક્ષા લેવા માટે સંમતિ આપો.'

અહીં યશોધરકુમારે ત્રણ ઉત્તમ તત્ત્વ કહ્યાં,-

**(૧) મનુષ્યભવ પરલોકહિતની સાધના માટે મળ્યો છે,**

(૨) સ્ત્રીના સંગમાં પડેલો પુરુષ એ પાંજરામાં પુરાયેલા સિંહની જેમ સિદાય છે;

(૩) શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ, એ પાંચ વિષયોમાં મનથી ઈષ્ટ-અનિષ્ટના ભેદ પાડી ઈષ્ટ તરફ ઝૂકવું એ રત્ન વડે વિષ્ઠાનું વિભાજન કરવા જેવું છે.

આમાં પહેલી વાત,-મનુષ્યપણું પરલોકહિત સાધવા માટે મળ્યું છે. પરભવ બગાડનારા ભવ ઘણા, પણ એ સુધારવા માટે ઉત્તમ ભવ મનુષ્ય ભવ છે.

**પરલોક શાથી બગડે છે ?** હિંસા, જૂઠ, ચોરી, દુઃશીલતા અને પરિગ્રહથી. પરલોક શાથી બગડે છે ? વેર-ઝેર-ઈર્ષ્યા-બદમાશીથી. કેમ પરભવ ખુવાર થાય છે ? મિથ્યાત્વ-અજ્ઞાન અને એની પાછળ થતી દોડધામથી. પરલોક કેમ બગડે છે ? કષાયો અને વિષયોની રમતથી. એ તો માત્ર મનુષ્યભવમાં જ નહિ કિન્તુ બીજા ભવોમાં પણ કરવાનું બહુ મળે છે. નથી મળતાં પરલોક સુધારનારાં તત્ત્વ.

**પરલોક શી રીતે સુધરે ?** અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહથી.

પરભવ કેમ સુધારી શકાય ? મૈત્રી-કરુણા-પ્રમોદ-માધ્યસ્થ્યથી.

પરલોક શી રીતે સુધરે ? ત્યાગ, વિરાગ અને ક્ષમા-નમ્રતા-સરળતાથી-નિસ્પૃહતાથી.

પરભવ કેમ ઉજ્જવળ બને ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપથી.

કહો બરાબર છે ? કે આના કરતાં કોઈ જુદો જ રસ્તો છે ? જુદો કહેતા નહિ, કેમ કે **જે કારણે સંસાર છે, એનાથી વિપરીત કારણોએ જ મોક્ષ થાય.** સંસાર હિંસાદિ કારણોએ જ છે, એ સત્ય દુનિયામાં દીવા જેવું દેખાય છે; કેમ કે ચારે બાજુ નજર નાખો, મોટા ભાગના જીવો એમાં જ મચ્યા છે, અને આવું તો પૂર્વકાળથી ચાલ્યું આવે છે. એટલે કે જીવો સંસારમાં ભમ્યા કરે છે તે એ જ કારણે. એ પરથી સ્પષ્ટ સમજાય છે કે



હિંસાદિ પાપો પરલોકને બગાડનારા છે; તો પછી પરલોકને સુધારવાનું કામ એનાથી ન બની શકે; એ તો અહિંસાદિ ધર્મથી જ બને, અને

અહિંસાદિ ધર્મની શ્રેષ્ઠ સગવડ-નક્કર સગવડ મનુષ્યભવમાં જ છે, એ નજરે દેખાય છે.

એટલે એ નક્કી થાય છે કે **મનુષ્યભવની પ્રાપ્તિ પરલોક સુધારવા માટે છે.**

હા, પરલોક બગડ્યો પાલવતો હોય તો જુદી વાત, પણ અહીંથી મરીને કીડા-મંકોડાદિ તિર્યંચના ભવ કે રૌરવ દુઃખભર્યા નરકના ભવ મળશે એ વાત સાંભળવી પણ ગમતી નથી, એ સૂચવે છે કે પરલોક બગડે નહિ પણ સુધરે તો સારું એ જ પસંદ છે; અને સુધારવાનું **ઉત્તમ સ્થળ મનુષ્યભવ જ છે.**

તો આ રોજ શું, ક્ષણ ક્ષણ ધ્યાન રાખો કે ‘મનુષ્યભવ પરલોક સુધારવા માટે જ છે; ત્યાં હું શું કરી રહ્યો છું ? સુધારવાનું કે બગાડવાનું ? પરભવ મારો બગાડે એવી હિંસાદિ કુપ્રવૃત્તિ, વેરઝેર વગેરે ઉકળાટ, મિથ્યાત્વાદિ દોષો અને વિષય-કષાયનાં દુષ્કૃત્યો કેમ ચલાવી રહ્યો છું ? છતે અહિંસાદિ પરલોક સુધારનારા ઉપાયે ? એ ચલાવ્યા તો દુઃખમય પરભવ મળ્યાથી કઈ દશા ? પછી તો ત્યાં દુઃખ, ત્રાસ ઉપરાંત હિંસાદિ જ મળવાના. ત્યાં અહિંસાદિ ધર્મ નહિ મળે, મૈત્રી આદિ ભાવનાઓ નહિ જ મળે, પરમેષ્ઠીસ્મરણ અને સમ્યક્ત્વાદિ મળવાનાં ફાંફાં, ત્યાગ વૈરાગ્યાદિ મળે જ શાના ? તેમ એ પણ વાત છે કે આ બધી વસ્તુ સામે આંખમિચામણાં કરું અને હિંસાદિ પાપ અહીં ચલાવ્યે રાખું તો ય એથી કયું સાચું નક્કર સુખ કે ચિત્તની મહાશાંતિ-સ્વસ્થતા મળે છે ?...

આ બધો બહુ વિચાર કરવા જેવો છે. ઘોડાપૂરની જેમ જીવન તો વહી રહ્યું છે. **કાળ ટૂંકો છે, કામ મોટું છે,** એક ક્ષણનો પણ વિલંબ કરવો એ મહામૂર્ખાઈ છે. લોકોત્તમ અરિહંત પરમાત્મા અને એમનું વિશ્વશ્રેષ્ઠ શાસન મળ્યા પછી ય દુર્દશા ?

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૧૦,અંક-૯,તા.૧૧-૧૧-૧૯૬૧

### સ્ત્રી પરિગ્રહ એટલે ? :-

**બીજી વાત** યશોધરે એ કહી કે પરલોક સુધારી શકનારો મનુષ્યભવ મળવા છતાં સિંહ જેવા સમર્થ પુરુષો સ્ત્રી સંગમાં જો ફસ્યા તો પાંજરામાં પુરાયા જેવા છે. સ્ત્રીઓ માટે પણ એવું જ છે. એ પણ પુરુષના પનારે પડી તો સિંહણ પણ પાંજરે પુરાયેલી ! એ સિદાય, પરલોકહિતનું એકાંતે સાધન ન કરી શકે. સિંહ એટલે ? મોટા ગજેન્દ્રોના મદ તોડી નાખે ! પણ જો પાંજરે પુરાયો તો શું કરી

શકે ? એક સસલું પણ આવીને એનો તિરસ્કાર કરી જાય. પાંજરામાં ભૂખ્યો-તરસ્યો ટળવળે. સારા જંગલમાં ઘૂમી વળવાની તાકાતવાળો છતાં એક ફર્લાંગ પણ ન જઈ શકે ! બસ સ્ત્રી સંગમાં ફસાયેલ પુરુષ કે પુરુષ સંગમાં ફસેલી સ્ત્રીની આ કરુણ દશા છે. ગજેન્દ્ર જેવા મોહને તોડી નાખવાની તાકાત છતાં સામે નિમિત્ત ઊંધું છે એટલે મોહને ઘટાડવાને બદલે વધારવાનું થાય છે ! નાના-નાના રાગદ્વેષ અને મદ-માયા પણ એને દબાવી જાય છે. સ્ત્રીસંગની ફસામણનું પાંજરું એને ઉત્તમ જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ભોજન વિના ભૂખ્યો ટળવળાવે છે. ઊંચા ઊંચા શુભ અધ્યવસાયો અને તત્ત્વરમણતા તથા ત્યાગના વનમાં વિહરી શકવા સમર્થ છતાં સ્ત્રીસંગની પંજરબદ્ધતા એને એમાં વિહરવા દેતી નથી. એ તો એને મુફલીસ તુચ્છ જડની ચિંતામાં જકડી રાખે છે. એટલે ? 'બસ, આટલા પાંજરામાં ઘૂમ્યા કરો, તેલ લાવો, તાવડી લાવો, મસાલા લાવો ઘર સમારાવો..., આવી ને આવી કે જે કીડાને પણ સુલભ છે, તે તુચ્છ કાર્યવાહીમાં જીવન પૂરું કરવાનું.

ક્યાં ઉત્તમોત્તમ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં, અહિંસા, સંયમ-તપમાં અને ઉત્તરોત્તર ત્યાગના સેવન સાથે મઘમઘતા સૂક્ષ્મતમ તત્ત્વોમાં ઝીલવાનું ? અને ક્યાં ગલીચ આહાર-વિષય-પરિગ્રહ, મિથ્યાત્વ-અવિરતિ-કષાય, અને માટીની માયામાં સબડવાનું !! સારું સામર્થ્ય નથી ? છે, પણ સ્ત્રીસંગની ફસામણમાં શું કરી શકે ? તેય કૂતરો કૂતરીની, અને ગધેડો ગધેડીની ફસામણામાં સિદાય, એ તો બિચારો છે. નહિતરે ય શું કરી શકે ? એની પાસે ઉત્તમ મનુષ્યભવ અને ધર્મસામગ્રી નથી. પરંતુ અહીં તો બધું મળ્યું છે, પરલોક સુધારી આપે, ઉજ્જવળ કરી આપે એવું પ્રાપ્ત થયું છે, સારું કરવાની સમજ પણ પડે છે અને ઈચ્છા પણ છે, છતાં સ્ત્રીસંગની ફસામણ ભૂંડી !

સ્ત્રી જાણે હાથે પગે બાંધી દે છે. 'ખબરદાર ! અહીંથી ચસક્યા તો !' એમ જાણે એ કહે છે.

સ્ત્રી હાકલ કરે છે, 'હું બેઠી છું અને પરલોક સુધારવાની વાત કેવી ?'

સ્ત્રીસંગ ભરમાવે છે, 'સ્ત્રી પરિવાર પહેલા, તમારા આત્માના કલ્યાણની વાત પછી. અમારું સંભાળો, પૂરું કરો, પછી દેવ-ગુરુ-ધર્મની વાત !' એનું પૂરું થાય ? ના, મરો ત્યાં સુધી એ કર્યા કરો.

પુરુષ સમર્થ સિંહ જેવો છતાં સ્ત્રી સંગના પાંજરામાં ગળિયો ધેંસ ! ગમે તેટલું સમજતો પણ હોય, છતાં બિચારો કરે શું ? એક સ્ત્રીની લોથ એવી વળગી છે કે હવે એને ન તો માથેથી ઉતારી શકે કે ન સાધના કરી શકે !

ત્રીજી વાત યશોધરકુમારે એ કહી કે રત્ને જડ્યા સોનાના થાળમાં વિષ્ઠાનું



શોધન કરવાનું ન કરાય; તો જિનવચનના બોધ સાથેનું મનુષ્યપણું એ સોનાનો થાળ તો શું-અચિંત્ય ચિંતામણિ જેવું છે, એમાં ઇન્દ્રિયોના વિષયોને 'આ સારા, આ ખરાબ, આ ઈષ્ટ, આ અનિષ્ટ' એમ કેમ વિણાય ? એમ વિણ્યા કરવા એ વિષ્ઠાના પુદ્ગલ વીણવા જેવું છે. કરાય એ ? ના, કેમ કે પહેલું તો વિષ્ઠાની માફક વિષયોને વીણવાનું કામ જ ખોટું છે. વિષ્ઠા બધી જ ખરાબ છે, એમાં સારી-ખોટી વીણવાનું શું ? એમ વિષયો બધા જ અસાર છે, તુચ્છ છે, એમાં તાત્ત્વિક કોઈ જ સાર નથી, કલ્પનાથી ઘડીવાર સારા લાગે એ જુદી વાત, પરંતુ સમય સંયોગ કે અવસ્થા બદલાતાં એના એ જ નરસા લાગે છે; પછી ત્યાં સારાપણું ક્યાં રહ્યું ? જીવ અજ્ઞાન અને મોહમૂઢ દશામાં જ મરે છે, વિષયોમાં સારા-નરસાપણાની કલ્પના કરી કરીને નાહકનો હેરાન થાય છે. આ ભેદ પાડવો જ ખોટો છે, અને તે વળી જિનવચનના બોધવાળા મનુષ્યભવમાં ? સુવર્ણ કે રત્નના થાળમાં પાયખાનાના માલનું વિભાગીકરણ ?

યશોધર કેમ કહી રહ્યો છે આ ? પિતાનું અજ્ઞાન ટાળવા. પિતા સમજે છે કે કુમારને બીજી સામાન્ય કન્યા નહિ, પરંતુ આવી સારી રાજકુમારી મળે છે અને રાજશાહી વૈભવો છે તો એ ભોગવીને જીવનને સફળ કરી લે. 'આ સમજમાં એ જ ભર્યું છે કે માનવજીવનમાં સારા સારા વિષયો વીણીને ભોગવી લેવા. પરંતુ એ સોનાના થાળમાં મેલું ભરવા જેવું છે.'

કુમારને પોતાના પૂર્વ ભવો દેખાયાથી દૃષ્ટિ કેટલી બધી સ્વચ્છ બની ગઈ છે ! દૃષ્ટિ સ્વચ્છ બનાવવા ક્ષણિક પૌદ્ગલિક સુખના લાભ પડતા મૂકવા જોઈએ. એવા સુખની લંપટતા દિલને ગળિયું બનાવતું રહે ત્યાં સુધી મન સ્વચ્છ નહિ થાય; વિચારક નહિ બની શકે.

**તપાસજો, મન અસ્વસ્થ કેમ બને છે ?**

દેખાશે કે ઉપર યા ઊંડે ઊંડે અંદર વિષયસુખની લાલચ-લંપટતા બેઠી છે.

'અથવા, મારી જાત આગળ આવે, હું સારો દેખાઉં, મારી વાહ વાહ થાય,' આવું ય કાંક અંદરમાં થતું હશે.

'અથવા, મને લાગે છે એ જ બરાબર છે,' આવી ય વૃત્તિ રહેતી હશે.

એટલે એના પર મન બગડે છે. તો એ ય શું છે ?

મન એક પ્રકારના ઇન્દ્રિય-સુખની લંપટતા તરફ જાય છે, કેમ કે એ આંખે એ જોવા આતુર છે કે બીજાઓ મારી તરફ માનથી જુએ; કાને એ સાંભળવા ઉત્સુક છે કે બીજાઓ મારું સારું બોલે છે ને ? મન એ જાતના આગ્રહમાં છે કે મારું અહંત્વ-વ્યક્તિત્વ ઘવાવું ન જોઈએ. બસ, આત્મહિતની પરવા બાજુએ રાખી

બહારના ભળતા પદાર્થના સુખની લાલચ ઊઠે છે પછી મન મેલું-અસ્વચ્છ બને છે, અને એના ઉપર દૃષ્ટિ ખોટી બને છે, સાચું પકડવા અસમર્થ બની જાય છે.

માનવ જીવનરૂપી સુવર્ણના થાળમાં વિષયોના સારા-નરસા વિભાગ પાડવા તથા એકને આવકારવા બીજાને તુચ્છકારવા એ વિષ્ઠાના વિભાગીકરણ જેવું છે. આવી દૃષ્ટિ જિનવચન મલ્યાથી ઊભી થઈ શકે કે ટકી શકે એવું છે. હા હજી ય અનાર્ય ક્ષેત્ર-અનાર્ય સંસ્કાર મલ્યા હોય તો દૃષ્ટિ વિષયોના પક્ષપાતવાળી રહે એ સહજ છે, પરંતુ અહીં તો જિનવચનનો બોધ મળવા જેટલી ઊંચી આર્યતા મળી છે, તો પછી ય વિષયોને તુચ્છ લેખવાની સાચી દૃષ્ટિ નહિ ?

યશોધરે પિતાને કહ્યું તેમ વિચારવા જેવું છે કે આ તો ધર્મની હયાતી હોય એવી કર્મભૂમિમાં જન્મ મલ્યો છે અને ત્યાં પરમપદ મોક્ષ માટેની સાધના શક્ય છે, આટલું છતાં ય દૃષ્ટિ અનાર્ય જેવી, મ્લેચ્છ જેવી રહે એ શું ? અકર્મભૂમિ કે જ્યાં ધર્મનું નામ નિશાન નથી ત્યાં જન્મ મળ્યો હોત તો વિવેકી દૃષ્ટિ જાગવાના સંયોગ જ ક્યાં હતા ? ત્યારે અહીં દૃષ્ટિ ઘેલી, અજ્ઞાન, મોહમૂઢ રાખનારા સરવાળે શો લાભ ખાટી જાય છે ? કાંઈ જ નહિ. વિશિષ્ટ માનવબુદ્ધિ-શક્તિની એમાં વિટંબણા છે, બરબાદી છે; એના સ્વ અને પર બંને ઉપર પ્રત્યાઘાતો ભૂંડા છે.

**યશોધર પર સ્નેહ શું કરાવે છે ? :-**

યશોધર મહાત્મા સમરાદિત્યના જીવ ધનકુમારને પોતાનું રોમાંચક ચરિત્ર કહી રહ્યા છે એમાં આ છેલ્લાભવનો અધિકાર કહેતાં પોતાને મુનિદર્શનથી થયેલ જાતિસ્મરણ અને પોતાના પિતાને પોતાને થયેલ વૈરાગ્યની વાત કરી, તથા

**માનવજન્મની પ્રાપ્તિનો ઉદ્દેશ પરલોક સાધના.**

**સ્ત્રીસંગ્રહથી આત્માની પાંજરે પડેલા સિંહના જેવી લાચારી.**

**મનુષ્યપણામાં વિષયસેવન એટલે સોનાના થાળમાં વિષ્ઠાનું શોધન.**

કર્મભૂમિમાં જ પરમપદ સાધક ચારિત્રની શક્યતા, વગેરે સમજાવી ચારિત્ર માટેની માગેલી રજાની વાત કરી. હવે પિતા રાજા એના જવાબમાં શું કહે છે અને આગળ શું બને છે એ જણાવતાં કહે છે.

'હે મહાનુભાવ ! મારા આ સચોટ નિવેદન પર પિતાજીને હવે મારા લગ્નનો આગ્રહ કરવાનો રહ્યો નહિ, છતાં હજી મને ચારિત્રની એકદમ રજા આપવા ઉત્સાહિત થયા નહિ ત્યારે એ જોવા જેવું છે કે જીવે આ સંસારની રંગભૂમિ પર આડા અવળા કેવા ખેલ ખેલ્યા હોય છે કે જેથી બાંધેલાં અંતરાયકર્મ, અહીં છતી ચારિત્રની તૈયારીએ પણ, આડાં આવી ઊભાં રહે છે ! માટે જ કોઈને ય નાના પણ ધર્મમાં સીધો કે આડકતરો અંતરાય કરતાં કે દેવ-ગુરુ-ધર્મની નિંદા



કરતાં, અરે એક નાનોય અશુભ ભાવ લાવતાં બહુ વિચાર કરવા જેવો છે. મારા પિતાજી મને કહે છે,

'વત્સ ! તું કહે છે એ બરાબર છે. પરંતુ તો પણ પરમાર્થની ય વાત સ્નેહ ઘેલા મારા હૃદયને હતાશ કરે છે; એટલું બધું એ સ્નેહથી શિથિલ બની ગયું છે !'

**સ્નેહ પર વિચાર ? :-** મેં એમને જવાબ આપ્યો, 'તાત ! પરમાર્થ તરફ દૃષ્ટિ ન નાખતાં તુચ્છ અને અવાસ્તવિકમાં રાચી રહેલો સ્નેહ રાખવો રહેવા દ્યો. આપ જ વિચારો કે સ્નેહ હૈયાને ક્યાં દોરી રહ્યો છે ? એ તો આ ઉત્તમ ભવમાં સ્વ-પરના મહાન આત્મકલ્યાણની વસ્તુ તરફ દુર્લક્ષ કરાવે છે, અને આત્માને અપકાર કરે એવાં તુચ્છ વિનશ્વર વિષયો અને મોહમાયા તરફ હૃદયને ઘસડી રહ્યો છે. જીવનો આ અવિવેક છે. વિવેકના ઉત્તમ ભવમાં એવા સ્નેહ કરીને શું મળવાનું ? કહ્યું છે.

**दीवो व्व सव्वलोओ खणे खणे जायइ विणस्सइ य ।**
**संसरइ य णेहवसा निरुवायाणो य उल्हाइ ॥**

અર્થાત્ સમસ્ત લોક એક દીવા જેવો અનિત્ય છે; ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. જીવ બિચારો સ્નેહ-મમત્વવાળો બનીને આથડે છે, અને જ્યાં સ્નેહ ખૂટે છે ત્યાં બુઝાઈ જાય છે.

આ સ્થિતિમાં સ્નેહ-મમતા કરી શા કામની ? હા, જેના પર મમત્વ થાય છે એ સ્વયં સ્થિર હોય. નિત્ય હોય યા આપણે એને સ્થિરપણે ટકાવી શકતા હોઈએ, તેમ જ આપણે પણ અહીં નિત્ય-કાયમી બેસી શકતા હોઈએ અને સ્નેહ કરતા હોઈએ, તો જુદી વાત, એ તો કાંઈ આપણા હાથમાં નથી. નથી હું સ્થિર કે નથી આપ સ્થિર; બંનેને અહીંથી ઊડવાનું છે. હવે સ્નેહ કેટલો ચાલવાનો ? તો શું એવા તકલાદી અસ્થિર સ્નેહ ખાતર પરમાર્થની વસ્તુ તરફ આંખમિચામણાં કરવાં ?

વળી સ્ત્રી સંગ્રહ એ આત્મહિત સાધવાની આડે દીવાલ છે, એમાં ફસેલા પુરુષો પાંજરે પૂર્યા સિંહ જેવા છે, પરલોક સાધના માટે અસમર્થ બને છે, અને વિષયોની લપ એ વિષ્ઠાની રમત છે, આ બધાં સનાતન સત્ય છે; પરમાર્થથી યાને વાસ્તવિક રીતે એ એમ જ છે. તો ક્ષણિક સ્નેહની ખાતર એને કેમ અવગણાય ?'

પિતા સમજી ગયા, તરત બોલ્યા, 'વત્સ ! તું કહે છે એ બરાબર છે. સ્નેહ ખોટો છે. એટલે તને સંસારમાં રોકી રાખવો વાજબી નથી. પણ એક વાત વિચારવા જેવી છે કે તું આ પેલી ઈશાનસેન રાજાની પુત્રી સાથે પાણિગ્રહણ કરવા નીકળેલો સંસાર ત્યાગ કરી દેશે તો એ બિચારીનું દિલ દુભાશે ! એ કારણે તારે વિચારવા જેવું છે.'

**રાજકુમારી માટે રસ્તો :-**

મે કહ્યું. 'પિતાજી, આ કારણ તો મામૂલી છે. આમાં કાંઈ બહુ વિચારવા જેવું નથી.

કેમ મામૂલી ? કારણ એ જ કે આપણે ઉચ્ચ આત્મહિત સાધવું છે ત્યાં બીજાને મોહના લીધે દુભામણ થાય એથી આત્મહિત ચૂકીએ તો ઊંચા જ ન અવાય. બાકી માણસનાં આવાં સુખદુઃખ જે કાંઈ કાયમી હોતાં નથી, પલટાતાં રહે છે. આપણે મનમાં માનતા રહીએ કે હું આને સુખી કરી દઉં પણ એ સુખ તો સંસારના જ ઘરનું ને ? શાનું એ ધાર્યું ટકે ? આપણી માન્યતા એમ જ ખડી હોય અને ગમે તે નિમિત્ત ઊભું થતાં એ સુખ પલાયન ! ત્યારે દુઃખનુંય એવું છે. લાગે કે આપણે ન્યાયના રસ્તે ચાલીશું તો અમુકને દુઃખ લાગશે, પરંતુ સમય જતાં એવું બને છે કે, એને જ આપણી ન્યાય માર્ગની પ્રવૃત્તિ તરફ ઉપરથી આનંદ પ્રગટ કરે છે. તાત્પર્ય, રાજકુમારીને દુઃખ લાગશે એ કોઈ મોટો સવાલ નથી.

યશોધર કહે છે, 'છતાં આપ એમ કરો કે આ પરિસ્થિતિની રાજકુમારીને જાણ કરાવો. સંભવ છે કદાચ એ પણ આ બધું જાણીને પ્રતિબોધ પામી જાય.' ઉચ્ચ વિચારસરણીવાળાઓ યોગ્ય આત્મા માટે આશાવાદી રહે છે, હૈયું ઉમદા માર્ગે ચઢી ગયું એનો અર્થ એ નહિ કે બીજાઓ પર ચોકડો મૂક્યા કરે.

**પુરોહિત રાજપુત્રી પાસે :** રાજાએ એની એ વાત ઝીલી લીધી. કહે છે 'આ બરાબર છે. રાજકુમારીને હકીકત જણાવવી જોઈએ' એમ કહીને તરત જ રાજાએ પુરોહિતને બોલાવ્યો, એને કહ્યું' જાઓ રાજા ઈશાનસેનની પુત્રી પાસે અને આ જેવો બન્યો તેવો વૃત્તાન્ત એને જણાવો અને કહો કે 'હવે આમ છે તો અમારે શું કરવું ?'

પુરોહિતને તો હુકમ એટલે શી વાર ? એ તો ઊપડ્યો રાજકુમારી પાસે, અને થોડીવારે પાછો આવી રાજાને કહે છે.

'મહારાજ ! કુમારના મનોરથ સફળ થયા ! સાંભળો આપ શું બન્યું. એ સાંભળતાં હર્ષનું મોજું ફરી વળ્યું અને સૌ હકીકત, જાણવા આતુર થઈ ગયા.

**રાજકુમારી પાસે શું બન્યું :-**

પુરોહિત કહે છે, 'દેવ ! હું અહીંથી ગયો રાજકુમારી પાસે. પ્રતિહારીએ બહુમાનપૂર્વક મને દાખલ કરાવ્યો, અને મહારાજાનો માણસ છે એમ જાણીને રાજકુમારીએ મારું અભિનન્દન કર્યું, મને બેસવા માટે આસાન અપાવ્યું, અને હું ત્યાં બેઠો.

મેં કહ્યું 'કુમારી સાહેબ ! કંઈક કહેવું છે.'



એ કહે છે, 'આર્ય ! કહો ખુશીથી.'

મેં ભૂમિકા કરી, 'આ મહારાજાનો સંદેશો છે માટે જરા સાવધાન થઈને સાંભળજો.'

**વિનયનો નમૂનો :-**

મારાં આટલું કહેતાં તો તેણે આપના સંદેશાને બહુમાનપૂર્વક ઝીલવાના સૂચનરૂપે અવગૂંઠન કર્યું અર્થાત્ શરીરને બરાબર ઢાંક્યું અને 'હવે આ પુરોહિત નથી કહેતો પણ જાણે મહારાજા ખુદ કહે છે. તો વડીલનું વચન વિનયપૂર્વક સાંભળવું જોઈએ, ઊંચા આસને ન સંભળાય' એમ મર્યાદાનું પાલન કરવા માટે ઝટ એ પોતાના આસનેથી નીચે ઊતરી અને 'જેવો મહારાજાનો આદેશ' એમ બોલતી એણે સાંભળવા અંજલિ જોડી.

વિચારો પૂર્વકાળની સંસ્કૃતિ અને શિક્ષણ. તે તે સ્થાને રહેલાનો વિનય તો પહેલે પગથિયે જોઈએ. કોઈ પણ ગુણ કે સારી વસ્તુ આત્મામાં લઈ આવવા માટે વિનય એ તો ઢાળ છે. આ વિનય ખાલી મનની વસ્તુ નથી, બાહ્ય આચરવાનો પણ છે; અને જો ઘરમાં સૌ આચરતા હોય, તો એ વારંવાર દેખીને બાળક શીખી જાય છે. પછી કદાચ ભૂલે તો એ શિખવાડવામાં આવે છે કે 'વિનય પહેલો સાચવો.' ઉત્તમ કુળોમાં આ દિવ્ય આર્ય સંસ્કૃતિનું પાલન અને શિક્ષણ બાળપણાથી જીવને કેળવે છે. એમાં બાળક આગળ કદાચ ભૂલે તો શિક્ષક પણ પહેલું એ શીખવે છે. ત્યારે જ સંગીન કેળવણી થાય છે. આજે આ ક્યાં જોવા મળે ?

માસ્તર ઊભા, ને છોકરા આરામથી બેઠા ! કેળવણીની વાતો મોટી થાય છે, પરંતુ આ પ્રાથમિક કેળવવાનું ભૂલીને !

**કેળવવું શેને કહેવાતું હશે ?** માત્ર ચોપડીનો માલ મગજમાં ઘાલી દેવો એ કેળવણી છે ? ના, માટી કે કણેકને કેળવવામાં આવે છે એટલે ખાલી પાણીની કે મસાલાની ભેળવણી નહિ, પરંતુ એને ગુંદળીને એવી મુલાયમ કરવામાં આવે કે પછી એના સુંદર ઘાટ ઉતારી શકાય, અને કાર્યને ઉપયોગી બનાવી શકાય. તેમ આત્મામાં કેળવણી એટલે એ અનાદિની શુષ્કતા અને અસંસ્કારી દ્રવ્યો સાથેના મેળ મુકાવી મુલાયમતા લવાય. અને માનવજીવનનાં ઉચ્ચ સારાં કાર્યો માટે ઉપયોગી બનાવાય. બધી કેળવણીમાં વિનયની પહેલી કેળવણી જોઈએ, કેમ કે બીજી સારી વસ્તુને આત્મામાં ઉતારવા માટે વિનય એ ઢાળ છે.

**રાજકુમારીને મૂર્ચ્છા :-** પુરોહિતે આગળ ચલાવ્યું, મહારાજ ! પછી મેં રાજકુમારીને કહ્યું 'રાજકુમારી ! અહીં વરઘોડો લઈને આવી જ રહ્યા હતા એમાં વચમાં રાજકુમારશ્રીને મુનિનાં દર્શન થતાં પૂર્વ ભવોનું સ્મરણ થઈ આવ્યું. એમાં

એમણે નવ ભવ જોયા, અને તે એમણે મહારાજા વગેરેને જે કહ્યા તે ભાગ્યવતિ ! સાંભળો. એ બોલ્યા 'આ જ ક્ષેત્રમાં વિશાલા નામની નગરી છે. ત્યાં અમરદત્ત નામે રાજા હતા. આજથી નવમા ભવે હું તેમનો સુરેન્દ્રદત્ત નામે પુત્ર હતો; મારી માતા યશોધરા નામે હતી; અને પત્ની નયનાવલિ નામે હતી...' બસ મહારાજ ! જ્યાં આટલું કહું છું એટલામાં તો રાજકુમારી મૂર્ચ્છિત થઈ ગઈ. આજુબાજુનો એનો પરિવાર કુમારીને મૂર્ચ્છિત થઈ ઢળી પડેલી જોઈ ગભરાઈ ગયો ! તરત જ ચંદનના પાણી વગેરેથી એની મૂર્ચ્છા દૂર કરી. એને ચેતના આવી.

રાજા આતુર થઈ પૂછે છે 'હાં, પછી શું થયું ?'

પુરોહિત કહે છે, 'મહારાજ ! પછી મેં પૂછ્યું 'કુમારી ! આ શું ?'

**રાજકુમારી પૂર્વભવ કહે છે :-**

રાજકુમારી કહે છે, 'સંસારની વિચિત્રતા.'

મેં પૂછ્યું 'વિચિત્રતા કેવી રીતે ?'

ત્યારે એ બોલી, 'જે તમે સુરેન્દ્રદત્તની માતા યશોધરાની વાત કરી તે હું પોતે જ યશોધરા હતી...! એ મારી પૂર્વ અવસ્થાનું અત્યારે મને જાતિસ્મરણ જ્ઞાન થયું. એમાં પૂર્વભવે મુનિએ કહેલ મારું અને સુરેન્દ્રદત્તનું ભવોનું ચરિત્ર મને યાદ આવે છે. હું તમને કહી દઉં, જેથી સંસાર કેટલો બધો વિચિત્ર છે તે તમારા ધ્યાનમાં આવી જશે.'

આમ કહીને એણે બરાબર કુમારે કહ્યું તેવું જ પૂર્વ ભવોનું ચરિત્ર કહી બતાવ્યું. વિધિનો કેવો યોગ ! મેં એને કહ્યું આ તમે યશોધરા અહીં રાજપુત્રી થયા છો ત્યારે સુરેન્દ્રદત્ત અહીં યશોધર રાજકુમાર બનેલ છે. એમને જાતિસ્મરણ જ્ઞાન થયું, એથી જ એમનું ચિત્ત આ ભવસાગર પરથી ઊઠી ગયું છે, અને એ ચારિત્ર લેવા ચાહે છે. એટલા જ માટે ભાગ્યવતી ! મહારાજાએ તમને પુછાવ્યું છે કે 'આ સ્થિતિમાં અમારે શું કરવું ?'

**રાજકુમારીનો ભવ્ય સંદેશો :-** કુમારી બહુ સમજુ લાગી. એમાં ય પોતાને થયેલ જાતિસ્મરણ જ્ઞાનથી તો ખૂબ ભાવિત થયેલી લાગી. આપનો સંદેશો સાંભળીને એ તરત બોલી, મહારાજાને મારા તરફથી આ પ્રમાણે જણાવો કે

**'તાત ! સંસારનો સ્વભાવ આવો જ છે, કે એ રંગભૂમિની જેમ જીવોની પાસે વિચિત્ર ખેલ ખેલાવે છે. તો આ સ્થિતિ કયા સહૃદય સમજદારને વિરાગ ન પેદા કરે ? માટે એક સ્વપ્ન માત્રસમી આ જંજાળ પર મમતા કરવાથી સર્યું.** ખુશીથી આપ કુમારના મનોવાંછિતને પૂર્ણ કરો, અને મને પણ ચારિત્ર લેવાની અનુજ્ઞા આપો, કેમ કે મારું પણ ચિત્ત આ સંસાર કારાગાર પર વૈરાગ્યવાળું બની



ગયું છે.' આ નિર્ધાર કરતાં વાર ન લાગી. કુમારીએ ટૂંકા સમયમાં જ આ નિર્ધાર કરીને જણાવી દીધો. તમને થશે કે હજી ઘડી અર્ધી ઘડી પહેલાં તો લગ્નના કોડમાં હતી તે એણે એટલામાં એટલું બધું હૃદય પલટાવી દીધું કે ઠેઠ પોતે પણ ચારિત્ર લેવા સુધીનો વિચાર કરી લીધો ? પણ ચમકવાની જરૂર નથી કે બનેલ હકીકત પર શંકા કરવા જેવું નથી, અગર ખાલી કથાનો પ્રસંગ માનવાની આવશ્યક્તા નથી. આજના જગતમાંય ક્ષણવારમાં હૃદયપલટો જબરદસ્ત થવાના પ્રસંગો બને છે. કોઈને કોઈના પર પ્રેમ હોય, પરંતુ જો એને કાંક આંખે એવું દેખવા કે કાને સાંભળવા મળે છે ને, તો તરત હૈયું ફરી જાય છે. ત્યારે અહીં તો પોતે જે લગ્નના રાજશાહી લહાવા લેવાની તૈયારી કરે છે એનાથી તદ્દન વિરુદ્ધ પૂર્વજન્મના જાલિમ ત્રાસ-રિબામણો જાણે નજર સામે ખડી થઈ જાય છે, પછી અહીંના ધારી રાખેલા લહાવા ઉપરથી મન એકદમ જ કેમ ન ઊઠી જાય ? આને સાંભળીને પણ હૈયું કમકમી ઊઠતાં જીવનનો ઝોક બદલી નાખનારા જોયા ને ? તો જાતે અનુભવેલું બરાબર વિગતવાર યાદ આવી જતાં ભારે કમકમી અને ઊભગી ઊઠવાનું પૂછવાનું જ શું ?

એને એકદમ શી રીતે વૈરાગ્ય ઊઠ્યો એનો વિચાર કરવા કરતાં જાતનો વિચાર કરો કે વૈરાગ્ય કેમ નથી થતો !

આ યશોધર મહાત્માનું ચરિત્ર સાંભળીને શી અસર લીધી ? યાદ કરો, આ ચરિત્ર સાંભળીને પણ કેટલા બુઝ્યા ?

પહેલાં તો પેલો દંડપાશિક કૂકડા-કૂકડીના ભવસુધીનું ચરિત્ર સાંભળી ત્યાં ને ત્યાં હિંસાને છોડનારો અને શ્રાવકનાં વ્રતો લેનારો બન્યો !

પછી અભયરુચિના ભવ સુધીનો અધિકાર રાજા ગુણધર એની રાણીઓ અને મુખ્ય જનવર્ગને સાંભળવા મળ્યો, તો એ બધાએ દીક્ષા લીધી !

પછી અહીં રાજા રાણીઓ વગેરેને સાંભળવા મળે છે અને એ બૂઝી જાય છે, સંસાર પર ત્યારે વૈરાગ્યવાળા બને છે !

હવે વિચારો તમને પણ આ નવ ભવનું યશોધર મહાત્માનું રોમાંચક ચરિત્ર સાંભળવા મળે છે, તો વૈરાગ્ય ઝળહળી ઊઠે છે ને ? જાણે આ ગોઝારા સંસારને હમણાં જ છોડી દઉં એમ થાય છે ને ? શ્રાવકનાં વ્રત તો હમણાં જ લઈ લેવાનાં ને ? 'વેર; વિરોધ અને મોજશોખ વગેરે પ્રમાદ તો હવે જીવનભર માટે વોસિરાવ્યા' એવું મનમાં નક્કી થઈ ગયું ને ?

**વૈરાગ્ય ન થવાનાં કારણ :-**

ક્યાં અટકે છે ? આટલા રોચક અને રુંવાડાં ખડાં કરી દે એવા યશોધર

ચરિત્રને સાંભળીને હૈયું હચમચતું ન હોય, સાંભળવા પહેલાં જેવા હતા તેવા જ રહેવાનું થતું હોય તો શોધી કાઢો શાથી એમ થાય છે ? કારણમાં કાં આ ચરિત્રની શ્રદ્ધા ન હોય, અગર બીજી બાજુ વિષયસુખની ભારે આસક્તિ હોય, યા પરલોકની ચિંતા કે ભય તરવરતો નથી, અથવા જીવન ક્યાં હમણાં ને હમણાં પૂરું થઈ જવાનું છે એવી નિશ્ચિંતતા હોય...ઇત્યાદિમાં કયું કારણ નડે છે એ તપાસી લો.

**શ્રદ્ધા કરવા માટે :-**

પછી એ વિચારો કે ચરિત્ર લખનાર કોણ છે ? મહાવિદ્વાન, ભવભીરુ અને દોઢ હજાર વર્ષથી સકલ સંઘને માન્ય થતા આવેલા આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ. એમણે શ્રદ્ધાથી લખ્યું તો આપણે શ્રદ્ધા કરવામાં શી આનાકાની ? વળી વર્તમાન જીવોનાં પણ કારમાં દુઃખ જોઈએ તો આ બનવું શું અસંભવિત છે ? અને એ હૈયાની દુષ્ટ અને નિષ્ઠુર વૃત્તિ વિના ન નીપજી શકે, ચાહ્ય દેખાવમાં દુષ્કૃત્ય નાનું-શું હોય, એટલે શ્રદ્ધા કરવાનું કઠિન નથી.

ત્યારે જો વિષય સુખોની ભારે આસક્તિ નડતી હોય તો એ વિચારો કે એ ભાર અહીંથી પરલોક લઈ જતાં કઈ દશા ? ગમે તેટલી આસક્તિ રાખો પણ મૃત્યુ અટકવાનું છે ? અરે, ભારે આસક્તિમાં પરલોક શું કિંતુ અહીંય મોત પણ સારું નહિ મળે; માટે આસક્તિ મોળી પાડો.

ત્યારે પરલોકની ચિંતા કે ભય તરવરતો ન હોય તો એ જુઓ કે શું પરલોક અટકી જવાનો છે ! અહીં કરતાં પરલોકનો કાળ કેટલો ? કેઈ મરતાંને જોયા છે ને કે કેવા રિબાતા હતા ? જીવનભરનાં પાપોથી કેટલા દુઃખી થતા હતા ? પરલોકની થોક વાતોભર્યાં શાસ્ત્રો સાંભળવા મળ્યાં છતાં પરલોકનો ભય ન તરવરે તો હૃદય કેટલુ બુઠ્ઠું ?

ત્યારે જો 'જીવન લાંબું છે, શી ફિકર છે ?' એવી ગણતરીમાં હો તો થાપ ખાઓ છો ! કાળરાજાની ચિઠ્ઠી છે તમારી પાસે ? હોય તો કાઢો ખીસામાંથી, બતાવો. જીવન તો પાણીના રેલાની જેમ ચાલ્યું જાય છે, અમૂલ્ય ઘડીઓ વીતી જઈ રહી છે. બધુંય ડહાપણ અને શેખી ઊભા રહી જશે, ને કાળ કાળનું કામ કરશે, કર્મ કર્મનું કામ કરશે. માટે જીવનના ભરોસે ન રહો.

આ રીતે શ્રદ્ધા લાવી, વિષયાસક્તિ મંદ પાડી દઈ, પરલોકનો ભય ઊભો કરી દો અને જીવનને ચંચળ સમજી લઈ, બહુ ટૂંકું ગણી લઈ, મહાત્મા યશોધરમુનિના ચરિત્ર પરથી હૃદયવેધી બોધ લો, વૈરાગ્ય ઝળહળાવો, **અધમ પુરુષો નહિ પણ ઉત્તમ જીવોએ અપનાવેલા જીવનને અનુસરો,** એમણે આચરેલા માર્ગને અખત્યાર કરો.



# પૂજ્યશ્રીની પુનિતવાણી

**- કલ્પેશ વી. શાહ**

પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીની વિદ્વત્તા અજોડ હતી, શાસ્ત્રજ્ઞાન ઊંડુ હતું અને ચિંતન કરવાની શક્તિ વિશિષ્ટ કોટિની હતી તેથી તેઓશ્રી કોઈ પણ વિષય ઉપર કલમ ચલાવતા ત્યારે તેમાંથી અદ્‌ભુત પદાર્થોનું પ્રકાશન થતું. નમસ્કાર મહામન્ત્રનો મહિમા દાખવતું નીચેનું પૂજ્યશ્રીનું પોતાનું લખાણ પૂજ્યશ્રીની ઉપરોક્ત વિશેષતાઓનું સાક્ષિપત્ર બને છે. મન્ત્રશાસ્ત્રના વિષયમાં પણ પૂજ્યશ્રી કેટલું ઊંડુ અને અદ્‌ભુત જ્ઞાન ધરાવતા હતા તેની ઝાંખી આ નાનાકડા લેખ ઉપરથી થઈ જયા છે.

## ● વિદ્યામંત્ર અને નમસ્કાર ●

આર્ય દેશમાં મંત્રશાસ્ત્ર અને વિદ્યાશાસ્ત્ર તત્ત્વજ્ઞાનના યુગ જેટલા પ્રાચીન છે. આના સમર્થનમાં જૈન શાસ્ત્રોના હિસાબે આ અવસર્પિણી કાળમાં આજથી અસંખ્ય વર્ષો પૂર્વે થયેલ પ્રથમ તીર્થંકર પ્રભુશ્રી ઋષભદેવ સ્વામીએ પોતાના પ્રથમ ગણધર શિષ્ય શ્રીપુંડરિકસ્વામીને આપેલા સૂરિમંત્રને મૂકી શકાય. તેમજ ત્યાં પ્રભુએ આપેલી ત્રિપદી પરથી શ્રીપુંડરિકસ્વામીએ રચેલી દ્વાદશાંગી પૈકી બારમા દ્રષ્ટિવાદ સૂત્રનો એક વિભાગ, જે ચૌદ પૂર્વો તેમાંના દશમા વિદ્યાપ્રવાદ પૂર્વને પણ વિદ્યા અને મંત્રની અતિ પ્રાચીનતાનો પુરાવો કહી શકાય.

શ્રીકલ્પસૂત્ર નામના જિનાગમમાં શ્રીઋષભદેવ સ્વામીના સ્વકીય શિષ્યો પૈકી ૪૭૫૦ શિષ્યો ચૌદ પૂર્વોના જ્ઞાતા તથા ૨૦,૬૦૦ વૈક્રિય લબ્ધિધર હોવાનો એટલે કે અન્ય શરીર વિકુર્વવાની વિદ્યા જાણતા હોવાનો ઉલ્લેખ છે. ચૌદ પૂર્વોમાં વિદ્યા અને મંત્રોના અધિકારવાળું દશમું પૂર્વ સાબિત થાય છે. એમાંની જ કોઈ વિદ્યાના બળે શ્રી સ્થૂલિભદ્ર સ્વામીએ વંદન કરવા આવેલી પોતાની ભગિની સાધ્વીઓને બતાવવા સિંહનું રૂપ વિકુર્વ્યું હતું. વળી શ્રી ઋષભદેવસ્વામીના સમયમાં જ નમિ-વિનમી જે ત્યાગી વિરાગી પ્રભુને રાજ્યાદિ આપવા માટે વિનંતી કરતા હતા, તેમને ધરણેન્દ્રે ૪૮,૦૦૦ વિદ્યાઓ આપ્યાનો ઉલ્લેખ શ્રી આવશ્યકમાં છે. શ્રી ભગવતીજી સૂત્રમાં વિદ્યાચરણ અને જંઘાચારણ મુનિઓ આકાશગમનથી નંદીશ્વર તીર્થની યાત્રા કરવાનો અધિકાર છે. તેમ જ શ્રી મહાવીરસ્વામી પર પોતે જ ગોશાળાને શીખવેલી તેજોલેશ્યાની વિદ્યા ગોશાળાએ મૂક્યાનું આવે છે. ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલા શ્રી નિશીથ નામના છેદસૂત્રમાં વિદ્યામંત્રને લગતું કથન છે. તથા એમનું રચેલું 'ઉવસગ્ગહરં સ્તોત્ર' અમુક લુપ્ત ભાગ સાથે પૂર્વે મંત્રવિદ્યાનું કાર્ય કરતું હતું. એના બળે સ્વર્ગીય દેવ હાજર થતા. વળી એમણે જ રચેલ પિંડનિર્યુક્તિ શાસ્ત્રમાં સાધુને વિદ્યાપિંડ લેવાનો નિષેધ કરેલો છે. એ વિદ્યામંત્રનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. શ્રી આવશ્યક સૂત્ર અંતર્ગત શ્રી પાક્ષિકસૂત્રમાં લીધેલા આગમનામો પૈકી અરુણોવવાય, વરુણોવવાય વગેરે નામો છે, તે સૂચવે છે કે અરૂણ, વરુણાદિ દેવને હાજર કરનારા એ વિદ્યાશાસ્ત્રો છે. તેમ જ

ઉત્થાનસૂત્ર-સમુત્થાનસૂત્ર એવા વિદ્યાશાસ્ત્રો છે કે જેના બળે મોટા સૈન્યાદિના પ્રાદુર્ભાવ અને તિરોભાવ સર્જી શકાય. અંતગડદશાંગમાં સુલસાને હરિણૈગમેષી દેવની ભક્ત કહી છે, જે વિદ્યાબળ સિદ્ધ કરે છે. ભાષ્યકાર તરીકે પ્રસિદ્ધ શ્રીસંઘદાસગણીના રચેલા વસુદેવહિંડી નામના ચરિત્રગ્રંથમાં રોહિણી દેવતાને સદા પૂજવાનો, તથા પ્રદ્યુમ્નને પ્રજ્ઞપ્તિ દેવીની સહાય હોવાનો ઉલ્લેખ છે. આ બન્નેય સોળ વિદ્યાદેવી પૈકીની દેવીઓ છે. કલ્પસૂત્ર સમાચારીમાં શ્રી આર્યસુહસ્તિના શિષ્ય સુસ્થિતને કોટિક તરીકે કહ્યા છે, જે થકી કોટિકગણ નીકળ્યો. કોટિક એટલે એક ક્રોડવાર સૂરિમંત્રનો જાપ કરનારા એવો અર્થ કર્યો છે. એ પણ મંત્રસત્તા સિદ્ધ કરે છે. શ્રી મહાવીરસ્વામીના સમકાલીન રત્નપ્રભાચાર્ય આકાશગામિની વિદ્યા, બહુરૂપિણી વિદ્યા વગેરે જાણતા અને નવું રૂપ કરીને ઓશિયા તથા કોરંટકના મંદિરોમાં એક જ મુહૂર્તે એમણે પ્રતિષ્ઠા કરી હતી એ વિદ્યામંત્રમાં પ્રમાણ છે. બાકી વિદ્યામંત્રોના જાણકાર અને ઉપયોગ કરનાર તરીકે શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ, શ્રી પ્રિયગ્રન્થ, શ્રી કાલકાચાર્ય (ગર્દભિલ્લ રાજાનો નિગ્રહ કરનાર), શ્રી રેવતીમિત્ર, વિદ્યાધર ચક્રવર્તી, આર્યવજસ્વામી, શ્રી પાદલિપ્તાચાર્ય, શ્રી માનદેવસૂરિ, શ્રી માનતુંગાચાર્ય, વગેરેના ઐતિહાસિક પ્રસંગો પરથી વિદ્યાઓ અને મન્ત્રો કાલ્પનિક નહિ પણ વાસ્તવિક હોવાનું સાબિત થાય છે. વળી વિદ્યાઓ અને મન્ત્રો અતિપ્રાચીન હોવાનું જૈનેતર શાસ્ત્રોથી પણ સિદ્ધ છે. દા.ત. વેદમાં મંત્રો ઘણા વર્ણવેલા છે. શાક્ત સંપ્રદાયના શક્તિગ્રન્થો મંત્રોનું પ્રતિપાદન કરે છે. તત્ત્વગ્રન્થોમાં પણ મંત્રનો ઉલ્લેખ છે.

જેની અધિઠાયક સ્ત્રી દેવતા હોય તેને વિદ્યા અને અદિઠાયક પુરુષ દેવતા હોય તેને મંત્ર કહે છે. અથવા વિદ્યાઓ કષ્ટમય સાધનાથી સિદ્ધ કરવાની હોય છે, અને મંત્રો પાઠસિદ્ધ હોય છે. પરંતુ આ એકાન્ત નથી. જેમ કે સરસ્વતીના મંત્રોની અધિઠાયક સ્ત્રી દેવતા છે. તેમ જ તેની તથા બીજા પર સૂરિમંત્ર વગેરેની મંત્ર છતાં કષ્ટમય સાધના કરવી પડે છે. એટલું ખરું કે કેટલાક વિદ્યામંત્રો પૌદ્ગલિક આશયના પૂરક હોય છે, જ્યારે કેટલાક આધ્યાત્મિક આશયમાં સહાયક હોય છે. જૈન દર્શનમાં પૌદ્ગલિક આશયને મહત્ત્વ આપવામાં આવ્યું નથી. છતાં કોઈ તેવા કટોકટીના અવસરે મંત્રદ્વારા પૌદ્ગલિક હેતુ સિદ્ધ કર્યાના અનેક દાખલા છે. આધ્યાત્મિક પુરુષોએ પણ વિદ્યામંત્ર દ્વારા પૌદ્ગલિક ચમત્કાર દેખાડ્યાનું અનેક ગ્રંથોમાં સુપ્રસિદ્ધ છે, પણ તે જૈનશાસનની પ્રભાવના અર્થે, કે કોઈ રાજા વગેરેની ધર્મશ્રદ્ધા મજબૂત કરવા, અથવા શાસન કે સંઘ પરની આપત્તિ ટાળવા, કે કોઈ તેવા માન્ત્રિક કુવાદીનો નિગ્રહ કરવા ઈત્યાદિ અર્થે. દા.ત. વીસમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં પદ્મોત્તર ચક્રવર્તીના નમુચી મંત્રીનો વિષ્ણુકુમાર મુનિએ લાખ જોજનની કાયાથી નિગ્રહ કર્યો, શ્રી હેમચંદ્રસૂરિજીએ કુમારપાળને, તેમ જ શ્રી હરીસૂરિજીના શિષ્ય ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્રજી વિગેરેએ અકબર બાદશાહને ચમત્કાર બતાવ્યા. આર્યરોહગુપ્તે વાદીની વિદ્યા સામે મંત્રબળે વિજય મેળવ્યો. આર્યવજસ્વામીએ વિદ્યાબળે બૌદ્ધ-રાજ્યમાં દેવસહાયથી પુષ્પો હાજર કરીને શાસનપ્રભાવના કરી અને અનેકને જૈનત્વની પ્રાપ્તિ કરાવી.



આ રીતે વિદ્યામંત્રની અતિપ્રાચીનતા અને ચમત્કારી ઈષ્ટસાધકતા પ્રમાણસિદ્ધ છે. એ સર્વ મંત્રોમાં શ્રીનમસ્કાર મહામંત્ર શિરોમણિ છે. એના અનેક કારણો કહી શકાય. જેમ કે (૧) ખુદ એ મંત્ર ની ચૂલિકામાં જ 'પઢમં હવઈ મંગલં' કહ્યું છે. (૨) એમાંના પંચપરમેઠિ નમસ્કારના અક્ષરોને સૂરિમંત્ર - વર્ધમાન વિદ્યા વગેરે અનેક વિદ્યામંત્રોમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. (૩) કષ્ટમય કે દીર્ઘસાધના કર્યા વિના પણ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી અતિઆશ્ચર્યપદ અને કલ્પનાતીત મહાન કાર્યસિદ્ધિઓ અનેક સામાન્ય તિર્યંચ કે મનુષ્યને પણ થઈ છે. સમડીવિહાર નામનું મહાન દેરાસર બંધાવનાર રાજકુમારી પૂર્વજીવનમાં સમડીપણામાં પારધીના બાણે મરતી વેળા મુનિ પાસેથી નમસ્કાર મહામંત્ર પામી હતી, અને એના પ્રભાવે રાજકુમારી થઈ હતી. તેમ શ્રીપાર્શ્વનાથપ્રભુ પાસેથી સર્પ મરતા નમસ્કાર મહામંત્ર પામી ધરણેન્દ્ર બન્યો હતો. જૈન રામાયણમાં એક પ્રસંગમાં બળદ મરતાં નમસ્કાર મંત્ર પામી રાજકુમાર બન્યાનું આવે છે. જંગલમાં ભીલ-ભીલડી નમસ્કાર - મહામંત્રના પ્રભાવે રાજા-રાણી બન્યા હતા. વર્તમાન કાળમાં બનેલા પ્રભાવનો પૂર્વે ઉલ્લેખ કર્યો છે. (૪) વિદ્યામંત્રોમાં પારંગત ચૌદપૂર્વી પણ અંતે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરે છે. (૫) સામાન્યથી મંત્ર-તંત્ર વિદ્યાઓથી અધ્યાત્મીએ દૂર રહેવાનું છે, છતાં નમસ્કાર મહામંત્રને તો ખાસ જીવનમાં ઓતપ્રોત કરવાનો છે. (૬) નમસ્કાર મહામંત્રના પુષ્કળ કલ્પો છે, જૈની સાધનાના વિવિધ અનેક ફળો એવા બતાવ્યા છે, કે સર્વ પ્રકારના ઈષ્ટ તથા ઈચ્છિતો માટે આ જ મહામંત્ર બસ છે, એમ કહી શકાય. શ્રી મહાનિશીથ સૂત્રમાં આ મહામંત્રનું ખાસ વિધાન હોવા સાથે પૂર્વે આના પર વિસ્તૃત ભાષ્ય, ચૂર્ણિ વગેરે હોવાનો ઉલ્લેખ છે. (૭) નમસ્કાર મહામંત્રના પ્રથમ પદે શ્રી અરિહંત પરમેષ્ઠીના વાચક, અને સિદ્ધચક્રનો બીજમંત્ર 'અર્હં' એનું એકલાનું પણ પ્રણિધાન સકલ વિઘ્નનિવારક અન સર્વ દૃષ્ટ અદૃષ્ટ ફલસાધક છે, એવું કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજે સ્વોપજ્ઞ શ્રી સિદ્ધહેમવ્યાકરણની બૃહદ્વૃત્તિમાં કહ્યું છે. ત્યાં જ મંત્રનું પ્રણિધાન સંભેદ-અભેદ બંને રીતે વિહિત કર્યું છે. સંભેદ એટલે અર્હંકાર સાથે ધ્યાતાનો અત્યંત નિકટ સંબંધ. અર્થાત્ બીજ અક્ષરની મધ્યમાં ચિન્તનરૂપે પોતાના ધ્યાતા આત્માને એ રીતે સ્થાપવો, કે જેથી ધ્યેય જે મંત્ર અને ધ્યાતા જે પોતાનો આત્મા, એ બેનો સર્વ બાજુથી ગાઢ સંબંધ થાય, આ સંભેદ પ્રણિધાન થયું. અભેદ પ્રણિધાન એટલે અર્હંપદથી વાચ્યા જે અરિહંત પરમેષ્ઠી, એમની સાથે ધ્યાતા આત્માનો ચિંતન દ્વારા એકીભાવ. અર્થાત્ કેવલજ્ઞાનરૂપી સૂર્યથી લોકાલોકના સકલ પદાર્થનો પ્રકાશ ધરનારા, ૩૪ અતિશયથી પ્રસિદ્ધ મહિમાવાળા, આઠ પ્રાતિહાર્યથી વિભૂષિત, ધ્યાનાગ્નિથી કર્મવનને બાળી ચુકેલા, જ્યોતિ સ્વરૂપ એવા પ્રથમ પરમેઠી શ્રી અર્હદ્ભટ્ટારકને ચિંતનમાં પોતાના આત્મા સાથે અભિન્ન ભાવે યોજીને (એટલે કે જાણે પોતે જ એવા સ્વરૂપવાળો બન્યો છે, એવી આત્મભાવના કરી, અર્થાત્ એવું આંતરસંવેદન કરીને) થતી સર્વ પ્રકારે ધ્યાનમય દશાને અભેદ પ્રણિધાન કહે છે. કહ્યું પણ છે કે સ્વયં દેવો ભૂત્વા દેવં ધ્યાયેત્સ્વયં ઈષ્ટદેવ રૂપ બની ઈષ્ટદેવનું ધ્યાન કરવું આ પ્રણિધાન અવશ્ય અદ્ભુત લાભદાયી છે.